
# બૃહદ્-દ્રવ્યસંગ્રહ

અને

# લઘુદ્રવ્યસંગ્રહ



શ્રીમદ્ નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ

પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૨૧૪

શ્રીમદ્ નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવ વિરચિત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ

## અને

# લઘુદ્રવ્યસંગ્રહ

(શ્રીબ્રહ્મદેવવિરચિત સંસ્કૃતવૃત્તિસહિત)

સહજ ચિદાનંદ.

: અનુવાદક :

**બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ**

બી. એ. (ઓનર્સ); એસ. ટી. સી. 'રાષ્ટ્રભાષા રત્ન'

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રથમાવૃત્તિ : વીર સંવત્ ૨૫૩૪ વિ. સંવત્ ૨૦૬૪ પ્રત ૨૦૦૦

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૫૭=૫૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૪૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ-પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતાં, આ ગ્રંથની વેચાણ કિંમત રૂા. ૨૦=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૨૦=૦૦**

: મુદ્રક :


**કહાન મુદ્રણાલય**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

✆ : (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

[પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ રચિત]

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ૐ

શ્રી સ્વાભાવિક ચિદાનન્દસ્વરૂપાય નમઃ

# પ્રકાશકીય નિવેદન

આ ''બૃહદદ્રવ્યસંગ્રહ'' ૫૮ ગાથાઓનો નાનો ગ્રંથ છે, પરંતુ વિષય વિવેચનની દૃષ્ટિએ ઘણો ઉપયોગી અને મહત્વપૂર્ણ છે. ગ્રન્થકારે આમાં જૈન સિદ્ધાન્તનો સાર ભરી દીધો છે. જીવના નવ અધિકારોમાં વ્યવહાર અને નિશ્ચય—બન્ને નયોનું સંધિબદ્ધ કથન કર્યું છે.

આ ગ્રન્થમાં ત્રણ અધિકાર છે. પહેલા અધિકારમાં છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું, બીજામાં સાત તત્ત્વ અને નવ પદાર્થોનું તથા ત્રીજામાં નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રતિપાદન ઉત્તમ શૈલીથી કરવામાં આવ્યું છે. સૈદ્ધાંતિક જ્ઞાન માટે તત્ત્વાર્થસૂત્રની જેમ દ્રવ્યસંગ્રહ પણ અત્યંત ઉપયોગી ગ્રન્થ છે, અને શ્રી સમયસાર આદિ અધ્યાત્મ-ગ્રન્થો માટે પ્રવેશિકા સમાન છે. આ ગ્રન્થના રચયિતા શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તદેવ મહાન્ આચાર્ય હતા અને સિદ્ધાંત તેમ જ અધ્યાત્મના-ગ્રન્થોના પારગામી હતા.

બૃહદ્દ્રવ્યસંગ્રહની માત્ર એક સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે. શ્રી બ્રહ્મદેવે આ ટીકા ઘણી સુંદર, વિસ્તૃત અને સપ્રમાણ લખી છે. તેઓ બહુશ્રુત વિદ્વાન હતા. અનેક જૈન શાસ્ત્રોનું ગહન અધ્યયન અને મનન કર્યું હતું. તેમને નયોનું ઉચ્ચકોટિનું જ્ઞાન હતું

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ ગ્રન્થ ઉપર અપૂર્વ અને ગંભીર પ્રવચનો આપ્યાં છે. તેમાંથી પ્રેરણા પામીને આ ગુજરાતી અનુવાદ પ્રથમવાર જ પ્રસિદ્ધ થાય છે. આ પ્રેરણા બદલ તેઓશ્રીનો અતિ અતિ ઉપકાર માનીએ છીએ.

શ્રી બ્રહ્મદેવ સંસ્કૃત ટીકા ઉપરથી આ ગુજરાતી ભાષાન્તર સદ્ધર્મપ્રેમી બ્ર. ભાઈશ્રી વ્રજલાલ ગિરધરલાલ શાહે કરી આપેલ છે. તેઓ બી. એ. (ઓનર્સ) એસ. ટી. સી. હોવા ઉપરાંત રાષ્ટ્રભાષારત્ન છે. તેઓ અતિ નમ્ર, વૈરાગ્યશીલ, બાલ બ્રહ્મચારી, ઉત્તમ ધાર્મિકવૃત્તિવાળા, નિઃસ્પૃહી સજ્જન છે, વઢવાણ શહેરની હાઈસ્કૂલમાં પ્રતિષ્ઠાપ્રાપ્ત શિક્ષક છે. તેઓ દર વર્ષે બન્ને વેકેશનમાં સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણપથપ્રદર્શક પ્રવચનોનો તથા અધ્યાત્મચર્ચાનો લાભ લ્યે છે, ગ્રીષ્માવકાશમાં સોનગઢમાં ચાલતા શિક્ષણવર્ગમાં વિદ્યાર્થીઓને તેમની સચોટ શૈલીથી શિક્ષણ આપે છે. તેમણે ઘણા ગ્રન્થોનો ગુજરાતી અનુવાદ કર્યો છે. આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ પણ જિનવાણી પ્રત્યેની ભક્તિવશ અત્યંત ઉલ્લાસપૂર્વક, તદ્દન નિઃસ્પૃહભાવે કરી આપ્યો છે તે માટે આ સંસ્થા તેમની અત્યંત ઋણી છે અને ધન્યવાદ આપવા સાથે અંતઃકરણપૂર્વક તેમનો આભાર માને છે.

માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈએ આખો અનુવાદ ખૂબ ઝીણવટથી તપાસી આપ્યો છે, તેમજ ઘણી જગ્યાએ ફુટનોટો લખીને વિષયને અતિસ્પષ્ટ કર્યો છે. વળી, તેમણે પાઠ્ય-પુસ્તક તરીકે

ઉપયોગી થઈ શકે એવું દ્રવ્યસંગ્રહ લખેલ છે, જે ઘણી જગ્યાએ ધાર્મિક શિક્ષણ-શિબિરના અભ્યાસક્રમમાં રાખવામાં આવે છે. તે બદલ તેમનો અત્યંત આભાર માનીએ છીએ.

શ્રી પં. હિંમતભાઈએ તથા શ્રી ખીમચંદભાઈએ આખોય અનુવાદ ચીવટથી તપાસી આપ્યો છે અને અનુવાદમાં કોઈ કોઈ સ્થળે પડતી મુશ્કેલીનો તેમના વિશાળ જ્ઞાન દ્વારા ઉકેલ કરી આપ્યો છે. વળી શ્રી બ્ર. શ્રી ચંદુભાઈ તથા શ્રી બ્ર. ગુલાબચંદભાઈએ અનુવાદ તપાસી આપવા ઉપરાંત પ્રૂફ સંશોધનાદિ કાર્ય પણ કરી આપ્યું છે. આ રીતે તેમણે જે અમૂલ્ય સહાય આપી છે તે બદલ તેમનો સૌનો આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રની શ્રી બ્રહ્મદેવવિરચિત સંસ્કૃતવૃત્તિ તથા તેના ગુજરાતી અનુવાદ સહિતની એક આવૃત્તિ આ પહેલાં અન્ય સંસ્થા તરફથી પ્રકાશિત કરવામાં આવી હતી. આ શાસ્ત્ર મુમુક્ષુઓને આત્મહિતાર્થે ખૂબ જ ઉપયોગી લાગવાથી આ સંસ્થા દ્વારા તેની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. આશા છે કે મુમુક્ષુ સમાજ તેના સ્વાધ્યાયથી લાભાન્વિત થશે.

શ્રી જિનેન્દ્ર પરમાત્મા દ્વારા જે વસ્તુસ્વરૂપનું સચોટ, સુસ્પષ્ટ અને નયવિભાગપૂર્વક પ્રતિપાદન આ ગ્રન્થમાં કરવામાં આવ્યું છે તે વાંચી-વિચારી, તેના ભાવોને યથાર્થપણે અંતરમાં ઉતારીને જિજ્ઞાસુ જીવો જ્ઞાયકસ્વભાવના આશ્રયે નિજાત્મહિત સાધો એ ભાવના.

પૂજ્ય ગુરુદેવશ્રીનો
૧૧૯મો જન્મ-જયંતી મહોત્સવ
વૈશાખ સુદ ૨
તા. ૭-૫-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**



# અનુક્રમણિકા


| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| **પ્રથમ અધિકાર** | **૧-૨૭** | **૧-૯૧** |
| ટીકાકારનું મંગલાચરણ | | ૧ |
| ગ્રંથકર્તાનું મંગલાચરણ | ૧ | ૪ |
| મંગલાચણનું ફળ | ૧ | ૬ |
| શાસ્ત્રનું નિમિત્ત કારણ, પ્રયોજન, પરિમાણ નામ અને કર્તા | ૧ | ૭ |
| જીવદ્રવ્યના સંબંધમાં નવ અધિકારોનું સંક્ષેપ કથન | ૨ | ૮ |
| જીવનું સ્વરૂપ (ચેતના) | ૩ | ૧૧ |
| ઉપયોગનું સ્વરૂપ | ૪ | ૧૪ |
| જ્ઞાનોપયોગના ભેદ તથા સ્વરૂપ | ૫ | ૧૬ |
| જ્ઞાન-દર્શન ઉપયોગના વ્યાખ્યાનનો નય વિભાગથી ઉપસંહાર | ૬ | ૨૦ |
| જીવ વ્યવહારથી મૂર્ત છે પણ નિશ્ચયથી અમૂર્ત છે | ૭ | ૨૨ |
| જીવ નિશ્ચયથી કર્માદિના કર્તાપણાથી રહિત હોવા છતાં વ્યવહારનયથી કર્મનો કર્તા થાય છે | ૮ | ૨૪ |
| જીવ શુદ્ધનયથી નિર્વિકાર સુખામૃતનો ભોક્તા છે તોપણ અશુદ્ધનયથી સાંસારિક સુખ-દુઃખનો ભોક્તા થાય છે | ૯ | ૨૬ |
| જીવ નિશ્ચયનયથી લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશમાત્ર હોવા છતાં વ્યવહારનયથી શરીરપ્રમાણ છે. | ૧૦ | ૨૮ |
| સમુદ્ઘાતના ભેદ અને સ્વરૂપ | ૧૦ | ૩૦ |
| સંસારી જીવનું સ્વરૂપ નયવિભાગથી | ૧૧ | ૩૩ |
| ત્રસ અને સ્થાવરના ભેદ, ત્રસ અને સ્થાવરનું ચૌદ જીવસમાસ અપેક્ષાએ કથન | ૧૨ | ૩૪ |
| જીવોનું ચૌદ માગણાસ્થાન અને ચૌદ ગુણસ્થાન અપેક્ષાએ કથન | ૧૩ | ૩૭ |
| ગુણસ્થાનોનાં નામ અને લક્ષણ | ૧૩ | ૩૭ |
| શ્રાવકની અગીયાર પ્રતિમાઓ | ૧૩ | ૪૦ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| મુનિરાજનાં પાંચ મહાવ્રતો તથા શ્રેણી વગેરેનું સ્વરૂપ | ૧૩ | ૪૦ |
| માર્ગણાઓનું કથન | ૧૩ | ૪૩ |
| સિદ્ધોનું સ્વરૂપ તથા ઉર્ધ્વગમન સ્વભાવ | ૧૪ | ૪૭ |
| હેયરૂપ અજીવદ્રવ્યના કથનની શરૂઆત તથા ભેદ | ૧૫ | ૫૬ |
| પુદ્ગલનું સ્વરૂપ | ૧૫ | ૫૭ |
| પુદ્ગલ દ્રવ્યના વિભાવવ્યંજન પર્યાયોનું પ્રતિપાદન | ૧૬ | ૫૮ |
| ધર્મદ્રવ્યનું વ્યાખ્યાન | ૧૭ | ૬૨ |
| અધર્મદ્રવ્યનું વ્યાખ્યાન | ૧૮ | ૬૩ |
| આકાશદ્રવ્યનું કથન | ૧૯ | ૬૪ |
| લોકાકાશના સ્વરૂપનું કથન | ૨૦ | ૬૬ |
| નિશ્ચયકાળ અને વ્યવહારકાળનું સ્વરૂપ | ૨૧ | ૬૭ |
| કાળદ્રવ્યના અભાવરૂપ માન્યતાનું ખંડન, સમય આદિ કાળના પર્યાયોનું ઉપાદાન કારણ કાળદ્રવ્ય નથી એવી માન્યતાનું ખંડન | ૨૧ | ૭૦ |
| નિશ્ચયકાળના રહેવાના ક્ષેત્રનું તથા દ્રવ્યની સંખ્યાનું પ્રતિપાદન | ૨૨ | ૭૧ |
| લોકાકાશની બહારનાં કાળાણુઓનો અભાવ હોવાથી આકાશદ્રવ્યનું પરિણમન કઈ રીતે? | ૨૨ | ૭૨ |
| કાળદ્રવ્યના પરિણમનમાં સહકારી(નિમિત્ત) કારણ કોણ? | ૨૨ | ૭૩ |
| છ દ્રવ્યોના વ્યાખ્યાનનો ઉપસંહાર, પંચાસ્તિકાયના વ્યાખ્યાનની શરૂઆત | ૨૩-૨૪ | ૭૬ |
| કાયત્વના વ્યાખ્યનનો વિશેષ વિસ્તાર | ૨૫ | ૭૯ |
| પુદ્ગલ દ્રવ્યને પણ કાયત્વ હોવાનું કથન | ૨૬ | ૮૧ |
| પ્રદેશનું લક્ષણ | ૨૭ | ૮૩ |
| છ દ્રવ્યોનું ચૂલિકારૂપે વિશેષ વ્યાખ્યાન | | ૮૫ |
| હેય-ઉપાદેય સ્વરૂપનો વિશેષ વિચાર | | ૮૮ |


## અધિકાર બીજો


| | | |
|---|---|---|
| **સપ્તતત્ત્વ-નવપદાર્થ અધિકાર** | **૨૮-૩૮** | |
| બીજા અધિકારની સમુદાય પાતનિકા | | ૯૦ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| આસ્રવ આદિ સાત પદાર્થોની સિદ્ધિ | | ૯૧ |
| ક્યા પદાર્થોનો કર્તા કોણ તથા કર્તૃત્વના વિષયમાં નયવિભાગનું કથન | | ૯૩ |
| શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયરૂપ છે ધ્યાન કે ભાવનારૂપ નથી તેની ચર્ચા | | ૯૪ |
| સાત તત્ત્વોનો નિર્દેશ | ૨૮ | ૯૫ |
| આસ્રવનું સ્વરૂપ (ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવનું સ્વરૂપ) | ૨૯ | ૯૭ |
| ભાવાસ્રવનું વિશેષપણે કથન | ૩૦ | ૯૮ |
| દ્રવ્યાસ્રવનું વિશેષપણે કથન | ૩૧ | ૧૦૧ |
| બંધ પદાર્થનું કથન (ભાવબંધ અને દ્રવ્યબંધનું સ્વરૂપ) | ૩૨ | ૧૦૨ |
| બંધના પ્રકૃતિ આદિ ચાર ભેદોનું કથન | ૩૩ | ૧૦૩ |
| સંવર પદાર્થના સ્વરૂપનું કથન (ભાવસંવર અને દ્રવ્યસંવરનું કથન) | ૩૪ | ૧૦૭ |
| સંવરના વિષયમાં નયવિભાગનું કથન | ૩૪ | ૧૦૮ |
| ક્ષયોપશમનું લક્ષણ | ૩૪ | ૧૧૧ |
| સંવરના કારણોના ભેદનું કથન | ૩૫ | ૧૧૨ |
| વ્રત અને ગુપ્તિનું સ્વરૂપ | ૩૫ | ૧૧૩ |
| ઉત્તમ ક્ષમાદિ દસધર્મનું સ્વરૂપ | ૩૫ | ૧૧૪ |
| બાર અનુપ્રેક્ષાનું કથન | | |
| અધ્રુવ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૧૭ |
| અશરણ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૧૮ |
| સંસાર અનુપ્રેક્ષા | ૩૫ | ૧૧૯ |
| એકત્વ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૨ |
| અન્યત્વ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૪ |
| અશુચિ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૫ |
| આસ્રવ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૬ |
| સંવર અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૭ |
| નિર્જરા અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૮ |
| લોક અનુપ્રેક્ષા | ૩૫ | ૧૨૯ |
| (અધો-મધ્ય-ઉર્ધ્વલોકનું વર્ણન) | | |
| બોધિદુર્લભ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૬૦ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
|---|---|---|
| ધર્મ અનુપ્રેક્ષા | ૩૫ | ૧૬૧ |
| પરિષહજયનું કથન | ૩૫ | ૧૬૩ |
| ચારિત્રનું કથન | ૩૫ | ૧૬૩ |
| સંવરપૂર્વક નિર્જરાતત્ત્વનું સ્વરૂપ | ૩૬ | ૧૬૭ |
| મોક્ષ તત્ત્વનું કથન | ૩૭ | ૧૭૧ |
| પુણ્ય-પાપના સ્વરૂપનું કથન | ૩૮ | ૧૭૫ |
| **અધિકાર ત્રીજો** | | |
| **(મોક્ષમાર્ગ અધિકાર)** | **૩૯-૫૭** | **૧૭૯-૨૬૨** |
| વ્યવહાર અને નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ | ૩૯ | ૧૭૯ |
| અભેદપણે આત્મા જ મોક્ષમાર્ગ છે | ૪૦ | ૧૮૧ |
| સમ્યગ્દર્શનનું કથન | ૪૧ | ૧૮૩ |
| પચીસ દોષ રહિત સમ્યક્ત્વનું કથન | ૪૧ | ૧૮૬ |
| સમ્યક્ત્વના આઠ અંગનું સ્વરૂપ | ૪૧ | ૧૯૧ |
| સમ્યક્ત્વનો મહિમા | ૪૧ | ૧૯૮ |
| સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ | ૪૨ | ૨૦૧ |
| સમ્યક્જ્ઞાનના ભેદ | ૪૨ | ૨૦૨ |
| ચાર અનુયોગનું સ્વરૂપ | ૪૨ | ૨૦૩ |
| વિકલ્પ રહિત સત્તાનું ગ્રહણ કરનાર દર્શનનું કથન | ૪૩ | ૨૦૬ |
| મુક્ત જીવોને દર્શન અને જ્ઞાન એક સાથે જ થાય છે | ૪૪ | ૨૦૮ |
| દર્શન અને જ્ઞાનના સ્વરૂપ સંબંધી શંકા સમાધાન | ૪૪ | ૨૧૦ |
| સરાગ ચારિત્રનું સ્વરૂપ | ૪૫ | ૨૧૪ |
| વ્યવહારચારિત્રથી સાધ્ય નિશ્ચય ચારિત્રનું નિરૂપણ | ૪૬ | ૨૧૭ |
| નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગને અનુરૂપ | ૪૭ | ૨૧૯ |
| ધ્યાનના અભ્યાસનો ઉપદેશ, ધ્યાતા પુરુષનું લક્ષણ | ૪૮ | ૨૨૧ |
| આગમ ભાષાએ ધ્યાનના ભેદોનું કથન | ૪૮ | ૨૨૨ |
| અધ્યાત્મભાષાએ ધ્યાનનું સ્વરૂપ | ૪૮ | ૨૨૬ |
| ધ્યાનના પ્રતિબંધક મોહ-રાગ-દ્વેષનું સ્વરૂપ | ૪૮ | ૨૨૬ |
| મંત્રવાક્યમાં સ્થિત પદસ્થ ધ્યાનનું વિવરણ | ૪૯ | ૨૨૮ |

| વિષય | ગાથા નં. | પાના નં. |
| --- | --- | --- |
| 'ૐ' એ પાંચે પરમેષ્ઠીઓનું આદિ પદ કેવી રીતે છે! | ૪૯ | ૨૨૯ |
| અરહંત પરમેષ્ઠીનું સ્વરૂપ | ૫૦ | ૨૩૧ |
| સર્વજ્ઞની સિદ્ધિ અંગે ચર્ચા | ૫૦ | ૨૩૨ |
| સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ | ૫૧ | ૨૩૭ |
| આચાર્ય પરમેષ્ઠીનું સ્વરૂપ | ૫૨ | ૨૩૯ |
| ઉપાધ્યાય પરમેષ્ઠીનું સ્વરૂપ | ૫૩ | ૨૪૨ |
| સાધુ પરમેષ્ઠીનું સ્વરૂપ | ૫૪ | ૨૪૩ |
| ધ્યેય-ધ્યાતા-ધ્યાનનું લક્ષણ તથા નય વિભાગ | ૫૫ | ૨૪૬ |
| શુભાશુભ મન-વચન-કાયાના નિરોધરૂપ પરમ ધ્યાનનું સ્વરૂપ | ૫૬ | ૨૪૭ |
| ચૂલિકા અથવા ઉપસંહારરૂપે ધ્યાતા પુરુષનાં લક્ષણ ને ધ્યાનની સમગ્રીનું કથન | ૫૭ | ૨૫૫ |
| પંચમકાળમાં ધ્યાનનો અભાવ હોવાની શંકાનું સમાધાન | ૫૭ | ૨૫૫ |
| આ કાળે મોક્ષ નથી માટે આ કાળે ધ્યાન નિષ્પ્રયોજન છે તે શંકાનું નિવારણ | ૫૭ | ૨૫૮ |
| મોક્ષના વિષયમાં નયવિચાર | ૫૭ | ૨૬૦ |
| અધ્યાત્મ શબ્દનો અર્થ | ૫૭ | ૨૬૧ |
| ગ્રન્થકારના અભિમાનના પરિહારનું કથન | ૫૮ | ૨૬૨ |
| લઘુદ્રવ્યસંગ્રહ | ગાથા ૧-૨૫ | ૨૬૫-૨૬૯ |
| અકારાદિક્રમેણ બૃહદદ્રવ્ય ગાથાસૂચિ | | ૨૭૦ |

શ્રી નેમિચન્દ્રસિદ્ધાંતિદેવ–વિરચિત

શ્રી

# બૃહદ્–દ્રવ્યસંગ્રહ

-૧-

## ષડ્દ્રવ્ય–પંચાસ્તિકાય અધિકાર

श्रीमद्ब्रह्मदेवकृता संस्कृतव्याख्या।

प्रणम्य परमात्मानं सिद्धं त्रैलोक्यवन्दितम् ।
स्वाभाविकचिदानन्दस्वरूपं निर्मलाव्ययम् ।।१।।
शुद्धजीवादिद्रव्याणां देशकं च जिनेश्वरम् ।
द्रव्यसंग्रहसूत्राणां वृत्तिं वक्ष्ये समासतः ।।२।। युग्मम् ।।

अथ मालवदेशे धारानामनगराधिपतिराजाभोजदेवाभिधानकलिकालचक्रवर्तिसम्बन्धिनः

---

શ્રી બ્રહ્મદેવકૃત સંસ્કૃત ટીકાનો

## ગુજરાતી અનુવાદ

[ટીકાકારનું મંગલાચરણ :—] ત્રણ લોકથી વંદ્ય, સ્વાભાવિક ચિદાનંદસ્વરૂપ, નિર્મળ તથા અવિનાશી એવા સિદ્ધ પરમાત્માને અને શુદ્ધજીવાદિ દ્રવ્યોના ઉપદેશક શ્રી જિનેશ્વરભગવાનને પ્રણામ કરીને, હું (–બ્રહ્મદેવ), દ્રવ્યસંગ્રહ (નામના ગ્રન્થ)નાં સૂત્રોની ટીકા સંક્ષેપમાં કહીશ. (૧–૨)

[હવે શ્રી ટીકાકાર ગ્રંથની ટીકાનો પ્રારંભ કરે છે :—]

માળવા દેશમાં, ધારાનગરીના અધિપતિ કળિકાળચક્રવર્તી ભોજદેવરાજાના સંબંધી

**श्रीपालमहामण्डलेश्वररस्य सम्बन्धिन्याश्रमनामनगरे श्रीमुनिसुव्रततीर्थकर चैत्यालये शुद्धात्मद्रव्यसंवित्तिसमुत्पन्नसुखामृतरसास्वादविपरीतनारकादिदुःखभयभीतस्य परमात्म-भावनोत्पन्नसुखसुधारसपिपासितस्य भेदाभेदरत्नत्रयभावनाप्रियस्य भव्यवरपुण्डरीकस्य भाण्डागाराद्यनेकनियोगाधिकारिसोमाभिधानराजश्रेष्ठिनो निमित्तं श्रीनेमिचन्द्रसिद्धान्तदेवैः पूर्वं षड्विंशतिगाथाभिर्लघुद्रव्यसंग्रहं कृत्वा पश्चाद्विशेषतत्त्वपरिज्ञानार्थं विरचितस्य बृहद्द्रव्य-संग्रहस्याधिकारशुद्धिपूर्वकत्वेन व्याख्या वृत्तिः प्रारभ्यते। तत्रादौ ''जीवमजीवं दव्वं'' इत्यादि सप्तविंशतिगाथापर्यन्तं षड्द्रव्यपञ्चास्तिकायप्रतिपादकनामा प्रथमोऽधिकारः। तदनन्ततरं ''आसवबंधण'' इत्याद्येकादशगाथापर्यन्तं सप्ततत्त्वनवपदार्थप्रतिपादनमुख्यतया द्वितीयो महाधिकारः। ततः परं ''सम्मद्दंसणणाणं'' इत्यादिविंशतिगाथापर्यन्तं मोक्षमार्गकथनमुख्यत्वेन तृतीयोऽधिकारश्च। इत्यष्टाधिकपञ्चाशद्गाथाभिरधिकारत्रयं ज्ञातव्यम्। तत्राप्यादौ प्रथमाधिकारे चतुर्दशगाथापर्यन्तं जीवद्रव्यव्याख्यानम्। ततः परं ''अज्जीवो पुण णेओ'' इत्यादि**

---

મહામંડલેશ્વર શ્રીપાલના ‘આશ્રમ’ નામના નગરમાં, શ્રી મુનિસુવ્રતનાથ તીર્થંકરના ચૈત્યાલયમાં, શુદ્ધાત્મદ્રવ્યનાં સંવેદનથી ઉત્પન્ન થયેલ સુખામૃતના રસાસ્વાદથી વિપરીત નારકાદિ દુઃખોથી ભયભીત, પરમાત્મભાવનાથી ઉત્પન્ન થયેલ સુખરૂપી સુધારસના પિપાસુ, ભેદાભેદ રત્નત્રયની ભાવનાના પ્રેમી, ભવ્યવરપુંડરીક, રાજકોષના કોષાધ્યક્ષ વગેરે અનેક રાજ્યકાર્યના અધિકારી ‘સોમ’ નામના રાજશેઠના નિમિત્તે શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવે પહેલાં છવ્વીસ ગાથાઓથી [1]લઘુદ્રવ્યસંગ્રહ બનાવીને, પછી વિશેષ તત્ત્વના પરિજ્ઞાન માટે બૃહદ્-દ્રવ્યસંગ્રહની રચના કરી. તેની (બૃહદ્–દ્રવ્યસંગ્રહની) અધિકારશુદ્ધિપૂર્વક વ્યાખ્યાનો (–ટીકાનો) પ્રારંભ કરવામાં આવે છે.

ત્યાં પ્રથમ ''जीवमजीवं दव्वं'' ઈત્યાદિ સત્તાવીસ ગાથા સુધી છ દ્રવ્ય, પંચાસ્તિકાયનું પ્રતિપાદન કરનાર પહેલો અધિકાર છે. ત્યાર પછી ''आसवबंधण'' ઈત્યાદિ અગિયાર ગાથા સુધી સાત તત્ત્વ અને નવ પદાર્થના પ્રતિપાદનની મુખ્યતાથી બીજો મહાધિકાર છે. ત્યાર પછી ''सम्मद्दंसणणाणं'' ઈત્યાદિ વીશ ગાથા સુધી મોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી ત્રીજો અધિકાર છે. એ રીતે અટ્ઠાવન ગાથાઓ દ્વારા ત્રણ અધિકાર જાણવા.

ત્યાં પણ આદિમાં પહેલા અધિકારમાં ચૌદ ગાથાઓ સુધી જીવદ્રવ્યનું વ્યાખ્યાન છે. ત્યાર પછી ''अज्जीवो पुण णेओ'' ઈત્યાદિ આઠ ગાથા સુધી અજીવ દ્રવ્યનું કથન છે.

---

૧. આ લઘુ દ્રવ્યસંગ્રહ આ પુસ્તકના અંતમાં આપેલ છે.

गाथाष्टकपर्यन्तमजीवद्रव्यकथनम्। ततः परं 'एवं छब्भेयमिदं'' एवं सूत्रपञ्चकपर्यन्तं पञ्चास्तिकायविवरणम्। इति प्रथमाधिकारमध्येऽन्तराधिकारत्रयमवबोद्धव्यम्। तत्रापि चतुर्दशगाथासु मध्ये नमस्कारमुख्यत्वेन प्रथमगाथा। जीवादिनवाधिकारसूचनरूपेण ''जीवो उवओगमओ'' इत्यादि द्वितीयसूत्रगाथा। तदन्तरं नवाधिकारविवरणरूपेण द्वादशसूत्राणि भवन्ति। तत्राप्यादौ जीवसिद्ध्यर्थं ''तिक्काले चदुपाणा'' इतिप्रभृति सूत्रमेकम्, तदनन्तरं ज्ञानदर्शनोपयोगद्वयकथनार्थं ''उवओगो दुवियप्पो'' इत्यादिगाथात्रयम्, ततः परममूर्त्तत्वकथनेन ''वण्णरसपंच'' इत्यादिसूत्रमेकम्, ततोऽपि कर्मकर्तृत्वप्रतिपादनरूपेण ''पुग्गलकम्मादीणं'' इतिप्रभृतिसूत्रमेकम्, तदन्तरं भोक्तृत्वनिरूपणार्थं ''ववहारा सुहदुक्खं'' इत्यादिसूत्रमेकम्, ततः परं स्वदेहप्रमिति सिद्ध्यर्थं ''अणुगुरुदेहपमाणो'' इतिप्रभृतिसूत्रमेकम्, ततोऽपि संसारिजीवस्वरूपकथनेन ''पुढविजलतेउवाऊ'' इत्यादिगाथात्रयम्, तदनन्तरं ''णिक्कम्मा अट्ठगुणा'' इति प्रभृतिगाथापूर्वार्धेन सिद्धस्वरूपकथनम्, उत्तरार्धेन पुनरूर्ध्वगतिस्वभावः। इति नमस्कारादिचतुर्दशगाथामेलापकेन प्रथमाधिकारे समुदायपातनिका।

अथेदानीं गाथापूर्वार्धेन सम्बन्धाऽभिधेयप्रयोजनानि कथयाम्युत्तरार्धेन च

---

ત્યારપછી 'एवं छब्भेयमिदं'' વગેરે પાંચ ગાથા સુધી પંચાસ્તિકાયનું વિવરણ છે. એ પ્રમાણે પહેલા અધિકારમાં ત્રણ અંતરાધિકાર જાણવા. તેમાં પણ ચૌદ ગાથાઓમાં પહેલી ગાથા નમસ્કારની મુખ્યતાથી છે, બીજી ગાથા ''जीवो उवओगमओ'' વગેરે જીવાદિ નવ અધિકારોનાં સૂચનરૂપે છે. ત્યારપછી નવ અધિકારોનાં વિવરણરૂપ બાર ગાથાસૂત્રો છે. તે (બાર ગાથાસૂત્રો)માં પણ શરૂમાં જીવની સિદ્ધિ અર્થે ''तिक्काले चदुपाणा'' વગેરે એક સૂત્ર છે ત્યારપછી જ્ઞાન અને દર્શન બન્ને ઉપયોગનું કથન કરવા માટે 'उवओगो दुवियप्पो'' વગેરે ત્રણ ગાથાઓ છે. ત્યારપછી (જીવના) અમૂર્તપણાના કથન માટે ''वण्णरसपंच'' વગેરે એક સૂત્ર છે. ત્યારપછી કર્મના કર્તાપણાના પ્રતિપાદનરૂપે ''पुग्गलकम्मादीणं'' વગેરે એક સૂત્ર છે. ત્યારપછી ભોક્તાપણાનું નિરૂપણ કરવા માટે ''ववहारा सुहदुक्खं'' વગેરે એક સૂત્ર છે. ત્યારપછી (જીવને) સ્વદેહપ્રમાણ સિદ્ધ કરવા અર્થે ''अणुगुरुदेहपमाणो'' વગેરે એક સૂત્ર છે. ત્યારપછી સંસારી જીવનું સ્વરૂપકથન કરવા માટે ''पुढविजलतेउवाऊ'' વગેરે ત્રણ ગાથાઓ છે. ત્યારપછી ''णिक्कम्मा अट्ठगुणा'' આદિ ગાથાના પૂર્વાર્ધમાં સિદ્ધસ્વરૂપનું અને ઉત્તરાર્ધમાં (જીવના) ઊર્ધ્વગમનસ્વભાવનું કથન કર્યું છે. એ પ્રમાણે નમસ્કારાદિ ચૌદ ગાથાઓ વડે પ્રથમ અધિકારમાં સમુદાયપાતનિકા છે.

હવે ગાથાના પૂર્વાર્ધ દ્વારા હું સંબંધ, અભિધેય અને પ્રયોજન કહું છું અને ઉત્તરાર્ધ

मङ्गलार्थमिष्टदेवतानमस्कारं करोमीत्यभिप्रायं मनसि धृत्वा भगवान् सूत्रमिदं प्रतिपादयति—

**जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं ।**
**देविंदविंदवंदं वंदे तं सव्वदा सिरसा ।।१।।**

**जीवमजीवं द्रव्यं जिनवरवृषभेण येन निर्दिष्टम् ।**
**देवेन्द्रवृन्दवंद्यं वन्दे तं सर्वदा शिरसा ।।१।।**

व्याख्या—'वंदे' इत्यादिक्रियाकारकसम्बन्धेन पदखण्डनारूपेण व्याख्यानं क्रियते। 'वंदे' एकदेशशुद्धनिश्चयनयेन स्वशुद्धात्माराधनालक्षणभावस्तवनेन तथा च असद्भूतव्यवहार-नयेन तत्प्रतिपादकवचनरूपद्रव्यस्तवनेन च वन्दे नमस्करोमि। परमशुद्धनिश्चयनयेन पुनर्वन्द्यवन्दकभावो नास्ति। स कः कर्ता? अहं नेमिचन्द्रसिद्धान्तिदेवः कथं

દ્વારા મંગલને માટે ઈષ્ટદેવને નમસ્કાર કરું છું એવો અભિપ્રાય મનમાં રાખીને ભગવાન (શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ) આ ગાથાસૂત્ર કહે છે :—

ગાથા—૧

ગાથાર્થ :—હું (નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ), જે જિનવરવૃષભે જીવ અને અજીવ દ્રવ્યનું વર્ણન કર્યું, તે દેવેન્દ્રોના સમૂહથી વંદ્ય તીર્થંકર-પરમદેવને સદા મસ્તક વડે નમસ્કાર કરું છું.

ટીકા :—'वंदे' ઈત્યાદિ પદોનું ક્રિયાકારકસંબંધથી પદખંડનારૂપે વ્યાખ્યાન કરવામાં આવે છે. 'वंदे' એકદેશ શુદ્ધનિશ્ચયનયથી સ્વશુદ્ધાત્મારાધનાલક્ષણ (નિજ શુદ્ધ આત્માની આરાધના જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવા) ભાવસ્તવન વડે તથા અસદ્‌ભૂત વ્યવહારનયથી તેના પ્રતિપાદક વચનરૂપ દ્રવ્યસ્તવન વડે નમસ્કાર કરું છું. પરમ-શુદ્ધનિશ્ચયનયથી તો વંદ્યવંદકભાવ નથી. તે નમસ્કાર કરનાર કોણ છે? હું નેમિચન્દ્ર-

(ચૌપાઈ છંદ)

જીવ અજીવ દ્રવ્ય ષટભેદ, જિનવર વૃષભ કહે નિરખેદ;
શત ઈન્દ્રનિકરિ વંદિત મુદા, મૈં વંદૌં મસ્તકતૈં સદા. ૧.

वन्दे ? ''सव्वदा'' सर्वकालम्। केन ? ''सिरसा'' उत्तमाङ्गेन। ''तं'' कर्म्मतापन्नं। तं कं ? वीतरागसर्वज्ञम्। किंविशिष्टम् ? ''देविंदविंदवंदं'' मोक्षपदाभिलाषिदेवेन्द्रादिवन्द्यम्, ''भवणालयचालीसा विंतरदेवाण होंति बत्तीसा, कप्पामरचउवीसा चंदो सूरो णरो तिरिओ।।'' इति गाथाकथितलक्षणेन्द्राणां शतेन वन्दितं देवेन्द्रवृन्दवन्द्यम्। ''जेण'' येन भगवता किं कृतं ? ''णिद्दिट्ठं'' निर्दिष्टं कथितं प्रतिपादितम्। किं ? ''जीवमजीवं दव्वं'' जीवाजीवद्रव्यद्वयम्। तद्यथा—सहजशुद्धचैतन्यादिलक्षणं जीवद्रव्यं, तद्विलक्षणं पुद्गलादिपञ्चभेदमजीवद्रव्यं च, तथैव चिच्चमत्कारलक्षणशुद्धजीवास्तिकायादिपञ्चास्तिकायानां परमचिज्ज्योतिःस्वरूपशुद्धजीवादिसप्ततत्त्वानां निर्दोषपरमात्मादिनवपदार्थानां च स्वरूपमुपदिष्टम्। पुनरपि कथम्भूतेन भगवता ? ''जिणवरवसहेण'' जितमिथ्यात्वरागादित्वेन एकदेशजिनाः असंयतसम्यग्दृष्ट्यादयस्तेषां वराः गणधरदेवास्तेषां जिनवराणां वृषभः प्रधानो जिनवरवृषभस्तीर्थंकरपरमदेवस्तेन जिनवरवृषभेणेति। अत्राध्यात्मशास्त्रे यद्यपि

---

સિદ્ધાંતિદેવ છું. કેવી રીતે નમસ્કાર કરું છું? ''सव्वदा'' સદા. શેના વડે? ''सिरसा'' ઉત્તમ અંગ વડે. ''तं'' (વંદનક્રિયાના) કર્મપણાને પ્રાપ્ત છે તેને. તે (વંદનક્રિયાના કર્મપણાને પ્રાપ્ત) કોણ છે? વીતરાગ સર્વજ્ઞ. તે કેવા છે? ''देविंदविंदवंदं'' મોક્ષપદના અભિલાષી દેવેન્દ્ર આદિથી વંદ્ય છે. [1]''भवणालयचालीसा विंतरदेवाण होंति बत्तीसा । कप्पामरचउवीसा चंदो सूरो णरो तिरिओ ।।'' (અર્થ :—ભવનવાસીદેવોના ૪૦ ઇન્દ્ર, વ્યંતર દેવોના ૩૨ ઇન્દ્ર, કલ્પવાસી દેવોના ૨૪ ઇન્દ્ર, જ્યોતિષી દેવોના ચંદ્ર અને સૂર્ય એ ૨ ઇન્દ્ર, મનુષ્યોનો ૧ ઇન્દ્ર ચક્રવર્તી અને તિર્યંચનો ૧ ઇન્દ્ર સિંહ—એ રીતે બધી મળીને ૧૦૦ ઇન્દ્રો છે.)—આ ગાથામાં કહેલા સો ઇન્દ્રોથી વંદ્ય છે. ''जेण'' જે ભગવાને શું કર્યું છે? ''णिद्दिट्ठं'' નિર્દિષ્ટ કરેલ છે–કહેલ છે–પ્રતિપાદિત કરેલ છે. શું? ''जीवमजीवं दव्वं'' જીવ અને અજીવ બે દ્રવ્યો. તે આ પ્રમાણે—સહજશુદ્ધચૈતન્યાદિલક્ષણ જીવદ્રવ્ય અને તેનાથી વિલક્ષણ, પુદ્ગલાદિ પાંચ ભેદવાળું અજીવદ્રવ્ય. તેમ જ ચિત્ચમત્કારલક્ષણ શુદ્ધજીવાસ્તિકાયાદિ પાંચ અસ્તિકાયોનું, પરમચિત્જ્યોતિસ્વરૂપ શુદ્ધજીવાદિ સાત તત્ત્વોનું અને નિર્દોષ પરમાત્માદિ નવ પદાર્થોનું સ્વરૂપ ઉપદેશ્યું છે. વળી તે ભગવાન કેવા છે? ''जिनवरवसहेण'' મિથ્યાત્વ અને રાગાદિ જીત્યા હોવાના કારણે અસંયત–સમ્યગ્દૃષ્ટિ આદિ એકદેશ જિનો છે, તેમાં જે વર અર્થાત્ શ્રેષ્ઠ છે તે ગણધરદેવો છે, તે જિનવરોનાં (ગણધરોના) પણ જે વૃષભ અર્થાત્ પ્રધાન છે તે જિનવરવૃષભ અર્થાત્ તીર્થંકર–પરમદેવ

---

૧. આ ગાથા શ્રી આરાધનાસાર ગાથા ૧ની ટીકામાં છે.

**सिद्धपरमेष्ठिनमस्कार उचितस्तथापि व्यवहारनयमाश्रित्य प्रत्युपकारस्मरणार्थ-मर्हत्परमेष्ठिनमस्कार एव कृतः। तथा चोक्तं—''श्रेयोमार्गस्य संसिद्धिः प्रसादात्परमेष्ठिनः। इत्याहुस्तद्गुणस्तोत्रं शास्त्रादौ मुनिपुङ्गवाः।।'' अत्र गाथापरार्धेन—''नास्तिकत्वपरिहारः शिष्टाचारप्रपालनम्। पुण्यावाप्तिश्च निर्विघ्नं शास्त्रादौ तेन संस्तुतिः।।'' इति श्लोककथितफलचतुष्टयं समीक्षमाणा ग्रन्थकाराः शास्त्रादौ त्रिधा देवतायै त्रिधा नमस्कारं कुर्वन्ति। त्रिधा देवता कथ्यते। केन प्रकारेण? इष्टाधिकृताभिमतभेदेन। इष्टः स्वकीयपूज्यः (१)। अधिकृतः—ग्रन्थस्यादौ प्रकरणस्य वा नमस्करणीयत्वेन विवक्षितः (२)। अभिमतः—सर्वेषां लोकानां विवादं विना सम्मतः (३)। इत्यादिमङ्गलव्याख्यानं सूचितम्।**

---

છે. (તે જિનવરવૃષભ દ્વારા કહેવામાં આવ્યું છે.)

અહીં અધ્યાત્મશાસ્ત્રમાં જોકે સિદ્ધપરમેષ્ઠીને નમસ્કાર કરવો યોગ્ય છે તોપણ વ્યવહારનયનો આશ્રય લઈને ઉપકારસ્મરણ કરવાને માટે અર્હત્–પરમેષ્ઠીને જ નમસ્કાર કર્યો છે. વળી કહ્યું પણ છે કે—[1]''અર્હત્ પરમેષ્ઠીના પ્રસાદથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે, તેથી મુનિવરોએ શાસ્ત્રના આદિમાં અર્હત્–પરમેષ્ઠીના ગુણોની સ્તુતિ કરી છે.''

અહીં ગાથાના ઉત્તરાર્ધથી [2]''**नास्तिकत्वपरिहारः शिष्टाचारप्रपालनम् । पुण्यावाप्तिश्च निर्विघ्नं शास्त्रादौ तेन संस्तुतिः ।। ।।**'' [અર્થ :—નાસ્તિકતાનો ત્યાગ, શિષ્ટાચારનું પાલન, પુણ્યની પ્રાપ્તિ અને વિઘ્નવિનાશ—આ ચાર લાભ માટે શાસ્ત્રના આરંભમાં ઈષ્ટદેવની સ્તુતિ કરવામાં આવે છે.] આ શ્લોકમાં કહેલાં ચાર ફળો જાણતા થકા શાસ્ત્રકાર શાસ્ત્રના આરંભમાં ત્રણ પ્રકારના દેવને ત્રણ પ્રકારે નમસ્કાર કરે છે.

ત્રણ પ્રકારે દેવનું કથન કરવામાં આવે છે. કઈ રીતે? ઈષ્ટ, અધિકૃત અને અભિમત—એ ત્રણ ભેદથી. (૧) ઈષ્ટ—પોતાના દ્વારા પૂજ્ય તે ઈષ્ટ. (૨) અધિકૃત—ગ્રન્થ કે પ્રકરણની શરૂઆતમાં નમસ્કાર માટે જે વિવક્ષિત હોય તે. (૩) અભિમત—સર્વે લોકોને વિવાદ વિના જે માન્ય હોય તે.

આ રીતે મંગલનું વ્યાખ્યાન કર્યું.

---

૧. આપ્તપરીક્ષા શ્લોક ૨

૨. શ્રી પંચાસ્તિકાય ગાથા ૧ની તાત્પર્યવૃત્તિ ટીકામાં આધારરૂપે શ્રી જયસેનાચાર્યે લીધેલ છે.

मङ्गलमित्युपलक्षणम्। उक्तं च––‘‘मंगलणिमित्तहेउं परिमाणं णाम तह य कत्तारं। वागरिय छप्पि पच्छा वक्खाणउ सत्थमायरिओ।।’’ ‘‘वक्खाणउ’’ व्याख्यातु, स कः? ‘‘आयरिओ’’ आचार्यः। कं? ‘‘सत्थं’’ शास्त्रं। ‘‘पच्छा’’ पश्चात्। किं कृत्वा पूर्वं? ‘‘वागरिय’’ व्याकृत्य व्याख्याय। कान्? ‘‘छप्पि’’ षडप्यधिकारान्। कथंभूतान्? ‘‘मंगलणिमित्तहेउं परिमाणं णाम तह य कत्तारं’’ मङ्गलं निमित्तं हेतुं परिमाणं नाम कर्तृसंज्ञामिति। इति गाथाकथितक्रमेण मङ्गलाद्यधिकारषट्कमपि ज्ञातव्यम्। गाथापूर्वार्धेन तु सम्बन्धाभिधेय-प्रयोजनानि सूचितानि। कथमिति चेत्––विशुद्धज्ञानदर्शनस्वभावपरमात्मस्वरूपादिविवरणरूपो वृत्तिग्रन्थो व्याख्यानम्। व्याख्ययेयं तु तत्प्रतिपादकसूत्रम्। इति व्याख्यानव्याख्येयसम्बन्धो विज्ञेयः। यदेव व्याख्येयसूत्रमुक्तं तदेवाभिधानं वाचकं प्रतिपादकं भण्यते, अनन्तज्ञानाद्यनन्त-

---

અહીં મંગલ એ ઉપલક્ષણ-પદ છે. કહ્યું છે કે––

[1]‘‘मंगलणिमित्तहेउं परिमाणं णाम तह य कत्तारं।
वागरिय छप्पि पच्छा वक्खाणउ सत्थमायरिओ।।’’

[અર્થ :––મંગલાચરણ, (શાસ્ત્ર બનાવવાનું) નિમિત્તકારણ, પ્રયોજન, પરિમાણ, નામ અને કર્તા––એ છ અધિકારોની વ્યાખ્યા કરીને પછી આચાર્યે શાસ્ત્રનું વ્યાખ્યાન કરવું.]

‘‘वक्खाणउ’’ વ્યાખ્યાન કરવું. કોણે? ‘‘आयरिओ’’ આચાર્યે. કોનું? ‘‘सत्थं’’ શાસ્ત્રનું. ‘‘पच्छा’’ પછી. પહેલાં શું કરીને? ‘‘वागरिय’’ વ્યાખ્યા કરીને. કોની? ‘‘छप्पि’’ છ અધિકારોની. ક્યા? ‘‘मङ्गलणिमित्तहेउं परिमाणं णाम तह य कत्तारं’’ મંગલ, નિમિત્ત, હેતુ, પરિમાણ, નામ અને કર્તા.––એ રીતે ગાથામાં કહ્યા પ્રમાણે મંગલ આદિ છ અધિકાર પણ જાણવા.

ગાથાના પૂર્વાર્ધથી સંબંધ, અભિધેય અને પ્રયોજન સૂચવ્યાં છે. કેવી રીતે? વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્માના સ્વરૂપાદિના વિવરણરૂપ જે વૃત્તિગ્રંથ તે વ્યાખ્યાન છે અને તેનું પ્રતિપાદન કરનાર જે ગાથાસૂત્ર તે વ્યાખ્યેય છે. એ રીતે વ્યાખ્યાન–વ્યાખ્યેયરૂપ સંબંધ જાણવો. જે વ્યાખ્યા કરવા યોગ્ય સૂત્ર છે તે જ અભિધાન–વાચક–પ્રતિપાદક કહેવાય છે; અનંતજ્ઞાનાદિ અનંતગુણોના આધારરૂપ પરમાત્મા આદિનો સ્વભાવ તે અભિધેય–વાચ્ય–પ્રતિપાદ્ય છે. એ રીતે અભિધાન–અભિધેયનું સ્વરૂપ જાણવું. વ્યવહારથી

---

૧. ષટ્ખંડાગમ ૧-૭, પંચાસ્તિકાય ગાથા–૧, તાત્પર્યવૃત્તિ ટીકા શ્રી જયસેનાચાર્યકૃત, તિલોયપણ્ણતિ શ્લોક ૧-૭

गुणाधारपरमात्मादिस्वभावोऽभिधेयो वाच्यः प्रतिपाद्यः। इत्यभिधानाभिधेयस्वरूपं बोधव्यम्। प्रयोजनं तु व्यवहारेण षड्द्रव्यादिपरिज्ञानम्, निश्चयेन निजनिरञ्जनशुद्धात्मसंवित्तिसमुत्पन्न-निर्विकारपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादरूपं स्वसंवेदनज्ञानम्। परमनिश्चयेन पुनस्तत्फल-रूपा केवलज्ञानाद्यनन्तगुणाविनाभूता निजात्मोपादानसिद्धानन्तसुखावाप्तिरिति। एवं नमस्कारगाथा व्याख्याता।

अथ नमस्कारगाथायां प्रथमं यदुक्तं जीवद्रव्यं तत्सम्बन्धे नवाधिकारान् संक्षेपेण सूचयामीति अभिप्रायं मनसि सम्प्रधार्य कथनसूत्रमिति निरूपयति—

**जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।**
**भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ।।२।।**

जीवः उपयोगमयः अमूर्तिः कर्त्ता स्वदेहपरिमाणः ।
भोक्ता संसारस्थः सिद्धः सः विस्रसा ऊर्ध्वगतिः ।।२।।

---

છ દ્રવ્યાદિનું પરિજ્ઞાન તે આ ગ્રન્થનું પ્રયોજન છે; નિશ્ચયથી નિજ-નિરંજન-શુદ્ધાત્મસંવિત્તિથી ઉત્પન્ન નિર્વિકાર પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતના રસાસ્વાદરૂપ સ્વસંવેદનજ્ઞાન તે આ ગ્રંથનું પ્રયોજન છે. પરમનિશ્ચયથી તે સ્વસંવેદનજ્ઞાનના ફળરૂપ, કેવળજ્ઞાનાદિ અનંતગુણ સાથે અવિનાભાવી, નિજાત્મઉપાદાનસિદ્ધ અનંત સુખની પ્રાપ્તિ તે આ ગ્રંથનું પ્રયોજન છે.

એ રીતે નમસ્કાર ગાથાનું વ્યાખ્યાન કર્યું. ૧.

હવે નમસ્કાર–ગાથામાં જે જીવદ્રવ્ય કહેવામાં આવ્યું તે જીવદ્રવ્યના સંબંધમાં હું નવ અધિકારો સંક્ષેપથી સૂચવીશ, એવો અભિપ્રાય મનમાં રાખીને (નવ અધિકારોનું) કથન કરનાર સૂત્રનું (શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવ) નિરૂપણ કરે છે :—

ગાથા—૨

ગાથાર્થ :—જે જીવે છે, ઉપયોગમય છે, અમૂર્તિક છે, કર્તા છે, સ્વદેહપ્રમાણ છે,

---

જીવ મયી ઉપયોગ અમૂર્ત, કર્તા દેહમાન હૈ પૂર્ત્ત;
ભોક્તા સંસારી અર સિદ્ધ, ઊર્ધ્વગમન નવ કથન પ્રસિદ્ધ. ૨.

व्याख्या—''जीवो'' शुद्धनिश्चयनयेनादिमध्यान्तवर्जितस्वपरप्रकाशकाविनश्वरनिरुपाधिशुद्धचैतन्यलक्षणनिश्चयप्राणेन यद्यपि जीवति, तथाप्यशुद्धनयेनानादिकर्मबन्धवशादशुद्धद्रव्यभावप्राणैर्जीवतीति जीवः। ''उवओगमओ'' शुद्धद्रव्यार्थिकनयेन यद्यपि सकलविमलकेवलज्ञानदर्शनोपयोगमयस्तथाप्यशुद्धनयेन क्षायोपशमिकज्ञानदर्शननिर्वृत्तत्वात् ज्ञानदर्शनोपयोगमयो भवति। ''अमुत्ति'' यद्यपि व्यवहारेण मूर्त्तकर्म्माधीनत्वेन स्पर्शरसगन्धवर्णवत्या मूर्त्या सहितत्वान्मूर्त्तस्तथापि परमार्थेनामूर्त्तातीन्द्रियशुद्धबुद्धैकस्वभावत्वादमूर्त्तः। ''कत्ता'' यद्यपि भूतार्थनयेन निष्क्रियटङ्कोत्कीर्णज्ञायकैकस्वभावोऽयं जीवः तथाप्यभूतार्थनयेन मनोवचनकायव्यापारोत्पादककर्मसहितत्वेन शुभाशुभकर्म्मकर्तृत्वात् कर्त्ता। ''सदेहपरिमाणो'' यद्यपि निश्चयेन सहजशुद्धलोकाकाशप्रमितासंख्येयप्रदेशस्तथापि व्यवहारेणानादिकर्म्मबन्धाधीनत्वेन शरीरनामकर्मोदयजनितोपसंहारविस्ताराधीनत्वात् घटादिभाजनस्थप्रदीपवत् स्वदेहपरिमाणः। ''भोत्ता' यद्यपि शुद्धद्रव्यार्थिक-

---

ભોક્તા છે, સંસારસ્થ છે, સિદ્ધ છે અને સ્વભાવથી ઊર્ધ્વગમન કરનાર છે તે જીવ છે. ૨

ટીકા :—''जीवो'' આ જીવ જોકે શુદ્ધનિશ્ચયનયથી આદિ—મધ્ય—અંતરહિત, સ્વપરપ્રકાશક, અવિનાશી, નિરુપાધિ શુદ્ધ ચૈતન્ય જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા નિશ્ચયપ્રાણથી જીવે છે તોપણ અશુદ્ધનયથી અનાદિકર્મબંધના વશે અશુદ્ધ દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણોથી જીવે છે, તેથી તે 'જીવ' છે.

''उवओगमओ'' શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોકે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનદર્શનરૂપ 'ઉપયોગમય' છે તોપણ અશુદ્ધનયથી ક્ષાયોપશમિક જ્ઞાન અને દર્શનથી રચાયેલો હોવાથી જ્ઞાનદર્શનરૂપ 'ઉપયોગમય' છે

''अमुत्ति'' જોકે વ્યવહારથી મૂર્તકર્મને આધીનપણે સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ મૂર્તપણા સહિત છે, તેથી તે મૂર્ત છે તોપણ પરમાર્થે અમૂર્ત—અતીન્દ્રિય—શુદ્ધ—બુદ્ધ—એક સ્વભાવવાળો હોવાથી 'અમૂર્ત' છે.

''कत्ता'' જોકે આ જીવ ભૂતાર્થનયથી નિષ્ક્રિય—ટંકોત્કીર્ણ—જ્ઞાયક—એક સ્વભાવવાળો છે તોપણ અભૂતાર્થનયથી મન-વચન-કાયાના વ્યાપારને ઉત્પન્ન કરનાર કર્મ સહિત હોવાથી, શુભાશુભકર્મનો કર્તા હોવાથી 'કર્તા' છે.

''सदेहपरिमाणो'' જોકે નિશ્ચયથી સહજશુદ્ધ લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી છે તોપણ વ્યવહારથી, અનાદિ કર્મબંધને આધીનપણે શરીરનામકર્મના ઉદયથી ઉત્પન્ન સંકોચ—વિસ્તારના આધીનપણાને લીધે, ઘટાદિ પાત્રમાં રહેલ દીવાની પેઠે 'સ્વદેહપ્રમાણ' છે.

**नयेन रागादिविकल्पोपाधिरहितस्वात्मोत्थसुखामृतभोक्ता, तथाप्यशुद्धनयेन तथाविधसुखामृतभोजनाभावाच्छुभाशुभकर्मजनितसुखदुःखभोक्तृत्वाद्भोक्ता। ''संसारत्थो'' यद्यपि शुद्धनिश्चयनयेन निःसंसारनित्यानन्दैकस्वभावस्तथाप्यशुद्धनयेन द्रव्यक्षेत्रकालभवभावपञ्चप्रकारसंसारे तिष्ठतीति संसारस्थः। ''सिद्धो'' व्यवहारेण स्वात्मोपलब्धिलक्षणसिद्धत्वप्रतिपक्षभूतकर्मोदयेन यद्यप्यसिद्धस्तथापि निश्चयनयेनानन्तज्ञानानन्तगुणस्वभावत्वात् सिद्धः। ''सो'' स एवंगुणविशिष्टो जीवः। ''विस्ससोड्ढगई'' यद्यपि व्यवहारेण चतुर्गतिजनककर्मोदयवशेनोर्ध्वाधस्तिर्यग्गतिस्वभावस्तथापि निश्चयेन केवलज्ञानाद्यनन्तगुणावाप्तिलक्षणमोक्षगमनकाले विस्रसा स्वभावेनोर्ध्वगतिश्चेति। अत्र पदखण्डनारूपेण शब्दार्थः कथितः, शुद्धाशुद्धनयद्वयविभागेन नयार्थोऽप्युक्तः। इदानीं मतार्थः कथ्यते। जीवसिद्धिश्चार्वाकं प्रति, ज्ञानदर्शनोपयोगलक्षणं नैयायिकं प्रति, अमूर्तजीवस्थापनं भट्टचार्वाकद्वयं प्रति,**

---

''भोत्ता'' જોકે (આ જીવ) શુદ્ધદ્રવ્યાર્થિકનયથી રાગાદિવિકલ્પઉપાધિરહિત, પોતાના આત્માથી ઉત્પન્ન સુખામૃતનો ભોક્તા છે તોપણ અશુદ્ધનયથી તે પ્રકારના સુખામૃતભોજનનો અભાવ હોવાથી શુભાશુભકર્મથી ઉત્પન્ન સુખદુઃખને ભોગવતો હોવાથી 'ભોક્તા' છે.

''संसारत्थो'' જોકે (આ જીવ) શુદ્ધનિશ્ચયનયથી નિઃસંસાર–નિત્યાનંદ–એકસ્વભાવવાળો છે તોપણ અશુદ્ધનયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પ્રકારના સંસારમાં રહે છે, તેથી 'સંસારસ્થ' છે.

''सिद्धो'' જોકે (આ જીવ) વ્યવહારથી, નિજાત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સિદ્ધત્વના પ્રતિપક્ષભૂત કર્મોદયથી અસિદ્ધ છે તોપણ નિશ્ચયનયથી અનંતજ્ઞાનાદિ અનંતગુણરૂપ સ્વભાવવાળો હોવાથી 'સિદ્ધ' છે.

''सो'' તે—આ પ્રકારના ગુણો—વાળો જીવ છે. ''विस्ससोड्ढगई'' જોકે (આ જીવ) વ્યવહારથી ચાર ગતિ ઉત્પન્ન કરનાર કર્મોદયને વશે ઊર્ધ્વ, અધો અને તિર્યક્ ગતિરૂપ સ્વભાવવાળો છે તો પણ નિશ્ચયથી કેવળજ્ઞાનાદિ અનંતગુણની પ્રાપ્તિ જેનું લક્ષણ છે, એવા મોક્ષગમનસમયે 'વિસ્રસા–સ્વભાવથી ઊર્ધ્વગમન કરનાર' છે.

અહીં પદખંડનારૂપ શબ્દાર્થ કહ્યો અને શુદ્ધ અને અશુદ્ધ—બે નયોના વિભાગથી નયાર્થ પણ કહ્યો. હવે મતાર્થ કહેવામાં આવે છે :—

જીવની સિદ્ધિ ચાર્વાક પ્રત્યે છે, (જીવનું) જ્ઞાનદર્શન-ઉપયોગરૂપ લક્ષણ નૈયાયિક પ્રત્યે

**कर्मकर्तृस्थापनं सांख्यं प्रति, स्वदेहप्रमितिस्थापनं नैयायिकमीमांसकसांख्यत्रयं प्रति, कर्मभोक्तृत्वव्याख्यानं बौद्धं प्रति, संसारस्थव्याख्यानं सदाशिवं प्रति, सिद्धित्वव्याख्यानं भट्टचार्वाकद्वयं प्रति, ऊर्ध्वगतिस्वभावकथनं मांडलिकग्रन्थकारं प्रति, इति मतार्थो ज्ञातव्यः। आगमार्थः पुनः ''अस्त्यात्मानादिबद्धः''इत्यादि प्रसिद्ध एव। शुद्धनयाश्रितं जीवस्वरूपमुपादेयम् शेषं च हेयम्। इति हेयोपादेयरूपेण भावार्थोऽप्यवबोद्धव्यः। एवं शब्दनयमतागमभावार्थो यथासम्भवं व्याख्यानकाले सर्वत्र ज्ञातव्यः। इति जीवादिनवाधिकारसूचनसूत्रगाथा।।२।।**

**अतः परं द्वादशगाथाभिर्नवाधिकारान् विवृणोति। तत्रादौ जीवस्वरूपं कथयति :—**

**तिक्काले चदुपाणा इंदियबलमाउआणपाणो य।**
**ववहारा सो जीवो णिच्छयणयदो दु चेदणा जस्स ।।३।।**

---

છે, જીવના અમૂર્તપણાનું સ્થાપન ભટ્ટ અને ચાર્વાક એ બે પ્રત્યે છે. 'જીવ કર્મનો કર્તા છે' એ સ્થાપન સાંખ્ય પ્રત્યે છે, 'જીવ સ્વદેહપ્રમાણ છે' એ સ્થાપન નૈયાયિક, મીમાંસક અને સાંખ્ય—એ ત્રણ પ્રત્યે છે, 'જીવ કર્મનો ભોક્તા છે' એ વ્યાખ્યાન બૌદ્ધ પ્રત્યે છે, જીવના સંસારસ્થપણાનું વ્યાખ્યાન સદાશિવ પ્રત્યે છે. જીવના સિદ્ધત્વનું વ્યાખ્યાન ભટ્ટ અને ચાર્વાક—એ બે પ્રત્યે છે, જીવના ઊર્ધ્વગમન–સ્વભાવનું વ્યાખ્યાન માંડલિક ગ્રંથકાર પ્રત્યે છે. આ રીતે મતાર્થ જાણવો.

'આત્મા અનાદિથી બંધાયેલો છે' ઇત્યાદિ આગમાર્થ તો પ્રસિદ્ધ જ છે.

'શુદ્ધનયાશ્રિત જીવસ્વરૂપ ઉપાદેય છે અને બીજું બધું હેય છે'—એમ હેય-ઉપાદેયરૂપે ભાવાર્થ પણ જાણવો.

આ રીતે શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ યથાસંભવ વ્યાખ્યાનકાળે સર્વત્ર જાણવા.

આ રીતે જીવાદિ નવ અધિકારોનું સૂચન કરનારી આ સૂત્રગાથા છે. ૨.

હવે, બાર ગાથાઓ દ્વારા નવ અધિકારોનું વિવરણ કરે છે. તેમાં પ્રથમ જીવનું સ્વરૂપ કહે છે :—

---

તીન કાલમેં જીવન જાસ, ઇન્દ્રિય બલ આયુષ ઉચ્છ્વાસ;
ચ્યારિ પ્રાણ વ્યવહારૈં જીવ, નિશ્ચયનય ચેતના સદીવ. ૩.

त्रिकाले चतुःप्राणा इन्द्रियं बलं आयुः आनप्राणश्च।
व्यवहारात् स जीवः निश्चयनयतस्तु चेतना यस्य॥३॥

व्याख्या—''तिक्काले चदुपाणा'' कालत्रये चत्वारः प्राणा भवन्ति। ते के ''इंदियबलमाउआणपाणो य'' अतीन्द्रियशुद्धचैतन्यप्राणात्प्रतिशत्रुपक्षभूतः क्षायोपशमिक इन्द्रियप्राणः, अनन्तवीर्यलक्षणबलप्राणादनन्तैकभागप्रमिता मनोवचनकायबलप्राणाः, अनाद्यनन्तशुद्धचैतन्यप्राणविपरीततद्विलक्षणाः सादिः सान्तश्चायुःप्राणः उच्छ्वासपरावर्त्तोत्पन्नखेदरहितविशुद्धचित्प्राणाद्विपरीतसदृश आनपानप्राणः। ''ववहारा सो जीवो'' इत्थंभूतैश्चतुर्भिर्द्रव्यभावप्राणैर्यथासंभवं जीवति जीविष्यति जीवितपूर्वो वा यो व्यवहारनयात्स जीवः; द्रव्येन्द्रियादिर्द्रव्यप्राणा अनुपचरितासद्भूतव्यवहारेण, भावेन्द्रियादिः क्षायोपशमिकभावप्राणाः पुनरशुद्धनिश्चयेन, सत्ताचैतन्यबोधादिः शुद्धभावप्राणाः निश्चयेनेति। ''णिच्छयणयदो दु चेदणा जस्स'' शुद्धनिश्चयनयतः सकाशादुपादेयभूता शुद्धचेतना यस्य स

---

ગાથા—૩

ગાથાર્થ :—ત્રણ કાળમાં ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ—એ ચાર પ્રાણોને જે ધારણ કરે છે, તે વ્યવહારનયે જીવ છે. નિશ્ચયનયથી જેને ચેતના છે તે જીવ છે.

ટીકા :—''तिक्काले चदुपाणा'' ત્રણ કાળમાં (જીવને) ચાર પ્રાણો હોય છે. તે ક્યા? ''इंदियबलमाउआणपाणो य'' અતીન્દ્રિય શુદ્ધ ચૈતન્યપ્રાણથી પ્રતિપક્ષભૂત ક્ષાયોપશમિક ઇન્દ્રિયપ્રાણ છે, અનંતવીર્યલક્ષણ બળપ્રાણથી અનંતમા ભાગ પ્રમાણ મનોબળ, વચનબળ અને કાયબળરૂપ પ્રાણ છે. અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યપ્રાણથી વિપરીત–તેનાથી વિલક્ષણ સાદિ–સાન્ત (આદિ અને અંતવાળો) આયુપ્રાણ છે. શ્વાસ અને ઉચ્છ્‌વાસના પરાવર્તનથી ઉત્પન્ન ખેદ રહિત વિશુદ્ધ ચૈતન્યપ્રાણથી વિપરીત શ્વાસોચ્છ્‌વાસ રૂપ પ્રાણ છે. ''ववहारा सो जीवा'' વ્યવહારનયઅપેક્ષાએ, આ પ્રકારના ચાર દ્રવ્ય અને ભાવપ્રાણોથી યથાસંભવ જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે જીવ છે. જીવને દ્રવ્યેન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણો અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી, ભાવેન્દ્રિયાદિ ક્ષાયોપશમિક ભાવપ્રાણો અશુદ્ધ નિશ્ચયનયથી અને સત્તા, ચૈતન્ય, બોધ વગેરે શુદ્ધભાવપ્રાણો નિશ્ચયનયથી છે. ''णिच्छयणयदो दु चेदणा जस्स'' શુદ્ધ નિશ્ચયનયથી, ઉપાદેયભૂત શુદ્ધ ચેતના જેને છે તે જીવ છે.

**जीवः। एवं ''वच्छरक्खभवसारिच्छ, सग्गणिरयपियराय। चुल्लयहंडिय पुण मडउ णव दिट्ठंता जाय।।१।।'' इति दोहककथितनवदृष्टान्तैश्चार्वाकमतानुसारिशिष्यसंबोधनार्थं जीवसिद्धिव्याख्यानेन गाथा गता। अथ अध्यात्मभाषया नयलक्षणं कथ्यते। सर्वे जीवाः शुद्धबुद्धैकस्वभावाः इति शुद्धनिश्चयनयलक्षणम्। रागादय एव जीवाः इत्यशुद्धनिश्चयनयलक्षणम्। गुणगुणिनोरभेदोऽपि भेदोपचार इति सद्भूतव्यवहारलक्षणम्। भेदेऽपि सत्यभेदोपचार इत्यसद्भूतव्यवहारलक्षणं चेति। तथाहि—जीवस्य केवलज्ञानादयो गुणा इत्यनुपचरितसंज्ञशुद्धसद्भूतव्यवहारलक्षणम्। जीवस्य मतिज्ञानादयो विभावगुणा**

---

તેથી ''वच्छरक्खभवसारिच्छ सग्गणिरयपियराय। चुल्लयहंडिय पुण मडउ णव दिट्ठंता जाय।।'' ( ૧. वत्स—જન્મ લેતાં જ વાછરડું, પૂર્વજન્મના સંસ્કારથી, શીખવ્યા વિના પોતાની મેળે માતાનું સ્તનપાન કરવા લાગે છે. ૨. अक्षर—અક્ષરોનું ઉચ્ચારણ જીવ જાણકારીની સાથે આવશ્યકતા પ્રમાણે કરે છે. જડપદાર્થોમાં આ વિશેષતા હોતી નથી. ૩. भव—જો આત્મા એક સ્થાયી પદાર્થ ન હોય તો જન્મ–મરણ કોનાં થાય? ૪. सादृश्य—આહાર, પરિગ્રહ, ભય, મૈથુન, હર્ષ, વિષાદ આદિ બધા જીવોમાં એકસરખાં દેખાય છે. ૫–૬. स्वर्ग–नरक—જીવ જો સ્વતંત્ર પદાર્થ ન હોય તો સ્વર્ગ–નરકમાં જવાનું કોને સિદ્ધ થશે? ૭. पितर—અનેક મનુષ્ય મરીને ભૂત વગેરે થાય છે અને પોતાનાં સ્ત્રી, પુત્રાદિને પોતાના આગલા ભવની હકીકત જણાવે છે. ૮. चूल्हा–हंडी—જીવ જો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ—એ પાંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થતો હોય તો દાળ બનાવતી વખતે ચૂલા ઉપર મૂકેલ હાંડીમાં પાંચે મહાભૂતોનો સમાગમ થવાને લીધે ત્યાં પણ જીવ ઉત્પન્ન થવો જોઈએ; પરંતુ એમ બનતું નથી. ૯. मृतक— મડદામાં પાંચે પદાર્થો હોય છે પણ તેમાં જીવનાં જ્ઞાનાદિ હોતાં નથી. આ રીતે જીવ એક જુદો સ્વતંત્ર પદાર્થ સિદ્ધ થાય છે. )—આ દોહરામાં કહેલાં નવ દૃષ્ટાન્તો વડે, ચાર્વાકમતાનુસારી શિષ્યને સમજાવવા માટે જીવની સિદ્ધિના વ્યાખ્યાનથી આ ગાથા પૂરી થઈ.

હવે અધ્યાત્મભાષાથી નયોનાં લક્ષણ કહે છે : 'સર્વે જીવો શુદ્ધ–બુદ્ધ–એક સ્વભાવવાળા છે' એ શુદ્ધનિશ્ચયનયનું લક્ષણ છે. 'રાગાદિ જ જીવ છે' એ અશુદ્ધનિશ્ચયનયનું લક્ષણ છે. ગુણ અને ગુણી અભેદ હોવા છતાં પણ ભેદનો ઉપચાર કરવો તે સદ્ભૂતવ્યવહારનું લક્ષણ છે; અને ભેદ હોવા છતાં પણ અભેદનો ઉપચાર કરવો એ અસદ્ભૂતવ્યવહારનું લક્ષણ છે. તે આ પ્રમાણે—'જીવને કેવળજ્ઞાનાદિ ગુણો છે' એ અનુપચરિત શુદ્ધ સદ્ભૂતવ્યવહારનું લક્ષણ છે. 'જીવને મતિજ્ઞાનાદિ વિભાવગુણો છે' એ

इत्युपचरितसंज्ञाशुद्धसद्भूतव्यवहारलक्षणम्। 'मदीयो देहमित्यादि' संश्लेषसंबन्धसहितपदार्थः पुनरनुपचरितसंज्ञासद्भूतव्यवहारलक्षणम्। यत्र तु संश्लेषसंबन्धो नास्ति तत्र 'मदीयः पुत्र इत्यादि' उपचरिताभिधानासद्भूतव्यवहारलक्षणमिति नयचक्रमूलभूतं संक्षेपेण नयषट्कं ज्ञातव्य मिति।।३।।

अथ गाथात्रयपर्यन्तं ज्ञानदर्शनोपयोगद्वयं कथ्यते। तत्र प्रथमगाथायां मुख्यवृत्त्या दर्शनोपयोगव्याख्यानं करोति। यत्र मुख्यत्वमिति वदति तत्र यथासम्भवमन्यदपि विवक्षितं लभ्यत इति ज्ञातव्यम्—

**उवओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा।**
**चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं ।।४।।**

उपयोगः द्विविकल्पः दर्शनं ज्ञानं च दर्शनं चतुर्धा।
चक्षुः अचक्षुः अवधिः दर्शनं अथ केवलं ज्ञेयम् ।।४।।

---

ઉપચરિત અશુદ્ધ સદ્ભૂતવ્યવહારનું લક્ષણ છે. સંશ્લેષસંબંધવાળા પદાર્થ 'શરીરાદિ મારા છે' એ અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનું લક્ષણ છે. જ્યાં સંશ્લેષસંબંધ નથી એવા 'પુત્રાદિ મારા છે' તે ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનું લક્ષણ છે. એ પ્રમાણે નયચક્રના મૂળભૂત છ નયો સંક્ષેપમાં જાણવા. ૩.

હવે, ત્રણ ગાથા સુધી જ્ઞાન અને દર્શન એ બે ઉપયોગનું કથન કરવામાં આવે છે. ત્યાં પ્રથમ ગાથામાં મુખ્યપણે દર્શન-ઉપયોગની વ્યાખ્યા કરે છે. જ્યાં અમુક વિષયનું 'મુખ્યતાથી' વર્ણન કરવાનું કહ્યું હોય ત્યાં ગૌણપણે બીજા વિષયનું પણ યથાસંભવ કથન આવી જાય છે, એમ જાણવું :—

ગાથા–૪

ગાથાર્થ :—ઉપયોગ બે પ્રકારનો છે : દર્શન અને જ્ઞાન. તેમાં દર્શનોપયોગ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન—એમ ચાર પ્રકારનો જાણવો.

---

દોય ભેદ ઉપયોગ ઉદાર, દર્શન જ્ઞાન ધરૈ સુવિચાર;
દર્શન-ભેદ ચ્યારિ હૈ ભલા, ચક્ષુ અચક્ષુ અવધિ કેવલા. ૪.

**व्याख्या—''उवओगो दुवियप्पो'' उपयोगो द्विविकल्पः। ''दंसणणाणं च'' निर्विकल्पकं दर्शनं सविकल्पकं ज्ञानं च। पुनः ''दंसणं चदुधा'' दर्शनं चतुर्धा भवति; ''चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं'' चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनमथ अहो केवलदर्शनमिति विज्ञेयम्। तथाहि—आत्मा हि जगत्त्रयकालत्रयवर्त्तिसमस्तवस्तुसामान्य-ग्राहकसकलविमलकेवलदर्शनस्वभावस्तावत्, पश्चादनादिकर्मबन्धाधीनः सन् चक्षुर्दर्शनावरण-क्षयोपशमाद्बहिरङ्गद्रव्येन्द्रियालम्बनाच्च मूर्तं सत्तासामान्यं निर्विकल्पं संव्यवहारेण प्रत्यक्षमपि निश्चयेन परोक्षरूपेणैकदेशेन यत्पश्यति तच्चक्षुर्दर्शनम्। तथैव स्पर्शनरसनघ्राण-**

---

ટીકા :—''उवओगो दुवियप्पो'' ઉપયોગ બે પ્રકારનો છે : ''दंसणणाणं च'' દર્શન અને જ્ઞાન. દર્શન નિર્વિકલ્પ છે અને જ્ઞાન સવિકલ્પ છે. ''दंसणं चदुधा'' દર્શનોપયોગ ચાર પ્રકારનો છે : ''चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं'' ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન—એ ચાર પ્રકાર જાણવા. તે આ પ્રમાણે—પ્રથમ તો ખરેખર આત્મા ત્રણ લોક, ત્રણ કાળવર્તી સમસ્ત વસ્તુઓના સામાન્યને ગ્રહણ કરનાર, સકળવિમળ કેવળદર્શનસ્વભાવવાળો છે; [1]પશ્ચાત્ અનાદિ કર્મબંધને આધીન થઈને, ચક્ષુદર્શનાવરણના ક્ષયોપશમથી અને બહિરંગ દ્રવ્યેન્દ્રિયના આલંબનથી મૂર્તપદાર્થના સત્તાસામાન્યને વિકલ્પ વિના (–નિરાકારપણે) સંવ્યવહારથી પ્રત્યક્ષરૂપે પણ નિશ્ચયથી પરોક્ષરૂપે, જે એકદેશ દેખે છે તે ચક્ષુદર્શન છે. તેવી જ રીતે સ્પર્શન–રસના–ઘ્રાણ–

---

૧. અહીં 'તાવત્' (પ્રથમ) અને 'પશ્ચાત્' (પછી) એમ જે કહ્યું છે તે કાળ–અપેક્ષાએ નથી, પણ ભાવ-અપેક્ષાએ છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે સમજવું :–બન્ને નયોના સ્વરૂપનો નિર્ણય કરનારાને હેય–ઉપાદેયનું જ્ઞાન સાથે સાથે હોય છે. તેથી નિશ્ચયનયનો વિષય સદા આશ્રય કરવા યોગ્ય હોવાથી તે ભાવ-અપેક્ષાએ 'તાવત્' (પ્રથમ) છે, મુખ્ય છે, ઉપાદેય છે અને વ્યવહારનયનો વિષય જાણવા યોગ્ય હોવા છતાં તેના વિષયનો આશ્રય તજવા યોગ્ય હોવાથી તે ભાવ-અપેક્ષાએ 'પશ્ચાત્' (પછી) છે, ગૌણ છે, હેય છે. (આ પ્રમાણે નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળ ધ્રુવ ચૈતન્યસ્વભાવી આત્માનો આશ્રય લેતાં કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન પ્રગટે છે અને પછી જીવ અપ્રતિહત શુદ્ધભાવે પરિણમતાં સમયે સમયે સંવર–નિર્જરા વૃદ્ધિગત થતાં જાય છે અને છેવટે સિદ્ધદશા જીવ પ્રાપ્ત કરે છે.)

ગાથા ૫ની ટીકામાં તથા ગાથા ૧૩ની ભૂમિકામાં પણ આ પ્રમાણે તાત્પર્ય સમજવું. શ્રી સમયસાર ગાથા ૭ની ટીકામાં, શ્રી પ્રવચનસાર ગાથા ૧૯, ૩૪, ૫૫, ૧૬૨ અને ૧૬૭ની ટીકામાં અને શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ગાથા ૨૯, ૫૧, ૫૨, ૧૧૩ અને ૧૫૪ની ટીકામાં શ્રી જયસેનાચાર્યે જે 'તાવત્' અને 'પશ્ચાત્' શબ્દો કહ્યા છે તેનાં અર્થ અને તાત્પર્ય પણ ઉપર પ્રમાણે સમજવાં.

આ સંબંધમાં સોનગઢથી પ્રસિદ્ધ 'દ્રવ્યસંગ્રહ' ની ગાથા ૧૩ ની ટીકામાં જે સ્પષ્ટીકરણ કર્યું છે તે વાંચવું.

श्रोत्रेन्द्रियावरणक्षयोपशमत्वात्स्वकीयस्वकीयबहिरङ्गद्रव्येन्द्रियालम्बनाच्च मुर्त्तं सत्तासामान्यं विकल्परहितं परोक्षरूपेणैकदेशेन यत्पस्यति तदचक्षुर्दर्शनम्। तथैव च मनइन्द्रियावरणक्षयोपशमात्सहकारिकारणभूताष्टदलपद्माकारद्रव्यमनोऽवलम्बनाच्च मूर्त्तामूर्त्तसमस्तवस्तुगतसत्तासामान्यं विकल्परहितं परोक्षरूपेण यत्पश्यति तन्मानसमचक्षुर्दर्शनम्। स एवात्मा यदवधिदर्शनावरणक्षयोपशमान्मूर्त्तवस्तुगतसत्तासामान्यं निर्विकल्परूपेणैकदेशप्रत्यक्षेण यत्पश्यति तदवधिदर्शनम्। यत्पुनः सहजशुद्धसदानन्दैकरूपपरमात्मतत्त्वसंवित्तिप्राप्तिबलेन केवलदर्शनावरणक्षये सति मूर्त्तामूर्त्तसमस्तवस्तुगतसत्तासामान्यं विकल्परहितं सकलप्रत्यक्षरूपेणैकसमये पश्यति तदुपादेयभूतं क्षायिकं केवलदर्शनं ज्ञातव्यमिति॥४॥

अथाष्टविकल्पं ज्ञानोपयोगं प्रतिपादयति—

**णाणं अट्ठियप्पं मदिसुदिओही अणाणणाणाणि ।**
**मणपज्जवकेवलमवि पच्चक्खपरोक्खभेयं च ॥५॥**

---

શ્રોત્રેન્દ્રિયાવરણનો ક્ષયોપશમ હોવાથી પોતપોતાની બહિરંગ દ્રવ્યેન્દ્રિયના આલંબનથી, મૂર્ત પદાર્થના સત્તાસામાન્યને વિકલ્પ વિના (-નિરાકારપણે) પરોક્ષરૂપે જે એકદેશ દેખે છે તે અચક્ષુદર્શન છે.તેવી જે રીતે મન-ઇન્દ્રિયાવરણના ક્ષયોપશમથી અને સહકારી કારણરૂપ આઠ પાંખડીવાળા કમળના આકારરૂપ દ્રવ્યમનના આલંબનથી, મૂર્ત અને અમૂર્ત સમસ્ત વસ્તુઓના સત્તા સામાન્યને વિકલ્પ વિના પરોક્ષરૂપે જે દેખે છે તે માનસ-અચક્ષુદર્શન છે. તે જ આત્મા અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી મૂર્ત વસ્તુના સત્તાસામાન્યને વિકલ્પ વિના જે એકદેશ-પ્રત્યક્ષરૂપે દેખે છે તે અવધિદર્શન છે. તથા જે સહજશુદ્ધ છે અને સદા આનંદ જેનું એક રૂપ છે એવા પરમાત્મતત્ત્વની સંવિત્તિની પ્રાપ્તિના બળથી, કેવળદર્શનાવરણનો ક્ષય થતાં, મૂર્ત—અમૂર્ત સમસ્ત વસ્તુના સત્તાસામાન્યને વિકલ્પ વિના સકલ-પ્રત્યક્ષરૂપે જે એક સમયમાં દેખે છે તે ઉપાદેયભૂત ક્ષાયિક કેવળદર્શન જાણવું. ૪.

હવે આઠ ભેદોવાળા જ્ઞાનોપયોગનું પ્રતિપાદન કરે છે

---

જ્ઞાન—ભેદ મતિ શ્રુત અવધિકા, ભલે—બુરેતે હૈ છહૈતિકા;
મનપર્યય કેવલ મિલિ આઠ, હૈ પરતક્ષ પરોક્ષ સુપાઠ. ૫.

ज्ञानं अष्टविकल्पं मतिश्रुतावधयः अज्ञानज्ञानानि।
मनःपर्ययः केवलं अपि प्रत्यक्षपरोक्षभेदं च ॥५॥

व्याख्याः—''णाणं अट्ठवियप्पं'' ज्ञानमष्टविकल्पं भवति। ''मदिसुदिओही अणाणणाणाणि'' अत्राष्टविकल्पमध्ये मतिश्रुतावधयो मिथ्यात्वोदयवशाद्विपरीताभिनिवेश-रूपाण्यज्ञानानि भवन्ति; तान्येव शुद्धात्मादितत्त्वविषये विपरीताभिनिवेशरहितत्वेन सम्यग्दृष्टिजीवस्य सम्यग्ज्ञानानि भवन्ति। ''मणपज्ज्ञकेवलमवि'' मनःपर्ययज्ञानं केवलज्ञानमप्येवमष्टविधं ज्ञानं भवति। ''पच्चक्खपरोक्खभेयं च'' प्रत्यक्षपरोक्षभेदं च। अवधिमनःपर्ययद्वयमेकदेशप्रत्यक्षं विभङ्गावधिरपि देशप्रत्यक्षं, केवलज्ञानं सकलप्रत्यक्षं; शेषचतुष्टयं परोक्षमिति।

इतो विस्तरः—आत्मा हि निश्चयनयेन सकलविमलाखण्डैकप्रत्यक्ष-प्रतिभासमयकेवलज्ञानरूपस्तावत्। स च व्यवहारेणानादिकर्मबन्धप्रच्छादितः सन् मतिज्ञानावरणीयक्षयोपशमाद्वीर्यान्तरायक्षयोपशमाच्च बहिरङ्गपञ्चेन्द्रियमनोऽवलम्बनाच्च मूर्त्तामूर्त्तं

---

ગાથા—૫

ગાથાર્થ :—કુમતિ, કુશ્રુત, કુઅવધિ, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન—એ રીતે આઠ પ્રકારનું જ્ઞાન છે. એમાં પણ પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ ભેદ છે.

ટીકા :—''णाणं अट्ठवियप्पं'' જ્ઞાન આઠ પ્રકારનું છે. ''मदिसुदिओही अणाणणाणाणि'' એ આઠ ભેદોમાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન—એ ત્રણ મિથ્યાત્વના ઉદયવશે વિપરીત અભિનિવેશરૂપ અજ્ઞાન છે અને તે જ શુદ્ધાત્માદિ તત્ત્વના વિષયમાં વિપરીતાભિનિવેશરહિતપણાથી સમ્યગ્દષ્ટિ જીવને સમ્યગ્જ્ઞાન છે. ''मणपज्ज्ञवकेवलमवि'' મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—એ બન્ને મળીને જ્ઞાનના આઠ ભેદ થયા. 'पच्चक्खपरोक्खभेयं च'' તે પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદરૂપ છે. અવધિ અને મનઃપર્યય—એ બે (ભેદ) એકદેશપ્રત્યક્ષ છે. વિભંગ-અવધિજ્ઞાન પણ દેશપ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે અને બાકીનાં ચાર પરોક્ષ છે.

હવે તેનો વિસ્તાર કહેવામાં આવે છે :—[૧]પ્રથમ તો આત્મા ખરેખર નિશ્ચયનયથી સકળવિમળ, અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય કેવળજ્ઞાનરૂપ છે. તે વ્યવહારથી અનાદિકર્મબંધ વડે આચ્છાદિત થયો થકો, મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી અને વીર્યાન્તરાયના

૧. ગાથા ૪ ની ફૂટનોટ અહીં પણ વાંચવી.

**वस्त्वेकदेशेन विकल्पाकारेण परोक्षरूपेण सांव्यवहारिकप्रत्यक्षरूपेण वा यज्जानाति तत्क्षायोपशमिकं मतिज्ञानम्। किञ्चः छद्मस्थानां वीर्यान्तरायक्षयोपशमः केवलिनां तु निरवशेषक्षयो ज्ञानचारित्राद्युत्पत्तौ सहकारी सर्वत्र ज्ञातव्यः। संव्यवहारलक्षणं कथ्यते— समीचीनो व्यवहारः संव्यवहारः। प्रवृत्तिनिवृत्तिलक्षणः संव्यवहारो भण्यते। संव्यवहारे भवं सांव्यवहारिकं प्रत्यक्षम्। यथा घटरूपमिदं मया दृष्टमित्यादि। तथैव श्रुतज्ञानावरण-क्षयोपशमान्नोइन्द्रियावलम्बनाच्च प्रकाशोपाध्यायादिबहिरङ्गसहकारिकारणाच्च मूर्त्तामूर्त्तवस्तु-लोकालोकव्याप्तिज्ञानरूपेण यदस्पष्टं जानाति तत्परोक्षं श्रुतज्ञानं भण्यते। किञ्च विशेषः— शब्दात्मकं श्रुतज्ञानं परोक्षमेव तावत्, स्वर्गापवर्गादिबहिर्विषयपरिच्छित्तिपरिज्ञानं विकल्परूपं तदपि परोक्षं, यत्पुनरभ्यन्तरे सुखदुःखविकल्परूपोऽहमनन्तज्ञानादिरूपोऽहमिति वा तदीषत्**

---

ક્ષયોપશમથી તથા બહિરંગ પંચેન્દ્રિય તેમ જ મનના અવલંબનથી મૂર્ત તેમ જ અમૂર્ત વસ્તુઓને, એકદેશ, વિકલ્પાકારે, પરોક્ષરૂપે અથવા સાંવ્યવહારિક પ્રત્યક્ષરૂપે જે જાણે છે તે ક્ષાયોપશમિક મતિજ્ઞાન છે. છદ્મસ્થોને જ્ઞાન–ચારિત્રાદિની ઉત્પત્તિમાં વીર્યાન્તરાયનો ક્ષયોપશમ અને કેવળીઓને સર્વથા ક્ષય સર્વત્ર [1]સહકારી જાણવો.

હવે સંવ્યવહારનું લક્ષણ (–સ્વરૂપ) કહેવામાં આવે છે. સમીચીન વ્યવહાર તે સંવ્યવહાર છે. પ્રવૃત્તિનિવૃત્તિસ્વરૂપ સંવ્યવહાર કહેવાય છે. સંવ્યવહારે જે હોય તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ—જેમકે 'ઘટનું રૂપ આ મેં જોયું' વગેરે.

શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી તેમ જ પ્રકાશ, ઉપાધ્યાયાદિ બહિરંગ સહકારી કારણોથી મૂર્ત-અમૂર્ત વસ્તુને લોક-અલોકને વ્યાપ્તિજ્ઞાનરૂપે જે અસ્પષ્ટ જાણે છે તે પરોક્ષ શ્રુતજ્ઞાન કહેવાય છે.

વળી વિશેષ—જે શબ્દાત્મક શ્રુતજ્ઞાન છે તે તો પરોક્ષ જ છે (પણ) સ્વર્ગ, મોક્ષાદિ બાહ્ય વસ્તુઓનો બોધ કરાવનાર વિકલ્પરૂપ જે જ્ઞાન છે તે પણ પરોક્ષ છે અને જે અભ્યંતરમાં 'સુખ-દુઃખના વિકલ્પરૂપ હું છું,' 'અનંતજ્ઞાનાદિરૂપ હું છું'—એવું

---

૧. કાર્યકાળે સાથે રહેનાર–નિમિત્ત સહચર. શ્રી ગોમ્મટસાર–જીવકાંડની ગાથા ૫૬૭ ની મોટી ટીકામાં ધર્માસ્તિકાયને ગમનમાં 'સહકારી કારણ' કહેવામાં આવેલ છે. ત્યાં 'સહકારી કારણ'નો અર્થ આ પ્રમાણે સમજાવ્યો છે :—"સ્વયમેવ જ ગમનાદિ ક્રિયારૂપ વર્તતાં જે જીવ–પુદ્ગલ તેમને ધર્માસ્તિકાય સહકારી કારણ છે. તેમાં તેનું કારણપણું એટલું જ છે કે જ્યાં ધર્માદિક દ્રવ્ય હોય ત્યાં જીવ–પુદ્ગલ ગમનાદિ ક્રિયારૂપ વર્તે છે." નિમિત્ત હોય અને ઉપાદાન જ્યાં પોતાનું કામ પોતાથી જ કરે છે. ત્યાં નિમિત્તને 'સહકારી' કહેવાય છે. આવો 'સહકારી' નો અર્થ સમજવો.

**परोक्षम्; यच्च निश्चयभावश्रुतज्ञानं तच्च शुद्धात्माभिमुखसुखसंवित्तिस्वरूपं स्वसंवित्त्याकारेण सविकल्पमपीन्द्रियमनोजनितरागादिविकल्पजालरहितत्वेन निर्विकल्पम्। अभेदनयेन तदेवात्म-शब्दवाच्यं वीतरागसम्यक्चारित्राविनाभूतं केवलज्ञानापेक्षया परोक्षमपि संसारिणां क्षायिक-ज्ञानाभावात् क्षायोपशमिकमपि प्रत्यक्षमभिधीयते। अत्राह शिष्यः—आद्ये परोक्षमिति तत्त्वार्थसूत्रे मतिश्रुतद्वयं परोक्षं भणितं तिष्ठति, कथं प्रत्यक्षं भवतीति? परिहारमाह— तदुत्सर्गव्याख्यानम्, इदं पुनरपवादव्याख्यानम्। यदि तदुत्सर्गव्याख्यानं न भवति तर्हि मतिज्ञानं कथं तत्त्वार्थे परोक्षं भणितं तिष्ठति। तर्कशास्त्रे सांव्यवहारिकं प्रत्यक्षं कथं जातम्। यथा अपवादव्याख्यानेन मतिज्ञानं परोक्षमपि प्रत्यक्षज्ञानम्, तथा स्वात्माभिमुखं भावश्रुतज्ञानमपि परोक्षं सत्प्रत्यक्षं भण्यते। यदि पुनरेकान्तेन परोक्षं भवति तर्हि सुखदुःखादिसंवेदनमपि परोक्षं प्राप्नोति, न च तथा। तथैव च स एवात्मा, अवधिज्ञानावरणीयक्षयोपशमान्मूर्त्तं वस्तु**

---

જ્ઞાન તે ઈષત્ (જરા) પરોક્ષ છે. અને જે નિશ્ચય–ભાવશ્રુતજ્ઞાન છે તે શુદ્ધાત્માભિમુખ હોવાથી સુખના સંવેદનસ્વરૂપ છે; તે સ્વસંવેદનના આકારરૂપ હોવાથી સવિકલ્પ હોવા છતાં પણ, ઈન્દ્રિય–મનજનિત રાગાદિ વિકલ્પજાળથી રહિત હોવાથી નિર્વિકલ્પ છે; અભેદનયે જે 'આત્મા' શબ્દથી કહેવાય છે એવું તે જ (નિશ્ચય-ભાવશ્રુતજ્ઞાન)–કે જે વીતરાગ સમ્યક્ ચારિત્ર સાથે અવિનાભાવી છે તે—કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ હોવા છતાં પણ, સંસારી જીવોને ક્ષાયિકજ્ઞાનનો અભાવ હોવાથી ક્ષાયોપશમિક હોવા છતાં પણ, પ્રત્યક્ષ કહેવાય છે.

અહીં શિષ્ય પૂછે છે 'आद्ये **परोक्षम्**।' એમ તત્ત્વાર્થસૂત્રમાં મતિ-શ્રુત એ બે જ્ઞાનને પરોક્ષ કહેલ છે, તો પછી (શ્રુતજ્ઞાન) પ્રત્યક્ષ કેવી રીતે હોય? તેનું નિરાકરણ કરવામાં આવે છે : તે ઉત્સર્ગનું વ્યાખ્યાન છે અને અહીં જે કથન છે તે અપવાદનું વ્યાખ્યાન છે. જો તે ઉત્સર્ગકથન ન હોત તો, તત્ત્વાર્થસૂત્રમાં મતિજ્ઞાનને પરોક્ષ કેવી રીતે કહ્યું? અને તર્કશાસ્ત્રમાં તે જ (–મતિજ્ઞાન) સાંવ્યવહારિકપ્રત્યક્ષ કેવી રીતે થઈ ગયું? તેથી (એમ સમજવું કે) જેમ અપવાદવ્યાખ્યાનથી, મતિજ્ઞાનને પરોક્ષ હોવા છતાં પણ પ્રત્યક્ષજ્ઞાન કહ્યું છે, તેમ સ્વ-આત્માભિમુખ ભાવશ્રુતજ્ઞાનને પણ પરોક્ષ હોવા છતાં પ્રત્યક્ષ કહ્યું છે. વળી જો તે એકાંત પરોક્ષ હોય તો સુખદુઃખાદિનું સંવેદન પણ પરોક્ષ થાય; પણ એમ તો છે નહિ.

તે જ આત્મા અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મૂર્ત વસ્તુને વિકલ્પસહિત

यदेकदेशप्रत्यक्षेण सविकल्पं जानाति तदवधिज्ञानम्। यत्पुनर्मनःपर्ययज्ञानावरण-क्षयोपशमाद्वीर्यान्तरायक्षयोपशमाच्च स्वकीयमनोऽवलम्बनेन परकीयमनोगतं मूर्त्तमर्थमेकदेश-प्रत्यक्षेण सविकल्पं जानाति तदीहामतिज्ञानपूर्वकं मनःपर्ययज्ञानम्। तथैव निजशुद्धात्म-तत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणलक्षणैकाग्रध्यानेन केवलज्ञानावरणादिघातिचतुष्टयक्षये सति यत्समुत्पद्यते तदेकसमये समस्तद्रव्यक्षेत्रकालभावग्राहकं सर्वप्रकारोपादेयभूतं केवल-ज्ञानमिति॥५॥

अथ ज्ञानदर्शनोपयोगद्वयव्याख्यानस्य नयविभागेनोपसंहारः कथ्यते—

**अट्ठ चदु णाणदंसण सामण्णं जीवलक्खणं भणियं।**
**ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं॥६॥**

---

(સાકારપણે) જે એકદેશ પ્રત્યક્ષ જાણે છે તે અવધિજ્ઞાન છે.

જે મનઃપર્યયજ્ઞાનાવરણના ક્ષયોપશમથી તેમજ વીર્યાન્તરાયના ક્ષયોપશમથી પોતાના મનના અવલંબન દ્વારા બીજાના મનમાં રહેલ મૂર્ત પદાર્થને વિકલ્પસહિત (સાકારપણે) એકદેશપ્રત્યક્ષ જાણે છે, તે ઈહામતિજ્ઞાનપૂર્વકનું મનઃપર્યયજ્ઞાન છે.

નિજ શુદ્ધાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જેનું લક્ષણ છે એવા એકાગ્રધ્યાન વડે કેવલજ્ઞાનાવરણાદિ ચાર ઘાતીકર્મોનો નાશ થતાં જે ઉત્પન્ન થાય છે તે, એક સમયમાં સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ગ્રહણ કરનારું, સર્વ પ્રકારે ★ઉપાદેયભૂત કેવળજ્ઞાન છે. ૫

હવે, જ્ઞાન-દર્શન બન્ને ઉપયોગના વ્યાખ્યાનનો નયવિભાગથી ઉપસંહાર કરે છે :—

★ ઉપાદેય = ગ્રાહ્ય; ગ્રહણ કરવા યોગ્ય. ઉપાદેયપણું મુખ્યત્વે બે પ્રકારે કહેવામાં આવે છે : (૧) જ્યાં નિજ ધ્રુવ શુદ્ધાત્મા—જ્ઞાયકસ્વભાવ આત્મા—ઉપાદેય કહેવામાં આવે, ત્યાં તે 'આશ્રય કરવા યોગ્ય' તરીકે ઉપાદેય સમજવો. (૨) જ્યાં કેવળજ્ઞાન, સિદ્ધત્વ વગેરે પર્યાયો ઉપાદેય કહેવામાં આવે, ત્યાં તે પર્યાયો 'પ્રગટ કરવા યોગ્ય' તરીકે ઉપાદેય સમજવા. [અહીં એ ખ્યાલમાં રાખવું કે સિદ્ધત્વાદિ પર્યાય 'પ્રગટ કરવા' નો ઉપાય નિજ ધ્રુવ શુદ્ધાત્માનો 'આશ્રય લેવો' તે જ છે.]

યહ સામાન્ય જીવકા ચિહ્ન, નય વ્યવહાર બતાયા ગિહ્ન;
નિશ્ચય શુદ્ધ જ્ઞાન–દર્શના, લિંગ યથારથ જિનવર ભનાં. ૬.

अष्टचतुर्ज्ञानदर्शने सामान्यं जीवलक्षणं भणितम्।
व्यवहारात् शुद्धनयात् शुद्धं पुनः दर्शनं ज्ञानम्॥६॥

व्याख्या––''अट्ठ चदु णाणदंसण सामण्णं जीवलक्खणं भणियं'' अष्टविधं ज्ञानं चतुर्विधं दर्शनं सामान्यं जीवलक्षणं भणितम्। सामान्यमिति कोऽर्थः? संसारिजीवमुक्तजीवविवक्षा नास्ति, अथवा शुद्धाशुद्धज्ञानदर्शनविवक्षा नास्ति। तदपि कथमितिचेद्? विवक्षाया अभावः सामान्यलक्षणमिति वचनात्। कस्मात् सामान्यम् जीवलक्षणं भणितम्? ''ववहारा'' व्यवहारात् व्यवहारनयात्। अत्र केवलज्ञानदर्शनं प्रति शुद्धसद्भूतशब्दवाच्योऽनुपचरितसद्भूतव्यवहारः, छद्मस्थज्ञानदर्शनापरिपूर्णापेक्षया पुनरशुद्ध-सद्भूतशब्दवाच्य उपचरितसद्भूतव्यवहारः, कुमतिकुश्रुतविभङ्गत्रये पुनरुपचरितासद्भूत-व्यवहारः। ''सुद्धणया सुद्धं पुण दंसणं णाणं'' शुद्धनिश्चयनयात्पुनः शुद्धमखण्डं केवलज्ञानदर्शनद्वयं जीवलक्षणमिति। किञ्च ज्ञानदर्शनोपयोगविवक्षायामुपयोगशब्देन

---

ગાથા–૬

ગાથાર્થ :––વ્યવહારનયથી આઠ પ્રકારનાં જ્ઞાન અને ચાર પ્રકારનાં દર્શન––એ સામાન્યપણે જીવનું લક્ષણ કહ્યું છે. શુદ્ધનયની અપેક્ષાએ શુદ્ધ જ્ઞાન–દર્શનને જીવનું લક્ષણ કહ્યું છે.

ટીકા :––''अट्ठ चदु णाणदंसण सामण्णं जीवलक्खणं भणियं'' આઠ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શનને સામાન્યપણે જીવનું લક્ષણ કહ્યું છે. અહીં 'સામાન્ય' એ કથનનો શો અર્થ છે? એ અર્થ છે કે આ લક્ષણમાં સંસારી જીવ કે મુક્ત જીવની વિવક્ષા નથી અથવા શુદ્ધ કે અશુદ્ધ જ્ઞાન-દર્શનની વિવક્ષા નથી. એવો અર્થ કેમ? 'વિવક્ષાનો અભાવ––એ સામાન્યનું લક્ષણ છે'––એવું વચન હોવાથી.

કઈ અપેક્ષાએ જીવનું સામાન્ય લક્ષણ કહ્યું છે? ''ववहारा'' વ્યવહારથી–વ્યવહારનયની અપેક્ષાએ કહ્યું છે. અહીં કેવળજ્ઞાન–દર્શન પ્રત્યે 'શુદ્ધ સદ્ભૂત' વ્યવહારથી વાચ્ય 'અનુપચરિત સદ્ભૂત' વ્યવહાર છે, છદ્મસ્થનાં અપૂર્ણ જ્ઞાન-દર્શનની અપેક્ષાએ 'અશુદ્ધ સદ્ભૂત' શબ્દથી વાચ્ય 'ઉપચરિત સદ્ભૂત' વ્યવહાર છે અને કુમતિ, કુશ્રુત, કુઅવધિ––એ ત્રણે જ્ઞાનને વિષે 'ઉપચરિત અસદ્ભૂત' વ્યવહાર છે.

''सुद्धणया सुद्धं पुण दंसणं णाणं'' શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ અખંડ કેવળજ્ઞાન અને કેવળદર્શન––એ બે જીવનું લક્ષણ છે.

विवक्षितार्थपरिच्छित्तिलक्षणोऽर्थग्रहणव्यापारो गृह्यते। शुभाशुभशुद्धोपयोगत्रयविवक्षायां पुनरुपयोगशब्देन शुभाशुभशुद्धभावनैकरूपमनुष्ठानं ज्ञातव्यमिति। अत्र सहजशुद्ध-निर्विकारपरमानन्दैकलक्षणस्य साक्षादुपादेयभूतस्याक्षयसुखस्योपादानकारणत्वात् केवलज्ञान-दर्शनद्वयमुपादेयमिति। एवं नैयायिकं प्रति गुणगुणिभेदैकान्तनिराकरणार्थमुपयोगव्याख्यानेन गाथात्रयं गतम्॥६॥

अथामूर्त्तातीन्द्रियनिजात्मद्रव्यसंवित्तिरहितेन मूर्त्तपञ्चेन्द्रियविषयासक्तेन च यदुपार्जितं मूर्तं कर्म तदुदयेन व्यवहारेण मूर्तोऽपि निश्चयेनामूर्तो जीव इत्युपदिशति—

**वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्छया जीवे।**
**णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो॥७॥**

---

અહીં જ્ઞાન-દર્શન ઉપયોગની વિવક્ષામાં ‘ઉપયોગ’ શબ્દનો અર્થ વિવક્ષિત પદાર્થને જાણવું-દેખવું જેનું લક્ષણ છે, એવો ‘પદાર્થગ્રહણરૂપ વ્યાપાર’ એમ થાય છે. પરંતુ શુભ, અશુભ અને શુદ્ધ—એ ત્રણ ઉપયોગની વિવક્ષામાં ‘ઉપયોગ’ શબ્દનો અર્થ શુભ, અશુભ કે શુદ્ધ ભાવના જેનું એક રૂપ છે, એવું ‘અનુષ્ઠાન’ સમજવું.

અહીં સહજશુદ્ધ નિર્વિકાર પરમાનંદ જેનું એક લક્ષણ (સ્વરૂપ) છે, એવું જે સાક્ષાત્ ઉપાદેયભૂત અક્ષય સુખ તેનું ઉપાદાનકારણ હોવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન—એ બન્ને [1]ઉપાદેય છે.

આવી રીતે નૈયાયિક પ્રતિ ગુણ-ગુણીભેદના એકાન્તનું નિરાકરણ કરવા માટે, ઉપયોગના વ્યાખ્યાન દ્વારા ત્રણ ગાથાઓ પૂરી થઈ. ૬.

હવે, અમૂર્ત અતીન્દ્રિય નિજ આત્મદ્રવ્યના જ્ઞાનથી રહિત હોવાથી અને મૂર્ત પંચેન્દ્રિયના વિષયમાં આસક્ત હોવાથી જે મૂર્તકર્મ ઉપાર્જિત કર્યું છે, તેના ઉદયથી વ્યવહારથી જીવ મૂર્ત છે પણ નિશ્ચયનયથી જીવ અમૂર્ત છે, એમ ઉપદેશે છે :—

૧. શ્રી નિયમસાર કળશ ૧૭ ના અર્થમાં આ પ્રમાણે લખ્યું છે :—“જિનેન્દ્રકથિત સમસ્ત દર્શન–જ્ઞાનના ભેદોને જાણીને, જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો, શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે તે નિર્વાણસુખને પામે છે.” આ ઉપરથી એમ સમજવું કે—આશ્રય કરવા યોગ્ય તરીકે તો સદા નિજ ચૈતન્યચમત્કારમાત્ર ત્રિકાળી ધ્રુવતત્ત્વ એક જ ઉપાદેય છે.

વર્ણ પાંચ રસ પાંચ જુ ગંધ, દોય ફાસ અઠ નાંહી ખંધ;
નિશ્ચય મૂરતિ-વિન જિય સાર, બંધસહિત મૂરત વિવહાર. ૭.

वर्णाः रसाः पंच गन्धौ द्वौ स्पर्शाः अष्टौ निश्चयात् जीवे।
नो सन्ति अमूर्त्तिः ततः व्यवहारात् मूर्त्तिः बन्धतः।।७।।

व्याख्या––''वण्ण रस पञ्च गंधा दो फासा अट्ठ णिच्छया जीवे णो संति'' श्वेतपीतनीलारुणकृष्णसंज्ञाः पञ्च वर्णाः, तिक्तकटुकषायाम्लमधुरसंज्ञाः पञ्च रसाः, सुगन्धदुर्गन्धसंज्ञौ द्वौ गन्धौ, शीतोष्णस्निग्धरूक्षमृदुकर्कशगुरुलघुसंज्ञा अष्टौ स्पर्शाः, ''णिच्छया'' शुद्धनिश्चयनयात् शुद्धबुद्धैकस्वभावे शुद्धजीवे न सन्ति। ''अमुत्ति तदो'' ततः कारणादमूर्त्तः। यद्यमूर्तस्तर्हि तस्य कथं कर्मबन्ध इति चेत् ? ''ववहारा मुत्ति'' अनुपचरितासद्भूतव्यवहारान्मूर्तो यतः। तदपि कस्मात् ? ''बंधादो'' अनन्त-ज्ञानाद्युपलम्भलक्षणमोक्षविलक्षणादनादिकर्मबन्धनादिति। तथा चोक्तम्–– कथंचिन्मूर्तामूर्तजीवलक्षणम्––''बंधं पडि एयत्तं लक्खणदो हवदि तस्स भिण्णत्तं। तम्हा अमुत्तिभावो णेगंतो होदि जीवस्स।।१।।'' अयमत्रार्थः––यस्यैवामूर्तस्यात्मनः

---

ગાથા–૭

ગાથાર્થ :––નિશ્ચયથી જીવમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ નથી તેથી જીવ અમૂર્તિક છે; વ્યવહારનયની અપેક્ષાએ કર્મબંધ હોવાથી જીવ મૂર્તિક છે.

ટીકા :––''वण्ण रस पञ्च गंधा दो फासा अट्ठ णिच्छया जीवे णो संति'' શ્વેત, પીત, નીલ, લાલ અને કૃષ્ણ––એ પાંચ રંગ; તીખો, કડવો, કષાયલો, ખાટો અને મધુર––એ પાંચ રસ; સુગંધ અને દુર્ગંધ––એ બે ગંધ; શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, કોમળ, કઠોર, હલકો, ભારે––એ આઠ સ્પર્શ; ''णिच्छया'' શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ-બુદ્ધ-એક-સ્વભાવવાળા શુદ્ધ જીવમાં નથી. ''अमुत्ति तदो'' તે કારણે આ જીવ અમૂર્ત છે. જો જીવ અમૂર્તિક છે, તો તેને કર્મબંધ કેવી રીતે થાય છે? ''ववहारा मुत्ति'' કારણ કે જીવ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી મૂર્ત છે, તેથી (કર્મબંધ થાય છે). જીવ મૂર્ત ક્યા કારણે છે? ''बंधादो'' અનંત જ્ઞાનાદિની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવા મોક્ષથી વિલક્ષણ અનાદિ કર્મબંધનને કારણે જીવ મૂર્ત છે. વળી અન્યત્ર જીવનું લક્ષણ કથંચિત્ મૂર્ત અને કથંચિત્ અમૂર્ત કહ્યું છે; તે આ પ્રમાણે :––''કર્મબંધ પ્રતિ જીવની એકતા છે અને લક્ષણથી તેની ભિન્નતા છે; તેથી એકાંતે જીવને [૧]અમૂર્તિકપણું નથી.''

---

૧. શ્રી સર્વાર્થસિદ્ધિ ૨/૭ ટીકા.

प्राप्त्यभावादनादिसंसारे भ्रमितोऽयं जीवः स एवामूर्तो मूर्तपञ्चेन्द्रियविषयत्यागेन निरंतरं ध्यातव्यः। इति भट्टचार्वाकमतं प्रत्यमूर्तजीवस्थापनमुख्यत्वेन सूत्रं गतम्।।७।।

अथ निष्क्रियामूर्तटङ्कोत्कीर्णज्ञायकैकस्वभावेन कर्मादिकर्तृत्वरहितोऽपि जीवो व्यवहारादिनयविभागेन कर्ता भवतीति कथयति––

**पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो।**
**चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं।।८।।**

पुद्गलकर्म्मादीनां कर्त्ता व्यवहारतः तु निश्चयतः।
चेतनकर्म्मणां आत्मा शुद्धनयात् शुद्धभावानाम्।।८।।

व्याख्या––अत्र सूत्रे भिन्नप्रक्रमरूपव्यवहितसम्बन्धेन मध्यपदं गृहीत्वा व्याख्यानं क्रियते।

---

તાત્પર્ય એ છે કે––જે અમૂર્ત આત્માની પ્રાપ્તિ વિના અનાદિ સંસારમાં આ જીવ ભમ્યો તે જ અમૂર્તિક આત્માનું, મૂર્ત પંચેન્દ્રિયના વિષયોના ત્યાગ વડે નિરંતર ધ્યાન કરવું[1] જોઈએ. એ રીતે ભટ્ટ અને ચાર્વાક મત પ્રતિ અમૂર્ત જીવની સ્થાપનાની મુખ્યતાથી સૂત્ર કહ્યું. ૭.

હવે નિષ્ક્રિય, અમૂર્ત, ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવથી જીવ જોકે કર્માદિના કર્તાપણાથી રહિત છે, તોપણ વ્યવહારાદિ નય–વિભાગથી કર્તા થાય છે એમ કહે છે––

ગાથા ૮

ગાથાર્થ :––આત્મા વ્યવહારનયથી પુદ્‌ગલકર્માદિનો કર્તા છે, નિશ્ચયનયથી ચેતનકર્મોનો કર્તા છે અને શુદ્ધનયથી શુદ્ધભાવોનો કર્તા છે.

ટીકા :––આ સૂત્રમાં ભિન્નપ્રક્રમરૂપ વ્યવહિત સંબંધથી મધ્યમ પદ લઈને

---

૧. પુદ્‌ગલકર્મ મારાથી અત્યંત ભિન્ન છે, વસ્તુતઃ તે મને લાભ–નુકશાન કરી શકે નહિ એવો નિર્ણય કરી, અમૂર્તિક નિજ ત્રિકાળી ધ્રુવસ્વભાવનો આશ્રય કરવો. તેમ કરવાથી જ ધર્મ પ્રગટે છે, વૃદ્ધિ પામે છે અને પૂર્ણ થાય છે; અને પૂર્ણ થતાં પુદ્‌ગલ કર્મો અને શરીર સાથેનો આત્યંતિક વિયોગ થતાં જીવ સિદ્ધપદને પામે છે.

પુદ્‌ગલ કર્મ કરૈ વ્યવહાર, કર્તા યાતૈં કહે કરાર,
નિશ્ચય નિજ રાગાદિક કરૈ, શુદ્ધ દૃષ્ટિ શુદ્ધ ભાવહિ ધરૈ. ૮.

''आदा'' आत्मा ''पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु'' पुग्गलकर्मादीनां कर्त्ता व्यवहारतस्तु पुनः, तथाहि—मनोवचनकायव्यापारक्रियारहितनिजशुद्धात्मतत्त्वभावनाशून्यः सन्ननुपचरितासद्भूतव्यवहारेण ज्ञानावरणादिद्रव्यकर्मणामादिशब्देनौदारिकवैक्रियिकाहारकशरीरत्रयाहारादिषट्पर्याप्तियोग्यपुद्गलपिण्डरूपनोकर्मणां तथैवोपचरितासद्भूतव्यवहारेण बहिर्विषयघटपटादीनां च कर्ता भवति। ''णिच्छयदो चेदणकम्माणादा'' निश्चयनयतश्चेतनकर्मणां; तद्यथा—रागादिविकल्पोपाधिरहितनिष्क्रियपरमचैतन्यभावनारहितेन यदुपार्जितं रागाद्युत्पादकं कर्म तदुदये सति निष्क्रियनिर्मलस्वसंवित्तिमलभमानो भावकर्मशब्दवाच्यरागादिविकल्परूपचेतनकर्मणामशुद्धनिश्चयेन कर्त्ता भवति। अशुद्धनिश्चयस्यार्थः कथ्यते—कर्मोपाधिसमुत्पन्नत्वादशुद्धः, तत्काले तप्तायःपिण्डवत्तन्मयत्वाच्च निश्चयः, इत्युभयमेलापकेनाशुद्धनिश्चयो भण्यते। ''सुद्धणया सुद्धभावाणं'' शुभाशुभयोगत्रयव्यापाररहितेन शुद्धबुद्धैकस्वभावेन यदा परिणमति तदानन्तज्ञानसुखादिशुद्धभावानां छद्मस्थावस्थायां भावनारूपेण विवक्षितैकदेशशुद्धनिश्चयेन कर्ता, मुक्तावस्थायां तु शुद्धनयेनेति। किन्तु शुद्धाशुद्धभावानां परिणममानानाम् एव कर्तृत्वं ज्ञातव्यम्,

---

વ્યાખ્યાન કરવામાં આવે છે. ''आदा'' આત્મા ''पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु'' વ્યવહારનયથી પુદ્ગલકર્માદિનો કર્તા છે. જેમ કે—મન-વચન-કાયવ્યાપારક્રિયારહિત નિજ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી શૂન્ય થઈને, અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનો તથા આદિ શબ્દથી ઔદારિક, વૈક્રિયિક અને આહારક—એ ત્રણ શરીરનો, આહારાદિ છ પર્યાપ્તિયોગ્ય પુદ્ગલપિંડરૂપ નોકર્મોનો અને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી ઘટપટાદિ બહિર્વિષયોનો પણ કર્તા (આ જીવ) થાય છે.

''णिच्छयदो चेदणकम्माणादा'' નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા ચેતનકર્મોનો કર્તા છે. તે આવી રીતે—રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિરહિત, નિષ્ક્રિય, પરમ ચૈતન્યની ભાવનાથી રહિત હોવાથી જીવે રાગાદિને ઉત્પન્ન કરનાર જે કર્મ ઉપાર્જિત કર્યું છે, તેનો ઉદય થતાં, નિષ્ક્રિય, નિર્મળ સ્વસંવિત્તિને નહિ પ્રાપ્ત કરતો જીવ, **'ભાવકર્મ'** શબ્દથી વાચ્ય રાગાદિ વિકલ્પરૂપ ચેતનકર્મોનો અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા થાય છે. અશુદ્ધ નિશ્ચયનો અર્થ કહેવામાં આવે છે :—કર્મોપાધિથી ઉત્પન્ન થતું હોવાથી અશુદ્ધ કહેવાય છે અને તે સમયે તપેલા લોખંડના ગોળાની પેઠે તન્મય હોવાથી નિશ્ચય કહેવાય છે. એ પ્રમાણે અશુદ્ધ અને નિશ્ચય એ બન્નેનો મેળાપ કરીને અશુદ્ધ નિશ્ચય કહેવામાં આવે છે. ''सुद्धणया सुद्धभावाणं'' જ્યારે જીવ, શુભ -અશુભરૂપ ત્રણ યોગ (મન, વચન, કાયા)ના વ્યાપારથી રહિત, શુદ્ધ-બુદ્ધ એવા એકસ્વભાવરૂપે પરિણમન કરે છે ત્યારે અનંત જ્ઞાન-સુખાદિ શુદ્ધભાવોનો છદ્મસ્થ અવસ્થામાં

न च हस्तादिव्यापाररूपाणामिति। यतो हि नित्यनिरञ्जननिष्क्रियनिजात्मस्वरूपभावनारहितस्य। कर्मादिकर्तृत्वं व्याख्यातम्, ततस्तत्रैव निजशुद्धात्मनि भावना कर्तव्या। एवं सांख्यमतं प्रत्येकान्ताकर्तृत्वनिराकरणमुख्यत्वेन गाथा गता॥८॥

अथ यद्यपि शुद्धनयेन निर्विकारपरमाह्लादैकलक्षणसुखामृतस्य भोक्ता तथाप्यशुद्धनयेन सांसारिकसुखदुःखस्यापि भोक्तात्मा भवतीत्याख्याति——

**ववहारा सुहदुक्खं पुग्गलकम्मप्फलं पभुंजेहि।**
**आदा णिच्छयणयदो चेदणभावं खु आदस्स॥९॥**

व्यवहारात् सुखदुःखं पुद्गलकर्म्मफलं प्रभुङ्क्ते।
आत्मा निश्चयनयतः चेतनभावं खलु आत्मनः॥९॥

---

ભાવનારૂપે, વિવક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી કર્તા છે અને મુક્ત અવસ્થામાં શુદ્ધનયથી અનંત જ્ઞાન–સુખાદિ શુદ્ધભાવોનો કર્તા છે.

પરંતુ પરિણમતા એવા શુદ્ધ–અશુદ્ધ ભાવોનું જ કર્તાપણું જીવમાં જાણવું, [1]હસ્તાદિના વ્યાપારરૂપ (પુદ્ગલ–પરિણામો)નું નહિ.

નિત્ય–નિરંજન–નિષ્ક્રિય નિજાત્મસ્વરૂપની ભાવના રહિત જીવને કર્માદિનું કર્તાપણું કહ્યું છે, તેથી તે નિજ શુદ્ધાત્મામાં જ ભાવના કરવી.

આ રીતે સાંખ્યમત પ્રત્યે એકાંત અકર્તૃત્વનું (–જીવ એકાંતે અકર્તા હોવાનું) નિરાકરણ કરવાની મુખ્યતાથી ગાથા પૂરી થઈ. ૮.

હવે, જોકે આત્મા શુદ્ધનયથી નિર્વિકાર પરમ આહ્લાદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતનો ભોક્તા છે, તોપણ અશુદ્ધનયથી સાંસારિક સુખ-દુઃખનો પણ ભોક્તા થાય છે, એમ કહે છે :—

---

૧. શ્રી સમયસારમાં પણ જીવ પુદ્ગલાદિ કે અન્ય જીવોની પર્યાયોનો કર્તા નથી, એમ કર્તાકર્મ–અધિકાર તથા સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારમાં કહ્યું છે. શરીરની, પરપદાર્થોની, બોલવાની, ખાવા–પીવાની ઈત્યાદિ ક્રિયાઓમાં જે અનાદિ અજ્ઞાનથી જીવની કર્તૃત્વબુદ્ધિ છે, તે પોતાના ત્રિકાળ આત્મસ્વરૂપના લક્ષે શુદ્ધરૂપે પરિણમવાથી જ તૂટે માટે 'જીવ પરપદાર્થની કોઈ ક્રિયા ખરેખર એક સમય પણ કરી શકતો નથી' એવો નિર્ણય કરવો–એ આ ગાથાનું તાત્પર્ય છે.

સુખ–દુઃખમય ફલ પુદ્ગલકર્મ, ભોગૈ નય વ્યવહાર સુમર્મ;
નિશ્ચયનય નિજ ચેતનભાવ, જીવ ભોગવૈ સદા કહાવ. ૯.

व्याख्या—''ववहारा सुहदुक्खं पुग्गलकम्मफलं पभुंजेदि'' व्यवहारात् सुखदुःखरूपं पुद्गलकर्मफलं प्रभुंक्ते। स कः कर्त्ता? ''आदा'' आत्मा। ''णिच्छयणयदो चेदणभावं आदस्स' निश्चयनयतश्चेतनभावं भुंक्ते। ''खु'' स्फुटम्। कस्य सम्बन्धिनमात्मनः स्वस्येति। तद्यथा—आत्मा हि निजशुद्धात्मसंवित्तिसमुद्भूतपारमार्थिकसुखसुधारसभोजनमलभमान उपचरितासद्भूतव्यवहारेणेष्टानिष्टपञ्चेन्द्रियविषयजनितसुखदुःखं भुंक्ते, तथैवानुपचरितासद्भूतव्यवहारेणाभ्यन्तरे सुखदुःखजनकं द्रव्यकर्म्मरूपं सातासातोदयं भुंक्ते, स एवाशुद्धनिश्चयनयेन हर्षविषादरूपं सुखदुःखं च भुंक्ते। शुद्धनिश्चयनयेन तु परमात्मस्वभावसम्यक्श्रद्धानज्ञानानुष्ठानोत्पन्नसदानन्दैकलक्षणं सुखामृतं भुंक्त इति। अत्र यस्यैव स्वाभाविकसुखामृतस्य भोजनाभावादिन्द्रियसुखं भुञ्जानः सन् संसारे परिभ्रमति

---

ગાથા ૯

ગાથાર્થ :—વ્યવહારનયથી આત્મા સુખ-દુઃખરૂપ પુદ્‌ગલકર્મના ફળને ભોગવે છે અને નિશ્ચયનયથી પોતાના ચેતનભાવને ભોગવે છે.

ટીકા :—''ववहारा सुहदुक्खं पुग्गलकम्मफलं पभुंजेदि'' વ્યવહારનયની અપેક્ષાએ સુખ—દુઃખરૂપ પુદ્‌ગલકર્મનાં ફળોને ભોગવે છે. તે કર્મફળોનો ભોક્તા કોણ છે? ''आदा'' આત્મા. ''णिच्छयणयदो चेदणभावं आदस्स'' નિશ્ચયનયની અપેક્ષાએ ચેતનભાવનો ભોક્તા છે. ''खु'' પ્રગટપણે, કોના ચેતનભાવનો? આત્માના પોતાના ચેતનભાવનો. તે આવી રીતે—આત્મા જ નિજ શુદ્ધાત્મસંવિત્તિથી ઉત્પન્ન પારમાર્થિક સુખ—સુધારસના ભોજનને નહિ પ્રાપ્ત કરતો, ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી ઇષ્ટ-અનિષ્ટ પંચેન્દ્રિય વિષયજનિત સુખ-દુઃખને ભોગવે છે, તેવી જ રીતે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી અંતરંગમાં સુખ-દુઃખજનક દ્રવ્યકર્મરૂપ શાતા અને અશાતાના ઉદયને ભોગવે છે અને તે જ અશુદ્ધનિશ્ચયનયથી હર્ષ-વિષાદરૂપ સુખ-દુઃખને ભોગવે છે; શુદ્ધનિશ્ચયનયથી તો પરમાત્મસ્વભાવનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણથી ઉત્પન્ન, સદા આનંદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતને ભોગવે છે.

અહીં, જે સ્વાભાવિક સુખામૃતના ભોજનના અભાવથી આત્મા ઇન્દ્રિયસુખ ભોગવતો થકો સંસારમાં પરિભ્રમણ[૧] કરે છે, તે જ અતીન્દ્રિય સુખ (—સ્વાભાવિક

---

૧. સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રથમ ગુણસ્થાનધારી સર્વે મિથ્યાદૃષ્ટિ છે. ચતુર્થ ગુણસ્થાનથી સિદ્ધ સુધીના સર્વે જીવો તેમની ભૂમિકાની શુદ્ધિ અનુસાર આત્મિક અતીન્દ્રિય—સુખ ભોગવે છે, એવું આ ગાથાનું તાત્પર્ય છે.

तदेवातीन्द्रियसुखं सर्वप्रकारेणोपादेयमित्यभिप्रायः। एवं कर्ता कर्मफलं न भुक्तं इति बौद्धमतनिषेधार्थं भोक्तृत्वयाख्यानरूपेण सूत्रं गतम्॥६॥

अथ निश्चयेन लोकप्रमितासंख्येयप्रदेशमात्रोऽपि व्यवहारेण देहमात्रो जीव इत्यावेदयति—

**अणुगुरुदेहपमाणो उवसंहारप्पसप्पदो चेदा।**
**असमुहदो ववहारा णिच्छयणयदो असंखदेसो वा॥१०॥**

अणुगुरुदेहप्रमाणः उपसंहारप्रसर्प्पतः चेतयिता।
असमुद्‌घातात् व्यवहारात् निश्चयनयतः असंख्यदेशो वा॥१०॥

---

સુખામૃત) સર્વ પ્રકારે ઉપાદેય છે એવો અભિપ્રાય[1] છે.

આ રીતે, 'કર્તા, કર્મફળને ભોગવતો નથી' એ બૌદ્ધમતનો નિષેધ કરવા માટે 'ભોક્તૃત્વના' વ્યાખ્યાનરૂપે સૂત્ર પૂરું થયું. ૯.

હવે નિશ્ચયનયથી લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશમાત્ર હોવા છતાં વ્યવહારનયથી, પોતાના શરીરપ્રમાણ જીવ છે એમ બતાવે છે :—

ગાથા ૧૦

ગાથાર્થ :—સમુદ્‌ઘાત સિવાય, આ જીવ વ્યવહારનયની અપેક્ષાએ સંકોચ-

---

૧ પંડિત હીરાલાલજી રચિત અને મથુરા સંઘ દ્વારા પ્રકાશિત દ્રવ્યસંગ્રહની ટીકા પા. ૨૩ માં ગાથા ૮–૯ સંબંધમાં નીચે પ્રમાણે લખ્યું છે :—

"જીવના કર્તૃત્વ અને ભોક્તૃત્વનું વિવેચન કરવાનો ગ્રંથકારનો એવો અભિપ્રાય છે કે જીવ યથાર્થ વસ્તુસ્વરૂપને જાણીને, પરની અને વિકારની કર્તૃત્વ અને ભોક્તૃત્વબુદ્ધિને છોડે અને પોતાના સહજ નિર્વિકાર ચિદાનંદસ્વરૂપ શુદ્ધપર્યાયનો કર્તા-ભોક્તા થવાનો સતત પ્રયત્ન કરે."

પરવસ્તુનું કાંઈ પણ જીવ કરી શકતો નથી તેમ તેને ભોગવી પણ શકતો નથી. અસદ્‌ભૂત વ્યવહારનયે શાતા–અશાતાના ઉદયને તથા ઈષ્ટ–અનિષ્ટ ઈન્દ્રિય–વિષયોને જીવ ભોગવે છે, એમ કહેવામાં આવે છે.

[અસદ્‌ભૂત = જૂઠો]

**અણુગુરુદેહમાન વ્યવહાર, સકુચૈ ફૈલૈ જિય નિરધાર;**
**સમુદ્‌ઘાત–બિન કહિએ એમ, નિશ્ચય દેશ અસંખ્ય જુ નેમ. ૧૦.**

**व्याख्या**—''अणुगुरुदेहपमाणो'' निश्चयेन स्वदेहाद्भिन्नस्य केवलज्ञानाद्यनन्तगुण-राशेरभिन्नस्य निजशुद्धात्मस्वरूपस्योपलब्धेरभावात्तथैव देहममत्वमूलभूताहारभयमैथुन-परिग्रहसंज्ञाप्रभृतिसमस्तरागादिविभावानामासक्तिसद्भावाच्च यदुपार्जितं शरीरनामकर्म तदुदये सति अणुगुरुदेहप्रमाणो भवति। स कः कर्ता ? ''चेदा' चेतयिता जीवः। कस्मात् ? ''उवसंहारप्पसप्पदो'' उपसंहारप्रसर्पतः। शरीरनामकर्मजनितविस्तारोपसंहारधर्माभ्यामित्यर्थः। कोऽत्र दृष्टान्तः ? यथा प्रदीपो महद्भाजनप्रच्छादितस्तद्भाजनान्तरं सर्वं प्रकाशयति लघुभाजनप्रच्छादितस्तद्भाजनान्तरं प्रकाशयति। पुनरपि कस्मात् ? 'असमुहदो' असमुद्घातात्। वेदनाकषायविक्रियामारणान्तिकतैजसाहारककेवलिसंज्ञसप्तसमुद्घातवर्जनात्।

---

વિસ્તારને કારણે પોતાના નાના કે મોટા શરીરપ્રમાણ રહે છે અને નિશ્ચયનયની અપેક્ષાએ અસંખ્યાતપ્રદેશી છે.

ટીકા :—''अणुगुरुदेहपमाणो'' નિશ્ચયનયથી પોતાના દેહથી ભિન્ન અને કેવળ-જ્ઞાનાદિ અનંત ગુણસમૂહથી અભિન્ન[1] એવા નિજશુદ્ધાત્મસ્વરૂપની ઉપલબ્ધિના અભાવથી તથા દેહની મમતા જેનું મૂળ છે એવી આહાર-ભય-મૈથુન-પરિગ્રહરૂપ સંજ્ઞા વગેરે સમસ્ત રાગાદિ વિભાવોમાં આસક્તિનો સદ્ભાવ હોવાથી જીવે જે શરીરનામકર્મ ઉપાર્જિત કર્યું હોય છે, તેનો ઉદય થતાં (જીવ પોતાના) નાના કે મોટા દેહની બરાબર થાય છે. તે કોણ થાય છે? ''चेदा'' ચેતન અર્થાત્ જીવ. શા કારણે? ''उवसंहारप्पसप्पदो'' સંકોચ તથા વિસ્તારથી; શરીરનામકર્મથી ઉત્પન્ન વિસ્તાર અને સંકોચરૂપ (જીવના) ધર્મથી—એવો અર્થ છે.

અહીં દૃષ્ટાન્ત શું છે? જેમ દીવો મોટા વાસણમાં મૂકવામાં આવ્યો હોય તો તે વાસણની અંદર સર્વને પ્રકાશે છે અને નાના વાસણમાં મૂકવામાં આવ્યો હોય તો તે વાસણમાં સર્વને પ્રકાશે છે તેમ. વળી, બીજા ક્યા કારણે આ જીવ દેહપ્રમાણ છે? 'असमुहदो' અસમુદ્ઘાતને લીધે. વેદના, કષાય, વિક્રિયા, મારણાન્તિક, તૈજસ, આહારક અને કેવળી નામના સાત પ્રકારના સમુદ્ઘાત છોડી દીધા હોવાને લીધે (—સમુદ્ઘાત સિવાયની વાત કરી હોવાને કારણે). સાત સમુદ્ઘાતનું લક્ષણ આ રીતે કહ્યું છે—

---

૧. અહીં એક જ ભાવને ભિન્ન અને અભિન્ન દર્શાવી અનેકાન્તસ્વરૂપ સિદ્ધ કર્યું છે.

**तथा चोक्तं सप्तसमुद्घातलक्षणम्—''वेयणकसायवेउव्वियो मारणंतिओ समुग्घादो। तेजाहारो छट्ठो सत्तमओ केवलीणं तु॥१॥'' तद्यथा—'मूलसरीरमछंडिय उत्तरदेहस्स जीवपिंडस्स। णिग्गमणं देहादो हवदि समुग्घादयं णाम॥१॥'' तीव्रवेदनानुभवान्मूलशरीरमत्यक्त्वा आत्मप्रदेशानां बहिर्निर्गमनमिति वेदनासमुद्घातः।१। तीव्रकषायोदयान्मूलशरीरमत्यक्त्वा परस्य घातार्थमात्मप्रदेशानां बहिर्गमनमिति कषायसमुद्घातः।२। मूलशरीरमपरित्यज्य किमपि विकर्तुमात्मप्रदेशानां बहिर्गमनमिति विक्रियासमुद्घातः।३। मरणान्तसमये मूलशरीरमपरित्यज्य यत्र कुत्रचिद्बद्धमायुस्तत्प्रदेशं स्फुटितुमात्मप्रदेशानां बहिर्गमनमिति मारणान्तिकसमुद्घातः।४। स्वस्य मनोनिष्टजनकं किञ्चित्कारणान्तरमवलोक्य समुत्पन्नक्रोधस्य संयमनिधानस्य महामुनेर्मूलशरीरमपरित्यज्य सिन्दूरपुञ्जप्रभो दीर्घत्वेन द्वादशयोजनप्रमाणः सूच्यङ्गुल-संख्येयभागमूलविस्तारो नवयोजनाग्रविस्तारः काहलाकृतिपुरुषो वामस्कन्धान्निर्गत्य वाम-**

---

**''वेयणकसायवेउव्वियो मारणंतिओ समुग्घादो।**
**तेजाहारो छट्ठो सत्तमओ केवलीणं तु''॥[१]**

"(૧) વેદના, (૨) કષાય, (૩) વિક્રિયા, (૪) મારણાન્તિક, (૫) તૈજસ, (૬) આહાર અને (૭) કેવળી—એ સાત સમુદ્દ્ઘાત છે." તે આ રીતે—"પોતાનું મૂળ શરીર[૨] છોડ્યા વિના (તૈજસ અને કાર્મણરૂપ) ઉત્તર દેહની સાથે સાથે જીવપ્રદેશોના શરીર બહાર નીકળવાને સમુદ્દ્ઘાત કહે છે." તીવ્ર પીડાનો અનુભવ થવાથી, મૂળ શરીર છોડ્યા વિના, આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને વેદનાસમુદ્દ્ઘાત કહે છે. ૧. તીવ્ર કષાયના ઉદયથી, મૂળ શરીરને છોડ્યા વિના, બીજાનો ઘાત કરવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને કષાયસમુદ્દ્ઘાત કહે છે. ૨. મૂળ શરીર છોડ્યા વિના, કોઈ પણ પ્રકારની વિક્રિયા કરવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને વિક્રિયાસમુદ્દ્ઘાત કહે છે. ૩. મૃત્યુ વખતે, મૂળ શરીરને છોડ્યા વિના, જ્યાં આ આત્માએ ક્યાંકનું આગામી આયુષ્ય બાંધ્યું હોય તે પ્રદેશને સ્પર્શવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને મારણાન્તિકસમુદ્દ્ઘાત કહે છે. ૪. પોતાના મનને અનિષ્ટ ઉત્પન્ન કરનાર કોઈ અન્ય કારણ જોઈને જેમને ક્રોધ ઉત્પન્ન થયો છે તેવા સંયમના નિધાનરૂપ મહામુનિના મૂળ શરીરને છોડ્યા વિના, સિંદૂરના ઢગલા જેવા પ્રકાશવાળું, બાર યોજન લાંબુ, સૂચ્યંગુલના સંખ્યાતમા ભાગ જેટલા મૂળવિસ્તારવાળું અને નવ યોજનના અગ્ર–વિસ્તારવાળું, બિલાડાના આકારવાળું એક પૂતળું ડાબા ખભામાંથી નીકળીને ડાબી તરફ પ્રદક્ષિણા દઈને હૃદયમાં રહેલ વિરુદ્ધ વસ્તુને ભસ્મીભૂત કરીને, તે

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા–૬૬૬ ૨. ગોમ્મટસાર જીવકાંડ ગાથા–૬૬૭

प्रदक्षिणेन हृदये निहितं विरुद्धं वस्तु भस्मसात्कृत्य तेनैव संयमिना सह स च भस्म व्रजति द्वीपायनवत्, असावशुभस्तेजस्समुद्घातः। लोकं व्याधिदुर्भिक्षादिपीडितमवलोक्य समुत्पन्नकृपस्य परमसंयमनिधानस्य महर्षेर्मूलशरीरमपरित्यज्य शुभ्राकृतिः प्रागुक्तदेहप्रमाणः पुरुषो दक्षिणप्रदक्षिणेन व्याधिदुर्भिक्षादिकं स्फोटयित्वा पुनरपि स्वस्थाने प्रविशति, असौ शुभरूपस्तेजस्समुद्घातः।५। समुत्पन्नपदपदार्थभ्रान्तेः परमर्द्धिसंपन्नस्य महर्षेर्मूलशरीरमपरित्यज्य शुद्धस्फटिकाकृतिरेकहस्तप्रमाणः पुरुषो मस्तकमध्यान्निर्गत्य यत्र कुत्रचिदन्तर्मुहूर्तमध्ये केवलज्ञानिनं पश्यति तद्दर्शनाच्च स्वाश्रयस्य मुनेः पदपदार्थनिश्चयं समुत्पाद्य पुनः स्वस्थाने प्रविशति, असावाहारसमुद्घातः।६। सप्तमः केवलिनां दण्डकपाटप्रतरपूरणः सोऽयं केवलिसमुद्घातः।७।

नयविभागः कथ्यते—''ववहारा' अनुपचरितासद्भूतव्यवहारनयात्। ''णिच्छयणयदो असंखदेसो वा'' निश्चयनयतो लोकाकाशप्रमितासंख्येयप्रदेशप्रमाणः। 'वा' शब्देन तु स्वसंवित्तिसमुत्पन्नकेवलज्ञानोत्पत्तिप्रस्तावे ज्ञानपेक्षया व्यवहारनयेन लोकालोकव्यापकः; न च

---

જ સંયમી (મુનિ) સાથે પોતે પણ ભસ્મીભૂત થઈ જાય છે, દ્વીપાયનમુનિની પેઠે; એ અશુભતેજસ—સમુદ્ઘાત છે. લોકને વ્યાધિ, દુષ્કાળ વગેરેથી પીડિત જોઈને જેને દયા ઉત્પન્ન થઈ છે એવા પરમ સંયમના નિધાન મહર્ષિના મૂળ શરીરને છોડ્યા વિના પૂર્વે કહેલા દેહપ્રમાણવાળું, શુભ આકૃતિવાળું પૂતળું, જમણી તરફ પ્રદક્ષિણા કરીને, વ્યાધિ, દુષ્કાળ વગેરે મટાડીને ફરીથી પોતાના મૂળ સ્થાનમાં પ્રવેશ કરે છે એ શુભતેજસસમુદ્ઘાત છે. ૫. પદ અને પદાર્થમાં જેમને કાંઈક સંશય ઉત્પન્ન થયો છે એવા પરમ ઋદ્ધિવાળા મહર્ષિના મૂળ શરીરને છોડ્યા વિના, શુદ્ધ સ્ફટિક જેવી આકૃતિવાળું, એક હાથનું પુરુષાકાર પૂતળું મસ્તકના મધ્યમાંથી નીકળીને અંતર્મુહૂર્તમાં જ્યાં ક્યાંય કેવળજ્ઞાનીને જુએ છે ત્યાં તેમના દર્શનથી, પોતાના આશ્રયભૂત મુનિને પદ અને પદાર્થનો નિશ્ચય ઉત્પન્ન કરીને ફરીથી પોતાના સ્થાનમાં પ્રવેશ કરે છે તેને આહારક—સમુદ્ઘાત કહે છે. ૬. કેવળીઓને દંડ-કપાટ-પ્રતર-લોકપૂરણરૂપ થાય છે તે સાતમો કેવળીસમુદ્ઘાત છે. ૭.

નયવિભાગ કહે છે—''ववहारा'' અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી ઉપર કહ્યા પ્રમાણ (જીવ પોતાના શરીરપ્રમાણ) છે. ''णिच्छयणयदो असंखदेसो वा'' નિશ્ચયનયથી લોકાકાશ પ્રમાણ અસંખ્યપ્રદેશી છે. 'वा' અહીં જે 'वा' શબ્દ આપ્યો છે તેનાથી એમ સૂચિત થાય છે કે—સ્વસંવિત્તિથી[૧] ઉત્પન્ન કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતાં જ્ઞાન—અપેક્ષાએ વ્યવહારનયથી

---

૧. શુદ્ધ આત્માની સ્વસંવેદન—ક્રિયાને 'સ્વસંવિત્તિ' કહે છે.

**प्रदेशापेक्षया नैयायिकमीमांसकसांख्यमतवत्। तथैव पञ्चेन्द्रियमनोविषयविकल्परहित-समाधिकाले स्वसंवेदनलक्षणबोधसद्भावेऽपि बहिर्विषयेन्द्रियबोधाभावाज्जडः, न च सर्वथा सांख्यमतवत्। तथा रागादिविभावपरिणामापेक्षया शून्योऽपि भवति, न चानन्तज्ञानाद्यपेक्षया बौद्धमतवत्। किञ्च—अणुमात्रशरीरशब्देनात्र उत्सेधघनाङ्गुलासंख्येयभागप्रमितं लब्ध्य-पूर्णसूक्ष्मनिगोदशरीरं ग्राह्यम्, न च पुद्गलपरमाणुः। गुरुशरीरशब्देन च योजनसहस्रपरिमाणं महामत्स्यशरीरं मध्यमावगाहेन मध्यमशरीराणि च। इदमत्रतात्पर्यम्—देहममत्वनिमित्तेन देहं गृहीत्वा संसारे परिभ्रमति तेन कारणेन देहादिममत्वं त्यक्त्वा निर्मोहनिजशुद्धात्मनि भावना कर्तव्येति। एवं स्वदेहमात्रव्याख्यानेन गाथा गता॥१०॥**

**अतः परं गाथात्रयेण नयविभागेन संसारिजीवस्वरूपं तदवसाने शुद्धजीवस्वरूपं च कथयति। तद्यथा :—**

---

જીવ લોકાલોકવ્યાપક છે પરંતુ નૈયાયિક, મીમાંસક અને સાંખ્યમતવાળાઓ માને છે તેમ પ્રદેશોની અપેક્ષાએ લોકાલોકવ્યાપક નથી. તેવી જ રીતે પાંચ ઇન્દ્રિય અને મનના વિષયના વિકલ્પોથી રહિત સમાધિ વખતે સ્વસંવેદનલક્ષણ જ્ઞાનનો સદ્ભાવ હોવા છતાં પણ બાહ્ય વિષયવાળા ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ હોવાની અપેક્ષાએ આત્માને જડ કહ્યો છે, પરંતુ સાંખ્યમતવાળા માને છે તેમ સર્વથા જડ નથી. તેવી જ રીતે રાગાદિ વિભાવપરિણામોની અપેક્ષાએ (આત્મા) શૂન્ય પણ છે, પરંતુ બૌદ્ધો માને છે તેમ અનંતજ્ઞાનાદિની અપેક્ષાએ શૂન્ય નથી.

વિશેષ—(ગાથામાં) 'અણુ'માત્ર શરીર કહ્યું ત્યાં ઉત્સેધઘનાંગુલના અસંખ્યાતમા ભાગ-પ્રમાણ લબ્ધિ-અપર્યાપ્તક સૂક્ષ્મ-નિગોદનું શરીર સમજવું પણ પુદ્ગલપરમાણુ ન સમજવો. તેમજ 'ગુરુશરીર' શબ્દથી 'એક હજાર યોજનપ્રમાણ મહામત્સ્યનું શરીર' સમજવું અને મધ્યમ અવગાહન વડે મધ્યમ શરીરો સમજવાં.

અહીં આ તાત્પર્ય છે—શરીરના મમત્વના કારણે, જીવ શરીર ગ્રહણ કરીને સંસારમાં પરિભ્રમણ કરે છે, માટે દેહાદિનું મમત્વ ત્યાગીને નિર્મોહ નિજ શુદ્ધાત્મામાં ભાવના કરવી.

આ રીતે જીવના સ્વદેહ પ્રમાણપણાના વ્યાખ્યાનથી ગાથા પૂરી થઈ. ૧૦.

હવે પછી ત્રણ ગાથાઓ દ્વારા નયવિભાગપૂર્વક સંસારી જીવનું સ્વરૂપ અને તેના અંતે શુદ્ધજીવનું સ્વરૂપ કહે છે. તે આ રીતે—

**पुढविजलतेयवाऊ वणप्फदी विविहथावरेइंदी।**
**विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी।।११।।**

पृथिवीजलतेजोवायुवनस्पतयः विविधस्थावरैकेन्द्रियाः।
द्विकत्रिकचतुःपञ्चाक्षाः त्रसजीवाः भवन्ति शंखादयः।।११।।

व्याख्या—''होंति'' इत्यादिव्याख्यानं क्रियते। ''होंति'' अतीन्द्रियामूर्तनिजपरमात्मस्वभावानुभूतिजनितसुखामृतरसस्वभावमलभमानास्तुच्छमपीन्द्रियसुखमभिलषन्ति छद्मस्थाः, तदासक्ताः सन्त एकेन्द्रियादिजीवानां घातं कुर्वन्ति तेनोपार्जितं यत्त्रसस्थावरनामकर्म तदुदयेन जीवा भवन्ति। कथंभूता भवन्ति? ''पुढविजलतेयवाऊ वणप्फदी विविहथावरेइंदी'' पृथिव्यप्तेजोवायुवनस्पतयः। कतिसंख्योपेता? विविधा आगमकथितस्वकीयस्वकीयान्तर्भेदैर्बहुविधाः। स्थावरनामकर्मोदयेन स्थावरा, एकेन्द्रियजातिनामकर्मोदयेन स्पर्शेनेन्द्रिययुक्ता एकेन्द्रियाः, न केवलमित्थं भूताः स्थावरा भवन्ति।

---

ગાથા ૧૧

ગાથાર્થ :—પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે વિવિધ પ્રકારના સ્થાવર, એકેન્દ્રિય જીવો છે અને શંખાદિ બે, ત્રણ, ચાર તથા પાંચ ઇન્દ્રિયવાળા ત્રસ જીવો છે.

ટીકા :—''होंति'' વગેરે પદોની વ્યાખ્યા કરવામાં આવે છે. ''होंति' છદ્મસ્થ જીવ, અતીન્દ્રિય અમૂર્ત નિજપરમાત્મસ્વભાવની અનુભૂતિથી ઉત્પન્ન સુખરૂપી અમૃતરસસ્વભાવને પ્રાપ્ત ન કરતાં, ઇન્દ્રિયસુખ તુચ્છ હોવા છતાં તેની અભિલાષા કરે છે, તેમાં આસક્ત થઈને એકેન્દ્રિયાદિ જીવોનો ઘાત કરે છે, તે જીવઘાતથી ઉપાર્જિત ત્રસ અને સ્થાવર નામકર્મના ઉદયથી જીવો થાય છે. કેવા થાય છે? ''पुढविजलतेयवाऊ वणप्फदी विविहथावरेइंदी'' પૃથ્વી, જળ, તેજ, વાયુ અને વનસ્પતિ—એવા પ્રકારના છે, આગમમાં કહેલા પોતપોતાના અનેક પ્રકારના અવાન્તર ભેદવાળા છે. સ્થાવર નામકર્મના ઉદયથી સ્થાવર, એકેન્દ્રિયજાતિનામકર્મના ઉદયથી સ્પર્શેન્દ્રિયસહિત એકેન્દ્રિય હોય છે. તેઓ માત્ર આવા સ્થાવરો જ નથી

---

ભૂમિ તેજ જલ વૃક્ષ સમીર, એકેન્દ્રિય થાવર જુ શરીર;
બે તે ચઉ પણ ઇન્દ્રિય જીવ, ત્રસ હૈ સંખ આદિ ભવનીવ. ૧૧.

''विगतिगचदुपंचक्खा तसजीवा'' द्वित्रिचतुः पञ्चाक्षास्त्रसनामकर्मोदयेन त्रसजीवा भवन्ति। ते च कथंभूताः ? ''संखादी'' शङ्खादयः। स्पर्शनरसनेन्द्रियद्वययुक्ताः। शङ्खशुक्तिकृम्यादयो द्वीन्द्रियाः। स्पर्शनरसनघ्राणेन्द्रियत्रययुक्ताः कुन्थुपिपीलिकायूकामत्कुणादयस्त्रीन्द्रियाः, स्पर्शनरसनघ्राणचक्षुरिन्द्रियचतुष्टययुक्ता दंशमशकमक्षिकाभ्रमादयश्चतुरिन्द्रियाः, स्पर्शन-रसनघ्राणचक्षुःश्रोत्रेन्द्रियपञ्चयुक्ता मनुष्यादयः पञ्चेन्द्रिया इति। अयमत्रार्थः—विशुद्धज्ञानदर्शनस्वभावनिजपरमात्मस्वरूपभावनोत्पन्नपारमार्थिकसुखमलभमाना इन्द्रिय-सुखासक्ता एकेन्द्रियादिजीवानां वधं कृत्वा त्रसस्थावरा भवन्तीत्युक्तं पूर्वं तस्मात्त्रसस्थावरोत्पत्तिविनाशार्थं तत्रैव परमात्मनि भावना कर्त्तव्येति।।११।।

तदेव त्रसस्थावरत्वं चतुर्दशजीवसमासरूपेण व्यक्तीकरोति :—

**समणा अमणा णेया पंचिंदिय णिम्मणा परे सव्वे।**
**बादरसुहमेइंदी सव्वे पज्जत्त इदरा य।।१२।।**

---

થતા. ''विगतिगचदुपंचक्खा तसजीवा'' બે, ત્રણ, ચાર તથા પાંચ ઇન્દ્રિયોવાળા, ત્રસનામકર્મના ઉદયથી, ત્રસજીવો પણ થાય છે. તે કેવા છે? ''संखादी'' શંખ વગેરે. સ્પર્શન અને રસના —એ બે ઇન્દ્રિયવાળા શંખ, છીપ, કૃમિ વગેરે બે ઇન્દ્રિય જીવો છે; સ્પર્શન, રસના, ઘ્રાણ—એ ત્રણ ઇન્દ્રિયોવાળા કંથવા, કીડી, જૂ, માકડ વગેરે ત્રિઇન્દ્રિય જીવો છે; સ્પર્શના, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇન્દ્રિયવાળા ડાંસ, મચ્છર, માખી, ભમરા વગેરે ચતુરિન્દ્રિય જીવો છે; સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિય—એ પાંચ ઇન્દ્રિયવાળા મનુષ્યાદિ પંચેન્દ્રિય જીવો છે.

સારાંશ એ છે કે—વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવી નિજ પરમાત્માના સ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક સુખને પ્રાપ્ત ન કરતાં, ઇન્દ્રિયસુખમાં આસક્ત જીવો એકેન્દ્રિયાદિ જીવોનો વધ કરીને ત્રસ અને સ્થાવર થાય છે—એમ પૂર્વે કહ્યું છે, તેથી ત્રસ અને સ્થાવરમાં ઉત્પત્તિ ન થાય તે માટે તે જ પરમાત્મામાં ભાવના કરવી જોઈએ. ૧૧.

હવે તે જ ત્રસ અને સ્થાવરપણું ચૌદ જીવસમાસરૂપે પ્રગટ કરે છે :—

---

મન-બિન અર મન-સહિત સુજાન, પંચેન્દ્રિય પર સબ મન-હાનિ;
બાદર સૂક્ષમ એકહિ અક્ષ, સબ પર્યાપત ઇતર પ્રત્યક્ષ. ૧૨.

**समनस्काः अमनस्काः ज्ञेयाः पंचेन्द्रियाः निर्मनस्काः परे सर्वे।**
**बादरसूक्ष्मैकेन्द्रियाः सर्वे पर्याप्ताः इतरे च॥१२॥**

**व्याख्या—''समणा अमणा'' समस्तशुभाशुभविकल्पातीतपरमात्मद्रव्यविलक्षणं नानाविकल्पजालरूपं मनो भण्यते, तेन सह ये वर्त्तन्ते ते समनस्काः संज्ञिनः, तद्विपरीता अमनस्का असंज्ञिनः। ''णेया'' ज्ञेया ज्ञातव्याः। ''पंचिंदिय'' ते संज्ञिनस्तथैवासंज्ञिनश्च पञ्चेन्द्रियाः। एवं संज्ञ्यसंज्ञिपञ्चेन्द्रियास्तिर्यञ्च एव, नारकमनुष्यदेवाः संज्ञिपञ्चेन्द्रिया एव। ''णिम्मणा परे सव्वे'' निर्मनस्काः पञ्चेन्द्रियात्सकाशात् परे सर्वे द्वित्रिचतुरिन्द्रियाः। ''बादरसुहमेइंदी'' बादरसूक्ष्मा एकेन्द्रियास्तेऽपि यदष्टपत्रपद्माकारं द्रव्यमनस्तदाधारेण शिक्षालापोपदेशादिग्राहकं भावमनश्चेति तदुभयाभावादसंज्ञिन एव। ''सव्वे पज्जत्त इदरा य'' एवमुक्तप्रकारेण संज्ञ्यसंज्ञिरूपेण पञ्चेन्द्रियद्वयं द्वित्रिचतुरिन्द्रियरूपेण विकलेन्द्रियत्रयं**

---

ગાથા ૧૨

ગાથાર્થ :—પંચેન્દ્રિય જીવ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે પ્રકારના જાણવા; બાકીના બધા જીવ મનરહિત અસંજ્ઞી છે. એકેન્દ્રિય જીવ બાદર અને સૂક્ષ્મ બે પ્રકારના છે. આ બધા જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

ટીકા :—''**समणा अमणा**'' સમસ્ત શુભાશુભવિકલ્પરહિત પરમાત્મદ્રવ્યથી વિલક્ષણ અનેક પ્રકારના વિકલ્પોની જાળરૂપ મન છે. જે જીવો તે મનસહિત હોય તેને 'સમનસ્ક''—સંજ્ઞી અને તેનાથી વિપરીત (અર્થાત્ મનરહિત) હોય તેને 'અમનસ્ક'—અસંજ્ઞી ''**णेया**''—જાણવા. ''**पंचिंदिय**'' એવા અર્થાત્ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદવાળા પંચેન્દ્રિય જીવો હોય છે. આવી રીતે સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એમ બે ભેદવાળા તિર્યંચો જ હોય છે; નારકી, મનુષ્ય અને દેવ સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે. ''**णिम्मणा परे सव्वे**'' પંચેન્દ્રિય સિવાયના બીજા બધા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવો અમનસ્ક જ હોય છે. ''**बादरसमुहमेइंदी**'' બાદર અને સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો છે તેઓ પણ, આઠ પાખંડીવાળા કમળના આકારવાળું જે દ્રવ્યમન અને તેના આધારે શિક્ષા, વચન, ઉપદેશાદિને ગ્રહણ કરનાર જે ભાવમન—એ બન્નેથી રહિત હોવાથી અસંજ્ઞી જ છે. ''**सव्वे पज्जत्त इदरा य**'' ઉપર કહ્યા પ્રમાણે સંજ્ઞી અને અસંજ્ઞીરૂપે પંચેન્દ્રિયના બે ભેદ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયરૂપે વિકલત્રયના ત્રણ ભેદ તથા બાદર અને સૂક્ષ્મરૂપે

बादरसूक्ष्मरूपेणैकेन्द्रियद्वयं चेति सप्त भेदाः। ''आहारसरीरिंदिय पज्जत्ती आणपाणभासमणो। चत्तारिपंचछप्पियएइन्दियवियलसण्णिसण्णीणं।१।'' इति गाथाकथितक्रमेण ते सर्वे प्रत्येकं स्वकीयस्वकीयपर्याप्तिसंभवात्सप्त पर्याप्ताः सप्तापर्याप्ताश्च भवन्ति। एवं चतुर्दश जीवसमासा ज्ञातव्यास्तेषां च ''इंदियकायाऊणिय पुण्णापुण्णेसु पुण्णगे आणा। वेइंदियादिपुण्णे वचीमणो सण्णिपुण्णेव।१। दस सण्णीणं पाणा सेसेगूणंतिमस्सवे ऊणा। पज्जतेसिदरेसु य सत्तदुगे सेसगेगूणा।२।'' इति गाथाद्वयकथितक्रमेण यथासंभवमिन्द्रियादिदशप्राणाश्च विज्ञेयाः।

---

એકેન્દ્રિયના બે ભેદ—એમ કુલ સાત ભેદ થયા. ''आहारसरीरिंदिय पज्जत्ती आणपाणभासमणो। चत्तारिपंचछप्पियपइन्द्रियवियलसण्णिसण्णीणं।।''[1] [આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન—એ છ પર્યાપ્તિ છે. એમાંથી એકેન્દ્રિય જીવને ચાર (આહાર, શરીર, સ્પર્શેન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ), વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને (મન સિવાયની) પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને છએ પર્યાપ્તિ હોય છે.] આ ગાથામાં કહેલા ક્રમથી તે સર્વ (સાત પ્રકારના) જીવો પોતપોતાની પર્યાપ્તિ પૂર્ણ થવાથી પર્યાપ્ત હોય છે અર્થાત્ એ સાત પર્યાપ્ત હોય છે અને પોતાની પર્યાપ્તિ પૂર્ણ નહિ થવાથી સાત અપર્યાપ્ત હોય છે. આવી રીતે ચૌદ જીવસમાસ જાણવા.

''इंदियकायाऊणिय पुण्णापुण्णेसु पुण्णगे आणा।
वेइंदियादिपुण्णे वचीमणो सण्णिपुण्णेव।
दस सण्णीणं पाणा सेसेगूणंति मस्स वेऊणा।
पज्जत्तेसिदरेसु य सत्त दुगे सेसगेगूणा।।''[2]

[''ઇન્દ્રિય, કાય અને આયુષ્ય—એ ત્રણ પ્રાણ પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેને હોય છે. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તને જ હોય છે, વચનબળપ્રાણ બે ઇન્દ્રિય આદિ પર્યાપ્તને જ હોય છે, મનોબળપ્રાણ સંજ્ઞી પર્યાપ્તને જ હોય છે. પર્યાપ્ત અવસ્થામાં સંજ્ઞી પંચેન્દ્રિયોને દસ પ્રાણ, અસંજ્ઞી પંચેન્દ્રિયોને (મન વિના) નવ પ્રાણ, ચાર ઇન્દ્રિયવાળાને (મન અને કર્ણેન્દ્રિય વિના) આઠ પ્રાણ, ત્રણ ઇન્દ્રિયવાળાને (મન, કાન અને ચક્ષુ ઇન્દ્રિય વિના) સાત પ્રાણ, બે ઇન્દ્રિયવાળાઓને (મન, કર્ણ, ચક્ષુ અને ઘ્રાણેન્દ્રિય વિના) છ પ્રાણ અને એકેન્દ્રિયવાળાઓને (મન, કર્ણ, ચક્ષુ, ઘ્રાણ, રસના તથા વચન વિના) ચાર પ્રાણ હોય છે. અપર્યાપ્ત જીવોમાં સંજ્ઞી તથા અસંજ્ઞી—એ બંને પંચેન્દ્રિયોને શ્વાસોચ્છ્વાસ, વચનબળ અને મનોબળ વિના સાત પ્રાણ હોય છે અને ચતુરિન્દ્રિયથી એકેન્દ્રિય સુધી ક્રમેક્રમે એકેક પ્રાણ ઘટે છે.] આ બન્ને ગાથાઓમાં

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૧૮ ૨. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૩૧–૧૩૨

अत्रैतेभ्यो भिन्नं निजशुद्धात्मतत्त्वमुपादेयमिति भावार्थः।।१२।।

अथ शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन शुद्धबुद्धैकस्वभावा अपि जीवाः पश्चादशुद्धनयेन चतुर्दशमार्गणास्थानचतुर्दशगुणस्थानसहिता भवन्तीति प्रतिपादयति :—

**मग्गणगुणठाणेहि य चउदसहि हवंति तह असुद्धणया।**
**विण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया।।१३।।**

मार्गणागुणस्थानैः चतुर्दशभिः भवन्ति तथा अशुद्धनयात्।
विज्ञेयाः संसारिणः सर्व्वे शुद्धाः खलु शुद्धनयात्।।१३।।

व्याख्या—''मग्गणगुणठाणेहि य हवंति तह विण्णेया'' यथा पूर्वसूत्रोदितचतुर्दशजीवसमासैर्भवन्ति मार्गणागुणस्थानैश्च तथा भवन्ति सम्भवन्तीति विज्ञेया

---

કહેલા ક્રમ પ્રમાણે યથાસંભવ ઇન્દ્રિયાદિક દશ પ્રાણ સમજવા.

અહીં ભાવાર્થ એ છે કે આનાથી (ઇન્દ્રિયો, પર્યાપ્તિઓ, પ્રાણો વગેરેથી) ભિન્ન નિજશુદ્ધાત્મતત્ત્વ ઉપાદેય છે. ૧૨.

હવે શુદ્ધ[1]-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જીવો શુદ્ધ-બુદ્ધ-એક સ્વભાવવાળા છે, તોપણ પશ્ચાત્ અશુદ્ધનયથી ચૌદ માર્ગણાસ્થાન અને ચૌદ ગુણસ્થાન સહિત હોય છે, એમ પ્રતિપાદન કરે છે :—

ગાથા ૧૩

ગાથાર્થ :—સર્વે સંસારી જીવો અશુદ્ધનયથી માર્ગણાસ્થાન અને ગુણસ્થાનની અપેક્ષાએ ચૌદ-ચૌદ પ્રકારના છે. શુદ્ધનયથી ખરેખર બધા સંસારી જીવ શુદ્ધ જાણવા.

ટીકા :—''मग्गणगुणठाणेहि य हवंति तह विण्णेया'' જેમ આગળની ગાથામાં કહેલા ચૌદ જીવસમાસોથી જીવો ચૌદ ભેદવાળા થાય છે તેમ માર્ગણા અને ગુણસ્થાનથી પણ થાય

---

૧. જુઓ ફૂટનોટ ગાથા ૪

ચૌદહ મારગના ગુનથાન, નય અશુદ્ધ સંસારી માન;
નિશ્ચય સર્વ જીવ હૈ શુદ્ધ, નાંહિ ભેદ ચેતન નિત બુદ્ધ. ૧૩.

ज्ञातव्याः। कतिसंख्योपेतैः? ''चउदसहि'' प्रत्येकं चतुर्दशभिः। कस्मात्? 'असुद्धणया'' अशुद्धनयात् सकाशात्। इत्थंभूताः के भवन्ति? ''संसारी'' संसारिजीवाः। ''सव्वे सुद्धा हु सुद्धणया'' त एव सर्वे संसारिणः शुद्धाः सहजशुद्धज्ञायकैकस्वभावाः। कस्मात्? शुद्धनयात् शुद्धनिश्चयनयादिति। अथागमप्रसिद्धगाथाद्वयेन गुणस्थाननामानि कथयति। ''मिच्छो सासण मिस्सो अविरदसम्मो य देसविरदो य। विरया पमत्त इयरो अपुव्व अणियट्टि सुहमो य। १। उवसंत खीणमोहो सजोगिकेवलिजिणो अजोगी य। चउदस गुणठाणाणि य कमेण सिद्धा य णायव्वा।२।'' इदानीं तेषामेव गुणस्थानानां प्रत्येकं संक्षेपलक्षणं कथ्यते। तथाहि—सहजशुद्धकेवलज्ञानदर्शनरूपाखण्डैकप्रत्यक्षप्रतिभासमयनिजपरमात्मप्रभृतिषड्द्रव्य-पञ्चास्तिकायसप्ततत्त्वनवपदार्थेषु मूढत्रयादिपञ्चविंशतिमलरहितं वीतरागसर्वज्ञप्रणीत-नयविभागेन यस्य श्रद्धानं नास्ति स मिथ्यादृष्टिर्भवति। पाषाणरेखासदृशानन्तानुबन्धिक्रोध-

---

છે એમ સમજવું. (માર્ગણા અને ગુણસ્થાનથી) કેટલી સંખ્યાવાળા થાય છે? ''चउदसहि'' પ્રત્યેક ચૌદ–ચૌદ સંખ્યાવાળા થાય છે. કઈ અપેક્ષાએ? ''असुद्धणया'' અશુદ્ધનયની અપેક્ષાએ. આ પ્રકાના કોણ થાય છે? ''संसारी'' સંસારી જીવો થાય છે. ''सव्वे सुद्धा हु सुद्धणया'' તે જ બધા સંસારી જીવો શુદ્ધ છે અર્થાત્ જેનો સહજશુદ્ધજ્ઞાયક એકસ્વભાવ છે એવા છે. કઈ અપેક્ષાએ? શુદ્ધનયની અપેક્ષાએ–શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ.

હવે આગમપ્રસિદ્ધ બે ગાથાઓ દ્વારા ગુણસ્થાનોનાં નામ કહે છે : મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત સમ્યક્ત્વ, દેશવિરત, પ્રમત્તવિરત, અપ્રમત્તવિરત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવળી અને અયોગીકેવળી. આ રીતે ક્રમપૂર્વક ચૌદ ગુણસ્થાન જાણવા[1].

હવે, તે ગુણસ્થાનોમાંથી પ્રત્યેકનું સંક્ષેપથી લક્ષણ કહે છે. તે આ રીતે—સહજશુદ્ધ કેવળજ્ઞાનદર્શનરૂપ અખંડ-એક-પ્રત્યક્ષ-પ્રતિભાસમય નિજપરમાત્મા વગેરે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોમાં, ત્રણ મૂઢતા વગેરે પચ્ચીસ દોષરહિત, વીતરાગ -સર્વજ્ઞપ્રણીત નયવિભાગ અનુસાર[2] જે જીવને શ્રદ્ધાન નથી તે જીવ 'મિથ્યાદષ્ટિ' છે. ૧. પથ્થરમાં કોરેલી રેખા સમાન અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભમાંથી કોઈ એકના

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૯–૧૦

૨. સર્વજ્ઞપ્રણીત નયવિભાગમાં શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે, અન્ય સર્વ હેય છે. જુઓ ગાથા ૧૫ ભૂમિકા તથા ચૂલિકા.

**मानमायालोभमान्यतरोदयेन प्रथमौपशमिकसम्यक्त्वात्पतितो मिथ्यात्वं नाद्यापि गच्छतीत्यन्तरालवर्त्ती सासादनः। निजशुद्धात्मादितत्त्वं वीतरागसर्वज्ञप्रणीतं परप्रणीतं च मन्यते यः स दर्शनमोहनीयभेदमिश्रकर्मोदयेन दधिगुडमिश्रभाववत् मिश्रगुणस्थानवर्त्ती भवति। अथ मतं—येन केनाप्येकेन मम देवेन प्रयोजनं तथा सर्वे देवा वन्दनीया न च निन्दनीया इत्यादि-वैनयिकमिथ्यादृष्टिः संशयमिथ्यादृष्टिर्वा तथा मन्यते तेन सह सम्यग्मिथ्यादृष्टेः को विशेष इति? अत्र परिहारः—"स सर्वदेवेषु सर्वसमयेषु च भक्तिपरिणामेन येन केनाप्येकेन मम**

---

ઉદયવડે પ્રથમ-ઉપશમસમ્યક્ત્વથી પડીને જ્યાં સુધી મિથ્યાત્વને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બંનેની વચ્ચેના પરિણામવાળો જીવ 'સાસાદન' છે. ૨. નિજશુદ્ધાત્માદિ વીતરાગસર્વજ્ઞપ્રણીત તત્ત્વોને અને પરપ્રણીત તત્ત્વોને પણ જે માને છે તે મિશ્રદર્શનમોહનીયકર્મના ઉદયથી દહીં અને ગોળના મિશ્રણવાળા પદાર્થોની જેમ 'મિશ્રગુણસ્થાન'વાળો જીવ છે. ૩.

અહીં શંકા—'જે કોઈ પણ (—ગમે તે હો) એક દેવથી મારે તો પ્રયોજન છે' તથા 'બધા જ દેવ વંદનીય છે, નિન્દા કોઈ પણ દેવની ન કરવી જોઈએ' ઇત્યાદિ વૈનયિક મિથ્યાદ્રષ્ટિ અથવા સંશય મિથ્યાદ્રષ્ટિ માને છે, તો તેનામાં અને સમ્યગ્મિથ્યાદ્રષ્ટિમાં શો તફાવત છે? તેનો ઉત્તર—તે તો સર્વ દેવો પ્રત્યે અને સર્વ શાસ્ત્રો પ્રત્યે ભક્તિના પરિણામ કરવાને લીધે કોઈ પણ એકથી મને પુણ્ય થશે—એમ માનીને સંશયરૂપે ભક્તિ કરે છે, તેને કોઈ એક દેવમાં નિશ્ચય નથી અને મિશ્રગુણસ્થાનવર્તી જીવને તો બન્નેમાં નિશ્ચય છે;— એ તફાવત છે.

"સ્વાભાવિક અનંતજ્ઞાનાદિ અનંત ગુણના આધારભૂત નિજપરમાત્મદ્રવ્ય ઉપાદેય છે અને ઇન્દ્રિયસુખાદિ પરદ્રવ્ય હેય છે" એમ અર્હત્સર્વજ્ઞપ્રણીત નિશ્ચય[1]—વ્યવહારનયરૂપ

---

૧. અવિરત સમ્યગ્દ્રષ્ટિ જીવ 'નિજ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે અને ઇન્દ્રિયસુખાદિ પરદ્રવ્ય હેય છે' એમ અંતરંગમાં આંશિક શુદ્ધ પરિણતિએ પરિણમીને નિરંતર માને છે (એટલે કે નિશ્ચયરૂપ સાધ્યભાવે—શુદ્ધ સમ્યગ્દર્શનભાવે—પરિણમીને નિરંતર માને છે); વળી તે બહારમાં—વિકલ્પમાં નવતત્ત્વશ્રદ્ધાનાદિભાવે પરિણમીને પણ એમ માને છે (એટલે કે વ્યવહારરૂપ સાધકભાવથી—નવતત્ત્વ—શ્રદ્ધાનાદિરૂપ વિકલ્પભાવથી—પણ એમ માને છે). નિશ્ચય—વ્યવહારનો આવો સુમેળ હોય છે. આથી આમ તાત્પર્ય ગ્રહવું :—કોઈ જીવ એમ કહે કે 'હું અંતરંગ શુદ્ધપરિણતિથી તો નિજદ્રવ્યની ઉપાદેયતા ને પરદ્રવ્યની હેયતા માનું છું, પણ મને વિકલ્પમાં નવતત્ત્વશ્રદ્ધાનાદિથી વિરુદ્ધભાવો છે,' તો તે વાત બરાબર નથી અને તે જીવ સમ્યગ્દ્રષ્ટિ નથી જ. વળી કોઈ જીવ એમ કહે કે 'હું નવતત્ત્વશ્રદ્ધાનાદિરૂપ વિકલ્પભાવમાં તો નિજદ્રવ્યની ઉપાદેયતા ને પરદ્રવ્યની હેયતા બરાબર માનું છું, પણ મને અંતરંગ શુદ્ધ પરિણમન નથી,' તો તે જીવ પણ સમ્યગ્દ્રષ્ટિ નથી.

पुण्यं भविष्यतीति मत्वा संशयरूपेण भक्तिं कुरुते निश्चयो नास्ति। मिश्रस्य पुनरुभयत्र निश्चयोऽस्तीति विशेषः।'' स्वाभाविकानन्तज्ञानाद्यनन्तगुणाधारभूतं निजपरमात्मद्रव्यमुपादेयम्, इन्द्रियसुखादिपरद्रव्यं हि हेयमित्यर्हत्सर्वज्ञप्रणीतनिश्चयव्यवहारनयसाध्यसाधकभावेन मन्यते परं किन्तु भूमिरेखादिसदृशक्रोधादिद्वितीयकषायोदयेन मारणनिमित्तं तलवरगृहीततस्कर-वदात्मनिन्दासहितः सन्निन्द्रियसुखमनुभवतीत्यविरतसम्यग्दृष्टेर्लक्षणम्। यः पूर्वोक्तप्रकारेण सम्यग्दृष्टिः सन् भूमिरेखादिसमानक्रोधादिद्वितीयकषायोदयाभावे सत्यभ्यन्तरे निश्चय-नयेनैकदेशरागादिरहितस्वाभाविकसुखानुभूतिलक्षणेषु बहिर्विषयेषु पुनरेकदेशहिंसानृतास्तेया-ब्रह्मपरिग्रहनिवृत्तिलक्षणेषु ''दंसणवयसामाइयपोसहसचित्तराइभत्ते य। बम्हारंभपरिग्गह अणुमण उद्दिट्ठ देसविरदो य।१।'' इति गाथाकथितैकादशनिलयेषु वर्तते स पञ्चमगुणस्थानवर्ती श्रावको भवति।५। स एव सद्दृष्टिर्धूलिरेखादिसदृशक्रोधादि-तृतीयकषायोदयाभावे सत्यभ्यन्तरे निश्चयनयेन रागाद्युपाधिरहितस्वशुद्धात्मसंवित्तिसमुत्पन्न-सुखामृतानुभवलक्षणेषु बहिर्विषयेषु पुनः सामस्त्येन हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहनिवृत्तिलक्षणेषु च

સાધ્ય-સાધકભાવે માને છે, પરંતુ ભૂમિમાં પડેલી રેખા સમાન ક્રોધાદિ અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી, મારવાને માટે કોટવાળે પકડેલ ચોરની જેમ, આત્મનિન્દા સહિત વર્તતો થકો ઇન્દ્રિયસુખને અનુભવે[1] છે તે 'અવિરત સમ્યગ્દ્રષ્ટિ' નું લક્ષણ છે. ૪. જે પૂર્વોક્ત પ્રકારે સમ્યગ્દ્રષ્ટિ વર્તતો થકો ભૂમિની રેખા સમાન ક્રોધાદિ અપ્રત્યાખ્યાનાવરણરૂપ દ્વિતીય કષાયના ઉદયનો અભાવ હોતાં, ''दंसणवयसामाइय पोसहसचित्तराइभत्ते य। बम्हारंभपरिग्गह अणुमय उद्दिट्ठ देसविरदो य।१।' (દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધ, સચિત્તવિરત, રાત્રિભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ અને ઉદ્દિષ્ટત્યાગ)' એ ગાથામાં કહેલાં (શ્રાવકોનાં) અગિયાર સ્થાનોમાં—(૧) અંતરંગમાં નિશ્ચયનયથી એકદેશ રાગાદિરહિત સ્વાભાવિક સુખની અનુભૂતિ જેમનું લક્ષણ છે, અને (૨) બાહ્ય વિષયોમાં (વ્યવહારથી) હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ તથા પરિગ્રહની એકદેશ નિવૃત્તિ જેમનું લક્ષણ છે તેમાં— વર્તે છે, તે પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક છે. ૫. જ્યારે તે જ સમ્યગ્દ્રષ્ટિ, ધૂળની રેખા સમાન ક્રોધાદિ પ્રત્યાખ્યાનાવરણ ત્રીજા કષાયનો ઉદય હોતાં, પાંચ મહાવ્રતોમાં—(૧) અંતરંગમાં નિશ્ચયનયથી રાગાદિ–ઉપાધિરહિત સ્વશુદ્ધાત્મસંવેદનથી ઉત્પન્ન સુખામૃતનો અનુભવ જેમનું લક્ષણ છે, અને (૨) બાહ્ય વિષયોમાં (વ્યવહારથી) હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ તથા

૧. આ અનુભવ—ભોગવટો અનીહિત વૃત્તિએ—વિયોગબુદ્ધિએ હોય છે અને તેનું સ્વામિત્વ ચતુર્થગુણસ્થાનવર્તી જીવને હોતું નથી.

पञ्चमहाव्रतेषु वर्त्तते यदा तदा दुःस्वप्नादिव्यक्ताव्यक्तप्रमादसहितोऽपि षष्ठगुणस्थानवर्त्ती प्रमत्तसंयतो भवति।६। स एव जलरेखादिसदृशसंज्वलनकषायमन्दोदये सति निष्प्रमदा-शुद्धात्मसंवित्तिमलजनकव्यक्ताव्यक्तप्रमादरहितः सन्सप्तमगुणस्थानवर्ती अप्रमत्तसंयतो भवति।७। स एवातीतसंज्वलनकषायमन्दोदये सत्यपूर्वपरमाह्लादैकसुखानुभूतिलक्षणा-पूर्वकरणोपशमकक्षपकसंज्ञोऽष्टमगुणस्थानवर्ती भवति।८। दृष्टश्रुतानुभूतभोगाकांक्षादिरूप-समस्तसंङ्कल्पविकल्परहितनिजनिश्चलपरमात्मतत्त्वैकाग्रध्यानपरिणामेन कृत्वा येषां जीवानामेकसमये ये परस्परं पृथक्कर्तुं नायान्ति ते वर्णसंस्थानादिभेदेऽप्यनिवृत्ति-करणौपशमिकक्षपकसंज्ञा द्वितीयकषायाद्येकविंशतिभेदभिन्नचारित्रमोहप्रकृतिनामुपशमन-क्षपणसमर्था नवमगुणस्थानवर्तिनो भवन्ति।९। सूक्ष्मपरमात्मतत्त्वभावनाबलेन सूक्ष्म-कृष्टिगतलोभकषायस्योपशमकाः क्षपकाश्च दशमगुणस्थानवर्तिनो भवन्ति।१०। परमोपशममूर्तिनिजात्मस्वभावसंवित्तिबलेन सकलोपशान्तमोहा एकादशगुणस्थानवर्तिनो भवन्ति।११। उपशमश्रेणिविलक्षणेन क्षपकश्रेणिमार्गेण निष्कषायशुद्धात्मभावनाबलेन

---

પરિગ્રહની સંપૂર્ણપણે નિવૃત્તિ જેમનું લક્ષણ છે તેમાં—વર્તે છે ત્યારે, દુઃસ્વપ્ન આદિ વ્યક્ત અને અવ્યક્ત પ્રમાદસહિત હોવા છતાં પણ, તે છટ્ઠા ગુણસ્થાનવર્તી 'પ્રમત્તસંયત' છે. ૬. તે જ જીવ જળની રેખા સમાન સંજ્વલન કષાયનો મંદ ઉદય હોતાં પ્રમાદરહિત શુદ્ધાત્માનુભવમાં દોષ ઉત્પન્ન કરનાર વ્યક્ત અને અવ્યક્ત પ્રમાદરહિત વર્તતો થકો સાતમા ગુણસ્થાનવર્તી 'અપ્રમત્તસંયત' છે. ૭. તે જ (જીવ) સંજ્વલન કષાયનો અત્યંત મંદ ઉદય હોતાં અપૂર્વ (પરમ—આહ્‌લાદરૂપ એક સુખની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા) 'અપૂર્વકરણ -ઉપશમક કે ક્ષપક' નામના આઠમા ગુણસ્થાનવર્તી છે. ૮. દૃષ્ટ, શ્રુત અને અનુભૂત ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત સંકલ્પ—વિકલ્પરહિત, નિજ નિશ્ચલ પરમાત્મસ્વરૂપમાં એકાગ્ર ધ્યાનના પરિણામની અપેક્ષાએ જે જીવોને એક સમયમાં પરસ્પર અંતર હોતું નથી તેઓ, વર્ણ અને સંસ્થાન આદિનો ભેદ હોવા છતાં, 'અનિવૃત્તિકરણ—ઉપશમક કે ક્ષપક' સંજ્ઞાના ધારક, અપ્રત્યાખ્યાનાવરણરૂપ દ્વિતીય કષાયાદિ એકવીસ પ્રકારની ચારિત્રમોહનીય કર્મની પ્રકૃતિઓના ઉપશમ કે ક્ષયમાં સમર્થ એવા, નવમા ગુણસ્થાનવર્તી જીવ છે. ૯. સૂક્ષ્મ પરમાત્મતત્ત્વની ભાવનાના બળથી, સૂક્ષ્મ—અત્યંત કૃશ થયેલ લોભકષાયનો ઉપશમ કે ક્ષય કરનારા જીવો દશમા ગુણસ્થાનવર્તી છે. ૧૦. પરમ—ઉપશમમૂર્તિ નિજાત્માના સ્વભાવના અનુભવના બળથી સંપૂર્ણ મોહનો ઉપશમ કરનાર (જીવો) અગિયારમા ગુણસ્થાનવર્તી છે. ૧૧. ઉપશમશ્રેણીથી વિલક્ષણ એવા ક્ષપકશ્રેણીના માર્ગે નિષ્કષાય શુદ્ધાત્માની ભાવનાના

**क्षीणकषाया द्वादशगुणस्थानवर्तिनो भवन्ति।१२। मोहक्षपणानन्तरमन्तर्मुहूर्तकालं स्वशुद्धात्मसंवित्तिलक्षणैकत्ववितर्कावीचारद्वितीयशुक्लध्याने स्थित्वा तदनन्त्यसमये ज्ञानावरण-दर्शनावरणान्तरायत्रयं युगपदेकसमयेन निर्मूल्य मेघपुञ्जरविनिर्गतदिनकर इव सकल-विमलकेवलज्ञानकिरणैर्लोकालोकप्रकाशकास्त्रयोदशगुणस्थानवर्तिनो जिनभास्करा भवन्ति।१३। मनोवचनकायवर्गणालम्बनकर्मादाननिमित्तात्मप्रदेशपरिस्पन्दलक्षणयोगरहिताश्चतुर्दशगुणस्थान-वर्तिनोऽयोगिजिना भवन्ति।१४। ततश्च निश्चयरत्नत्रयात्मक-कारणभूतसमयसारसंज्ञेन परमयथाख्यातचारित्रेण चतुर्दशगुणस्थानातीताः ज्ञानावरणाद्यष्टकर्मरहिताः सम्यक्त्वाद्यष्ट-गुणान्तर्भूतनिर्नामनिर्गोत्राद्यनन्तगुणाः सिद्धा भवन्ति।**

**अत्राह शिष्य :—केवलज्ञानोत्पत्तौ मोक्षकारणभूतरत्नत्रयपरिपूर्णतायां सत्यां तस्मिन्नेव क्षणे मोक्षेण भाव्यं सयोग्ययोगिजिनगुणस्थानद्वये कालो नास्तीति? परिहारमाह— यथाख्यातचारित्रं जातं परं किन्तु परमयथाख्यातं नास्ति। अत्र दृष्टांतः। यथा— चौरव्यापाराभावेऽपि पुरुषस्य चौरसंसर्गो दोषं जनयति तथा चारित्रविनाशक-**

---

બળથી કષાયનો ક્ષય કરનારા જીવ બારમા ગુણસ્થાનવર્તી છે. ૧૨. મોહનો ક્ષય કર્યા પછી અંતર્મુહૂર્ત કાળપર્યંત, સ્વશુદ્ધાત્મસંવિત્તિ (સંવેદન) જેનું લક્ષણ છે એવા 'એકત્વવિતર્ક અવીચાર' નામના દ્વિતીય શુક્લધ્યાનમાં સ્થિર થઈને, તેના છેલ્લા સમયમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણેનો એક સાથે એક સમયમાં નાશ કરીને, મેઘપટલમાંથી નીકળેલા સૂર્યની જેમ સકળનિર્મળ કેવળજ્ઞાનનાં કિરણોથી લોક અને અલોકને પ્રકાશિત કરનારા, તેરમા ગુણસ્થાનવર્તી જિન ભાસ્કર છે. ૧૩. મન, વચન, કાયાની વર્ગણાનું જેને આલંબન છે અને કર્મોને ગ્રહણ કરવામાં જે નિમિત્ત છે, એવા આત્મપ્રદેશોના પરિસ્પંદનસ્વરૂપ જે યોગ, તેનાથી રહિત, ચૌદમા ગુણસ્થાનવર્તી અયોગી જિન છે. ૧૪. અને ત્યારપછી નિશ્ચયરત્નત્રયાત્મક 'કારણભૂત સમયસાર' નામનું જે પરમ યથાખ્યાતચારિત્ર છે, તેના વડે પૂર્વોક્ત ચૌદ ગુણસ્થાનથી અતીત થયેલા, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી રહિત થયેલા તથા સમ્યક્ત્વાદિ આઠ ગુણોમાં અંતર્ભૂત, નિર્નામ, નિર્ગોત્ર આદિ અનંતગુણવાળા, 'સિદ્ધો' છે.

અહીં શિષ્ય પૂછે છે કે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતાં મોક્ષના કારણભૂત રત્નત્રયની પરિપૂર્ણતા થઈ ગઈ તો તે જ ક્ષણે મોક્ષ થવો જોઈએ. સયોગી અને અયોગીજિન નામના બે ગુણસ્થાનનો કાળ રહેતો નથી. એ શંકાનો ઉત્તર આપે છે :—યથાખ્યાતચારિત્ર તો થયું, પરંતુ પરમ યથાખ્યાતચારિત્ર નથી. અહીં દૃષ્ટાન્ત છે—જેમ કોઈ મનુષ્ય ચોરી કરતો નથી

**चारित्रमोहोदयाभावेऽपि सयोगिकेवलिनां निष्क्रियशुद्धात्माचरणविलक्षणो योगत्रय-व्यापारश्चारित्रमलं जनयति, योगत्रयगते पुनरयोगिजिने चरमसमयं विहाय शेषाघाति-कर्मतीव्रोदयश्चारित्रमलं जनयति, चरमसमये तु मन्दोदये सति चारित्रमलाभावात् मोक्षं गच्छति। इति चतुर्दशगुणस्थानव्याख्यानं गतम्। इदानीं मार्गणाः कथ्यन्ते। ''गइ इंदियेसु काये जोगे वेदे कसायणाणे य। संयम दंसण लेस्सा भविया समत्तसण्णि आहारे।१।'' इति गाथाकथितक्रमेण गत्यादिचतुर्दशमार्गणा ज्ञातव्याः। तद्यथा—स्वात्मोपलब्धिसिद्धिविलक्षणा नारकतिर्यङ्मनुष्यदेवगतिभेदेन चतुर्विधा गतिमार्गणा भवति।१। अतीन्द्रियशुद्धात्म-तत्त्वप्रतिपक्षभूताह्येकद्वित्रिचतुःपञ्चेन्द्रियभेदेन पञ्चप्रकारेन्द्रियमार्गणा।२। अशरीरात्म-तत्त्वविसदृशी पृथिव्यप्तेजोवायुवनस्पतित्रसकायभेदेन षड्भेदा कायमार्गणा।३। निर्व्यापारशुद्धात्मपदार्थविलक्षणमनोवचनकाययोगभेदेन त्रिधा योगमार्गणा, अथवा विस्तरेण**

---

પણ તેને ચોરના સંસર્ગનો દોષ લાગે છે, તેમ સયોગ કેવળીઓને ચારિત્રનો નાશ કરનાર ચારિત્રમોહના ઉદયનો અભાવ હોવા છતાં નિષ્ક્રિય શુદ્ધાત્મ—આચરણથી વિલક્ષણ ત્રણ યોગનો વ્યાપાર ચારિત્રમાં દોષ ઉત્પન્ન કરે છે; તથા ત્રણ યોગનો જેમને અભાવ છે તે અયોગી જિનને, ચરમ સમય સિવાય, બાકી રહેલાં ચાર અઘાતીકર્મોનો તીવ્ર ઉદય ચારિત્રમાં દોષ ઉત્પન્ન કરે છે. ચરમ સમયે મંદ ઉદય હોતાં, ચારિત્રમાં દોષનો અભાવ થવાથી, તે મોક્ષને પામે છે.

એ રીતે ચૌદ ગુણસ્થાનોનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે માર્ગણાઓનું કથન કરવામાં આવે છે :—''**गइ इंदियेसु काये जोगे वेदे कसायणाणे य। संयम दंसण लेस्सा भविया सम्मत्तसण्णि आहारे॥** (ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર)'' એ રીતે ગાથામાં[1] કહેલા ક્રમ પ્રમાણે ગતિ આદિ ચૌદ માર્ગણા જાણવી. તે આ પ્રમાણે :—નિજ આત્માની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી વિલક્ષણ એવી ગતિમાર્ગણા નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના ભેદથી ચાર પ્રકારની છે. ૧. અતીન્દ્રિય શુદ્ધાત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત ઇન્દ્રિયમાર્ગણા એકેન્દ્રિય, બેઇંન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારની છે. ૨. અશરીરી આત્મતત્ત્વથી વિસદેશ એવી કાયમાર્ગણા પૃથ્વી, જળ, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના ભેદથી છ પ્રકારની છે. ૩. નિર્વ્યાપાર શુદ્ધાત્મપદાર્થથી વિલક્ષણ મન, વચન અને કાયયોગના ભેદથી યોગમાર્ગણા ત્રણ પ્રકારની છે; અથવા વિસ્તારથી સત્ય, અસત્ય, ઉભય

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૪૧

**सत्यासत्योभयानुभयभेदेन चतुर्विधो मनोयोगो वचनयोगश्च, औदारिकौदारिकमिश्र-वैक्रियिकवैक्रियिकमिश्राहारकाहारकमिश्रकार्मणकायभेदेन सप्तविधो काययोगश्चेति समुदायेन पञ्चदशविधा वा योगमार्गणा।४। वेदोदयोद्भवरागादिदोषरहितपरमात्मद्रव्याद्भिन्ना स्त्रीपुंनपुंसकभेदेन त्रिधा वेदमार्गणा।५। निष्कषायशुद्धात्मस्वभावप्रतिकूलक्रोध-लोभमायामानभेदेन चतुर्विधा कषायमार्गणा, विस्तरेण कषायनोकषायभेदेन पञ्चविंशतिविधा वा।६। मत्यादिसंज्ञापञ्चकं कुमत्याद्यज्ञानत्रयं चेत्यष्टविधा ज्ञानमार्गणा।७। सामायिकच्छेदोपस्थापनपरिहारविशुद्धिसूक्ष्मसांपराययथाख्यातभेदेन चारित्रं पञ्चविधम्, संयमासंयमस्तथैवासंयमश्चेति प्रतिपक्षद्वयेन सह सप्तप्रकारा संयममार्गणा।८। चक्षुरचक्षुरवधिकेवलदर्शनभेदेन चतुर्विधा दर्शनमार्गणा।९। कषायोदयरञ्जितयोगप्रवृत्ति-विसदृशपरमात्मद्रव्यप्रतिपन्थिनी[1] कृष्णनीलकापोततेजःपद्मशुक्लभेदेन षड्विधा लेश्यामार्गणा।१०। भव्याभव्यभेदेन द्विविधा भव्यमार्गणा।११। अत्राह शिष्यः—**

---

અને અનુભયરૂપ ભેદથી ચાર પ્રકારના મનોયોગ છે, એ જ રીતે (સત્ય, અસત્ય, ઉભય અને અનુભય એમ) ચાર પ્રકારના વચનયોગ છે, ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિયિક, વૈક્રિયિકમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણ—એવી રીતે કાયયોગના સાત પ્રકાર છે. એ પ્રમાણે બધી મળીને પંદર પ્રકારની યોગમાર્ગણા થઈ. ૪. વેદના ઉદયથી ઉત્પન્ન થતા રાગાદિદોષ રહિત પરમાત્મદ્રવ્યથી ભિન્ન એવી વેદમાર્ગણા સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદના ભેદથી ત્રણ પ્રકારની છે. ૫. નિષ્કષાય શુદ્ધાત્મસ્વભાવથી પ્રતિકૂળ ક્રોધ, માન, માયા અને લોભના ભેદથી ચાર પ્રકારની કષાયમાર્ગણા છે; વિસ્તારથી કષાય અને નોકષાયના ભેદથી પચ્ચીસ પ્રકારની કષાયમાર્ગણા છે. ૬. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તથા કુમતિ, કુશ્રુત અને કુઅવધિ—એ રીતે આઠ પ્રકારની જ્ઞાનમાર્ગણા છે. ૭. સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાતરૂપ ભેદથી ચારિત્ર પાંચ પ્રકારનું તથા સંયમાસંયમ અને અસંયમ એ બે પ્રતિપક્ષરૂપ ભેદ મળીને સાત પ્રકારની સંયમમાર્ગણા છે. ૮. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શનના ભેદથી ચાર પ્રકારની દર્શનમાર્ગણા છે. ૯. કષાયોદયરંજિત યોગપ્રવૃત્તિથી વિસદશ (કષાયના ઉદયથી રંજિત યોગની પ્રવૃત્તિથી વિપરીત) એવા પરમાત્મદ્રવ્યનો વિરોધ કરનારી લેશ્યામાર્ગણા કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લલેશ્યાના ભેદથી છ પ્રકારની છે. ૧૦. ભવ્ય અને અભવ્યના ભેદથી બે પ્રકારની ભવ્યમાર્ગણા છે. ૧૧.

---

१. 'प्रतिपक्षी' इति पाठान्तरं.

**शुद्धपारिणामिकपरमभावरूपशुद्धनिश्चयेन गुणस्थानमार्गणास्थानरहिता जीवा इत्युक्तं पूर्वम्, इदानीं पुनर्भव्याभव्यरूपेण मार्गणामध्येऽपि पारिणामिकभावो भणित इति पूर्वापरविरोधः ? अत्र परिहारमाह—पूर्वं शुद्धपारिणामिकभावापेक्षया गुणस्थानमार्गणानिषेधः कृतः, इदानीं पुनर्भव्याभव्यत्वद्वयमशुद्धपारिणामिकभावरूपं मार्गणामध्येऽपि घटते। ननु—शुद्धाशुद्धभेदेन पारिणामिकभावो द्विविधो नास्ति किन्तु शुद्ध एव ? नैवं यद्यपि सामान्यरूपेणोत्सर्गव्याख्यानेन शुद्धपारिणामिकभावः कथ्यते तथाप्यपवादव्याख्यानेनाशुद्धपारिणामिकभावोऽप्यस्ति। तथाहि— ''जीवभव्याभव्यत्वानि च'' इति तत्त्वार्थसूत्रे त्रिधा पारिणामिकभावो भणितः, तत्र शुद्ध-चैतन्यरूपं जीवत्वमविनश्वरत्वेन शुद्धद्रव्याश्रितत्वाच्छुद्धद्रव्यार्थिकसंज्ञः शुद्धपारिणामिकभावो भण्यते, यत्पुनः कर्मजनितदशप्राणरूपं जीवत्वं, भव्यत्वम्, अभव्यत्वं, चेति, त्रयं, तद्वि-नश्वरत्वेन पर्यायाश्रितत्वात्पर्यायार्थिकसंज्ञस्त्वशुद्धपारिणामिकभाव उच्यते। अशुद्धत्वं कथमिति चेत् ? यद्यप्येतदशुद्धपारिणामिकत्रयं व्यवहारेण संसारिजीवेऽस्ति तथापि ''सव्वे सुद्धा हु**

---

અહીં શિષ્ય કહે છે—શુદ્ધ પારિણામિકપરમભાવરૂપ શુદ્ધનિશ્ચયથી જીવો ગુણસ્થાન અને માર્ગણાસ્થાનરહિત છે—એમ પહેલાં[1] કહેવામાં આવ્યું છે અને હવે અહીં માર્ગણાના કથનમાં ભવ્ય અને અભવ્યરૂપે પારિણામિકભાવ કહ્યો. એ રીતે ત્યાં પૂર્વાપર વિરોધ આવે છે. તેનું અહીં સમાધાન કરે છે :—પહેલાં શુદ્ધ પારિણામિકભાવની અપેક્ષાથી ગુણસ્થાન અને માર્ગણાસ્થાનનો નિષેધ કર્યો હતો, પરંતુ અહીં ભવ્યત્વ અને અભવ્યત્વ એ બે, અશુદ્ધ પારિણામિકભાવરૂપ હોવાથી, માર્ગણાના કથનમાં ઘટે છે. જો એમ કહેવામાં આવે કે ''શુદ્ધ અને અશુદ્ધના ભેદથી પારિણામિકભાવ બે પ્રકારનો નથી પણ એક શુદ્ધ જ છે,'' તો એમ નથી; જોકે સામાન્યરૂપે ઉત્સર્ગ વ્યાખ્યાનથી શુદ્ધ પારિણામિકભાવ કહેવામાં આવે છે, તોપણ અપવાદ વ્યાખ્યાનથી અશુદ્ધ પારિણામિકભાવ પણ છે. જેમકે—''जीवभव्याभव्यत्वानि च'' એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રમાં જીવત્વ, ભવ્યત્વ, અને અભવ્યત્વરૂપ ત્રણ પ્રકારે પારિણામિકભાવ કહ્યો છે. ત્યાં શુદ્ધ ચૈતન્યરૂપ જીવત્વ અવિનશ્વરપણાને લીધે શુદ્ધદ્રવ્યને આશ્રિત હોવાથી 'શુદ્ધ -દ્રવ્યાર્થિક' એવી સંજ્ઞાવાળો શુદ્ધ પારિણામિકભાવ કહેવાય છે અને કર્મજનિત દશ પ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વરૂપ ત્રણે છે, તે વિનશ્વરપણાને લીધે પર્યાયાશ્રિત હોવાથી 'પર્યાયાર્થિક' એવી સંજ્ઞાવાળા અશુદ્ધ પારિણામિકભાવ કહેવાય છે. પ્રશ્ન :—અશુદ્ધપણું કેમ? ઉત્તર :—જોકે આ ત્રણ અશુદ્ધ પારિણામિકભાવ વ્યવહારથી સંસારી જીવમાં છે, તોપણ ''सव्वे सुद्धा हु सुद्धणया'' [શુદ્ધનયે સર્વ (સંસારી) જીવો ખરેખર શુદ્ધ છે]'' એ

---

૧. આ ગાથાના મથાળામાં કહ્યું છે.

**सुद्धणया'' इति वचनाच्छुद्धनिश्चयेन नास्ति त्रयं, मुक्तजीवे पुनः सर्वथैव नास्ति, इति हेतोरशुद्धत्वं भण्यते। तत्र शुद्धाशुद्धपारिणामिकमध्ये शुद्धपारिणामिकभावो ध्यानकाले ध्येयरूपो भवति ध्यानरूपो न भवति, कस्मात् ध्यानपर्यायस्य विनश्वरत्वात्, शुद्धपारिणामिकस्तु द्रव्यरूपत्वादविनश्वरः, इति भावार्थः। औपशमिकक्षायोपशमिकक्षायिकसम्यक्त्वभेदेन त्रिधा सम्यक्त्वमार्गणा मिथ्यादृष्टिसासादनमिश्रसंज्ञविपक्षत्रयभेदेन सह षड्विधा ज्ञातव्या।१२। संज्ञित्वासंज्ञित्वविसदृशपरमात्मस्वरूपाद्भिन्ना संज्ञ्यसंज्ञिभेदेन द्विधा संज्ञिमार्गणा।१३। आहारकानाहारकजीवभेदेनाहारकमार्गणापि द्विधा।१४। इति चतुर्दशमार्गणास्वरूपं ज्ञातव्यम्। एवं 'पुढविजलतेयवाऊ'' इत्यादिगाथाद्वयेन, तृतीयगाथापादत्रयेण च ''गुणजीवापज्जत्ती पाणा सण्णा य मग्गणाओय। उवओगोवि य कमसो वीसं तु परूवणा भणिया।१।'' इति गाथाप्रभृतिकथितस्वरूपं धवलजयधवलमहाधवलप्रबन्धाभिधानसिद्धान्तत्रयबीजपदं सूचितम्।**

---

વચનથી શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ (સંસારી જીવોમાં) એ ત્રણે ભાવ નથી અને મુક્ત જીવમાં તો સર્વથા નથી, એ હેતુથી અશુદ્ધપણું કહેવાય છે. ત્યાં શુદ્ધ અને અશુદ્ધ પારિણામિકભાવમાંથી [1]શુદ્ધપારિણામિકભાવ ધ્યાનના કાળે ધ્યેયરૂપ હોય છે, ધ્યાનરૂપ હોતો નથી, કારણ કે ધ્યાનપર્યાય વિનશ્વર છે અને શુદ્ધ પારિણામિકભાવ તો દ્રવ્યરૂપ હોવાથી અવિનશ્વર છે. આમ ભાવાર્થ છે.

ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વના ભેદથી ત્રણ પ્રકારની સમ્યક્ત્વ-માર્ગણા—મિથ્યાદર્શન, સાસાદન અને મિશ્ર એ ત્રણ વિપરીત ભેદસહિત—છ પ્રકારની જાણવી. ૧૨. સંજ્ઞી અને અસંજ્ઞીપણાથી વિસદ્દશ એવા પરમાત્મસ્વરૂપથી ભિન્ન સંજ્ઞીમાર્ગણા સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદથી બે પ્રકારની છે. ૧૩. આહારક અને અનાહારક જીવોના ભેદથી આહારમાર્ગણા પણ બે પ્રકારની છે. ૧૪.

એ રીતે ચૌદ માર્ગણાનું સ્વરૂપ જાણવું.

આ રીતે ''**पुढविजलतेयवाऊ**'' ઈત્યાદિ બે ગાથાથી અને ત્રીજી ગાથાના ત્રણ પાદથી ગ્રંથકારે ધવલ-જયધવલ-મહાધવલપ્રબંધ નામના ત્રણ સિદ્ધાંતગ્રંથોના બીજપદને સૂચિત કર્યું છે–કે જેનું સ્વરૂપ (જે બીજપદનું સ્વરૂપ) ''**गुणजीवापज्जत्ती पाणा सण्णा य मग्गणाओय। उवओगोवि य कमसो वीसं तु परूवणा भणिया।**'' ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ચૌદ માર્ગણા અને ઉપયોગથી—એમ ક્રમપૂર્વક વીશ પ્રરૂપણા[2] કહી છે.)'' એ

---

૧. ત્રણે કાળે શુદ્ધતા પ્રગટ કરવા માટે આ દ્રવ્યરૂપ શુદ્ધ પારિણામિકભાવ આશ્રય કરવા યોગ્ય છે.

૨. ગોમ્મટસાર જીવકાંડ ગાથા–૨.

''सव्वे सुद्धा हु सुद्धणया'' इति शुद्धात्मतत्त्वप्रकाशकं तृतीयगाथाचतुर्थपादेन पञ्चास्तिकाय-प्रवचनसारसमयसाराभिधानप्राभृतत्रयस्यापि बीजपदं सूचितमिति। अत्र गुणस्थानमार्गणादिमध्ये केवलज्ञानदर्शनद्वयं क्षायिकसम्यक्त्वमनाहारकशुद्धात्मस्वरूपं च साक्षादुपादेयं, यत्पुनश्च शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणलक्षणं कारणसमयसारस्वरूपं तत्तस्यैवोपादेयभूतस्य विवक्षितैकदेशशुद्धनयेन साधकत्वात्पारम्पर्येणोपादेयं शेषं तु हेयमिति। यच्चाध्यात्मग्रन्थस्य बीजपदभूतं शुद्धात्मस्वरूपमुक्तं तत्पुनरुपादेयमेव। अनेन प्रकारेण जीवाधिकारमध्ये शुद्धाशुद्धजीवकथनमुख्यत्वेन सप्तमस्थले गाथात्रयं गतम् ।।१३।।

अथेदानीं गाथापूर्वार्द्धेन सिद्धस्वरूपमुत्तरार्द्धेन पुनरूर्ध्वगतिस्वभावं च कथयति—

**णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा।**
**लोयग्गठिदा णिच्चा उप्पादवएहिं संजुत्ता ।।१४।।**

---

(ગોમ્મટસારની) ગાથા વગેરેમાં કહ્યું. ''सव्वे सुद्धा हु सुद्धणया (શુદ્ધનયે સર્વ જીવો ખરેખર શુદ્ધ છે)'' એ ત્રીજી ગાથાના ચોથા પાદથી—કે જે શુદ્ધાત્મતત્ત્વનું પ્રકાશક છે તેનાથી—પંચાસ્તિકાય, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ પ્રાભૃતના બીજપદને સૂચિત કર્યું છે.

અહીં ગુણસ્થાન અને માર્ગણાસ્થાન વગેરેમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન—એ બે, ક્ષાયિકસમ્યક્ત્વ, અનાહારક શુદ્ધાત્મસ્વરૂપ સાક્ષાત્[1] ઉપાદેય છે અને શુદ્ધાત્માનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ કારણસમયસાર છે તે, તે જ ઉપાદેયભૂતનો (કેવળજ્ઞાનાદિનો) વિવક્ષિત એકદેશ શુદ્ધનયની અપેક્ષાએ સાધક હોવાથી પરંપરાએ ઉપાદેય છે; એ સિવાય બધું હેય છે. જે અધ્યાત્મ-ગ્રન્થના બીજપદભૂત શુદ્ધાત્મસ્વરૂપ કહ્યું તે તો ઉપાદેય જ છે.

આ રીતે જીવાધિકારમાં શુદ્ધ અને અશુદ્ધ જીવના કથનની મુખ્યતાથી સાતમા સ્થળે ત્રણ ગાથા પૂરી થઈ. ૧૩.

હવે, અહીં ગાથાના પૂર્વાર્ધથી સિદ્ધોનું સ્વરૂપ અને ઉત્તરાર્ધથી તેમનો ઊર્ધ્વગમન સ્વભાવ કહે છે :—

---

૧. પ્રગટ કરવા યોગ્ય તરીકે ઉપાદેય છે.

અષ્ટકર્મ હતિ અઠ ગુણ પાય, ચરમદેહતૈં કિછૂ ઉનાય;
લોકઅંત થિત સિદ્ધ કહાય, નિત ઉત્પાદ નાશ હૂ ભાય. ૧૪.

निष्कर्म्माणः अष्टगुणाः किंचिदूनाः चरमदेहतः सिद्धाः।
लोकाग्रस्थिताः नित्याः उत्पादव्ययाभ्यां संयुक्ताः।।१४।।

व्याख्या—'सिद्धा' सिद्धा भवन्तीति क्रियाध्याहारः। किं विशिष्टाः? ''णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो'' निष्कर्माणोऽष्टगुणाः किञ्चिदूनाश्चरमदेहतः सकाशादिति सूत्रपूर्वार्द्धेन सिद्धस्वरूपमुक्तम्। ऊर्ध्वगमनं कथ्यते 'लोयग्गठिदा णिच्चा उप्पादवएहिं संजुत्ता'' ते च सिद्धा लोकाग्रस्थिता नित्या उत्पादव्ययाभ्यां संयुक्ताः। अतो विस्तरः—कर्मारिविध्वंसकस्वशुद्धात्मसंवित्तिबलेन ज्ञानावरणादिमूलोत्तरगतसमस्तकर्मप्रकृतिविनाशकत्वादष्टकर्मरहिताः ''सम्मत्तणाणदंसणवीरियसुहुमं तहेव अवगहणं। अगुरुलहुअव्वबाहं अट्ठगुणा होंति सिद्धाणं।१। इति गाथाकथितक्रमेण तेषामष्टकर्मरहितानामष्टगुणाः कथ्यन्ते।

---

ગાથા ૧૪

ગાથાર્થ :—સિદ્ધ ભગવાન કર્મોથી રહિત છે, આઠ ગુણોના ધારક છે, અંતિમ શરીરથી કાંઈક ન્યૂન (ઓછા) આકારવાળા છે, લોકના અગ્રભાગે સ્થિત છે, નિત્ય છે અને ઉત્પાદ-વ્યયથી યુક્ત છે.

ટીકા :—''सिद्धा'' સિદ્ધો હોય છે. એ રીતે અહીં 'भवन्ति' (હોય છે)'' ક્રિયા અધ્યાહાર છે. કેવા હોય છે? ''णिक्कम्मा अट्ठगुणाः किंचूणा चरमदेहदो'' કર્મોથી રહિત, આઠ ગુણોથી સહિત, અંતિમ શરીરથી કાંઈક ન્યૂન એવા સિદ્ધ છે—હોય છે; એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધથી સિદ્ધોનું સ્વરૂપ કહ્યું. હવે, તેમનો ઊર્ધ્વગમન સ્વભાવ કહેવામાં આવે છે : ''लोयग्गठिदा णिच्चा उप्पादवएहिं संजुत्ता'' તે સિદ્ધ ભગવંતો લોકના અગ્રભાગમાં સ્થિત છે, નિત્ય છે અને ઉત્પાદ-વ્યયથી સંયુક્ત છે.

હવે વિસ્તાર કહેવામાં આવે છે :—કર્મશત્રુઓના વિધ્વંસક સ્વશુદ્ધાત્માની સંવિત્તિના (સંવેદનના) બળથી જ્ઞાનાવરણાદિ મૂળ અને ઉત્તર સમસ્ત કર્મપ્રકૃતિઓનો વિનાશ કરવાને કારણે સિદ્ધભગવાન આઠ કર્મથી રહિત છે. ''सम्मत्तणाणदंसणवीरियसुहुमं तहेव अवगहणं। अगुरुलहुअव्वबाहं अट्ठगुणा होंति सिद्धाणं।१। (સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ—એ આઠ ગુણો સિદ્ધોને હોય છે)'' એ ગાથામાં[૧] કહેલા ક્રમપૂર્વક, આઠ કર્મરહિત એવા તે સિદ્ધોના આઠ ગુણો કહેવામાં આવે છે.

---

૧. વસુનન્દી શ્રાવકાચાર ગાથા-૫૩૭

तथाहि—केवलज्ञानादिगुणास्पदनिजशुद्धात्मैवोपादेयं इति रुचिरूपं निश्चयसम्यक्त्वं यत्पूर्वं तपश्चरणावस्थायां भावितं तस्य फलभूतं समस्तजीवादितत्त्वविषये विपरीताभिनिवेश-रहितपरिणतिरूपं परमक्षायिकसम्यक्त्वं भण्यते। पूर्वं छद्मस्थावस्थायां भावितस्य निर्विकारस्वसंवेदनज्ञानस्य फलभूतं युगपल्लोकालोकसमस्तवस्तुगतविशेषपरिच्छेदकं केवलज्ञानम्। निर्विकल्पस्वशुद्धात्मसत्तावलोकनरूपं यत्पूर्वं दर्शनं भावितं तस्यैव फलभूतं युगपल्लोकालोकसमस्तवस्तुगतसामान्यग्राहकं केवलदर्शनम्। कस्मिंश्चित्स्वरूपचलनकारणे जाते सति घोरपरीषहोपसर्गादौ निजनिरञ्जनपरमात्मध्याने पूर्वं यत् धैर्यमवलम्बितं तस्यैव फलभूतमनन्तपदार्थपरिच्छित्तिविषये खेदरहितत्वमनन्तवीर्यम्। सूक्ष्मातीन्द्रियकेवलज्ञान-विषयत्वात्सिद्धस्वरूपस्य सूक्ष्मत्वं भण्यते। एकदीपप्रकाशे नानादीपप्रकाशवदेकसिद्धक्षेत्रे सङ्करव्यतिकरदोषपरिहारेणानन्तसिद्धावकाशदानसामर्थ्यमवगाहनगुणो भण्यते। यदि सर्वथा गुरुत्वं भवति तदा लोहपिण्डवदधःपतनं, यदि च सर्वथा लघुत्वं भवति तदा

---

'કેવળજ્ઞાનાદિ ગુણોના સ્થાનરૂપ નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે' એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ જે પહેલાં તપશ્ચર્યાની અવસ્થામાં ભાવિત કર્યું હતું. (ભાવ્યું હતું—અનુભવ્યું હતું) તેના ફળભૂત, સમસ્ત જીવાદિ તત્ત્વોના વિષયમાં વિપરીત-અભિનિવેશરહિત પરિણતિરૂપ 'પરમ ક્ષાયિકસમ્યક્ત્વ' કહેવાય છે. ૧.

પૂર્વે છદ્મસ્થ અવસ્થામાં ભાવિત કરેલા (ભાવનામાં આવેલા, અનુભવેલા) નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનના ફળભૂત, યુગપદ્ લોક અને અલોકની સમસ્ત વસ્તુઓના વિશેષોને જાણનાર 'કેવળજ્ઞાન' છે. ૨. જે નિર્વિકલ્પ એવા સ્વશુદ્ધાત્મસત્તાના અવલોકનરૂપ દર્શન પૂર્વે ભાવિત કર્યું હતું તેના જ ફળભૂત, યુગપદ્ લોકાલોકની સમસ્ત વસ્તુઓના સામાન્યને ગ્રહણ કરનાર 'કેવળદર્શન' છે. ૩. આત્મસ્વરૂપથી ચલિત થવાનું કોઈ કારણ ઉત્પન્ન થતાં ઘોર પરિષહ કે ઉપસર્ગાદિને વિષે નિજનિરંજન પરમાત્માના ધ્યાનમાં પૂર્વે જે ધૈર્યનું અવલંબન કર્યું હતું તેના જ ફળભૂત, અનંત પદાર્થોને જાણવામાં ખેદના અભાવરૂપ 'અનંતવીર્ય' છે. ૪. સૂક્ષ્મ અતીન્દ્રિય કેવળજ્ઞાનનો વિષય હોવાને લીધે સિદ્ધોના સ્વરૂપને 'સૂક્ષ્મત્વ' કહેવાય છે. ૫. એક દીવાના પ્રકાશમાં જેમ અનેક દીવાનો પ્રકાશ સમાઈ જાય છે, તેમ એક સિદ્ધના ક્ષેત્રમાં સંકર-વ્યતિકર દોષ વિના અનંત સિદ્ધોને અવકાશ દેવાનું સામર્થ્ય તે 'અવગાહન' ગુણ કહેવાય છે. ૬. જો સિદ્ધ સર્વથા ગુરુ હોય તો લોઢાના પિંડની જેમ તે નીચે પડે; અને જો સર્વથા લઘુ હોય તો પવનથી પ્રેરિત આકોલિયાના રૂની જેમ સદાય ઊડ્યા જ કરે; પણ એમ નથી. તેથી તેમને 'અગુરુલઘુ' ગુણ કહેવામાં આવે છે.

वाताहतार्कतूलवत्सर्वदैव भ्रमणमेव स्यान्न च तथा तस्मादगुरुलघुत्वगुणोऽभिधीयते। सहजशुद्धस्वरूपानुभवसमुत्पन्नरागादिविभावरहितसुखामृतस्य यदेकदेशसंवेदनं कृतं पूर्वं तस्यैव फलभूतमव्याबाधमनन्तसुखं भण्यते। इति मध्यमरुचिशिष्यापेक्षया सम्यक्त्वादिगुणाष्टकं भणितम्। विस्तररुचिशिष्यं प्रति पुनर्विशेषभेदनयेन निर्गतित्वं, निरिन्द्रियत्वं, निष्कायत्वं, निर्योगत्वं, निर्वेदत्वं, निष्कषायत्वं, निर्नामत्वं, निर्गोत्रत्वं, निरायुषत्वमित्यादिविशेषगुणास्तथैवास्तित्ववस्तुत्वप्रमेयत्वादिसामान्यगुणाः स्वागमाविरोधेनानन्ता ज्ञातव्याः। संक्षेपरुचिशिष्यं प्रति पुनर्विवक्षिताभेदनयेनानन्तज्ञानादिचतुष्टयम्, अनन्तज्ञानदर्शनसुखत्रयं, केवलज्ञानदर्शनद्वयं, साक्षादभेदनयेन शुद्धचैतन्यमेवैको गुण इति। पुनरपि कथंभूताः सिद्धाः? चरमशरीरात् किञ्चिदूना भवन्ति। तत् किञ्चिदूनत्वं शरीरोपाङ्गजनितनासिकादिछिद्राणामपूर्णत्वे सति यस्मिन्नेव क्षणे सयोगिचरमसमये त्रिंशत्प्रकृति–उदयविच्छेदमध्ये शरीरोपाङ्गनामकर्मविच्छेदो जातस्तस्मिन्नेव क्षणे जातमिति ज्ञातव्यम्। कश्चिदाह—यथा प्रदीपस्य भाजनाद्यावरणे गते

---

૭. સહજશુદ્ધસ્વરૂપ—અનુભવથી ઉત્પન્ન, રાગાદિ વિભાવરહિત સુખામૃતનું એકદેશ સંવેદન જે પહેલા કર્યું હતું તેના જ ફળીભૂત 'અવ્યાબાધ અનંતસુખ' કહેવામાં આવે છે. ૮. એ પ્રમાણે મધ્યમરુચિવાળા શિષ્ય માટે સમ્યક્ત્વાદિ આઠ ગુણોનું કથન કર્યું.

વિસ્તારરુચિ શિષ્યને માટે વિશેષ ભેદનયે નિર્ગતિત્વ (ગતિરહિતપણું) નિરિન્દ્રિયત્વ (ઇન્દ્રિયરહિતપણું), નિષ્કાયત્વ (શરીરરહિતપણું), નિર્યોગત્વ (યોગરહિતપણું), નિર્વેદત્વ (વેદરહિતપણું), નિષ્કષાયત્વ (કષાયરહિતપણું), નિર્નામત્વ (નામરહિતપણું), નિર્ગોત્રત્વ (ગોત્રરહિતપણું), નિરાયુષત્વ (આયુષ્યરહિતપણું)—ઇત્યાદિ વિશેષ ગુણો તેમજ અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વાદિ સામાન્ય ગુણો સ્વ-આગમથી અવિરોધપણે (જૈનાગમ અનુસાર) અનંત જાણવા.

સંક્ષેપરુચિ શિષ્ય માટે વિવક્ષિત અભેદનયે (સિદ્ધને) અનંતજ્ઞાન આદિ ચાર ગુણ અથવા અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતસુખ એ ત્રણ ગુણ અથવા કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ગુણ છે; સાક્ષાત્ અભેદનયથી શુદ્ધચૈતન્ય જ એક ગુણ છે.

વળી તે સિદ્ધો કેવા છે? ચરમ (અંતિમ) શરીરથી કાંઈક ન્યૂન છે. તે કિંચિત્ ન્યૂનપણું છે તે, શરીર-ઉપાંગજનિત નાસિકાદિ છિદ્રો અપૂર્ણ હોવાથી જે ક્ષણે સયોગી ગુણસ્થાનના ચરમ સમયે ત્રીસ પ્રકૃતિઓના ઉદયનો નાશ થયો, તેમાં શરીરોપાંગ નામકર્મનો પણ નાશ થયો તે જ ક્ષણે થઈ ગયું એમ જાણવું. કોઈ શંકા કરે કે—જેમ દીવાને ઢાંકનાર પાત્ર આદિ

प्रकाशस्य विस्तारो भवति तथा देहाभावे लोकप्रमाणेन भाव्यमिति? तत्र परिहारमाह— प्रदीपसम्बन्धी योऽसौ प्रकाशविस्तारः पूर्वं स्वभावेनैव तिष्ठति पश्चादावरणं जातं; जीवस्य तु लोकमात्रसंख्येयप्रदेशत्वं स्वभावो भवति यस्तु प्रदेशानां सम्बन्धी विस्तारः स स्वभावो न भवति। कस्मादिति चेत्, पूर्वं लोकमात्रप्रदेशा विस्तीर्णा निरावरणास्तिष्ठन्ति, पश्चात् प्रदीपवदावरणं जातमेव। तन्न, किन्तु पूर्वमेवानादिसन्तानरूपेण शरीरेणावृतास्तिष्ठन्ति ततः कारणात्प्रदेशानां संहारो न भवति, विस्तारश्च शरीरनामकर्माधीन एव, न च स्वभावस्तेन कारणेन शरीराभावे विस्तारो न भवति। अपरमप्युदाहरणं दीयते—यथा हस्तचतुष्टयप्रमाणवस्त्रं पुरुषेण मुष्टौ बद्धं तिष्ठति पुरुषाभावे सङ्कोचविस्तारौ वा न करोति, निष्पत्तिकाले सार्द्रं मृन्मयभोजनं वा शुष्कं सज्जलाभावे सति; तथा जीवोऽपि पुरुषस्थानीयजलस्थानीयशरीराभावे विस्तारसंकोचौ न करोति। यत्रैव मुक्तस्तत्रैव तिष्ठतीति ये केचन वदन्ति, तन्निषेधार्थं पूर्वप्रयोगादसङ्गत्वाद्बन्धच्छेदात्तथा गतिपरिणामात् चेति

---

દૂર થતાં, દીવાના પ્રકાશનો વિસ્તાર થઈ જાય છે; તેમ શરીરનો અભાવ થતાં સિદ્ધનો આત્મા પણ ફેલાઈને લોકપ્રમાણ થઈ જવો જોઈએ. તેનું સમાધાન કરવામાં આવે છે :—દીપકના પ્રકાશનો જે વિસ્તાર છે તે પહેલાં સ્વભાવથી જ હોય છે, પાછળથી તે દીપકને આવરણ થયું છે; પરંતુ જીવને તો લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશીપણું સ્વભાવ છે, પ્રદેશોનો જે વિસ્તાર તે સ્વભાવ નથી. પ્રશ્ન :—'એમ શા માટે? પહેલાં જીવના લોકપ્રમાણ પ્રદેશો વિસ્તીર્ણ (—લોકમાં ફેલાયેલા), નિરાવરણ હોય છે અને પાછળથી દીવાની જેમ આવરણ થયું છે.' ઉત્તર :—એ પ્રમાણે નથી. પરંતુ જીવના પ્રદેશ તો પહેલેથી જ અનાદિ-સંતાનરૂપે શરીરથી આવૃત્ત રહ્યા છે, તેથી (જીવના) પ્રદેશોનો સંકોચ (પાછળથી) થતો નથી. વળી વિસ્તાર શરીરનામકર્મને આધીન જ છે, સ્વભાવ નથી; તે કારણે શરીરનો અભાવ થતાં પ્રદેશોનો વિસ્તાર થતો નથી. અહીં અન્ય પણ ઉદાહરણ આપવામાં આવે છે : (૧) જેમ ચાર હાથ લાંબું વસ્ત્ર કોઈ મનુષ્યે મુટ્ઠીમાં રાખ્યું હોય તે, (મૂટ્ઠી ખોલી નાખ્યા પછી) પુરુષના અભાવમાં સંકોચ કે વિસ્તાર કરતું નથી, અથવા (૨) જેમ ભીની માટીનું વાસણ બનતી વખતે સંકોચ અને વિસ્તારને પ્રાપ્ત થાય છે, પણ જ્યારે તે સુકાઈ જાય છે ત્યારે જળનો અભાવ થવાથી સંકોચ અને વિસ્તાર પામતું નથી; તેમ (મુક્ત) જીવ પણ (૧) પુરુષસ્થાનીય અથવા (૨) જળસ્થાનીય શરીરનો અભાવ થતાં સંકોચ—વિસ્તાર પામતો નથી.

કોઈ કહે છે કે "જીવ જ્યાં મુક્ત થાય છે ત્યાં જ રહે છે" તેનો નિષેધ કરવા માટે, પૂર્વના પ્રયોગથી, અસંગ હોવાથી, બંધનો છેદ થવાથી તથા ગતિ પરિણામથી—આ ચાર

हेतुचतुष्टयेन तथैवाविद्धकुलालचक्रवद् व्यपगतलेपालाबुवदेरण्डबीजवदग्निशिखावच्चेति दृष्टान्तचतुष्टयेन च स्वभावोर्द्धगमनं ज्ञातव्यं, तच्च लोकाग्रपर्यन्तमेव, न च परतो धर्मास्तिकायाभावादिति। 'नित्या' इति विशेषणं तु, मुक्तात्मनां कल्पशतप्रमितकाले गते जगति शून्ये जाते सति पुनरागमनं भवतीति सदाशिववादिनो वदन्ति, तन्निषेधार्थं विज्ञेयम्। 'उत्पादव्ययसंयुक्तत्वं', विशेषणं, सर्वथैवापरिणामित्वनिषेधार्थमिति। किञ्च विशेषः निश्चलाविनश्वरशुद्धात्मस्वरूपाद्भिन्नं सिद्धानां नारकादिगतिषु भ्रमणं नास्ति कथमुत्पादव्ययत्वमिति ? तत्र परिहारः—आगमकथितागुरुलघुषट्स्थानपतितहानिवृद्धिरूपेण येऽर्थपर्यायास्तदपेक्षया अथवा येन येनोत्पादव्ययध्रौव्यरूपेण प्रतिक्षणं ज्ञेयपदार्थाः परिणमन्ति तत्परिच्छित्त्याकारेणानीहितवृत्त्या सिद्धज्ञानामपि परिणमति तेन कारणेनोत्पादव्ययत्वम्, अथवा व्यञ्जनपर्यायापेक्षया संसारपर्यायविनाशः सिद्धपर्यायोत्पादः, शुद्धजीवद्रव्यत्वेन ध्रौव्यमिति। एवं

---

હેતુઓ દ્વારા, તેમજ કુંભારના ઘૂમતા ચાકની જેમ, જેનો માટીનો લેપ દૂર થયો હોય એવા તુંબડાની જેમ, એરંડના બીજની જેમ અને અગ્નિની શિખાની જેમ—આ ચાર દૃષ્ટાંતો દ્વારા, જીવને 'સ્વભાવથી જ ઊર્ધ્વગમન જાણવું,' અને તે (ઊર્ધ્વગમન) લોકના અગ્રભાગ સુધી જ થાય છે એથી આગળ થતું નથી, કેમકે ધર્માસ્તિકાયનો (આગળ) અભાવ છે.

'સિદ્ધ ભગવાન નિત્ય છે' એમ જે 'નિત્ય' વિશેષણ છે તે, સદાશિવવાદી એમ કહે છે કે 'કલ્પપ્રમાણ સમય વીત્યે જ્યારે જગત શૂન્ય થઈ જાય છે ત્યારે મુક્ત જીવોનું સંસારમાં પુનરાગમન થાય છે, તેનો નિષેધ કરવા માટે છે, એમ જાણવું.

સિદ્ધ ભગવાનનું એક વિશેષણ 'ઉત્પાદ–વ્યયસંયુક્તપણું' એવું છે, તે સર્વથા અપરિણામીપણાનો નિષેધ કરવા માટે છે.

વળી અહીં વિશેષ સમજાવવામાં આવે છે :—નિશ્ચળ અવિનશ્વર શુદ્ધાત્મસ્વરૂપથી ભિન્ન નારકાદિ ગતિમાં સિદ્ધોને ભ્રમણ હોતું નથી, તો સિદ્ધોમાં ઉત્પાદ-વ્યય કેવી રીતે હોય? તેનું સમાધાન :—(૧) આગમમાં કહ્યા પ્રમાણે અગુરુલઘુગુણના ષટ્‌સ્થાનપતિત હાનિ-વૃદ્ધિરૂપે જે અર્થપર્યાયો છે તે અપેક્ષાએ (સિદ્ધ ભગવાનને ઉત્પાદ-વ્યય ઘટે છે), અથવા (૨) જ્ઞેય પદાર્થો પોતાના જે જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે પ્રતિ સમય પરિણમે છે તેની જ્ઞપ્તિના આકારે અનીહિતવૃત્તિએ (વિના ઇચ્છાએ) સિદ્ધનું જ્ઞાન પણ પરિણમે છે તે કારણે સિદ્ધ ભગવાનને ઉત્પાદ-વ્યય ઘટે છે, અથવા (૩) વ્યંજન પર્યાયની અપેક્ષાએ સિદ્ધોને સંસાર પર્યાયનો વિનાશ, સિદ્ધપર્યાયનો ઉત્પાદ અને શુદ્ધ જીવદ્રવ્યપણે ધ્રૌવ્ય છે.

**नयविभागेन नवाधिकारैजीवद्रव्यं ज्ञातव्यम् अथवा तदेव बहिरात्मान्तरात्मपरमात्मभेदेन त्रिधा भवति। तद्यथा—स्वशुद्धात्मसंवित्तिसमुत्पन्नवास्तवसुखात्प्रतिपक्षभूतेनेन्द्रियसुखेनासक्तो बहिरात्मा, तद्विलक्षणोऽन्तरात्मा। अथवा देहरहितनिजशुद्धात्मद्रव्यभावनालक्षणभेदज्ञान-रहितत्वेन देहादिपरद्रव्येष्वेकत्वभावनापरिणतो बहिरात्मा, तस्मात्प्रतिपक्षभूतोऽन्तरात्मा। अथवा हेयोपादेयविचारकचित्तं, निर्दोषपरमात्मनो भिन्न रागादयो दोषाः, शुद्धचैतन्यलक्षण आत्मा, इत्युक्तलक्षणेषु चित्तदोषात्मसु त्रिषु वीतरागसर्वज्ञप्रणीतेषु अन्येषु वा पदार्थेषु यस्य परस्परसापेक्षनयविभाजेन श्रद्धानं ज्ञानं च नास्ति स बहिरात्मा, तस्माद्विसदृशोऽन्तरात्मेति रूपेण बहिरात्मान्तरात्मनोर्लक्षणं ज्ञातव्यम्। परमात्मलक्षणं कथ्यते—सकलविमलकेवलज्ञानेन येन कारणेन समस्तं लोकालोकं जानाति व्याप्नोति तेन कारणेन विष्णुर्भण्यते। परमब्रह्मसंज्ञनिजशुद्धात्मभावनासमुत्पन्नसुखामृततृप्तस्य सत उर्वशीरम्भातिलोत्तमाभिर्देव-कन्याभिरपि यस्य ब्रह्मचर्यव्रतं न खण्डितं स परमब्रह्म भण्यते। केवलज्ञानादिगुणैश्वर्ययुक्तस्य**

---

એ રીતે નયવિભાગથી નવ અધિકારો દ્વારા જીવદ્રવ્ય જાણવું.

અથવા તે જ (જીવ) બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના ભેદથી ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે :—સ્વશુદ્ધાત્મસંવિત્તિથી ઉત્પન્ન વાસ્તવિક સુખથી પ્રતિપક્ષભૂત ઇન્દ્રિયસુખમાં આસક્ત (જીવ) બહિરાત્મા છે અને તેનાથી વિલક્ષણ જીવ અંતરાત્મા છે; અથવા દેહરહિત નિજશુદ્ધાત્મદ્રવ્યની ભાવના જેનું લક્ષણ છે એવા ભેદજ્ઞાનથી રહિત હોવાથી દેહાદિ પરદ્રવ્યોમાં એકત્વભાવનારૂપ પરિણમેલો જીવ બહિરાત્મા છે, તેનાથી પ્રતિપક્ષભૂત અંતરાત્મા છે. અથવા હેય અને ઉપાદેયનો વિચાર કરનારું 'ચિત્ત', નિર્દોષ પરમાત્માથી ભિન્ન રાગાદિ 'દોષ' અને શુદ્ધચૈતન્યલક્ષણ 'આત્મા'; —એ ત્રણનાં તથા વીતરાગ —સર્વજ્ઞપ્રણીત અન્ય પદાર્થોનાં જેને પરસ્પર સાપેક્ષ નયવિભાગથી શ્રદ્ધાન અને જ્ઞાન નથી તે બહિરાત્મા છે, તેનાથી વિરુદ્ધ અંતરાત્મા છે—એ રીતે બહિરાત્મા અને અંતરાત્માનું લક્ષણ જાણવું.

(હવે) પરમાત્માનું લક્ષણ કહેવામાં આવે છે :—જેથી સકળવિમળ કેવળજ્ઞાનવડે સમસ્ત લોકાલોકને જાણે છે—વ્યાપે છે, તેથી 'વિષ્ણુ' કહેવાય છે. પરમબ્રહ્મ નામક નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતવડે તૃપ્ત હોવાથી ઉર્વશી, રંભા, તિલોત્તમા વગેરે દેવકન્યાઓ વડે પણ જેમનું બ્રહ્મચર્યવ્રત ખંડિત થતું નથી, તે 'પરમબ્રહ્મ' કહેવાય છે. કેવળજ્ઞાનાદિ ગુણરૂપી ઐશ્વર્યથી સહિત હોવાને લીધે દેવેન્દ્રાદિ પણ તે પદની અભિલાષા

**सतो देवेन्द्रादयोऽपि तत्पदाभिलाषिणः सन्तो यस्याज्ञां कुर्वन्ति स ईश्वराभिधानो भवति। केवलज्ञानशब्दवाच्यं गतं ज्ञानं यस्य स सुगतः, अथवा शोभनमविनश्वरं मुक्तिपदं गतः सुगतः। ''शिवं परमकल्याणं निर्वाणं [1]ज्ञानमक्षयम्। प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्त्तितः।१।'' इति श्लोककथितलक्षणः शिवः। कामक्रोधादिदोषजयेनानन्तज्ञानादिगुणसहितो जिनः। इत्यादिपरमागमकथिताष्टोत्तरसहस्रसंख्यनामवाच्यः परमात्मा ज्ञातव्यः। एवमेतेषु त्रिविधात्मसु मध्ये मिथ्यादृष्टिभव्यजीवे बहिरात्मा व्यक्तिरूपेण तिष्ठति, अन्तरात्मपरमात्मद्वयं शक्तिरूपेण भाविनैगमनयापेक्षया व्यक्तिरूपेण च। अभव्यजीवे पुनर्बहिरात्मा व्यक्तिरूपेण अन्तरात्मपरमात्मद्वयं शक्तिरूपेणैव, न च भाविनैगमनयेनेति। यद्यभव्यजीवे परमात्मा शक्तिरूपेण वर्तते तर्हि कथमभव्यत्वमिति चेत्? परमात्मशक्तेः केवलज्ञानादिरूपेण व्यक्तिः न भविष्यतीत्यभव्यत्वं, शक्तिः पुनः शुद्धनयेनोभयत्र समाना।**

---

કરતા થકા જેમની આજ્ઞા માને છે તે 'ઈશ્વર' નામ પામે છે. કેવળજ્ઞાન શબ્દથી વાચ્ય, 'સુ' અર્થાત્ ઉત્તમ, 'ગત' અર્થાત્ જ્ઞાન જેમને છે તે 'સુગત' છે, અથવા જે શોભાયમાન અવિનશ્વર મુક્તિપદને પામ્યા છે તે 'સુગત' છે. ''**शिवं परमकल्याणं निर्वाणं ज्ञानमक्षयम्। प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्त्तितः।१।**'' (શિવ એટલે પરમકલ્યાણ, નિર્વાણ અને અક્ષયજ્ઞાનરૂપ મુક્તિપદને જે પામ્યા છે તે 'શિવ[2]' કહેવાય છે)''—એ શ્લોકમાં કહેલ લક્ષણવાળા 'શિવ' છે. કામ-ક્રોધાદિ દોષનો જય કરવાથી અનંતજ્ઞાનાદિ ગુણસહિત તે 'જિન' છે. –ઈત્યાદિ પરમાગમમાં કહેલ એક હજાર અને આઠ નામથી વાચ્ય પરમાત્મા જાણવા.

એ પ્રમાણે આ ત્રિવિધ આત્માઓને વિષે, મિથ્યાદ્રષ્ટિ ભવ્યજીવમાં બહિરાત્મા વ્યક્તરૂપે રહે છે, અંતરાત્મા અને પરમાત્મા—એ બે શક્તિરૂપે રહે છે અને ભાવિનૈગમનયની અપેક્ષાએ વ્યક્તિરૂપે પણ રહે છે. અભવ્યજીવમાં બહિરાત્મા વ્યક્તરૂપે તથા અંતરાત્મા અને પરમાત્મા—એ બે શક્તિરૂપે જ રહે છે; ભાવિનૈગમનયની અપેક્ષાએ પણ તેમાં અંતરાત્મા અને પરમાત્મા વ્યક્તિરૂપે રહેતી નથી. પ્રશ્ન :—જો અભવ્યજીવમાં પરમાત્મા શક્તિરૂપે રહે તો તેનામાં અભવ્યત્વ કેવી રીતે છે? ઉત્તર :—અભવ્યજીવમાં પરમાત્મશક્તિની વ્યક્તતા કેવળજ્ઞાનાદિરૂપે નહિ થાય તેથી તેનામાં અભવ્યત્વ છે અને શક્તિ તો (–પરમાત્મશક્તિ તો) શુદ્ધનયની અપેક્ષાએ અભવ્ય અને ભવ્ય બન્નેમાં સમાન

---

१. 'शांतम्' इति पाठान्तरम्।

૨. આપ્તસ્વરૂપ ગા. ૨૪

यदि पुनः शक्तिरूपेणाप्यभव्यजीवे केवलज्ञानं नास्ति तदा केवलज्ञानावरणं न घटते। भव्याभव्यद्वयं पुनरशुद्धनयेनेति भावार्थः। एवं यथा मिथ्यादृष्टिसंज्ञे बहिरात्मनि नयविभागेन दर्शितमात्मत्रयं तथा शेषगुणस्थानेष्वपि। तद्यथा—बहिरात्मावस्थायामन्तरात्मपरमात्मद्वयं शक्तिरूपेण भाविनैगमनयेन व्यक्तिरूपेण च विज्ञेयम्, अन्तरात्मावस्थायां तु बहिरात्मा भूतपूर्वनयेन घृतघटवत्, परमात्मस्वरूपं तु शक्तिरूपेण भाविनैगमनयेन व्यक्तिरूपेण च। परमात्मावस्थायां पुनरन्तरात्मबहिरात्मद्वयं भूतपूर्वनयेनेति। अथ त्रिधात्मानं गुणस्थानेषु योजयति। मिथ्यात्वसासादनमिश्रगुणस्थानत्रये तारतम्यन्यूनाधिकभेदेन बहिरात्मा ज्ञातव्यः, अविरतगुणस्थाने तद्योग्याशुभलेश्यापरिणतो जघन्यान्तरात्मा, क्षीणकषायगुणस्थाने पुनरुत्कृष्टः, अविरतक्षीणकषाययोर्मध्ये मध्यमः, सयोग्ययोगिगुणस्थानद्वये विवक्षितैकदेशशुद्धनयेन सिद्धसदृशः परमात्मा, सिद्धस्तु साक्षात्परमात्मेति। अत्र बहिरात्मा हेयः,

---

છે. વળી જો અભવ્ય જીવમાં શક્તિરૂપે પણ કેવળજ્ઞાન ન હોય તો તેને કેવળજ્ઞાનાવરણ કર્મ સિદ્ધ થતું નથી. ભવ્યપણું અને અભવ્યપણું—એ બન્ને અશુદ્ધનયની અપેક્ષાએ છે, એમ ભાવાર્થ છે.

એ પ્રમાણે જેમ 'મિથ્યાદષ્ટિ' સંજ્ઞાવાળા બહિરાત્મામાં નયવિભાગથી ત્રણ આત્મા બતાવ્યા તેમ બાકીનાં ગુણસ્થાનોમાં પણ સમજવા. તે આવી રીતે—બહિરાત્મઅવસ્થામાં અંતરાત્મા અને પરમાત્મા—એ બન્ને શક્તિરૂપે અને ભાવિનૈગમનયથી વ્યક્તિરૂપે પણ રહે છે, એમ જાણવું. અંતરાત્મ—અવસ્થામાં બહિરાત્મા ભૂતપૂર્વનયે તથા ઘીના ઘડાની જેમ અને પરમાત્મસ્વરૂપ શક્તિરૂપે તથા ભાવિનૈગમનયથી વ્યક્તિરૂપે પણ રહે છે. પરમાત્મ-અવસ્થામાં અંતરાત્મા અને બહિરાત્મા બન્ને ભૂતપૂર્વનયથી રહે છે.

હવે, ત્રણે પ્રકારના આત્માઓને ગુણસ્થાનોમાં ઘટાવે છે : મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર—એ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યરૂપ ન્યૂનાધિક ભેદથી બહિરાત્મા જાણવો. અવિરત ગુણસ્થાનમાં તેને યોગ્ય અશુભલેશ્યારૂપે પરિણમેલ (જીવ) જઘન્ય અંતરાત્મા છે અને ક્ષીણકષાય ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટ અંતરાત્મા છે; અવિરત અને ક્ષીણકષાય ગુણસ્થાનની વચ્ચેનાં ગુણસ્થાનોમાં મધ્યમ અંતરાત્મા છે; સયોગી અને અયોગી ગુણસ્થાનમાં વિવક્ષિત એકદેશશુદ્ધનયની અપેક્ષાએ સિદ્ધસદશ પરમાત્મા છે અને સિદ્ધ તો સાક્ષાત્ પરમાત્મા છે.

અહીં બહિરાત્મા હેય છે, ઉપાદેયભૂત અનંતસુખનો સાધક હોવાથી અંતરાત્મા

उपादेयभूतस्यानन्तसुखसाधकत्वादन्तरात्मोपादेयः, परमात्मा पुनः साक्षादुपादेय इत्यभिप्रायः। एवं षड्द्रव्यपञ्चास्तिकायप्रतिपादकप्रथमाधिकारमध्ये नमस्कारादिचतुर्दशगाथाभिर्नवभिरन्तरस्थलैर्जीवद्रव्यकथनरूपेण प्रथमोऽन्तराधिकारः समाप्तः ॥१४॥

अतः परं यद्यपि शुद्धबुद्धैकस्वभावं परमात्मद्रव्यमुपादेयं भवति तथापि हेयरूपस्याजीवद्रव्यस्य गाथाष्टकेन व्याख्यानं करोति। कस्मादिति चेत् ? हेयतत्त्वपरिज्ञाने सति पश्चादुपादेयस्वीकारो भवतीति हेतोः। तद्यथा—

**अज्जीवो पुण णेओ पुग्गलधम्मो अधम्म आयासं।**
**कालो पुग्गल मुत्तो रूवादिगुणो अमुत्ति सेसा दु (हु)॥१५॥**

अजीवः पुनः ज्ञेयः पुद्गलः धर्मः अधर्मः आकाशम्।
कालः पुद्गलः मूर्त्तः रूपादिगुणः अमूर्त्ताः शेषाः तु॥१५॥

---

ઉપાદેય[1] છે અને પરમાત્મા તો સાક્ષાત્ ઉપાદેય[1] છે—એવો અભિપ્રાય છે.

આ રીતે ષડ્દ્રવ્ય–પંચાસ્તિકાયના પ્રતિપાદક પ્રથમ અધિકારમાં નમસ્કારગાથાદિ ચૌદ ગાથા દ્વારા નવ અંતરસ્થળ વડે જીવદ્રવ્યના કથનરૂપે પ્રથમ અંતરાધિકાર પૂરો થયો. ૧૪.

હવે પછી, જોકે શુદ્ધ-બુદ્ધએકસ્વભાવ જેનો છે તેવું પરમાત્મદ્રવ્ય ઉપાદેય[2] છે. તોપણ હેયરૂપ[3] અજીવદ્રવ્યનું આઠ ગાથા વડે વ્યાખ્યાન કરે છે. શા માટે? પહેલાં હેય તત્ત્વનું પરિજ્ઞાન થતાં પછી ઉપાદેય તત્ત્વનો સ્વીકાર થાય છે તે કારણે. તે વ્યાખ્યાન આ પ્રમાણે છે :—

### ગાથા ૧૫

ગાથાર્થ :—પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—એ અજીવ દ્રવ્ય જાણવાં, રૂપાદિ ગુણનું ધારક પુદ્‌ગલ મૂર્ત દ્રવ્ય છે અને બાકીનાં (ચાર) અમૂર્ત છે.

---

૧. આ પ્રગટ કરવા યોગ્ય તરીકે ઉપાદેય છે. તે પર્યાય હોવાથી આશ્રય કરવા યોગ્ય નથી. આશ્રય કરવા યોગ્ય તો સદા નિજ ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મા જ છે. જુઓ ગાથા ૧૫ ની ભૂમિકા તથા નિયમસાર ગાથા ૫૦.
૨. આ આશ્રય કરવા યોગ્ય તરીકે સદા ઉપાદેય છે.
૩. તેનો આશ્રય છોડવા યોગ્ય હોવાથી હેય છે.

**અબ અજીવકૌ સુનૌ વિલાસ, પુદ્‌ગલ ધર્મ અધર્મ અકાસ;**
**કાલ, તહાં મૂરત પુદ્‌ગલા, રૂપાદિક યુત, શેષ ન રલા. ૧૫.**

व्याख्या––''अज्ञीवो पुण णेओ'' अजीवः पुनर्ज्ञेयः। सकलविमलकेवलज्ञानदर्शनद्वयं शुद्धोपयोगः, मतिज्ञानादिरूपो विकलोऽशुद्धोपयोग इति द्विविधोपयोगः, अव्यक्तसुखदुःखानुभवनरूपा कर्मफलचेतना, तथैव मतिज्ञानादिमनःपर्ययपर्यन्तमशुद्धोपयोग इति, स्वेहापूर्वेष्टानिष्टविकल्परूपेण विशेषरागद्वेषपरिणमनं कर्मचेतना, केवलज्ञानरूपा शुद्धचेतना इत्युक्तलक्षणोपयोगश्चेतना च यत्र नास्ति स भवत्यजीव इति विज्ञेयः। 'पुण' पुनः पश्चाज्जीवाधिकारानन्तरं। ''पुग्गलधम्मो अधम्म आयासं कालो'' स च पुद्गलधर्माधर्माकाशकालद्रव्यभेदेन पञ्चधा। पूरणगलनस्वभावत्वात्पुद्गल इत्युच्यते। गतिस्थित्यवगाहवर्त्तनालक्षणा धर्माधर्माकाशकालाः, ''पुग्गल मुत्तो'' पुद्गलो मूर्त्तः। कस्मात् ? ''रूवादिगुणो'' रूपादिगुणसहितो यतः। ''अमुत्ति सेसा हु'' रूपादिगुणाभावादमूर्त्ता भवन्ति पुद्गलाच्छेषाश्चत्वार इति। तथाहि––यथा अनन्तज्ञानदर्शनसुखवीर्यगुणचतुष्टयं सर्वजीवसाधारणं तथा रूपरसगन्धस्पर्शगुणचतुष्टयं

---

ટીકા :––''अज्ञीवो पुण णेओ'' વળી, અજીવ જાણવા યોગ્ય છે. સકળવિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બન્ને શુદ્ધ ઉપયોગ છે, મતિજ્ઞાનાદિરૂપ વિકલ-અશુદ્ધ ઉપયોગ છે; એ રીતે ઉપયોગ બે પ્રકારે છે. અવ્યક્ત સુખ-દુઃખના અનુભવરૂપ 'કર્મફળચેતના' છે, તેમ જ મતિજ્ઞાનથી મનઃપર્યયજ્ઞાનપર્યંત અશુદ્ધોપયોગરૂપ એવી, સ્વઈહાપૂર્વક ઈષ્ટ-અનિષ્ટ, વિકલ્પરૂપે વિશેષ રાગ-દ્વેષના પરિણમનરૂપ 'કર્મચેતના' છે, કેવળજ્ઞાનરૂપ 'શુદ્ધચેતના' છે. એ રીતે ઉપર કહ્યા પ્રમાણેના લક્ષણવાળાં ઉપયોગ અને ચેતના જ્યાં નથી તે અજીવ છે, એમ જાણવું; 'पुण' પછી, અર્થાત્ જીવ અધિકારની પછી ''पुग्गलधम्मो अधम्म आयासं कालो'' અને તે (અજીવ) પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યના ભેદથી પાંચ પ્રકારે છે.

પૂરણ અને ગલનનો સ્વભાવ હોવાથી પુદ્ગલ કહેવાય છે. ગતિ, સ્થિતિ, અવગાહ અને વર્તના (હેતુરૂપ) લક્ષણવાળાં (ક્રમપૂર્વક) ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય છે. ''पुग्गल मुत्तो'' પુદ્ગલ મૂર્ત છે. શા માટે? ''रूवादिगुणो'' રૂપાદિ ગુણવાળું છે. માટે. ''अमुत्ति सेसा हु'' પુદ્ગલ સિવાયનાં બાકીનાં ચાર દ્રવ્યો રૂપાદિ ગુણો વિનાનાં હોવાથી અમૂર્ત છે. તે આ રીતે––

જેમ અનંતજ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય––એ ચારે ગુણ સર્વ જીવોમાં સામાન્ય છે તેમ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ––એ ચારે ગુણ સર્વ પુદ્ગલોમાં સામાન્ય છે અને જેમ

सर्वपुद्गलसाधारणं, यथा च शुद्धबुद्धैकस्वभावसिद्धजीवे अनन्तचतुष्टयमतीन्द्रियं तथैव शुद्धपुद्गलपरमाणुद्रव्ये रूपादिचतुष्टयमतीन्द्रियं, यथा रागादिस्नेहगुणेन कर्मबन्धावस्थायां ज्ञानादिचतुष्टयस्याशुद्धत्वं तथा स्निग्धरूक्षत्वगुणेन द्व्यणुकादिबन्धावस्थायां रूपादि-चतुष्टयस्याशुद्धत्वं, यथा निःस्नेहनिजपरमात्मभावनाबलेन रागादिस्निग्धत्वविनाशे सत्यनंत-चतुष्टयस्य शुद्धत्वं तथा जघन्यगुणानां बन्धो न भवतीति वचनात्परमाणुद्रव्ये स्निग्धरूक्षत्व-गुणस्य जघन्यत्वे सति रूपादिचतुष्टयस्य शुद्धत्वमवबोद्धव्यमित्यभिप्रायः ॥१५॥

अथ पुद्गलद्रव्यस्य विभावव्यञ्जनपर्यायान्प्रतिपादयति :—

**सद्दो बंधो सुहुमो थूलो संठाणभेदतमछाया।**
**उज्जोदादवसहिया पुग्गलदव्वस्स पज्जाया ॥१६॥**

शब्दः बन्धः सूक्ष्मः स्थूलः संस्थानभेदतमश्छायाः।
उद्योतातपसहिताः पुद्गलद्रव्यस्य पर्यायाः ॥१६॥

---

શુદ્ધ–બુદ્ધ–એક–સ્વભાવવાળા સિદ્ધ જીવમાં અનંતચતુષ્ટય અતીન્દ્રિય છે, તેમ જ શુદ્ધ પુદ્ગલ એવા પરમાણુદ્રવ્યમાં રૂપાદિ ચતુષ્ટય અતીન્દ્રિય છે. જેમ રાગાદિ સ્નેહગુણથી કર્મબંધની અવસ્થામાં જ્ઞાનાદિ ચતુષ્ટયનું અશુદ્ધપણું છે, તેમ સ્નિગ્ધ-રૂક્ષત્વગુણથી દ્વિ–અણુકાદિ બંધ -અવસ્થામાં રૂપાદિ ચતુષ્ટયનું અશુદ્ધપણું છે. જેમ સ્નેહરહિત નિજપરમાત્મભાવનાના બળે રાગાદિ સ્નિગ્ધત્વનો વિનાશ થતાં અનંતચતુષ્ટય શુદ્ધ હોય છે. તેમ 'જઘન્ય ગુણોનો બંધ થતો નથી'' એ વચન અનુસાર પરમાણુદ્રવ્યમાં સ્નિગ્ધ-રૂક્ષત્વગુણની જઘન્યતા હોતાં રૂપાદિ ચતુષ્ટયનું શુદ્ધપણું હોય છે, એમ જાણવું. આવો અભિપ્રાય છે. ૧૫.

હવે, પુદ્ગલ દ્રવ્યના વિભાવવ્યંજનપર્યાયોનું પ્રતિપાદન કરે છે :—

ગાથા ૧૬

ગાથાર્થ :—શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, ઉદ્યોત અને આતપ પુદ્ગલ દ્રવ્યના પર્યાયો છે.

---

શબ્દ બંધ સૂક્ષમ અરુ થૂલ, સંસથાન અરુ ભેદ સમૂલ;
તમ છાયા આતાપ ઉજાસ, પુદ્ગલ કે પર્યાય સમાસ. ૧૬

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



व्याख्या—शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमच्छायातपोद्योतसहिताः पुद्गलद्रव्यस्य पर्याया भवन्ति। अथ विस्तरः—भाषात्मकोऽभाषात्मकश्च द्विविधः शब्दः। तत्राक्षरानक्षरात्मभेदेन भाषात्मको द्विधा भवति। तत्राप्यक्षरात्मकः संस्कृत-प्राकृतापभ्रन्शपैशाचिकादिभाषाभेदेनार्यम्लेच्छमनुष्यादिव्यवहारहेतुर्बहुधा। अनक्षरात्मकस्तु द्वीन्द्रियादितिर्यग्जीवेषु सर्वज्ञदिव्यध्वनौ च। अभाषात्मकोऽपि प्रायोगिकवैस्रसिकभेदेन द्विविधः। ''ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकम्। घनं तु कांस्यतालादि सुषिरं वंशादिकं विदुः।१।'' इति श्लोककथितक्रमेण प्रयोगे भवः प्रायोगिकश्चतुर्धा भवति। विस्रसा स्वभावेन भवो वैस्रसिको मेघादिप्रभवो बहुधा। किञ्च शब्दातीतनिजपरमात्मभावनाच्युतेन शब्दादिमनोज्ञमनोज्ञपञ्चेन्द्रियविषयासक्तेन च जीवेन यदुपार्जितं सुस्वरदुःस्वरनामकर्म तदुदयेन यद्यपि जीवे शब्दो दृश्यते तथापि स जीवसंयोगेनोत्पन्नत्वाद् व्यवहारेण जीवशब्दो भण्यते,

---

ટીકા :—શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂળતા, સંસ્થાન, ભેદ, તમ, છાયા, આતપ અને ઉદ્યોત પુદ્‌ગલ દ્રવ્યના પર્યાયો છે.

હવે, વિસ્તાર બતાવે છે :—ભાષાત્મક અને અભાષાત્મક એમ શબ્દ બે પ્રકારે છે, ત્યાં અક્ષરરૂપ અને અનક્ષરરૂપ ભેદથી ભાષાત્મક શબ્દના બે ભેદ છે. તેમાં પણ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પિશાચી આદિ ભાષાના ભેદથી, આર્ય કે મ્લેચ્છ મનુષ્યોના વ્યવહારના કારણે અક્ષરાત્મક ભાષા અનેક પ્રકારની છે. અનક્ષરાત્મક ભાષા બે ઇન્દ્રિયાદિ તિર્યંચ જીવોમાં અને સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં હોય છે. અભાષાત્મક શબ્દ પણ 'પ્રાયોગિક' અને 'વૈસ્રસિક' ના ભેદથી બે પ્રકારે છે. ''ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकम्। घनं तु कांस्यतालादि सुषिरं वंशादिकं विदुः।। (વીણા આદિના શબ્દને 'તત', ઢોલ આદિના શબ્દને 'વિતત', મંજીરા વગેરેના અવાજને 'ઘન' અને બંશી આદિના શબ્દને 'સુષિર' કહે છે.)[૧]'' એ શ્લોકમાં કહેલા ક્રમ–પ્રમાણે પ્રયોગથી થયેલ એવા 'પ્રાયોગિક' શબ્દ ચાર પ્રકારના છે. વિસ્રસા એટલે સ્વભાવથી થયેલ એવા 'વૈસ્રસિક' શબ્દ વાદળાં વગેરેથી થાય છે, તે અનેક પ્રકારના છે.

વિશેષ :—શબ્દાતીત નિજ પરમાત્માની ભાવનાથી ચ્યુત થયેલ, શબ્દાદિ મનોજ્ઞ અને અમનોજ્ઞ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત જીવે જે સુસ્વર અને દુઃસ્વર નામનું નામકર્મ ઉપાર્જિત કર્યું હતું તેના ઉદયથી જોકે જીવમાં શબ્દ દેખાય છે, તોપણ તે જીવના સંયોગથી ઉત્પન્ન થયેલ હોવાથી વ્યવહારથી જીવનો શબ્દ કહેવાય છે, પરંતુ નિશ્ચયથી તો

---

૧. શ્રી પંચાસ્તિકાય તાત્પર્યવૃત્તિ ગાથા ૭૯ ટીકા.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**निश्चयेन पुनः पुद्गलस्वरूप एवेति। बन्धः कथ्यते—मृत्पिण्डादिरूपेण योऽसौ बहुधा बंधः स केवलः पुद्गलबंधः, यस्तु कर्मनोकर्मरूपः स जीवपुद्गलसंयोगबंधः। किञ्च विशेष :—कर्मबंधपृथग्भूतस्वशुद्धात्मभावनारहितजीवस्यानुपचरितासद्भूतव्यवहारेण द्रव्यबंधः, तथैवा-शुद्धनिश्चयेन योऽसौ रागादिरूपो भावबंधः कथ्यते सोऽपि शुद्धनिश्चयनयेन पुद्गलबंध एव। बिल्वाद्यपेक्षया बदरादीनां सूक्ष्मत्वं, परमाणोः साक्षादिति; बदराद्यपेक्षया बिल्वादीनां स्थूलत्वं, जगद्व्यापिनि महास्कन्धे सर्वोत्कृष्टमिति। समचतुरस्रन्यग्रोधसातिककुब्जवामन-हुण्डभेदेनषट्प्रकारसंस्थानं यद्यपि व्यवहारनयेन जीवस्यास्ति तथाप्यसंस्थानाच्चिच्चमत्कार-परिणतेर्भिन्नत्वान्निश्चयेन पुद्गलसंस्थानमेव; यद्यपि जीवादन्यत्र वृत्तत्रिकोणचतुष्कोणादि-व्यक्ताव्यक्तरूपं बहुधा संस्थानं तदपि पुद्गल एव। गोधूमादिचूर्णरूपेण घृतखण्डादिरूपेण बहुधा भेदो ज्ञातव्यः। दृष्टिप्रतिबन्धकोऽन्धकारस्तम इति भण्यते। वृक्षाद्याश्रयरूपा**

---

તે શબ્દ પુદ્‌ગલસ્વરૂપ જ છે.

હવે, બંધનું કથન કરવામાં આવે છે :—માટીના પિંડાદિરૂપે જે આ અનેક પ્રકારનો બંધ છે તે તો કેવળ પુદ્‌ગલબંધ જ છે અને જે કર્મ–નોકર્મરૂપ બંધ છે તે જીવ અને પુદ્‌ગલના સંયોગરૂપ બંધ છે. વળી વિશેષ :—કર્મબંધથી પૃથગ્ભૂત સ્વશુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી દ્રવ્યબંધ કહેવાય છે, તેમ જ અશુદ્ધનિશ્ચયનયથી જે આ રાગાદિરૂપ ભાવબંધ કહેવાય છે, તે પણ શુદ્ધનિશ્ચયનયથી પુદ્‌ગલબંધ જ છે.

બિલ્વફળ વગેરેની અપેક્ષાએ બોર વગેરેનું સૂક્ષ્મપણું છે અને પરમાણુને સાક્ષાત્ સૂક્ષ્મપણું છે. બોર વગેરેની અપેક્ષાએ બિલ્વ વગેરેનું સ્થૂળપણું છે અને ત્રણ લોકમાં વ્યાપ્ત મહાસ્કંધને વિષે સૌથી અધિક સ્થૂળતા છે.

સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાતિક, કુબ્જક, વામન અને હુંડકના ભેદથી છ પ્રકારનાં સંસ્થાન જોકે વ્યવહારનયથી જીવને છે, તોપણ સંસ્થાનરહિત ચૈતન્યચમત્કારની પરિણતિથી ભિન્ન હોવાથી નિશ્ચયનયથી તે સંસ્થાન પુદ્‌ગલનાં જ છે. જીવથી ભિન્ન જે કોઈ ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ આદિ વ્યક્ત-અવ્યક્તરૂપ અનેક પ્રકારનાં સંસ્થાન છે તે પણ પુદ્‌ગલ જ છે. ઘઉં વગેરેના ચૂર્ણરૂપ તથા ઘી, ખાંડ આદિરૂપ અનેક પ્રકારના (સંસ્થાન) ભેદ જાણવા.

દૃષ્ટિને રોકનાર અંધકારને ‘તમ’ કહેવામાં આવે છે.

मनुष्यादिप्रतिबिम्बरूपा च छाया विज्ञेया। उद्योतश्चंद्रविमाने खद्योतादितिर्यग्जीवेषु च भवति। आतप आदित्यविमाने अन्यत्रापि सूर्यकांतमणिविशेषादौ पृथ्वीकाये ज्ञातव्यः। अयमत्रार्थः —यथा जीवस्य शुद्धनिश्चयेन स्वात्मोपलब्धिलक्षणे सिद्धस्वरूपे स्वभावव्यञ्जनपर्याये विद्यमानेऽप्यनादिकर्मबंधवशात् स्निग्धरूक्षस्थानीयरागद्वेषपरिणामे सति स्वाभाविकपरमानंदैक-लक्षणस्वास्थ्यभावभ्रष्ट नरनारकादिविभावव्यञ्जनपर्याया भवन्ति तथा पुद्गलस्यापि निश्चयनयेन शुद्धपरमाण्ववस्थालक्षणे स्वभावव्यञ्जनपर्याये सत्यपि स्निग्धरूक्षत्वाद्बंधो भवतीति वचनाद्रागद्वेषस्थानीयबंधयोग्यस्निग्धरूक्षत्वपरिणामे सत्युक्तलक्षणाच्छब्दादन्येऽपि आगमोक्त-लक्षणाआकुञ्चनप्रसारणदधिदुग्धादयो विभावव्यञ्जनपर्याया ज्ञातव्याः। एवमजीवाधिकारमध्ये पूर्वसूत्रोदितरूपादिगुणचतुष्टययुक्तस्य तथैवात्र सूत्रोदितशब्दादिपर्यायसहितस्य संक्षेपेणाणुस्कंध-भेदभिन्नस्य पुद्गलद्रव्यस्य व्याख्यानमुख्यत्वेन प्रथमस्थले गाथाद्वयं गतम्॥१६॥

---

વૃક્ષાદિના આશ્રયથી થનાર તથા મનુષ્યાદિના પડછાયારૂપ જે છે તેને છાયા જાણવી.

ચંદ્રના વિમાનમાં તથા આગિયા વગેરે તિર્યંચ જીવોમાં ઉદ્યોત હોય છે.

સૂર્યના વિમાનમાં અને બીજે પણ સૂર્યકાન્ત મણિ વગેરે વિશેષ પ્રકારના પૃથ્વીકાયમાં આતપ જાણવો.

સારાંશ એ છે કે—જેવી રીતે જીવને શુદ્ધનિશ્ચયનયથી સ્વાત્મોપલબ્ધિ જેનું લક્ષણ છે એવા સિદ્ધસ્વરૂપ સ્વભાવવ્યંજનપર્યાય વિદ્યમાન હોવા છતાં, અનાદિ કર્મબંધના વિશે સ્નિગ્ધરૂક્ષસ્થાનીય (—જેમ પુદ્ગલ અને પુદ્ગલ વચ્ચેના બંધમાં સ્નિગ્ધરૂક્ષત્વ નિમિત્તભૂત હોય છે તેમ જીવ-પુદ્ગલના બંધમાં જે નિમિત્તભૂત હોય છે એવા—) રાગ-દ્વેષપરિણામ થતાં સ્વાભાવિક પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સ્વાસ્થ્યભાવથી ભ્રષ્ટ નર-નારકાદિ વિભાવવ્યંજનપર્યાયો થાય છે; તેવી રીતે પુદ્ગલને પણ નિશ્ચયનયથી શુદ્ધપરમાણુરૂપ અવસ્થા જેનું લક્ષણ છે એવો સ્વભાવવ્યંજનપર્યાય હોવા છતાં, 'સ્નિગ્ધરૂક્ષપણાથી બંધ થાય છે' એ વચનથી રાગ-દ્વેષસ્થાનીય બંધયોગ્ય સ્નિગ્ધરૂક્ષત્વપરિણામ થતાં, ઉપર કહેલા શબ્દાદિકથી અન્ય પણ, આગમોક્ત લક્ષણવાળા સંકોચ-વિસ્તાર, દહીં-દૂધ વગેરે વિભાવવ્યંજનપર્યાયો જાણવા.

આ રીતે અજીવ અધિકારને વિષે પૂર્વસૂત્રમાં કહેલા રૂપાદિ ચાર ગુણયુક્ત અને આ સૂત્રમાં કહેલ શબ્દાદિ પર્યાયસહિત, અણુ અને સ્કંધરૂપ ભેદવાળા પુદ્ગલદ્રવ્યના સંક્ષેપવ્યાખ્યાનની મુખ્યતાથી પ્રથમ સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ. ૧૬.

अथ धर्मद्रव्यमाख्याति :—

**गइपरिणयाण धम्मो पुग्गलजीवाण गमणसहयारी।**
**तोयं जह मच्छाणं अच्छंताणेव सो णेई॥१७॥**

**गतिपरिणतानां धर्म्मः पुद्गलजीवानां गमनसहकारी।**
**तोयं यथा मत्स्यानां अगच्छतां नैव सः नयति॥१७॥**

व्याख्या—गतिपरिणतानां धर्मो जीवपुद्गलानां गमनसहकारिकारणं भवति। दृष्टान्तमाह—तोयं यथा मत्स्यानाम्। स्वयं तिष्ठतो नैव स नयति तानिति। तथाहि—यथा सिद्धो भगवानमूर्त्तोऽपि निष्क्रियस्तथैवाप्रेरकोऽपि सिद्धवदनन्तज्ञानादिगुण-स्वरूपोऽहमित्यादिव्यवहारेण सविकल्पसिद्धभक्तियुक्तानां निश्चयेन निर्विकल्पसमाधिरूप-स्वकीयोपादानकारणपरिणतानां भव्यानां सिद्धगतेः सहकारिकारणं भवति। तथा

---

હવે, ધર્મદ્રવ્યનું વ્યાખ્યાન કરે છે :—

ગાથા ૧૭

ગાથાર્થ :—ગમન કરવામાં પરિણત પુદ્ગલ અને જીવોને ગમનમાં સહકારી ધર્મદ્રવ્ય છે; જેમ માછલીઓને ગમન કરવામાં જળ સહકારી છે તેમ. ગમન નહિ કરતાં જીવ અને પુદ્ગલોને તે (-ધર્મદ્રવ્ય) ગમન કરાવતું નથી.

ટીકા :—ગતિરૂપે પરિણમેલાં જીવ અને પુદ્ગલોને ગતિ કરવામાં [૧]સહકારી કારણ ધર્મદ્રવ્ય છે. તેનું દૃષ્ટાંત કહે છે : જેમ માછલીઓને ગમન કરવામાં સહાયક જળ છે તેમ. પોતાની જાતે સ્થિત હોય (-સ્વયં ગતિ ન કરતાં હોય) તેમને (-એવાં જીવ-પુદ્ગલોને) તે ગમન કરાવતું નથી. તે આ પ્રમાણે :—જેવી રીતે સિદ્ધ ભગવાન અમૂર્ત્ત હોવા છતાં, નિષ્ક્રિય તેમજ અપ્રેરક હોવા છતાં 'હું સિદ્ધસમાન અનંત જ્ઞાનાદિગુણસ્વરૂપ છું' ઇત્યાદિ વ્યવહારથી સવિકલ્પ સિદ્ધભક્તિવાળા એવા, નિશ્ચયથી નિર્વિકલ્પસમાધિરૂપ નિજ-ઉપાદાનકારણપરિણત જીવોને સિદ્ધગતિના સહકારી કારણ છે, તેવી રીતે નિષ્ક્રિય, અમૂર્ત્ત

---

૧. સહકારી કારણ = નિમિત્તકાણ.

જીવ રુ પુદ્ગલ ગમન કરાહિ, સહકારી તબ ગિનિયે તાહિ;
ધર્મદ્રવ્ય જિમ જલ માછલા, બૈઠેકૂં ન ચલાવૈ બલા. ૧૭.

निष्क्रियोऽमूर्तो निष्प्रेरकोऽपि धर्मास्तिकायः स्वकीयोपादानकारणेन गच्छतां जीवपुद्‌गलानां गतेः सहकारिकारणं भवति। लोकप्रसिद्धदृष्टान्तेन तु मत्स्यादीनां जलादिवदित्यभिप्रायः। एवं धर्मद्रव्यव्याख्यानरूपेण गाथा गता।।१७।।

अथाधर्मद्रव्यमुपदिशति :—

**ठाणजुदाण अधम्मो पुग्गलजीवाण ठाणसहयारी।**
**छाया जह पहियाणं गच्छंता णेव सो धरई।।१८।।**

स्थानयुतानां अधर्म्मः पुद्‌गलजीवानां स्थानसहकारी।
छाया यथा पथिकानां गच्छतां नैव सः धरति।।१८।।

व्याख्या—स्थानयुक्तानामधर्मः पुद्‌गलजीवानां स्थितेः सहकारिकारणं भवति। तत्र दृष्टान्तः—छात्रा यथा पथिकानाम्। स्वयं गच्छतो जीवपुद्‌गलान् स नैव धरतीति।

---

અને અપ્રેરક હોવા છતાં પણ ધર્મદ્રવ્ય, પોતાના ઉપાદાનકારણથી ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલોને ગતિમાં સહકારી કારણ છે—જેમ માછલાં વગેરેને જળ વગેરે ગમનમાં સહાયક હોવાનું લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત છે તેમ. આવો અભિપ્રાય છે.

આ રીતે ધર્મદ્રવ્યના વ્યાખ્યાનરૂપે આ ગાથા પૂરી થઈ. ૧૭.

હવે, અધર્મદ્રવ્ય વિષે કહે છે :—

ગાથા ૧૮

ગાથાર્થ :—સ્થિતિયુક્ત પુદ્‌ગલ અને જીવોને સ્થિતિમાં સહકારી કારણ અધર્મદ્રવ્ય છે; જેમ છાંયો મુસાફરોને સ્થિતિમાં સહકારી છે તેમ. ગમન કરતાં જીવ અને પુદ્‌ગલોને અધર્મદ્રવ્ય સ્થિર કરતું નથી જ.

ટીકા :—સ્થિતિયુક્ત પુદ્‌ગલ અને જીવોને સ્થિતિમાં સહકારી કારણ અધર્મદ્રવ્ય છે. ત્યાં દૃષ્ટાંત :—જેમ છાંયો મુસાફરોને સ્થિતિમાં સહકારી કારણ છે તેમ. સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલોને તે સ્થિર કરતું નથી જ. તે આ રીતે—સ્વસંવેદનથી ઉત્પન્ન

---

તિષ્ઠૈ પુદ્‌ગલ જીવ સુ જબૈ, થિતિ–સહકારી હોય સુ તબૈ;
છાયા જિમ પંથીકૂ જાનિ, દ્રવ્ય અધર્મ, ગમન ન વિભાનિ. ૧૮.

तद्यथा—स्वसंवित्तिसमुत्पन्नसुखामृतरूपं परमस्वास्थ्यं यद्यपि निश्चयेन स्वरूपे स्थितिकारणं भवति तथा ''सिद्धोऽहं सुद्धोऽहं अणंतणाणाइगुणसमिद्धोऽहं। देहपमाणो णिच्चो असंखदेसो अमुत्तो य।१।'' इति गाथाकथितसिद्धभक्तिरूपेणेह पूर्वं सविकल्पावस्थायां सिद्धोऽपि यथा भव्यानां बहिरङ्गसहकारिकारणं भवति तथैव स्वकीयोपादानकारणेन स्वयमेव तिष्ठतां जीवपुद्गलानामधर्मद्रव्यं स्थितेः सहकारिकारणम्। लोकव्यवहारेण तु छायावद्वा पृथिवीवद्वेति सूत्रार्थः। एवमधर्मद्रव्यकथनेन गाथा गता।।१८।।

अथाकाशद्रव्यमाह :—

**अवगासदाणजोग्गं जीवादीणं वियाण आयासं।**
**जेण्हं लोगागासं अल्लोगागासमिदि दुविहं।।१९।।**

अवकाशदानयोग्यं जीवादीनां विजानीहि आकाशम्।
जैनं लोकाकाशं अलोकाकाशं इति द्विविधम्।।१९।।

---

સુખામૃતરૂપ પરમ સ્વાસ્થ્ય જોકે નિશ્ચયનયથી સ્વરૂપમાં સ્થિતિનું કારણ છે તથા ''सिद्धोऽहं सुद्धोऽहं अणंतणाणाइगुणसमिद्धोऽहं। देहपमाणो णिच्चो असंखदेशो अमुत्तो च''। (હું સિદ્ધ છું, હું શુદ્ધ છું, અનંતજ્ઞાનાદિ ગુણોનો હું ધારક છું, હું દેહપ્રમાણ, નિત્ય, અસંખ્યપ્રદેશી અને અમૂર્ત્ત છું.)'' એ ગાથામાં કહેલ સિદ્ધભક્તિરૂપે પહેલાં સવિકલ્પ અવસ્થામાં સિદ્ધ પણ જેમ ભવ્યોને બહિરંગ સહકારી કારણ હોય છે, તેવી જ રીતે પોતાના ઉપાદાનકારણથી સ્વયમેવ સ્થિતિ ધરતાં જીવ અને પુદ્ગલોને અધર્મદ્રવ્ય સ્થિતિનું સહકારી કારણ છે; લોકવ્યવહારથી છાંયા અથવા પૃથ્વીની માફક. આમ સૂત્રાર્થ છે.

એ પ્રમાણે અધર્મદ્રવ્યના કથનની ગાથા પૂરી થઈ. ૧૮.

હવે, આકાશદ્રવ્યનું કથન કરે છે :–

ગાથા ૧૯

ગાથાર્થ :—જે જીવાદિ દ્રવ્યોને અવકાશ દેવાને યોગ્ય છે તેને જિનેન્દ્રદેવે કહેલું આકાશદ્રવ્ય જાણો. લોકાકાશ અને અલોકાકાશ એ રીતે આકાશ બે પ્રકારનું છે.

---

જીવાદિક સબકૂ અવકાશ, દેય દ્રવ્ય સો ગિનૂં આકાશ;
લોક-અલોક દોય વિધિ અખ્યા, દેવ જિનેશ્વર જૈસૈં લખ્યા. ૧૯.

**व्याख्या—जीवादीनामवकाशदानयोग्यमाकाशं विजानीहि हे शिष्य! किं विशिष्टं? ''जेण्हं'' जिनस्येदं जैनं, जिनेन प्रोक्तं वा जैनम्। तच्च लोकाकाशभेदेन द्विविधमिति। इदानीं विस्तरः—सहजशुद्धसुखामृतरसास्वादेन परमसमरसीभावेन भरितावस्थेषु केवलज्ञानाद्यनन्तगुणाधारभूतेषु लोकाकाशप्रमितासंख्येयस्वकीयशुद्धप्रदेशेषु यद्यपि निश्चयनयेन सिद्धास्तिष्ठन्ति, तथाप्युपचरितासद्भूतव्यवहारेण मोक्षशिलायां तिष्ठन्तीति भण्यते इत्युक्तोऽस्ति। स च ईदृशो मोक्षो यत्र प्रदेशे परमध्यानेनात्मा स्थितः सन् कर्मरहितो भवति, तत्रैव भवति नान्यत्र। ध्यानप्रदेशे कर्मपुद्गलान् त्यक्त्वा ऊर्ध्वगमनस्वभावेन गत्वा मुक्तात्मानो यतो लोकाग्रे तिष्ठन्तीति तत उपचारेण लोकाग्रमपि मोक्षः प्रोच्यते, यथा तीर्थभूतपुरुषसेवितस्थानमपि भूमिजलादिरूपमुपचारेण तीर्थं भवति। सुखबोधार्थं कथितमास्ते। यथा तथैव सर्वद्रव्याणि यद्यपि निश्चयनयेन स्वकीयप्रदेशेषु तिष्ठन्ति तथाप्युपचरितासद्भूतव्यवहारेण लोकाकाशे तिष्ठन्तीत्यभिप्रायो भगवतां श्री नेमिचंद्रसिद्धान्तदेवानामिति॥१६॥**

---

ટીકા :—હે શિષ્ય! જીવાદિને અવકાશ આપવાની યોગ્યતા જેનામાં છે તેને જિનેન્દ્રકથિત આકાશદ્રવ્ય જાણ. તે લોક અને અલોકરૂપ આકાશના ભેદથી બે પ્રકારનું છે.

હવે, એનો વિસ્તાર કહેવામાં આવે છે :—સહજ શુદ્ધ સુખામૃતરસના આસ્વાદવાળા પરમસમરસીભાવથી ભરિતાવસ્થ, કેવળજ્ઞાનાદિ અનંતગુણના આધારરૂપ, લોકાકાશપ્રમાણ અસંખ્યાત નિજ શુદ્ધપ્રદેશોમાં જોકે નિશ્ચયનયથી સિદ્ધ ભગવંતો રહે છે, તોપણ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી 'સિદ્ધ ભગવાન મોક્ષશિલા ઉપર રહે છે' એમ કહેવાય છે; એ પ્રમાણે પહેલાં કહેવાયું છે. આવો મોક્ષ જે પ્રદેશમાં પરમધ્યાન વડે આત્મા સ્થિર થઈને કર્મરહિત થાય છે, ત્યાં જ થાય છે, બીજે નહિ; ધ્યાન કરવાના સ્થાનમાં કર્મપુદ્ગલોને છોડીને ઊર્ધ્વગમન સ્વભાવથી ગતિ કરીને મુક્તાત્માઓ લોકાગ્રે સ્થિર થાય છે, તેથી ઉપચારથી લોકના અગ્રભાગને પણ મોક્ષ કહેવાય છે. તીર્થસ્વરૂપ પુરુષે સેવેલું ભૂમિ–જળાદિરૂપ સ્થાન પણ ઉપચારથી તીર્થ (કહેવાય) છે. આમ સહેલાઈથી બોધ થવા માટે કહેવાય છે. તેવી જ રીતે સર્વ દ્રવ્યો, જોકે નિશ્ચયનયથી પોતાના પ્રદેશોમાં રહે છે તોપણ, ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી લોકાકાશમાં રહે છે. આમ, ભગવાન શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવનો અભિપ્રાય જાણવો. ૧૯.

तमेव लोकाकाशं विशेषेण द्रढयति :—

**धम्माऽधम्मा कालो पुग्गलजीवा य संति जावदिये।**
**आयासे सो लोगो तत्तो परदो अलोगुत्ति॥२०॥**

धर्म्माधर्मौ कालः पुद्गलजीवाः च सन्ति यावतिके।
आकाशे सः लोकः ततः परतः अलोकः उक्तः॥२०॥

व्याख्या—धर्माधर्मकालपुद्गलजीवाश्च सन्ति यावत्याकाशे स लोकः। तथा चोक्तं—लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्था यत्र स लोक इति। तस्माल्लोकाकाशात् परतो बहिर्भागे पुनरनन्ताकाशमलोक इति। अत्राह सोमाभिधानो राजश्रेष्ठी। हे भगवन्! केवलज्ञानस्यानन्तभागप्रमितमाकाशद्रव्यं तस्याप्यनन्तभागे सर्वमध्यमप्रदेशे लोकस्तिष्ठति। स चानादिनिधनः केनापि पुरुषविशेषेण न कृतो न हतो न धृतो न च रक्षितः। तथैवासंख्यातप्रदेशस्तत्रयासंख्यातप्रदेशे लोकेऽनन्तजीवास्तेभ्योऽप्यनन्तगुणाः पुद्गलाः,

---

તે જ લોકાકાશને વિશેષપણે દૃઢ કરે છે :—

ગાથા ૨૦

ગાથાર્થ :—ધર્મ, અધર્મ, કાળ, પુદ્‌ગલ અને જીવ—એ પાંચે દ્રવ્ય જેટલા આકાશમાં રહે છે તે લોકાકાશ છે; તે લોકાકાશની બહાર અલોકાકાશ છે.

ટીકા :—ધર્મ, અધર્મ, કાળ, પુદ્‌ગલ અને જીવો જેટલા આકાશમાં છે તે લોકાકાશ છે. કહ્યું પણ છે કે :—જ્યાં જીવાદિ પદાર્થો દેખવામાં આવે છે તે લોક છે. તે લોકાકાશથી બહાર જે અનંત આકાશ છે તે 'અલોકાકાશ' છે.

અહીં, સોમ નામના રાજશ્રેષ્ઠી પ્રશ્ન કરે છે : હે ભગવન્! કેવળજ્ઞાનના અનંતમા ભાગપ્રમાણ આકાશદ્રવ્ય છે, તેના પણ અનંતમા ભાગમાં સૌની વચ્ચે લોકાકાશ છે અને તે અનાદિનિધન છે, કોઈ પણ વિશિષ્ટ પુરુષ વડે કરાયો નથી, નષ્ટ થતો નથી, ધારણ કરવામાં આવતો નથી કે રક્ષાતો નથી; વળી તે અસંખ્યાત પ્રદેશોવાળો છે. તે અસંખ્યાતપ્રદેશી

---

ધર્મ–અધર્મ જીવ પુદ્‌ગલા, કાલદ્રવ્ય એ સબ હી રલા;
જેતેમેં હૈ લોકાકાશ, તાતૈં પરૈં અલોક આકાશ. ૨૦

लोकाकाशप्रमितासंख्येयकालाणुद्रव्याणि, प्रत्येकं लोकाकाशप्रमाणं धर्माधर्मद्वयमित्युक्तलक्षणाः पदार्थाः कथमवकाशं लभन्त इति? भगवानाह—एकप्रदीपप्रकाशे नानाप्रदीपप्रकाशवदेकगूढरसनागगद्याणके बहुसुवर्णवद्भस्मघटमध्ये सूचिकोष्ट्रदुग्धवदित्यादिदृष्टान्तेन विशिष्टावगाहनशक्तिवशादसंख्यातप्रदेशेऽपि लोकेऽवस्थानमवगाहो न विरुध्यते। यदि पुनरित्थंभूतावगाहनशक्तिर्न भवति तर्ह्यसंख्यातप्रदेशेष्वसंख्यातपरमाणूनामेव व्यवस्थानं, तथा सति सर्वे जीवा यथा शुद्धनिश्चयेन शक्तिरूपेण निरावरणाः शुद्धबुद्धैकस्वभावास्तथा व्यक्तिरूपेण व्यवहारनयेनापि, न च तथा प्रत्यक्षविरोधादागमविरोधाच्चेति। एवमाकाशद्रव्यप्रतिपादनरूपेण सूत्रद्वयं गतम् ॥२०॥

अथ निश्चयव्यवहारकालस्वरूपं कथयति :—

**दव्वपरिवट्टरूवो जो सो कालो हवेइ ववहारो।**
**परिणामादीलक्खो वट्टणलक्खो य परमट्ठो ॥२१॥**

---

લોકમાં અનંત જીવો, તેનાં કરતાં પણ અનંતગુણા પુદ્‌ગલો, લોકાકાશ પ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્યો, પ્રત્યેક લોકાકાશપ્રમાણ એવા ધર્મ અને અધર્મ બે દ્રવ્યો—એ પદાર્થો કેવી રીતે અવકાશ મેળવે છે?

ભગવાન ઉત્તર આપે છે :—એક દીપકના પ્રકાશમાં અનેક દીપકોનો પ્રકાશ, એક ગૂઢ રસના શીશામાં ઘણું સુવર્ણ, રાખથી ભરેલા ઘડામાં સોય તથા ઊંટડીનું દૂધ જેમ સમાઈ જાય છે—ઇત્યાદિ દૃષ્ટાંતે, વિશિષ્ટ અવગાહનશક્તિને લીધે અસંખ્યપ્રદેશવાળા લોકમાં પણ પૂર્વોક્ત પદાર્થોના અવગાહમાં વિરોધ આવતો નથી. વળી, જો આ પ્રકારની અવગાહનશક્તિ ન હોય તો લોકના અસંખ્ય પ્રદેશોમાં અસંખ્ય પરમાણુઓનો જ સમાવેશ થાત અને એમ થતાં જેમ શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે બધા જીવો નિરાવરણ અને શુદ્ધ—બુદ્ધ—એક—સ્વભાવવાળા છે, તેમ વ્યક્તરૂપે વ્યવહારનયથી પણ થઈ જાય! પરંતુ એમ તો નથી, કેમકે પ્રત્યક્ષ અને આગમ—બન્ને પ્રકારે તેમાં વિરોધ છે.

આ પ્રમાણે આકાશદ્રવ્યના પ્રતિપાદનરૂપે બે ગાથાઓ પૂરી થઈ. ૨૦.

હવે, નિશ્ચયકાળ અને વ્યવહારકાળનું સ્વરૂપ કહે છે :—

---

દ્રવ્યનિકે પરિવર્તનરૂપ, કાલ લખો વ્યવહાર વિરૂપ;
લખ્યો પડૈ પરિણામનિ એહ, નિશ્ચય વર્તન લક્ષણ તેહ. ૨૧.

द्रव्यपरिवर्तनरूपः यः सः कालः भवेत् व्यवहारः।
परिणामादिलक्ष्यः वर्त्तनालक्षणः च परमार्थः ॥२१॥

**व्याख्या—"दव्वपरिवट्टरूवो जो" द्रव्यपरिवर्त्तरूपो यः "सो कालो हवेइ ववहारो" स कालो भवति व्यवहाररूपः। स च कथंभूतः? "परिणामादीलक्खो" परिणामक्रियापरत्वापरत्वेन लक्ष्यत इति परिणामादिलक्ष्यः। इदानीं निश्चयकालः कथ्यते "वट्टणलक्खो य परमट्ठो" वर्त्तनालक्षणश्च परमार्थकाल इति। तद्यथा—जीवपुद्गलयोः परिवर्त्तो नवजीर्णपर्यायस्तस्य या समयघटिकादिरूपा स्थितिः स्वरूपं यस्य स भवति द्रव्यपर्यायरूपो व्यवहारकालः। तथाचोक्तं संस्कृतप्राभृतेन—"स्थितिः कालसंज्ञका" तस्य पर्यायस्य सम्बन्धिनी याऽसौ समयघटिकादिरूपा स्थितिः सा व्यवहारकालसंज्ञा भवति, न च पर्याय इत्यभिप्रायः। यत एव पर्यायसम्बन्धिनी स्थितिर्व्यवहारकालसंज्ञां भजते तत एव जीवपुद्गलसम्बन्धिपरिणामेन पर्यायेण तथैव देशान्तरचलनरूपया गोदोहनपाकादि-**

---

ગાથા ૨૧

ગાથાર્થ :—જે દ્રવ્યોના પરિવર્તનરૂપ છે (અર્થાત્ દ્રવ્યપરિવર્તનની સ્થિતિરૂપ છે) અને પરિણામાદિથી લક્ષિત થાય છે તે વ્યવહારકાળ છે; વર્તના લક્ષણવાળો જે કાળ છે તે નિશ્ચયકાળ છે.

ટીકા :—"दव्वपरिवट्टरूवो जो" જે દ્રવ્યના પરિવર્તનરૂપ છે (અર્થાત્ દ્રવ્યના પર્યાય સાથે સંબંધવાળી કાળાવધિરૂપ છે) "सो कालो हवेइ ववहारो" તે કાળ વ્યવહારરૂપ છે. અને તે કેવો છે? "परिणामादीलक्खो" પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વથી લક્ષિત થાય છે —જણાય છે, તેથી તે પરિણામાદિથી લક્ષ્ય છે.

હવે, નિશ્ચયકાળ વિષે કહેવામાં આવે છે. वट्टणलक्खो य परमट्ठो" જે વર્તનલક્ષણવાળો છે તે પરમાર્થકાળ છે.

તે સ્પષ્ટ કરવામાં આવે છે :—જીવ અને પુદ્ગલના પરિવર્તનરૂપ જે નવી અને જૂની પર્યાય તેની સમય–ઘડી ઇત્યાદિરૂપ 'સ્થિતિ' જેનું સ્વરૂપ છે, તે દ્રવ્યપર્યાયરૂપ વ્યવહારકાળ છે. સંસ્કૃતભાષામાં પણ તે જ કહ્યું છે–"स्थितिः कालसंज्ञकाः (સ્થિતિને કાળ એવી સંજ્ઞા છે)." તે પર્યાય સાથે સંબંધવાળી જે સમય, ઘડી વગેરેરૂપ સ્થિતિ છે તે 'સ્થિતિ' વ્યવહારકાળ છે. (પુદ્ગલાદિના પરિવર્તનરૂપ) પર્યાય વ્યવહારકાળ નથી–એવો અભિપ્રાય છે. પર્યાયસંબંધી સ્થિતિને વ્યવહારકાળ એવું નામ મળે છે, તેથી જ જીવ અને પુદ્ગલના

**परिस्पन्दलक्षणरूपया वा क्रियया तथैव दूरासन्नचलनकालकृतपरत्वापरत्वेन च लक्ष्यते ज्ञायते यः, स परिणामक्रियापरत्वापरत्वलक्षण इत्युच्यते। अथ द्रव्यरूपनिश्चयकालमाह। स्वकीयोपादानरूपेण स्वयमेवपरिणममानानां पदार्थानां कुम्भकारचक्रस्याधस्तनशिलावत्, शीतकालाध्ययने अग्निवत्, पदार्थपरिणतेर्यत्सहकारित्वं सा वर्त्तना भण्यते। सैव लक्षणं यस्य स वर्त्तनालक्षणः कालाणुद्रव्यरूपो निश्चयकालः, इति व्यवहारकालस्वरूपं निश्चयकालस्वरूपं च विज्ञेयम्।**

**कश्चिदाह ''समयरूप एव निश्चयकालस्तस्मादन्यः कालाणुद्रव्यरूपो निश्चयकालो नास्त्यदर्शनात् ?'' तत्रोत्तरं दीयते—समयस्तावत्कालस्तस्यैव पर्यायः। स कथं पर्याय इति चेत् ? पर्यायस्तोत्पन्नप्रध्वंसित्वात्। तथाचोक्तं ''समओ उप्पण्णं पद्धंसी''। स च पर्यायो द्रव्यं विना न भवति, पश्चात्तस्य समयरूपपर्यायकालस्योपादानकारणभूतं द्रव्यं तेनापि**

---

પરિણામથી–પર્યાયથી તથા એક પ્રદેશથી બીજે પ્રદેશે ચાલવારૂપ અથવા ગાય દોહવી, રસોઈ કરવી વગેરે પરિસ્પંદરૂપ ક્રિયાથી તેમજ દૂર કે નજીક ચાલવારૂપ કાળકૃત પરત્વ અને અપરત્વથી તે લક્ષિત થાય છે–જણાય છે; તેથી તે વ્યવહારકાળ પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વલક્ષણવાળો કહેવાય છે.

હવે, દ્રવ્યરૂપ નિશ્ચયકાળ વિષે કહે છે :—પોતાના ઉપાદાનરૂપે સ્વયમેવ પરિણમતા પદાર્થોને—કુંભારના ચાકડાને ફરવામાં નીચેની શિલાના સહકારીપણાની પેઠે, ઠંડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને અધ્યયનમાં અગ્નિના સહકારીપણાની પેઠે—પદાર્થ પરિણતિમાં જે સહકારીપણું છે તેને 'વર્તના' કહે છે; એ 'વર્તના' જેનું લક્ષણ છે તે, વર્તનાલક્ષણવાળો કાળાણુદ્રવ્યરૂપ 'નિશ્ચયકાળ' છે.

એ રીતે વ્યવહારકાળ અને નિશ્ચયકાળનું સ્વરૂપ જાણવું.

કોઈ કહે છે કે, સમયરૂપ જ નિશ્ચયકાળ છે; તેનાથી ભિન્ન બીજો કાળાણુદ્રવ્યરૂપ નિશ્ચયકાળ નથી, કેમકે તે દેખવામાં આવતો નથી. તેનો ઉત્તર આપે છે :—પ્રથમ તો સમય કાળનો જ પર્યાય છે. સમય કાળનો પર્યાય કેવી રીતે છે? પર્યાય ઉત્પન્નધ્વંસી હોય છે તેથી. તથા કહ્યું છે કે ''**समओ**[1] **उप्पण्ण पद्धंसी**। (સમય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે.)'' અને તે પર્યાય દ્રવ્ય વિના હોતો નથી. તે સમયરૂપ પર્યાયકાળના ઉપાદાનકારણરૂપ

---

૧. શ્રી પ્રવચનસાર ગાથા ૧૩૯ છેલ્લો ભાગ.

**कालरूपेण भाव्यम्। इन्धनाग्निसहकारिकारणोत्पन्नस्यौदनपर्यायस्य तन्दुलोपादानकारणवत्, अथ कुम्भकारचक्रचीवरादिबहिरंगनिमित्तोत्पन्नस्य मृण्मयघटपर्यायस्य मृत्पिण्डोपादानकारणवत्, अथवा नरनारकादिपर्यायस्य जीवोपादानकारणवदिति। तदपि कस्मादुपादानकारणसदृशं कार्यं भवतीति वचनात्। अथ मतं ''समयादिकालपर्यायाणां कालद्रव्यमुपादानकारणं न भवति; किन्तु समयोत्पत्तौ मन्दगतिपरिणतपुद्गलपरमाणुस्तथा निमेषकालोत्पत्तौ नयनपुटविघटनं, तथैव घटिकाकालपर्यायोत्पत्तौ घटिकासामग्रीभूतजलभाजनपुरुषहस्तादिव्यापारो, दिवसपर्याये तु दिनकरबिम्बमुपादानकारणमिति।'' नैवम्। यथा तन्दुलोपादानकारणोत्पन्नस्य सदोदन-पर्यायस्य शुक्लकृष्णादिवर्णा, सुरभ्यसुरभिगन्ध—स्निग्धरूक्षादिस्पर्श—मधुरादिरसविशेषरूपा गुणा दृश्यन्ते। तथा पुद्गलपरमाणुनयनपुटविघटनजलभाजनपुरुषव्यापारादिदिनकरबिम्बरूपैः पुद्गलपर्यायैरुपादानभूतैः समुत्पन्नानां समयनिमिषघटिकादिकालपर्यायाणामपि शुक्लकृष्णादिगुणाः प्राप्नुवन्ति, न च तथा। उपादानकारणसदृशं कार्यमिति वचनात्। किं**

---

દ્રવ્ય તે પણ કાળરૂપ હોવું જોઈએ. ઈંધન, અગ્નિ આદિ સહકારી કારણથી ઉત્પન્ન ભાતરૂપ પર્યાયના ઉપાદાનકારણ ચોખાની જેમ, કુંભાર, ચાક, દોરી આદિ બહિરંગ નિમિત્તથી ઉત્પન્ન માટીના ઘટપર્યાયના ઉપાદાનકારણ માટીના પિંડાની જેમ. અથવા નર-નારકાદિ પર્યાયના ઉપાદાનકારણ જીવની જેમ સમય, ઘડી આદિ કાળનું ઉપાદાનકારણ કાળદ્રવ્ય હોવું જોઈએ. તે પણ શા માટે? 'ઉપાદાનકારણના જેવું જ કાર્ય થાય છે' એવું વચન હોવાથી.

હવે, એમ માનવામાં આવે કે, ''સમય આદિ કાળના પર્યાયોનું ઉપાદાનકારણ કાળદ્રવ્ય નથી, પરંતુ સમયરૂપ પર્યાયની ઉત્પત્તિમાં મંદગતિપરિણત પુદ્ગલપરમાણુ, નિમેષરૂપ પર્યાયની ઉત્પત્તિમાં આંખોનું મીંચાવું અને ઊઘડવું, ઘડીરૂપ કાળપર્યાયની ઉત્પત્તિમાં ઘડીની સામગ્રીરૂપ પાણીનો વાટકો, માણસના હાથ આદિનો વ્યાપાર અને દિવસરૂપ પર્યાયની ઉત્પત્તિમાં સૂર્યનું બિંબ ઉપાદાનકારણ છે.'' પણ એમ નથી. જો એમ હોય તો, જેમ ચાવલરૂપ ઉપાદાનકારણથી ઉત્પન્ન થયેલ ભાતરૂપ પર્યાયમાં સફેદ, કૃષ્ણ વગેરે રંગ, સારી કે નરસી ગંધ, સ્નિગ્ધ કે રૂક્ષાદિ સ્પર્શ, મધુર વગેરે રસ ઈત્યાદિ વિશેષ ગુણો દેખાય છે, તેમ પુદ્ગલપરમાણુ, આંખોનું મીંચાવું-ઊઘડવું, પાણીનો કટોરો અને મનુષ્યનો વ્યાપાર આદિ, તથા સૂર્યબિંબરૂપ ઉપાદાનભૂત પુદ્ગલપર્યાયોથી ઉત્પન્ન સમય, નિમિષ, ઘડી, દિવસ આદિ કાળપર્યાયોમાં પણ સફેદ, કૃષ્ણ આદિ ગુણો પ્રાપ્ત થવા જોઈએ! પણ તેમ થતું નથી. કારણ કે, ઉપાદાનકારણ સમાન કાર્ય થાય છે; એવું વચન છે.

बहुना। योऽसावनाद्यनिधनस्तथैवामूर्त्तो नित्यः समयाद्युपादानकारणभूतोऽपि समयादि-विकल्परहितः कालाणुद्रव्यरूपः स निश्चयकालो, यस्तु सादिसान्तसमयघटिकाप्रहरादिविवक्षित-व्यवहारविकल्परूपस्तस्यैव द्रव्यकालस्य पर्यायभूतो व्यवहारकाल इति। अयमत्र भावः। यद्यपि काललब्धिवशेनानन्तसुखभाजनो भवति जीवस्तथापि विशुद्धज्ञानदर्शनस्वभावनिज-परमात्मतत्त्वस्य सम्यक्श्रद्धानज्ञानानुष्ठानसमस्तबहिर्द्रव्येच्छानिवृत्तिलक्षणतपश्चरणरूपा या निश्चयचतुर्विधाराधना सैव तत्रोपादानकारणं ज्ञातव्यम् न च कालस्तेन स हेय इति॥२१॥

अथ निश्चयकालस्यावस्थानक्षेत्रं द्रव्यगणनां च प्रतिपादयति :—

**लोयायासपदेसे इक्किक्के जे ठिया हु इक्किक्का।**
**रयणाणं रासी इव ते कालाणू असंखदव्वाणि॥२२॥**

लोकाकाशप्रदेशे एकैकस्मिन् ये स्थिताः हि एकैकाः।
रत्नानां राशिः इव ते कालाणवः असंख्यद्रव्याणि॥२२॥

---

ઘણું કહેવાથી શું? જે અનાદિનિધન છે, અમૂર્ત છે, નિત્ય છે, સમયાદિના ઉપાદાનકારણભૂત હોવા છતાં સમયાદિના ભેદરહિત છે, તે કાલાણુદ્રવ્યરૂપ નિશ્ચયકાળ છે. અને જે સાદિ-સાન્ત છે, સમય, ઘડી, પ્રહર આદિ વિવક્ષિત વ્યવહારનયના ભેદરૂપ છે તે, તે જ દ્રવ્યકાળના પર્યાયરૂપ વ્યવહારકાળ છે.

સારાંશ એ છે કે—જો કે કાળલબ્ધિના વશે જીવ અનંતસુખનું ભાજન થાય છે, તોપણ વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવી નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ તથા સમસ્ત બહિર્દ્રવ્યની ઇચ્છાની નિવૃત્તિ જેનું લક્ષણ છે, એવા તપશ્ચરણરૂપ જે નિશ્ચય ચતુર્વિધ આરાધના છે તે જ તેમાં ઉપાદાનકારણ જાણવું, કાળ નહિ; તેથી તે (કાળ) હેય છે. ૨૧.

હવે, નિશ્ચયકાળના રહેવાના ક્ષેત્રનું તથા દ્રવ્યની સંખ્યાનું પ્રતિપાદન કરે છે :—

ગાથા ૨૨

ગાથાર્થ :—જે લોકાકાશના એક એક પ્રદેશ પર રત્નોના ઢગલાની જેમ ભિન્નભિન્નપણે એક એક સ્થિત છે, તે કાલાણુ અસંખ્ય દ્રવ્ય છે.

---

લોકાકાશ—પ્રદેશનિ માંહિ, એક એક પરિ જુદે ગિણાંહિ;
જે અસંખ્ય તિષ્ઠૈ થિરરૂપ, કાલાણૂ જિમ રત્નનિ તૂપ. ૨૨.

व्याख्या—''लोयायासपदेसे इक्किक्के जे ठिया हु इक्किक्का'' लोकाकाशप्रदेशेष्वेकैकेषु ये स्थिता एकैकसंख्योपेता ''हु'' स्फुटं। क इव? ''रयणाणं रासी इव'' परस्पर-तादात्म्यपरिहारेण रत्नानां राशिरिव। ''ते कालाणू'' ते कालाणवः। कति संख्योपेताः? ''असंखदव्वाणि'' लोकाकाशप्रमितासंख्येयद्रव्याणीति। तथाहि—यथा अंगुलिद्रव्यस्य यस्मिन्नेव क्षणे वक्रपर्यायोत्पत्तिस्तस्मिन्नेव क्षणे पूर्वपाञ्जलपर्यायविनाशोऽङ्गुलिरूपेण ध्रौव्यमिति द्रव्यसिद्धिः। यथैव च केवलज्ञानादिव्यक्तिरूपेण कार्यसमयसारस्योत्पादो निर्विकल्प-समाधिरूपकारणसमयसारस्य विनाशस्तदुभयाधारपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमिति वा द्रव्यसिद्धिः। तथा कालाणोरपि मन्दगतिपरिणतपुद्गलपरमाणुना व्यक्तीकृतस्य कालाणूपादानकारणोत्पन्नस्य य एव वर्तमानसमयस्योत्पादः स एवातीतसमयापेक्षया विनाशस्तदुभयाधारकालाणुद्रव्यत्वेन ध्रौव्यमित्युत्पादव्ययध्रौव्यात्मककालद्रव्यसिद्धिः। लोकबहिर्भागेकालाणुद्रव्याभावात्कथमाकाश-द्रव्यस्य परिणतिरिति चेत्? अखण्डद्रव्यत्वादेकदेशदण्डाहतकुम्भकारचक्रभ्रमणवत्, तथैवैकदेशमनोहरस्पर्शनेन्द्रियविषयानुभवसर्वाङ्गसुखवत्, लोकमध्यस्थितकालाणुद्रव्य-

---

ટીકા :—''लोयायासपदेसे इक्किक्के जे ठिया हु इक्किक्का'' લોકાકાશના એક એક પ્રદેશ ઉપર જે એક એક સંખ્યામાં સ્થિત છે, ''हु'' સ્પષ્ટપણે, કોની પેઠે? ''रयणाणं रासी इव'' પરસ્પર તાદાત્મ્યરહિત રત્નોની રાશિની જેમ. ''ते कालाणू'' તે કાલાણુઓ છે. તે કેટલી સંખ્યાવાળા છે? ''असंखदव्वाणि'' લોકાકાશના પ્રદેશપ્રમાણ અસંખ્ય દ્રવ્યો છે. વિશેષ—જેવી રીતે આંગળીને વક્ર પર્યાયની ઉત્પત્તિ જે ક્ષણે થાય છે તે જ ક્ષણે પૂર્વના સીધા પર્યાયનો વ્યય થાય છે અને આંગળીપણે ધ્રુવપણું રહે છે—એ પ્રમાણે દ્રવ્યની સિદ્ધિ થાય છે; તથા જેવી રીતે કેવળજ્ઞાનાદિની વ્યક્તિરૂપે કાર્ય-સમયસારનો ઉત્પાદ, નિર્વિકલ્પ સમાધિરૂપ કારણ સમયસારનો વિનાશ અને તે બન્નેના આધારભૂત પરમાત્મદ્રવ્યપણે ધ્રૌવ્ય છે—એ રીતે પણ દ્રવ્યની સિદ્ધિ છે; તેવી રીતે કાલાણુને પણ મંદગતિથી પરિણમેલા પુદ્ગલપરમાણુ વડે પ્રગટ કરાયેલ અને કાલાણુરૂપ ઉપાદાનકારણથી ઉત્પન્ન થયેલ જે વર્તમાન સમયનો ઉત્પાદ છે, તે જ ભૂતકાળના સમયની અપેક્ષાએ વિનાશ અને તે બન્નેના આધારભૂત કાલાણુદ્રવ્યરૂપે ધ્રૌવ્ય છે—એ રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક કાળદ્રવ્યની સિદ્ધિ છે.

શંકા :—લોકાકાશની બહારના ભાગમાં કાલાણુદ્રવ્યનો અભાવ હોવાથી આકાશદ્રવ્યનું પરિણમન (અલોકાકાશમાં) કેવી રીતે થાય? સમાધાન :—આકાશ અખંડ દ્રવ્ય હોવાથી, જેમ કુંભારના ચાકડાના એક ભાગમાં લાકડીથી પ્રેરવામાં આવતાં આખો ચાકડો ભ્રમણ કરે છે, તથા સ્પર્શેન્દ્રિયના વિષયનો એક ભાગમાં મનોહર અનુભવ કરવાથી સમસ્ત શરીરમાં સુખનો અનુભવ થાય છે, તેમ લોકાકાશમાં રહેલાં કાલાણુદ્રવ્ય આકાશના

**धारणैकदेशेनापि सर्वत्र परिणमनं भवतीति कालद्रव्यं शेषद्रव्याणां परिणतेः सहकारिकारणं भवति। कालद्रव्यस्य किं सहकारिकारणमिति? यथाकाशद्रव्यमशेषद्रव्याणामाधारः स्वस्यापि, तथा कालद्रव्यमपि परेषां परिणतिसहकारिकारणं स्वस्यापि। अथ मतं यथा कालद्रव्यं स्वस्योपादानकारणं परिणतेः सहकारिकारणं च भवति तथा सर्वद्रव्याणि, कालद्रव्येण किं प्रयोजनमिति? नैवम्; यदि पृथग्भूतसहकारिकारणेनप्रयोजनं नास्ति तर्हि सर्वद्रव्याणां साधारणगतिस्थित्यवगाहनविषये धर्माधर्माकाशद्रव्यैरपि सहकारिकारणभूतैः प्रयोजनं नास्ति। किञ्च, कालस्य घटिकादिवसादिकार्यं प्रत्यक्षेण दृश्यते; धर्मादीनां पुनरागमकथनमेव, प्रत्यक्षेण किमपि कार्यं न दृश्यते; ततस्तेषामपि कालद्रव्यस्यैवाभावः प्राप्नोति। ततश्च जीवपुद्गलद्रव्यद्वयमेव, च चागमविरोधः। किञ्च, सर्वद्रव्याणां परिणतिसहकारित्वं कालस्यैव गुणः, घ्राणेन्द्रियस्य रसास्वादनमिवान्यद्रव्यस्य गुणोऽन्यद्रव्यस्य कर्तुं नायाति द्रव्यसंकरदोषप्रसंगादिति।**

---

એક ભાગમાં સ્થિત હોવા છતાં આખા આકાશમાં પરિણમન થાય છે.

શંકા :—કાળદ્રવ્ય બાકીનાં બીજાં દ્રવ્યોનાં પરિણમનને સહકારી કારણ થાય છે; કાળદ્રવ્યને પરિણમનમાં કોણ સહકારી કારણ થાય છે? સમાધાન :—જેમ આકાશદ્રવ્ય બીજાં બધાં દ્રવ્યોનો આધાર છે અને પોતાનો પણ આધાર છે, તેમ કાળદ્રવ્ય પણ બીજાં દ્રવ્યોનાં પરિણમનમાં સહકારી કારણ છે અને પોતાના પરિણમનમાં પણ સહકારી કારણ છે.

શંકા :—જેવી રીતે કાળદ્રવ્ય પોતાના પરિણમનમાં ઉપાદાનકારણ છે અને સહકારીકારણ પણ છે, તેમ બધાં દ્રવ્યો પણ પોતાના પરિણમનમાં ઉપાદાન અને સહકારી કારણ હો; તે દ્રવ્યોના પરિણમનમાં કાળદ્રવ્યનું શું પ્રયોજન છે? સમાધાન :—એમ નથી. જો પોતાનાથી ભિન્ન સહકારી કારણનું પ્રયોજન ન હોય તો સર્વ દ્રવ્યોનાં સામાન્ય ગતિ, સ્થિતિ અને અવગાહનની બાબતમાં સહકારી કારણભૂત એવાં ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્યનું પણ કોઈ પ્રયોજન ન રહે. વળી, કાળદ્રવ્યનું ઘડી, દિવસ આદિ કાર્ય તો પ્રત્યક્ષપણે દેખાય છે; પણ ધર્મ વગેરે દ્રવ્યોનું તો આગમકથન જ છે, પ્રત્યક્ષપણે તેમનું કોઈ કાર્ય દેખાતું નથી, તેથી કાળદ્રવ્યની પેઠે તેમનો પણ અભાવ પ્રાપ્ત થાય; અને તો પછી જીવ અને પુદ્ગલ બે જ દ્રવ્ય રહે. પણ તે તો (તેમ માનવું તે તો) આગમથી વિરુદ્ધ છે. વળી, સર્વદ્રવ્યોને પરિણમનમાં સહકારી થવું એ કાળદ્રવ્યનો જ ગુણ છે; જેમ ઘ્રાણેન્દ્રિયથી રસાસ્વાદ થઈ શકતો નથી, તેમ અન્ય દ્રવ્યનો ગુણ અન્ય દ્રવ્ય દ્વારા થઈ શકતો નથી કેમકે, એમ માનવાથી દ્રવ્યસંકરરૂપ દોષનો પ્રસંગ આવે છે.

कश्चिदाह—यावत्कालेनैकाकाशप्रदेशं परमाणुरतिक्रामति ततस्तावत् कालेन समयो भवतीत्युक्तमागमे एकसमयेन चतुर्दशरज्जुगमने यावंत आकाशप्रदेशास्तावन्तः समयाः प्राप्नुवन्ति। परिहारमाह—एकाकाशप्रदेशातिक्रमेण यत् समयव्याख्यानं कृतं तन्मन्द-गत्यपेक्षया, यत्पुनरेकसमये चतुर्दशरज्जुगमनव्याख्यानं तत्पुनः शीघ्रगत्यपेक्षया। तेन कारणेन चतुर्दशरज्जुगमनेऽप्येकसमयः। तत्र दृष्टान्तः—कोऽपि देवदत्तो योजनशतं मन्दगत्या दिनशतेन गच्छति। स एव विद्याप्रभावेण शीघ्रगत्या दिनेनैकेनापि गच्छति तत्र किं दिनशतं भवति। किन्त्वेक एव दिवसः। तथा चतुर्दशरज्जुगमनेऽपि शीघ्रगमनेनैक एव समयः।

किञ्च—स्वयं विषयानुभवरहितोऽप्ययं जीवः परकीयविषयानुभवं दृष्टम् श्रुतं च मनसि स्मृत्वा यद्विषयाभिलाषं करोति तदपध्यानं भण्यते, तत्प्रभृतिसमस्तजालरहितं स्वसंवित्तिसमुत्पन्नसहजानन्दैकलक्षणसुखरसास्वादसहितं यत्तद्वीतरागचारित्रं भवति।

---

કોઈ કહે છે—‘જેટલા કાળમાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશમાં પરમાણુ ગમન કરે છે તેટલા કાળને સમય કહે છે’ એમ આગમમાં કહ્યું છે; તો એક સમયમાં પરમાણુ ચૌદ રાજુ ગમન કરતાં જેટલા આકાશપ્રદેશો ઓળંગે તેટલા સમય થવા જોઈએ! તેનું સમાધાન કરે છે :—પરમાણુ એક આકાશપ્રદેશથી બીજા પ્રદેશે જાય તેટલા કાળને સમય શાસ્ત્રમાં કહેલ છે તે પરમાણુની મંદગતિની અપેક્ષાએ છે અને જે પરમાણુનું એક સમયમાં ચૌદ રાજુ ગતિ કરવાનું કથન છે તે તો શીઘ્ર ગતિ કરવાની અપેક્ષાએ છે; તેથી પરમાણુ ચૌદ રાજુ ગમન કરે, તોપણ એક સમય જ થાય છે. ત્યાં દૃષ્ટાંત એ છે કે, કોઈ દેવદત્ત નામનો પુરુષ મંદગતિથી ચાલીને સો દિવસોમાં સો યોજન ચાલે છે અને તે જ પુરુષ વિદ્યાના પ્રભાવથી શીઘ્ર ગતિ કરીને એક દિવસમાં પણ સો યોજન જાય છે, તો શું તેને સો યોજન ચાલવામાં સો દિવસ લાગે છે? ના, પણ એક જ દિવસ લાગે છે; તેવી જ રીતે ચૌદ રાજુ ગમન કરવામાં પણ શીઘ્રગમનને લીધે પરમાણુને એક જ સમય લાગે છે.

વળી વિશેષ—સ્વયં વિષયોના અનુભવરહિત હોવા છતાં પણ આ જીવ બીજાના જોયેલા, સાંભળેલા, અનુભવેલા વિષયનું મનમાં સ્મરણ કરીને જે વિષયોની અભિલાષા કરે છે તેને અપધ્યાન કહેવામાં આવે છે. તે વિષય–અભિલાષરૂપ અપધ્યાનાદિ સમસ્ત જાળરહિત, સ્વસંવેદનથી ઉત્પન્ન સહજાનંદ જેનું એક લક્ષણ છે; એવા સુખના રસાસ્વાદ સહિત જે છે તે વીતરાગચારિત્ર છે અને તેની સાથે જે અવિનાભાવી હોય છે તે

यत्पुनस्तदविनाभूतं तन्निश्चयसम्यक्त्वं वीतरागसम्यक्त्वं चेति भण्यते। तदेव कालत्रयेऽपि मुक्तिकारणम्। कालस्तु तदभावे सहकारिकारणमपि न भवति ततः स हेय इति। तथाचोक्तम्—''किं पलविएण बहुणा जे सिद्धा णरवरा गए काले। सिद्धिहंहि जेवि भविया तं जाणइ सम्ममाहप्पं।।'' इदमत्र तात्पर्यम्—कालद्रव्यमन्यद्वा परमागमाविरोधेन विचारणीयं परं किन्तु वीतरागसर्वज्ञवचनं प्रमाणमिति मनसि निश्चित्य विवादो न कर्तव्यः। कस्मादिति चेत् ? विवादे रागद्वेषौ भवतस्ततश्च संसारवृद्धिरिति।।२।।

एवं कालद्रव्यव्याख्यानमुख्यतया पञ्चमस्थले सूत्रद्वयं गतं। इतिगाथाष्टकसमुदायेन पंचभिः स्थलैः पुद्गलादिपंचविधाजीवद्रव्यकथनरूपेण द्वितीयो अन्तराधिकारः समाप्तः।

अतः परं सूत्रपञ्चकपर्यन्तं पञ्चास्तिकायव्याख्यानं करोति। तत्रादौ गाथापूर्वार्द्धेन षड्द्रव्यव्याख्यानोपसंहार उत्तरार्धेन तु पंचास्तिकायव्याख्यानप्रारम्भः कथ्यतेः—

---

નિશ્ચયસમ્યક્ત્વ અથવા વીતરાગસમ્યક્ત્વ કહેવાય છે. તે જ (નિશ્ચયસમ્યક્ત્વ જ) ત્રણે કાળે મુક્તિનું કારણ છે. કાળ તો તેના અભાવમાં સહકારી કારણ પણ થતો નથી; તેથી તે હેય છે. એવી રીતે કહ્યું પણ છે કે—''किं पलविएण बहुणा जे सिद्धा णरवरा गए काले। सिद्धिहंहि जेवि भविया तं जाणह सम्ममाहप्पं।।'' (ઘણું કહેવાથી શું? જે શ્રેષ્ઠ પુરુષો ભૂતકાળમાં સિદ્ધ થયા છે, થાય છે અને ભવિષ્યકાળમાં થશે તે સમ્યક્ત્વનું માહાત્મ્ય[1] જાણો.)''

અહીં, તાત્પર્ય આ છે કે—કાળદ્રવ્ય તથા અન્ય દ્રવ્ય વિષે પરમાગમના અવિરોધપણે વિચાર કરવો, પરંતુ 'વીતરાગ સર્વજ્ઞનું વચન સત્ય છે' એમ મનમાં નિશ્ચય કરીને વિવાદ ન કરવો. શા માટે? કારણ કે, વિવાદ કરવાથી રાગ-દ્વેષ થાય છે અને રાગ-દ્વેષથી સંસારની વૃદ્ધિ થાય છે. ૨૨.

આ રીતે કાળદ્રવ્યના વ્યાખ્યાનની મુખ્યતાથી પાંચમા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ. આ રીતે આઠ ગાથાઓના સમુદાયથી પાંચ સ્થળોમાં પુદ્ગલ આદિ પાંચ પ્રકારનાં અજીવ દ્રવ્યોના કથનરૂપે બીજો અંતરાધિકાર પૂરો થયો.

હવે પછી, પાંચ ગાથાઓ સુધી પંચાસ્તિકાયનું વ્યાખ્યાન કરે છે. તેમાં પણ પ્રથમ ગાથાના પૂર્વાર્ધથી છ દ્રવ્યોના વ્યાખ્યાનનો ઉપસંહાર અને ઉત્તરાર્ધથી પંચાસ્તિકાયના વ્યાખ્યાનનો પ્રારંભ કરે છે :—

---

૧. દ્વાદશ અનુપ્રેક્ષા—ગાથા ૯૦

**एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं।**
**उत्तं कालविजुत्तं णादव्वा पंच अत्थिकाया दु।।२३।।**

एवं षड्भेदं इदं जीवाजीवप्रभेदतः द्रव्यम्।
उक्तं कालवियुक्तम् ज्ञातव्याः पञ्च अस्तिकायाः तु।।२३।।

व्याख्या—''एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं उत्तं'' एवं पूर्वोक्तप्रकारेण षड्भेदमिदं जीवाजीवप्रभेदतः सकाशाद्द्रव्यमुक्तं कथितं प्रतिपादितम्। ''कालविजुत्तं णादव्वा पंच अत्थिकाया दु'' तदेव षड्विधं द्रव्यं कालेन वियुक्तं रहितं ज्ञातव्याः पञ्चास्तिकायास्तु पुनरिति।।२३।।

पञ्चेति संख्या ज्ञाता तावदिदानीमस्तित्वं कायत्वं च निरूपयति :—

**संति जदो तेणेदे अत्थित्ति भणंति जिणवरा जह्मा।**
**काया इव बहुदेसा तह्मा काया य अत्थिकाया य।।२४।।**

---

ગાથા ૨૩

ગાથાર્થ :—આ રીતે જીવ અને અજીવના પ્રભેદથી દ્રવ્ય છ પ્રકારનાં છે. કાળદ્રવ્ય સિવાય બાકીનાં પાંચ દ્રવ્યોને અસ્તિકાય જાણવાં.

ટીકા :—''एवं छब्भेयमिदं जीवाजीवप्पभेददो दव्वं उत्तं'' આમ પૂર્વોક્ત પ્રકારે જીવ અને અજીવના પ્રભેદથી આ છ પ્રકારનાં દ્રવ્ય કહ્યાં છે. ''कालविजुत्तं णादव्वा पंच अत्थिकाया दु'' તે જ છ પ્રકારનાં દ્રવ્યને કાળ સિવાય પંચાસ્તિકાય તરીકે જાણવાં. ૨૩.

પાંચ એવી સંખ્યા તો જાણી; હવે તેના અસ્તિત્વ અને કાયત્વનું નિરૂપણ કરે છે :—

---

ઐસેં દ્રવ્ય કહે છહ ભેદ, જીવ-અજીવતણે, બિન-ખેદ;
કાલ બિના પણ અસ્તિ જુ કાય, જાનૂં જિન ભાષે સમુદાય. ૨૩.

એતે 'હૈ' ઐસેં જિનદેવ, ભાષે અસ્તિરૂપ સ્વયમેવ;
બહુ પ્રદેશ કાય જિમ લખૈ, અસ્તિકાય પાંચૂં ઈમ અખૈ. ૨૪.

सन्ति यतः तेन एते अस्ति इति भणन्ति जिनवराः यस्मात् ।
काया इव बहुदेशाः तस्मात् कायाः च अस्तिकायाः च ।।२४।।

व्याख्या—''संति जदो तेणेदे अत्थित्ति भणंति जिणवरा'' सन्ति विद्यन्ते यत एते जीवाद्याकाशपर्यन्ताः पञ्च तेन कारणेनैतेऽस्तीति भणंति जिणवराः सर्वज्ञाः। ''जह्मा काया इव बहुदेसा तह्मा काया य'' यस्मात्काया इव बहुप्रदेशास्तस्मात्कारणात्कायाश्च भणंति जिनवराः। ''अत्थिकाया य'' एवं न केवलं पूर्वोक्तप्रकारेणास्तित्वेन युक्ता अस्तिसंज्ञास्तथैव कायत्वेन युक्ताः कायसंज्ञा भवन्ति किन्तूभयमेलापकेनास्तिकायसंज्ञाश्च भवन्ति। इदानीं संज्ञालक्षणप्रयोजनादिभेदेऽप्यस्तित्वेन सहाभेदं दर्शयति। तथाहि शुद्धजीवास्तिकाये सिद्धत्वलक्षणः शुद्धद्रव्यव्यञ्जनपर्यायः, केवलज्ञानादयो विशेषगुणाः, अस्तित्व-वस्तुत्वागुरुलघुत्वादयः सामान्यगुणाश्च। तथैवाव्याबाधानन्तसुखाद्यनन्तगुणव्यक्तिरूपस्य कार्यसमयसारस्योत्पादो रागादिविभावरहितपरमस्वास्थ्यरूपस्य कारणसमयसारस्य

---

ગાથા ૨૪

ગાથાર્થ :—કારણ કે તેઓ વિદ્યમાન છે, તેથી જિનવરોએ એમને 'અસ્તિ' કહ્યાં અને એ કાયની જેમ બહુપ્રદેશી છે, તેથી એમને 'કાય' કહ્યાં. બન્ને મળીને 'અસ્તિકાય' થાય છે.

ટીકા :—''संति जदो तेणेदे अत्थित्ति भणंति जिणवरा'' જીવથી આકાશ સુધીનાં પાંચ દ્રવ્ય વિદ્યમાન છે તે કારણે એમને સર્વજ્ઞ જિનવરો 'અસ્તિ' કહે છે. ''जह्मा काया इव बहुदेसा तह्मा काया य'' અને તે કાયાની પેઠે બહુપ્રદેશી છે, તેથી જિનવરો તેમને 'કાય' કહે છે. ''अत्थिकाया य'' આવી રીતે પૂર્વે કહ્યું તેમ 'અસ્તિત્વ' વાળા હોવાથી કેવળ 'અસ્તિ' સંજ્ઞા નથી, તેમજ 'કાયત્વ'વાળા હોવાથી કેવળ 'કાય' સંજ્ઞા પણ નથી; પરંતુ બન્નેના મેળાપથી 'અસ્તિકાય' સંજ્ઞા છે.

હવે સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિના ભેદ હોવા છતાં પણ અસ્તિત્વની સાથે (આ પાંચે) અભેદ છે, એમ બતાવે છે :—શુદ્ધ જીવાસ્તિકાયને વિષે (મુક્તદશામાં) સિદ્ધત્વલક્ષણરૂપ શુદ્ધદ્રવ્ય-વ્યંજન-પર્યાય, કેવળજ્ઞાન આદિ વિશેષ ગુણો અને અસ્તિત્વ, વસ્તુત્વ, અગુરુલઘુત્વ વગેરે સામાન્ય ગુણો છે, તથા (મુક્તદશામાં) અવ્યાબાધ અનંતસુખાદિ અનંત ગુણની વ્યક્તતારૂપ કાર્ય-સમયસારનો ઉત્પાદ, રાગાદિ વિભાવરહિત પરમસ્વાસ્થ્યરૂપ કારણ-સમયસારનો વ્યય અને તે બન્નેના આધારભૂત પરમાત્મદ્રવ્યપણે ધ્રૌવ્ય છે; શુદ્ધ જીવાસ્તિકાયને

**व्ययस्तदुभयाधारभूतपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमित्युक्तलक्षणैर्गुणपर्यायैरुत्पादव्ययध्रौव्यैश्च सह मुक्तावस्थायां संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि सत्तारूपेण प्रदेशरूपेण च भेदो नास्ति। कस्मादिति चेत् ? मुक्तात्मसत्तायां गुणपर्यायाणामुत्पादव्ययध्रौव्याणां चास्तित्वं सिद्ध्यति, गुणपर्यायोत्पादव्ययध्रौव्यसत्तायाश्च मुक्तात्मास्तित्वं सिद्धयतीति परस्परसाधितसिद्धत्वादिति। कायत्वं कथ्यते—बहुप्रदेशप्रचयं दृष्ट्वा यथा शरीरं कायो भण्यते तथानन्त-ज्ञानादिगुणाधारभूतानां लोकाकाशप्रमितासंख्येयशुद्धप्रदेशानां प्रचयं समूहं संघातं मेलापकं दृष्ट्वा मुक्तात्मनि कायत्वं भण्यते। यथा शुद्धगुणपर्यायोत्पादव्ययध्रौव्यैः सह मुक्तात्मनः सत्तारूपेण निश्चयेनाभेदो दर्शितस्तथा यथासंभवं संसारिजीवेषु पुद्गलधर्माधर्माकाशकालेषु च द्रष्टव्यः। कालद्रव्यं विहाय कायत्वं चेति सूत्रार्थः।।२४।।**

**अथ कायत्वव्याख्याने पूर्वं यत्प्रदेशास्तित्वं सूचितं तस्य विशेषव्याख्यानं करोतीत्येका पातनिका, द्वितीया तु कस्य द्रव्यस्य कियन्तः प्रदेशा भवन्तीति प्रतिपादयति :—**

---

એ રીતે ઉપરોક્ત લક્ષણવાળા ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સાથે મુક્ત અવસ્થામાં સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિનો ભેદ હોવા છતાં પણ સત્તારૂપે અને પ્રદેશરૂપે ભેદ નથી. શા માટે ભેદ નથી? મુક્તાત્માની સત્તામાં ગુણપર્યાયોનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તથા ગુણ-પર્યાય તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સત્તાથી મુક્તાત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે; એ રીતે પરસ્પર સાધિત-સિદ્ધત્વ (—સાધ્યસાધનપણું) છે.

હવે, એમના કાયત્વનું કથન કરવામાં આવે છે :—જેવી રીતે ઘણા પ્રદેશોનો સમૂહ જોઈને શરીરને ‘કાય’ કહેવામાં આવે છે, તેવી રીતે અનંત જ્ઞાનાદિ ગુણોના આધારભૂત લોકાકાશપ્રમાણ અસંખ્ય શુદ્ધ પ્રદેશોનો સમૂહ જોઈને મુક્તાત્મામાં ‘કાયત્વ’ કહેવામાં આવે છે.

જેવી રીતે શુદ્ધ ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાથે મુક્તાત્માને સત્તારૂપે નિશ્ચયનયથી અભેદપણું બતાવ્યું, તેવી રીતે યથાસંભવ સંસારી જીવોમાં તથા પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળમાં પણ જાણવું, અને કાળદ્રવ્ય સિવાય કાયત્વ પણ જાણવું.

—આ પ્રમાણે આ ગાથાનો અર્થ છે. ૨૪

હવે, કાયત્વના વ્યાખ્યાનમાં પૂર્વે જે પ્રદેશોનું અસ્તિત્વ સૂચવ્યું હતું તેનું વિશેષ વ્યાખ્યાન કરે છે. [એક પાતનિકા (ઉત્થાનિકા) તો એ પ્રમાણે છે, બીજી પાતનિકા એમ છે કે,] કયા દ્રવ્યના કેટલા પ્રદેશો છે એનું પ્રતિપાદન કરે છે :—

**होंति असंखा जीवे धम्माधम्मे अणंत आयासे।**
**मुत्ते तिविह पदेसा कालस्सेगो ण तेण सो काओ।।२५।।**

भवन्ति असंख्याः जीवे धर्माधर्मयोः अनन्ताः आकाशे।
मूर्त्ते त्रिविधाः प्रदेशाः कालस्य एकः न तेन सः कायः।।२५।।

व्याख्या—''होंति असंखा जीवे धम्माधम्मे'' भवन्ति लोकाकाशप्रमितासंख्येयप्रदेशाः प्रदीपवदुपसंहारविस्तारयुक्तेऽप्येकजीवे, नित्यं स्वभावविस्तीर्णयोर्धर्माधर्मयोरपि। ''अणंत आयासे'' अनन्तप्रदेशा आकाशे भवन्ति। ''मुत्ते तिविह पदेसा'' मूर्त्ते पुद्गलद्रव्ये संख्यातासंख्यातानन्ताणूनां पिण्डाः स्कन्धास्त एव त्रिविधाः प्रदेशा भण्यन्ते, न च क्षेत्रप्रदेशाः। कस्मात् ? पुद्गलस्यानन्तप्रदेशक्षेत्रे अवस्थानाभावादिति। ''कालस्सेगो'' कालाणुद्रव्यस्यैक एव प्रदेशः। ''ण तेण सो काओ'' तेन कारणेन स कायो न भवति। कालस्यैकप्रदेशत्वविषये युक्तिं प्रदर्शयति। तद्यथा—किञ्चिदूनचरमशरीरप्रमाणस्य

---

ગાથા ૨૫

ગાથાર્થ :—જીવ, ધર્મ તથા અધર્મદ્રવ્યના અસંખ્ય પ્રદેશ છે, આકાશના અનંત છે; મૂર્તના (પુદ્ગલના) ત્રણ પ્રકારના (સંખ્યાત, અસંખ્યાત, અનંત) પ્રદેશો છે. કાળને એક પ્રદેશ છે, તેથી તે 'કાય' નથી.

ટીકા :—''होंति असंखा जीवे धम्माधम्मे'' દીપકની પેઠે સંકોચ–વિસ્તારયુક્ત એક જીવમાં અને સદા સ્વભાવથી વિસ્તૃત ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યમાં પણ લોકાકાશપ્રમાણ અસંખ્ય પ્રદેશો હોય છે. ''अणंत आयासे'' આકાશમાં અનંત પ્રદેશો હોય છે. ''मुत्ते तिविह पदेसा'' મૂર્ત–પુદ્ગલ દ્રવ્યમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુઓના પિંડ અર્થાત્ સ્કંધ હોય છે; તેને જ ત્રણ પ્રકારના પ્રદેશો કહેવામાં આવે છે, ક્ષેત્રપ્રદેશોને નહિ. કેમકે પુદ્ગલ અનંતપ્રદેશવાળા ક્ષેત્રમાં રહેતાં નથી. ''कालस्सेगो'' કાલાણુને એક જ પ્રદેશ છે. ''ण तेण सो काओ'' તે કારણ તે 'કાય' નથી. કાળદ્રવ્યને એકપ્રદેશ હોવાની બાબતમાં યુક્તિ બતાવે છે. તે આ રીતે—જેવી રીતે અંતિમ શરીરથી થોડા ઓછા પ્રમાણવાળા સિદ્ધત્વ

---

દેશ અસંખ્ય જીવ એકકૈ, ધર્મ-અધર્મ તથા ગિનિ તકૈ;
નભ અનંત, પુદ્ગલ બહુ ભાય, એક કાલકૈ, ઈમ વિન-કાય. ૨૫.

सिद्धत्वपर्यायस्योपादानकारणभूतं शुद्धात्मद्रव्यं तत्पर्यायप्रमाणमेव। यथा वा मनुष्यदेवादिपर्यायोपादानकारणभूतं संसारिजीवद्रव्यं तत्पर्यायप्रमाणमेव, तथा कालद्रव्यमपि समयरूपस्य कालपर्यायस्य विभागेनोपादानकारणभूतमविभाग्येकप्रदेश एव भवति। अथवा मन्दगत्या गच्छतः पुद्गलपरमाणोरेकाकाशमप्रदेशपर्यन्तमेव कालद्रव्यं गतेः सहकारिकारणं भवति ततो ज्ञायते तदप्येकप्रदेशमेव।

कश्चिदाह—पुद्गलपरमाणोर्गतिसहकारिकारणं धर्मद्रव्यं तिष्ठति, कालस्य किमायातम्? नैवं वक्तव्यम्—धर्मद्रव्ये गतिसहकारिकारणे विद्यमानेऽपि मत्स्यानां जलवन्मनुष्याणां शकटारोहणादिवत्सहकारिकारणानि बहून्यपि भवन्ति इति। अथ मतं कालद्रव्यं पुद्गलानां गतिसहकारिकारणं कुत्र भणितमास्ते? तदुच्यते—''पुग्गलकरणा जीवा खंधा खलु कालकरणादु'' इत्युक्तं श्रीकुन्दकुन्दाचार्यदेवैः पञ्चास्तिकायप्राभृते। अस्यार्थः कथ्यते—धर्मद्रव्ये विद्यमानेऽपि जीवानाम् कर्मनोकर्मपुद्गला गतेः सहकारिकारणं भवन्ति, अणुस्कन्धभेदभिन्नपुद्गलानां तु कालद्रव्यमित्यर्थः॥२५॥

---

પર્યાયનું ઉપાદાનકારણભૂત જે શુદ્ધાત્મદ્રવ્ય છે તે સિદ્ધત્વપર્યાયપ્રમાણ (તેના સમાન) જ છે, અથવા જેવી રીતે મનુષ્ય, દેવ આદિ પર્યાયોના ઉપાદાનકારણભૂત જે સંસારી જીવદ્રવ્ય છે તે એ મનુષ્યાદિ પર્યાયપ્રમાણ (તેના બરાબર જ) જ છે, તેવી રીતે કાળદ્રવ્ય પણ સમયરૂપ કાળપર્યાયના અવિભાગપણાથી ઉપાદાનકારણભૂત અવિભાગી એકપ્રદેશ જ હોય છે. અથવા મંદગતિથી ગમન કરતા પુદ્ગલપરમાણુને એક આકાશપ્રદેશ સુધી જ કાળદ્રવ્ય ગતિનું સહકારી કારણ થાય છે, તેથી જણાય છે કે તે કાળદ્રવ્ય પણ એકપ્રદેશી જ છે.

કોઈ પ્રશ્ન કરે છે કે, પુદ્ગલપરમાણુને ગતિમાં સહકારી કારણ ધર્મદ્રવ્ય છે તેમાં કાળદ્રવ્યનું શું પ્રયોજન છે? સમાધાન :—એમ કહેવું ન જોઈએ. ગતિમાં સહકારી કારણ ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ માછલાને ગતિ કરવામાં જળની જેમ અને મનુષ્યોને (શકટ–આરોહણની) જેમ બીજાં પણ ઘણાં સહકારી કારણો હોય છે. કોઈ કહે કે કાળદ્રવ્ય પુદ્ગલોની ગતિમાં સહકારી કારણ છે, એમ ક્યાં કહ્યું છે? તેનો ઉત્તર આપવામાં આવે છે :—શ્રી કુંદકુંદાચાર્યદેવે પંચાસ્તિકાય પ્રાભૃતમાં કહ્યું છે કે—''पुग्गलकरणा जीवा खंधा खलु कालकरणा दु'' એનો અર્થ કહેવામાં આવે છે :—ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ, જીવોને ગતિમાં કર્મ–નોકર્મરૂપ પુદ્ગલો સહકારી કારણ થાય છે અને અણુ તથા સ્કંધ—એ બે ભેદવાળા પુદ્ગલોને ગમનમાં કાળદ્રવ્ય સહકારી કારણ થાય છે. ૨૫.

अथैकप्रदेशस्यापि पुद्गलपरमाणोरुपचारेण कायत्वमुपदिशति :—

**एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि।**
**बहुदेसो उवयारा तेण य काओ भणंति सव्वण्हु॥२६॥**

एकप्रदेशः अपि अणुः नानास्कन्धप्रदेशतः भवति।
बहुदेशः उपचारात् तेन च कायः भणन्ति सर्वज्ञः॥२६॥

व्याख्या—''एयपदेसो वि अणू णाणाखंधप्पदेसदो होदि बहुदेसो'' एकप्रदेशोऽपि पुद्गलपरमाणुर्नानास्कन्धरूपबहुप्रदेशतः सकाशाद्बहुप्रदेशो भवति। ''उवयारा'' उपचाराद् व्यवहारनयात्, ''तेण य काओ भणंति सव्वण्हु'' तेन कारणेन कायमिति सर्वज्ञा भणन्तीति। तथाहि—यथायं परमात्मा शुद्धनिश्चयनयेन द्रव्यरूपेण शुद्धस्तथैकोऽप्यनादिकर्म-बन्धवशात्स्निग्धरूक्षस्थानीयरागद्वेषाभ्यां परिणम्य नरनारकादिविभावपर्यायरूपेण व्यवहारेण

---

હવે, પુદ્‌ગલ પરમાણુ એકપ્રદેશી છે તોપણ ઉપચારથી તેને કાયત્વ છે, એમ ઉપદેશે છે :—

ગાથા ૨૬

ગાથાર્થ :—એકપ્રદેશી પણ પરમાણુ અનેક સ્કંધરૂપ બહુપ્રદેશી થાય છે તે કારણે સર્વજ્ઞદેવ ઉપચારથી પરમાણુને 'કાય' કહે છે.

ટીકા :—''एयपदेसो वि अणू णाणाखंदप्पदेसदो होदि बहुदेसो'' પુદ્‌ગલ—પરમાણુ એકપ્રદેશી છે, તોપણ જુદાજુદા સ્કંધરૂપ બહુપ્રદેશી થાય છે; ''उवयारा'' ઉપચાર એટલે વ્યવહારનયથી; ''तेण य काओ भणंति सव्वण्हु'' તે કારણે સર્વજ્ઞદેવો પરમાણુને 'કાય' કહે છે.

વિશેષ :—જેવી રીતે આ પરમાત્મા શુદ્ધ નિશ્ચયનયથી દ્રવ્યરૂપે શુદ્ધ તથા એક છે, તોપણ અનાદિ કર્મબંધના વશે સ્નિગ્ધ-રૂક્ષગુણસ્થાનીય રાગ-દ્વેષરૂપ પરિણમીને વ્યવહારથી નર-નારકાદિ વિભાવ પર્યાયરૂપે અનેક પ્રકારનો થાય છે, તેવી જ રીતે

---

પુદ્‌ગલ-અણૂ એક પરદેશ, ખંધ રૂક્ષ-ચીકણતૈં વેશ;
બહુદેશી ઉપચાર કહાવ, કાયરૂપ ઈમ કહ્યૌ સ્વભાવ. ૨૬.

बहुविधो भवति। तथा पुद्गलपरमाणुरपि स्वभावेनैकोऽपि शुद्धोऽपि रागद्वेषस्थानीयबन्धयोग्यस्निग्धरूक्षगुणाभ्यां परिणम्य द्विअणुकादिस्कन्धरूपविभावपर्यायैर्बहुविधो-बहुप्रदेशो भवति तेन कारणेन बहुप्रदेशलक्षणकायत्वकारणत्वादुपचारेण कायो भण्यते। अथ मतं यथा पुद्गलपरमाणोर्द्रव्यरूपेणैकस्यापि द्व्यणुकादिस्कन्धपर्यायरूपेण बहुप्रदेशरूपं कायत्वं जातं तथा कालाणोरपि द्रव्येणैकस्यापि पर्यायेण कायत्वं भवत्विति? तत्र परिहारः—स्निग्धरूक्षहेतुकस्य बन्धस्याभावान्न भवति। तदपि कस्मात्? स्निग्धरूक्षत्वं पुद्गलस्यैव धर्मो यतः कारणादिति। अणुत्वं पुद्गलसंज्ञा, कालस्याणुसंज्ञा कथमिति चेत्? तत्रोत्तरम्—अणुशब्देन व्यवहारेण पुद्गला उच्यन्ते निश्चयेन तु वर्णादिगुणानां पूरणगलनयोगात्पुद्गला इति वस्तुवृत्त्या पुनरणुशब्दः सूक्ष्मवाचकः। तद्यथा—परमेण प्रकर्षेणाणुः। अणुः कोऽर्थः? सूक्ष्म, इति व्युत्पत्त्या परमाणुः। स च सूक्ष्मवाचकोऽणुशब्दो निर्विभागपुद्गलविवक्षायां पुद्गलाणुं वदति। अविभागिकालद्रव्यविवक्षायां तु कालाणुं कथयतीत्यर्थः॥२६॥

---

પુદ્‌ગલપરમાણુ પણ સ્વભાવથી એક અને શુદ્ધ હોવા છતાં પણ રાગ–દ્વેષસ્થાનીય બંધયોગ્ય સ્નિગ્ધરૂક્ષગુણરૂપે પરિણમીને દ્વિ–અણુક આદિ સ્કંધરૂપ વિભાવપર્યાયરૂપે અનેક પ્રકારે બહુપ્રદેશી થાય છે, તે કારણે 'બહુપ્રદેશત્વ' જેનું લક્ષણ છે તેવા કાયત્વને કારણે ઉપચારથી 'કાય' કહેવાય છે.

કોઈ માને કે જેમ પુદ્‌ગલપરમાણુને, તે દ્રવ્યરૂપે એક હોવા છતાં, દ્વિ–અણુક આદિ સ્કંધપર્યાયરૂપે બહુપ્રદેશરૂપ કાયત્વ છે, તેમ કાલાણુને પણ, તે દ્રવ્યથી એક હોવા છતાં પણ, પર્યાયોથી કાયત્વ હો! તેનો પરિહાર કરવામાં આવે છે :—સ્નિગ્ધ-રૂક્ષત્વ જેનું કારણ છે એવા બંધનો (કાળમાં) અભાવ હોવાથી તેમ બનતું નથી. તેમ શા માટે છે? કારણ કે સ્નિગ્ધ-રૂક્ષપણું પુદ્‌ગલનો જ ધર્મ છે.

શંકા :—'અણુ' પુદ્‌ગલની સંજ્ઞા છે, કાળને 'અણુ' સંજ્ઞા કેવી રીતે છે?

ઉત્તર :—'અણુ' શબ્દ દ્વારા વ્યવહારનયથી પુદ્‌ગલોનું કથન કરવામાં આવે છે, નિશ્ચયથી તો વર્ણાદિ ગુણોના પૂરણ અને ગલનના સંબંધથી તેઓને પુદ્‌ગલો કહેવામાં આવે છે. વાસ્તવિકપણે 'અણુ' શબ્દ સૂક્ષ્મતાનો વાચક છે. જેમ કે, પરમપણે અર્થાત્ પ્રકૃષ્ટપણે જે અણુ તે 'પરમાણુ.' 'અણુ' નો અર્થ શો? 'સૂક્ષ્મ' એ વ્યુત્પત્તિ પ્રમાણે 'પરમાણુ' શબ્દ 'અતિસૂક્ષ્મ'ને કહે છે. અને તે સૂક્ષ્મતાવાચક 'અણુ' શબ્દ નિર્વિભાગ પુદ્‌ગલની વિવક્ષામાં 'પુદ્‌ગલાણુ' ને કહે છે અને અવિભાગી કાળદ્રવ્યની વિવક્ષામાં 'કાલાણુ'ને કહે છે. ૨૬.

अथ प्रदेशलक्षणमुपलक्षयति :—

जावदियं आयासं अविभागीपुग्गलाणुउट्टद्धं।
तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं॥२७॥

यावतिकं आकाशं अविभागिपुद्गलाण्ववष्टब्धम्।
तं खलु प्रदेशं जानीहि सर्वाणुस्थानदानार्हम्॥२७॥

व्याख्या—''जावदियं आयासं अविभागीपुग्गलाणुउट्टद्धं तं खु पदेसं जाणे' यावत्प्रमाणमाकाशमविभागिपुद्गलपरमाणुना विष्टब्धं व्याप्तं तदाकाशं खु स्फुटं प्रदेशं जानीहि। हे शिष्य! कथंभूतं ''सव्वाणुट्ठाणदाणरिहं'' सर्वाणूनां सर्वपरमाणूनां सूक्ष्मस्कन्धानां च स्थानदानस्यावकाशदानस्यार्हं योग्यं समर्थमिति। यत एवेत्थंभूतावगाहनशक्तिरस्त्याकाशस्य तत एवासंख्यातप्रदेशेऽपि लोके अनन्तानन्तजीवास्तेभ्योऽप्यनन्तगुणपुद्गला अवकाशं लभन्ते। तथा चोक्तम्, जीवपुद्गलविषयेऽवकाशदानसामर्थ्यम् ''एगणिगोदसरीरे जीवा दव्वप्पमाणदो

---

હવે, પ્રદેશનું લક્ષણ કહે છે :—

ગાથા ૨૭

ગાથાર્થ :—જેટલું આકાશ અવિભાગી પુદ્ગલાણુથી રોકાય છે તેને સર્વ અણુઓને સ્થાન દેવાને યોગ્ય પ્રદેશ જાણો.

ટીકા :—''जावदियं आयासं अविभागी पुग्गलाणुउट्टद्धं तं खु पदेसं जाणे'' હે શિષ્ય! જેટલું આકાશ અવિભાગી પુદ્ગલપરમાણુથી વ્યાપ્ત હોય તેટલા આકાશને સ્પષ્ટપણે પ્રદેશ જાણ. કેવો છે તે? ''सव्वाणुट्ठाणदाणरिहं'' તે પ્રદેશ સર્વ અણુઓને—સર્વ પરમાણુઓને અને સૂક્ષ્મસ્કંધોને—સ્થાન એટલે અવકાશ દેવાને યોગ્ય—સમર્થ છે. આકાશદ્રવ્યમાં એવી અવગાહનશક્તિ છે, તેથી જ અસંખ્યાતપ્રદેશી લોકાકાશમાં પણ અનંતાનંત જીવો અને તેના કરતાં પણ અનંતગુણા પુદ્ગલો સમાવેશ પામે છે. એવી રીતે જીવ અને પુદ્ગલોના સંબંધમાં અવકાશ દેવાનું સામર્થ્ય (અન્યત્ર આ પ્રમાણે) કહ્યું છે :—''એક નિગોદના શરીરમાં

---

પુદ્ગલ—અણૂ જિતો આકાશ, રોકૈ સો પરદેશ વિકાસ;
સર્વ અણૂકૂં દે અવગાહ, શક્તિ ઐસી ધારૈ જુ અથાહ. ૨૭.

दिट्ठा। सिद्धेहि अणंतगुणा सव्वेण वितीदकालेण॥१॥ ओगाढगाढणिचिदो पोग्गलकाएहिं सव्वदो लोगो। सुहमेहिं बाहरेहिं य णंताणंतेहिं विविधेहिं॥२॥'' अथ मतं मूर्त्तपुद्गलानां विभागो भेदो भवतु नास्ति विरोधः, अमूर्त्ताखण्डस्याकाशद्रव्यस्य कथं विभागकल्पनेति ? तन्न। रागाद्युपाधिरहितस्वसंवेदनप्रत्यक्षभावनोत्पन्नसुखामृतरसास्वादतृप्तस्य मुनियुगलस्यावस्थान-क्षेत्रमेकमनेकं वा। यद्येकं, तर्हि द्वयोरेकत्वं प्राप्नोति, न च तथा। भिन्नं चेत्तदा निर्विभागद्रव्यस्यापि विभागकल्पनमायातं घटाकाशपटाकाशमित्यादिवदिति॥२७॥ एवं सूत्रपञ्चकेन पञ्चास्तिकायप्रतिपादकनामा तृतीयोऽन्तराधिकारः॥

इति श्रीनेमिचन्द्रसैद्धान्तदेवविरचिते द्रव्यसंग्रहग्रन्थे नमस्कारादिसप्तविंशतिगाथा-भिरन्तराधिकारत्रयसमुदायेन षड्द्रव्यपञ्चास्तिकायप्रतिपादकनामा प्रथमोधिकारः समाप्तः।

---

ભૂતકાળમાં થયેલા સર્વ સિદ્ધોથી અનંતગુણા જીવો દ્રવ્યપ્રમાણથી દેખવામાં આવ્યા[1] છે. આ લોક સર્વ તરફથી વિવિધ તથા અનંતાનંત સૂક્ષ્મ અને બાદર પુદ્‌ગલોથી ખીચોખીચ ભર્યો[2] છે. ૨.

શંકા :—મૂર્ત એવાં પુદ્‌ગલોમાં ભેદ હો, એમાં વિરોધ નથી; પરંતુ અમૂર્ત અને અખંડ આકાશદ્રવ્યમાં ભેદકલ્પના કેવી રીતે હોઈ શકે? સમાધાન :—તે શંકા યોગ્ય નથી. રાગાદિ ઉપાધિરહિત, સ્વસંવેદનપ્રત્યક્ષભાવનાથી ઉત્પન્ન સુખામૃતના રસાસ્વાદથી તૃપ્ત બે મુનિઓને રહેવાનું ક્ષેત્ર એક છે કે અનેક (બે) છે? જો બન્નેને રહેવાનું ક્ષેત્ર એક હોય તો બન્નેનું એકપણું થાય; પણ એમ તો છે નહિ. અને જો કહો કે બન્નેનું નિવાસક્ષેત્ર જુદું છે, તો નિર્વિભાગ એવા આકાશદ્રવ્યમાં પણ ઘટાકાશ, પટાકાશ ઈત્યાદિની જેમ વિભાગકલ્પના સિદ્ધ થઈ. ૨૭.

આ રીતે પાંચ સૂત્રોથી પંચાસ્તિકાયનું પ્રતિપાદન કરનારો ત્રીજો અંતરાધિકાર પૂરો થયો.

એ રીતે શ્રી નેમિચન્દ્રસિદ્ધાન્તિદેવ રચિત દ્રવ્યસંગ્રહ ગ્રંથમાં નમસ્કારાદિ સત્તાવીસ ગાથાઓ દ્વારા ત્રણ અંતરાધિકારો વડે છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું પ્રતિપાદન કરનાર પ્રથમ અધિકાર સમાપ્ત થયો.

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૯૫.

૨. પંચાસ્તિકાય ગાથા ૧૬૪

# चूलिका

अतः परं पूर्वोक्तषड्द्रव्याणां चूलिकारूपेण विस्तरव्याख्यानं क्रियते। तद्यथा—

परिणामि जीव–मुत्तं, सपदेसं एय–खेत्त–किरिया य।
णिच्चं कारण कत्ता, सव्वगदमिदरंहि यपवेसे॥१॥
दुण्णि य एयं एयं, पंच त्तिय एय दुण्णि चउरो य।
पंच य एयं एयं, एदेसं एय उत्तरं णेयं॥२॥ (युग्मम्)

व्याख्या—''परिणामि'' इत्यादिव्याख्यानं क्रियते। ''परिणामि'' परिणामिनौ जीवपुद्गलौ स्वभावविभावपरिणामाभ्यां कृत्वा, शेष चत्वारि द्रव्याणि विभावव्यञ्जनपर्यायाभावान्मुख्यवृत्त्या पुनरपरिणामीनिति। ''जीव'' शुद्धनिश्चयनयेन विशुद्धज्ञानदर्शनस्वभावं शुद्धचैतन्यं प्राणशब्देनोच्यते तेन जीवतीति जीवः। व्यवहारनयेन पुनः

---

હવે, પછી પૂર્વોક્ત છ દ્રવ્યોનું ચૂલિકારૂપે (ઉપસંહાર તરીકે) વિશેષ વ્યાખ્યાન કરે છે :—

# ચૂલિકા

ગાથાર્થ :—છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય પરિણામી છે, ચેતનદ્રવ્ય એક જીવ છે, મૂર્તિક એક પુદ્ગલ છે, પ્રદેશસહિત જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ તથા આકાશ—એ પાંચ દ્રવ્યો છે, એક એક સંખ્યાવાળા ધર્મ, અધર્મ અને આકાશ—એ ત્રણ દ્રવ્યો છે, ક્ષેત્રવાન એક આકાશ દ્રવ્ય છે, ક્રિયાસહિત જીવ અને પુદ્ગલ—એ બે દ્રવ્ય છે, નિત્યદ્રવ્ય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—એ ચાર છે, કારણદ્રવ્ય પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—એ પાંચ છે, કર્તા એક જીવદ્રવ્ય છે, સર્વવ્યાપક દ્રવ્ય એક આકાશ છે, (એક ક્ષેત્રાવગાહ હોવા છતાં પણ) આ છયે દ્રવ્યોને પરસ્પર પ્રવેશ નથી. એ રીતે છયે મૂળ દ્રવ્યોના ઉત્તરગુણ જાણવા.

ટીકા :—''परिणामि'' સ્વભાવ તથા વિભાવ પરિણામોથી જીવ અને પુદ્ગલ—એ બે દ્રવ્યો પરિણામી છે. બાકીનાં ચાર દ્રવ્યો વિભાવવ્યંજનપર્યાયના અભાવની મુખ્યતાથી અપરિણામી છે.

''जीव'' શુદ્ધનિશ્ચયનયથી વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધચૈતન્યને 'પ્રાણ' શબ્દથી કહેવામાં આવે છે; તે શુદ્ધચૈતન્યરૂપ પ્રાણથી જે જીવે છે તે જીવ છે. વ્યવહારનયથી

**कर्मोदयजनितद्रव्यभावरूपैश्चतुर्भिः प्राणैर्जीवति, जीविष्यति, जीवितपूर्वो वा जीवः। पुद्गलादिपञ्चद्रव्याणि पुनरजीवरूपाणि। ''मुत्तं'' अमूर्त शुद्धात्मनो विलक्षणस्पर्शरसगन्धवर्णवती मूर्त्तिरुच्यते, तत्सद्भावान्मूर्त्तः पुद्गलः। जीवद्रव्यं पुनरनुपचरितासद्भूतव्यवहारेण मूर्त्तमपि, शुद्धनिश्चयनयेनामूर्त्तम्, धर्माधर्माकाशकालद्रव्याणि चामूर्त्तानि। ''सपदेसं'' लोकमात्रप्रमितासंख्येयप्रदेशलक्षणं जीवद्रव्यमादिं कृत्वा पञ्चद्रव्याणि पञ्चास्तिकायसंज्ञानि सप्रदेशानि। कालद्रव्यं पुनर्बहुप्रदेशत्वलक्षणकायत्वाभावादप्रदेशम्। ''एय'' द्रव्यार्थिकनयेन धर्माधर्माकाशद्रव्याण्येकानि भवन्ति। जीवपुद्गलकालद्रव्याणि पुनरनेकानि भवन्ति। ''खेत्त'' सर्वद्रव्याणामवकाशदानसामर्थ्यात् क्षेत्रमाकाशमेकम्। शेषपञ्चद्रव्याण्यक्षेत्राणि। ''किरियाय'' क्षेत्रात्क्षेत्रान्तरगमनरूपा परिस्पन्दवती चलनवती क्रिया सा विद्यते ययोस्तौ क्रियावन्तौ जीवपुद्गलौ। धर्माधर्माकाशकालद्रव्याणि पुनर्निष्क्रियाणि। ''णिच्चं'' धर्माधर्माकाशकालद्रव्याणि यद्यप्यर्थपर्यायत्वेनानित्यानि, तथापि मुख्यवृत्त्या**

---

કર્મોદયજનિત દ્રવ્ય અને ભાવરૂપ ચાર પ્રકારના (ઇન્દ્રિય, બળ, આયુ, શ્વાસોચ્છ્‌વાસ) પ્રાણોથી જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે જીવ છે. પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્યો અજીવરૂપ છે.

''मुत्तं'' અમૂર્ત શુદ્ધાત્માથી વિલક્ષણ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણરૂપ મૂર્તિ કહેવાય છે, તેના સદ્‌ભાવથી પુદ્‌ગલ મૂર્ત છે. જીવદ્રવ્ય અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી મૂર્ત છે; પણ શુદ્ધ નિશ્ચયનયથી અમૂર્ત છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યો અમૂર્ત છે.

''सपदेसं'' લોકમાત્રપ્રમાણ અસંખ્ય પ્રદેશવાળા જીવદ્રવ્યથી માંડીને પાંચ દ્રવ્યો (જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ) 'પંચાસ્તિકાય' સંજ્ઞાવાળાં સપ્રદેશ છે. કાળદ્રવ્યને બહુપ્રદેશ જેનું લક્ષણ છે, એવા કાયત્વનો અભાવ હોવાથી તે અપ્રદેશ છે.

''एय'' દ્રવ્યાર્થિકનયથી ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્ય એક એક છે. જીવ, પુદ્‌ગલ, કાળદ્રવ્ય અનેક છે. ''खेत्त'' સર્વ દ્રવ્યોને અવકાશ આપવાનું સામર્થ્ય હોવાથી ક્ષેત્ર એક આકાશદ્રવ્ય છે, બાકીનાં પાંચ દ્રવ્ય અક્ષેત્ર છે.

''किरिया य'' એકક્ષેત્રથી બીજા ક્ષેત્રે ગમન કરવારૂપ પરિસ્પંદરૂપ અથવા ચાલવારૂપ ક્રિયા જેમનામાં છે, તે ક્રિયાવાન જીવ અને પુદ્‌ગલ–એ બે દ્રવ્યો છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે. ''णिच्चं'' ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય જોકે અર્થપર્યાયવાળાં હોવાની અપેક્ષાએ અનિત્ય છે, તોપણ મુખ્યપણે

**विभावव्यञ्जनपर्यायाभावान्नित्यानि, द्रव्यार्थिकनयेन च; जीवपुद्गलद्रव्ये पुनर्यद्यपि द्रव्यार्थिकनयापेक्षया नित्ये तथाप्यगुरुलघुपरिणतिस्वरूपस्वभावपर्यायापेक्षया विभावव्यञ्जन-पर्यायापेक्षया चानित्ये। ''कारण'' पुद्गलधर्माधर्माकाशकालद्रव्याणि व्यवहारनयेन जीवस्यशरीरवाङ्मनःप्राणापानादिगतिस्थित्यवगाहवर्त्तनाकार्याणि कुर्वन्तीति कारणानि भवंति। जीवद्रव्यं पुनर्यद्यपि गुरुशिष्यादिरूपेण परस्परोपग्रहं करोति तथापि पुद्गलादिपंचद्रव्याणां किमपि न करोतीत्यकारणम्। ''कत्ता'' शुद्धपारिणामिकपरमभावग्राहकेन शुद्धद्रव्यार्थिकनयेन यद्यपि बंधमोक्षद्रव्यभावरूपपुण्यपापघटपटादीनामकर्त्ता जीवस्तथाप्यशुद्धनिश्चयेन शुभाशुभोपयोगाभ्यां परिणतः सन् पुण्यपापबंधयोः कर्त्ता तत्फलभोक्ता च भवति। विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मद्रव्यस्य सम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपेण शुद्धोपयोगेन तु परिणतः सन् मोक्षस्यापि कर्त्ता तत्फलभोक्ता चेति। शुभाशुभशुद्धपरिणामानां परिणमनमेव कर्तृत्वं सर्वत्र ज्ञातव्यमिति। पुद्गलादिपंचद्रव्याणां च स्वकीयस्वकीयपरिणामेन परिणमनमेव**

---

તેમનામાં વિભાવવ્યંજનપર્યાયનો અભાવ હોવાથી તે નિત્ય છે, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાથી પણ નિત્ય છે. જીવ અને પુદ્ગલદ્રવ્ય જોકે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે, તોપણ અગુરુલઘુગુણના પરિણમનરૂપ સ્વભાવપર્યાયની અપેક્ષાએ તથા વિભાવવ્યંજનપર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

''**कारण**'' પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય વ્યવહારનયથી જીવનાં શરીર–વાણી–મન–પ્રાણ–ઉચ્છ્વાસ, ગતિ, સ્થિતિ, અવગાહન અને વર્તનારૂપ કાર્યો કરે છે, તેથી કારણ છે. જીવદ્રવ્ય જોકે ગુરુ–શિષ્યાદિરૂપે પરસ્પર ઉપકાર કરે છે, તોપણ પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોનું કાંઈ પણ કાર્ય કરતું નથી, તેથી જીવ 'અકારણ' છે.

''**कत्ता**'' શુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જીવ જોકે બંધ –મોક્ષ, દ્રવ્ય–ભાવરૂપ, પુણ્ય–પાપ અને ઘટ-પટાદિનો અકર્તા છે; તોપણ અશુદ્ધનિશ્ચયથી શુભ અને અશુભોપયોગરૂપ પરિણમીને પુણ્ય-પાપબંધનો કર્તા અને તેના ફળનો ભોક્તા થાય છે; વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજ-શુદ્ધાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાનજ્ઞાન અને અનુષ્ઠાનરૂપ શુદ્ધોપયોગે પરિણમીને મોક્ષનો પણ કર્તા અને તેના ફળનો ભોક્તા થાય છે. સર્વત્ર જીવને શુભ, અશુભ તથા શુદ્ધ પરિણામોના પરિણમનરૂપ જ કર્તૃત્વ જાણવું. પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોને તો પોતપોતાના પરિણામથી જે પરિણમન છે તે જ કર્તૃત્વ છે; વાસ્તવમાં પુણ્ય-પાપાદિરૂપે અકર્તાપણું જ છે.

**कर्तृत्वम्, वस्तुवृत्त्या पुनः पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव। ''सव्वगदं'' लोकालोकव्याप्त्यपेक्षया सर्वगतमाकाशं भण्यते। लोकव्याप्त्यपेक्षया धर्माधर्मौ च। जीवद्रव्यं पुनरेकजीवापेक्षया लोकपूरणावस्थां विहायासर्वगतं, नानाजीवापेक्षया सर्वगतमेव भवति, पुद्गलद्रव्यं पुनर्लोकरूपमहास्कन्धापेक्षया सर्वगतं, शेषपुद्गलापेक्षया सर्वगतं न भवति, कालद्रव्यं पुनरेककालाणुद्रव्यापेक्षया सर्वगतं, न भवति, लोकप्रदेशप्रमाणनानाकालाणुविवक्षया लोके सर्वगतं भवति। ''इदरंहि य पवेसे' यद्यपि सर्वद्रव्याणि व्यवहारेणैकक्षेत्रावगाहेनान्योन्यप्रवेशेन तिष्ठन्ति तथापि निश्चयनयेन चेतनादिस्वकीयस्वरूपं न त्यजन्तीति। अत्र षड्द्रव्येषु मध्ये वीतरागचिदानन्दैकादिगुणस्वभावं शुभाशुभमनोवचनकायव्यापाररहितं निजशुद्धात्म-द्रव्यमेवोपादेयमिति भावार्थः।**

**अत ऊर्ध्वं पुनरपि षड्द्रव्याणां मध्ये हेयोपादेयस्वरूपं विशेषेण विचारयति। तत्र शुद्धनिश्चयनयेन शक्तिरूपेण शुद्धबुद्धैकस्वभावत्वात् सर्वे जीवा उपादेया भवन्ति। व्यक्तिरूपेण**

---

''सव्वगदं'' લોક અને અલોકમાં વ્યાપવાની અપેક્ષાએ આકાશને 'સર્વગત' કહેવામાં આવે છે. લોકાકાશમાં વ્યાપવાની અપેક્ષાએ ધર્મ અને અધર્મદ્રવ્ય સર્વગત છે. જીવદ્રવ્ય, એક જીવની અપેક્ષાએ લોકપૂરણ નામક સમુદ્ઘાતની અવસ્થા સિવાય અસર્વગત છે, પણ જુદાજુદા જીવોની અપેક્ષાએ સર્વગત જ છે. પુદ્ગલદ્રવ્ય લોકવ્યાપક મહાસ્કંધની અપેક્ષાએ સર્વગત છે અને બાકીનાં પુદ્ગલોની અપેક્ષાએ સર્વગત નથી. કાળદ્રવ્ય, એક કાલાણુદ્રવ્યની અપેક્ષાએ સર્વગત નથી, લોકાકાશના પ્રદેશ બરાબર જુદાજુદા કાલાણુની વિવક્ષાથી કાળદ્રવ્ય લોકમાં સર્વગત છે.

''इदरंहि य पवेसे'' જોકે સર્વ દ્રવ્યો વ્યવહારનયથી એક ક્ષેત્રે અવગાહ હોવાથી એકબીજામાં પ્રવેશ કરીને રહે છે, તોપણ નિશ્ચયનયથી ચેતના આદિ પોતપોતાના સ્વરૂપને છોડતાં નથી.

સારાંશ એ છે કે; આ છ દ્રવ્યોમાં વીતરાગ, ચિદાનંદ, એક આદિ ગુણસ્વભાવી અને શુભાશુભ મન, વચન અને કાયાના વ્યાપારરહિત નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ ઉપાદેય છે.

(હેય–ઉપાદેયસ્વરૂપનો વિશેષ વિચાર)

હવે પછી, ફરીથી છ દ્રવ્યોમાં હેય-ઉપાદેય સ્વરૂપનો વિશેષ વિચાર કરે છે. ત્યાં શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવી હોવાથી ઉપાદેય છે અને

पुनः पञ्चपरमेष्ठिन एव। तत्राप्यर्हत्सिद्धद्वयमेव। तत्रापि निश्चयेन सिद्ध एव। परमनिश्चयेन तु भोगाकांक्षादिरूपसमस्तविकल्पजालरहितपरमसमाधिकाले सिद्धसदृशः स्वशुद्धात्मैवोपादेयः, शेषद्रव्याणि हेयानीति तात्पर्यम्। शुद्धबुद्धैकस्वभाव इति कोऽर्थः? मिथ्यात्वरागादि-समस्तविभावरहितत्वेन शुद्ध इत्युच्यते, केवलज्ञानाद्यनन्तगुणसहितत्वाद् बुद्धः। इति शुद्धबुद्धैकलक्षणम् सर्वत्र ज्ञातव्यम्।

चूलिकाशब्दार्थः कथ्यते—चूलिका विशेषव्याख्यानम्, अथवा उक्तानुक्तव्याख्यानम्, उक्तानुक्तसंकीर्णव्याख्यानम् चेति।

॥ इति षड्द्रव्यचूलिका समाप्ता॥

---

વ્યક્તિરૂપે પંચ પરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ (પંચપરમેષ્ઠીમાં પણ) અર્હંત અને સિદ્ધ—એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે અને પરમ નિશ્ચયનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પજાળરહિત પરમસમાધિકાળે સિદ્ધસમાન સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે—આમ તાત્પર્ય છે.

'શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ' એ પદનો શો અર્થ છે? મિથ્યાત્વ–રાગાદિ સમસ્ત વિભાવરહિત હોવાથી આત્મા 'શુદ્ધ' કહેવાય છે અને કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી સહિત હોવાથી આત્મા 'બુદ્ધ' કહેવાય છે. 'શુદ્ધ-બુદ્ધ'નું લક્ષણ સર્વત્ર આ રીતે જાણવું.

હવે, 'ચૂલિકા' શબ્દનો અર્થ કહેવામાં આવે છે—કોઈ પદાર્થના વિશેષ વ્યાખ્યાનને, કથન કરેલા વિષયમાં અકથિત વિષયના વ્યાખ્યાનને અને કહેલા તથા નહિ કહેલા વિષયના મિશ્ર વ્યાખ્યાનને 'ચૂલિકા' કહે છે.

એ રીતે છ દ્રવ્યોની ચૂલિકા સમાપ્ત થઈ.

# —૨—

# સપ્તતત્ત્વ–નવપદાર્થ અધિકાર

अथ द्वितीयः अधिकारः।

अतः परं जीवपुद्गलपर्यायरूपाणामास्रवादिसप्तपदार्थानमेकादशगाथापर्यन्तं व्याख्यानं करोति। तत्रादौ ''आसवबंधण'' इत्याद्यधिकारसूत्रगाथैका, तदनन्तरमास्रवपदार्थ-व्याख्यानरूपेण ''आसवदि जेण'' इत्यादि गाथात्रयम्, ततः परं बन्धव्याख्यानकथनेन ''बज्झदि कम्मं'' इति प्रभृतिगाथाद्वयं, ततोऽपि संवरकथनरूपेण ''चेदणपरिणामो'' इत्यादि सूत्रद्वयं, ततश्च निर्जराप्रतिपादनरूपेण ''जहकालेण तवेण य'' इति प्रभृतिसूत्रमेकं, तदनन्तरं मोक्षस्वरूपकथनेन 'सव्वस्स कम्मणो'' इत्यादि सूत्रमेकं, ततश्च पुण्यपापद्वयकथनेन ''सुहअसुह'' इत्यादि सूत्रमेकं चेत्येकादशगाथाभिः स्थलसप्तकसमुदायेन द्वितीयाधिकारे समुदायपातनिका।

---

હવે દ્વિતીય અધિકાર કહેવામાં આવે છે :—

હવે પછી, જીવ અને પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ આસ્રવ આદિ સાત પદાર્થોનું અગિયાર ગાથાઓ સુધી વ્યાખ્યાન કરે છે. તેમાં પ્રથમ ''आसवबन्धण'' ઈત્યાદિ અધિકારની સૂચનારૂપ એક ગાથા, ત્યારપછી આસ્રવ પદાર્થના વ્યાખ્યાનરૂપે ''आसवादि जेण'' ઈત્યાદિ ત્રણ ગાથાઓ છે. ત્યારપછી બંધનું વ્યાખ્યાન કરવા માટે ''बज्झदि कम्मं'' વગેરે બે ગાથા છે, ત્યારપછી સંવરનું કથન કરવા માટે ''चेदणपरिणामो'' ઈત્યાદિ બે ગાથાઓ, ત્યારપછી નિર્જરાના પ્રતિપાદનરૂપ ''जहकालेण तवेण य'' વગેરે એક ગાથા, ત્યારપછી મોક્ષસ્વરૂપના કથન માટે ''सव्वस्स कम्मणो'' આદિ એક ગાથા અને પછી પુણ્ય અને પાપ—એ બેના કથન માટે ''सुहअसुह'' ઈત્યાદિ એક ગાથા છે. એ રીતે અગિયાર ગાથાઓ દ્વારા સાત સ્થળોથી બીજા અધિકારને વિષે સમુદાયપાતનિકા (—સમુદાયભૂમિકા) કહી.

अत्राह शिष्य :—यद्येकान्तेन जीवाजीवौ परिणामिनौ भवतस्तदा संयोगपर्यायरूप एक एव पदार्थः, यदि पुनरेकान्तेनापरिणामिनौ भवतस्तदा जीवाजीवद्रव्यरूपौ द्वावेव पदार्थौ, तत आस्रवादिसप्तपदार्थाः कथं घटन्त इति। तत्रोत्तरं—कथंचित्परिणामित्वाद् घटन्ते। कथंचित्परिणामित्वमिति कोऽर्थः ? यथा स्फटिकमणिविशेषो यद्यपि स्वभावेन निर्मलस्तथापि जपापुष्पाद्युपाधिजनितं पर्यायान्तरं परिणति [१]गृह्णाति। यद्यप्युपाधिं गृह्णाति तथापि निश्चयेन शुद्धस्वभावं न त्यजति तथा जीवोऽपि यद्यपि शुद्धद्रव्यार्थिकनयेन सहजशुद्ध-चिदानन्दैकस्वभावस्तथाप्यनादिकर्मबन्धपर्यायवशेन रागादिपरद्रव्योपाधिपर्यायं गृह्णाति। यद्यपि परपर्यायेण परिणमति तथापि निश्चयेन शुद्धस्वरूपं न त्यजति। पुद्गलोऽपि तथेति। परस्परसापेक्षत्वं कथंचित्परिणामित्वशब्दस्यार्थः। एवं कथंचित्परिणामित्वे सति जीवपुद्गलसंयोगपरिणतिनिर्वृत्तत्वादास्रवादिसप्तपदार्था घटन्ते। ते च पूर्वोक्तजीवाजीवपदार्थाभ्यां सह नव भवन्ति ततः एव नव पदार्थाः। पुण्यपापपदार्थद्वयस्याभेदनयेन कृत्वा

---

અહીં, શિષ્ય પ્રશ્ન કરે છે—જો એકાંતે જીવ અને અજીવ એ બે દ્રવ્યો પરિણામી હોય તો સંયોગપર્યાયરૂપ એક જ પદાર્થ સિદ્ધ થાય અને જો એકાંતે અપરિણામી હોય તો જીવ અને અજીવ દ્રવ્યરૂપ બે જ પદાર્થો સિદ્ધ થાય, તેથી આસ્રવ આદિ સાત પદાર્થો કેવી રીતે સિદ્ધ થાય? તેનો ઉત્તર :—કથંચિત્ પરિણામીપણાને લીધે સાત પદાર્થો સિદ્ધ થાય છે. 'કથંચિત્ પરિણામીપણા'નો શો અર્થ છે? જેમ સ્ફટિકમણિ જોકે સ્વભાવથી નિર્મળ છે, તોપણ જપાપુષ્પાદિ ઉપાધિજનિત પર્યાયાંતરરૂપ પરિણતિને ગ્રહણ કરે છે, જોકે (સ્ફટિકમણિ) ઉપાધિ ગ્રહણ કરે છે, તોપણ નિશ્ચયથી શુદ્ધસ્વભાવને છોડતો નથી; તેમ જીવ પણ જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સહજશુદ્ધ ચિદાનંદ એકસ્વભાવી છે, તોપણ અનાદિ –કર્મબંધપર્યાયના વશ રાગાદિ પરદ્રવ્ય–ઉપાધિપર્યાયને ગ્રહણ કરે છે, જોકે (જીવ) પરપર્યાયરૂપે પરિણમે છે, તોપણ નિશ્ચયથી શુદ્ધસ્વરૂપને છોડતો નથી. પુદ્ગલનું પણ તે જ પ્રમાણે છે.—આવું પરસ્પર સાપેક્ષપણું 'કથંચિત્ પરિણામીપણું' શબ્દનો અર્થ છે. આ પ્રમાણે કથંચિત્ પરિણામીપણું હોવાથી જીવ અને પુદ્ગલના સંયોગરૂપ પરિણતિથી બનતા હોવાને લીધે આસ્રવાદિ સાત પદાર્થો સિદ્ધ થાય છે અને તે સાત પદાર્થો પૂર્વોક્ત જીવ અને અજીવ દ્રવ્ય સાથે મળીને નવ થાય છે, તેથી નવ પદાર્થો કહેવામાં આવે છે. અભેદનયથી પુણ્ય અને પાપ—એ બે પદાર્થનો આસ્રવ પદાર્થમાં અથવા બંધ પદાર્થમાં સમાવેશ કરવાની અપેક્ષાએ સાત તત્ત્વ કહેવામાં આવે છે.

---

१. 'परिणमति' इति पाठान्तरं

पुण्यपापयोरास्रवपदार्थस्य, बन्धपदार्थस्य वा मध्ये अन्तर्भावविवक्षया सप्ततत्त्वानि भण्यन्ते। हे भगवन्! यद्यपि कथंचित्परिणामित्वबलेन भेदप्रधानपर्यायार्थिकनयेन नवपदार्थाः सप्ततत्त्वानि वा सिद्धानि तथापि तैः किं प्रयोजनम्। यथैवाभेदनयेन पुण्यपापपदार्थद्वयस्यान्तर्भावो जातस्तथैव विशेषाभेदनयविवक्षायामास्रवादिपदार्थानामपि जीवाजीवद्वयमध्येऽन्तर्भावे कृते जीवाजीवौ द्वावेव पदार्थाविति। तत्र परिहार :—हेयोपादेयतत्त्वपरिज्ञानप्रयोजनार्थमास्रवादिपदार्थाः व्याख्येया भवन्ति। तदेव कथयति—उपादेयतत्त्वमक्षयानन्तसुखं, तस्य कारणं मोक्षः, मोक्षस्य कारणं संवरनिर्जराद्वयं, तस्य कारणं विशुद्धज्ञानदर्शनस्वभावनिजात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणलक्षणं निश्चयरत्नत्रयस्वरूपं, तत्साधकं व्यवहाररत्नत्रयरूपं चेति। इदानीं हेयतत्त्वं कथ्यते—आकुलत्वोत्पादकं नारकादिदुःखं निश्चयेनेन्द्रियसुखं च हेयतत्त्वम्। तस्य कारणं संसार; संसारकारणमास्रवबन्धपदार्थद्वयं, तस्य

---

પ્રશ્ન :—હે ભગવાન! જોકે કથંચિત્ પરિણામીપણાના બળથી, ભેદપ્રધાન પર્યાયાર્થિકનયથી નવ પદાર્થો અને સાત તત્ત્વો સિદ્ધ થયાં, તોપણ તેમનાથી શું પ્રયોજન છે? જેવી રીતે અભેદનયથી પુણ્ય અને પાપપદાર્થનો અંતર્ભાવ સાત તત્ત્વોમાં થયો તેવી જ રીતે વિશેષ અભેદનયની વિવક્ષામાં આસ્રવાદિ પદાર્થોનો પણ જીવ અને અજીવ એ બે દ્રવ્યોમાં અંતર્ભાવ કરવામાં આવતાં, જીવ અને અજીવ એ બે પદાર્થો જ સિદ્ધ થાય છે! એ શંકાનો પરિહાર કરે છે :—હેય અને ઉપાદેય તત્ત્વનું પરિજ્ઞાન કરાવવારૂપ પ્રયોજન માટે આસ્રવાદિ પદાર્થોનું વ્યાખ્યાન કરવા યોગ્ય છે. તે જ કહે છે : અક્ષય–અનંત સુખ તે ઉપાદેયતત્ત્વ છે, તેનું કારણ મોક્ષ છે, મોક્ષનું કારણ સંવર અને નિર્જરા—એ બે છે, તેનું કારણ વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–અનુચરણરૂપ લક્ષણવાળું [૧]નિશ્ચયરત્નત્રયસ્વરૂપ અને તેનું [૨]સાધક વ્યવહારરત્નત્રયરૂપ છે. હવે, હેયતત્ત્વ કહેવામાં આવે છે—આકુળતા ઉત્પન્ન કરનારું નરકગતિ આદિનું દુઃખ અને નિશ્ચયથી ઇન્દ્રિયજનિત સુખ હેયતત્ત્વ છે. તેનું કારણ સંસાર છે, સંસારનું કારણ આસ્રવ અને બંધ—

---

૧. આત્માશ્રિત નિશ્ચયનય છે. [જુઓ, શ્રી સમયસાર ગાથા ૨૭૨ની શ્રી આત્મખ્યાતિ ટીકા.]

૨. અહીં, 'સાધક' કહ્યું છે તે 'ભિન્ન સાધક'ના અર્થમાં સમજવું. ભિન્ન સાધ્ય–સાધનપણું છે તે વાસ્તવિક સાધ્યસાધનપણું નથી, માત્ર ઉપચરિત છે. [જુઓ, શ્રી પંચાસ્તિકાય સંગ્રહ પૃષ્ઠ ૨૩૩ (ભિન્ન સાધ્યસાધનભાવ); શ્રી સમયસાર ગાથા ૪૧૪ ની તાત્પર્યવૃત્તિ ટીકા [બહિરંગ સહકારી કારણ (અર્થાત્ નિમિત્ત); શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૨૫૩ (જે મોક્ષમાર્ગ તો નથી, પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે; તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહારમોક્ષમાર્ગ છે.)]

कारणं पूर्वोक्तव्यवहारनिश्चयरत्नत्रयाद्विलक्षणं मिथ्यादर्शनज्ञानचारित्रयमिति। एवं हेयोपादेयतत्त्वव्याख्याने कृते सति सप्ततत्त्वनवपदार्थाः स्वयमेव सिद्धाः।

इदानीं कस्य पदार्थस्य कः कर्त्तेति कथ्यते—निजनिरञ्जनशुद्धात्मभावनोत्पन्नपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादपराङ्मुखो बहिरात्मा भण्यते। स चास्रवबन्धपापपदार्थत्रयस्य कर्ता भवति। क्वापि काले पुनर्मन्दमिथ्यात्वमन्दकषायोदये सति भोगाकांक्षादिनिदानबंधेन भाविकाले पापानुबंधिपुण्यपदार्थस्यापि कर्त्ता भवति। यस्तु पूर्वोक्तबहिरात्मनो विलक्षणः सम्यग्दृष्टिः स संवरनिर्जरामोक्षपदार्थत्रयस्य कर्त्ता भवति। रागादिविभावरहितपरमसामायिके यदा स्थातुं समर्थो न भवति तदा विषयकषायोत्पन्नदुर्ध्यानवञ्चनार्थं संसारस्थितिच्छेदं कुर्वन् पुण्यानुबंधितीर्थंकरनामप्रकृत्यादिविशिष्ट पुण्यपदार्थस्यापि कर्ता भवति। कर्तृत्वविषये नयविभागः कथ्यते। मिथ्यादृष्टेर्जीवस्य पुद्गलद्रव्यपर्यायरूपाणामास्रवबंधपुण्यपापपदार्थानां

---

બે પદાર્થ છે, તેનું કારણ પૂર્વોક્ત, [1]વ્યવહાર અને નિશ્ચયરત્નત્રયથી વિલક્ષણ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણ છે. આ રીતે હેય અને ઉપાદેયતત્ત્વનું વ્યાખ્યાન કરવામાં આવતાં સાતતત્ત્વ અને નવપદાર્થો સ્વયમેવ સિદ્ધ થયાં.

હવે, કયા પદાર્થનો કર્તા કોણ છે તેનું કથન કરવામાં આવે છે :—નિજ નિરંજન શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન પરમ આનંદ જેનું એક લક્ષણ છે, તેવા સુખામૃતના રસાસ્વાદથી પરાઙ્‌મુખ જીવ બહિરાત્મા કહેવાય છે; તે બહિરાત્મા આસ્રવ, બંધ અને પાપ—એ ત્રણ પદાર્થોનો કર્તા થાય છે; અને કોઈ વખતે મિથ્યાત્વ અને કષાયનો મંદ ઉદય હોતાં ભોગોની આકાંક્ષા આદિ નિદાનબંધથી ભાવિકાળમાં પાપાનુબંધી પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે. જે પૂર્વોક્ત બહિરાત્માથી વિપરીત લક્ષણવાળો સમ્યગ્દષ્ટિ છે તે સંવર, નિર્જરા અને મોક્ષ—એ ત્રણ પદાર્થોનો કર્તા થાય છે; જ્યારે તે રાગાદિ વિભાવરહિત પરમસામાયિકમાં સ્થિર થવાને શક્તિમાન ન હોય ત્યારે વિષય-કષાયોથી ઉત્પન્ન દુર્ધ્યાનથી બચવા માટે, સંસારની સ્થિતિનો છેદ કરતો પુણ્યાનુબંધી તીર્થંકર નામકર્મની પ્રકૃતિ વગેરે વિશિષ્ટ પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે.

હવે, કર્તૃત્વના વિષયમાં નયવિભાગનું કથન કરે છે : મિથ્યાદષ્ટિ જીવને પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ આસ્રવ, બંધ, પુણ્ય અને પાપપદાર્થોનું કર્તાપણું

---

૧. જુઓ :—શ્રી સમયસાર ગાથા ૨૭૨ ની આત્મખ્યાતિ ટીકા. (પરાશ્રિત વ્યવહારનય છે.); શ્રી સમયસાર ગાથા ૨૭૨ ની તાત્પર્યવૃત્તિ ટીકામાં ઉત્થાનિકા (પરમ—અભેદ—રત્નત્રયાત્મક નિર્વિકલ્પસમાધિરૂપ નિશ્ચયનય વડે વિકલ્પાત્મક વ્યવહારનય ખરેખર બાધિત કરવામાં આવે છે.)

**कर्तृत्वमनुपचरितासद्भूतव्यवहारेण, जीवभावपर्यायरूपाणां पुनरशुद्धनिश्चयनयेनेति। सम्यग्दृष्टेस्तु संवरनिर्जरामोक्षपदार्थानां द्रव्यरूपाणां यत्कर्तृत्वं तदप्यनुपचरितासद्भूतव्यवहारेण, जीवभावपर्यायरूपाणां तु विवक्षितैकदेशशुद्धनिश्चयनयेनेति। परमशुद्धनिश्चयेन तु ''ण वि उप्पज्जइ, ण वि मरइ, बन्धु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया, जिणवरु एउँ भणेइ।'' इति वचनाद्बन्धमोक्षौ न स्तः। स च पूर्वोक्तविवक्षितैकदेशशुद्धनिश्चय आगमभाषया किं भण्यते—स्वशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपेण भविष्यतीति भव्यः, एवंभूतस्य भव्यत्वसंज्ञस्य पारिणामिकभावस्य संबन्धिनी व्यक्तिर्भण्यते। अध्यात्मभाषया पुनर्द्रव्य-शक्तिरूपशुद्धपारिणामिकभावविषये भावना भण्यते, पर्यायनामान्तरेण निर्विकल्पसमाधिर्वा शुद्धोपयोगादिकं चेति। यतः एव भावना मुक्तिकारणं ततः एव शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति, ध्यानभावनारूपी न भवति। कस्मादिति चेत् ? ध्यानभावनापर्यायो विनश्वरः स च द्रव्यरूपत्वादविनश्वर इति। इदमत्र तात्पर्यं—मिथ्यात्वरागादिविकल्पजालरहितनिज-**

---

અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી છે અને જીવભાવપર્યાયરૂપ આસ્રવ–બંધ–પુણ્ય-પાપ-પદાર્થોનું કર્તાપણું અશુદ્ધનિશ્ચયનયથી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને જે દ્રવ્યરૂપ સંવર, નિર્જરા અને મોક્ષપદાર્થનું કર્તાપણું છે, તે પણ અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારથી છે અને જીવભાવ-પર્યાયરૂપ સંવર–નિર્જરા–મોક્ષપદાર્થોનું કર્તાપણું વિવક્ષિત એકદેશ શુદ્ધનિશ્ચયનયથી છે. પરમશુદ્ધનિશ્ચયનયથી તો ''હે યોગી, પરમાર્થે આ જીવ ઉત્પન્ન થતો નથી, મરતો નથી, બંધ કે મોક્ષ કરતો નથી, એમ જિનેન્દ્રો કહે છે.'' એ વચન પ્રમાણે જીવને બંધમોક્ષ[1] થતો નથી.

પૂર્વોક્ત વિવક્ષિત એકદેશ શુદ્ધનિશ્ચયનયને આગમભાષામાં શું કહે છે?—સ્વ–શુદ્ધાત્માનાં સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ જે થશે તે '**ભવ્ય;**' આ પ્રકારના 'ભવ્યત્વ' નામના પારિણામિકભાવ સાથે સંબંધ રાખનારી 'વ્યક્તિ' કહેવામાં આવે છે (અર્થાત્ ભવ્યત્વ પારિણામિકભાવની વ્યક્તતા અર્થાત્ પ્રગટતા કહેવામાં આવે છે). અને અધ્યાત્મભાષામાં તેને જ દ્રવ્યશક્તિરૂપ શુદ્ધપારિણામિકભાવની ભાવના કહે છે, અન્ય નામથી તેને 'નિર્વિકલ્પ સમાધિ' અથવા 'શુદ્ધોપયોગ' આદિ કહે છે.

જેથી ભાવના મુક્તિનું કારણ છે, તેથી જ શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે. ધ્યાન કે ભાવનારૂપ નથી. એમ શા માટે? સમાધાન :—ધ્યાન કે ભાવનારૂપ પર્યાય વિનાશી છે અને તે (શુદ્ધપારિણામિકભાવ) તો દ્રવ્યરૂપ હોવાથી અવિનાશી છે. અહીં તાત્પર્ય આ છે—મિથ્યાત્વ–રાગાદિ વિકલ્પજાળરહિત નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સહજાનંદ

૧. પરમાત્મપ્રકાશ અધ્યાય ૧ ગાથા ૬૮.

शुद्धात्मभावनोत्पन्नसहजानन्दैकलक्षणसुखसंवित्तिरूपा च भावना मुक्तिकारणं भवति। तां च कोऽपि जनः केनापि पर्यायनामान्तरेण भणतीति। एवं पूर्वोक्तप्रकारेणानेकांतव्याख्यानेनास्रव-बंधपुण्यपापपदार्थाः जीवपुद्गलसंयोगपरिणामरूपविभावपर्यायेणोत्पद्यन्ते। संवरनिर्जरामोक्ष-पदार्थाः पुनर्जीवपुद्गलसंयोगपरिणामविनाशोत्पन्नेन विवक्षितस्वभावपर्यायेणेति स्थितम्। तद्यथा——

**आसव बंधण संवर णिज्जर मोक्खो सपुण्यपावा जे।**
**जीवाजीवविसेसा तेवि समासेण पभणामो।।२८।।**

**आस्रवबंधनसंवरनिर्जरमोक्षाः सपुण्यपापाः ये।**
**जीवाजीवविशेषाः तान् अपि समासेन प्रभणामः।।२८।।**

**व्याख्या——''आसव'' निरास्रवस्वसंवित्तिविलक्षणशुभाशुभपरिणामेन शुभाशुभ-**

---

જેનું એક લક્ષણ છે; એવા સુખના સંવેદનરૂપ જે ભાવના છે તે મુક્તિનું કારણ છે. તે ભાવનાને કોઈ પુરુષ કોઈ અન્ય નામથી કહે છે.

આમ, પૂર્વોક્ત પ્રકારે અનેકાંતના વ્યાખ્યાનથી નક્કી થયું કે—આસ્રવ, બંધ, પુણ્ય અને પાપ—એ ચાર પદાર્થો જીવ અને પુદ્‌ગલના સંયોગ પરિણામરૂપ જે વિભાવપર્યાય છે તેનાથી ઉત્પન્ન થાય છે, અને સંવર, નિર્જરા અને મોક્ષ—એ ત્રણ પદાર્થો જીવ અને પુદ્‌ગલના સંયોગરૂપ પરિણામના વિનાશથી ઉત્પન્ન, વિવક્ષિત સ્વભાવપર્યાય વડે ઉત્પન્ન થાય છે.

તે હવે કહેવામાં આવે છે :—

ગાથા ૨૮

ગાથાર્થ :—આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપરૂપ જે પદાર્થો જીવ અને અજીવ દ્રવ્યના વિશેષો છે; તે પણ અમે સંક્ષેપથી કહીએ છીએ.

ટીકા :—''आसव'' નિરાસ્રવ સ્વસંવેદનથી વિલક્ષણ શુભાશુભ પરિણામ વડે

---

યહ તૌ ભયો પ્રથમ અધિકાર, દૂજો સુણૂં તત્ત્વ-વિસ્તાર;
જીવ અજીવ રુ આસ્રવ બંધ, સંવર નિર્જરા મોક્ષ અબંધ. ૨૮

कर्मागमनमास्रवः। ''बंधण'' बंधातीतशुद्धात्मतत्त्वोपलम्भभावनाच्युतजीवस्य कर्मप्रदेशैः सह संश्लेषो बन्धः। ''संवर'' कर्मास्रवनिरोधसमर्थस्वसंवित्तिपरिणतजीवस्य शुभाशुभकर्मागमन-संवरणं संवरः। ''णिज्जर'' शुद्धोपयोगभावनासामर्थ्येन नीरसीभूतकर्मपुद्गलानामेकदेशगलनं निर्जरा। ''मोक्खो'' जीवपुद्गलसंश्लेषरूपबन्धस्य विघटने समर्थः स्वशुद्धात्मोपलब्धि-परिणामो मोक्ष इति। ''सपुण्णपावा जे'' पुण्यपापसहिता ये, ''ते वि समासेण पभणामो'' यथा जीवाजीवपदार्थौ व्याख्यातौ पूर्वं तथा तानप्यास्रवादिपदार्थान् समासेण संक्षेपेण प्रभणामो वयं; ते च कथंभूताः? ''जीवाजीवविसेसा'' जीवाजीवविशेषाः। चैतन्यभावरूपा जीवस्य विशेषाः। चैतन्याभावरूपा अजीवस्य विशेषाः। विशेषा इत्यस्य कोऽर्थः? पर्यायाः। चैतन्याः अशुद्धपरिणामा जीवस्य, अचेतनाः कर्मपुद्गलपर्याया अजीवस्येत्यर्थः। एवमधिकारसूत्रगाथा गता॥२८॥

---

શુભ અને અશુભ કર્મોનું આવવું, તે 'આસ્રવ' છે. 'बंधण' બંધરહિત શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ ભાવનાથી ભ્રષ્ટ[1] થયેલ જીવને કર્મના પ્રદેશો સાથે સંશ્લેષ (સંબંધ) થાય છે, તે 'બંધ' છે. 'संवर' કર્મના આગમનને રોકવામાં સમર્થ સ્વાનુભવરૂપે પરિણમેલા જીવને શુભાશુભ કર્મોના આગમનનો નિરોધ તે 'સંવર' છે. 'णिज्जर' શુદ્ધોપયોગની ભાવનાના સામર્થ્યથી નીરસ થયેલાં કર્મપુદ્ગલોનું એકદેશ ખરી જવું, તે 'નિર્જરા' છે. 'मोक्खो' જીવ અને પુદ્ગલના સંશ્લેષરૂપ બંધનો નાશ કરવાને સમર્થ નિજ શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ પરિણામ, તે 'મોક્ષ' છે. 'सपुण्णपावा जे' જે (ઉપરોક્ત આસ્રવાદિ પદાર્થો) પુણ્ય–પાપસહિત છે. 'ते वि समासेण पभणामो' જેમ પહેલાં જીવ અને અજીવ પદાર્થોનું વ્યાખ્યાન કર્યું છે, તેમ તે આસ્રવાદિ પદાર્થોને પણ સંક્ષેપમાં કહીએ છીએ. તે કેવા છે? 'जीवाजीवविसेसाः' જીવ અને અજીવના વિશેષો છે—ચૈતન્યભાવરૂપ છે, તે જીવના વિશેષો છે અને ચૈતન્યના અભાવરૂપ છે, તે અજીવના વિશેષો છે. 'વિશેષ'નો શો અર્થ છે? 'વિશેષ' નો અર્થ પર્યાય છે. ચૈતન્યરૂપ અશુદ્ધ પરિણામો જીવના (પર્યાયો) છે, અચેતનરૂપ કર્મપુદ્ગલના પર્યાયો છે, તે અજીવના (પર્યાયો) છે. આ રીતે અધિકાર સૂત્રરૂપ ગાથા પૂરી થઈ. ૨૮.

---

૧. અહીં મુખ્યપણે મિથ્યાદ્રષ્ટિ જીવોને લીધા છે કેમકે, તેઓ 'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ ભાવનાથી ભ્રષ્ટ છે.' અશુદ્ધનિશ્ચયનયથી જે રાગાદિરૂપ ભાવબંધ છે, તે પણ શુદ્ધનિશ્ચયનયથી પુદ્ગલનો જ બંધ છે. દ્રવ્યસંગ્રહ ગાથા ૧૬ ટીકા.

अथ गाथात्रयेणास्रवव्याख्यानं क्रियते। तत्रादौ भावास्रवद्रव्यास्रवस्वरूपं सूचयति :—

**आसवदि जेण कम्मं परिणामेणप्पणो स विण्णेओ।**
**भावासवो जिणुत्तो कम्मासवणं परो होदि।।२९।।**

**आस्रवति येन कर्म्म परिणामेन आत्मनः सः विज्ञेयः।**
**भावास्रवः जिनोक्तः कर्म्मास्रवणं परः भवति।।२९।।**

व्याख्या—''आसवदि जेण कम्मं परिणामेणप्पणो स विण्णेओ भावासवो'' आस्रवति कर्म येन परिणामेनात्मनः स विज्ञेयो भावास्रवः। कर्मास्रवनिर्मूलनसमर्थशुद्धात्मभावनाप्रतिपक्षभूतेन येन परिणामेनास्रवति कर्म; कस्यात्मनः? स्वस्य; स परिणामो भावास्रवो विज्ञेयः। स च कथंभूतः? ''जिणुत्तो'' जिनेन वीतरागसर्वज्ञेनोक्तः। ''कम्मासवणं परो होदि'' कर्मास्रवणं परो भवति, ज्ञानावरणादिद्रव्यकर्मणामास्रवणमागमनं परः। पर इति

---

હવે, ત્રણ ગાથાઓ વડે આસ્રવ પદાર્થનું વ્યાખ્યાન કરે છે. તેમાં પ્રથમ ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવના સ્વરૂપની સૂચના કરે છે :—

ગાથા ૨૯

ગાથાર્થ :—આત્માના જે પરિણામથી કર્મનો આસ્રવ થાય છે, તેને જિનેન્દ્રે કહેલ ભાવાસ્રવ જાણવો અને જે (જ્ઞાનાવરણાદિ) કર્મોનો આસ્રવ છે, તે દ્રવ્યાસ્રવ છે.

ટીકા :—'आसवदि जेण कम्मं परिणामेणप्पणो स विण्णेओ भावासवो' આત્માના જે પરિણામથી[1] કર્મ આવે છે, તેને ભાવાસ્રવ જાણવો. કર્મના આસ્રવનો નાશ કરવામાં સમર્થ એવી શુદ્ધાત્માની ભાવનાથી પ્રતિપક્ષભૂત જે પરિણામથી[1] કર્મ આવે છે; કોના પરિણામથી? આત્માના—પોતાના; તે પરિણામને ભાવાસ્રવ જાણવો. તે ભાવાસ્રવ કેવો છે? 'जिणुत्तो' જિનેન્દ્રે—વીતરાગ સર્વજ્ઞદેવે કહેલ છે. 'कम्मासवणं परो होदि' કર્મોનું જે આગમન છે તે 'પર' છે. (અર્થાત્ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનું આસ્રવણ—આગમન તે પર એટલે કે બીજું

---

૧. પરિણામના નિમિત્તે.

પુન્ય પાપ એ નવ, ઈન માંહિ, આવૈ કર્મસૂ આસ્રવ ચાહિ;
ભાવાસ્રવ આતમ—પરિણામ, પુદ્‌ગલ આવૈ દ્રવ્ય સુનામ. ૨૯.

कोऽर्थः ? भावास्रवादन्यो भिन्नो। भावास्रवनिमित्तेन तैलमृक्षितानां धूलिसमागम इव द्रव्यास्रवो भवतीति। ननु ''आस्रवति येन कर्म'' तेनैव पदेन द्रव्यास्रवो लब्धः, पुनरपि कर्मास्रवणं परो भवतीति द्रव्यास्रवव्याख्यानं किमर्थमिति यदुक्तं त्वया ? तन्न। येन परिणामेन किं भवति आस्रवति कर्म, तत्परिणामस्य सामर्थ्यं दर्शितं, न च द्रव्यास्रवव्याख्यानमिति भावार्थः ।।२९।।

अथ भावास्रवस्वरूपं विशेषेण कथयति :—

**मिच्छत्ताविरदपमादजोगकोधादओऽथ विण्णेया।**
**पण पण पणदस तिय चदु कमसो भेदा दु पुव्वस्स ।।३०।।**

मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः अथ विज्ञेयाः।
पञ्च पञ्च पञ्चदश त्रयः चत्वारः क्रमशः भेदाः तु पूर्वस्य ।।३०।।

---

છે.) 'પર' શબ્દનો શો અર્થ છે? 'ભાવાસ્રવથી અન્ય, ભિન્ન.' ભાવાસ્રવના નિમિત્તે, તેલ ચોપડેલ પદાર્થોને ધૂળ ચોંટે છે તેમ, જીવને દ્રવ્યાસ્રવ થાય છે.

શંકા :—ખરેખર 'आस्रवति येन कर्म'—'જેનાથી કર્મનો આસ્રવ થાય છે' એ પદથી જ દ્રવ્યાસ્રવની વાત આવી ગઈ, તો પછી 'कम्मासवणं परो होदि'–કર્માસ્રવ બીજો હોય છે'—એ પદથી દ્રવ્યાસ્રવનું વ્યાખ્યાન શા માટે કર્યું? સમાધાન :—તમારી શંકા યોગ્ય નથી. કેમકે 'જે પરિણામથી; શું થાય છે? કર્મનો આસ્રવ થાય છે;' એવું જે કથન છે તેનાથી પરિણામનું સામર્થ્ય બતાવ્યું છે, દ્રવ્યાસ્રવનું વ્યાખ્યાન કર્યું નથી. આમ, તાત્પર્ય છે. ૨૯.

હવે, ભાવાસ્રવનું સ્વરૂપ વિશેષપણે કહે છે :—

ગાથા ૩૦

ગાથાર્થ :—પહેલાના (ભાવાસ્રવના) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ અને ક્રોધાદિ કષાય એટલા ભેદ જાણવા. તેમાંથી મિથ્યાત્વ આદિના અનુક્રમે પાંચ, પાંચ, પંદર, ત્રણ અને ચાર ભેદ છે.

---

મિથ્યા અવિરત ઔ પરમાદ, યોગ કષાય તણૂં ઉન્માદ;
પાંચ–પાંચ પણદસ તિય ચ્યારિ, ભાવાસ્રવકે ભેદ કહારિ. ૩૦.

**व्याख्या—''मिच्छत्ताविरदिपमादजोगकोधादओ'' मिथ्यात्वाविरतिप्रमादयोगक्रोधादयः। अभ्यन्तरे वीतरागनिजात्मतत्त्वानुभूतिरुचिविषये विपरीताभिनिवेशजनकं बहिर्विषये तु परकीयशुद्धात्मतत्त्वप्रभृतिसमस्तद्रव्येषु विपरीताभिनिवेशोत्पादकं च मिथ्यात्वं भण्यते। अभ्यन्तरे निजपरमात्मस्वरूपभावनोत्पन्नपरमसुखामृतरतिविलक्षणा बहिर्विषये पुनरव्रतरूपा चेत्यविरतिः। अभ्यन्तरे निष्प्रमादशुद्धात्मानुभूतिचलनरूपः, बहिर्विषये तु मूलोत्तरगुणमल-जनकश्चेति प्रमादः। निश्चयेन निष्क्रियस्यापि परमात्मनो व्यवहारेण वीर्यान्तरायक्षयोपशमोत्पन्नो मनोवचनकायवर्गणावलम्बनः कर्मादानहेतुभूत आत्मप्रदेशपरिस्पन्दो योग इत्युच्यते। अभ्यन्तरे परमोपशममूर्तिकेवलज्ञानाद्यनन्तगुणस्वभावपरमात्मस्वरूपक्षोभकारकाः बहिर्विषये तु परेषां संबंधित्वेन क्रूरत्वाद्यावेशरूपाः क्रोधादयश्चेत्युक्तलक्षणाः पञ्चास्रवाः। ''अथ'' अथो**

---

ટીકા :—**''मिच्छत्ताविरदिपमादजोगकोधादओ''** મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ અને ક્રોધાદિ કષાય આસ્રવના ભેદ છે. અંતરંગમાં જે વીતરાગ નિજાત્મતત્ત્વની અનુભૂતિ અને રુચિ વિષે વિપરીત અભિનિવેશ ઉત્પન્ન કરાવે છે અને બહારમાં અન્યના શુદ્ધાત્મતત્ત્વ વગેરે સમસ્ત દ્રવ્યોમાં વિપરીત અભિનિવેશ ઉત્પન્ન કરાવે છે; તેને મિથ્યાત્વ કહે છે.

અંતરંગમાં નિજ પરમાત્મસ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન પરમ સુખામૃતમાં જે રતિ (—લીનતા) તેનાથી વિલક્ષણ અને બાહ્ય-વિષયમાં અવ્રતરૂપ (અર્થાત્ વ્રત ધારણ ન કરવાનો ભાવ) તે અવિરતિ છે.

અંતરંગમાં પ્રમાદરહિત શુદ્ધાત્માની અનુભૂતિમાં ચલનરૂપ (ચળપણારૂપ) અને બાહ્ય-વિષયમાં મૂળ અને ઉત્તરગુણોમાં મળ ઉત્પન્ન કરનાર તે પ્રમાદ છે.

નિશ્ચયથી પરમાત્મા નિષ્ક્રિય છે, તોપણ તેને વ્યવહારથી વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન એવો, મન-વચન-કાયવર્ગણાને અવલંબનારો, કર્મવર્ગણાનું ગ્રહણ કરવામાં હેતુભૂત એવો આત્મપ્રદેશોનો જે પરિસ્પંદ હોય છે; તેને યોગ કહેવાય છે.

અંતરંગમાં પરમ—ઉપશમમૂર્તિ, કેવળજ્ઞાનાદિ અનંતગુણસ્વભાવી પરમાત્મ-સ્વરૂપમાં ક્ષોભ ઉત્પન્ન કરનાર અને બાહ્ય-વિષયમાં અન્ય પદાર્થોના સંબંધથી ક્રૂરતા આદિ આવેશરૂપ, તે ક્રોધાદિ—કષાય છે.

એ રીતે, ઉપર કહેલા લક્ષણવાળા પાંચ આસ્રવો છે. 'अथ' હવે,

''विण्णेया'' विज्ञेया ज्ञातव्याः। कतिभेदास्ते? ''पण पण पणदस तिय चदु कमसो भेदा दु'' पञ्चपञ्चपञ्चदशत्रिचतुर्भेदाः क्रमशो भवन्ति पुनः। तथाहि ''एयंतबुद्धदरसी विवरीओ बह्म तावसो विणओ। इन्दो विय संसइदो मक्कडिओ चेव अण्णाणी।।१।।'' इति गाथाकथितलक्षणं पञ्चविधं मिथ्यात्वम्। हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहाकाङ्क्षारूपेणाविरतिरपि पञ्चविधा। अथवा मनःसहितपञ्चेन्द्रियप्रवृत्तिपृथिव्यादिषट्कायविराधनाभेदेन द्वादशविधा। ''विकहा तहा कसाया इन्दियणिद्दा तहेव पणयो य। चदु चदु पणमेगेगं हुंति पमादाहु पण्णरस।।१।।'' इति गाथाकथितक्रमेण पञ्चदश प्रमादाः। मनोवचनकायव्यापारभेदेन त्रिविधो योगः, विस्तरेण पञ्चदशभेदो वा। क्रोधमानमायालोभभेदेन कषायाश्चत्वारः, कषायनोकषायभेदेन पञ्चविंशतिविधा वा। एते सर्वे भेदाः कस्य सम्बन्धिनः ''पुव्वस्स'' पूर्वसूत्रोदितभावास्रवस्येत्यर्थः।।३०।।

अथ द्रव्यास्रवस्वरूपमुद्योतयति :—

---

'विण्णेया' એ જાણવા જોઈએ. તેના કેટલા ભેદ છે? ''पण पण पणदस तिय चदु कमसो भेदा दु'' મિથ્યાત્વ આદિના અનુક્રમે પાંચ, પાંચ, પંદર, ત્રણ અને ચાર ભેદ છે.

તેનો વિસ્તાર :—(''एयंतबुद्धदरसी विवरीओ बह्म तावसो विणओ। इन्दो विय संसइदो मक्कडिओ चेव अण्णाणी।। બૌદ્ધમત એકાન્તમિથ્યાત્વી છે. યાજ્ઞિક-બ્રહ્મ વિપરીતમિથ્યાત્વી છે, તાપસ વિનયમિથ્યાત્વી છે, ઇન્દ્રાચાર્ય સંશયમિથ્યાત્વી છે અને મશ્કરી અજ્ઞાનમિથ્યાત્વી છે.)''—એ ગાથામાં કહેલાં લક્ષણ પ્રમાણે પાંચ પ્રકારનું મિથ્યાત્વ છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની આકાંક્ષારૂપ અવિરતિ પણ પાંચ પ્રકારની છે, અથવા મનસહિત પાંચ ઇન્દ્રિયની પ્રવૃત્તિ અને પૃથ્વી આદિ છકાયની વિરાધનાના ભેદથી બાર પ્રકારની છે. ''ચાર વિકથા, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય, નિદ્રા એક અને સ્નેહ એક—એ રીતે પંદર પ્રમાદ કહ્યા છે.''—એ [1]ગાથામાં કહ્યા પ્રમાણે પંદર પ્રમાદ છે. મન, વચન અને કાયાના વ્યાપારના ભેદથી ત્રણ પ્રકારનો યોગ છે અથવા વિસ્તારથી પંદર પ્રકારનો યોગ છે. ક્રોધ, માન, માયા અને લોભના ભેદથી કષાય ચાર છે; અથવા કષાય અને નોકષાયના ભેદથી પચીસ પ્રકારના છે. આ બધા ભેદ કોના છે? 'पुव्वस्स' પહેલી ગાથામાં કહેલાં ભાવાસ્રવના છે. ૩૦.

હવે, દ્રવ્યાસ્રવનું સ્વરૂપ કહે છે :—

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૩૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि।**
**दव्वासवो स णेओ अणेयभेओ जिणक्खादो।।३१।।**

**ज्ञानावरणादीनां योग्यं यत् पुद्गलं समास्रवति।**
**द्रव्यास्रवः सः ज्ञेयः अनेकभेदः जिनाख्यातः।।३१।।**

**व्याख्या**—''णाणावरणादीणं'' सहजशुद्धकेवलज्ञानमभेदेन केवलज्ञानाद्यनन्तगुणाधारभूतं ज्ञानशब्दवाच्यं परमात्मानं वा आवृणोतीति ज्ञानावरणं, तदादिर्येषां तानि ज्ञानावरणादीनि तेषां ज्ञानावरणादीनां ''जोग्गं'' योग्यं ''जं पुग्गलं समासवदि'' स्नेहाभ्यक्तशरीराणां धूलिरेणुसमागम इव निष्कषायशुद्धात्मसंवित्तिच्युतजीवानां कर्मवर्गणारूपं यत्पुद्गलद्रव्यं समास्रवति, ''दव्वासओ स णेओ'' द्रव्यास्रवः स विज्ञेयः। ''अणेयभेओ'' स च ज्ञानदर्शनावरणीयवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायसंज्ञानामष्टमूलप्रकृतीनां भेदेन, तथैव ''पण

---

ગાથા ૩૧

**ગાથાર્થ :**—જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોને યોગ્ય જે પુદ્‌ગલ આવે છે તેને દ્રવ્યાસ્રવ જાણવો; તે અનેક ભેદવાળો છે, એમ શ્રી જિનેન્દ્રદેવે કહ્યું છે.

**ટીકા :**—'णाणावरणादीणं' સહજ શુદ્ધ કેવળજ્ઞાનને અથવા અભેદની અપેક્ષાએ કેવળજ્ઞાનાદિ અનંતગુણના આધારભૂત, જ્ઞાન શબ્દથી વાચ્ય પરમાત્માને જે આવૃત્ત કરે અર્થાત્ ઢાંકે તેને જ્ઞાનાવરણ કહે છે. તે જ્ઞાનાવરણ જેની આદિમાં છે તેવા જે જ્ઞાનાવરણાદિ; તેમને 'जोग्ग' યોગ્ય 'जं पुग्गलं समासवदि' તેલ ચોપડેલ શરીરવાળાઓને ધૂળના રજકણનો જેમ સમાગમ થાય છે, તેમ કષાયરહિત શુદ્ધાત્માના સંવેદનથી[1] રહિત જીવોને જે કર્મવર્ગણારૂપ પુદ્‌ગલનો આસ્રવ થાય છે, 'दव्वासओ स णेओ' તેને દ્રવ્યાસ્રવ જાણવો. 'अणेयभेओ' અને તે (દ્રવ્યાસ્રવ) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર તથા અંતરાય એ નામની આઠ મૂળપ્રકૃતિરૂપ ભેદથી, તથા ''पण णव

---

૧. શુદ્ધાત્માના સંવેદનરહિત મિથ્યાદષ્ટિ જીવો છે; તેમની મુખ્યતાથી આ કથન છે.

જ્ઞાનાવરણ આદિકે યોગ્ય, પુદ્‌ગલ આવૈ જિવકૈ ભોગ્ય;
દ્રવ્યાસ્રવ ભાષ્યો બહુ ભેદ, જિણવરદેવ, રહિત વચખેદ. ૩૧.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

णव दु अट्ठवीसा चउ तियणवदी य दोण्णि पंचेव। बावण्णहीण बियसयपयडिविणासेण होंति ते सिद्धा।।१।।'' इति गाथाकथितक्रमेणाष्टचत्वारिंशदधिकशतसंख्याप्रमितोत्तरप्रकृतिभेदेन तथा चासंख्येयलोकप्रमितपृथिवीकायनामकर्माद्युत्तरोत्तरप्रकृतिरूपेणानेकभेद इति ''जिणक्खादो'' जिनख्यातो जिनप्रणीत इत्यर्थः।।३१।। एवमास्रवव्याख्यानगाथात्रयेण प्रथमस्थलं गतम्।

अतः परं सूत्रद्वयेन बन्धव्याख्यानं क्रियते। तत्रादौ गाथापूर्वार्धेन भावबन्धमुत्तरार्धेन तु द्रव्यबन्धस्वरूपमावेदयति :—

**बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबंधो सो।**
**कम्मादपदेसाणं अण्णोण्णपवेसण इदरो।।३२।।**

**बध्यते कर्म्म येन तु चेतनभावेन भावबन्धः सः।**
**कर्म्मात्मप्रदेशानां अन्योन्यप्रवेशनं इतरः।।३२।।**

---

दु अट्ठवीसा चउ तियणवदी य दोण्णि पंचेव। बावण्णहीण बियसयपयडिविणासेण होंति ते सिद्धा।।१।।' (પાંચ જ્ઞાનાવરણીયની, નવ દર્શનાવરણીયની, બે વેદનીયની, અઠાવીસ મોહનીયની, ચાર આયુની, ત્રાણું નામની, બે ગોત્રની અને પાંચ અંતરાયની—એ રીતે એકસો અડતાળીસ પ્રકૃતિઓના નાશથી સિદ્ધ થાય છે.)''—એ ગાથામાં[1] કહેલા ક્રમથી એકસો અડતાળીસ ઉત્તર પ્રકૃતિરૂપ ભેદથી, અને અસંખ્યાત લોકપ્રમાણ પૃથ્વીકાય–નામકર્મ આદિ ઉત્તરોત્તર પ્રકૃતિરૂપ ભેદથી અનેક ભેદવાળો છે, એમ 'जिणक्खादो' શ્રી જિનેન્દ્રદેવે કહ્યું છે. ૩૧.

આ રીતે, આસ્રવના વ્યાખ્યાનની ત્રણ ગાથાઓથી પ્રથમ સ્થળ સમાપ્ત થયું.

હવે, બે ગાથાઓથી બંધનું વ્યાખ્યાન કરે છે. તેમાં પ્રથમ ગાથાના પૂર્વાર્ધથી ભાવબંધ અને ઉત્તરાર્ધથી દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે :—

ગાથા ૩૨

ગાથાર્થ :—જે ચેતનભાવથી કર્મ બંધાય છે તે ભાવબંધ છે અને કર્મ તથા

---

૧. સિદ્ધભક્તિ ગાથા ૮.

જિસ ચેતન-પરિણામહ કર્મ, બંધિહે ભાવબંધ સો મર્મ;
આતમ-કર્મ-દેશ-પરવેશ, આપસ માહિ દ્રવ્ય યહ દેશ. ૩૨.

**व्याख्या——''बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबन्धो सो'' बध्यते कर्म येन चेतनभावेन स भावबन्धो भवति। समस्तकर्मबन्धविध्वंसनसमर्थाखण्डैकप्रत्यक्षप्रतिभासमयपरमचैतन्यविलासलक्षणज्ञानगुणस्य, अभेदनयेनानन्तज्ञानादिगुणाधारभूतपरमात्मनो वा संबन्धिनी या तु निर्मलानुभूतिस्तद्विपक्षभूतेन मिथ्यात्वरागादिपरिणतिरूपेण वाऽशुद्धचेतनभावेन परिणामेन बध्यते ज्ञानावरणादि कर्म येन भावेन स भावबन्धो भण्यते। ''कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो'' कर्मात्मप्रदेशानामन्योन्य प्रवेशनमितरः। तेनैव भावबंधनिमित्तेन कर्मप्रदेशानात्मप्रदेशानां च क्षीरनीरवदन्योन्यं प्रवेशनं संश्लेषो द्रव्यबन्ध इति॥३२॥**

**अथ तस्यैव बन्धस्य गाथापूर्वार्धेन प्रकृतिबन्धादिभेदचतुष्टयं कथयति, उत्तरार्धेन तु प्रकृतिबन्धादीनां कारणं चेति।**

**पयडिट्ठिदिअणुभागप्पदेसभेदादु चदुविधो बन्धो।**
**जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो होंति॥३३॥**

---

આત્માના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે દ્રવ્યબંધ છે.

ટીકા :—'**बज्झदि कम्मं जेण दु चेदणभावेण भावबन्धो सो**' જે ચેતનભાવથી કર્મ બંધાય છે તે ભાવબંધ છે. સમસ્ત કર્મબંધ નષ્ટ કરવામાં સમર્થ, અખંડ, એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, પરમ ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા જ્ઞાનગુણના સંબંધવાળી અથવા અભેદનયથી અનંતજ્ઞાનાદિ ગુણના આધારભૂત પરમાત્માના સંબંધવાળી જે નિર્મળ અનુભૂતિ, તેનાથી વિરુદ્ધ મિથ્યાત્વ—રાગાદિ પરિણતિરૂપ અથવા અશુદ્ધ ચેતનભાવસ્વરૂપ જે પરિણામથી જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે, તે પરિણામ ભાવબંધ કહેવાય છે. '**कम्मादपदेसाणं अण्णोण्णपवेसणं इदरो**' કર્મ અને આત્માના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ થવો તે બીજો અર્થાત્ દ્રવ્યબંધ છે. તે જ ભાવબંધના નિમિત્તથી કર્મના પ્રદેશોનો અને આત્માના પ્રદેશોનો, દૂધ અને પાણીની જેમ, એકબીજામાં પ્રવેશ અર્થાત્ સંશ્લેષ તે દ્રવ્યબંધ છે. ૩૨.

હવે, ગાથાના પૂર્વાર્ધથી તે જ બંધના પ્રકૃતિબંધ આદિ ચાર ભેદોનું કથન કરે છે અને ઉત્તરાર્ધથી તેમના કારણનું કથન કરે છે :—

---

પ્રકૃતિ પ્રદેશ રુ થિતિ અનુભાગ, ચ્યારિ ભેદ હૈ બંધ-વિભાગ;
યોગ કરૈ પરકતિ-પરદેશ, થિતિ-અનુભાગ કષાય-અસેસ. ૩૩.

प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदात् तु चतुर्विधः बन्धः।
योगात् प्रकृतिप्रदेशौ स्थित्यनुभागौ कषायतः भवतः॥३३॥

व्याख्या—''पयडिट्ठिदिअणुभागप्पदेसभेदादु चदुविधो बन्धो'' प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदाच्चतुर्विधो बन्धो भवति। तथाहि—ज्ञानावरणीयस्य कर्मणः का प्रकृतिः? देवतामुखवस्त्रमिव ज्ञानप्रच्छादनता। दर्शनावरणीयस्य का प्रकृतिः? राजदर्शनप्रतिषेधकप्रतीहारवरद्दर्शनप्रच्छादनता। सातासातवेदनीयस्य का प्रकृतिः? मधुलिप्तखङ्गधारास्वादनवदल्पसुखबहुदुःखोत्पादकता। मोहनीयस्स का प्रकृतिः? मद्यपानबद्धेयोपादेयविचारविकलता। आयुःकर्मणः का प्रकृतिः? निगडवद्गत्यन्तरगमननिवारणता। नामकर्मणः का प्रकृतिः? चित्रकारपुरुषवन्नानारूपकरणता। गोत्रकर्मणः का प्रकृतिः? गुरुलघुभाजनकारककुम्भकारवदुच्चनीचगोत्रकरणता। अन्तरायकर्मणः का प्रकृतिः? भाण्डागारिकवद्दानादिविघ्नकरणतेति। तथाचोक्तं—''पडपडिहारसिमज्जाहलिचित्तकुलालभंडयारीणं। जह

---

ગાથા ૩૩

ગાથાર્થ :—પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ—એ ભેદોથી બંધ ચાર પ્રકારનો છે; યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે અને કષાયથી સ્થિતિ અને અનુભાગબંધ થાય છે.

ટીકા :—'पयडिट्ठिदिअणुभागप्पदेसभेदादु चदुविधो बन्धो' પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશના ભેદથી બંધ ચાર પ્રકારનો છે, તેનો વિસ્તાર :—જ્ઞાનાવરણકર્મનો સ્વભાવ શો છે? જેમ પડદો દેવના મુખને ઢાંકી દે છે, તેમ જ્ઞાનાવરણકર્મ જ્ઞાનને ઢાંકી દે છે. દર્શનાવરણ કર્મનો સ્વભાવ શો છે? રાજાના દર્શનમાં પ્રતિહારી જેમ રોકે છે, તેમ દર્શનાવરણકર્મ દર્શનમાં અટકાયત કરે છે. શાતા અને અશાતા વેદનીયનો સ્વભાવ શો છે? મધથી લિપ્ત તલવારની ધાર ચાટવાથી જેમ થોડું સુખ અને ઘણું દુઃખ થાય છે, તેમ વેદનીયકર્મ અલ્પ સુખ અને અધિક દુઃખ ઉત્પન્ન કરે છે. મોહનીયનો સ્વભાવ શો છે? મદ્યપાનની જેમ હેય–ઉપાદેય પદાર્થના વિચારમાં વિકળતા. આયુષ્યકર્મનો સ્વભાવ શો છે? બેડીની પેઠે એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં રોકવું તે. નામકર્મનો સ્વભાવ શો છે? ચિત્રકારની પેઠે અનેક પ્રકારનાં રૂપ કરવાં તે. ગોત્રકર્મનો સ્વભાવ શો છે? નાનાં-મોટાં વાસણ બનાવનાર કુંભારની જેમ ઉચ્ચ કે નીચ ગોત્ર કરવાં તે. અંતરાયકર્મનો સ્વભાવ શો છે? ભંડારીની પેઠે દાનાદિ કાર્યમાં વિઘ્ન કરવું તે. કહ્યું છે કે :—''પટ, પ્રતિહાર–દ્વારપાળ, તલવાર, મધ, બેડી, ચિત્રકાર, કુંભાર અને ભંડારી;—એ આઠેનો જેવો સ્વભાવ

**एदेसिं भावा तहवि य कम्मा मुणेयव्वा।।१।।'' इति दृष्टान्ताष्टकेन प्रकृतिबन्धो ज्ञातव्यः। अजागोमहिष्यादिदुग्धानां प्रहरद्वयादिस्वकीयमधुररसावस्थानपर्यन्तं यथा स्थितिर्भण्यते, तथा जीवप्रदेशेष्वपि यावत्कालं कर्मसम्बन्धेन स्थितिस्तावत्कालं स्थितिबन्धो ज्ञातव्यः। यथा च तेषामेव दुग्धानां तारतम्येन रसगतशक्तिविशेषोऽनुभागो भण्यते तथा जीवप्रदेश-स्थितकर्मस्कन्धानामपि सुखदुःखदानसमर्थशक्तिविशेषोऽनुभागबन्धो विज्ञेयः। सा च घातिकर्मसम्बंधिनी शक्तिर्लतादार्वस्थिपाषाणभेदेन[१] चतुर्धा। तथैवाशुभघातिकर्मसम्बंधिनी निम्बकाञ्जीरविषहालाहलरूपेण, शुभाघातिकर्मसम्बन्धिनी पुनर्गुडखण्डशर्करामृतरूपेण चतुर्धा भवति। एकैकात्मप्रदेशे सिद्धानन्तैकभागसंख्या अभव्यानंतगुणप्रमिता अनंतानंतपरमाणवः प्रतिक्षणबंधमायांतीति प्रदेशबंधः। इदानीं बंधकारणं कथ्यते। ''जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो हुंति।'' योगात्प्रकृतिप्रदेशौ, स्थित्यनुभागौ कषायतो भवत इति।**

---

છે, તેવો જ ક્રમથી જ્ઞાનાવરણ આદિ આઠે કર્મોનો સ્વભાવ જાણવો.'' એ આઠ દૃષ્ટાંતથી પ્રકૃતિબંધ જાણવો.

બકરી, ગાય, ભેંસ આદિના દૂધમાં જેવી રીતે બે પહોર વગેરે સુધી પોતાના મધુર રસમાં રહેવાની કાળની મર્યાદા છે તેને સ્થિતિ કહેવાય છે, તેમ જીવના પ્રદેશોમાં જેટલા કાળ સુધી કર્મસંબંધરૂપે સ્થિતિ છે, તેટલા કાળને સ્થિતિબંધ જાણવો.

જેવી રીતે તેમનાં જ દૂધમાં તારતમ્યપણે રસસંબંધી શક્તિવિશેષને (ચીકાશ, મીઠાશને) અનુભાગ કહેવામાં આવે છે, તેવી રીતે જીવના પ્રદેશો ઉપર રહેલા કર્મના સ્કંધોમાં પણ સુખ કે દુઃખ દેવાની શક્તિવિશેષને અનુભાગબંધ જાણવો. ઘાતીકર્મ સાથે સંબંધ રાખનારી તે શક્તિ વેલ, કાષ્ઠ, હાડકાં અને પથ્થરના ભેદથી ચાર પ્રકારની છે. તેવી જ રીતે અશુભ અઘાતીકર્મ સાથે સંબંધ રાખનારી શક્તિ નીમ, કાળીજીરી, વિષ તથા હાલાહલરૂપના ભેદથી ચાર પ્રકારની છે, અને શુભ અઘાતીકર્મ સાથે સંબંધ રાખનારી શક્તિ ગોળ, ખાંડ, સાકર અને અમૃતરૂપ ચાર પ્રકારની છે.

આત્માના એકેક પ્રદેશ ઉપર સિદ્ધોના અનંતમા ભાગપ્રમાણ અને અભવ્ય જીવોની સંખ્યાથી અનંતગુણા એવા અનંતાનંત પરમાણુઓ પ્રત્યેક ક્ષણે બંધ પામે છે, તે પ્રદેશબંધ છે.

હવે, બંધનું કારણ કહે છે. '**जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो हुंति।**' યોગથી પ્રકૃતિ અને પ્રદેશ તથા કષાયથી સ્થિતિ અને અનુભાગબંધ થાય છે.

---

१ 'शक्तिभेदेन' इति पाठान्तरं

तथाहि—निश्चयेन निष्क्रियाणामपि शुद्धात्मप्रदेशानां व्यवहारेण परिस्पंदनहेतुर्योगः, तस्मात्प्रकृतिप्रदेशबन्धद्वयं भवति। निर्दोषपरमात्मभावनाप्रतिबन्धकक्रोधादिकषायोदयात् स्थित्यनुभागबन्धद्वयं भवतीति। आस्रवे बन्धे च मिथ्यात्वाविरत्यादिकारणानि समानानि, को विशेषः ? इति चेत्, नैवं; प्रथमक्षणे कर्मस्कंधानामागमनमास्रवः, आगमनानन्तरं द्वितीयक्षणादौ जीवप्रदेशेष्ववस्थानं बंध इति भेदः। यत एव योगकषायाद्‌बंधचतुष्टयं भवति तत एव बंधविनाशार्थं योगकषायत्यागेन निजशुद्धात्मनि भावना कर्त्तव्येति तात्पर्यम्॥३३॥ एवं बंधव्याख्यानेन सूत्रद्वयेन द्वितीयं स्थलं गतम्।

अत ऊर्ध्वं गाथाद्वयेन संवरपदार्थः कथ्यते। तत्र प्रथमगाथायां भावसंवरद्रव्यसंवरस्वरूपं निरूपयति :—

**चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेदू।**
**सो भावसंवरो खलु दव्वासवरोहणे अण्णो॥३४॥**

---

વિસ્તાર :—નિશ્ચયથી નિષ્ક્રિય એવા શુદ્ધાત્માના પ્રદેશોના વ્યવહારથી પરિસ્પંદનું કારણ યોગ છે, તેનાથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ—એ બે પ્રકારના બંધ થાય છે. નિર્દોષ પરમાત્મભાવનાના પ્રતિબંધક ક્રોધાદિ કષાયના ઉદયથી સ્થિતિબંધ અને અનુભાગબંધ—એ બે બંધ થાય છે.

શંકા :—આસ્રવ અને બંધ થવામાં મિથ્યાત્વ, અવિરતિ આદિ કારણો સમાન છે, તો આસ્રવ અને બંધમાં તફાવત શું છે? ઉત્તર :—એ પ્રમાણે નથી. પ્રથમ ક્ષણમાં કર્મસ્કંધોનું જે આગમન છે તે આસ્રવ છે અને આગમન પછી બીજી વગેરે ક્ષણોમાં જીવના પ્રદેશોમાં તે સ્કંધોનું રહેવું તે બંધ છે, એ પ્રમાણે (આસ્રવ અને બંધમાં) તફાવત છે.

કારણ કે, યોગ અને કષાયથી ચાર પ્રકારના બંધ થાય છે, માટે બંધનો નાશ કરવા યોગ અને કષાયનો ત્યાગ કરીને નિજ શુદ્ધાત્મામાં ભાવના કરવી તે તાત્પર્ય છે. ૩૩.

આ પ્રમાણે બંધના વ્યાખ્યાનથી બે ગાથાઓ વડે, બીજું સ્થળ પૂરું થયું.

હવે, આગળ બે ગાથાઓ વડે સંવર પદાર્થનું કથન કરવામાં આવે છે. ત્યાં પ્રથમ

---

આસ્રવકે રોકણકૂં ભાવ આતમકૌ, સો સંવર ભાવ;
પુદ્‌ગલકર્મ રુકૈ સો જાનિ સંવર દ્રવ્ય, નામ સો માંનિ. ૩૪.

**चेतनपरिणामः यः कर्म्मणः आस्रवनिरोधने हेतुः।**
**सः भावसंवरः खलु द्रव्यास्रवरोधनः अन्यः॥३४॥**

**व्याख्या—"चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेदू सो भावसंवरो खलु" चेतनपरिणामो यः, कथंभूतः ? कर्मास्रवनिरोधने हेतुः स भावसंवरो भवति खलु निश्चयेन। "दव्वासवरोहणे अण्णो" द्रव्यकर्मास्रवनिरोधने सत्यन्यो द्रव्यसंवर इति। तद्यथा—निश्चयेन स्वतः सिद्धत्वात्परकारणनिरपेक्षः, स चैवाविनश्वरत्वान्नित्यः परमोद्योतस्वभावत्वात्स्वपरप्रकाशनसमर्थः, अनाद्यनन्तत्वादादिमध्यान्तमुक्तः, दृष्ट-श्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धादिसमस्तरागादिविभावमलरहितत्वादत्यन्तनिर्मलः, परम-चैतन्यविलासलक्षणत्वादुच्छलननिर्भरः, स्वाभाविकपरमानन्दैकलक्षणत्वात्परमसुखमूर्तिः, निरास्रवसहजस्वभावत्वात्सर्वकर्मसंवरहेतुरित्युक्तलक्षणः परमात्मा तत्स्वभावभावेनोत्पन्नो योऽसौ**

---

ગાથામાં ભાવસંવર[૧] અને દ્રવ્યસંવરનું[૧] સ્વરૂપ કહે છે :—

ગાથા ૩૪

ગાથાર્થ :—આત્માનો જે પરિણામ કર્મના આસ્રવને રોકવામાં કારણ છે, તેને ભાવસંવર કહે છે અને જે દ્રવ્યાસ્રવનું રોકાવું તે દ્રવ્યસંવર છે.

ટીકા :—'**चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेदू सो भावसंवरो खलु**' જે ચેતન પરિણામ, કેવો? કર્મોના આસ્રવને રોકવામાં કારણ છે તે, ખરેખર નિશ્ચયથી ભાવસંવર છે. '**दव्वासवरोहणे अण्णो**' દ્રવ્યકર્મના આસ્રવનો નિરોધ થતાં બીજો દ્રવ્યસંવર થાય છે. તે આ રીતે છે :—નિશ્ચયથી સ્વતઃસિદ્ધ હોવાથી અન્ય કારણની અપેક્ષારહિત, અવિનશ્વર હોવાથી નિત્ય, પરમ પ્રકાશરૂપ સ્વભાવ હોવાથી સ્વપરને પ્રકાશવામાં સમર્થ, અનાદિ–અનંત હોવાથી આદિ, મધ્ય અને અંતરહિત, દૃષ્ટ, શ્રુત અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધાદિ સમસ્ત રાગાદિ વિભાવમળથી રહિત હોવાને લીધે અત્યંત નિર્મળ, પરમચૈતન્યવિલાસરૂપ લક્ષણ હોવાથી ચિદ્ઉચ્છલનથી (ચૈતન્યના ઊછળવાથી) ભરપૂર, સ્વાભાવિક પરમાનંદ એક લક્ષણ હોવાથી પરમસુખની મૂર્તિ, આસ્રવરહિત સહજ સ્વભાવ હોવાથી સર્વ કર્મોનો સંવર

---

૧ ભાવસંવર અને દ્રવ્યસંવરની શરૂઆત ચતુર્થ ગુણસ્થાનથી થાય છે; અને ચૌદમે ગુણસ્થાને આસ્રવનો સર્વથા અભાવ થતાં સર્વસંવર હોય છે.

शुद्धचेतनपरिणामः स भावसंवरो भवति। यस्तु भावसंवरात्कारणभूतादुत्पन्नः कार्यभूतो नवतरद्रव्यकर्मागमनाभावः स द्रव्यसंवर इत्यर्थः।

अथ संवरविषयनयविभागः कथ्यते। तथाहि—मिथ्यादृष्ट्यादिक्षीणकषायपर्यन्तमुपर्युपरि मन्दत्वात्तारतम्येन तावदशुद्धनिश्चयो वर्त्तते। तस्य मध्ये पुनर्गुणस्थानभेदेन शुभाशुभशुद्धानुष्ठानरूपउपयोगत्रयव्यापारस्तिष्ठति। तदुच्यते—मिथ्यादृष्टिसासादनमिश्रगुणस्थानेषूपर्युपरि मन्दत्वेनाशुभोपयोगो वर्तते, ततोऽप्यसंयतसम्यग्दृष्टिश्रावकप्रमत्तसंयतेषु पारम्पर्येण शुद्धोपयोगसाधक उपर्युपरि तारतम्येन शुभोपयोगो वर्तते, तदनन्तरमप्रमत्तादि-

---

કરવામાં કારણ—આવાં લક્ષણોવાળો પરમાત્મા[1] છે. તેના સ્વભાવભાવથી[1] ઉત્પન્ન જે શુદ્ધચેતનપરિણામ છે તે ભાવસંવર છે. અને જે, કારણરૂપ ભાવસંવરથી ઉત્પન્ન થયેલ કાર્યરૂપ નવાં દ્રવ્યકર્મોના આગમનનો અભાવ, તે દ્રવ્યસંવર છે.

હવે, સંવરના વિષયમાં નયવિભાગનું કથન કરે છે :—મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને ક્ષીણકષાય ગુણસ્થાન સુધી ઉપર ઉપર મંદપણું હોવાથી તારતમ્યતાથી અશુદ્ધ નિશ્ચય વર્તે છે. તેમાં ગુણસ્થાનના ભેદથી શુભ, અશુભ અને શુદ્ધ અનુષ્ઠાનરૂપ (આચરણરૂપ) ત્રણ પ્રકારના ઉપયોગનો વ્યાપાર હોય છે. તે કહેવામાં આવે છે—મિથ્યાદ્રષ્ટિ, સાસાદન અને મિશ્ર—એ ત્રણ ગુણસ્થાનોમાં ઉપર ઉપર મંદપણે અશુભ ઉપયોગ હોય છે. તેનાથી આગળ અસંયત સમ્યગ્દ્રષ્ટિ, શ્રાવક અને પ્રમત્તસંયત એ ત્રણ ગુણસ્થાનોમાં[2] પરંપરાએ શુદ્ધોપયોગનો સાધક ઉપર ઉપર તારતમ્યતાથી શુભોપયોગ હોય છે. ત્યારપછી અપ્રમત્તથી

---

૧. શુદ્ધચૈતન્યસ્વરૂપ ત્રિકાળધ્રુવજ્ઞાયકસ્વભાવ આત્મા જે શ્રી સમયસાર ગાથા ૬ માં કહ્યો છે, તેની આ વિસ્તારમય વ્યાખ્યા છે. તે ત્રિકાળ શુદ્ધસ્વરૂપ સદા આશ્રય કરવા યોગ્ય હોવાથી સર્વ પ્રકારે ઉપાદેય છે.

૨. જ્યાં ચારિત્રગુણની આંશિક શુદ્ધિ હોય ત્યાં તેની સાથે વર્તતા શુભોપયોગને પરંપરાએ શુદ્ધોપયોગનો સાધક કહેવામાં આવે છે. ચોથે, પાંચમે અને છટ્ઠે ગુણસ્થાને તેની ભૂમિકા અનુસાર શુદ્ધિ હોય છે. જુઓ, છટ્ઠા ગુણસ્થાન ધારક મુનિસંબંધી પ્રવચનસાર ગાથા ૨૪૫–૨૪૬ બન્ને આચાર્યોની ટીકા.

શ્રી પ્રવચનસાર ગાથા ૨૪૭ની શ્રી જયસેનાચાર્યદેવ કૃત ટીકામાં મુનિની અપેક્ષાએ 'शुद्धोपयोगसाधके शुभोपयोगे' શબ્દો કહ્યા છે. અહીં (શ્રી દ્રવ્યસંગ્રહની ટીકામાં) તો ચોથે, પાંચમે અને છટ્ઠે—એમ ત્રણે ગુણસ્થાને 'શુદ્ધોપયોગસાધક શુભોપયોગ' કહેલ છે; તેથી તદ્દન સ્પષ્ટ થાય છે કે, એ ત્રણે ગુણસ્થાને આંશિક શુદ્ધ પરિણતિ હોય જ છે; કારણ કે જ્યાં આંશિક શુદ્ધિ ન હોય ત્યાં વર્તતા શુભોપયોગમાં શુદ્ધોપયોગના સાધકપણાનો આરોપ પણ ઘટતો નથી.

**क्षीणकषायपर्यन्तं जघन्यमध्यमोत्कृष्टभेदेन विवक्षितैकदेशशुद्धनयरूपशुद्धोपयोगो वर्तते। तत्रैवं, मिथ्यादृष्टिगुणस्थाने तावत् संवरो नास्ति, सासादनादिगुणस्थानेषु ''सोलसपणवीसणभं दसचउछक्केक्कबन्धवोछिण्णा। दुगतीसचदुरपुव्वेपणसोलस जोगिणो एक्को।१।'' इति बन्धविच्छेदत्रिभङ्गीकथितक्रमेणोपर्युपरि प्रकर्षेण संवरो ज्ञातव्य इति। अशुद्धनिश्चयमध्ये मिथ्यादृष्ट्यादिगुणस्थानेषूपयोगत्रयं व्याख्यातं, तत्राशुद्धनिश्चये शुद्धोपयोगः कथं घटते ? इति चेत्तत्रोत्तरं—शुद्धोपयोगे शुद्धबुद्धैकस्वभावो निजात्मा ध्येयस्तिष्ठति तेन कारणेन शुद्धध्येयत्वाच्छुद्धावलम्बनत्वाच्छुद्धात्मस्वरूपसाधकत्वाच्च शुद्धोपयोगो घटते। स च संवरशब्दवाच्यः शुद्धोपयोगः संसारकारणभूतमिथ्यात्वरागाद्यशुद्धपर्यायवदशुद्धो न भवति तथैव फलभूतकेवलज्ञानलक्षण शुद्धपर्यायवत् शुद्धोऽपि न भवति किन्तु ताभ्यामशुद्धशुद्धपर्यायाभ्यां विलक्षणं शुद्धात्मानुभूतिरूपनिश्चयरत्नत्रयात्मकं मोक्षकारणमेकदेशव्यक्तिरूपमेकदेशनिरावरणं च तृतीयमवस्थान्तरंभण्यते।**

---

ક્ષીણકષાય સુધીના છ ગુણસ્થાનોમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદથી વિવક્ષિત એકદેશ શુદ્ધનયરૂપ શુદ્ધોપયોગ હોય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ (પ્રથમ) ગુણસ્થાનોમાં તો સંવર હોતો નથી, સાસાદન વગેરે ગુણસ્થાનોમાં 'મિથ્યાદૃષ્ટિ પ્રથમ ગુણસ્થાનમાં સોળ પ્રકૃતિ, બીજામાં પચીસ, ત્રીજામાં શૂન્ય, ચોથામાં દસ, પાંચમામાં ચાર, છઠ્ઠામાં છ, સાતમામાં એક, આઠમામાં બે, ત્રીસ અને ચાર, નવમામાં પાંચ, દસમામાં સોળ અને સયોગકેવળી (તેરમા)માં એક પ્રકૃતિની બંધ વ્યુચ્છિત્તિ થાય છે.[1]' આ રીતે બંધવિચ્છેદ ત્રિભંગીમાં કહ્યા પ્રમાણે ક્રમથી ઉપર અધિકતાથી સંવર જાણવો.

શંકા :—અશુદ્ધનિશ્ચયમાં મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનોમાં (અશુભ, શુભ અને શુદ્ધ) ત્રણ ઉપયોગનું વ્યાખ્યાન કર્યું; ત્યાં અશુદ્ધનિશ્ચયમાં શુદ્ધોપયોગ કેવી રીતે ઘટે છે? ઉત્તર :—શુદ્ધોપયોગમાં શુદ્ધ–બુદ્ધ–એકસ્વભાવી નિજાત્મા ધ્યેય હોય છે; તે કારણે શુદ્ધ ધ્યેયવાળો હોવાથી, શુદ્ધ અવલંબનવાળો હોવાથી અને શુદ્ધાત્મસ્વરૂપનો સાધક હોવાથી શુદ્ધોપયોગ સિદ્ધ થાય છે. અને તે 'સંવર' શબ્દથી વાચ્ય શુદ્ધોપયોગ સંસારના કારણભૂત મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધપર્યાયની જેમ અશુદ્ધ નથી હોતો તથા તેના ફળરૂપ કેવળજ્ઞાનરૂપ શુદ્ધપર્યાયની જેમ શુદ્ધ પણ નથી હોતો, પરંતુ તે અશુદ્ધ અને શુદ્ધ (બન્ને) પર્યાયોથી વિલક્ષણ, શુદ્ધાત્માના અનુભવરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક, મોક્ષના કારણભૂત, એકદેશ પ્રગટ, એકદેશ આવરણરહિત—એવી ત્રીજી અવસ્થારૂપ કહેવાય છે.

---

૧. ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૯૪.

**कश्चिदाह—केवलज्ञानं सकलनिरावरणं शुद्धं तस्य कारणेनापि सकलनिरावरणेन शुद्धेन भाव्यम्, उपादानकारणसदृशं कार्यं भवतीति वचनात्। तत्रोत्तरं दीयते—युक्तमुक्तं भवता परं किन्तूपादानकारणमपि षोडशवर्णिकासुवर्णकार्यस्याधस्तनवर्णिकोपादानकारणवत्, मृन्मयकलशकार्यस्य मृत्पिण्डस्थासकोशकुशूलोपादानकारणवदिति च कार्यादेकदेशेन भिन्नं भवति। यदि पुनरेकान्तेनोपादानकारणस्य कार्येण सहाभेदो भेदो वा भवति, तर्हि पूर्वोक्तसुवर्णमृत्तिकादृष्टान्तद्वयवत्कार्यकारणभावो न घटते। ततः किं सिद्धं? एकदेशेन निरावरणत्वेन क्षायोपशमिकज्ञानलक्षणमेकदेशव्यक्तिरूपं विवक्षितैकदेशशुद्धनयेन संवरशब्दवाच्यं शुद्धोपयोगस्वरूपं मुक्तिकारणं भवति। यच्च लब्ध्यपर्याप्तसूक्ष्मनिगोदजीवे नित्योद्घाटं निरावरणं ज्ञानं श्रूयते तदपि सूक्ष्मनिगोदसर्वजघन्यक्षयोपशमापेक्षया निरावरणं, न च सर्वथा। कस्मादिति चेत्? तदावरणे जीवाभावः प्राप्नोति। वस्तुत उपरितनक्षायोपशमिकज्ञानापेक्षया केवलज्ञानापेक्षया च तदपि सावरणं, संसारिणां क्षायिकज्ञानाभावाच्च क्षायोपशमिकमेव। यदि**

---

કોઈ શંકા કરે છે :—કેવળજ્ઞાન સમસ્ત આવરણરહિત શુદ્ધ છે તો તેનું કારણ પણ સમસ્ત આવરણરહિત શુદ્ધ હોવું જોઈએ, કારણ કે 'ઉપાદાનકારણ જેવું કાર્ય હોય છે,' એવું શાસ્ત્રનું વચન છે. તેનો ઉત્તર આપવામાં આવે છે :—આપે જે કહ્યું તે તો યોગ્ય છે, પરંતુ ઉપાદાનકારણ પણ કાર્યથી એકદેશ ભિન્ન હોય છે; જેમ સોળવલા સુવર્ણરૂપ કાર્યનું નીચેની અવસ્થાવાળા (પંદરવલાદિરૂપ) સુવર્ણરૂપ ઉપાદાનકારણ એકદેશ ભિન્ન હોય છે અને જેમ માટીના કળશરૂપ કાર્યનું માટીના પિંડ–સ્થાસ–કોશ–કુશુલરૂપ ઉપાદાનકારણ એકદેશ ભિન્ન હોય છે તેમ. જો એકાન્તે ઉપાદાનકારણનો કાર્યની સાથે અભેદ કે ભેદ હોય તો પૂર્વોક્ત સુવર્ણ અને માટીના બે દૃષ્ટાંતની જેમ કાર્યકારણભાવ સિદ્ધ થાય નહિ. આથી, શું સિદ્ધ થયું? (એમ, સિદ્ધ થયું કે) એકદેશ–નિરાવરણ હોવાથી, ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ લક્ષણવાળું, એકદેશ-પ્રગટરૂપ, વિવક્ષિત-એકદેશ-શુદ્ધનયે 'સંવર' શબ્દથી વાચ્ય શુદ્ધોપયોગસ્વરૂપ (શુદ્ધોપયોગનું સ્વરૂપ) મુક્તિનું કારણ થાય છે. અને જે લબ્ધિ-અપર્યાપ્તક સૂક્ષ્મનિગોદિયા જીવમાં નિત્ય ઉઘાડરૂપે આવરણરહિત જ્ઞાન સાંભળવામાં આવે છે, તે પણ સૂક્ષ્મનિગોદના સર્વજઘન્ય ક્ષયોપશમની અપેક્ષાથી નિરાવરણ છે, સર્વથા આવરણરહિત નથી. શંકા :—તે આવરણરહિત કેમ રહે છે? ઉત્તર :—જો તે જઘન્ય જ્ઞાનનું પણ આવરણ થાય, તો જીવનો અભાવ પ્રાપ્ત થાય. વાસ્તવિક રીતે તો ઉપરના ક્ષયોપશમ-જ્ઞાનની અપેક્ષાએ અને કેવળજ્ઞાનની અપેક્ષાએ તે જ્ઞાન પણ આવરણસહિત છે અને સંસારી જીવોને ક્ષાયિકજ્ઞાનનો અભાવ હોવાથી (તે

पुनर्लोचनपटलस्यैकदेशनिरावरणवत्केवलज्ञानांशरूपं भवति तर्हि तेनैकदेशेनापि लोकालोकप्रत्यक्षतां प्राप्नोति, न च तथा दृश्यते। किन्तु प्रचुरमेघप्रच्छादितादित्यबिम्ब-वन्निविडलोचनपटलवद्वा स्तोकं प्रकाशयतीत्यर्थः।

अय क्षयोपशमलक्षणं कथ्यते—सर्वप्रकारेणात्मगुणप्रच्छादिकाः कर्मशक्तयः सर्वघातिस्पर्द्धकानि भण्यन्ते, विवक्षितैकदेशेनात्मगुणप्रच्छादिकाः शक्तयो देशघातिस्पर्द्धकानि भण्यन्ते, सर्वघातिस्पर्द्धकानामुदयाभाव एव क्षयस्तेषामेवास्तित्वमुपशम उच्यते सर्वघात्युदयाभावलक्षणक्षयेण सहित उपशमः तेषामेकदेशघातिस्पर्द्धकानामुदयश्चेति समुदायेन क्षयोपशमो भण्यते। क्षयोपशमे भवः क्षायोपशमिको भावः। अथवा देशघातिस्पर्द्धकोदये सति जीव एकदेशेन ज्ञानादिगुणं लभते यत्र स क्षायोपशमिको भावः। तेन किं सिद्धं ? पूर्वोक्तसूक्ष्मनिगोदजीवे ज्ञानावरणीयदेशघातिस्पर्द्धकोदये सत्येकदेशेन ज्ञानगुणं लभ्यते तेन कारणेन तत् क्षायोपशमिकं ज्ञानं, न च क्षायिकं, कस्मादेकदेशोदयसद्भावादिति।

---

જ્ઞાન) ક્ષાયોપશમિક જ છે. જો નેત્રપટલના એકદેશ નિરાવરણની જેમ (અર્થાત્ નેત્રપટલ થોડું ખુલ્લું હોય તેની માફક) કેવળજ્ઞાનના અંશરૂપ તે જ્ઞાન હોય તો તે એકદેશથી પણ લોકાલોકનું પ્રત્યક્ષપણું થાત; પણ એમ તો જોવામાં આવતું નથી. પરંતુ ખૂબ વાદળાંઓથી આચ્છાદિત સૂર્યના બિંબની જેમ અથવા નિબિડ નેત્રપટલની જેમ તે નિગોદિયાનું જ્ઞાન થોડું જાણે છે, એમ તાત્પર્ય છે.

હવે, ક્ષયોપશમનું લક્ષણ કહે છે—સર્વ પ્રકારે આત્માના ગુણોનું આચ્છાદન કરનાર કર્મની શક્તિઓને 'સર્વઘાતી સ્પર્દ્ધકો' કહે છે અને વિવક્ષિત એકદેશથી આત્માના ગુણોનું આચ્છાદન કરનાર કર્મની શક્તિઓને 'દેશઘાતી સ્પર્દ્ધકો' કહે છે. સર્વઘાતી સ્પર્દ્ધકોના ઉદયના અભાવને જ ક્ષય અને તેમની જ સત્‌રૂપ અવસ્થાને ઉપશમ કહે છે. સર્વઘાતી સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય સહિત ઉપશમ અને તેમના એકદેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય—એ રીતે એ ત્રણેના સમુદાયથી ક્ષયોપશમ કહેવામાં આવે છે. ક્ષયોપશમમાં હોય તેને ક્ષાયોપશમિકભાવ કહે છે અથવા દેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય હોતાં જીવ એકદેશ જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત કરે છે, તે ક્ષાયોપશમિક ભાવ છે. તેનાથી શું સિદ્ધ થયું? પૂર્વોક્ત સૂક્ષ્મનિગોદના જીવમાં જ્ઞાનાવરણકર્મના દેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય હોતાં એકદેશે જ્ઞાનગુણ પ્રાપ્ત હોય છે તે કારણે તે ક્ષાયોપશમિકજ્ઞાન છે, ક્ષાયિકજ્ઞાન નથી. શા માટે? કારણ કે, ત્યાં કર્મના એકદેશ ઉદયનો સદ્‌ભાવ છે.

अयमत्रार्थः—यद्यपि पूर्वोक्तं शुद्धोपयोगलक्षणं क्षायोपशमिकं ज्ञानं मुक्तिकारणं भवति तथापि ध्यातृपुरुषेण यदेव नित्यसकलनिरावरणमखण्डैकसकलविमलकेवलज्ञानलक्षणं परमात्मस्वरूपं तदेवाहं, न च खण्डज्ञानरूप, इति भावनीयम्। इति संवरतत्त्वव्याख्यानविषये नयविभागो ज्ञातव्य इति॥३४॥

अथ संवरकारणभेदान् कथयतीत्येका पातनिका, द्वितीया तु कैः कृत्वा संवरो भवतीति पृष्टे प्रत्युत्तरं ददातीति पातनिकाद्वयं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति भगवान्—

**वदसमिदीगुत्तीओ धम्माणुपेहा परीसहजओ य।**
**चारित्तं बहुभेया णायव्वा भावसंवरविसेसा॥३५॥**

व्रतसमितिगुप्तयः धर्म्मानुप्रेक्षाः परीषहजयः च।
चारित्रं बहुभेदं ज्ञातव्याः भावसंवरविशेषाः॥३५॥

---

અહીં, સારાંશ આ છે :—જોકે પૂર્વોક્ત શુદ્ધોપયોગલક્ષણવાળું ક્ષાયોપશમિકજ્ઞાન મુક્તિનું કારણ થાય છે, તોપણ ધ્યાન કરનાર પુરુષે 'નિત્ય સકળ નિરાવરણ, અખંડ, એક, સમ્પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન જેનું લક્ષણ છે; એવું પરમાત્મસ્વરૂપ તે જ હું છું, ખંડજ્ઞાનરૂપ નહિ'—એવી ભાવના કરવી.

એ રીતે, સંવર પદાર્થના વ્યાખ્યાનમાં નયવિભાગ જાણવો. ૩૪.

હવે, સંવરનાં કારણોના ભેદ કહે છે—એમ એક ભૂમિકા છે, 'શેનાથી (કોનાથી) સંવર થાય છે?' એવો પ્રશ્ન પૂછવામાં આવતાં પ્રત્યુત્તર આપે છે—એમ બીજી ભૂમિકા છે. એ બન્ને ભૂમિકાઓ મનમાં ધારણ કરીને ભગવાન શ્રી નેમિચન્દ્ર આચાર્ય આ ગાથા કહે છે :—

ગાથા ૩૫

ગાથાર્થ :—વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને અનેક પ્રકારનું ચારિત્ર—એ બધાને ભાવસંવરના ભેદ જાણવા.

---

વ્રત અરુ સમિતિ ગુપ્તિ દશ ધર્મ, અનુપ્રેક્ષા ચારિત્ર જુ પર્મ;
સહન પરિષહ, એ બહુભેદ, સંવરભાવ ભનૈં જિનદેવ. ૩૫.

**व्याख्या—''वदसमिदीगुत्तीओ'' व्रतसमितिगुप्तयः, ''धम्माणुपेहा'' धर्मस्तथैवानुप्रेक्षाः, ''परीसहजओ य'' परीषहजयश्च, ''चारित्तं बहुभेया'' चारित्रं बहुभेदयुक्तं, ''णायव्वा भावसंवरविसेसा'' एते सर्वे मिलिता भावसंवरविशेषा भेदा ज्ञातव्याः। अथ विस्तरः—निश्चयेन विशुद्धज्ञानदर्शनस्वभावनिजात्मतत्त्वभावनोत्पन्नसुखसुधास्वादबलेन समस्तशुभाशुभरागादिविकल्पनिवृत्तिर्व्रतम्, व्यवहारेण तत्साधकं हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहाच्च यावज्जीवनिवृत्तिलक्षणं पञ्चविधं व्रतम्। निश्चयेनानन्तज्ञानादिस्वभावे निजात्मनि सम् सम्यक् समस्तरागादिविभावपरित्यागेन तल्लीनतच्चिन्तनतन्मयत्वेन अयनं गमनं परिणमनं समितिः, व्यवहारेण तद्बहिरङ्गसहकारिकारणभूताचारादिचरणग्रन्थोक्ता ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गसंज्ञाः पञ्च समितयः। निश्चयेन सहजशुद्धात्मभावनालक्षणे गूढस्थाने संसारकारणरागादिभयात्स्वस्यात्मनो गोपनं प्रच्छादनं झम्पनं प्रवेशनं रक्षणं गुप्तिः, व्यवहारेण बहिरङ्गसाधनार्थं मनोवचनकायव्यापारनिरोधो गुप्तिः। निश्चयेन संसारे पतन्तमात्मानं धरतीति**

---

ટીકા :—'वदसमिदोगुत्तीओ' વ્રત, સમિતિ, ગુપ્તિ, 'धम्माणुपेहा' ધર્મ, અનુપ્રેક્ષા 'परीषहजओ य' પરિષહોનું જીતવું અને 'चारित्तं बहुभेया' અનેક ભેદવાળું ચારિત્ર; 'णायव्वा भावसंवरविसेसा' એ બધા ભાવસંવરના ભેદ જાણવા. હવે, એને વિસ્તારથી કહે છે :— નિશ્ચયથી વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવી નિજાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખરૂપી સુધાના આસ્વાદના બળથી સમસ્ત શુભાશુભ રાગાદિ વિકલ્પોની નિવૃત્તિ તે વ્રત છે. વ્યવહારથી તે નિશ્ચયવ્રતને સાધનાર[1], હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના જિંદગીભર ત્યાગલક્ષણરૂપ પાંચ પ્રકારનાં વ્રત છે. નિશ્ચયથી અનંત જ્ઞાનાદિ સ્વભાવના ધારક નિજાત્મામાં 'સમ' એટલે કે સારી રીતે—સમસ્ત રાગાદિ વિભાવોના પરિત્યાગ વડે, નિજાત્મામાં લીનતા–ચિંતન–તન્મયતાથી 'અયન'–ગમન–પરિણમન કરવું તે 'સમિતિ' છે, વ્યવહારથી તેના બહિરંગ સહકારી[2] કારણભૂત, આચારાદિ ચરણાનુયોગના ગ્રન્થોમાં કહેલી ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને ઉત્સર્ગ નામની પાંચ સમિતિ છે. નિશ્ચયથી સહજ શુદ્ધાત્માની ભાવનારૂપ લક્ષણવાળા ગુપ્તસ્થાનમાં સંસારના કારણરૂપ રાગાદિ ભયોથી પોતાના આત્માને ગોપવવો, ઢાંકવો, ઝંપલાવવો, પ્રવેશ કરાવવો કે રક્ષવો તે ગુપ્તિ છે, વ્યવહારથી બહિરંગ સાધન માટે મન, વચન અને કાયાના વ્યાપારને રોકવો તે ગુપ્તિ છે.

---

૧. સાધનાર = નિમિત્ત

૨. બહિરંગ સહકારી કારણભૂત = બહિરંગ નિમિત્તભૂત. બહિરંગ સાધન તે યથાર્થ સાધન નથી, માત્ર ઉપચરિત સાધન છે.

विशुद्धज्ञानदर्शनलक्षणनिजशुद्धात्मभावनात्मको धर्मः, व्यवहारेण तत्साधनार्थं देवेन्द्रनरेन्द्रादिवन्द्यपदे धरतीत्युत्तमक्षमामार्दवार्जवसत्यशौचसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्यलक्षणो दशप्रकारो धर्मः।

तद्यथा—प्रवर्तमानस्य प्रमादपरिहारार्थं धर्मवचनं। क्रोधोत्पत्तिनिमित्ताविषह्याक्रोशादिसंभवेऽकालुष्योपरमः क्षमा। शरीरस्थितिहेतुमार्गणार्थं परकुलान्युपगच्छतो भिक्षोर्दुष्टजनाक्रोशोत्प्रहसनावज्ञानताडनशरीरव्यापादनादीनां क्रोधोत्पत्तिनिमित्तानां सन्निधाने कालुष्याभावः क्षमा इति उच्यते॥१॥ जात्यादिमदावेशादभिमानाभावो मार्दवं॥२॥ योगस्यावक्रता आर्जवं। योगस्यकायवाङ्मनोलक्षणस्यावक्रता आर्जवं इति उच्यते॥३॥ सत्सु साधुवचनं सत्यं। सत्सु प्रशस्तेषु जनेषु साधुवचनं सत्यमिति उच्यते॥४॥ प्रकर्षप्राप्ता लोभनिवृत्तिः शौचं। लोभस्य निवृत्तिः प्रकर्षप्राप्ता, शुचेर्भावः कर्म वा शौचं इति निश्चीयते॥५॥ समितिषु प्रवर्तमानस्य प्राणीन्द्रियपरिहारः संयमः। ईर्यासमित्यादिषु वर्तमानस्य

---

નિશ્ચયથી સંસારમાં પડતા આત્માને ધારણ કરી રાખે, તે વિશુદ્ધ–જ્ઞાન–દર્શનલક્ષણમય નિજ શુદ્ધાત્માની ભાવનારૂપ ધર્મ છે. વ્યવહારથી તેના સાધન માટે દેવેન્દ્ર, નરેન્દ્ર વગેરેથી વંદ્ય પદમાં જે ધારે છે—પહોંચાડે છે; તે ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યરૂપ દશ પ્રકારનો ધર્મ છે.

તે આ રીતે છે. ધર્મમાં પ્રવર્તનારના પ્રમાદને દૂર કરવા માટે ધર્મનું કથન છે. ક્રોધ ઉત્પન્ન થવામાં નિમિત્ત એવાં અસહ્ય દુર્વચન વગેરે હોવા છતાં પણ કલુષતા (મનની મલિનતા) ન થવી તે પરમ ક્ષમા છે. શરીરની સ્થિતિના હેતુ (આહાર)ની શોધ માટે બીજાને ઘેર જતાં મુનિને દુષ્ટજનો દ્વારા ગાળ, મશ્કરી, તિરસ્કારનાં વચનો, માર, શરીરનો ઘાત ઈત્યાદિ ક્રોધ ઉત્પન્ન થવાનાં નિમિત્તો મળવા છતાં પણ પરિણામોમાં મલિનતાનો અભાવ હોવો, તેને ક્ષમા કહે છે. ૧. જાતિ આદિના મદના આવેશથી થતા અભિમાનના અભાવને માર્દવ કહે છે. ૨. યોગોની અવક્રતાને આર્જવ કહે છે અર્થાત્ મન-વચન-કાયરૂપ યોગોની સરળતાને આર્જવ કહે છે. ૩. સજ્જનો પ્રત્યે સારાં વચનો બોલવાં, તેને સત્ય કહે છે અર્થાત્ પ્રશસ્ત જનો પ્રત્યે સમીચીન વચન બોલવાં, તે સત્ય કહેવાય છે. ૪. લોભની પ્રકર્ષપણે (અત્યંત) નિવૃત્તિને શૌચ કહે છે. લોભની નિવૃત્તિ પ્રકર્ષપણાને પામે તે શૌચ; શુચિ (પવિત્ર) ભાવ અથવા શુચિકર્મ તે શૌચ—એમ નિશ્ચિત કરવામાં આવે છે. ૫. સમિતિમાં પ્રવર્તમાન મુનિને પ્રાણઘાત અને ઈન્દ્રિયવિષયોનો ત્યાગ તે સંયમ છે. ઈર્યાસમિતિ

**मुनेस्तत्प्रतिपालनार्थः प्राणीन्द्रियपरिहारः संयम इत्युच्यते। एकेन्द्रियादि प्राणिपीडापरिहारः प्राणिसंयमः। शब्दादिष्विन्द्रियार्थेषु रागानभिष्वङ्ग इन्द्रियसंयमः।**

**तत्प्रतिपादनार्थः शुद्ध्यष्टकोपदेशः, तद्यथा—अष्टौ शुद्धय :—भावशुद्धिः, कायशुद्धिः, विनयशुद्धिः ईर्यापथशुद्धिः, भिक्षाशुद्धिः, प्रतिष्ठापनशुद्धिः, शयनासनशुद्धिः, वाक्यशुद्धिश्चेति। तत्र भावशुद्धिः, कर्मक्षयोपशमजनिता, मोक्षमार्गरुच्याहितप्रसादा, रागाद्युपप्लवरहिता। कायशुद्धिः, निरावरणाभरणा, निरस्तसंस्कारा, यथाजातमलधारिणी, निराकृताङ्गविकारा। विनयशुद्धिः, अर्हदादिषु परमगुरुषु यथार्हं पूजाप्रवणा, ज्ञानादिषु च यथाविधिभक्तियुक्ता, गुरोः सर्वत्रानुकूलवृत्तिः। ईर्यापथशुद्धिः, नानाविधजीवस्थानयोन्याश्रयावबोधजनितप्रयत्नपरिहृतजन्तुपीडा, ज्ञानादित्यस्वेन्द्रियप्रकाशनिरीक्षितदेशगामिनी, द्रुतविलम्बितसम्भ्रांतविस्मितलीलाविकारदिगान्तरावलोकनादिदोषविरहितगमना। भिक्षाशुद्धिः, आचारसूत्रोक्तकालदेशप्रकृतिप्रतिपत्तिकुशला, लाभालाभमानापमानसमान-**

---

આદિમાં વર્તતા મુનિને તેનું પરિપાલન કરવા માટે પ્રાણીઓના ઘાતનો ત્યાગ અને ઇન્દ્રિય-વિષયોનો ત્યાગ—તેને સંયમ કહેવામાં આવે છે. એકેન્દ્રિયાદિ પ્રાણીઓને પીડા આપવાનો ત્યાગ, તે પ્રાણીસંયમ છે અને શબ્દાદિ ઇન્દ્રિયવિષયોમાં રાગનો આસક્તભાવ ન હોવો, તે ઇન્દ્રિયસંયમ છે.

તેનું પ્રતિપાદન કરવા માટે અષ્ટ શુદ્ધિઓનો ઉપદેશ છે. તે આ પ્રકારે છે :— આઠ શુદ્ધિ :—ભાવશુદ્ધિ, કાયશુદ્ધિ, વિનયશુદ્ધિ, ઇર્યાપથશુદ્ધિ, ભિક્ષાશુદ્ધિ, પ્રતિષ્ઠાપનશુદ્ધિ, શયનાસનશુદ્ધિ અને વાક્યશુદ્ધિ, તેમાં ભાવશુદ્ધિ—કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે, મોક્ષમાર્ગમાં રુચિ થવાથી પરિણામોને નિર્મળ કરનારી છે, રાગાદિ વિકારથી રહિત છે. ૧. કાયશુદ્ધિ—આવરણ અને આભૂષણોથી રહિત, શરીરના સંસ્કાર વિનાની, જન્મસમયસમાન મેલયુક્ત, શરીરના વિકારોથી રહિત હોય છે. ૨. વિનયશુદ્ધિ— પરમગુરુ અર્હંત આદિ પ્રત્યે યથાયોગ્ય પૂજા પ્રત્યે તત્પરતાવાળી, જ્ઞાનાદિમાં વિધિપૂર્વકની ભક્તિયુક્ત અને ગુરુ પ્રત્યે સર્વત્ર અનુકૂળ વૃત્તિવાળી હોય છે. ૩. ઇર્યાપથશુદ્ધિ—જુદાજુદા પ્રકારના જીવોનાં ઉત્પત્તિસ્થાન તથા યોનિરૂપ આશ્રયનો બોધ હોવાથી જંતુઓને પીડા ન થાય તેવા પ્રયત્નવાળી, જ્ઞાનરૂપી સૂર્યથી અને ઇન્દ્રિય, પ્રકાશ વગેરેથી નિરીક્ષણ કરેલા પ્રદેશમાં ગમન કરનારી, જલદી ચાલવું, વિલંબથી ચાલવું, ચંચળ ઉપયોગ સહિત, વિસ્મયપૂર્વક, રમતપૂર્વક, વિકાર સહિત, આમતેમ દિશાઓમાં જોઈને ચાલવું વગેરે પ્રકારના દોષરહિતના ગમનરૂપ હોય છે. ૪. ભિક્ષાશુદ્ધિ—આચારસૂત્રોમાં કહ્યા પ્રમાણે કાળ, દેશ

**मनोवृत्तिः, लोकगर्हितकुलपरिवर्जनपरा, चन्द्रगतिरिवहीनाधिकगृहा, विशिष्टोपस्थानादीनानाथ-दानशालाविवाहयजनगेहादि परिवर्जनोपलक्षिता, दीनवृत्तिविगमा, प्रासुकाहारगवेषणप्रणिधाना, आगमविहित निरवद्याशनपरिप्राप्तप्राणयात्राकला। प्रतिष्ठापनशुद्धिः, नखरोमसिङ्घाणकनिष्ठीवनशुक्रोच्चारप्रस्रवणशोधने देहपरित्यागे च जंतूपरोधविरहिता। शयनासनशुद्धिः, स्त्रीक्षुद्रचौरपानाक्षशौण्डशाकुनिकादिपापजनवासा वर्ज्याः, अकृत्रिमगिरिगुहातरुकोटरादयः कृत्रिमाश्च शून्यागारादयो मुक्तमोचितावासा अनात्मोद्देशनिर्वर्तिताः सेव्याः। वाक्यशुद्धिः, पृथ्वीकायिकारम्भादिप्रेरणरहिता, परुषनिष्ठुरादिपरपीडाकरप्रयोगनिरुत्सुका, व्रतशीलदेशनादि-प्रधानफला, हितमितमधुरमनोहरा, संयतस्ययोग्या, इति संयमान्तर्गताष्टशुद्धयः ॥६॥**

**कर्मक्षयार्थं तप्यत इति तपः। तद्द्विविधं, बाह्यमभ्यन्तरं च, तत्प्रत्येकं षड्विधम् ॥७॥ परिग्रहनिवृत्तिस्त्यागः। परिग्रहस्य चेतनाचेतनलक्षणस्य निवृत्तिस्त्याग इति निश्चीयते अथवा**

---

અને પ્રકૃતિના જ્ઞાનમાં કુશળ, લાભ–અલાભ, માન–અપમાનમાં સમાન મનોવૃત્તિવાળી, લોકનિંદ્ય કુળમાં (ઘરમાં) ન જનારી, ચન્દ્રમાની ગતિની પેઠે ઓછાં કે અધિક ઘરોમાં જવાની મર્યાદાવાળી, વિશિષ્ટ પ્રકારનાં સ્થાનો–જેવાં કે ગરીબ અને અનાથ માટેની દાનશાળા, વિવાહના કે યજ્ઞના પ્રસંગવાળાં ઘર વગેરે સ્થાનોના ત્યાગરૂપ લક્ષણવાળી, દીનવૃત્તિ વિનાની, પ્રાસુક (નિર્દોષ) આહાર શોધવાની ઇચ્છાવાળી, આગમમાં કહેલા નિર્દોષ ભોજનથી પ્રાણયાત્રા ટકાવનારી હોય છે. ૫. પ્રતિષ્ઠાપનશુદ્ધિ—નખ, રોમ, નાસિકા–મળ, કફ, વીર્ય, મળ અને મૂત્રના ત્યાગમાં તથા શરીરની ઊઠવા–બેસવાની ક્રિયા કરવામાં જંતુઓને પીડા ન થાય, તેમ કરવાને કહે છે. ૬. શયનાસનશુદ્ધિ—સ્ત્રી, ક્ષુદ્ર પુરુષ, ચોર, દારૂડિયા, જુગારી, કલાલ, પારધિ વગેરે પાપી જનોને રહેવા યોગ્ય સ્થાનો છોડવાં અને અકૃત્રિમ પર્વતની ગુફા, વૃક્ષની બખોલ વગેરે તથા કૃત્રિમ સૂના આવાસો વગેરે છોડી દીધેલાં કે છૂટી ગયેલાં રહેઠાણો, જે પોતાના માટે બનાવ્યાં ન હોય તેવા સ્થાનોને સેવવાં તે. ૭. વાક્યશુદ્ધિ—પૃથ્વીકાયાદિના આરંભ આદિની પ્રેરણારહિત, કઠોર, નિર્દય વગેરે બીજાને પીડા દેવાવાળા પ્રયોગો વિનાની, વ્રત–શીલ વગેરેનો પ્રધાનપણે ઉપદેશ આપનારી, હિતકારી, મર્યાદિત, મધુર, મનોહર અને સંયમીને યોગ્ય એવી હોય છે. ૮. એ રીતે સંયમમાં સમાયેલી આઠ શુદ્ધિઓ છે. ૬.

કર્મનો ક્ષય કરવા માટે જે તપવામાં આવે છે તે તપ છે. તે તપ બે પ્રકારના છે, બાહ્યતપ અને અભ્યંતર તપ. તેમાંથી દરેક છ પ્રકારનું છે. ૭. પરિગ્રહની નિવૃત્તિ તે ત્યાગ છે. ચેતન અને અચેતનસ્વરૂપ પરિગ્રહની નિવૃત્તિ તે ત્યાગ અથવા સંયમીને યોગ્ય

**संयतस्य योग्यं ज्ञानादिदानं त्याग इत्युच्यते॥८॥ ममेदमित्यभिसंधिनिवृत्तिराकिंचन्यं। उपात्तेष्वपि शरीरादिषु संस्कारापोहाय ममेदमित्यभिसंधिनिवृत्तिराकिंचन्यमित्याख्यायते। नास्य किंचनास्ति इत्यकिंचनः, तस्य भावः कर्म वा आकिंचन्यम्॥९॥ अनुभूतांगनास्मरण-तत्कथाश्रवण स्त्रीसंसक्तशयनासनादिवर्जनाद्ब्रह्मचर्यं। भया अनुभूतांगना कलागुणविशारदा इति स्मरणं तत्कथाश्रवणं रतिपरिमलादिवासितं स्त्रीसंसक्तशयनासनमित्येवमादिवर्जनात् परिपूर्णं ब्रह्मचर्यमवतिष्ठते। स्वातंत्र्यार्थं गुरौ ब्रह्मणि चर्यमिति वा॥१०॥ एवं दशधा धर्मः।**

**द्वादशानुप्रेक्षाः कथ्यन्ते—अध्रुवाशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोक-बोधिदुर्लभधर्मानुचिन्तनमनुप्रेक्षाः। अथाध्रुवानुप्रेक्षा कथ्यते। तद्यथा—द्रव्यार्थिकनयेन टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावत्वेनाविनश्वरस्वभावनिजपरमात्मद्रव्यादन्यद् भिन्नं यज्जीवसंबन्धे अशुद्धनिश्चयनयेन रागादिविभावरूपं भावकर्म, अनुपचरितासद्भूतव्यवहारेण द्रव्यकर्मनोकर्मरूपं च तथैव (उपचरितासद्भूतव्यवहारेण) तत्स्वस्वामिभावसम्बन्धेन गृहीतं यच्चेतनं वनितादिकम्,**

---

જ્ઞાનાદિના દાનને પણ ત્યાગ કહેવામાં આવે છે. ૮. 'આ મારું છે' એવા અભિપ્રાયની નિવૃત્તિ તે આકિંચન્ય છે. શરીરાદિ પ્રાપ્ત પરિગ્રહોમાં પણ સંસ્કાર છોડીને 'આ મારું છે' એવા અભિપ્રાયની નિવૃત્તિને આકિંચન્ય કહેવામાં આવે છે. 'જેનું કાંઈ પણ નથી' એ અકિંચન છે, તેનો ભાવ અથવા કર્મ તે આકિંચન્ય છે. ૯. જેનો અનુભવ કર્યો હોય તે સ્ત્રીનું સ્મરણ, તેની વાતો સાંભળવી, સ્ત્રી બેઠી હોય તેવી શય્યા, આસન વગેરેના ત્યાગથી બ્રહ્મચર્ય હોય છે. મેં ભોગવેલી સ્ત્રી કળા અને ગુણોમાં વિશારદ હતી; એમ સ્મરણ કરવું, તેની વાતોનું શ્રવણ કરવું, રતિ સમયનાં સુગંધી દ્રવ્યોની સુવાસ, સ્ત્રીના સંબંધવાળી શય્યા -આસન આદિના ત્યાગથી પરિપૂર્ણ બ્રહ્મચર્ય હોય છે. અથવા સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે ગુરુસ્વરૂપ બ્રહ્મમાં ચર્યા કરવી, તે બ્રહ્મચર્ય છે. ૧૦. આ રીતે દસ પ્રકારના ધર્મ છે.

બાર અનુપ્રેક્ષાઓનું કથન કરવામાં આવે છે—અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મનું ચિન્તન કરવું— તે અનુપ્રેક્ષા છે.

હવે, અધ્રુવ અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. તે આ રીતે—દ્રવ્યાર્થિકનયથી ટંકોત્કીર્ણ જ્ઞાયક–એક સ્વભાવપણાથી, અવિનાશી સ્વભાવવાળા નિજ પરમાત્મદ્રવ્યથી ભિન્ન, જીવના સંબંધી જે અશુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ વિભાવરૂપ ભાવકર્મ, અનુપચરિતઅસદ્ભૂત-વ્યવહારથી દ્રવ્યકર્મ અને નોકર્મ, તથા (ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી) તેના સ્વ–સ્વામી

अचेतनं सुवर्णादिकं, तदुभयमिश्रं चेत्युक्तलक्षणं तत्सर्वमध्रुवमिति भावयितव्यम्। तद्भावनासहितपुरुषस्य तेषां वियोगेऽपि सत्युच्छिष्टेष्विव ममत्वं न भवति तत्र ममत्वाभावादविनश्वरनिजपरमात्मानमेव भेदाभेदरत्नत्रयभावनया भावयति, यादृशमविनश्वरमात्मानं भावयति तादृशमेवाक्षयानन्तसुखस्वभावं मुक्तात्मानं प्राप्नोति। इत्यध्रुवानुप्रेक्षा गता।।१।।

अथाशरणानुप्रेक्षा कथ्यते—निश्चयरत्नत्रयपरिणतं स्वशुद्धात्मद्रव्यं तद् बहिरङ्गसहकारिकारणभूतं पञ्चपरमेष्ठ्याराधनञ्च शरणम्, तस्माद्बहिर्भूता ये देवेन्द्रचक्रवर्त्तिसुभटकोटिभटपुत्रादिचेतना गिरिदुर्गभूविवरमणिमन्त्राज्ञाप्रासादौषधादयः पुनरचेतनास्तदुभयात्मका मिश्राश्च मरणकालादौमहाटव्यां, व्याघ्रगृहीतमृगबालस्येव, महासमुद्रे पोतच्युतपक्षिण इव शरणं न भवन्तीति विज्ञेयम्। तद्विज्ञाय भोगकांक्षारूपनिदानबन्धादिनिरालम्बने स्वसंवित्तिसमुत्पन्नसुखामृतसालम्बने स्वशुद्धात्मन्येवावलम्बनं कृत्वा भावनां करोति। यादृशं शरणभूतमात्मानं भावयति तादृशमेव सर्वकालशरणभूतं

---

સંબંધભાવથી ગ્રહેલા જે સ્ત્રી આદિ ચેતન પદાર્થ, સુવર્ણાદિ અચેતન પદાર્થ તથા ચેતન -અચેતન મિશ્ર પદાર્થ વગેરે લક્ષણવાળા આ બધા પદાર્થો અધ્રુવ છે, એમ ભાવના કરવી. તેવી ભાવનાવાળા પુરુષને તેમનો વિયોગ થવા છતાં પણ એંઠા ભોજનની જેમ મમત્વ થતું નથી. તેમાં મમત્વનો અભાવ હોવાથી અવિનાશી એવા નિજ પરમાત્માને જ ભેદાભેદ રત્નત્રયની ભાવના વડે ભાવે છે અને જેવા અવિનાશી આત્માની ભાવના કરે છે; તેવા જ અક્ષય, અનંત સુખસ્વભાવી મુક્તાત્માને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે અધ્રુવ અનુપ્રેક્ષા પૂરી થઈ. ૧.

હવે, અશરણ અનુપ્રેક્ષા કહેવામાં આવે છે—નિશ્ચયરત્નત્રયપરિણત જે સ્વશુદ્ધાત્મદ્રવ્ય તે અને તેના બહિરંગ સહકારી કારણભૂત પંચ પરમેષ્ઠીની આરાધના શરણ છે, તેમનાથી ભિન્ન જે દેવ, ઇન્દ્ર, ચક્રવર્તી, સુભટ, કોટિભટ, પુત્ર આદિ ચેતન પદાર્થો તથા પર્વત, કિલ્લો, ભોંયરું, મણિ, મંત્ર, તંત્ર, આજ્ઞા, મહેલ, ઔષધ આદિ અચેતન પદાર્થો તથા ચેતન—અચેતન મિશ્ર પદાર્થો પણ મરણ આદિના સમયમાં, મહાન વનમાં વાઘે પકડેલ હરણના બચ્ચાની જેમ અથવા મહાસમુદ્રમાં વહાણમાંથી પડી ગયેલ પક્ષીની જેમ, શરણરૂપ થતા નથી, એમ જાણવું. તે જાણીને ભોગોની વાંછારૂપે નિદાન બંધાદિનું અવલંબન ન લેતાં, સ્વસંવેદનથી ઉત્પન્ન સુખામૃતના ધારક સ્વ-શુદ્ધાત્માનું જ અવલંબન લઈને (તે શુદ્ધાત્માની) ભાવના કરે છે. જેવા શરણભૂત આત્માને તે ચિંતવે છે તેવો જ સર્વકાળે શરણભૂત, શરણે

शरणागतवज्रपञ्जरसदृशं निजशुद्धात्मानं प्राप्नोति। इत्यशरणानुप्रेक्षा व्याख्याता॥२॥

अथ संसारानुप्रेक्षा कथ्यते—शुद्धात्मद्रव्यादितराणि सपूर्वापूर्वमिश्रपुद्गलद्रव्याणि ज्ञानावरणादिद्रव्यकर्मरूपेण, शरीरपोषणार्थाशनपानादिपञ्चेन्द्रियविषयरूपेण चानन्तवारान् गृहीत्वा विमुक्तानीति द्रव्यसंसारः। स्वशुद्धात्मद्रव्यसंबन्धिसहजशुद्धलोकाकाशप्रमिता-संख्येयप्रदेशेभ्यो भिन्ना ये लोकक्षेत्रप्रदेशास्तत्रैकैकं प्रदेशं व्याप्यानन्तवारान् यत्र न जातो न मृतोऽयं जीवः स कोऽपि प्रदेशो नास्तीति क्षेत्रसंसारः। स्वशुद्धात्मानुभूति-रूपनिर्विकल्पसमाधिकालं विहाय प्रत्येकंदशकोटाकोटिसागरोपमप्रमितोत्सर्पिण्यव-सर्पिण्येकैकसमये नानापरावर्त्तनकालेनानन्तवारानयं जीवो यत्र न जातो न मृतः स समयो नास्तीति कालसंसारः। अभेदरत्नत्रयात्मकसमाधिकालेन सिद्धगतौ स्वात्मोपलब्धिलक्षण-सिद्धपर्यायरूपेण योऽसावुत्पादो भवस्तं विहाय नारकतिर्यग्गमनुष्यभवेषु तथैव देव-भवेषु च निश्चयरत्नत्रयभावनारहितभोगाकांक्षानिदानपूर्वकद्रव्यतपश्चरणरूपजिनदीक्षाबलेन नवग्रैवेयकपर्यन्तं, ''सबको सहग्गमहिस्सी दक्खिणइंदा य लोयवाला य। लोयंतिया य देवा

---

આવેલાને વજ્રના પાંજરા જેવો નિજ શુદ્ધાત્મા તે પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે અશરણ અનુપ્રેક્ષાનું વ્યાખ્યાન કર્યું. ૨.

હવે, સંસાર અનુપ્રેક્ષા કહેવામાં આવે છે—શુદ્ધાત્મદ્રવ્યથી ભિન્ન પૂર્વે મેળવેલાં, પૂર્વે નહિ મેળવેલાં અને મિશ્ર એવાં પુદ્ગલ દ્રવ્યો, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપે તથા શરીરના પોષણને માટે ભોજન, પાન વગેરે પાંચે ઇન્દ્રિયના વિષયરૂપે આ જીવે અનંતવાર ગ્રહણ કરીને છોડ્યાં છે—એ 'દ્રવ્યસંસાર' છે. સ્વ-શુદ્ધાત્મદ્રવ્ય સંબંધી સહજ શુદ્ધ લોકાકાશપ્રમાણ અસંખ્ય પ્રદેશોથી ભિન્ન જે લોકાકાશના પ્રદેશો છે, તેમાં એકેક પ્રદેશને વિષે વ્યાપીને જ્યાં અનંતવાર આ જીવ જન્મ્યો કે મર્યો ન હોય, એવો કોઈ પણ પ્રદેશ નથી—તે 'ક્ષેત્રસંસાર' છે. સ્વશુદ્ધાત્માના અનુભવરૂપ નિર્વિકલ્પ સમાધિનો કાળ છોડીને દસ ક્રોડાક્રોડી સાગરપ્રમાણ ઉત્સર્પિણી કાળ અને દસ ક્રોડાક્રોડી સાગરપ્રમાણ અવસર્પિણી કાળના એક એક સમયમાં અનેક પરાવર્તન કરીને, જેમાં અનંતવાર આ જીવ જન્મ્યો કે મર્યો ન હોય, એવો કોઈ પણ સમય નથી—એ 'કાળસંસાર' છે. અભેદ રત્નત્રયાત્મક સમાધિના બળથી સિદ્ધગતિમાં નિજાત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે, એવા સિદ્ધ પર્યાયરૂપ જે ઉત્પાદ—તેને છોડીને નરક, તિર્યંચ અને મનુષ્યભવમાં તથા દેવના ભવોમાં નિશ્ચયરત્નત્રયની ભાવનારહિત, ભોગાકાંક્ષાનિદાનપૂર્વક દ્રવ્ય-તપશ્ચરણરૂપ જિનદીક્ષાના બળથી નવ ગ્રૈવેયક સુધી, 'सक्को सहग्गमहिस्सी दक्खिणइंदा य लोयवाला य। लोयंतिया य देवा

तच्छ चुदा णिव्वुदिं जंति।१।'' इति गाथाकथितपदानि तथागमनिषिद्धान्यन्यपदानि च त्यक्त्वा भवविध्वंसकनिजशुद्धात्मभावनारहितो भवोत्पादकमिथ्यात्वरागादिभावनासहितश्च सन्नयं जीवोऽनन्तवारान् जीवितो मृतश्चेति भवसंसारो ज्ञातव्यः।

अथ भावसंसारः कथ्यते। तद्यथा—सर्वजघन्यप्रकृतिबन्धप्रदेशबन्धनिमित्तानि सर्वजघन्यमनोवचनकायपरिस्पन्दरूपाणि श्रेण्यसंख्येयभागप्रमितानि चतुःस्थानपतितानि सर्वजघन्ययोगस्थानानि भवन्ति तथैव सर्वोत्कृष्टप्रकृतिबन्धप्रदेशबन्धनिमित्तानि सर्वोत्कृष्ट-मनोवचनकायव्यापाररूपाणि तद्योग्यश्रेण्यसंख्येयभागप्रमितानि चतुःस्थानपतितानि सर्वोत्कृष्ट-योगस्थानानि च भवन्ति। तथैव सर्वजघन्यस्थितिबन्धनिमित्तानि सर्वजघन्यकषायाध्यवसाय-स्थानानि तद्योग्यासंख्येयलोकप्रमितानि षट्स्थानपतितानि च भवन्ति। तथैव च सर्वोत्कृष्टस्थितिबंधनिमित्तानि सर्वोत्कृष्टकषायाध्यवसायस्थानानि तान्यप्यसंख्येयलोकप्रमितानि

---

तुच्छ चुदा णिव्वुदिं जंति॥' [શક્ર (પ્રથમ સ્વર્ગના ઇન્દ્ર), પ્રથમ સ્વર્ગની ઇન્દ્રાણી (શચી), દક્ષિણ દિશાના ઇન્દ્ર, લોકપાલ અને લૌકાંતિક દેવો એ બધા સ્વર્ગથી ચ્યુત થઈને મોક્ષ પામે છે.] એ ગાથામાં[1] કહેલાં પદો તથા આગમનિષિદ્ધ અન્ય પદો છોડીને, ભવનાશક નિજશુદ્ધાત્મભાવનાથી રહિત વર્તતો થકો અને ભવ–ઉત્પાદક મિથ્યાત્વ–રાગાદિભાવના સહિત વર્તતો થકો આ જીવ અનંતવાર જન્મ્યો અને મર્યો છે.—એ રીતે 'ભવસંસાર' જાણવો.

હવે, ભાવસંસારનું કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે :—સર્વજઘન્ય પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનાં નિમિત્તભૂત, સર્વજઘન્ય મન-વચન-કાયાના પરિસ્પંદરૂપ, શ્રેણીના અસંખ્યાતમા ભાગપ્રમાણ, ચાર સ્થાનમાં પતિત એવાં સર્વજઘન્ય યોગસ્થાનો હોય છે. તેવી જ રીતે સર્વોત્કૃષ્ટ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનાં નિમિત્તભૂત, સર્વોત્કૃષ્ટ મન-વચન -કાયાના વ્યાપારરૂપ, તેને યોગ્ય શ્રેણીના અસંખ્યાતમા ભાગપ્રમાણ, ચાર સ્થાનોમાં પતિત એવાં સર્વોત્કૃષ્ટ યોગસ્થાનો હોય છે. તેવી જ રીતે સર્વજઘન્ય સ્થિતિબંધનાં નિમિત્તભૂત, સર્વજઘન્ય કષાય–અધ્યવસાયનાં સ્થાન તેને યોગ્ય અસંખ્યાત લોકપ્રમાણ અને ષટ્સ્થાનપતિત હોય છે. તેમજ સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધનાં નિમિત્તભૂત, સર્વોત્કૃષ્ટ કષાય–અધ્યવસાયનાં સ્થાનો પણ અસંખ્યાત લોકપ્રમાણ અને ષટ્સ્થાનપતિત હોય છે. તે જ પ્રમાણે સર્વજઘન્ય અનુભાગબંધનાં નિમિત્તભૂત, સર્વજઘન્ય અનુભાગ–અધ્યવસાયનાં સ્થાનો

---

૧. મૂળાચાર અ.–૧૨ ગાથા ૧૪૨.

षट्स्थानपतितानि च भवन्ति। तथैव सर्वजघन्यानुभागबन्धनिमित्तानि सर्वजघन्यानुभागाध्यवसायस्थानानि तान्यप्यसंख्येयलोकप्रमितानि षट्स्थानपतितानि भवन्ति। तथैव च सर्वोत्कृष्टानुभागबंधनिमित्तानि सर्वोत्कृष्टानुभागाध्यवसायस्थानानि तान्यप्यसंख्येयलोकप्रमितानि षट्स्थानपतितानि च विज्ञेयानि। तेनैव प्रकारेण स्वकीयस्वकीयजघन्योत्कृष्टचोर्मध्ये तारतम्येन मध्यमानि च भवन्ति। तथैव जघन्यादुत्कृष्टपर्यन्तानि ज्ञानावरणादिमूलोत्तरप्रकृतीनां स्थितिबंधस्थानानि च। तानि सर्वाणि परमागमकथितानुसारेणानन्तवारान् भ्रमितान्यनेन जीवेन, परं किन्तु पूर्वोक्तसमस्तप्रकृतिबन्धादीनां सद्भावविनाशकारणानि विशुद्धज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाणि यानि सम्यग्दर्शनज्ञानचारित्राणि तान्येव न लब्धानि इति भावसंसारः।

एवं पूर्वोक्तप्रकारेण द्रव्यक्षेत्रकालभवभावरूपं पञ्चप्रकारं संसारं भावयतोऽस्य जीवस्य संसारातीतस्वशुद्धात्मसंवित्तिविनाशकेषु संसारवृद्धिकारणेषु मिथ्यात्वाविरतिप्रमादकषाययोगेषु परिणामो न जायते, किन्तु संसारातीतसुखास्वादे रतो भूत्वा स्वशुद्धात्मसंवित्तिबलेन संसारविनाशकनिजनिरञ्जनपरमात्मन्येव भावनां करोति ततश्च यादृशमेव परमात्मानं भावयति

---

અસંખ્યાત લોકપ્રમાણ અને ષટ્સ્થાનપતિત હોય છે. તેવી જ રીતે સર્વોત્કૃષ્ટ અનુભાગબંધનાં નિમિત્તભૂત, સર્વોત્કૃષ્ટ અનુભાગ—અધ્યવસાયનાં સ્થાનો પણ અસંખ્યાત લોકપ્રમાણ અને ષટ્સ્થાનપતિત જાણવાં. તે જ પ્રકારે પોતપોતાના જઘન્ય અને ઉત્કૃષ્ટ ભેદોની વચ્ચે તારતમ્યતાપૂર્વક મધ્યમ ભેદો પણ છે. તેવી જ રીતે જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધીનાં જ્ઞાનાવરણાદિ મૂળ તથા ઉત્તર પ્રકૃતિઓનાં સ્થિતિબંધસ્થાન છે. તે બધામાં પરમાગમમાં કહ્યા પ્રમાણે આ જીવે અનંતવાર ભ્રમણ કર્યું છે, પરન્તુ પૂર્વોક્ત સમસ્ત પ્રકૃતિબંધ આદિની સત્તાના નાશના કારણરૂપ એવાં જે વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવ નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક શ્રદ્ધાન—જ્ઞાન—અનુચરણરૂપ સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર તે જ આ જીવે પ્રાપ્ત કર્યાં નથી.—એ રીતે 'ભાવસંસાર' છે.

આમ, પૂર્વોક્ત પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પ્રકારનાં સંસારનું ચિંતવન કરતાં આ જીવને સંસારરહિત સ્વશુદ્ધાત્મસંવેદનના વિનાશક અને સંસારની વૃદ્ધિમાં કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના પરિણામ થતા નથી, પણ સંસારાતીત સુખના આસ્વાદમાં રત થઈને સ્વશુદ્ધાત્મસંવેદનના બળથી સંસારવિનાશક નિજ નિરંજન પરમાત્મામાં જ ભાવના કરે છે, અને પછી જેવા પરમાત્માની ભાવના કરે છે,

**तादृशमेव लब्ध्वा संसारविलक्षणे मोक्षेऽनन्तकालं तिष्ठतीति। अयं तु विशेषः—नित्यनिगोदजीवान् विहाय, पञ्चप्रकारसंसारव्याख्यानं ज्ञातव्यम्। कस्मादिति चेत्—नित्यनिगोदजीवानां कालत्रयेऽपि त्रसत्वं नास्तीति। तथा चोक्तं—''अत्थि अणंता जीवा जेहि ण पत्तो तसाण परिणामो। भावकलंकसुपउरा णिगोदवासं ण मुंचंति।१।'' अनुपममद्वितीयमनादिमिथ्यादृशोऽपि भरतपुत्रास्त्रयोविंशत्यधिकनवशतपरिणामाणास्ते च नित्यनिगोदवासिनः क्षपितकर्माण इन्द्रगोपाः संजातास्तेषां च पुञ्जीभूतानामुपरि भरतहस्तिना पादो दत्तस्ततस्ते मृत्वापि वर्द्धनकुमारादयो भरतपुत्रा जातास्ते च केनचिदपि सह न वदन्ति। ततो भरतेन समवसरणे भगवान् पृष्टो, भगवता च प्राक्तनं वृत्तान्तं कथितम्। तच्छ्रुत्वा ते तपो गृहीत्वा क्षणस्तोककालेन मोक्षं गताः। आचाराराधनाटिप्पणे कथितमास्ते। इति संसारानुप्रेक्षा गता।३।**

**अथैकत्वानुप्रेक्षा कथ्यते। तद्यथा—निश्चयरत्नत्रयैकलक्षणैकत्वभावनापरिणतस्यास्य**

---

તેવા જ પરમાત્માને પામીને સંસારથી વિલક્ષણ એવા મોક્ષમાં અનંતકાળ સ્થિત રહે છે. અહીં વિશેષ એ છે કે, નિત્ય નિગોદના જીવોને છોડીને પાંચ પ્રકારના સંસારનું વ્યાખ્યાન જાણવું. પ્રશ્ન :—એમ શા માટે? ઉત્તર :—કારણ કે નિત્ય નિગોદના જીવોને ત્રણે કાળે ત્રસપણું નથી. કહ્યું પણ છે—'એવા[1] અનંત જીવો છે કે જેઓએ હજી સુધી ત્રય–પર્યાય પ્રાપ્ત કરી નથી, તેઓ ભાવકલંક પ્રચુર હોવાથી નિગોદવાસ છોડતા નથી.'

અનુપમ અને અદ્વિતીય એવી વાત છે કે નિત્ય-નિગોદવાસી, અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો પણ ભરત ચક્રવર્તીના નવસો ત્રેવીસ પુત્રો કર્મોની નિર્જરા[2] કરવાથી ઈન્દ્રગોપ થયા અને તેમના સમૂહ ઉપર ભરતના હાથીએ પગ મૂક્યો નથી, તેથી, તે મરીને વર્ધનકુમાર વગેરે ભરતના પુત્રો થયા; તેઓ કોઈની સાથે બોલતા નહોતા, તેથી તે ભરતે સમવસરણમાં ભગવાનને પૂછયું, ત્યારે ભગવાને તેમનું પૂર્વવૃત્તાંત કહ્યું; તે સાંભળીને તેમણે તપનું ગ્રહણ કર્યું અને બહુ થોડા સમયમાં મોક્ષ પામ્યા. આ કથા આચાર–આરાધનાના ટિપ્પણમાં છે.—એ રીતે 'સંસાર–અનુપ્રેક્ષા' પૂર્ણ થઈ. ૩.

હવે, એકત્વ–અનુપ્રેક્ષા કહે છે. તે આ પ્રમાણે :—નિશ્ચયરત્નત્રય જ જેનું એક

---

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા. ૧૯૬.

૨. અકામ નિર્જરા

जीवस्य निश्चयनयेन सहजानन्दसुखाद्यनन्तगुणाधारभूतं केवलज्ञानमेवैकं सहजं शरीरम्। शरीरं कोऽर्थः ? स्वरूपं, न च सप्तधातुमयौदारिकशरीरम्। तथैवार्त्तरौद्रदुर्ध्यानविलक्षणपरमसामायिकलक्षणैकत्वभावनापरिणतं निजात्मतत्त्वमेवैकं सदा शाश्वतं परमहितकारी परमोबन्धु, न च विनश्वराहितकारी पुत्रकलत्रादि। तेनैव प्रकारेण परमोपेक्षासंयमलक्षणैकत्वभावनासहितः स्वशुद्धात्मपदार्थ एक एवाविनश्वरहितकारी परमोऽर्थः, न च सुवर्णाद्यर्थः। तथैव निर्विकल्पसमाधिसमुत्पन्ननिर्विकारपरमानन्दैकलक्षणानाकुलत्वस्वभावात्मसुखमेवैकं सुख न चाकुलत्वोत्पादकेन्द्रियसुखमिति। कस्मादिदं देहबन्धुजनसुवर्णाद्यर्थेन्द्रियसुखादिकं जीवस्य निश्चयेन निराकृतमिति चेत् ? यतो मरणकाले जीव एक एव गत्यन्तरं गच्छति, न च देहादीनि। तथैव रोगव्याप्तिकाले विषयकषायादिदुर्ध्यानरहितः स्वशुद्धात्मैकसहायो भवति। तदपि कथमिति चेत् ? यदि चरमदेहो भवति तर्हि केवलज्ञानादिव्यक्तिरूपं मोक्षं नयति, अचरमदेहस्य तु संसारस्थितिं स्तोकां कृत्वा देवेन्द्राद्यभ्युदयसुखं दत्वा च पश्चात् पारम्पर्येण

---

લક્ષણ છે; એવી એકત્વભાવનારૂપે પરિણમેલા આ જીવને નિશ્ચયનયથી—(૧) સહજાનંદસુખાદિ અનંતગુણના આધારભૂત કેવળજ્ઞાન જ એક સહજ શરીર છે; શરીર એટલે શું? સ્વરૂપ; સાત ધાતુમય ઔદારિક શરીર નહિ; (૨) તેવી જ રીતે આર્ત અને રૌદ્રરૂપ દુર્ધ્યાનથી વિલક્ષણ પરમસામાયિક જેનું લક્ષણ (સ્વરૂપ) છે; એવી એકત્વભાવનારૂપે પરિણમેલ નિજાત્મતત્ત્વ જ એક સદા શાશ્વત, પરમ હિતકારી, પરમબંધુ છે, વિનશ્વર અને અહિતકારી પુત્ર, સ્ત્રી આદિ નહિ; (૩) તે જ રીતે પરમ–ઉપેક્ષાસંયમ જેનું લક્ષણ છે; એવી એકત્વભાવના સહિત સ્વશુદ્ધાત્મપદાર્થ એક જ અવિનાશી અને હિતકારી પરમ અર્થ છે, સુવર્ણ આદિ અર્થ નહિ. (૪) તેવી જ રીતે નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થતો નિર્વિકાર પરમાનંદ જેનું લક્ષણ છે, એવા અનાકુળપણારૂપ સ્વભાવવાળું આત્મસુખ જ એક સુખ છે, આકુળતાનું ઉત્પાદક ઇન્દ્રિયસુખ નહિ.

શંકા :—આ (૧) શરીર, (૨) સગાંઓ, (૩) સુવર્ણાદિ અર્થ અને (૪) ઇન્દ્રિયસુખ વગેરે જીવનાં નિશ્ચયથી નથી, એમ કેમ કહ્યું? સમાધાન :—કારણ કે મરણ વખતે જીવ એકલો જ બીજી ગતિમાં જાય છે, શરીર વગેરે જીવની સાથે જતાં નથી. તથા જ્યારે જીવ રોગથી ઘેરાઈ જાય છે, ત્યારે વિષય–કષાયાદિ દુર્ધ્યાનથી રહિત નિજ શુદ્ધાત્મા જ સહાયક થાય છે. શંકા :—તે કેવી રીતે સહાયક થાય છે? ઉત્તર :—જો જીવનું આ છેલ્લું શરીર હોય, તો કેવળજ્ઞાનાદિની પ્રગટતારૂપ મોક્ષમાં લઈ જાય છે અને જો છેલ્લું શરીર ન હોય, તો તે સંસારની સ્થિતિ ઘટાડીને દેવેન્દ્રાદિ સંબંધી પુણ્યનું સુખ આપીને

मोक्षं प्रापयतीत्यर्थः। तथा चोक्तम्—''सग्गं तवेण सव्वो, वि पावए तहि वि झाणजोयेण। जो पावइ सो पावइ, परलोए सासयं सोक्खं।१।'' एवमेकत्वभावनाफलं ज्ञात्वा निरन्तरं निजशुद्धात्मैकत्वभावना कर्तव्या। इत्येकत्वानुप्रेक्षा गता।।४।।

अथान्यत्वानुप्रेक्षां कथयति। तथा हि—पूर्वोक्तानि यानि देहबन्धुजन-सुवर्णाद्यर्थेन्द्रियसुखादीनि कर्माधीनत्वे विनश्वराणि तथैव हेयभूतानि च, तानि सर्वाणि टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावत्वेन नित्यात्सर्वप्रकारोपादेयभूतान्निर्विकारपरमचैतन्यचिच्चमत्कार-स्वभावान्निजपरमात्मपदार्थान्निश्चयनयेनान्यानि भिन्नानि। तेभ्यः पुनरात्माप्यन्यो भिन्न इति। अयमत्र भावः—एकत्वानुप्रेक्षायामेकोऽहमित्यादिविधिरूपेण व्याख्यानं, अन्यत्वानुप्रेक्षायां तु देहादयो मत्सकाशादन्ये, मदीया न भवन्तीति निषेधरूपेण। इत्येकत्वान्यत्वानुप्रेक्षायां विधिनिषेधरूप एव विशेषस्तात्पर्यं तदेव। इत्यन्यत्वानुप्रेक्षा समाप्ता।।५।।

---

પછી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. કહ્યું છે કે :—'તપ કરવાથી સ્વર્ગ સૌ કોઈ મેળવે છે, પરંતુ ધ્યાનના યોગથી જે સ્વર્ગ પામે છે તે આગામી ભવમાં અક્ષય સુખ પામે[1] છે.' આ રીતે એકત્વભાવનાનું ફળ જાણીને નિરંતર નિજ શુદ્ધાત્માના એકત્વની ભાવના કરવી.—આમ, 'એકત્વ–અનુપ્રેક્ષા' પૂર્ણ થઈ. ૪.

હવે, અન્યત્વ–અનુપ્રેક્ષા કહે છે. તે આ પ્રમાણે—પૂર્વોક્ત દેહ, સગાંઓ, સુવર્ણાદિ અર્થ અને ઇન્દ્રિયસુખાદિ કર્મોને આધીન હોવાથી, વિનશ્વર તેમ જ હેય[2] પણ છે. તે બધાં, જે ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવપણાને લીધે નિત્ય અને સર્વ પ્રકારે ઉપાદેયભૂત છે એવા, નિર્વિકાર પરમચૈતન્યરૂપ ચિત્ચમત્કારસ્વભાવવાળા નિજ પરમાત્મપદાર્થથી નિશ્ચયનયે અન્ય[2]–ભિન્ન છે, આત્મા પણ તેમનાથી અન્ય–ભિન્ન છે. અહીં, ભાવ (આશય) એમ છે કે—એકત્વ–અનુપ્રેક્ષામાં ''હું એક છું'' ઇત્યાદિ પ્રકારે વિધિરૂપ વ્યાખ્યાન છે અને અન્યત્વ–અનુપ્રેક્ષામાં 'દેહાદિ પદાર્થો મારાથી ભિન્ન છે, મારા નથી'—એમ નિષેધરૂપે વ્યાખ્યાન છે. એ રીતે એકત્વ અને અન્યત્વ એ બન્ને અનુપ્રેક્ષાઓમાં વિધિ અને નિષેધરૂપ જ અંતર છે; બન્નેનું તાત્પર્ય એક જ છે.—એ

---

૧. મોક્ષપાહુડ ગાથા. ૨૩.

૨. પરપદાર્થો આત્માથી અન્ય છે–ભિન્ન છે અને આશ્રય કરવા યોગ્ય નથી. પરપદાર્થોમાં નિમિત્ત પણ આવી જાય છે, તેમની સન્મુખતાથી રાગ–દ્વેષ ઉત્પન્ન થાય છે, માટે તે હેય છે અર્થાત્ આત્મસન્મુખતા વડે તેમની સન્મુખતા (તેમનો આશ્રય) છોડવા યોગ્ય છે. સર્વ પ્રકારે ઉપાદેયભૂત એવા નિજ પરમાત્મ-પદાર્થનો આશ્રય થતાં પર પદાર્થનો આશ્રય છૂટી જાય છે એટલે કે, તેઓ હેયરૂપ થઈ જાય છે.

अतः परं अशुचित्वानुप्रेक्षा कथ्यते। तद्यथा––सर्वाशुचिशुक्रशोणितकारणोत्पन्नत्वात्तथैव ''वसासृग्मांसमेदोऽस्थिमज्ञाशुक्राणि धातवः'' इत्युक्ताशुचिसप्तधातुमयत्वेन तथा नासिकादिनवरन्ध्रद्वारैरपि स्वरूपेणाशुचित्वात्तथैव मूत्रपुरीषाद्यशुचिमलानामुत्पत्तिस्थानत्वाच्चा-शुचिरयं देहः। न केवलमशुचिकारणत्वेनाशुचिः स्वरूपेणाशुच्युत्पादकत्वेन चाशुचिः, शुचि सुगन्धमाल्यवस्त्रादीनामशुचित्वोत्पादकत्वाच्चाशुचिः। इदानीं शुचित्वं कथ्यते–– सहजशुद्धकेवलज्ञानादिगुणानामाधारभूतत्वात्स्वयं निश्चयेन शुचिरूपत्वाच्च परमात्मैव शुचिः। ''जीवो बह्मा जीवह्मि चेव चरिया हविज्ज जो जदिणो। तं जाण बह्मचेरं विमुक्कपरदेहभत्तीए।१।'' इति गाथाकथितनिर्मलब्रह्मचर्यं तत्रैव निजपरमात्मनि स्थितानामेव

---

રીતે 'અન્યત્વ–અનુપ્રેક્ષા'[1] સમાપ્ત થઈ. ૫.

હવે પછી, અશુચિ–અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. તે આ રીતે––સર્વ પ્રકારે અશુચિ (અપવિત્ર) વીર્ય અને રજથી ઉત્પન્ન થવાને કારણે, તેમજ ''वसासृग्मांसमेदोऽस्थि-मज्ञाशुक्राणि धातवः (વસા, રુધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને શુક્ર––એ ધાતુઓ છે)'' એમાં કહેલી અશુચિ સાત ધાતુમય હોવાથી તથા નાક આદિ નવ છિદ્રદ્વાર હોવાથી સ્વરૂપથી પણ અશુચિ હોવાને કારણે, તથા મૂત્ર, વિષ્ટા આદિ અશુચિ મળોની ઉત્પત્તિનું સ્થાન હોવાને કારણે આ દેહ અશુચિ છે. માત્ર તે અશુચિનું કારણ હોવાથી જ અશુચિ નથી, પણ સ્વરૂપથી અશુચિને ઉત્પન્ન કરનાર હોવાથી તે અશુચિ છે; શુચિ (પવિત્ર) એવાં સુગંધી માળા, વસ્ત્ર વગેરેમાં અશુચિપણું ઉત્પન્ન કરતો હોવાથી પણ દેહ અશુચિ છે.

હવે, શુચિત્વનું (પવિત્રતાનું) કથન કરવામાં આવે છે :––સહજ શુદ્ધ કેવળજ્ઞાનાદિ ગુણોનો આધારભૂત હોવાથી અને પોતે જ નિશ્ચયથી શુચિરૂપ હોવાથી પરમાત્મા જ શુચિ છે. 'जीवो ब्रह्मा जीवह्मि चेव चरिया हविज्ज जो जदिणो। तं जाण बह्मचेरं विमुक्कपरदेह भत्तीए॥' (જીવ બ્રહ્મ છે, જીવમાં જ મુનિની જે ચર્યા હોય છે તેને પર એવા દેહની સેવા રહિત બ્રહ્મચર્ય જાણો.)'––એ ગાથામાં કહેલ નિર્મળ બ્રહ્મચર્ય, તે નિજ પરમાત્મામાં સ્થિત

---

૧. આત્મા અને પરપદાર્થો પરસ્પર ભિન્ન અને અન્ય હોવાથી દરેકના છએ કારકો પરસ્પર સર્વથા ભિન્ન છે, તેનો અર્થ એ થયો કે––કોઈ પરનું કાંઈ કરી શકતું નથી. જુઓ, ગાથા ૮ ની ટીકા પા. ૨૭ માટે સર્વ પ્રકારે ઉપાદેયભૂત નિજ ત્રિકાળ પરમાત્મપદાર્થ સન્મુખ થઈ આત્મામાં એકત્વરૂપે પરિણમવું તે એકત્વભાવના છે. તે શુદ્ધ પરિણમનમાં અન્ય–ભિન્ન પદાર્થો (જેમાં નિમિત્ત પણ સમાવિષ્ટ છે)નો નિષેધ–હેયપણું આવી જાય છે, તે હેયપણાને અન્યત્વ ભાવના કહે છે.

लभ्यते। तथैव ''ब्रह्मचारी सदा शुचिः'' इतिवचनात्तथाविधब्रह्मचारिणामेव शुचित्वं न च कामक्रोधादिरतानां जलस्नानादिशौचेऽपि। तथैव च—''जन्मना जायते शूद्रः क्रियया द्विज उच्यते। श्रुतेन श्रोत्रियो ज्ञेयो ब्रह्मचर्येण ब्राह्मणः।१।'' इतिवचनात्त एव निश्चयशुद्धाः ब्राह्मणाः। तथा चोक्तं नारायणेन युधिष्ठिरं प्रति विशुद्धात्मनदीस्नानमेव परमशुचित्वकारणं, न च लौकिकगङ्गादितीर्थेस्नानादिकम्। ''आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः। तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुद्धयति चान्तरात्मा।१।'' इत्यशुचित्वानुप्रेक्षा गता।।६।।

अत ऊर्ध्वमास्रवानुप्रेक्षा कथ्यते। समुद्रे सच्छिद्रपोतवदयं जीव इन्द्रियाद्यास्रवैः संसारसागरे पततीति वार्त्तिकम्। अतीन्द्रियस्वशुद्धात्मसंवित्तिविलक्षणानि स्पर्शनरसनघ्राणचक्षुः

---

જીવોને જ હોય છે. તેમ જ 'ब्रह्मचारी सदा शुचिः (બ્રહ્મચારી સદા શુચિ છે)' એ વચનથી તે પ્રકારના બ્રહ્મચારીઓને જ શુચિપણું છે, કામ–ક્રોધાદિમાં રત રહેનારાઓને જળસ્નાન આદિથી શુદ્ધિ કરવા છતાં પણ શુચિપણું નથી. એ જ રીતે કહ્યું છે કે—''જન્મથી શૂદ્ર હોય છે, ક્રિયાથી દ્વિજ કહેવાય છે, શ્રુતવડે શ્રોત્રિય અને બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણ જાણવો.''૧. એ વચન પ્રમાણે તેઓ જ નિશ્ચયશુદ્ધ (વાસ્તવિક શુદ્ધ) બ્રાહ્મણ છે. એવી રીતે નારાયણે યુધિષ્ઠિરને કહ્યું છે કે, વિશુદ્ધ આત્મારૂપી નદીમાં સ્નાન કરવું તે જ પરમ શુચિતાનું કારણ છે, લૌકિક ગંગા વગેરે તીર્થોમાં સ્નાનાદિ તે શુચિનું કારણ નથી : 'आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः। तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुद्धयति चान्तरात्मा।। (સંયમરૂપી જળથી ભરેલી, સત્યરૂપી પ્રવાહવાળી, શીલરૂપી કિનારાવાળી અને દયારૂપી તરંગોથી ભરેલી જે આત્મનદી છે, તેમાં હે પાંડુપુત્ર! સ્નાન કરો; અંતરાત્મા જળથી શુદ્ધ થતો નથી.)'—એ પ્રમાણે 'અશુચિત્વ–અનુપ્રેક્ષા' પૂરી થઈ. ૬.

હવે, આગળ આસ્રવ-[૧]અનુપ્રેક્ષા કહેવામાં આવે છે :—'સમુદ્રમાં છિદ્રવાળી નાવની જેમ આ જીવ ઇન્દ્રિયાદિ આસ્રવોથી સંસારરૂપી સાગરમાં પડે છે' એ વાર્તિક છે. અતીન્દ્રિય સ્વશુદ્ધાત્મસંવેદનથી વિલક્ષણ સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ—એ પાંચ ઇન્દ્રિયો છે.

---

૧. શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત દ્વાદશઅનુપ્રેક્ષા ગાથા ૬૦ માં કહ્યું છે કે :—આસ્રવના જે ભેદો કહેવામાં આવ્યા છે, તે નિશ્ચયનયથી જીવના નથી, માટે આત્માને બન્ને પ્રકારના આસ્રવોથી રહિત જ નિરંતર ચિંતવવો જોઈએ.

श्रोत्राणीन्द्रियाणि भण्यन्ते। परमोपशममूर्तिपरमात्मस्वभावस्य क्षोभोत्पादकाः क्रोधमान-मायालोभकषाया अभिधीयन्ते। रागादिविकल्पनिवृत्तिरूपायाः शुद्धात्मानुभूतेः प्रतिकूलानि हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहप्रवृत्तिरूपाणि पञ्चाव्रतानि। निष्क्रियनिर्विकारात्मतत्त्वाद्विपरीता मनोवचनकायव्यापाररूपाः परमागमोक्ताः सम्यक्त्वक्रिया मिथ्यात्वक्रियेत्यादिपञ्चविंशतिक्रियाः उच्यन्ते। इन्द्रियकषायाव्रतक्रियारूपास्रवाणां स्वरूपमेतद्विज्ञेयम्। यथा समुद्रेऽनेक-रत्नभाण्डपूर्णस्य सच्छिद्रपोतस्य जलप्रवेशे पातो भवति, न च वेलापत्तनं प्राप्नोति। तथा सम्यग्दर्शनज्ञानचारित्रलक्षणामूल्यरत्नभाण्डपूर्णजीवपोतस्य पूर्वोक्तास्रवद्वारैः कर्मजलप्रवेशे सति संसारसमुद्रे पातो भवति, न च केवलज्ञानाव्याबाधसुखाद्यनन्तगुणरत्नपूर्णमुक्तिवेलापत्तनं प्राप्नोतीति। एवमास्रवगतदोषानुचिन्तनमास्रवानुप्रेक्षा ज्ञातव्येति।।७।।

अथ संवरानुप्रेक्षा कथ्यते—यथा तदेव जलपात्रं छिद्रस्य झम्पने सति जलप्रवेशाभावे निर्विघ्नेन वेलापत्तनं प्राप्नोति; तथा जीवजलपात्रं निजशुद्धात्मसंवित्तिबलेन इन्द्रियाद्यास्रवच्छिद्राणां झम्पने सति कर्मजलप्रवेशाभावे निर्विघ्नेन केवलज्ञानाद्यनन्त-

---

પરમ–ઉપશમમૂર્તિ પરમાત્મસ્વભાવને ક્ષોભ ઉત્પન્ન કરનાર ક્રોધ, માન, માયા અને લોભ—એ ચાર કષાય કહેવાય છે. રાગાદિ વિકલ્પોની નિવૃત્તિરૂપ શુદ્ધાત્માનુભૂતિથી પ્રતિકૂળ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પ્રવૃત્તિરૂપ પાંચ અવ્રત છે. નિષ્ક્રિય નિર્વિકાર આત્મતત્ત્વથી વિપરીત એવી, મન–વચન–કાયાના વ્યાપારરૂપ, પરમાગમમાં કહેલી સમ્યક્ત્વક્રિયા, મિથ્યાત્વક્રિયા વગેરે પચીસ ક્રિયા છે. આ રીતે ઇન્દ્રિય, કષાય, અવ્રત અને ક્રિયારૂપ આસ્રવોનું સ્વરૂપ જાણવું. જેમ સમુદ્રમાં અનેક રત્નોરૂપી માલથી ભરેલું, છિદ્રવાળું વહાણ તેમાં જળ પ્રવેશતાં ડૂબી જાય છે, સમુદ્રને કિનારે નગરમાં પહોંચી શકતું નથી; તેમ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ અમૂલ્ય રત્નોરૂપી માલથી ભરેલું જીવરૂપી વહાણ, પૂર્વોક્ત આસ્રવરૂપી દ્વારોમાં કર્મરૂપી જળ પ્રવેશતાં સંસારરૂપી સમુદ્રમાં ડૂબી જાય છે, કેવળજ્ઞાન, અવ્યાબાધ સુખ આદિ અનંતગુણરૂપ રત્નોથી પૂર્ણ એવા, મુક્તિરૂપી સમુદ્રકિનારાના નગરમાં પહોંચી શકતું નથી. એમ, આસ્રવમાં રહેલા દોષોનું ચિંતન કરવું તેને આસ્રવ-અનુપ્રેક્ષા જાણવી. ૭.

હવે, સંવર–અનુપ્રેક્ષા કહેવામાં આવે છે :—જેવી રીતે તે જ વહાણ છિદ્ર બંધ થઈ જવાથી, તેમાં પાણીનો પ્રવેશ ન થવાને લીધે નિર્વિઘ્નપણે સમુદ્રકિનારાના નગરમાં પહોંચી જાય છે, તેવી રીતે જીવરૂપી વહાણ નિજશુદ્ધાત્માની સંવિત્તિના બળે ઇન્દ્રિયાદિ આસ્રવોરૂપી છિદ્રો બંધ થતાં, કર્મરૂપી જળનો પ્રવેશ તેમાં ન થવાથી નિર્વિઘ્નપણે

गुणरत्नपूर्णमुक्तिवेलापत्तनं प्राप्नोतीति। एवं संवरगतगुणानुचिन्तनं संवरानुप्रेक्षा ज्ञातव्या॥८॥

अथ निर्जरानुप्रेक्षा प्रतिपादयति। यथा कोप्यजीर्णदोषेण मलसञ्चये जाते सत्याहारं त्यक्त्वा किमपि हरीतक्यादिकं मलपाचकमग्निदीपकं चौषधं गृह्णाति। तेन च मलपाकेन मलानां पातने गलने निर्जरणे सति सुखी भवति। तथायं भव्य जीवोऽप्य-जीर्णजनकाहारस्थानीयमिथ्यात्वरागाद्यज्ञानभावेन कर्ममलसञ्चये सति मिथ्यात्वरागादिकं त्यक्त्वा परमौषधस्थानीयं जीवितमरणलाभालाभसुखदुःखादिसमभावनाप्रतिपादकं कर्ममल-पाचकं शुद्धध्यानाग्निदीपकं च जिनवचनौषधं सेवते। तेन च कर्ममलानां गलने निर्जरणे सति सुखी भवति। किञ्च–यथा कोऽपि धीमानजीर्णकाले यद्दुखं जातं तदजीर्णे गतेऽपि न विस्मरति ततश्चाजीर्णजनकाहारं परिहरति तेन च सर्वदैव सुखी भवति। तथा विवेकिजनोऽपि 'आर्ता नरा धर्मपरा भवन्ति' इति वचनाद्दुःखोत्पत्तिकाले ये धर्मपरिणामा जायन्ते तान्

---

કેવળજ્ઞાનાદિ અનંત ગુણરત્નોથી પૂર્ણ એવા, મુક્તિરૂપી સમુદ્રકિનારાના નગરમાં પહોંચી જાય છે. આ પ્રમાણે સંવરમાં રહેલા ગુણોના ચિંતવનરૂપ [૧]સંવર-અનુપ્રેક્ષા જાણવી. ૮.

હવે, નિર્જરા–અનુપ્રેક્ષાનું પ્રતિપાદન કરે છે :—જેમ કોઈ મનુષ્યને અજીર્ણ દોષને લીધે મળસંચય થવાથી, તે માણસ આહારનો ત્યાગ કરીને મળને પકાવનાર અને જઠરાગ્નિ વધારનાર એવી હરડે વગેરે દવા લે છે અને તેનાથી મળ પાકી જવાથી ગળી જતાં–ખરી જતાં તે સુખી થાય છે; તેમ આ ભવ્ય જીવ પણ અજીર્ણ ઉત્પન્ન કરનાર આહાર સમાન મિથ્યાત્વ-રાગાદિ અજ્ઞાનભાવથી કર્મરૂપી મળનો સંચય થતાં, મિથ્યાત્વ-રાગાદિ છોડીને પરમ ઔષધ સમાન એવું જે, જીવન–મરણ, લાભ–અલાભ, સુખ–દુઃખ આદિમાં સમભાવનું પ્રતિપાદન કરનારું, કર્મરૂપી મળને પચાવનારું, શુદ્ધ ધ્યાનરૂપી અગ્નિને પ્રજ્વલિત કરનારું, જિનવચનરૂપી ઔષધ, તેનું સેવન કરે છે અને તેનાથી કર્મરૂપી મળ ગળી જતાં–નિર્જરી જતાં તે સુખી થાય છે. વિશેષ—જેમ કોઈ બુદ્ધિમાન મનુષ્ય અજીર્ણના સમયે પોતાને જે દુઃખ થયું હતું તેને અજીર્ણ મટી જવા છતાં પણ ભૂલી જતો નથી અને અજીર્ણ ઉત્પન્ન કરનાર આહારનો ત્યાગ કરે છે અને તેથી તે સદા સુખી રહે છે; તેમ વિવેકી જીવ પણ 'आर्ता नरा धर्मपरा भवन्ति। (દુઃખી મનુષ્ય ધર્મમાં તત્પર થાય છે)' એ

---

૧. સંવર ચતુર્થ ગુણસ્થાનથી શરૂ થાય છે અને ચૌદમા ગુણસ્થાનને પહેલે સમયે સંવર પૂર્ણ થઈ જાય છે, માટે ચતુર્થ ગુણસ્થાનથી ભૂમિકા અનુસાર નિજ શુદ્ધાત્મસંવિત્તિનું બળ હર સમયે હોય છે, એમ સમજવું.

दुःखे गतेऽपि न विस्मरति। ततश्च निजपरमात्मानुभूतिबलेन निर्जरार्थं दृष्टश्रुतानुभूत-भोगाकांक्षादिविभावपरिणामपरित्यागरूपैः संवेगवैराग्यपरिणामैर्वर्त्तत इति। संवेगवैराग्यलक्षणं कथ्यते––''धम्मे य धम्मफलह्मि दंसणे य हरिसो य हुंति संवेगो। संसारदेहभोगेसु विरत्तभावो य वैरग्गं।१।'' इति निर्जरानुप्रेक्षागता।।६।।

अथ लोकानुप्रेक्षां प्रतिपादयति। तद्यथा––अनंतानंताकाशबहुमध्यप्रदेशे घनोदधिघनवाततनुवाताभिधानवायुत्रयवेष्टितानादिनिधनाकृत्रिमनिश्चलासंख्यातप्रदेशो लोकोऽस्ति। तस्याकारः कथ्यते––अधोमुखार्द्धमुरजस्योपरि पूर्णे मुरजे स्थापिते यादृशाकारो भवति तादृशाकारः, परं किन्तु मुरजो वृत्तो लोकस्तु चतुष्कोण इति विशेषः। अथवा प्रसारितपादस्य कटितटन्यस्तहस्तस्य चोर्ध्वस्थितपुरुषस्य यादृशाकारो भवति तादृशः। इदानीं तस्यैवोत्सेधायामविस्ताराः कथ्यन्ते––चतुर्दशरज्जुप्रमाणोत्सेधस्तथैव दक्षिणोत्तरेण सर्वत्र सप्तरज्जुप्रमाणायामो भवति। पूर्वपश्चिमेन पुनरधोविभागे सप्तरज्जुविस्तारः। ततश्चाधोभागात्

---

વચન પ્રમાણે દુઃખ ઉત્પન્ન થવાના સમયે જે ધર્મના પરિણામ ઉત્પન્ન થાય છે તેને, દુઃખ ચાલ્યું જવા છતાં પણ, ભૂલી જતા નથી, અને તેથી નિજ પરમાત્માના અનુભવના બળથી નિર્જરા માટે દૃષ્ટ–શ્રુત–અનુભૂત ભોગાકાંક્ષાદિરૂપ વિભાવપરિણામના પરિત્યાગરૂપ સંવેગ–વૈરાગ્ય પરિણામોમાં વર્તે છે.

સંવેગ અને વૈરાગ્યનું લક્ષણ કહે છે. 'धम्मे य धम्मफलह्मि दंसणे य हरिसो य हुंति संवेगो। संसारदेहभोगेसु विरत्तभावो य वैरग्गं।।' (ધર્મમાં, ધર્મના ફળમાં અને દર્શનમાં જે હર્ષ થાય છે તે સંવેગ છે; સંસાર, દેહ તથા ભોગોમાં જે વિરક્તભાવ છે તે વૈરાગ્ય છે.)' ––એ પ્રમાણે નિર્જરા-અનુપ્રેક્ષા પૂરી થઈ. ૯.

હવે, લોક-અનુપ્રેક્ષાનું પ્રતિપાદન કરે છે. તે આ રીતે––અનંતાનંત આકાશના બિલકુલ મધ્યપ્રદેશમાં ઘનોદધિ, ઘનવાત અને તનુવાત નામના ત્રણ વાયુઓથી વીંટળાયેલો, અનાદિનિધન, અકૃત્રિમ, નિશ્ચળ, અસંખ્યાતપ્રદેશી લોક છે. તેનો આકાર કહે છે : નીચા મુખે મૂકેલાં અર્ધા મૃદંગ ઉપર આખું મૃદંગ મૂકવામાં આવે છે અને જેવો આકાર થાય તેવો આકાર લોકનો છે; પરંતુ મૃદંગ ગોળાકાર હોય છે અને લોક ચોરસ છે, એટલો તફાવત છે. અથવા પગ પહોળા કરીને, કેડ ઉપર હાથ મૂકીને ઊભેલા પુરુષનો જેવો આકાર હોય છે તેવો લોકનો આકાર છે. હવે તેની જ ઊંચાઈ–લંબાઈ–વિસ્તારનું કથન કરે છે. ચૌદ રાજુ ઊંચો, ઉત્તર–દક્ષિણ બધે સાત રાજુ પહોળો છે. પૂર્વ–પશ્ચિમમાં નીચેના ભાગમાં

क्रमहानिरूपेण हीयते यावन्मध्यलोक एकरज्जुप्रमाणविस्तारो भवति। ततो मध्यलोकादूर्ध्वं क्रमवृद्ध्या वर्द्धते यावद् ब्रह्मलोकान्ते रज्जुपञ्चकविस्तारो भवति। ततश्चोर्ध्वं पुनरपि हीयते यावल्लोकांते रज्जुप्रमाणविस्तारो भवति। तस्यैव लोकस्य मध्ये पुनरुदूखलस्य मध्याधोभागे छिद्रे कृते सति निक्षिप्तवंशनालिकेव चतुष्कोणा त्रसनाडी भवति। सा चैकरज्जुविष्कम्भा चतुर्दशरज्जूत्सेधा विज्ञेया। तस्यास्त्वधोभागे सप्तरज्जवोऽधोलोकसंबन्धिन्यः। ऊर्ध्वभागे मध्यलोकोत्सेधसंबन्धिलक्षयोजनप्रमाणमेरूत्सेधः सप्तरज्जव ऊर्ध्वलोकसम्बन्धिन्यः।

अतः परमधोलोकः कथ्यते। अधोभागे मेरोराधारभूता रत्नप्रभाख्या प्रथम पृथिवी। तस्या अधोऽधः प्रत्येकमेकैकरज्जुप्रमाणामाकाशं गत्वा यथाक्रमेण शर्करावालुकापङ्क-धूमतमोमहातमः संज्ञा षड् भूमयो भवन्ति। तस्मादधोभागे रज्जुप्रमाणं क्षेत्रं भूमिरहितं निगोदादिपञ्चस्थावरभृतं च तिष्ठति। रत्नप्रभादिपृथिवीनां प्रत्येकं घनोदधिघनवात-तनुवातत्रयमाधारभूतं भवतीति विज्ञेयम्। कस्यां पृथिव्यां कति नरकबिलानि सन्तीति प्रश्ने यथाक्रमेण कथयति—तासु त्रिंशत्पञ्चविंशतिपञ्चदशदशत्रिपञ्चोनैकनरकशतसहस्राणि पञ्च

---

સાત રાજુ પહોળો છે, તે અધોભાગથી પહોળાઈ ક્રમે ક્રમે ઘટતાં જ્યાં મધ્યલોક છે, ત્યાં એક રાજુ પહોળાઈ રહે છે. પછી મધ્યલોકથી ઊંચે ક્રમે ક્રમે વધે છે અને બ્રહ્મલોકના અંતે પાંચ રાજુની પહોળાઈ થાય છે, પછી તેનાથી આગળ ફરીથી ઘટે છે અને લોકના છેડે તે એક રાજુની પહોળાઈવાળો રહે છે. તે જ લોકના મધ્યભાગમાં, ખાંડણિયામાં વચ્ચોવચ નીચે છિદ્રવાળી એક વાંસની નળી મૂકી હોય તેવી, એક ચોરસ ત્રસ નાડી છે. તે એક રાજુ લાંબી-પહોળી અને ચૌદ રાજુ ઊંચી છે. તેના નીચેના ભાગમાં જે સાત રાજુ છે તે અધોલોક સંબંધી છે. ઊર્ધ્વભાગમાં મધ્યલોકની ઊંચાઈ સંબંધી એક લાખ યોજનપ્રમાણ સુમેરુ પર્વતની ઊંચાઈ સહિત સાત રાજુ ઊર્ધ્વલોક સંબંધી છે.

હવે પછી, અધોલોકનું કથન કરે છે :—અધોભાગમાં સુમેરુ પર્વતને આધારભૂત રત્નપ્રભા નામની પહેલી પૃથ્વી છે. તે રત્નપ્રભા પૃથ્વીની નીચે નીચે એકેક રાજુપ્રમાણ આકાશમાં ક્રમપૂર્વક શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને મહાતમપ્રભા નામની છ ભૂમિ છે. તેની નીચે એક રાજુપ્રમાણ ભૂમિરહિત ક્ષેત્રમાં નિગોદાદિ પાંચ સ્થાવરો ભર્યા છે. રત્નપ્રભા આદિ પ્રત્યેક પૃથ્વીને ઘનોદધિ, ઘનવાત અને તનુવાત એ ત્રણ વાયુ આધારભૂત છે એમ જાણવું. કઈ પૃથ્વીમાં કેટલા નરકનાં બિલ (ઉત્પન્ન થવાનાં સ્થાન) છે તે ક્રમપૂર્વક કહે છે. પહેલી ભૂમિમાં ત્રીસ લાખ, બીજીમાં પચીસ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ચોથીમાં દસ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં નવાણુ હજાર

**चैव यथाक्रमम् ८४०००००। अथ रत्नप्रभादिपृथिवीनां क्रमेण पिण्डस्य प्रमाणं कथयति। पिण्डस्य कोऽर्थः ? मन्द्रत्वस्य बाहुल्यस्येति। अशीतिसहस्राधिकैकलक्षं तथैव द्वात्रिंशदष्टाविंशतिचतुर्विंशतिविंशतिषोडशाष्टसहस्रप्रमितानि योजनानि ज्ञातव्यानि। तिर्यगूविस्तारस्तु चतुर्दिग्विभागे यद्यपि त्रसनाड्यपेक्षयैकरज्जुप्रमाणस्तथापि त्रसरहितबहिर्भागे लोकान्तप्रमाणमिति। तथाचोक्तं ''भुवामन्ते स्पृशन्तीनां लोकान्तं सर्वदिक्षु च''। अत्र विस्तारेण तिर्यगूविस्तारपर्यन्तमन्द्रत्वेन मंदरावगाहयोजनसहस्रबाहुल्या मध्यलोके या चित्रा पृथिवी तिष्ठति तस्या अधोभागे षोडशसहस्रबाहुल्यः खरभागस्तिष्ठति। तस्मादप्यधश्चतुरशीतियोजनसहस्रबाहुल्यः पङ्कभागः तिष्ठति। ततोऽप्यधोभागे अशीतिसहस्रबाहुल्यो अब्बहुलभागस्तिष्ठतीत्येवं रत्नप्रभा पृथिवी त्रिभेदा ज्ञातव्या। तत्र खरभागेऽसुरकुलं विहाय नवप्रकारभवनवासिदेवानां तथैव राक्षसकुलं विहाय सप्तप्रकारव्यन्तरदेवानां आवासा ज्ञातव्या इति। पङ्कभागे पुनरसुराणां राक्षसानां चेति। अब्बहुलभागे नारकास्तिष्ठन्ति।**

---

નવસો પંચાણુ અને સાતમીમાં પાંચ;—એ રીતે બધા મળીને ચોર્યાસી લાખ બિલ છે.

હવે, રત્નપ્રભા આદિ પૃથ્વીનું ક્રમપૂર્વક પિંડપ્રમાણ કેટલું છે તે કહે છે. પિંડ એટલે શું? ઊંડાઈ અથવા જાડાઈ. પ્રથમ પૃથ્વીના એક લાખ એંસી હજાર, બીજીના બત્રીસ હજાર, ત્રીજીના અઠાવીસ હજાર, ચોથીના ચોવીસ હજાર, પાંચમીના વીસ હજાર, છઠ્ઠીના સોળ હજાર અને સાતમીના આઠ હજાર યોજન પિંડ જાણવા. તે પૃથ્વીઓનો તિર્યક્ વિસ્તાર ચારે દિશાઓમાં જોકે ત્રસ નાડીની અપેક્ષાએ એક રાજુ પ્રમાણ છે, તોપણ ત્રસરહિત ત્રસનાડીના બહારના ભાગમાં લોકના અંત સુધી છે. તે જ કહ્યું છે—''અંતને સ્પર્શતી પૃથ્વીઓનું પ્રમાણ બધી દિશાઓમાં લોકના અંત સુધીનું છે.'' અહીં વિસ્તારમાં તિર્યક્ લોક સુધીની, ઊંડાઈમાં મેરુપર્વતની અવગાહના જેવડી એક હજાર યોજન પહોળી ચિત્રા નામની પૃથ્વી મધ્યલોકમાં છે, તે પૃથ્વીની નીચે સોળહજાર યોજન પહોળો ખરભાગ છે. તે ખરભાગની નીચે ચોર્યાસી હજાર યોજન પહોળો પંકભાગ છે, તેનાથી પણ નીચે એંસી હજાર યોજન પહોળો અબ્બહુલ ભાગ છે. આ રીતે રત્નપ્રભા પૃથ્વી ત્રણ ભેદવાળી જાણવી. તે ખરભાગમાં અસુરકુળ સિવાય નવ પ્રકારના ભવનવાસી દેવોના અને રાક્ષસકુળ સિવાયના સાત પ્રકારના વ્યંતર દેવોના આવાસ જાણવા. પંકભાગમાં અસુરકુમારોના અને રાક્ષસોના નિવાસ છે. અબ્બહુલ ભાગમાં નારકીઓ છે.

तत्र बहुभूमिकाप्रासादवदधोऽधः सर्वपृथिवीषु स्वकीयस्वकीयबाहुल्यात् सकाशादध उपरि चैकैकयोजनसहस्रं विहाय मध्यभागे भूमिक्रमेण पटलानि भवन्ति त्रयोदशैकादशनवसप्तपञ्चत्र्येकसंख्यानि, तान्येव सर्वसमुदायेन पुनरेकोनपञ्चाशत्प्रमितानि पटलानि। पटलानि कोऽर्थः ? प्रस्तारा इन्द्रका अंतर्भूमयः इति। तत्र रत्नप्रभायां सीमंतसंज्ञे प्रथमपटलविस्तारे नृलोकवत् यत्संख्येययोजनविस्तारवत् मध्यबिलं तस्येन्द्रकसंज्ञा। तस्यैव चतुर्दिग्विभागे प्रतिदिशं पंक्तिरूपेणासंख्येययोजनविस्ताराण्येकोनपञ्चाशद्बिलानि। तथैव विदिक्चतुष्टये प्रतिदिशं पंक्तिरूपेण यान्यष्टचत्वारिंशद्बिलानि तान्यप्यसंख्यात-योजनविस्ताराणि। तेषामपि श्रेणीबद्धसंज्ञा। दिग्विदिगष्टकान्तरेषु पंक्तिरहितत्वेन पुष्पप्रकरवत्कानिचित्संख्येययोजनविस्ताराणि कानिचिदसंख्येययोजनविस्ताराणि यानि तिष्ठन्ति तेषां प्रकीर्णकसंज्ञा। इतीन्द्रकश्रेणीबद्धप्रकीर्णकरूपेण त्रिधा नरका भवन्ति। इत्यनेन क्रमेण प्रथमपटलव्याख्यानं विज्ञेयम्। तथैव पूर्वोक्तैकोनपञ्चाशत्पटलेष्वयमेव व्याख्यानक्रमः किन्त्वष्टकश्रेणिष्वेकैकपटलं प्रत्येकैकं हीयते यावत् सप्तमपृथिव्यां

---

ત્યાં અનેક ભૂમિકાવાળા મહેલ જેવા નીચે નીચે સર્વ પૃથ્વીઓમાં પોતપોતાની પહોળાઈ પ્રમાણે નીચે અને ઉપર એક એક હજાર યોજન છોડીને મધ્યભાગમાં ભૂમિના ક્રમ પ્રમાણે પટલ હોય છે. ભૂમિના ક્રમ પ્રમાણે તે પટલ પહેલી નરક પૃથ્વીમાં તેર, બીજીમાં અગિયાર, ત્રીજીમાં નવ, ચોથીમાં સાત, પાંચમીમાં પાંચ, છઠ્ઠીમાં ત્રણ અને સાતમીમાં એક; એવી રીતે કુલ ઓગણપચાસ પટલ છે. ‘પટલ’ એટલે શું? ‘પટલ’ નો અર્થ પ્રસ્તાર, ઈન્દ્રક અથવા અંતર્ભૂમિ છે. ત્યાં રત્નપ્રભા નામની પ્રથમ પૃથ્વીના સીમન્ત નામના પ્રથમ પટલમાં મનુષ્ય લોક જેવું સંખ્યાત ભોજન (પીસ્તાળીસ લાખ યોજન) વિસ્તારવાળું મધ્ય બિલ છે, તેનું નામ ઈન્દ્રક છે. તેની (ઈન્દ્રકની) ચારે દિશાઓમાં પ્રત્યેક દિશામાં અસંખ્યાત યોજન વિસ્તારવાળાં હારબંધ ઓગણપચાસ બિલ છે; તેવી જ રીતે ચારે વિદિશાઓમાંની પ્રત્યેક દિશામાં હારબંધ જે અડતાળીસ અડતાળીસ બિલ છે તે પણ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. તેમની ‘શ્રેણીબદ્ધ’ સંજ્ઞા છે. ચાર દિશા અને ચાર વિદિશાઓની વચ્ચે પંક્તિરહિત વિખરાયેલ ફૂલોની પેઠે કેટલાંક સંખ્યાત યોજન અને કેટલાંક અસંખ્યાત યોજન વિસ્તારવાળાં જે બિલ છે તેમની ‘પ્રકીર્ણક’ સંજ્ઞા છે. એ પ્રમાણે ઈન્દ્રક, શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણકરૂપ ત્રણ પ્રકારના નરક છે. આ રીતે પ્રથમ પટલનું વ્યાખ્યાન જાણવું. તેવી જ રીતે પૂર્વોક્ત ઓગણપચાસ પટલોમાં બિલોના વ્યાખ્યાનનો એવો જ ક્રમ છે, પણ પ્રત્યેક પટલમાં આઠે દિશાઓનાં શ્રેણીબદ્ધ બિલોમાં એકેક બિલ ઘટતું જાય છે.

चतुर्दिग्भागेष्वेकं बिलं तिष्ठति।

रत्नप्रभादिनारकदेहोत्सेधः कथ्यते। प्रथमपटले हस्तत्रयं ततः क्रमवृद्धिवशात्त्रयोदशपटले सप्तचापानि हस्तत्रयमङ्गुलषट्कं। ततो द्वितीयपृथिव्यादिषु चरमेन्द्रकेषु द्विगुणद्विगुणे क्रियमाणे सप्तमपृथिव्यां चापशतपञ्चकं भवति। उपरितने नरके य उत्कृष्टोत्सेधः सोऽधस्तने नरके विशेषाधिको जघन्यो भवति, तथैव पटलेषु च ज्ञातव्यः। आयुः प्रमाणं कथ्यते। प्रथमपृथिव्यां प्रथमे पटले जघन्येन दशवर्षसहस्राणि तत आगमोक्तक्रमवृद्धिवशादन्तपटले सर्वोत्कर्षेणैकसागरोपमम्। ततः परं द्वितीयपृथिव्यादिपु क्रमेण त्रिसप्तदशसप्तदशद्वाविंशतित्रयस्त्रिंशत्सागरोपममुत्कृष्टजीवितम्। यच्च प्रथमपृथिव्यामुत्कृष्टं तद्द्वितीयायां समयाधिकं जघन्यं, तथैव पटलेषु च। एवं सप्तमपृथिवीपर्यन्तं ज्ञातव्यम्। स्वशुद्धात्मसंवित्तिलक्षणनिश्चयरत्नत्रयविलक्षणैस्तीव्रमिथ्यात्वदर्शनज्ञानचारित्रैः परिणतानामसंज्ञिपञ्चेन्द्रियसरटपक्षिसर्पसिंहस्त्रीणां क्रमेण रत्नप्रभादिषु षट्पृथिवीषु गमनशक्तिरस्ति

---

તેથી, સાતમી પૃથ્વીમાં ચારે દિશાઓમાં એક એક બિલ રહે છે.

રત્નપ્રભા આદિ પૃથ્વીઓના નારકીના શરીરની ઊંચાઈનું કથન કરવામાં આવે છે. પ્રથમ પટલમાં ત્રણ હાથની ઊંચાઈ છે, પછી ક્રમે ક્રમે વધતા વધતા તેરમા પટલમાં સાત ધનુષ્ય, ત્રણ હાથ અને છ આંગળની ઊંચાઈ છે. પછી બીજી પૃથ્વી આદિના અંતિમ ઇન્દ્રક બિલોમાં બમણી બમણી કરવાથી સાતમી પૃથ્વીમાં પાંચસો ધનુષ્યની ઊંચાઈ થાય છે. ઉપરના નરકોમાં જે ઉત્કૃષ્ટ ઊંચાઈ છે તેનાથી કાંઈક અધિક નીચેના નરકોમાં જઘન્ય ઊંચાઈ છે, તેવી જ રીતે પટલોમાં પણ જાણવું. નારકી જીવોના આયુષ્યનું પ્રમાણ કહે છે. પ્રથમ પૃથ્વીના પ્રથમ પટલમાં જઘન્ય દસ હજાર વર્ષનું આયુષ્ય છે, ત્યારપછી આગમમાં કહેલી ક્રમિક વૃદ્ધિ પ્રમાણે છેલ્લા પટલમાં એક સાગરપ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. ત્યારપછી બીજી વગેરે પૃથ્વીઓમાં ક્રમપૂર્વક ત્રણ સાગર, સાત સાગર, દસ સાગર, સત્તર સાગર, બાવીસ સાગર અને તેત્રીસ સાગરપ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્યપ્રમાણ છે. પહેલી પૃથ્વીમાં જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તેનાથી એક સમય અધિક બીજીમાં જઘન્ય આયુષ્ય છે. તેવી જ રીતે પહેલા પટલમાં જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તેનાથી એક સમય અધિક બીજા પટલમાં જઘન્ય આયુષ્ય છે. આ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી જાણવું. સ્વશુદ્ધાત્મના સંવેદનરૂપ નિશ્ચયરત્નત્રયથી વિલક્ષણ તીવ્ર મિથ્યાદર્શન—જ્ઞાન—ચારિત્રરૂપે પરિણમેલ અસંજ્ઞી પંચેન્દ્રિય, ઘો વગેરે, પક્ષી, સર્પ, સિંહ અને સ્ત્રીઓને ક્રમપૂર્વક રત્નપ્રભા આદિ છ પૃથ્વીઓ સુધી જવાની શક્તિ છે. સાતમી પૃથ્વીમાં કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ મનુષ્ય અને મત્સ્યોને

सप्तम्यां तु कर्मभूमिजमनुष्याणां मत्स्यानामेव। किञ्च—यदि कोऽपि निरन्तरं नरके गच्छति तदा पृथिवीक्रमेणाष्टसप्तषट्पञ्चचतुस्त्रिद्विसंख्यवारानेव। किन्तु सप्तमनरकादागताः पुनरप्येक-वारं तत्रान्यत्र वा नरके गच्छन्तीति नियमः। नरकादागता जीवा बलदेववासुदेवप्रतिवासुदेव-चक्रवर्तिसंज्ञाः शलाकापुरुषाः न भवन्ति। चतुर्थपञ्चमषष्ठसप्तमनरकेभ्यः समागताः क्रमेण तीर्थंकरचरमदेहभावसंयतश्रावका न भवन्ति। तर्हि किं भवन्ति? ''णिरयादो णिस्सरिदो णरतिरिए कम्मसण्णिपज्जत्ते। गब्भभवे उप्पज्जदि सत्तमणिरयादु तिरिएव॥१॥''

इदानीं नारकदुःखानि कथ्यन्ते। तद्यथा—विशुद्धज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्व-सम्यक्श्रद्धानज्ञानानुष्ठानभावनोत्पन्ननिर्विकारपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादरहितैः पञ्चेन्द्रियविषयसुखास्वादलम्पटैर्मिथ्यादृष्टिजीवैर्यदुपार्जितं नरकायुर्नरकगत्यादिपापकर्म तदुदयेन नरके समुत्पद्य पृथिवीचतुष्टये तीव्रोष्णदुःखं, पञ्चम्यां पुनरुपरितनत्रिभागे तीव्रोष्ण-

---

જ જવાની શક્તિ છે. વિશેષ—જો કોઈ જીવ સતત નરકમાં જાય તો પ્રથમ પૃથ્વીમાં આઠ વાર, બીજીમાં સાત વાર, ત્રીજીમાં છ વાર, ચોથીમાં પાંચ વાર, પાંચમીમાં ચાર વાર, છઠ્ઠીમાં ત્રણ વાર અને સાતમીમાં બે વાર જ જઈ શકે છે. પરંતુ સાતમી નરકમાંથી નીકળેલો જીવ ફરી એકવાર તે જ અથવા બીજી કોઈ નરકમાં જાય છે એવો નિયમ છે. નરકમાંથી નીકળેલા જીવો બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ અને ચક્રવર્તી નામના શલાકા પુરુષો થતા નથી. ચોથી નરકમાંથી નીકળેલ જીવ તીર્થંકર, પાંચમીમાંથી નીકળેલ જીવ ચરમશરીરી, છઠ્ઠીમાંથી નીકળેલ જીવ ભાવલિંગી મુનિ અને સાતમીમાંથી નીકળેલ જીવ શ્રાવક થતો નથી. તો શું થાય છે? ''[૧]નરકમાંથી આવેલા જીવો કર્મભૂમિમાં સંજ્ઞી, પર્યાપ્ત તથા ગર્ભજ મનુષ્ય કે તિર્યંચ થાય છે. સાતમી નરકમાંથી આવેલો જીવ તિર્યંચ જ થાય છે.''[૨]

હવે, નારકીઓનાં દુઃખનું કથન કરે છે :—તે આ પ્રમાણે—વિશુદ્ધ જ્ઞાન–દર્શન જેનો સ્વભાવ છે, એવા નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન–અનુષ્ઠાનની ભાવનાથી ઉત્પન્ન નિર્વિકાર પરમાનંદ જેનું એક લક્ષણ છે, એવા સુખામૃતના રસાસ્વાદરહિત અને પાંચ ઇન્દ્રિયના વિષયસુખના આસ્વાદમાં લંપટ એવા મિથ્યાદૃષ્ટિ જીવોએ જે નરક-આયુ અને નરક-ગતિ આદિ પાપકર્મ ઉપાર્જિત કર્યું હોય છે, તેના ઉદયથી તે નરકમાં ઉત્પન્ન થઈને ચાર પૃથ્વીઓમાં તીવ્ર ઉષ્ણતાનું દુઃખ, પાંચમી નરકના ઉપરના ત્રણ ચતુર્થાંશ

---

૧. ત્રિલોકસાર ગાથા. ૨૦૩. ૨. ત્રિલોકસાર ગાથા. ૨૦૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**दुःखमधोभागे तीव्रशीतदुःखं, षष्ठीसप्तम्योरतिशीतोत्पन्नदुःखमनुभवन्ति। तथैव छेदनभेदनक्रकचविदारणयंत्रपीडनशूलारोहणादितीव्रदुःखं सहंते तथा चोक्तं—''अच्छिणिमीलणमेत्तं णत्थि सुहं दुःखमेव अणुबद्धं। णिरये णेरयियाणं अहोणिसं पच्चमाणाणं।।१।।'' प्रथमपृथिवीत्रयपर्यंतमसुरोदीरितं चेति। एवं ज्ञात्वा, नारकदुःखविनाशार्थं भेदाभेदरत्नत्रयभावना कर्तव्या। संक्षेपेणाधोलोक-व्याख्यानं ज्ञातव्यम्।**

**अतः परं तिर्यक्लोकः कथ्यते—जम्बूद्वीपादिशुभनामानो द्वीपः लवणोदादिशुभनामानः समुद्राश्च द्विगुणद्विगुणविस्तारेण पूर्वं पूर्वं परिवेष्ट्य वृत्ताकाराः स्वयम्भूरमणपर्यन्तास्तिर्यग्विस्तारेण विस्तीर्णास्तिष्ठन्ति यतस्तेन कारणेन तिर्यग् लोको भण्यते, मध्यलोकाश्च। तद्यथा—तेषु सार्द्धतृतीयोद्धारसागरोपमलोमच्छेदप्रमितेष्वसंख्यातद्वीपसमुद्रेषु मध्ये जम्बूद्वीपस्तिष्ठति। स च जम्बूवृक्षोपलक्षितो मध्यभागस्थितमेरुपर्वतसहितो वृत्ताकारलक्षयोजनप्रमाणस्तद्द्विगुणविष्कम्भेण योजनलक्षद्वयप्रमाणेन वृत्ताकारेण बहिर्भागे लवणसमुद्रेण**

ભાગમાં તીવ્ર ઉષ્ણતાનું દુઃખ અને નીચેના એક ચતુર્થાંશ ભાગમાં તીવ્ર ઠંડીનું દુઃખ, તથા છઠ્ઠી અને સાતમી નરકમાં અત્યંત શીતથી ઉત્પન્ન થતું દુઃખ અનુભવે છે. તેમજ છેદન, ભેદન, કરવતથી વિદારણ, ઘાણીમાં પીલાવાનું, શૂળી પર ચઢાવવા વગેરેનું તીવ્ર દુઃખ સહન કરે છે. કહ્યું છે કે :—''નરકમાં[1] નારકીઓને રાત અને દિવસ દુઃખરૂપી અગ્નિમાં શેકાતા આંખના પલકારા જેટલું પણ સુખ નથી, પરંતુ સદા દુઃખ જ લાગ્યું રહે છે. ૧.'' પહેલી ત્રણ પૃથ્વીઓ સુધી અસુરકુમાર દેવોની ઉદીરણા વડે થતું દુઃખ પણ ભોગવે છે—એમ જાણીને નરકનાં દુઃખનો વિનાશ કરવા માટે ભેદાભેદ રત્નત્રયની ભાવના કરવી. આ રીતે સંક્ષેપમાં અધોલોકનું વ્યાખ્યાન જાણવું.

ત્યારપછી મધ્યલોકનું વર્ણન કરે છે—ગોળાકારવાળા જંબૂદ્વીપાદિ શુભ નામવાળા દ્વીપો અને લવણાદિ શુભ નામવાળા સમુદ્રો બમણા બમણા વિસ્તારથી પહેલા પહેલાના દ્વીપને સમુદ્ર અને સમુદ્રને દ્વીપ—એ ક્રમથી વીંટળાઈને સ્વયંભૂરમણ સમુદ્ર સુધી ત્રાંસા (તિર્યક્) વિસ્તારમાં ફેલાયેલા છે, તે કારણે તેને તિર્યક્ લોક કહે છે અને મધ્યલોક પણ કહે છે. તે આ પ્રમાણે—તે સાડા ત્રણ ઉદ્ધાર સાગરોપમ લોમ (વાળ)ના ટુકડા જેટલા અસંખ્યાત દ્વીપ અને સમુદ્રોની મધ્યમાં જંબૂદ્વીપ છે. તે જાંબૂના વૃક્ષથી ઓળખાતા અને મધ્યભાગમાં આવેલા મેરુ પર્વતસહિત ગોળાકાર એક લાખ યોજનના વિસ્તારવાળો છે અને તે બમણા વિસ્તારવાળા બે લાખ યોજનપ્રમાણ ગોળાકાર લવણ સમુદ્રવડે બહારના

૧. ત્રિલોકસાર ગાથા. ૨૦૭.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**वेष्टितः। सोऽपि लवणसमुद्रस्तद्‌द्विगुणविस्तारेण योजनलक्षचतुष्टयप्रमाणेन वृत्ताकारेण बहिर्भागे धातकीखण्डद्वीपेन वेष्टितः। सोऽपि धातकीखण्डद्वीपस्तद्‌द्विगुणविस्तारेण योजनाष्टलक्षप्रमाणेन वृत्ताकारेण बहिर्भागे कालोदकसमुद्रेण वेष्टितः। सोऽपि कालोदकसमुद्रस्तद्‌द्विगुणविस्तारेण षोडशयोजनलक्षप्रमाणेन वृत्ताकारेण बहिर्भागे पुष्करद्वीपेन वेष्टितः। इत्यादिद्विगुणद्विगुणविष्कम्भः स्वयम्भूरमणद्वीपस्वयम्भूरमणसमुद्रपर्यन्तो ज्ञातव्यः। यथा जम्बूद्वीपलवणसमुद्रविष्कम्भद्वयसमुदयाद्योजनलक्षत्रयप्रमितात्सकाशाद्धातकीखण्ड एकलक्षेणाधिकस्तथैवासंख्येयद्वीपसमुद्रविष्कम्भेभ्यः स्वयम्भूरमणसमुद्रविष्कम्भ एकलक्षेणाधिको ज्ञातव्यः। एवमुक्तलक्षणेष्वसंख्येयद्वीपसमुद्रेषु व्यन्तरदेवानां पर्वताद्युपरिगता आवासाः, अधोभूभागगतानि भवनानि तथैव द्वीपसमुद्रादिगतानि पुराणि च, परमागमोक्तभिन्नलक्षणानि। तथैव खरभागपङ्कभागस्थितप्रतरासंख्येयभागप्रमाणासंख्येयव्यन्तरदेवावासाः, तथैव द्वासप्ततिलक्षाधिककोटिसप्तप्रमितभवनवासिदेवसंबन्धिभवनानि अकृत्रिमजिनचैत्यालयसहितानि भवन्ति। एवमतिसंक्षेपेण तिर्यग्लोको व्याख्यातः।**

---

ભાગમાં વીંટળાયેલો છે. તે લવણ સમુદ્ર પણ તેનાથી બમણા વિસ્તારવાળા ચાર લાખ યોજનપ્રમાણ ગોળાકારે બહારના ભાગમાં ધાતકીખંડ નામના દ્વીપથી વીંટળાયેલો છે. તે ધાતકીખંડ દ્વીપ પણ બાહ્યભાગમાં પોતાનાથી બમણા વિસ્તારવાળા આઠ લાખ યોજનપ્રમાણ ગોળાકાર કાલોદક સમુદ્રથી વીંટળાયેલો છે. તે કાલોદક સમુદ્ર પણ બાહ્યભાગમાં પોતાનાથી બમણા વિસ્તારવાળા સોળલાખ યોજનપ્રમાણ ગોળાકાર પુષ્કરદ્વીપથી વીંટળાયેલો છે. એ પ્રમાણે બમણો બમણો વિસ્તાર સ્વયંભૂરમણદ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવો. જેવી રીતે જંબૂદ્વીપ એક લાખ યોજન અને લવણ સમુદ્ર બે લાખ યોજન પહોળો છે. એ બન્નેનો સરવાળો ત્રણ લાખ યોજન છે. તેનાથી એક લાખ યોજન અધિક અર્થાત્ ચાર લાખ યોજન ધાતકીખંડ છે. તેવી જ રીતે અસંખ્ય દ્વીપ–સમુદ્રોના વિસ્તારથી એક લાખ યોજન અધિક વિસ્તાર સ્વયંભૂરમણ સમુદ્રનો જાણવો. આવા પૂર્વોક્ત લક્ષણોવાળા અસંખ્ય દ્વીપ–સમુદ્રોમાં પર્વત આદિ ઉપર વ્યંતરદેવોના આવાસ, નીચેની પૃથ્વીના ભાગમાં ભવન તેમજ દ્વીપ અને સમુદ્ર આદિમાં પુર છે. પરમાગમમાં કહ્યા પ્રમાણે તેમનાં ભિન્ન–ભિન્ન લક્ષણો છે. તેવી જ રીતે ખરભાગ અને પંકભાગમાં રહેલા પ્રતરના અસંખ્યાતમા ભાગપ્રમાણ અસંખ્ય વ્યંતરદેવોના આવાસ છે અને સાત કરોડ બોંતેર લાખ ભવનવાસી દેવોનાં ભવન અકૃત્રિમ જિન ચૈત્યાલયસહિત છે. આ રીતે અત્યંત સંક્ષેપમાં મધ્યલોકનું વ્યાખ્યાન કર્યું.

**अथ तिर्यग्लोकमध्यस्थितो मनुष्यलोको व्याख्यायते—तन्मध्यस्थितजम्बूद्वीपे सप्तक्षेत्राणि भण्यन्ते। दक्षिणदिग्विभागादारभ्य भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतसंज्ञानि सप्तक्षेत्राणि भवन्ति। क्षेत्राणि कोऽर्थः ? वर्षा वंशा देशा जनपदा इत्यर्थः। तेषां क्षेत्राणां विभागकारकाः षट् कुलपर्वताः कथ्यन्ते—दक्षिणदिग्भागमादीकृत्य हिमवन्महाहिमवन्निषध-नीलरुक्मिशिखरिसंज्ञा भरतादिसप्तक्षेत्राणामन्तरेषु पूर्वापरायताः षट् कुलपर्वताः भवन्ति। पर्वता इति कोऽर्थः ? वर्षधरपर्वताः सीमापर्वता इत्यर्थः। तेषां पर्वतानामुपरि क्रमेण ह्रदा कथ्यन्ते। पद्ममहापद्मतिगिञ्छकेसरिमहापुण्डरीकपुण्डरीकसंज्ञा अकृत्रिमा षट् ह्रदा भवन्ति। ह्रदा इति कोऽर्थः ? सरोवराणीत्यर्थः। तेभ्यः पद्मादिषड्ह्रदेभ्यः सकाशादागमकथितक्रमेण निर्गता याश्चतुर्दशमहानद्यस्ताः कथ्यन्ते। तथाहि—हिमवत्पर्वतस्थपद्मनाम-महाह्रदादर्धक्रोशावगाहक्रोशाधिकषट्योजन[१] प्रमाणविस्तारपूर्वतोरणद्वारेण निर्गत्य तत्पर्वत-स्यैवोपरि पूर्वदिग्विभागेन योजनशतपञ्चकम् गच्छति ततो गङ्गाकूटसमीपे दक्षिणेन व्यावृत्य भूमिस्थकुण्डे पतति तस्माद् दक्षिणद्वारेण निर्गत्य भरतक्षेत्रमध्यभागस्थितस्य दीर्घत्वेन**

---

હવે, તિર્યક્લોકની વચ્ચે રહેલા મનુષ્યલોકનું વ્યાખ્યાન કરે છે. તે મનુષ્યલોકની વચ્ચે રહેલ જંબૂદ્વીપમાં સાત ક્ષેત્રો કહેવામાં આવે છે. દક્ષિણ દિશાથી શરૂ કરીને ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત નામનાં સાત ક્ષેત્રો છે. ક્ષેત્રનો શું અર્થ છે? ક્ષેત્ર શબ્દનો અર્થ વર્ષ, વંશ, દેશ અથવા જનપદ છે. તે ક્ષેત્રોના વિભાગ કરનાર છ કુલાચલ છે. દક્ષિણ દિશા તરફથી શરૂ કરીને તેમનાં નામ હિમવત્, મહા હિમવત્, નિષધ, નીલ, રુકિમ અને શિખરિ છે. પૂર્વ–પશ્ચિમ ફેલાયેલા આ છ પર્વતો ભરતાદિ સાત ક્ષેત્રોની વચમાં છે. પર્વતનો શું અર્થ છે? પર્વતનો અર્થ વર્ષધર પર્વત અથવા સીમા પર્વત છે. તે પર્વતોની ઉપર હ્રદોનું ક્રમથી કથન કરે છે. પદ્મ, મહાપદ્મ, તિગિંછ, કેસરિ, મહાપુંડરીક અને પુંડરીક નામનાં અકૃત્રિમ છ હ્રદ છે. હ્રદ એટલે શું? હ્રદનો અર્થ સરોવર છે. તે પદ્માદિ છ સરોવરોમાંથી આગમકથિત ક્રમ પ્રમાણે જે ચૌદ મહા નદીઓ નીકળી છે, તેમનું કથન કરે છે. તે આ પ્રમાણે—હિમવત્ પર્વત પર સ્થિત પદ્મ નામના મહાહ્રદના પૂર્વ તોરણ દ્વારથી અર્ધો કોશ ઊંડી, અને છ યોજન એક કોશ પહોળી ગંગા નદી નીકળીને તે જ પર્વતની ઉપર પૂર્વ દિશામાં પાંચસો યોજન સુધી જાય છે, પછી ત્યાંથી ગંગાકૂટની પાસે દક્ષિણ તરફ વળીને ભૂમિમાં સ્થિત કુંડમાં પડે છે. ત્યાંથી દક્ષિણ દ્વારમાંથી નીકળીને ભરતક્ષેત્રના મધ્યભાગમાં સ્થિત લંબાઈમાં પૂર્વ–પશ્ચિમ સમુદ્રને સ્પર્શનાર વિજયાર્ધ પર્વતની

---

१ 'क्रोशार्धाधिक षट् योजन' इति पाठान्तरं

पूर्वापरसमुद्रस्पर्शिनो विजयार्द्धस्य गुहाद्वारेण निर्गत्य, तत आर्यखण्डार्द्धभागे पूर्वेण व्यावृत्य प्रथमावगाहापेक्षया दशगुणेन गव्यूतिपञ्चकावगाहेन तथैव प्रथमविष्कम्भापेक्षया दशगुणेन योजनार्द्धसहितद्विषष्टियोजनप्रमाणविस्तारेण च पूर्वसमुद्रे प्रविष्टा गङ्गा। तथा गङ्गावत्सिन्धुरपि तस्मादेव हिमवत्पर्वतस्थपद्महृदात्पर्वतस्यैवोपरि पश्चिमद्वारेण निर्गत्य पश्चाद्दक्षिणदिग्विभागेनागत्य विजयार्द्धगुहाद्वारेण निर्गत्यार्यखण्डार्द्धभागे पश्चिमेन व्यावृत्य पश्चिमसमुद्रे प्रविष्टेति। एवं दक्षिणदिग्विभागसमागतगङ्गासिन्धुभ्यां पूर्वापरायतेन विजयार्द्धपर्वतेन च षट्खण्डीकृतं भरतक्षेत्रम्।

अथ महाहिमवत्पर्वतस्थमहापद्महृदाद्दक्षिणदिग्विभागेन हैमवतक्षेत्रमध्ये समागत्य तत्रस्थनाभिगिरिपर्वतं योजनार्द्धेनास्पृशन्ती तस्यैवार्धे प्रदक्षिणं कृत्वा रोहित्पूर्वसमुद्रम् गता। तथैव हिमवत्पर्वतस्थितपद्महृदादुत्तरेणागत्य तमेव नाभिगिरिं योजनार्धेनास्पृशन्ती तस्यैवार्द्धप्रदक्षिणं कृत्वा रोहितास्या पश्चिमसमुद्रं गता। इति रोहिद्रोहितास्यासंज्ञं नदीद्वन्द्वं हैमवतसंज्ञजघन्यभोगभूमिक्षेत्रे ज्ञातव्यम्। अथ निषधपर्वतस्थिततिगिञ्छनामहृदाद्दक्षिणेनागत्य नाभिगिरिपर्वतं योजनार्धेनास्पृशन्ती तस्यैवार्धप्रदक्षिणं कृत्वा हरित्पूर्वसमुद्रम् गता। तथैव

---

ગુફામાં દ્વારમાંથી નીકળીને આર્યખંડના અર્ધભાગમાં પૂર્વ તરફ વળીને પ્રથમ ઊંડાઈ કરતાં દશગણી અર્થાત્ પાંચ કોશ ઊંડી તેમજ પ્રથમની પહોળાઈ કરતાં દશગણી અર્થાત્ સાડી બાસઠ યોજન પહોળી ગંગા નદી પૂર્વ સમુદ્રમાં પ્રવેશ કરે છે. આ ગંગાની જેમ સિંધુ નદી પણ તે જ હિમવત્ પર સ્થિત પદ્મહ્‌દમાંથી પર્વતની ઉપર જ પશ્ચિમ દ્વારમાંથી નીકળીને પછી દક્ષિણ દિશા તરફ આવીને વિજયાર્ધ પર્વતની ગુફાના દ્વારમાંથી નીકળીને આર્યખંડના અર્ધભાગમાં પશ્ચિમ તરફ વળીને પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કરે છે. આ રીતે દક્ષિણ દિશા તરફ આવેલી ગંગા અને સિંધુ–બે નદીઓથી અને પૂર્વ–પશ્ચિમ વિસ્તરેલા વિજયાર્ધ પર્વતથી ભરતક્ષેત્રના છ ખંડ થયા.

હવે, મહા હિમવાન પર્વત પર સ્થિત મહાપદ્મ હ્‌દની દક્ષિણ દિશામાંથી હૈમવત્ ક્ષેત્રની મધ્યમાંથી આવીને ત્યાં રહેલ નાભિગિરિ પર્વતથી અર્ધો યોજન દૂર રહેતી, તે જ પર્વતની અર્ધી પ્રદક્ષિણા કરીને રોહિત નામની નદી પૂર્વ સમુદ્રમાં ગઈ છે. એવી જ રીતે હિમવત્ પર્વત ઉપર રહેલા પદ્મ હ્‌દમાંથી ઉત્તર તરફ આવીને, તે જ નાભિગિરિથી અર્ધો યોજન દૂર રહીને, તેની જ અર્ધી પ્રદક્ષિણા કરીને રોહિતાસ્યા નામની નદી પશ્ચિમ સમુદ્રમાં ગઈ છે. આવી રીતે રોહિત અને રોહિતાસ્યા નામની બે નદીઓ હૈમવત નામના જઘન્ય

**महाहिमवत्पर्वतस्थमहापद्मनामहृदादुत्तरदिग्विभागेनागत्य तमेव नाभिगिरिं योजनार्धेनास्पृशन्ती तस्यैवार्धप्रदक्षिणं कृत्वा हरिकान्तानामनदी पश्चिमसमुद्रम् गता। इति हरिद्धरिकांतासंज्ञं नदीद्वयं हरिसंज्ञमध्यमभोगभूमिक्षेत्रे विज्ञेयम्। अथ नीलपर्वतस्थितकेसरिनाम-हृदाद्दक्षिणेनागत्योत्तरकुरुसंज्ञोत्कृष्टभोगभूमिक्षेत्रे मध्येन गत्वा मेरुसमीपे गजदन्तपर्वतं भित्वा च प्रदक्षिणेन योजनार्धेन मेरुं विहाय पूर्वभद्रशालवनस्य मध्येन पूर्वविदेहस्य च मध्येन शीतानामनदी पूर्वसमुद्रं गता। तथैव निषधपर्वतस्थिततिगिञ्छहृदादुत्तरदिग्विभागेनागत्य देवकुरुसंज्ञोत्तमभोगभूमिक्षेत्रमध्येन गत्वा मेरुसमीपे गजदन्तपर्वतं भित्वा च प्रदक्षिणेन योजनार्धेन मेरुं विहाय पश्चिमभद्रशालवनस्य मध्येन पश्चिमविदेहस्य च मध्येन शीतोदा पश्चिमसमुद्रं गता। एवं शीताशीतोदासंज्ञं नदीद्वयं विदेहाभिधाने कर्मभूमिक्षेत्रे ज्ञातव्यम्। यत्पूर्वं गङ्गासिन्धुनदीद्वयस्य विस्तारावगाहप्रमाणं भणितं तदेव क्षेत्रे क्षेत्रे नदीयुगलं प्रति विदेहपर्यन्तं द्विगुणं द्विगुणं ज्ञातव्यम्। अथ गङ्गा चतुर्दशसहस्रपरिवारनदीसहिता, सिन्धुरपि**

---

ભોગભૂમિના ક્ષેત્રમાં જાણવી. નિષધ પર્વત ઉપરના તિગિંછ નામના હ્રદમાંથી દક્ષિણ તરફ આવીને નાભિગિરિ પર્વતથી અર્ધો યોજન દૂર રહીને, તેની જ અર્ધી પ્રદક્ષિણા કરીને હરિત્ નામની નદી પૂર્વ સમુદ્રમાં ગઈ છે. તેવી જ રીતે મહા હિમવાન પર્વત ઉપર રહેલા મહાપદ્મ નામના હ્રદમાંથી ઉત્તર દિશા તરફ આવીને, તે જ નાભિગિરિથી અર્ધો યોજન દૂર રહીને, તેની જ અર્ધી પ્રદક્ષિણા કરીને હરિકાન્તા નામની નદી પશ્ચિમ સમુદ્રમાં ગઈ છે. આવી રીતે હરિત્ અને હરિકાન્તા નામની બે નદીઓ હરિ નામના મધ્યમ ભોગભૂમિ ક્ષેત્રમાં જાણવી. નીલ પર્વતસ્થિત કેસરિ નામના હ્રદમાંથી દક્ષિણ તરફ આવીને ઉત્તરકુરુ નામના ઉત્કૃષ્ટ ભોગભૂમિના ક્ષેત્રની વચ્ચે થઈને મેરુની પાસે ગજદંત પર્વતને ભેદીને, મેરુની પ્રદક્ષિણાથી અર્ધો યોજન દૂર રહીને પૂર્વ ભદ્રશાલ વન અને પૂર્વ વિદેહની મધ્યમાં થઈને શીતા નામની નદી પૂર્વ સમુદ્રમાં ગઈ છે. તેવી જ રીતે નિષધ પર્વત ઉપરના તિગિંછ નામના હ્રદમાંથી ઉત્તર તરફ આવીને, દેવકુરુ નામના ઉત્તમ ભોગભૂમિ ક્ષેત્રની વચ્ચે થઈને મેરુની પાસે ગજદંત પર્વતને ભેદીને અને મેરુની પ્રદક્ષિણાથી અર્ધો યોજન દૂર રહીને, પશ્ચિમ ભદ્રશાલ વન અને પશ્ચિમ વિદેહની મધ્યમાં થઈને શીતોદા નામની નદી પશ્ચિમ સમુદ્રમાં ગઈ છે. આ રીતે શીતા અને શીતોદા નામની બે નદીઓ વિદેહ નામના કર્મભૂમિના ક્ષેત્રમાં જાણવી. પહેલાં જે ગંગા અને સિંધુ—એ બે નદીઓના વિસ્તાર અને અવગાહનું પ્રમાણ કહ્યું છે; તેનાથી બમણા બમણા વિસ્તાર વગેરે, પ્રત્યેક ક્ષેત્રમાં, બબ્બે નદીઓના, વિદેહ ક્ષેત્ર સુધી જાણવા. ગંગા નદી ચૌદ હજાર પરિવાર નદીઓ સહિત છે, સિંધુ પણ એવડી

तथा, तद्द्विगुणसंख्यानं रोहिद्रोहितास्याद्वयम्, ततोऽपि द्विगुणसंख्यानं हरिद्धरिकान्ताद्वयम्, तद्द्विगुणं शीताशीतोदाद्वयमिति। तथा षड्विंशत्यधिकयोजनशतपञ्चकमेकोनविंशतिभागीकृतैकयोजनस्य भागषट्कं च यद्दक्षिणोत्तरेण कर्मभूमिसंज्ञभरतक्षेत्रस्य विष्कम्भप्रमाणं, तद्द्विगुणं हिमवत्पर्वते, तस्माद्द्विगुणं हैमवतक्षेत्रे, इत्यादि द्विगुणं द्विगुणं विदेहपर्यन्तं ज्ञातव्यम्। तथा पद्महृदो योजनसहस्रायामस्तदर्द्धविष्कम्भो दशयोजनावगाहो योजनैकप्रमाणपद्मविष्कम्भस्तस्मान्महापद्मे द्विगुणस्तस्मादपि तिगिंछे द्विगुण इति।

अथ यथा भरते हिमवत्पर्वतान्निर्गतं गङ्गासिन्धुद्वयं, तथोत्तरे कर्मभूमिसंज्ञैरावतक्षेत्रे शिखरिपर्वतान्निर्गतं रक्तारक्तोदानदीद्वयम्। यथा च हैमवतसंज्ञे जघन्यभोगभूमिक्षेत्रे महाहिमवद्धिमवन्नामपर्वतद्वयात्क्रमेण निर्गतं रोहितरोहितास्यानदीद्वयं, तथोत्तरे हैरण्यवतसंज्ञजघन्यभोगभूमिक्षेत्रे शिखरिरुक्मिसंज्ञपर्वतद्वयात्क्रमेण निर्गतं सुवर्णकूलारूप्यकूलानदीद्वयम्। तथैव यथा हरिसंज्ञमध्यमभोगभूमिक्षेत्रे निषधमहाहिमवन्नामपर्वतद्वयात्क्रमेण निर्गतं हरिद्धरिकान्तानदीद्वयं, तथोत्तरे रम्यकसंज्ञमध्यमभोगभूमिक्षेत्रे रुक्मिनीलनामपर्वतद्वयात्क्रमेण

---

જ છે, તેનાથી બમણી સંખ્યાના પરિવારવાળી રોહિત અને રોહિતાસ્યા એ બે નદીઓ છે, હરિત્ અને હરિકાન્તાનો એનાથી પણ બમણો વિસ્તાર છે, તેનાથી બમણો વિસ્તાર શીતા અને શીતોદાનો છે. દક્ષિણથી ઉત્તર પાંચસો છવીસ પૂર્ણાંક છ ઓગણીસાંશ યોજનપ્રમાણ કર્મભૂમિ ભરતક્ષેત્રનો વિસ્તાર છે, તેનાથી બમણો હિમવત્ પર્વતનો, હિમવત્ પર્વતથી બમણો હૈમવત્ ક્ષેત્રનો, એવી રીતે બમણો બમણો વિસ્તાર વિદેહ ક્ષેત્ર સુધી જાણવો. પદ્મ હ્રદ એક હજાર યોજન લાંબું, તેનાથી અર્ધું પહોળું અને દશ યોજન ઊંડું છે, તેમાં એક યોજનનું કમળ છે, તેનાથી બમણું મહાપદ્મમાં અને તેનાથી બમણું તિગિંછ હ્રદમાં છે.

જેવી રીતે ભરત ક્ષેત્રમાં હિમવાન પર્વતમાંથી ગંગા અને સિંધુ—એ બે નદીઓ નીકળે છે. તેવી જ રીતે ઉત્તર દિશામાં ઐરાવત ક્ષેત્ર નામની કર્મભૂમિના શિખરિ પર્વતમાંથી નીકળતી રક્તા અને રક્તોદા નામની બે નદીઓ છે. જેવી રીતે હૈમવત્ નામની જઘન્ય ભોગભૂમિના ક્ષેત્રમાં મહા હિમવત્ અને હિમવત્ નામના બે પર્વતોમાંથી ક્રમશઃ નીકળતી રોહિત અને રોહિતાસ્યા—એ બે નદીઓ છે. તેવી જ રીતે ઉત્તરમાં હૈરણ્યવત નામના જઘન્ય ભોગભૂમિ ક્ષેત્રમાં શિખરિ અને રુક્મિ નામના પર્વતોમાંથી ક્રમપૂર્વક નીકળતી સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા—એ બે નદીઓ છે. તેવી જ રીતે જેમ હરિ નામક મધ્યમ ભોગભૂમિ ક્ષેત્રમાં નિષધ અને મહાહિમવાન નામના બે પર્વતોમાંથી ક્રમશઃ નીકળતી હરિત અને હરિકાન્તા નામની બે નદીઓ છે, તેમ ઉત્તરમાં રમ્યક નામના મધ્યમ ભોગભૂમિના ક્ષેત્રમાં રુક્મિ અને

निर्गतं नारीनरकान्तानदीद्वयमिति विज्ञेयम्। सुषमसुषमादिषट्कालसंबंधिपरमागमोक्तायुरुत्सेधादिसहिता दशसागरोपमकोटिप्रमितावसर्पिणी तथोत्सर्पिणी च यथा भरते वर्त्तते तथैवैरावते च। अयन्तु विशेषः, भरतैरावतम्लेच्छखण्डेषु विजयार्धनगेषु च चतुर्थकालसमयाद्यन्ततुल्यकालोऽस्ति नापरः। किं बहुना, यथा खट्वाया एकभागे ज्ञाते द्वितीयभागस्तथैव ज्ञायते तथैव जम्बूद्वीपस्य क्षेत्रपर्वतनदीहृदादीनां यदेव दक्षिणविभागे व्याख्यानं तदुत्तरेऽपि विज्ञेयम्।

अथ देहममत्वमूलभूतमिथ्यात्वरागादिविभावरहिते केवलज्ञानदर्शनसुखाद्यनन्तगुणसहिते च निजपरमात्मद्रव्ये यया सम्यग्दर्शनज्ञानचारित्रभावनया कृत्वा विगतदेहा देहरहिताः सन्तो मुनयः प्राचुर्येण यत्र मोक्षं गच्छन्ति स विदेहो भण्यते। तस्य जम्बूद्वीपस्य मध्यवर्त्तिनः किमपि विवरणं क्रियते। तद्यथा—नवनवतिसहस्रयोजनोत्सेध एकसहस्रावगाह आदौ भूमितले दशयोजनसहस्रवृत्तविस्तार उपर्युपरि पुनरेकादशांशहानिक्रमेण हीयमानत्वे सति मस्तके योजनसहस्रविस्तार आगमोक्ताकृत्रिमचैत्यालयदेववनदेवावासाद्यागमकथितानेकाश्चर्यसहितो

---

નીલ નામના બે પર્વતોમાંથી ક્રમપૂર્વક નીકળતી નારી અને નરકાન્તા—બે નદીઓ જાણવી. સુષમ સુષમાદિ છ કાળ સંબંધી પરમાગમમાં કહ્યા પ્રમાણે આયુષ્ય, શરીરની ઊંચાઈ આદિ સહિત દસ ક્રોડાક્રોડ સાગરપ્રમાણ અવસર્પિણી-ઉત્સર્પિણી કાળ જેવો ભરતમાં વર્તે છે, તેવો જ ઐરાવત ક્ષેત્રમાં વર્તે છે. આટલું વિશેષ છે કે ભરત અને ઐરાવતના મલેચ્છ ખંડોમાં અને વિજયાર્ધ પર્વતમાં ચોથા કાળના આદિ અને અંત જેવો કાળ વર્તે છે, બીજો કાળ હોતો નથી. વિશેષ શું કહેવું? જેમ ખાટનો એક ભાગ જાણી લેવાથી તેનો બીજો ભાગ તેવો જ હોય, એમ જાણી લેવાય છે તેમજ જંબૂદ્વીપનાં ક્ષેત્ર, પર્વત, નદી, હ્રદ આદિનું જે દક્ષિણ દિશા સંબંધી વ્યાખ્યાન છે, તે જ ઉત્તર દિશા સંબંધી પણ જાણવું.

હવે, શરીરના મમત્વના કારણરૂપ મિથ્યાત્વ અને રાગાદિ વિભાવોથી રહિત અને કેવળજ્ઞાન, કેવળદર્શન, સુખાદિ અનંતગુણ સહિત નિજ પરમાત્મદ્રવ્યમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવના કરીને મુનિઓ જ્યાંથી વિગતદેહ અર્થાત્ દેહરહિત થઈને પ્રચુરપણે (અધિકપણે) મોક્ષ પ્રાપ્ત કરે છે, તેને વિદેહક્ષેત્ર કહે છે. તે જંબૂદ્વીપની મધ્યમાં આવેલા વિદેહક્ષેત્રનું કાંઈક વર્ણન કરે છે. તે આ પ્રમાણે—નવાણું હજાર યોજન ઊંચો, એક હજાર યોજન ઊંડો અને શરૂઆતમાં ભૂમિતળ ઉપર દસ હજાર યોજન ગોળ વિસ્તારવાળો તથા ઉપર ઉપર અગિયારમાં ભાગની હાનિક્રમે ઘટતાં ઘટતાં શિખર ઉપર એક હજાર યોજનના વિસ્તારવાળો આગમકથિત અકૃત્રિમ ચૈત્યાલય, દેવવન તથા દેવોના

विदेहक्षेत्रमध्ये महामेरुर्नाम पर्वतोस्ति। स च गजो जातस्तस्मान्मेरुगजात्सकाशादुत्तरमुखे दन्तद्वयाकारेण यन्निर्गतं पर्वतद्वयं तस्य गजदन्तद्वयसंज्ञेति, तथोत्तरे भागे नीलपर्वते लग्नं तिष्ठति। तयोर्मध्ये यत् त्रिकोणाकारक्षेत्रमुत्तमभोगभूमिरूपं तस्योत्तरकुरुसंज्ञा। तस्य च मध्ये मेरोरीशानदिग्विभागे शीतानीलपर्वतयोर्मध्ये परमागमवर्णितानाद्यकृत्रिमपार्थिवो जम्बूवृक्षस्तिष्ठति। तस्या एव शीताया उभयतटे यमकगिरिसंज्ञं पर्वतद्वयं विज्ञेयम्। तस्मात्पर्वतद्वयादक्षिणभागे कियन्तमध्वानं गत्वा शीतानदीमध्ये अन्तरान्तरेण पद्मादिहूदपञ्चकमस्ति। तेषां हूदानामुभयपार्श्वयोः प्रत्येकं सुवर्णरत्नमयजिनगृहमण्डिता लोकानुयोगव्याख्यानेन दश दश सुवर्णपर्वता भवन्ति। तथैव निश्चयव्यवहाररत्नत्रयाराधकोत्तमपात्रपरमभक्तिदत्ताहारदानफलेनोत्पन्ननां तिर्यग्मनुष्याणां स्वशुद्धात्मभावनोत्पन्ननिर्विकारसदानन्दैकलक्षणसुखामृतरसास्वादविलक्षणस्य चक्रवर्त्तिभोगसुखादप्यधिकस्य विविधपञ्चेन्द्रियभोगसुखस्य प्रदायका ज्योतिर्गृहप्रदीपतूर्यभोजनवस्त्रमाल्यभाजनभूषणरागमदोत्पादकरसांगसंज्ञा

---

આવાસ આદિ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનાં અનેક આશ્ચર્યોવાળો મહામેરુ નામનો પર્વત વિદેહક્ષેત્રની મધ્યમાં છે. તે જ જાણે હાથી હોય તેમ તે મેરુપર્વતરૂપી હાથીમાંથી ઉત્તર દિશામાં બે દાંતના આકારવાળા બે પર્વતો નીકળ્યા છે, તેમનું નામ ‘બે–ગજદંત’ છે, તેઓ ઉત્તર ભાગમાં જે નીલપર્વત છે તેમાં જોડાયેલા છે. તે બે–ગજદંત પર્વતની વચ્ચે જે ત્રિકોણાકાર ઉત્તમ ભોગભૂમિરૂપ ક્ષેત્ર છે, તેનું નામ ‘ઉત્તરકુરુ’ છે. તેની વચમાં મેરુપર્વતની ઈશાન દિશામાં શીતા નદી અને નીલ પર્વતની વચ્ચે પરમાગમમાં વર્ણવેલ અનાદિ–અકૃત્રિમ, પૃથ્વીકાયિક જંબૂવૃક્ષ છે. તે જ શીતા નદીના બન્ને કિનારા ઉપર યમકગિરિ નામના બે પર્વત જાણવા. તે બે પર્વતથી દક્ષિણ દિશામાં થોડે દૂર જતાં શીતા નદીની વચ્ચે થોડે થોડે અંતરે પદ્મ આદિ પાંચ હ્રદ છે. તે હ્રદોનાં બન્ને પડખે લોકાનુયોગના વ્યાખ્યાન અનુસાર, સુવર્ણ અને રત્નમય જિન ચૈત્યાલયોથી શોભતા દસ દસ સુવર્ણપર્વતો છે. એવી જ રીતે નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક ઉત્તમ પાત્રોને પરમ ભક્તિથી આપેલા આહારદાનના ફળથી ઉત્પન્ન તિર્યંચ અને મનુષ્યોને ચક્રવર્તીના ભોગસુખથી પણ અધિક એવું, વિવિધ પ્રકારનું પંચેન્દ્રિયસંબંધી ભોગોનું સુખ—કે જે (ભોગસુખ) સ્વશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થતા, નિર્વિકાર, સદા આનંદ જેનું એક લક્ષણ છે; એવા સુખામૃતના રસાસ્વાદથી વિલક્ષણ છે એવું ભોગસુખ—આપનારાં જ્યોતિરંગ, ગૃહાંગ, દીપાંગ, તૂર્યાંગ, ભોજનાંગ, વસ્ત્રાંગ, માલ્યાંગ, ભાજનાંગ, ભૂષણાંગ અને રાગ તથા મદ ઉત્પન્ન કરનાર રસાંગ નામનાં દસ પ્રકારનાં કલ્પવૃક્ષ ભોગભૂમિના

दशप्रकारकल्पवृक्षाः भोगभूमिक्षेत्रं व्याप्य तिष्ठन्तीत्यादिपरमागमोक्तप्रकारेणानेकाश्चर्याणि ज्ञातव्यानि। तस्मादेव मेरुगजाद्दक्षिणदिग्विभागेन गजदन्तद्वयमध्ये देवकुरुसंज्ञमुत्तमभोग-भूमिक्षेत्रमुत्तरकुरुवद्विज्ञेयम्।

तस्मादेव मेरुपर्वतात्पूर्वस्यां दिशि पूर्वापरेण द्वाविंशतिसहस्रयोजनविष्कम्भं सवेदिकं भद्रशालवनमस्ति। तस्मात्पूर्वदिग्भागे कर्मभूमिसंज्ञः पूर्वविदेहोऽस्ति। तत्र नीलकुलपर्वताद्दक्षिणभागे शीतानद्या उत्तरभागे मेरोः प्रदक्षिणेन यानि क्षेत्राणि तिष्ठन्ति तेषां विभागः कथ्यते। तथाहि—मेरोः पूर्वदिशाभागे या पूर्वभद्रशालवनवेदिका तिष्ठति तस्याः पूर्वदिग्भागे प्रथमं क्षेत्रं भवति, तदनन्तरं दक्षिणोत्तरायतो वक्षारनामा पर्वतो भवति, तदनन्तरं क्षेत्रं तिष्ठति, ततोऽप्यनन्तरं विभङ्गा नदी भवति, ततोऽपि क्षेत्रं, तस्मादपि वक्षारपर्वतस्तिष्ठति, ततश्च क्षेत्रं, ततोऽपि विभङ्गा नदी, तदनन्तरं क्षेत्रं, ततः परं वक्षारपर्वतोऽस्ति, तदनन्तरं क्षेत्रं, ततो विभङ्गा नदी, ततश्च क्षेत्रं, ततो वक्षारपर्वतस्ततः क्षेत्रं, तदनन्तं पूर्वसमुद्रसमीपे यद्देवारण्यं तस्य वेदिका चेति नवभित्तिभिरष्टक्षेत्राणि ज्ञातव्यानि। तेषां क्रमेण नामानि कथ्यन्ते—कच्छा १, सुकच्छा २, महाकच्छा ३, कच्छावती ४,

---

ક્ષેત્રમાં સ્થિત છે. ઇત્યાદિ પરમાગમ કથિત પ્રકારે અનેક આશ્ચર્યો સમજવાં. તે જ મેરુગજમાંથી દક્ષિણ દિશામાં જે ‘બે–ગજદંત’ છે, તેની વચમાં દેવકુરુ નામની ઉત્તમ ભોગભૂમિનું ક્ષેત્ર ઉત્તરકુરુની જેમ જાણવું.

તે જ મેરુપર્વતની પૂર્વ દિશામાં પૂર્વ–પશ્ચિમ બાવીસ હજાર યોજનના વિસ્તારવાળું વેદીસહિત ભદ્રશાલ વન છે. તેનાથી પૂર્વ દિશામાં કર્મ–ભૂમિ નામનું પૂર્વ વિદેહ છે. ત્યાં નીલ નામના કુલાચલની દક્ષિણ દિશામાં અને શીતા નદીની ઉત્તરે મેરુ ફરતાં જે ક્ષેત્રો છે, તેમના વિભાગોનું કથન કરવામાં આવે છે. તે આ રીતે છે—મેરુની પૂર્વ દિશામાં જે પૂર્વ ભદ્રશાલ વનની વેદિકા છે, તેની પૂર્વ દિશામાં પ્રથમ ક્ષેત્ર છે, ત્યાર પછી દક્ષિણ–ઉત્તર લંબાયેલો વક્ષાર નામનો પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, ત્યાર પછી વિભંગા નદી છે, તેની આગળ ક્ષેત્ર છે, તેની આગળ વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, ત્યાર પછી પણ વિભંગા નદી છે, ત્યાર પછી ક્ષેત્ર છે, ત્યાર પછી વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, ત્યાર પછી પૂર્વ સમુદ્રની પાસે જે દેવારણ્ય નામનું વન છે, તેની વેદિકા છે. એવી રીતે નવ ભીંતો વડે આઠ ક્ષેત્રો જાણવાં. તેમનાં ક્રમપૂર્વક નામ કહેવામાં આવે છે—કચ્છા, સુકચ્છા, મહાકચ્છા,

आवर्त्ता ५, लाङ्गलावर्त्ता ६, पुष्कला ७, पुष्कलावती ८ चेति। इदानीं क्षेत्रमध्यस्थितनगरीणां नामानि कथ्यन्ते—क्षेमा १, क्षेमपुरी २, रिष्टा ३, रिष्टपुरी ४, खड्गा ५, मञ्जूषा ६, औषधी ७, पुण्डरीकिणी ८ चेति।

अत ऊर्ध्वं शीताया दक्षिणविभागे निषधपर्वतादुत्तरविभागे यान्यष्टक्षेत्राणि तानि कथ्यन्ते। तद्यथा—पूर्वोक्ता या देवारण्यवेदिका तस्याः पश्चिमभागे क्षेत्रमस्ति, तदनन्तरं वक्षारपर्वतस्ततः परं क्षेत्रं, ततो विभङ्गा नदी, ततश्च क्षेत्रं, तस्माद्वक्षारपर्वतस्ततश्च क्षेत्रं, ततो विभङ्गा नदी, ततः क्षेत्रं, ततो वक्षारपर्वतः, ततः क्षेत्रं, ततो विभङ्गा नदी, तदनन्तरं क्षेत्रं, ततो वक्षारपर्वतस्ततः क्षेत्रं, ततो मेरुदिग्भागे पूर्वभद्रशालवनवेदिका भवतीति नवभित्तिमध्येऽष्टौ क्षेत्राणि ज्ञातव्यानि। इदानीं तेषां क्रमेण नामानि कथ्यन्ते—वच्छा १, सुवच्छा २, महावच्छा ३, वच्छावती ४, रम्या ५, रम्यका ६, रमणीया ७, मङ्गलावती ८ चेति। इदानीं तन्मध्यस्थितनगरीणां नामानि कथ्यन्ते—सुसीमा १, कुण्डला २, अपराजिता ३, प्रभाकरी ४, अङ्का ५, पद्मा ६, शुभा ७, रत्नसंचया ८ चेति, इति पूर्वविदेहक्षेत्रविभाग-

---

કચ્છાવતી, આવર્ત્તા, લાંગલાવર્ત્તા, પુષ્કલા, પુષ્કલાવતી.

હવે, ક્ષેત્રોની મધ્યમાં જે નગરીઓ છે તેમનાં નામ કહે છે : ક્ષેમા, ક્ષેમપુરી, રિષ્ટા, રિષ્ટપુરી, ખડ્ગા, મંજૂષા, ઔષધિ અને પુંડરીકિણી.

હવે પછી, શીતા નદીની દક્ષિણ દિશામાં નિષધ પર્વતની ઉત્તરે જે આઠ ક્ષેત્રો છે, તેનું કથન કરે છે. તે આ પ્રમાણે—પૂર્વોક્ત જે દેવારણ્યની વેદિકા છે તેની પશ્ચિમે ક્ષેત્ર છે, ત્યાર પછી વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, ત્યાર પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, ત્યાર પછી વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, ત્યાર પછી વિભંગા નદી છે, ત્યાર પછી ક્ષેત્ર છે, ત્યાર પછી વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, ત્યાર પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, પછી મેરુની પૂર્વ દિશાના પૂર્વભદ્રશાલ વનની વેદી છે. એવી રીતે નવ ભીંત વચ્ચે આઠ ક્ષેત્રો જાણવાં.

હવે, તેમનાં નામ ક્રમપૂર્વક કહે છે—વચ્છા, સુવચ્છા, મહાવચ્છા, વચ્છાવતી, રમ્યા, રમ્યકા, રમણીયા અને મંગલાવતી.

હવે, તેમની મધ્યમાં આવેલી નગરીઓનાં નામ કહે છે : સુસીમા, કુંડલા, અપરાજિતા, પ્રભાકરી, અંકા, પદ્મા, શુભા અને રત્નસંચયા.—એ પ્રમાણે પૂર્વવિદેહક્ષેત્રના

**व्याख्यानं समाप्तम्।**

**अथ मेरोः पश्चिमदिग्भागे पूर्वापरद्वाविंशतिसहस्रयोजनविष्कम्भो पश्चिमभद्रशालवनानन्तरं पश्चिमविदेहस्तिष्ठति। तत्र निषधपर्वतादुत्तरविभागे शीतोदानद्यादक्षिणभागे यानि क्षेत्राणि तेषां विभाग उच्यते। तथाहि—मेरुदिग्भागे या पश्चिमभद्रशालवनवेदिका तिष्ठति तस्याः पश्चिमभागे क्षेत्रं भवति, ततो दक्षिणोत्तरायतो वक्षारपर्वतस्तिष्ठति, तदनन्तरं क्षेत्रं, ततो विभङ्गा नदी, ततः क्षेत्रं, ततो वक्षारपर्वतस्ततः क्षेत्रं, ततः विभङ्गा नदी, ततः क्षेत्रं, ततो वक्षारपर्वतस्ततः क्षेत्रं, ततः विभङ्गा नदी, ततः क्षेत्रं, ततः वक्षारपर्वतस्ततः क्षेत्रं, तदनन्तरं पश्चिमसमुद्रे समीपे यद्भूतारण्यवनं तिष्ठति तस्य वेदिका चेति नवभित्तिषु मध्येऽष्टौ क्षेत्राणि भवन्ति। तेषां नामानि कथ्यन्ते—पद्मा १, सुपद्मा २, महापद्मा ३, पद्मकावती ४, शंखा ५, नलिना ६, कुमुदा ७, सलिला ८ चेति। तन्मध्यस्थितनगरीणां नामानि कथयन्ति—अश्वपुरी १, सिंहपुरी २, महापुरी ३, विजयापुरी ४, अरजापुरी ५, विरजापुरी ६, अशोकापुरी ७, विशोकापुरी ८ चेति।**

**अत ऊर्ध्वं शीतोदाया उत्तरभागे नीलकुलपर्वताद्दक्षिणे भागे यानि क्षेत्राणि तिष्ठन्ति**

---

વિભાગોનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે, મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં પૂર્વ–પશ્ચિમ બાવીસ હજાર યોજન લાંબા પશ્ચિમ ભદ્રશાલ વન પછી પશ્ચિમ વિદેહક્ષેત્ર છે, ત્યાં નિષધ પર્વતની ઉત્તરે અને શીતોદા નદીની દક્ષિણે જે ક્ષેત્રો છે, તેના વિભાગ કહે છે—મેરુપર્વતની પશ્ચિમ દિશામાં જે પશ્ચિમ ભદ્રશાલ વનની વેદિકા છે તેની પશ્ચિમે ક્ષેત્ર છે, ત્યાર પછી દક્ષિણથી ઉત્તરે લંબાયેલો વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, ત્યાર પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, ત્યાર પછી પશ્ચિમ સમુદ્રની પાસે જે ભૂતારણ્ય નામનું વન છે તેની વેદિકા છે. આવી રીતે નવ ભીંતોની વચ્ચે આઠ ક્ષેત્ર છે. તેમનાં નામ કહે છે—પદ્મા, સુપદ્મા, મહાપદ્મા, પદ્મકાવતી, શંખા, નલિના, કુમુદા, સલિલા. તેની વચ્ચે આવેલી નગરીઓનાં નામ કહે છે—અશ્વપુરી, સિંહપુરી, મહાપુરી, વિજયાપુરી, અરજાપુરી, વિરજાપુરી, અશોકાપુરી અને વિશોકાપુરી.

હવે શીતોદાની ઉત્તરે અને નીલકુલાચલની દક્ષિણે જે ક્ષેત્રો છે, તેમના વિભાગભેદનું

तेषां विभागभेदं कथयति। पूर्वभणिता या भूतारण्यवनवेदिका तस्याः पूर्वभागे क्षेत्रं भवति। तदनंतरं वक्षारपर्वतस्तदनंतरं क्षेत्रं, ततो विभंगा नदी, ततः क्षेत्रं, ततो वक्षारपर्वतः, ततश्च क्षेत्रं, ततश्च विभंगा नदी, ततोऽपि क्षेत्रं, ततो वक्षारपर्वतस्ततः क्षेत्रं, ततो विभंगा नदी, ततः क्षेत्रं, ततश्च वक्षारपर्वतस्ततः क्षेत्रं, ततो मेरुदिशाभागे पश्चिमभद्रशालवनवेदिका चेति नवभित्तिषुं मध्येऽष्टौ क्षेत्राणि भवन्ति। तेषां क्रमेण नामानि कथ्यन्ते—वप्रा १, सुवप्रा २, महावप्रा ३, वप्रकावती ४, गन्धा ५, सुगन्धा ६, गन्धिला ७, गन्धमालिनी ८ चेति। तन्मध्यस्थितनगरीणां नामानि कथ्यन्ते—विजया १, वैजयंती २, जयंती ३, अपराजिता ४, चक्रपुरी ५, खड्गपुरी ६, अयोध्या ७, अवध्या ८ चेति।

अथ यथा—भरतक्षेत्रेगङ्गासिंधुनदीद्वयेन विजयार्धपर्वतेन च म्लेच्छखण्डपञ्चकमार्यखण्डं चेति षट् खण्डानि जातानि। तथैव तेषु द्वात्रिंशत्क्षेत्रेषु गङ्गासिंधुसमाननदीद्वयेन विजयार्धपर्वतेन च प्रत्येकं षट् खण्डानि ज्ञातव्यानि। अयं तु विशेषः। एतेषु क्षेत्रेषु सर्वदैव चतुर्थकालादिसमानकालः। उत्कर्षेणं पूर्वकोटिजीवितं, पञ्चशतचापोत्सेधश्चेति विज्ञेयम्। पूर्वप्रमाणं कथ्यते। ''पुव्वस्स हु परिमाणं सदरिं खलु सदसहस्सकोडीओ। छप्पण्णं च सहस्सा

---

કથન કરે છે. પૂર્વે કહેલી જે ભૂતારણ્યવન–વેદિકા છે તેની પૂર્વે ક્ષેત્ર છે, ત્યાર પછી વક્ષાર પર્વત છે, ત્યાર પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, પછી વિભંગા નદી છે, પછી ક્ષેત્ર છે, પછી વક્ષાર પર્વત છે, પછી ક્ષેત્ર છે, ત્યાર પછી મેરુપર્વતની પશ્ચિમ દિશામાં પશ્ચિમ ભદ્રશાલ વનની વેદિકા છે. આવી રીતે નવ ભીંતોની વચ્ચે આઠ ક્ષેત્રો છે. તેમનાં ક્રમથી નામ કહે છે—વપ્રા, સુવપ્રા, મહાવપ્રા, વપ્રકાવતી, ગંધા, સુગંધા, ગંધિલા, ગંધમાલિની. તેની મધ્યમાં સ્થિત નગરીઓનાં નામ કહેવાય છે—વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, ચક્રપુરી, ખડ્ગપુરી, અયોધ્યા અને અવધ્યા.

હવે, જેમ ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ એ બે નદીઓથી તથા વિજયાર્ધ પર્વતથી પાંચ મ્લેચ્છ ખંડ અને એક આર્યખંડ એમ છ ખંડ થયા, તેમ પૂર્વોક્ત બત્રીસ વિદેહક્ષેત્રોમાં ગંગા અને સિંધુ જેવી બે નદીઓ અને વિજયાર્ધ પર્વતથી પ્રત્યેક ક્ષેત્રના છ ખંડ જાણવા. વિશેષ એ છે કે; આ બધાં ક્ષેત્રોમાં સદાય ચોથા કાળની આદિ જેવો કાળ રહે છે. ત્યાં ઉત્કૃષ્ટ આયુષ્ય કરોડ પૂર્વનું છે અને શરીરની ઊંચાઈ પાંચસો ધનુષ્યની છે. પૂર્વનું માપ કહે છે. ''પૂર્વનું પ્રમાણ સિત્તેર લાખ, છપ્પન હજાર કરોડ વર્ષ જાણવું.''

बोधव्या वासगणनाओ॥१॥'' इति संक्षेपेण जम्बूद्वीपव्याख्यानं समाप्तम्।

तदनन्तरं यथा सर्वद्वीपेषु सर्वसमुद्रेषु च द्वीपसमुद्रमर्यादाकारिका योजनाष्टकोत्सेधा वज्रवेदिकास्ति तथा जम्बूद्वीपेप्यस्तीति विज्ञेयम्। यद्बहिर्भागे योजनलक्षद्वयवलयविष्कम्भ आगमकथितषोडशसहस्रयोजनजलोत्सेधाद्यनेकाश्चर्य सहितो लवणसमुद्रोऽस्ति। तस्मादपि बहिर्भागे योजनलक्षचतुष्टयवलयविष्कम्भो धातकीखण्डद्वीपोऽस्ति। तत्र च दक्षिणभागे लवणोदधिकालोदधिसमुद्रद्वयवेदिकास्पर्शी दक्षिणोत्तरायामः सहस्रयोजनविष्कम्भः शतचतुष्टयोत्सेध इक्ष्वाकारनामपर्वतः अस्ति। तथोत्तरविभागेऽपि। तेन पर्वतद्वयेन खण्डीकृतं पूर्वापरधातकीखण्डद्वयं ज्ञातव्यम्। तत्र पूर्वधातकीखण्डद्वीपमध्ये चतुरशीतिसहस्रयोजनोत्सेधः सहस्रयोजनावगाहः क्षुल्लकमेरुरस्ति। तथा पश्चिमधातकीखण्डेऽपि। यथा जम्बूद्वीपमहामेरोः भरतादिक्षेत्रहिमवदादिपर्वतगङ्गादिनदीपद्मादिहृदानां दक्षिणोत्तरेण व्याख्यानं कृतं तथात्र पूर्वधातकीखण्डमेरौ पश्चिमधातकीखण्डमेरौ च ज्ञातव्यम्। अत एव जम्बूद्वीपापेक्षया संख्यां प्रति द्विगुणानि भवन्ति भरतक्षेत्राणि, न च विस्तारायामापेक्षया। कुलपर्वताः पुनर्विस्तारापेक्षयैव

---

આ રીતે સંક્ષેપથી જંબૂદ્વીપનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

જેવી રીતે બધા દ્વીપ અને સમુદ્રોમાં, દ્વીપ અને સમુદ્રની હદ આંકનારી આઠ યોજન ઊંચી વજ્રની દિવાલ હોય છે, તેવી રીતે જંબૂદ્વીપમાં પણ છે; એમ જાણવું. તે વેદિકાની બહાર બે લાખ યોજન પહોળો, ગોળાકાર, આગમમાં કહ્યા પ્રમાણે સોળ હજાર યોજન જળની ઊંડાઈ આદિ અનેક આશ્ચર્યો સહિત લવણ સમુદ્ર છે, તેની બહાર ચાર લાખ યોજન ગોળ વિસ્તારવાળો ધાતકીખંડ દ્વીપ છે, ત્યાં દક્ષિણ ભાગમાં લવણોદધિ અને કાલોદધિ એ બે સમુદ્રોની વેદિકાને સ્પર્શનાર દક્ષિણ—ઉત્તર પથરાયેલો, એક હજાર યોજનના વિસ્તારવાળો, ચારસો યોજન ઊંચો ઈક્ષ્વાકાર નામનો પર્વત છે. તેવી જ રીતે ઉત્તર ભાગમાં પણ એક ઈક્ષ્વાકાર પર્વત છે. તે બે પર્વતોથી વિભાજિત, પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ એવા બે ભાગ જાણવા. પૂર્વ ધાતકીખંડ દ્વીપની વચમાં ચોરાસી હજાર યોજન ઊંચો અને એક હજાર યોજન ઊંડો નાનો મેરુ છે. તથા પશ્ચિમ ધાતકીખંડમાં પણ એક નાનો મેરુ છે. જેવી રીતે જંબૂદ્વીપના મહામેરુના ભરતાદિક્ષેત્ર, હિમવત્ આદિ પર્વત, ગંગા આદિ નદી અને પદ્મ આદિ હ્રદોનું દક્ષિણ અને ઉત્તર દિશા સંબંધી વર્ણન કર્યું છે, તેમ આ પૂર્વ ધાતકીખંડના અને પશ્ચિમ ધાતકીખંડના મેરુ સંબંધી પણ જાણવું. તેથી ધાતકીખંડમાં જંબૂદ્વીપની અપેક્ષાએ સંખ્યામાં ભરતક્ષેત્રાદિ બમણા થાય છે, પરંતુ લંબાઈ—પહોળાઈની

**द्विगुणा, नत्वायामं प्रति। तत्र धातकीखण्डद्वीपे यथा चक्रस्यारास्तथाकाराः कुलपर्वता भवन्ति। यथा चाराणां विवराणि छिद्राणि मध्यान्यभ्यन्तरे सङ्कीर्णानि बहिर्भागे विस्तीर्णानि तथा क्षेत्राणि ज्ञातव्यानि।**

**इत्थंभूतं धातकीखण्डद्वीपमष्टलक्षयोजनवलयविष्कम्भः कालोदकसमुद्रः परिवेष्ट्य तिष्ठति। तस्माद्बहिर्भागे योजनलक्षाष्टकं गत्वा पुष्करवरद्वीपस्य अर्द्धे वलयाकारेण चतुर्दिशाभागे मानुषोत्तरनामा पर्वतस्तिष्ठति। तत्र पुष्करार्धेऽपि धातकीखण्डद्वीपवद्दक्षिणोत्तरेणेक्ष्वाकारनामपर्वतद्वयं पूर्वापरेण क्षुल्लकमेरुद्वयं च। तथैव भरतादिक्षेत्रविभागश्च बोधव्यः। परं किन्तु जम्बूद्वीपभरतादिसंख्यापेक्षया भरतक्षेत्रादिद्विगुणत्वं, न च धातकीखण्डापेक्षया। कुलपर्वतानां तु धातकीखण्डकुलपर्वतापेक्षया द्विगुणो विष्कम्भ आयामश्च। उत्सेधप्रमाणं पुनः दक्षिणभागे विजयार्धपर्वते योजनानि पञ्चविंशतिः हिमवति पर्वते शतं, महाहिमवति द्विशतं, निषधे चतुःशतं, तथोत्तरभागे च। मेरुसमीपगजदन्तेषु**

---

અપેક્ષાએ બમણા નથી. કુલપર્વતો વિસ્તારની અપેક્ષાએ બમણા છે, પણ લંબાઈની અપેક્ષાએ બમણા નથી. તે ધાતકીખંડ દ્વીપમાં જેવા ચક્રના આરા હોય છે, તેવા આકારના કુલાચલ છે. જેમ ચક્રના આરામાં છિદ્રો અંદરની તરફ સાંકડા હોય છે અને બહારની તરફ પહોળા હોય છે, તેમ ક્ષેત્રોનો આકાર જાણવો.

આ પ્રકારના ધાતકીખંડ દ્વીપને આઠ લાખ યોજનનો ગોળ વિસ્તારવાળો કાલોદક સમુદ્ર વીંટળાયેલો છે. તે કાલોદક સમુદ્રની બહાર આઠ લાખ યોજન ચાલતાં પુષ્કરવરદ્વીપના અર્ધા ભાગમાં, ગોળાકારે, ચારે દિશાઓમાં માનુષોત્તર નામનો પર્વત છે. તે પુષ્કરાર્ધદ્વીપમાં પણ ધાતકીખંડ દ્વીપની પેઠે દક્ષિણ અને ઉત્તર દિશામાં ઈક્ષ્વાકાર નામના બે પર્વત છે અને પૂર્વ તથા પશ્ચિમ દિશામાં બે નાના મેરુ છે. એવી જ રીતે ભરતાદિ ક્ષેત્રોના વિભાગ જાણવા. પરંતુ જંબૂદ્વીપના ભરતાદિની સંખ્યાની અપેક્ષાએ અહીં ભરતાદિ ક્ષેત્ર બમણાં છે, ધાતકીખંડ દ્વીપના ભરતાદિની સંખ્યાની અપેક્ષાએ નહિ. કુલાચલોની ઊંચાઈ તથા પહોળાઈ ધાતકીખંડના કુલાચલોની અપેક્ષાએ બમણી છે. દક્ષિણમાં વિજયાર્ધ પર્વતની ઊંચાઈનું પ્રમાણ પચીસ યોજન, હિમવત્ પર્વતની ઊંચાઈ સો યોજન, મહા હિમવત્ પર્વતની ઊંચાઈ બસો યોજન અને નિષધ પર્વતની ઊંચાઈ ચારસો યોજન છે. ઉત્તર ભાગમાં પણ પર્વતોની ઊંચાઈનું પ્રમાણ તેવી જ રીતે છે. મેરુની સમીપમાં ગજદંતોની ઊંચાઈ પાંચસો યોજન છે અને નીલ તથા નિષધ પર્વતોની પાસે ગજદંતોની ઊંચાઈ ચારસો

शतपञ्चकं, नील निषध पार्श्वे गजदन्तानि योजन चतुः शतानि। नदीसमीपे वक्षारेषु चान्त्यनिषधनीलसमीपे चतुःशतं च। शेषपर्वतानां च मेरुं त्यक्त्वा यदेव जम्बूद्वीपे भणितं तदेवार्धतृतीयद्वीपेषु च विज्ञेयम्। तथा नामानि च क्षेत्रपर्वतनदीदेशनगरादीनां तान्येव। तथैव क्रोशद्वयोत्सेधा पञ्चशतधनुर्विस्तारा पद्मरागरत्नमयी वनादीनां वेदिका सर्वत्र समानेति। अत्रापि चक्राराकारवत्पर्वता आरधिवरसंस्थानानि क्षेत्राणि ज्ञातव्यानि। मानुषोत्तर-पर्वतादभ्यन्तरभाग एव मनुष्यास्तिष्ठन्ति, न च बहिर्भागे। तेषां च जघन्यजीवितमन्त-र्मुहूर्तप्रमाणम्, उत्कर्षेण पल्यत्रयं, मध्ये मध्यमविकल्पा बहवस्तथा तिरश्चां च। एवमसंख्येयद्वीपसमुद्रविस्तीर्णतिर्यग्लोकमध्येऽर्धतृतीयद्वीपप्रमाणः संक्षेपेण मनुष्यलोको व्याख्यातः।

अथ मानुषोत्तरपर्वतसकाशाद्बहिर्भागे स्वयम्भूरमणद्वीपार्धं परिक्षिप्य योऽसौ नागेन्द्रनामा पर्वतस्तस्मात्पूर्वभागे ये संख्यातीता द्वीपसमुद्रास्तिष्ठन्ति तेषु यद्यपि 'व्यन्तरा निरन्तरा' इति वचनाद् व्यन्तरदेवावासास्तिष्ठन्ति तथापि पल्यप्रमाणायुषां तिरश्चां सम्बन्धिनी जघन्यभोगभूमिरिति ज्ञेयम्। नागेन्द्रपर्वताद्बहिर्भागे स्वयम्भूरमणद्वीपार्धे समुद्रे च

---

યોજન છે. નદીની પાસે વક્ષાર પર્વતોની ઊંચાઈ અને અંતમાં નીલ નિષધની પાસે ચારસો યોજન છે. મેરુ પર્વત સિવાય બાકીના પર્વતોની ઊંચાઈ જેવી જંબૂદ્વીપમાં કહી હતી, તેવી જ પુષ્કરાર્ધ સુધીના દ્વીપોમાં જાણવી. તથા ક્ષેત્ર, પર્વત નદી, દેશ, નગરાદિનાં નામ પણ તે જ છે. તેવી જ રીતે બે કોશ ઊંચી, પાંચસો ધનુષ્ય પહોળી, પદ્મરાગ રત્નમય વનાદિની વેદિકા પણ બધે સમાન છે. આ પુષ્કરાર્ધદ્વીપમાં પણ ચક્રના આરાના આકારના પર્વતો અને આરાનાં છિદ્રો જેવાં ક્ષેત્રો જાણવાં. માનુષોત્તર પર્વતના અંદરના ભાગમાં જ મનુષ્યો રહે છે, બહારના ભાગમાં નહીં. તે મનુષ્યોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યનું અને મધ્યમાં મધ્યમ ભેદો અનેક છે. તિર્યંચોનું આયુષ્ય પણ મનુષ્યોની સમાન છે. આ રીતે અસંખ્ય દ્વીપ—સમુદ્રોમાં વિસ્તૃત તિર્યક્—લોકની મધ્યમાં અઢીદ્વીપપ્રમાણ મનુષ્યલોકનું સંક્ષેપમાં વ્યાખ્યાન કર્યું.

હવે, માનુષોત્તર પર્વતથી બહારના ભાગમાં સ્વયંભૂરમણ દ્વીપના અર્ધભાગને વીંટળાઈને જે નાગેન્દ્ર નામનો પર્વત છે, તેના પૂર્વ ભાગમાં જે અસંખ્ય દ્વીપ—સમુદ્રો છે, તેમાં જો કે 'વ્યંતરદેવ નિરંતર રહે છે' એ વચન પ્રમાણે વ્યંતર દેવોના આવાસ છે તથા એક પલ્યપ્રમાણ આયુષ્યવાળા તિર્યંચોની જઘન્ય ભોગભૂમિ પણ છે, એમ જાણવું. નાગેન્દ્ર પર્વતની બહાર સ્વયંભૂરમણ અર્ધદ્વીપમાં અને સ્વયંભૂરમણ સમુદ્રમાં વિદેહક્ષેત્ર સમાન સદૈવ

पुनर्विदेहवत्सर्वदैव कर्मभूमिश्चतुर्थकालश्च। परं किन्तु मनुष्या न सन्ति। एवमुक्तलक्षणतिर्यग्लोकस्य तदभ्यन्तरं मध्यभागवर्त्तिनो मनुष्यलोकस्य च प्रतिपादनेन संक्षेपेण मध्यमलोकव्याख्यानं समाप्तम्। अथ मनुष्यलोके द्विहीनशतचतुष्टयं तिर्यग्लोके तु नन्दीश्वरकुण्डलरुचकाभिधानद्वीपत्रयेषु क्रमेण द्विपञ्चाशच्चतुष्टयचतुष्टयसंख्याश्चाकृत्रिमाः स्वतन्त्रजिनगृहा ज्ञातव्याः।

अत ऊर्ध्वं ज्योतिर्लोकः कथ्यते। तद्यथा—चन्द्रादित्यग्रहनक्षत्राणि प्रकीर्णतारकाश्चेति ज्योतिष्कदेवाः पञ्चविधा भवन्ति। तेषां मध्येऽस्माद्भूमितलादुपरिनवत्यधिकसप्तशत-योजनान्याकाशे गत्वा तारकविमानाः सन्ति, ततोऽपि योजनदशकं गत्वा सूर्यविमानाः, ततः परमशीतियोजनानि गत्वा चन्द्रविमानाः, ततोऽपि त्रैलोक्यसारकथितक्रमेण योजनचतुष्टयं गते अश्विन्यादिनक्षत्रविमानाः, ततः परं योजनचतुष्टयं गत्वा बुधविमानाः, ततः परं योजनत्रयं गत्वा शुक्रविमानाः, ततः परं योजनत्रये गते बृहस्पतिविमानाः, ततो योजनत्रयानन्तरं मंगलविमानाः, ततोऽपि योजनत्रयान्तरं शनैश्चरविमाना इति। तथा चोक्तं ‘‘णउदुत्तरसत्तसया

---

કર્મભૂમિ અને ચોથો કાળ રહે છે, પરંતુ ત્યાં મનુષ્યો નથી. આ રીતે તિર્યક્‌લોકના તથા તેના મધ્યભાગમાં આવેલા મનુષ્ય લોકના પ્રતિપાદન વડે સંક્ષેપમાં મધ્યમલોકનું વ્યાખ્યાન સમાપ્ત થયું. મનુષ્યલોકમાં ત્રણસો અઠાણું અને તિર્યક્‌લોકમાં નન્દીશ્વરદ્વીપ, કુંડલદ્વીપ અને રુચકદ્વીપમાં ક્રમશઃ બાવન, ચાર અને ચાર અકૃત્રિમ, સ્વતંત્ર જિનગૃહો જાણવાં.

હવે પછી જ્યોતિષ્ક લોકનું વર્ણન કરે છે. તે આ પ્રમાણે—ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો અને પ્રકીર્ણક તારા; એ રીતે જ્યોતિષી દેવ પાંચ પ્રકારના છે. તેમાંથી આ મધ્યલોકના પૃથ્વીતળથી સાતસો નેવું યોજન ઉપર આકાશમાં તારાનાં વિમાનો છે, તેનાથી દશ યોજન ઉપર સૂર્યનાં વિમાનો છે, તેનાથી એંસી યોજન ઉપર ચંદ્રનાં વિમાનો છે, ત્યાર પછી ત્રૈલોક્યસારમાં કહેલ ક્રમ પ્રમાણે ચાર યોજન ઉપર અશ્વિની આદિ નક્ષત્રોનાં વિમાન છે, તેના પછી ચાર યોજન ઉપર બુધનાં વિમાન છે, તેના પછી ત્રણ યોજન ઉપર શુક્રનાં વિમાન છે, પછી ત્રણ યોજન ઉપર બૃહસ્પતિનાં વિમાન છે, ત્યાર પછી ત્રણ યોજન ઉપર મંગળનાં વિમાન છે, ત્યાંથી પણ ત્રણ યોજન ઉપર શનિશ્ચરનાં વિમાન છે. તે જ કહ્યું છે—‘‘સાતસો[૧] નેવું, દસ, એંસી, ચાર, ચાર, ત્રણ, ત્રણ, ત્રણ અને ત્રણ યોજન ઉપર ક્રમપૂર્વક

---

૧. ત્રિલોકસાર ગાથા ૩૩૨

दस सीदी चउदुगं तु तिचउक्कं। ताराविससिरिक्खा बुहभग्गवअंगिरारसणी।१।'' ते च ज्योतिष्कदेवा अर्धतृतीयद्वीपेषु निरंतरं मेरोः प्रदक्षिणेन परिभ्रमणगतिं कुर्वन्ति। तत्र घटिकाप्रहरदिवसादिरूपः स्थूलव्यवहारकालः समयनिमिषादिसूक्ष्मव्यवहारकालवत् यद्यप्यनादिनिधनेन समयघटिकादिविवक्षितविकल्परहितेनकालाणुद्रव्यरूपेण निश्चयकालेनोपादानभूतेन जन्यते तथापि चन्द्रादित्यादिज्योतिष्कदेवविमानगमनागमनेन कुम्भकारेण निमित्तभूतेन मृत्पिण्डोपादानजनितघट इव व्यज्यते प्रकटीक्रियते ज्ञायते तेन कारणेनोपचारेण ज्योतिष्कदेवकृत इत्यभिधीयते। निश्चयकालस्तु तद्विमानगतिपरिणतेर्बहिरङ्गसहकारिकारणं भवति कुम्भकारचक्रभ्रमणस्याधस्तनशिलावदिति।

इदानीमर्धतृतीयद्वीपेषु चन्द्रादित्यसंख्या कथ्यते। तथाहि—जम्बूद्वीपे चन्द्रद्वयं सूर्यद्वयं च, लवणोदे चतुष्टयं, धातकीखण्डद्वीपे द्वादश चन्द्रादित्याश्च, कालोदकसमुद्रे द्विचत्वारिंशच्चन्द्रादित्याश्च, पुष्करार्धे द्वीपे द्वासप्ततिचन्द्रादित्याः चेति। ततः परं भरतैरावतस्थितजम्बूद्वीपचन्द्रसूर्ययोः किमपि विवरणं क्रियते। तद्यथा—जम्बूद्वीपाभ्यन्तरे

---

તારા, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, બુધ, શુક્ર, બૃહસ્પતિ, મંગળ અને શનિશ્ચરનાં વિમાન છે. ૧.'' તે જ્યોતિષી દેવો અઢીદ્વીપમાં મેરુની પ્રદક્ષિણા કરીને નિરંતર પરિભ્રમણ કરે છે. ત્યાં ઘડી, પ્રહર, દિવસાદિરૂપ સ્થૂળ વ્યવહારકાળ; સમય, નિમિષાદિ સૂક્ષ્મ વ્યવહાર કાળની જેમ જોકે સમય, ઘડી આદિ વિવક્ષિત ભેદોથી રહિત, અનાદિ અનંત કાળાણુ દ્રવ્યમય નિશ્ચયકાળરૂપ ઉપાદાનથી ઉત્પન્ન થાય છે, તોપણ નિમિત્તભૂત કુંભાર વડે ઉપાદાનરૂપી માટીના પિંડમાંથી બનેલ ઘડાની જેમ ચન્દ્ર, સૂર્ય આદિ જ્યોતિષી દેવોનાં વિમાનોના ગમન—આગમનથી એ વ્યવહારકાળ પ્રગટ થાય છે તથા જણાય છે, તે કારણે ઉપચારથી તે જ્યોતિષી દેવોથી કરાયેલો છે, એમ કહેવાય છે. નિશ્ચયકાળ તો, કુંભારના ચાકડાના ભ્રમણમાં નીચેની ખીલી બહિરંગ સહકારી થાય છે તેમ, તે વિમાનોના ગમનરૂપ પરિણામનું બહિરંગ સહકારી કારણ થાય છે.

હવે, અઢીદ્વીપમાં ચંદ્ર અને સૂર્યની સંખ્યા કહે છે. તે આ પ્રમાણે—જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે, લવણોદક સમુદ્રમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડ દ્વીપમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે, કાલોદક સમુદ્રમાં બેંતાળીસ ચંદ્ર અને બેંતાળીસ સૂર્ય છે, પુષ્કરાર્ધદ્વીપમાં બોંતેર ચંદ્ર અને બોંતેર સૂર્ય છે.

ત્યારપછી ભરત અને ઐરાવત ક્ષેત્રમાં સ્થિત જંબૂદ્વીપના ચંદ્ર અને સૂર્યનું થોડું વર્ણન

योजनानामशीतिशतं बहिर्भागे लवणसमुद्रसम्बन्धे त्रिंशदधिकशतत्रयमिति समुदायेन दशोत्तरयोजनशतपञ्चकं चारक्षेत्रं भण्यते, तत् चन्द्रादित्ययोरेकमेव। तत्र भरतेन (सह) बहिर्भागे तस्मिंश्चारक्षेत्रे सूर्यस्य चतुरशीतिशतसंख्या मार्गा भवन्ति, चन्द्रस्य पञ्चदशैव। तत्र जम्बूद्वीपाभ्यन्तरे कर्कटसंक्रान्तिदिने दक्षिणायनप्रारम्भे निषधपर्वतस्योपरि प्रथममार्गे सूर्यः प्रथमोदयं करोति। यत्र सूर्यविमानस्थं निर्दोषपरमात्मनो जिनेश्वरस्याकृत्रिमं जिनबिम्बम् प्रत्यक्षेण दृष्ट्वा अयोध्यानगरीस्थितो निर्मलसम्यक्त्वानुरागेण भरतचक्री पुष्पाञ्जलिमुत्क्षिप्यार्घ्यं ददातीति। तन्मार्गस्थितभरतक्षेत्रादित्यस्यैरावतादित्येन सह तथापि चन्द्रस्यान्यचन्द्रेण सह यदन्तरं भवति तद्विशेषेणागमतो ज्ञातव्यम्।

अथ ''सदभिस भरणी अद्दा सादी असलेस्स जेट्ठमवर वरा। रोहिणि विसाह पुणव्वसु तिउत्तरा मज्झिमा सेसा।१।'' इति गाथाकथितक्रमेण यानि जघन्योत्कृष्टमध्यमनक्षत्राणि तेषु मध्ये कस्मिन्नक्षत्रे कियन्ति दिनान्यादित्यस्तिष्ठतीति। ''इंदु रवीदो रिक्खा सत्तट्ठि पंच गगणखंडहिया। अहियहिदरिक्खखंडा रिक्खे इंदुरवीअत्थणमुहुत्ता।१।'' इत्यनेन

---

કરવામાં આવે છે. તે આ પ્રમાણે—જંબૂદ્વીપની અંદર એકસો એંસી યોજન અને બહારમાં અર્થાત્ લવણ સમુદ્રમાં ત્રણસો ત્રીસ યોજન, એમ કુલ પાંચસો દસ યોજન પ્રમાણ ગમન–ક્ષેત્ર કહેવાય છે, તે ચંદ્ર અને સૂર્ય બંનેનું એક જ ગમનક્ષેત્ર છે. તેમાં ભરતક્ષેત્ર અને બહારના ભાગના ગમન–ક્ષેત્રમાં સૂર્યના માર્ગ એકસો ચોરાસી છે અને ચંદ્રના માર્ગ પંદર જ છે. તેમાં જંબૂદ્વીપમાં કર્કટ સંક્રાન્તિના દિવસે, દક્ષિણાયનના પ્રારંભમાં, નિષધ પર્વત ઉપર પ્રથમ માર્ગમાં સૂર્યનો પ્રથમ ઉદય થાય છે. ત્યાં સૂર્ય વિમાનમાં સ્થિત નિર્દોષ પરમાત્મ–જિનેશ્વરના અકૃત્રિમ બિંબને પ્રત્યક્ષ જોઈને, અયોધ્યા નગરીમાં સ્થિત ભરત ચક્રવર્તી નિર્મળ સમ્યક્ત્વના અનુરાગથી પુષ્પાંજલિ આપીને અર્ઘ્ય આપે છે. તે માર્ગમાં સ્થિત ભરતક્ષેત્રના સૂર્યનું ઐરાવતક્ષેત્રના સૂર્ય સાથે અને ભરતક્ષેત્રના ચંદ્રનું ઐરાવતક્ષેત્રના ચંદ્ર સાથે જે અંતર રહે છે, તે વિશેષપણે આગમમાંથી જાણી લેવું.

હવે "શતભિષા[1], ભરણી, આર્દ્રા, સ્વાતિ, અશ્લેષા અને જ્યેષ્ઠા—એ છ નક્ષત્ર જઘન્ય છે; રોહિણી, વિશાખા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ—એ છ નક્ષત્ર ઉત્તમ છે અને બાકીનાં નક્ષત્રો મધ્યમ છે." એ પ્રમાણે ગાથામાં કહેલા ક્રમ અનુસાર જે જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ નક્ષત્ર છે, તેમાંથી ક્યા નક્ષત્રમાં કેટલા દિવસ સૂર્ય રહે છે તે કહે છે. "એક[1] મુહૂર્તમાં ચંદ્ર ૧૭૬૮, સૂર્ય ૧૮૩૦ અને નક્ષત્ર ૧૮૩૫

---

૧. ત્રિલોકસાર ગાથા ૩૯૯.

**गाथासुत्रेणागमकथितक्रमेण पृथक् पृथगानीय मेलापके कृते सति षडधिकषष्टियुतत्रिशतसंख्यदिनानि भवन्ति। तस्य दिनसमूहार्धस्य यदा द्वीपाभ्यन्तराद्दक्षिणेन बहिर्भागेषु दिनकरो गच्छति तदा दक्षिणायनसंज्ञा; यदा पुनः समुद्रात्सकाशादुत्तरेणाभ्यन्तरमार्गेषु समायाति तदोत्तरायणसंज्ञेति। तत्र यदा द्वीपाभ्यन्तरे प्रथममार्गपरिधौ कर्कटसंक्रान्तिदिने दक्षिणायनप्रारम्भे तिष्ठत्यादित्यस्तदा चतुर्णवतिसहस्रपञ्चविंशत्यधिकपञ्चयोजनशतप्रमाण उत्कर्षेणादित्यविमानस्य पूर्वापरेणातपविस्तारो ज्ञेयः। तत्र पुनरष्टादशमुहूर्तैर्दिवसो भवति द्वादशमुहूर्तै रात्रिरिति। ततः क्रमेणातपहानौ सत्यां मुहूर्तद्वयस्यैकषष्टिभागीकृतस्यैको भागो दिवसमध्ये दिनं प्रति हीयते यावल्लवणसमुद्रेऽवसानमार्गे माघमासे मकरसंक्रान्तावुत्तरायणदिवसे त्रिषष्टिसहस्राधिकषोडशयोजनप्रमाणो जघन्येनादित्यविमानस्य पूर्वापरेणातपविस्तारो भवति। तथैव द्वादशमुहूर्तैर्दिवसो भवत्यष्टादशमुहूर्तै रात्रिश्चेति। शेषं विशेषव्याख्यानं लोकविभागादौ विज्ञेयम्।**

---

ગગનખંડોમાં ગમન કરે છે, તેથી ૬૭ અને ૫ (૧૮૩૫-૧૭૬૮=૬૭; ૧૮૩૫ -૧૮૩૦=૫) અધિક ભાગોથી નક્ષત્રખંડને ભાગવાથી જે મુહૂર્ત આવે તે મુહૂર્ત ચંદ્ર અને સૂર્યનાં આસન્ન મુહૂર્ત જાણવાં. અર્થાત્ એક નક્ષત્ર ઉપર એટલા મુહૂર્ત સુધી ચંદ્ર અને સૂર્યની સ્થિતિ જાણવી. આ રીતે આ ગાથા દ્વારા આગમમાં કહેલ ક્રમથી ભિન્ન-ભિન્ન દિવસોનો સરવાળો કરવાથી ત્રણસો છાસઠ દિવસો થાય છે. જ્યારે દ્વીપની અંદરથી દક્ષિણ દિશાની બહાર સૂર્ય ગમન કરે છે, ત્યારે એકસો ત્યાસી દિવસોને દક્ષિણાયન નામ મળે છે અને જ્યારે સૂર્ય સમુદ્ર તરફથી ઉત્તર દિશાની અંદરના માર્ગોમાં આવે છે, ત્યારે બાકીના એકસો ત્યાસી દિવસોને ઉત્તરાયણ નામ મળે છે. તેમાં જ્યારે દ્વીપની અંદર કર્કટ સંક્રાન્તિના દિવસે દક્ષિણાયનની શરૂઆતમાં પ્રથમ માર્ગની પરિધિમાં સૂર્ય હોય છે, ત્યારે સૂર્ય વિમાનના આતપનો પૂર્વ-પશ્ચિમ વિસ્તાર ચોરાણું હજાર પાંચસો પચીસ યોજન પ્રમાણ હોય છે એમ જાણવું. તે વખતે અઢાર મુહૂર્તનો દિવસ અને બાર મુહૂર્તની રાત્રિ થાય છે. પછી ત્યાંથી ક્રમે ક્રમે આતપની હાનિ થતાં બે મુહૂર્તના એકસઠમા ભાગમાંથી એક ભાગ જેટલો દરરોજ દિવસ ઘટે છે. અને તે લવણ સમુદ્રના અંતિમ માર્ગમાં માહ મહિનામાં મકરસંક્રાંતિના ઉત્તરાયણના દિવસે સૂર્યવિમાનના આતપનો પૂર્વ-પશ્ચિમ વિસ્તાર જઘન્યપણે ત્રેસઠ હજાર સોળ યોજન પ્રમાણ રહે ત્યાં સુધી ઘટે છે. તેવી જ રીતે બાર મુહૂર્તોનો દિવસ થાય છે અને અઢાર મુહૂર્તોની રાત્રિ થાય છે. અન્ય વિશેષ વ્યાખ્યાન લોકવિભાગ વગેરેમાંથી જાણવું.

**ये तु मनुष्यक्षेत्राद्बहिर्भागे ज्योतिष्कविमानास्तेषां चलनं नास्ति। ते च मानुषोत्तरपर्वताद्बहिर्भागे पञ्चाशत्सहस्राणि योजनानां गत्वा वलयाकारं पंक्तिक्रमेण पूर्वक्षेत्रं परिवेष्ट्य तिष्ठन्ति। तत्र प्रथमवलये चतुश्चत्वारिंशदधिकशतप्रमाणाश्चन्द्रास्तथादित्याश्चान्तरान्तरेण तिष्ठन्ति। ततः परं योजनलक्षे लक्षे गते तेनैव क्रमेण वलयं भवति। अयन्तु विशेषः—वलये वलये चन्द्रचतुष्टयं सूर्यचतुष्टयं च वर्धते यावत्पुष्करार्धबहिर्भागे वलयाष्टकमिति। ततः पुष्करसमुद्रप्रवेशे वेदिकायाः सकाशात्पंचाशत्सहस्रप्रमितयोजनानि जलमध्ये प्रविश्य यत्पूर्वं चतुश्चत्वारिंशदधिकशतप्रमाणं प्रथमवलयं व्याख्यातं तस्माद् द्विगुणसंख्यानं प्रथमवलयं भवति। तदनन्तरं पूर्ववद्योजनलक्षे गते वलयं भवति चन्द्रचतुष्टयस्य सूर्यचतुष्टयस्य च वृद्धिरित्यनेनैव क्रमेण स्वयम्भूरमणसमुद्रबहिर्भागवेदिकापर्यन्तं ज्योतिष्कदेवानामवस्थानं बोधव्यम्। एते च प्रतरासंख्येयभागप्रमिता असंख्येया ज्योतिष्कविमाना अकृत्रिमसुवर्णमयरत्नमयजिनचैत्यालयमण्डिता ज्ञातव्याः। इति संक्षेपेण ज्योतिष्कलोकव्याख्यानं समाप्तम्।**

**अथानन्तरमूर्ध्वलोकः कथ्यते। तथाहि—सौधर्मेशानसानत्कुमारमाहेन्द्रब्रह्मब्रह्मोत्तर-**

---

મનુષ્યક્ષેત્રની બહાર જે જ્યોતિષીનાં વિમાનો છે તેમનું ગમન થતું નથી. તે માનુષોત્તર પર્વતની બહાર પચાસ હજાર યોજન જઈને, ગોળાકારે પંક્તિના ક્રમે પહેલા ક્ષેત્રને વીંટળાઈને રહે છે. ત્યાં પ્રથમ વલયમાં એકસો ચુંમાળીસ ચંદ્ર અને સૂર્ય પરસ્પરના અંતરે રહે છે. તેનાથી આગળ એક એક લાખ યોજન જતાં તે જ ક્રમે એકેક વલય થાય છે. વિશેષ આ છે કે પ્રત્યેક વલયમાં ચાર ચાર ચંદ્ર અને ચાર ચાર સૂર્યોની વૃદ્ધિ પુષ્કરાર્ધના બાહ્ય ભાગમાં આઠમા વલય સુધી થાય છે. પછી પુષ્કર સમુદ્રના પ્રવેશમાં સ્થિત વેદિકાથી પચાસ હજાર યોજન પ્રમાણ જળભાગમાં જઈને પ્રથમ વલયમાં એકસો ચુંમાળીસ ચંદ્ર અને સૂર્યનું જે પહેલાં વ્યાખ્યાન કર્યું છે તેનાથી બમણા ચંદ્ર અને સૂર્યવાળું પ્રથમ વલય છે. ત્યારપછી પૂર્વોક્ત પ્રકારે એકેક લાખ યોજન જતાં એકેક વલય છે. પ્રત્યેક વલયમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્યની વૃદ્ધિ થાય છે. આ જ ક્રમે સ્વયંભૂરમણ સમુદ્રના બહારના ભાગની વેદિકા સુધી જ્યોતિષી દેવોનું અવસ્થાન જાણવું. જગત્ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આ અસંખ્ય જ્યોતિષી વિમાનો અકૃત્રિમ સુવર્ણમય અને રત્નમય જિન–ચૈત્યાલયોથી શોભિત જાણવાં. એ પ્રમાણે સંક્ષેપમાં જ્યોતિષ્ક લોકનું કથન પૂરું થયું.

હવે પછી, ઊર્ધ્વલોકનું કથન કરે છે. તે આ પ્રમાણે—સૌધર્મ, ઈશાન, સાનત્કુમાર,

**लान्तवकापिष्टशुक्रमहाशुक्रशतारसहस्रारानतप्राणतारणाच्युतसंज्ञाः षोडश स्वर्गाः ततोऽपि नवग्रैवेयकसंज्ञास्ततश्च नवानुदिशसंज्ञं नवविमानसंख्यमेकपटलं ततोऽपि पंचानुत्तरसंज्ञं पंचविमानसंख्यमेकपटलं चेत्युक्तक्रमेणोपर्युपरि वैमानिकदेवास्तिष्ठन्तीति वार्त्तिकं सङ्ग्रहवाक्यं समुदायकथनमिति यावत्। आदिमध्यान्तेषु द्वादशाष्टचतुर्योजनवृत्तविष्कम्भा चत्वारिंशत्प्रमितयोजनोत्सेधा या मेरुचूलिका तिष्ठति तस्या उपरि कुरुभूमिजमर्त्यवालाग्रान्तरितं पुनर्ऋजुविमानमस्ति। तदादिं कृत्वा चूलिकासहितलक्षयोजनप्रमाणं मेरूत्सेधमान-मर्द्धाधिकैकरज्जूप्रमाणं यदाकाशक्षेत्रं तत्पर्यन्तं सौधर्मैशानसंज्ञं स्वर्गयुगलं तिष्ठति। ततः परमर्द्धाधिकैकरज्जुपर्यन्तं सानत्कुमारमाहेन्द्रसंज्ञं स्वर्गयुगलं भवति, तस्मादर्द्धरज्जुप्रमाणाकाश-पर्यन्तं ब्रह्मब्रह्मोत्तराभिधानं स्वर्गयुगलमस्ति, ततोऽप्यर्द्धरज्जुपर्यन्तं लांतवकापिष्टनामस्वर्ग-युगलमस्ति, ततश्चार्द्धरज्जुपर्यन्तं शुक्रमहाशुक्राभिधानं स्वर्गद्वयं ज्ञातव्यम्, तदनंतरमर्द्धरज्जुपर्यन्तं शतारसहस्रारसंज्ञं स्वर्गयुगलं भवति, ततोऽप्यर्द्धरज्जुपर्यन्तमानतप्राणतनाम स्वर्गयुगलं, ततः परमर्द्धरज्जुपर्यन्तमाकाशं यावदारणाच्युताभिधानं स्वर्गद्वयं ज्ञातव्यमिति। तत्र प्रथमयुगलद्वये**

---

માહેન્દ્ર, બ્રહ્મ, બ્રહ્મોત્તર, લાંતવ, કાપિષ્ટ, શુક્ર, મહાશુક્ર, શતાર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત નામનાં સોળ સ્વર્ગ છે. ત્યાંથી આગળ નવ ગ્રૈવેયક વિમાન છે, ત્યાંથી ઉપર નવ અનુદિશ નામનાં નવ વિમાનોનું એક પટલ છે, તેનાથી પણ ઉપર પાંચ અનુત્તર નામનાં પાંચ વિમાનોનું એક પટલ છે. એ રીતે ઉક્ત ક્રમે ઉપર ઉપર વૈમાનિક દેવો રહે છે. આ વાર્તિક અર્થાત્ સંગ્રહવાક્ય અથવા સમુદાય-કથન છે. આદિમાં બાર, મધ્યમાં આઠ અને અંતે ચાર યોજન પ્રમાણ ગોળ વ્યાસવાળી, ચાળીસ યોજન ઊંચી જે મેરુ પર્વતની ચૂલિકા છે તેની ઉપર દેવકુરુ અથવા ઉત્તરકુરુ નામની ઉત્તમ ભોગભૂમિના મનુષ્યના વાળના અગ્રભાગ જેટલે અંતરે ઋજુ વિમાન છે. ચૂલિકા સહિત મેરુ પર્વતની ઊંચાઈનું પ્રમાણ એક લાખ યોજન છે. તે (ઊંચાઈ)નાથી શરૂ કરીને દોઢ રાજુ પ્રમાણ જે આકાશક્ષેત્ર છે ત્યાં સુધી સૌધર્મ અને ઈશાન નામનાં બે સ્વર્ગ છે. તેના ઉપર દોઢ રાજુ સુધી સાનત્કુમાર અને માહેન્દ્ર નામનાં બે સ્વર્ગ છે, ત્યાંથી અર્ધા રાજુ સુધી બ્રહ્મ અને બ્રહ્મોત્તર નામનાં બે સ્વર્ગ છે, ત્યાંથી પણ અર્ધા રાજુ સુધી લાંતવ અને કાપિષ્ટ નામનાં બે સ્વર્ગ છે. ત્યાંથી ઉપર અર્ધા રાજુ સુધી શુક્ર અને મહાશુક્ર નામનાં બે સ્વર્ગ જાણવાં. ત્યારપછી અર્ધા રાજુ સુધી શતાર અને સહસ્રાર નામનાં બે સ્વર્ગ છે, ત્યારપછી આગળ અર્ધા રાજુ સુધી આનત અને પ્રાણત નામનાં બે સ્વર્ગ છે, ત્યારપછી અર્ધા રાજુ સુધી આકાશમાં આરણ અને અચ્યુત નામનાં બે સ્વર્ગ છે. ત્યાં પ્રથમનાં બે યુગલોમાં પોતપોતાનાં સ્વર્ગનાં નામવાળા

स्वकीयस्वकीयस्वर्गनामानश्चत्वार इन्द्रा विज्ञेयाः, मध्ययुगलचतुष्टये पुनः स्वकीय-स्वकीयप्रथमस्वर्गाभिधान एकैक एवेन्द्रो भवति, उपरितनयुगलद्वयेऽपि स्वकीयस्वकीय-स्वर्गनामानश्चत्वार इन्द्रा भवन्तिः इति समुदायेन षोडशस्वर्गेषु द्वादशेन्द्रा ज्ञातव्याः। षोडशस्वर्गादूर्ध्वमेकरज्जमध्ये नवग्रैवेयकनवानुदिशपञ्चानुत्तरविमानवासिदेवास्तिष्ठन्ति। ततः परं तत्रैव द्वादशयोजनेषु गतेष्वष्टयोजनबाहुल्या मनुष्यलोकवत्पञ्चाधिकचत्वारिंशल्लक्षयोजनविस्तारा मोक्षशिला भवति। तस्या उपरि घनोदधिघनवाततनुवातत्रयमस्ति। तत्र तनुवातमध्ये लोकान्ते केवलज्ञानाद्यनन्तगुणसहिताः सिद्धाः तिष्ठन्ति।

इदानीं स्वर्गपटलसंख्या कथ्यते—सौधर्मेशानयोरेकत्रिंशत्, सनत्कुमारमाहेन्द्रयोः सप्त, ब्रह्मब्रह्मोत्तरयोश्चत्वारि, लान्तवकापिष्टयोर्द्वयम्, शुक्रमहाशुक्रयोः पटलमेकम्, शतार-सहस्रारयोरेकम्, आनतप्राणतयोस्त्रयम्, आरणाच्युतयोस्त्रयमिति। नवसु ग्रैवेयकेषु नवकं, नवानुदिशेषु पुनरेकं, पञ्चानुत्तरेषु चैकमिति समुदायेनोपर्युपरि त्रिषष्टिपटलानि ज्ञातव्यानि। तथा चोक्तम्—''इगत्तीससत्तचत्तारिदोण्णिएक्केक्कछक्कचदुकप्पे। तित्तियएक्केकिंदियणामा उडु

---

ચાર ઇન્દ્રો જાણવા. વચ્ચેનાં ચાર યુગલોમાં પોતપોતાના પ્રથમ સ્વર્ગનાં નામવાળા ચાર ઇન્દ્રો છે. આ રીતે સમૂહરૂપે સોળ સ્વર્ગોમાં બાર ઇન્દ્રો જાણવા. સોળ સ્વર્ગોથી ઉપર એક રાજુમાં નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવો છે. ત્યારપછી બાર યોજન આગળ જતાં આઠ યોજન જાડી અને મનુષ્યલોક (અઢી દ્વીપ) જેવડી પિસ્તાળીસલાખ યોજનના વિસ્તારવાળી મોક્ષશિલા છે. તેની ઉપર ઘનોદધિ, ઘનવાત અને તનુવાત નામના ત્રણ વાયુ છે. ત્યાં તનુવાત વલયની મધ્યમાં અને લોકના અંતે કેવળજ્ઞાનાદિ અનંત ગુણસહિત સિદ્ધો છે.

હવે, સ્વર્ગનાં પટલોની સંખ્યા કહે છે—સૌધર્મ અને ઈશાન સ્વર્ગમાં એકત્રીસ, સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગમાં સાત, બ્રહ્મ અને બ્રહ્મોત્તર સ્વર્ગમાં ચાર, લાંતવ અને કાપિષ્ટ સ્વર્ગમાં બે, શુક્ર અને મહાશુક્ર સ્વર્ગમાં એક, શતાર અને સહસ્રાર સ્વર્ગમાં એક, આનત અને પ્રાણત સ્વર્ગમાં ત્રણ, અને આરણ તથા અચ્યુત સ્વર્ગમાં ત્રણ પટલ છે. નવ ગ્રૈવેયકોમાં નવ, નવ અનુદિશોમાં એક અને પાંચ અનુત્તરોમાં એક પટલ છે. એ રીતે સમૂહમાં ઉપર ઉપર ત્રેસઠ પટલ જાણવાં. તે જ કહ્યું છે[1] કે—''સૌધર્મ યુગલમાં એકત્રીસ, સાનત્કુમાર યુગલમાં સાત, બ્રહ્મયુગલમાં ચાર, લાંતવ યુગલમાં બે, શુક્ર યુગલમાં એક, શતાર યુગલમાં એક, આનત આદિ ચાર સ્વર્ગોમાં છ, પ્રત્યેક ત્રણે ગ્રૈવેયકોમાં ત્રણ ત્રણ,

૧. ત્તિલોકપન્નતિ. ૮/૧૫૯

आदि तेसट्ठी।''

अतः परं प्रथमपटलव्याख्यानं क्रियते। ऋजु विमानं यदुक्तं पूर्वं मेरुचूलिकाया उपरि तस्य मनुष्यक्षेत्रप्रमाणविस्तारस्येन्द्रकसंज्ञा। तस्य चतुर्दिग्भागेष्वसंख्येययोजनविस्ताराणि पंक्तिरूपेण सर्वद्वीपसमुद्रेषूपरि प्रतिदिशं यानि त्रिषष्टिविमानानि तिष्ठन्ति तेषां श्रेणीबद्धसंज्ञा। यानि च पंक्तिरहितपुष्पप्रकरवद्विदिक्चतुष्टये तिष्ठन्ति तेषां संख्येयासंख्येययोजनविस्ताराणां प्रकीर्णकसंज्ञा। इति समुदायेन प्रथमपटललक्षणं ज्ञातव्यम्। तत्र पूर्वापरदक्षिण-श्रेणित्रयविमानानि, तन्मध्ये विदिग्द्वयविमानानि च सौधर्मसम्बन्धीनि भवन्ति, शेषविदिग्द्वय-विमानानि तथोत्तरश्रेणिविमानानि च पुनरीशानसम्बन्धीनि। अस्मात्पटलादुपरि जिनदृष्टमानेन संख्येयान्यसंख्येयानि योजनानि गत्वा तेनैव क्रमेण द्वितीयादिपटलानि भवन्ति। अयं च विशेषः—श्रेणीचतुष्टये पटले पटले प्रतिदिशमेकैकविमानं हीयते यावत् पञ्चानुत्तरपटले चतुर्दिक्ष्वैकैकविमानं तिष्ठति। एते सौधर्मादिविमानाश्चतुरशीतिलक्षसप्तनवतिसहस्र-त्रयोविंशतिप्रमिता अकृत्रिमसुवर्णमयजिनगृहमण्डिता ज्ञातव्या इति।

---

નવ અનુદિશોમાં એક, પાંચ અનુત્તરોમાં એક—એમ સમૂહરૂપે ત્રેસઠ ઈન્દ્રક હોય છે.''

હવે, આગળ પ્રથમ પટલનું વ્યાખ્યાન કરે છે. મેરુપર્વતની ચૂલિકાની ઉપર મનુષ્યક્ષેત્ર જેટલા વિસ્તારવાળા પૂર્વોક્ત ઋજુ વિમાનની ઈન્દ્રક સંજ્ઞા છે. તેની ચારે દિશાઓમાં પંક્તિરૂપે સર્વ દ્વીપ અને સમુદ્રોની ઉપર પ્રત્યેક દિશામાં જે અસંખ્ય યોજન વિસ્તારવાળા ત્રેસઠ વિમાનો છે, તેની 'શ્રેણીબદ્ધ' સંજ્ઞા છે. પંક્તિરહિત પુષ્પોની પેઠે ચારે વિદિશાઓમાં જે સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તારવાળાં વિમાનો છે, તેમની ''પ્રકીર્ણક'' સંજ્ઞા છે. એ રીતે સમૂહમાં પ્રથમ પટલનું લક્ષણ જાણવું. તેમાં પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ—એ ત્રણ શ્રેણિઓનાં વિમાનો, તે ત્રણ દિશાઓની વચ્ચેની બે વિદિશાઓનાં વિમાનો સૌધર્મ (નામના પ્રથમ સ્વર્ગ) સંબંધી છે. બાકીની બે વિદિશાનાં વિમાનો અને ઉત્તર શ્રેણીનાં વિમાન ઈશાન સ્વર્ગ સંબંધી છે. જિન ભગવાને જોયા પ્રમાણે આ પટલથી ઉપર સંખ્યાત અને અસંખ્યાત યોજન જતાં તે જ ક્રમ પ્રમાણે દ્વિતીય આદિ પટલ છે.

વિશેષ એ છે—ચારે શ્રેણીઓમાં પ્રત્યેક પટલમાં દરેક દિશામાં એકેક વિમાન ઓછું થાય છે અને પાંચ અનુત્તર પટલમાં ચારે દિશાઓમાં એકેક વિમાન રહે છે. આ સૌધર્મ આદિ વિમાનો ચોર્યાસી લાખ, સત્તાણું હજાર, ત્રેવીસ અકૃત્રિમ, સુવર્ણમય જિનગૃહોથી શોભિત છે, એમ જાણવું.

**अथ देवानामायुःप्रमाणं कथ्यते। भवनवासिषु जघन्येन दशवर्षसहस्राणि, उत्कर्षेण पुनरसुरकुमारेषु सागरोपमं, नागकुमारेषु पल्यत्रयं, सुपर्णे सार्धद्वयं, द्वीपकुमारे द्वयं, शेषकुलषट्के सार्धपल्यमिति। व्यन्तरे जघन्येन दशवर्षसहस्राणि, उत्कर्षेण पल्यमधिकमिति। ज्योतिष्कदेवे जघन्येन पल्याष्टमविभागः, उत्कर्षेण चन्द्रे लक्षवर्षाधिकं पल्यम्, सूर्ये सहस्राधिकं पल्यं, शेषज्योतिष्कदेवानामागमानुसारेणेति। अथ सौधर्मैशानयोर्जघन्येन साधिकपल्यं, उत्कर्षेण साधिकसागरोपमद्वयं, सानत्कुमार माहेन्द्रयोः साधिकसागरोपमसप्तकं, ब्रह्मब्रह्मोत्तरयोः साधिकसागरोपमदशकं, लान्तवकापिष्टयोः साधिकानि चतुर्दशसागरोपमानि, शुक्रमहाशुक्रयोः षोडश साधिकानि, शतारसहस्रारयोरष्टादशसाधिकानि, आनतप्राणतयोर्विंशतिरेव, आरणाच्युतयोर्द्वाविंशतिरिति। अतः परमच्युतादूर्ध्वं कल्पातीतनवग्रैवेयकेषु द्वाविंशतिसागरोपम-प्रमाणादूर्ध्वमेकैकसागरोपमे वर्धमाने सत्येकत्रिंशत्सागरोपमान्यवसानग्रैवेयके भवन्ति। नवानुदिशपटले द्वात्रिंशत्, पञ्चानुत्तरपटले त्रयस्त्रिंशत्, उत्कृष्टायुः प्रमाणं ज्ञातव्यम्। तदायुः**

---

હવે, દેવોના આયુષ્યનું પ્રમાણ કહે છે. ભવનવાસી દેવોમાં જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે. અસુરકુમાર નામના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગર, નાગકુમારોનું ત્રણ પલ્ય, સુપર્ણકુમારોનું અઢી પલ્ય, દ્વીપકુમારોનું બે પલ્ય અને બાકીના છ પ્રકારના ભવનવાસી દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દોઢ પલ્યનું છે. વ્યંતરદેવોમાં જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યથી કાંઈક અધિક છે. જ્યોતિષી દેવોમાં જઘન્ય આયુષ્ય એક પલ્યના આઠમા ભાગ જેટલું છે. ચંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્ય અને એક લાખ વર્ષ છે તથા સૂર્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્ય અને એક હજાર વર્ષ છે, બાકીના જ્યોતિષી દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય આગમ અનુસાર જાણવું. સૌધર્મ અને ઈશાન સ્વર્ગના દેવોનું જઘન્ય આયુષ્ય એક પલ્યથી કાંઈક અધિક અને ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરથી કાંઈક અધિક છે. સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગના દેવોનું આયુષ્ય સાત સાગરથી કાંઈક અધિક, બ્રહ્મ–બ્રહ્મોત્તરમાં દશ સાગરથી કાંઈક અધિક, લાંતવ–કાપિષ્ટમાં ચૌદ સાગરથી કાંઈક અધિક, શુક્ર–મહાશુક્રમાં સોળ સાગરથી કાંઈક અધિક, શતાર–સહસ્રારમાં અઢાર સાગરથી કાંઈક અધિક, આનત–પ્રાણતમાં વીસ સાગર અને આરણ–અચ્યુતમાં બાવીસ સાગરનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે.

ત્યારપછી અચ્યુત સ્વર્ગથી ઉપર કલ્પાતીત નવ ગ્રૈવેયકોમાં દરેકમાં ક્રમશઃ બાવીસ સાગર પ્રમાણથી એકેક સાગર વધારે વધારે છે અને એમ કરતાં છેલ્લી નવમી ગ્રૈવેયકમાં એકત્રીસ સાગરનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. નવ અનુદિશ પટલમાં બત્રીસ સાગરનું અને પાંચ

**सौधर्मादिषु स्वर्गेषु यदुत्कृष्टं तत्परस्मिन् परस्मिन् स्वर्गे सर्वार्थसिद्धिं विहाय जघन्यं चेति। शेषं विशेषव्याख्यानं त्रिलोकसारादौ बोद्धव्यम्।**

**किञ्च—आदिमध्यान्तमुक्ते शुद्धबुद्धैकस्वभावे परमात्मनि सकलविमलकेवलज्ञानलोचनेनादर्शे विम्बानीव शुद्धात्मादिपदार्था लोक्यन्ते दृश्यन्ते ज्ञायन्ते परिच्छिद्यन्ते। यतस्तेन कारणेन स एव निश्चयलोकस्तस्मिन्निश्चयलोकाख्ये स्वकीयशुद्धपरमात्मनि अवलोकनं वा स निश्चयलोकः। ''सण्णाओ य तिलेस्सा इंदियवसदाय अत्तरुद्दाणि। णाणं च दुप्पउत्तं मोहो पावप्पदा होंति।१।'' इति गाथोदितविभावपरिणाममादिं कृत्वा समस्तशुभाशुभसंकल्पविकल्पत्यागेन निजशुद्धात्मभावनोत्पन्नपरमाह्लादैकसुखामृतरसास्वादानुभवनेन च या भावना सैव निश्चयलोकानुप्रेक्षा। शेषा पुनर्व्यवहारेणेत्येवं संक्षेपेण लोकानुप्रेक्षाव्याख्यानं समाप्तम्।।१०।।**

---

અનુત્તર પટલમાં તેત્રીસ સાગરના ઉત્કૃષ્ટ આયુષ્યનું પ્રમાણ જાણવું.

સૌધર્મ આદિ સ્વર્ગમાં જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે આયુષ્ય સર્વાર્થસિદ્ધિ સિવાય ઉપર ઉપરના સ્વર્ગમાં જઘન્ય આયુષ્ય છે. બાકીનું વિશેષ વ્યાખ્યાન ત્રિલોકસાર આદિમાંથી જાણવું.

વિશેષ—આદિ–મધ્ય–અંતરહિત, શુદ્ધ–બુદ્ધ એક–સ્વભાવ પરમાત્મામાં સકલ નિર્મલ કેવળજ્ઞાનરૂપ નેત્ર વડે અરીસામાં પ્રતિબિંબોની પેઠે, શુદ્ધાત્મા આદિ પદાર્થો આલોકિત થાય છે–દેખાય છે–જણાય છે–પરિચ્છિન્ન થાય છે; તેથી તે કારણે તે જ (શુદ્ધાત્મા જ) નિશ્ચયલોક છે અથવા તે નિશ્ચયલોક નામના પોતાના શુદ્ધ પરમાત્મામાં અવલોકન તે નિશ્ચયલોક છે. ''**सण्णाओ य तिलेस्सा इंदियवसदाय अत्तरुद्दाणि। णाणं च दुप्पउत्तं मोहो पावप्पदा होंति।।** (શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૪૦.)

[અર્થ :—સંજ્ઞા, ત્રણ લેશ્યા, ઇન્દ્રિયોને વશ થવું, આર્ત અને રૌદ્ર ધ્યાન, દુષ્પ્રયુક્ત (ખોટા કામમાં જોડાયેલું) જ્ઞાન અને મોહ–એ બધાં પાપ આપનાર છે.]''—આ ગાથામાં કહેલા વિભાવપરિણામથી શરૂ કરીને સમસ્ત શુભાશુભ સંકલ્પ–વિકલ્પ ત્યાગીને, નિજ શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન પરમ–આહ્લાદરૂપ એક સુખામૃતના રસાસ્વાદના અનુભવથી જે ભાવના હોય, તે જ નિશ્ચયલોકાનુપ્રેક્ષા છે. બાકીની વ્યવહારથી છે.

એ રીતે, સંક્ષેપથી લોક-અનુપ્રેક્ષાનું વ્યાખ્યાન સમાપ્ત થયું. ૧૦.

**अथ बोधिदुर्लभानुप्रेक्षां कथयति। तथाहि एकेन्द्रियविकलेन्द्रियपंचेन्द्रियसंज्ञिपर्याप्त-मनुष्यदेशकुलरूपेन्द्रियपटुत्वनिर्व्याध्यायुष्कवरबुद्धिसद्धर्मश्रवणग्रहणधारणश्रद्धानसंयमविषयसुख-व्यावर्त्तनक्रोधादिकषायनिवर्त्तनेषु परं परं दुर्लभेषु कथंचित् काकतालीयन्यायेन लब्धेष्वपि तल्लब्धिरूपबोधेः फलभूतस्वशुद्धात्मसंवित्त्यात्मकनिर्मलधर्मध्यानशुक्लध्यानरूपः परमसमाधि-दुर्लभः। कस्मादिति चेत्तत्प्रतिबन्धकमिथ्यात्वविषयकषायनिदानबन्धादिविभावपरिणामानां प्रवलत्वादिति। तस्मात् स एव निरन्तरं भावनीयः। तद्भावनारहितानां पुनरपि संसारे पतनमिति। तथा चोक्तम्—''इत्यतिदुर्लभरूपां बोधिं लब्ध्वा यदि प्रमादी स्यात्। संसृतिभीमारण्ये भ्रमति वराको नरः सुचिरम्।१।'' पुनश्चोक्तं मनुष्यभवदुर्लभत्वम्—**

હવે, બોધિદુર્લભ[1] અનુપ્રેક્ષા કહે છે : એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, પર્યાપ્ત, મનુષ્ય, ઉત્તમદેશ, ઉત્તમકુળ, સુંદરરૂપ, ઇન્દ્રિયોની પૂર્ણતા, નીરોગપણું, લાંબું આયુષ્ય, ઉત્તમ બુદ્ધિ, સત્‌ધર્મનું શ્રવણ, ગ્રહણ, ધારણ તથા શ્રદ્ધાન, સંયમ, વિષયસુખથી છૂટવું અને ક્રોધાદિ કષાયોની નિવૃત્તિ—એ બધાં ઉત્તરોત્તર દુર્લભ છે. કદાચ કાકતાલીય ન્યાયથી એ બધાં પ્રાપ્ત થવા છતાં તેમની પ્રાપ્તિરૂપ 'બોધિ'ના ફળભૂત એવી સ્વશુદ્ધાત્માના સંવેદનાત્મક[2] નિર્મળ ધર્મધ્યાન–શુક્લધ્યાનરૂપ પરમ સમાધિ દુર્લભ છે. જો પ્રશ્ન કરવામાં આવે કે પરમસમાધિ દુર્લભ કેમ છે? સમાધાન—તેને (પરમસમાધિને) રોકનાર મિથ્યાત્વ, વિષય, કષાય, નિદાનબંધ આદિ વિભાવપરિણામોનું (જીવમાં) પ્રબલપણું છે તેથી (પરમસમાધિ દુર્લભ છે). માટે જે (પરમસમાધિ) જ નિરંતર ભાવવા યોગ્ય છે. તેની ભાવના રહિત જીવોનું ફરી ફરી સંસારમાં પતન થાય છે. કહ્યું છે કે :—''જો મનુષ્ય

---

૧. બોધિદુર્લભ અનુપ્રેક્ષા સંબંધમાં શ્રી જયચંદ્રજી પંડિત કૃત 'બાર ભાવના' ગ્રંથમાં કહ્યું છે કે :—

बोधि आपका भाव है निश्चय दुर्लभ नाहि।
भवमें प्राप्ति कठिन है यह व्यवहार कहाहि।। (बोधि दुर्लभ)

અર્થ :—બોધિ (જ્ઞાન) આત્માનો સ્વભાવ છે, તેથી તે નિશ્ચયથી દુર્લભ નથી. સંસારમાં આત્મજ્ઞાન (બોધિ) ને દુર્લભ તો વ્યવહારનયથી કહેલ છે.

૨. શ્રી કુંદકુંદાચાર્યદેવ દ્વાદશાનુપ્રેક્ષા શાસ્ત્રની ગાથા ૮૪ માં કહે છે કે :—''કર્મોદયથી થતી પર્યાયના કારણે ક્ષાયોપશમિક જ્ઞાન હેય છે તથા નિજ આત્મદ્રવ્ય ઉપાદેય છે, એવો નિશ્ચય થવો તે સમ્યગ્જ્ઞાન છે.''

તથા ગાથા ૮૬ માં કહે છે કે :—''એ પ્રકારે સ્વદ્રવ્ય તથા પરદ્રવ્યનું ચિંતવન કરવાથી હેય–ઉપાદેયનું જ્ઞાન થાય છે, પણ નિશ્ચયનયમાં હેય–ઉપાદેયનો વિકલ્પ નથી. મુનિઓએ સંસારનો વિરામ કરવા માટે બોધિનું ચિંતવન કરવું જોઈએ.'' (બોધિદુર્લભ ભાવના.)

''अशुभपरिणामबहुलता लोकस्य विपुलता, महामहती। योनिविपुलता च कुरुते सुदुर्लभां मानुषीं योनिम्।१।'' बोधिसमाधिलक्षणं कथ्यते—सम्यग्दर्शनज्ञानचारित्राणामप्राप्तप्रापणं बोधिस्तेषामेव निर्विघ्नेन भवान्तरप्रापणं समाधिरिति एवं संक्षेपेण दुर्लभानुप्रेक्षा समाप्ता।।११।।

अथ धर्मानुप्रेक्षां कथयति। तद्यथा—संसारे पतन्तं जीवमुद्धृत्य नागेन्द्रनरेन्द्रदेवेन्द्रादिवन्द्ये अव्याबाधानंतसुखाद्यनंतगुणलक्षणे मोक्षपदे धरतीति धर्मः। तस्य च भेदाः कथ्यन्ते—अहिंसालक्षणः सागारानगारलक्षणो वा उत्तमक्षमादिलक्षणो वा निश्चयव्यवहाररत्नत्रयात्मको वा शुद्धात्मसंवित्त्यात्मकमोहक्षोभरहितात्मपरिणामो वा धर्मः। अस्य धर्मस्यालाभेऽतीतानन्तकाले ''णिच्चिदरधाउसत्त य तरुदस वियलेंदियेसु छच्चेव।

---

અત્યંત દુર્લભ એવી 'બોધિ' ને પામીને પણ પ્રમાદી થાય છે, તો તે બિચારો સંસારરૂપી ભયંકર વનમાં લાંબા સમય સુધી ભ્રમણ કરે છે.[૧]''

વળી, મનુષ્યભવની દુર્લભતા વિષે કહ્યું છે—[૨]''અશુભ પરિણામોની બહુલતા, સંસારની વિશાળતા, યોનિયોની અતિ મોટી વિપુલતા—આ બધું મનુષ્યયોનિને બહુ દુર્લભ બનાવે છે. ૧.''

હવે, બોધિ અને સમાધિનું લક્ષણ કહે છે. નહિ પ્રાપ્ત કરેલ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ કરવી તે બોધિ છે અને તેમને (સમ્યગ્દર્શનાદિને) જ નિર્વિઘ્નપણે બીજા ભવમાં સાથે લઈ જવાં તે સમાધિ છે. આ રીતે સંક્ષેપમાં (બોધિ) દુર્લભ અનુપ્રેક્ષા સમાપ્ત થઈ. ૧૧.

હવે, ધર્મ અનુપ્રેક્ષા કહે છે. તે આ પ્રમાણે—સંસારમાં પડતા જીવને ઉદ્ધારીને નાગેન્દ્ર, ચક્રવર્તી, દેવેન્દ્ર વગેરેથી પૂજ્ય, અવ્યાબાધ અનંત સુખાદિ અનંત ગુણોરૂપ લક્ષણવાળા મોક્ષપદમાં જે મૂકે છે તે ધર્મ છે. તે ધર્મના ભેદ કહેવામાં આવે છે. અહિંસાલક્ષણવાળો, ગૃહસ્થ[૩] અને મુનિરૂપ લક્ષણવાળો, ઉત્તમ ક્ષમાદિ લક્ષણવાળો, નિશ્ચય-વ્યવહાર રત્નત્રયાત્મક અથવા શુદ્ધાત્માના સંવેદનરૂપ મોહ–ક્ષોભરહિત આત્માના પરિણામ-વાળો ધર્મ છે. આ ધર્મની પ્રાપ્તિ નહીં થવાથી અનંત ભૂતકાળમાં ''णिच्चिदरधाउसत्त य तरुदस

---

૧. પરમાત્મપ્રકાશ ગાથા ૯ ટીકા

૨. અજ્ઞાત શાસ્ત્રની ગાથાથી.

૩. શ્રી કુંદકુંદાચાર્યદેવ ધર્મઅનુપ્રેક્ષા ગાથા ૮૨ માં કહે છે કે—''નિશ્ચયનયથી જીવ ગૃહસ્થધર્મ અને મુનિધર્મથી ભિન્ન છે, માટે બન્ને ધર્મોમાં મધ્યસ્થ ભાવના રાખી નિરંતર શુદ્ધ આત્માનું ચિંતવન કરવું.''

सुरणिरयतिरियचउरो चउदस मणुयेसु सदसहस्सा।१।'' इति गाथाकथितचतुरशीतियोनिलक्षेषु मध्ये परमस्वास्थ्यभावनोत्पन्ननिर्व्याकुलपारमार्थिकसुखविलक्षणानि पञ्चेन्द्रियसुखाभिलाषजनित-व्याकुलत्वोत्पादकानि दुःखानि सहमानः सन् भ्रमितोऽयं जीवः। यदा पुनरेवंगुणविशिष्टस्य धर्मस्य लाभो भवति तदा राजाधिराजार्द्धमाण्डलिकमहामाण्डलिकबलदेववासुदेवकामदेव-सकलचक्रवर्त्तिदेवेन्द्रगणधरदेवतीर्थंकरपरमदेव प्रथमकल्याणत्रयपर्यन्तं विविधाभ्युदयसुखं प्राप्य पश्चादभेदरत्नत्रयभावनाबलेनाक्षयानंतसुखादिगुणास्पदमर्हत्पदं सिद्धपदं च लभते। तेन कारणेन धर्म एव परमरसरसायनं निधिनिधानं कल्पवृक्षः कामधेनुश्चिन्तामणिरिति। किं बहुना, ये जिनेश्वरप्रणीतं धर्मं प्राप्य दृढमतयो जातास्त एव धन्याः। तथा चोक्तम् ''धन्या ये प्रतिबुद्धा धर्मे खलु जिनवरैः समुपदिष्टे। ये प्रतिपन्ना धर्मं स्वभावनोपस्थितमनीषाः।१।'' इति

---

वियलेंदियेसु छच्चेव। सुरणिरयतिरियचउरो चउदस मणुयेसु सदसहस्सा।।[1]'' [અર્થ :—વનસ્પતિમાં સાત લાખ, ઈતર નિગોદ વનસ્પતિમાં સાત લાખ, પૃથ્વીકાયમાં સાત લાખ, જળકાયમાં સાત લાખ, તેજકાયમાં સાત લાખ, વાયુકાયમાં સાત લાખ, પ્રત્યેક વનસ્પતિમાં દસ લાખ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય અને ચૌરિન્દ્રિયમાં બબ્બે લાખ, દેવ–નારકી અને તિર્યંચમાં ચાર ચાર લાખ તથા મનુષ્યોમાં ચૌદ લાખ]'' એ પ્રમાણે આ[1] ગાથામાં કહ્યા પ્રમાણે ચોર્યાસી લાખ યોનિઓમાં, પરમ સ્વાસ્થ્ય ભાવનાથી ઉત્પન્ન નિર્વ્યાકુળ પારમાર્થિકસુખથી વિપરીત પંચેન્દ્રિય સુખની અભિલાષાથી ઉત્પન્ન વ્યાકુળતાને ઉત્પન્ન કરનારાં દુઃખોને સહન કરતો આ જીવ ભમ્યો છે. જ્યારે જીવને આવા પ્રકારના વિશિષ્ટ ગુણવાળા ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યારે રાજાધિરાજ, અર્ધમાંડલિક, મહામાંડલિક, બળદેવ, વાસુદેવ, કામદેવ, ચક્રવર્તી, દેવેન્દ્ર, ગણધરદેવ અને તીર્થંકર પરમદેવના પદ તથા તીર્થંકરના પ્રથમ ત્રણ કલ્યાણકો (ગર્ભ, જન્મ અને તપ) સુધીના વિવિધ પ્રકારના વૈભવનાં સુખો પામીને પછી અભેદ રત્નત્રયની ભાવનાના બળથી અક્ષય અનંત સુખાદિ ગુણોનાં સ્થાનભૂત અર્હંતપદ અને સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. તે કારણે ધર્મ જ પરમરસનું રસાયણ, નિધિઓનું નિધાન, કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિન્તામણિ છે. વિશેષ શું કહેવું? જેઓ જિનેન્દ્રદેવે કહેલા ધર્મને પામીને દ્રઢ શ્રદ્ધાવાળા (સમ્યક્દ્રષ્ટિ) થયા છે, તે જ ધન્ય છે. કહ્યું પણ છે કે ''धन्या ये प्रतिबुद्धा धर्मे खलु जिनवरैः समुपदिष्टे। ये प्रतिपन्ना धर्मं स्वभावनोपस्थितमनीषाः।।''[2] [અર્થ :—જિનવરોએ સમ્યક્ પ્રકારે ઉપદેશેલા ધર્મથી જેઓ પ્રતિબોધ પામ્યા છે, તે ખરેખર ધન્ય છે અને જેઓએ સ્વ–ભાવનામાં પોતાની બુદ્ધિ જોડીને ધર્મ પ્રાપ્ત કર્યો છે, તેઓને ધન્ય છે.]''

---

૧. શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૮૯ ૨. અજ્ઞાત શાસ્ત્રની ગાથાથી.

संक्षेपेण धर्मानुप्रेक्षा समाप्ता।।१२।।

इत्युक्तलक्षणा अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्मतत्त्वानुचिन्तनसंज्ञा निरास्रवशुद्धात्मतत्त्वपरिणतिरूपस्य संवरस्य कारणभूता द्वादशानुप्रेक्षाः समाप्ताः।

अथ परीषहजयः कथ्यते—क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानादर्शनानीति द्वाविंशतिपरीषहा विज्ञेयाः। तेषां क्षुधादिवेदनानां तीव्रोदयेऽपि सुखदुःखजीवितमरणलाभालाभनिंदाप्रशंसादिसमतारूपपरमसामायिकेन नवतरशुभाशुभकर्मसंवरणचिरंतनशुभाशुभकर्मनिर्जरणसमर्थेनायं निजपरमात्मभावनासंजातनिर्विकारनित्यानंदलक्षणसुखामृतसंवित्तेरचलनं स परीषहजय इति।

अथ चारित्रं कथयति। शुद्धोपयोगलक्षणनिश्चयरत्नत्रयपरिणते स्वशुद्धात्मस्वरूपे चरणमवस्थानं चारित्रम्। तच्च तारतम्यभेदेन पञ्चविधम्। तथाहि—सर्वे जीवाः केवलज्ञानमया

---

એ રીતે, સંક્ષેપમાં ધર્મ–અનુપ્રેક્ષા સમાપ્ત થઈ. ૧૨.

એ રીતે, પૂર્વોક્ત લક્ષણવાળી અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મતત્ત્વના ચિંતનરૂપ સંજ્ઞાવાળી, આસ્રવરહિત શુદ્ધાત્મતત્ત્વમાં પરિણતિરૂપ સંવરના કારણભૂત બાર અનુપ્રેક્ષા સમાપ્ત થઈ.

હવે, પરિષહજયનું કથન કરે છે—ભૂખ, તરસ, શીત, ગરમી, ડાંસ–મચ્છર, નગ્નપણું, અરતિ, સ્ત્રી, ગમન, આસન, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર–પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન—એ બાવીસ પરિષહો જાણવા. તે ક્ષુધાદિ વેદનાઓનો તીવ્ર ઉદય થવા છતાં પણ, સુખ–દુઃખ, જીવન–મરણ, લાભ–અલાભ, નિંદા–પ્રશંસા આદિમાં સમતારૂપ પરમ સામાયિક વડે—કે જે (પરમ-સામાયિક) નવાં શુભાશુભ કર્મોનો સંવર કરવામાં અને જૂનાં શુભાશુભ કર્મોની નિર્જરા કરવામાં સમર્થ છે તેના વડે—નિજ પરમાત્મભાવનાથી ઉત્પન્ન નિર્વિકાર, નિત્યાનંદલક્ષણ સુખામૃતના અનુભવમાંથી ચલિત ન થવું તે પરિષહજય છે.

હવે, ચારિત્રનું કથન કરે છે—શુદ્ધોપયોગલક્ષણ નિશ્ચયરત્નત્રયમયી પરિણતિરૂપ નિજશુદ્ધાત્મસ્વરૂપમાં જે ચરવું–સ્થિતિ કરવી તે ચારિત્ર છે. તે તારતમ્યભેદથી પાંચ પ્રકારનું

**इति भावनारूपेण समतालक्षणं सामायिकम्, अथवा परमस्वास्थ्यबलेन युगपत्समस्त-शुभाशुभसंकल्पविकल्पत्यागरूपसमाधिलक्षणं वा, निर्विकारस्वसंवित्तिबलेन रागद्वेषपरिहाररूपं वा, स्वशुद्धात्मानुभूतिबलेनार्त्तरौद्रपरित्यागरूपं वा, समस्तसुखदुःखादिमध्यस्थरूपं चेति। अथ छेदोपस्थापनं कथयति—यदा युगपत्समस्तविकल्पत्यागरूपे परमसामायिके स्थातुमशक्तोऽयं जीवस्तदा समस्तहिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतमित्यनेन पञ्चप्रकारविकल्पभेदेन व्रतच्छेदेन रागादिविकल्परूपसावद्येभ्यो निवर्त्य निजशुद्धात्मन्यात्मानमुपस्थापयतीति छेदोपस्थापनम्। अथवा छेदे व्रतखण्डे सति निर्विकारस्वसंवित्तिरूपनिश्चयप्रायश्चित्तेन तत्साधकबहिरंगव्यवहारप्रायश्चित्तेन वा स्वात्मन्युपस्थापनं छेदोपस्थापनमिति। अथ परिहारविशुद्धिं कथयति—''तीसं वासो जम्मे वासपुहत्तं खु तित्थयरमूले। पच्चक्खाणं पढिदो संज्झूण दुगाउ य विहारो।१।'' इति गाथाकथितक्रमेण मिथ्यात्वरागादिविकल्पमलानां**

---

છે. તે આ પ્રમાણે—સર્વે જીવો કેવળજ્ઞાનમય છે એવી ભાવનાથી જે સમતારૂપ પરિણામ તે સામાયિક છે અથવા પરમ સ્વાસ્થ્યના બળથી યુગપત્ સમસ્ત શુભાશુભ સંકલ્પ—વિકલ્પોના ત્યાગરૂપ સમાધિ જેનું લક્ષણ છે તે સામાયિક છે અથવા નિર્વિકાર સ્વસંવેદનના બળથી રાગ–દ્વેષના પરિહારરૂપ સામાયિક છે અથવા નિજ શુદ્ધાત્માના અનુભવના બળથી આર્ત અને રૌદ્રધ્યાનના પરિત્યાગરૂપ સામાયિક છે અથવા સમસ્ત સુખ–દુઃખાદિમાં મધ્યસ્થભાવરૂપ સામાયિક છે.

હવે, છેદોપસ્થાપનનું કથન કરે છે : જ્યારે એક સાથે સમસ્ત વિકલ્પોના ત્યાગરૂપ પરમ સામાયિકમાં સ્થિત થવાને આ જીવ અશક્ત હોય છે, ત્યારે 'સમસ્ત હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહથી વિરતિ તે વ્રત છે'—એ પ્રમાણે આ પાંચ પ્રકારના વિકલ્પ-ભેદ વડે–વ્રતરૂપ છેદ વડે રાગાદિ વિકલ્પરૂપ સાવદ્યોથી પોતાને પાછો વાળીને નિજશુદ્ધાત્મામાં પોતાને સ્થાપે છે, તે છેદોપસ્થાપન છે અથવા છેદ અર્થાત્ વ્રતનો ભંગ થતાં નિર્વિકાર સ્વસંવેદનરૂપ નિશ્ચય–પ્રાયશ્ચિત્તથી અથવા તેના સાધક બહિરંગ વ્યવહારપ્રાયશ્ચિત્તથી પોતાના આત્મામાં સ્થિત થવું, તે છેદોપસ્થાપન છે. હવે, પરિહારવિશુદ્ધિનું કથન કરે છે : ''तीसं वासो जम्मे वासपुहत्तं खु तित्थयरमूले। पच्चक्खाणं पढिदो संज्झूण दुगाउ य विहारो।।[1] (અર્થ :—જે જન્મથી ત્રીસ વર્ષ સુધી સુખમાં વ્યતીત કરીને, વર્ષ પૃથક્ત્વ (આઠ વર્ષ) સુધી તીર્થંકરનાં ચરણોમાં પ્રત્યાખ્યાન નામનું નવમું પૂર્વ ભણીને, ત્રણે સંધ્યાકાળ સિવાયના સમયે દરરોજ બે કોશ ગમન કરે છે)''—આ ગાથામાં કહેલા

---

૧. શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૪૭૩.

प्रत्याख्यानेन परिहारेण विशेषेण स्वात्मनः शुद्धिर्नैर्मल्यं परिहारविशुद्धिश्चारित्रमिति। अथ सूक्ष्मसाम्परायचारित्रं कथयति। सूक्ष्मातीन्द्रियनिजशुद्धात्मसंवित्तिबलेन सूक्ष्मलोभाभिधान-साम्परायस्य कषायस्य यत्र निरवशेषोपशमनं क्षपणं वा तत्सूक्ष्मसाम्परायचारित्रमिति। अथ यथाख्यातचारित्रं कथयति—यथा सहजशुद्धस्वभावत्वेन निष्कम्पत्वेन निष्कषायमात्मस्वरूपं तथैवाख्यातं कथितं यथाख्यातचारित्रमिति।

इदानीं सामायिकादिचारित्रपञ्चकस्य गुणस्थानस्वामित्वं कथयति। प्रमत्ता-प्रमत्तापूर्वानिवृत्तिसंज्ञगुणस्थानचतुष्टये सामायिकचारित्रं भवति छेदोपस्थापनं च, परिहार-विशुद्धिस्तुप्रमत्ताप्रमत्तगुणस्थानद्वये, सूक्ष्मसांपरायचारित्रं पुनरेकस्मिन्नेव सूक्ष्मसाम्परायगुणस्थाने, यथाख्यातचारित्रमुपशान्तकषायक्षीणकषायसयोगिजिनायोगिजिनाभिधानगुणस्थानचतुष्टये भवतीति। अथ संयमप्रतिपक्षं कथयति—संयमासंयमसंज्ञं दार्शनिकाद्यैकादशभेदभिन्नं देशचारित्रमेकस्मिन्नेव पञ्चमगुणस्थाने ज्ञातव्यम्। असंयमस्तु मिथ्यादृष्टिसासादन-

---

ક્રમ પ્રમાણે મિથ્યાત્વ, રાગ આદિ વિકલ્પમળોના પ્રત્યાખ્યાનથી–'પરિહારથી' વિશેષપણે પોતાના આત્માની જે 'શુદ્ધિ' અર્થાત્ નિર્મળતા છે, તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે.

હવે, સૂક્ષ્મસાંપરાય ચારિત્રનું કથન કરે છે :—સૂક્ષ્મ અતીન્દ્રિય નિજશુદ્ધાત્મસંવેદનના બળથી સૂક્ષ્મલોભ નામના સાંપરાયનો–કષાયનો જ્યાં પૂર્ણપણે ઉપશમ કે ક્ષય થાય છે, તે સૂક્ષ્મસાંપરાય ચારિત્ર છે.

હવે, યથાખ્યાત ચારિત્રનું કથન કરે છે—'યથા' અર્થાત્ જેવું સહજ શુદ્ધસ્વભાવપણાને લીધે, નિષ્કંપપણાને લીધે, નિષ્કષાય (કષાય વિનાનું) આત્માનું સ્વરૂપ છે તેવું જ જે 'આખ્યાત' અર્થાત્ કહેવામાં આવ્યું છે, તે યથાખ્યાત ચારિત્ર છે.

હવે, સામાયિકાદિ પાંચ પ્રકારનાં ચારિત્રનું ગુણસ્થાનસ્વામિત્વ કહે છે—પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામનાં ચાર ગુણસ્થાનોમાં સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપન ચારિત્ર હોય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્ર પ્રમત્ત અને અપ્રમત્ત—એ બે ગુણસ્થાનોમાં હોય છે. સૂક્ષ્મસાંપરાય ચારિત્ર એક સૂક્ષ્મસાંપરાય (દશમા) ગુણસ્થાનમાં જ હોય છે. યથાખ્યાત ચારિત્ર ઉપશાંતકષાય, ક્ષીણકષાય, સયોગીજિન અને અયોગીજિન નામનાં ચાર ગુણસ્થાનોમાં હોય છે.

હવે, સંયમના પ્રતિપક્ષનું કથન કરે છે. દાર્શનિક આદિ અગિયાર પ્રતિમાના ભેદવાળું, સંયમાસંયમ નામનું દેશચારિત્ર એક પાંચમા ગુણસ્થાનમાં જ જાણવું. અસંયમ

मिश्राविरतसम्यग्दृष्टिसंज्ञगुणस्थानचतुष्टये भवति। इति चारित्रव्याख्यानं समाप्तम्।

एवं व्रतसमितिगुप्तिधर्मद्वादशानुप्रेक्षापरीषहजयचारित्राणां भावसंवरकारणभूतानां यद्व्याख्यानं कृतं, तत्र निश्चयरत्नत्रयसाधकव्यवहाररत्नत्रयरूपस्य शुभोपयोगस्य प्रतिपादकानि यानि वाक्यानि तानि पापास्रवसंवरणानि ज्ञातव्यानि। यानि तु व्यवहाररत्नत्रयसाध्यस्य शुद्धोपयोगलक्षणनिश्चयरत्नत्रयस्य प्रतिपादकानि तानि पुण्यपापद्वयसंवरकारणानि भवन्तीति ज्ञातव्यम्। अत्राह सोमनामराजश्रेष्ठी—भगवन्नेतेषु व्रतादिसंवरकारणेषु मध्ये संवरानुप्रेक्षैव सारभूता, सा चैव संवरं करिष्यति किं विशेषप्रपञ्चेनेति। भगवानाह—त्रिगुप्तिलक्षणनिर्विकल्पसमाधिस्थानां यतीनां तयैव पूर्यते तत्रासमर्थानां पुनर्बहुप्रकारेण संवरप्रतिपक्षभूतो मोहो विजृम्भते, तेन कारणेन व्रतादिविस्तरं कथयन्त्याचार्याः ''असिदिसदं किरियाणं अक्किरियाणं तु होइ चुलसीदी। सत्तट्ठी अण्णाणीणं वेणइयाणं हुंति बत्तीसं।१।

---

મિથ્યાદૃષ્ટિ, સાસાદન, મિશ્ર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ નામનાં ચાર ગુણસ્થાનોમાં હોય છે. આ રીતે ચારિત્રનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

આ રીતે વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, બાર અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રરૂપ ભાવસંવરનાં કારણોનું જે વ્યાખ્યાન કર્યું; તેમાં નિશ્ચયરત્નત્રયના સાધક વ્યવહાર-રત્નત્રયરૂપ શુભોપયોગનું પ્રતિપાદન કરનારાં જે વાક્યો છે તેને પાપાસ્રવના સંવરનાં કારણ[1] જાણવાં. અને જે વ્યવહારરત્નત્રયથી સાધ્ય શુદ્ધોપયોગલક્ષણવાળા નિશ્ચયરત્નત્રયનું પ્રતિપાદન કરનારાં વાક્યો છે, તેને પુણ્ય-પાપ એ બન્નેના સંવરનાં કારણ જાણવાં.[2].

અહીં, સોમ નામના રાજશ્રેષ્ઠી કહે છે કે હે ભગવાન્! આ વ્રતાદિ સંવરનાં કારણોમાં સંવર-અનુપ્રેક્ષા જ સારભૂત છે, તે જ સંવર કરશે, તો પછી વિશેષ વિસ્તારથી શો લાભ? ભગવાન નેમિચન્દ્ર આચાર્ય કહે છે—ત્રિગુપ્તિલક્ષણવાળી નિર્વિકલ્પસમાધિમાં સ્થિત મુનિઓને તેનાથી જ (સંવર-અનુપ્રેક્ષાથી જ) સંવર થઈ જાય છે પણ તેમાં અસમર્થ જીવોને અનેક પ્રકારે સંવરનો પ્રતિપક્ષી એવો મોહ ઉત્પન્ન થાય છે, તે કારણે આચાર્યો વ્રતાદિનું વિસ્તાર-કથન કરે છે. ''असिदिसदं किरियाणं अक्किरियाणं तु होइ चुलसीदी। सत्तट्ठी अण्णाणीयं वेणइयाणं हुंति बत्तीसं।।[3] [અર્થ :—ક્રિયાવાદીઓના એકસો એંસી,

---

૧. વ્યવહારકારણ છે. નિશ્ચયનયે ત્રિકાળ શુદ્ધઆત્માને આશ્રયે થતી શુદ્ધતા તે પાપના સંવરરૂપ છે. (જુઓ, શ્રી પંચાસ્તિકાય ગાથા. ૧૪૧ ટીકા.)

૨. જુઓ, શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૪૨ ટીકા. ૩. શ્રી ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૮૭૬

जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो हुंति। अपरिणदुच्छिण्णेसु य बंधो ठिदिकारणं णत्थि।२।''॥३५॥ एवं संवरतत्त्वव्याख्याने सूत्रद्वयेन तृतीयं स्थलं गतम्।

अथ सम्यग्दृष्टिजीवस्य संवरपूर्वकं निर्जरातत्त्वं कथयति :—

**जह कालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण।**
**भावेण सडदि णेया तस्सडणं चेदि णिज्जरा दुविहा॥३६॥**

यथाकालेन तपसा च भुक्तरसं कर्म्मपुद्गलं येन।
भावेन सडति ज्ञेया तत्सडनं चेति निर्जरा द्विविधा॥३६॥

व्याख्या :—''णेया'' इत्यादिव्याख्यानं क्रियते—''णेया'' ज्ञातव्या। का?

---

અક્રિયાવાદીઓના ચોર્યાસી, અજ્ઞાનીઓના સડસઠ અને વૈનયિકોના બત્રીસ; એવી રીતે કુલ પાખંડીઓના ત્રણસો ત્રેસઠ ભેદ છે.]'' ''जोगा पयडिपदेसा ठिदिअणुभागा कसायदो हुंति। अपरिणदुच्छिण्णेसु य बंधो ठिदिकारणं णत्थि॥[3] [અર્થ :—યોગથી પ્રકૃતિ અને પ્રદેશ તથા કષાયથી સ્થિતિ અને અનુભાગબંધ થાય છે, જેમને કષાયનો ઉદય નથી તથા કષાયોનો ક્ષય થાય છે તેમને (ઉપશાન્ત કષાય, ક્ષીણકષાય અને સયોગી કેવળીને) તત્કાલબંધ (એક સમયનો બંધ) સ્થિતિનું કારણ નથી.]'' ૩૫.

આ રીતે, સંવરતત્ત્વના વ્યાખ્યાનમાં બે સૂત્રો વડે ત્રીજું સ્થળ પૂરું થયું.

હવે, સમ્યગ્દષ્ટિ જીવને સંવર પૂર્વક નિર્જરાતત્ત્વ કહે છે :—

ગાથા ૩૬

ગાથાર્થ :—(આત્માના) જે ભાવથી યથાસમય અથવા તપ વડે ફળ દઈને કર્મપુદ્ગલો નષ્ટ થાય છે તે નિર્જરા (ભાવનિર્જરા) જાણવી તથા કર્મપુદ્ગલોનું નષ્ટ થવું તે નિર્જરા (દ્રવ્યનિર્જરા) જાણવી. એ પ્રમાણે નિર્જરા બે પ્રકારની છે.

ટીકા :—'णेया' વગેરે સૂત્રનું વ્યાખ્યાન કરે છે : 'णेया'—જાણવી. શું?

---

૩. શ્રી ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૨૫૭.

જથા કાલ અર તપ—પરભાવ, કર્મ નિર્જરૈ રસ દે જાય;
જિનિ ભાવનિતૈં હોય સુભાવ, કર્મ ઝડૈ, ઈમ દોય ગિનાવ. ૩૬.

''णिज्जरा'' भाव निर्जरा। सा का ? निर्विकारपरमचैतन्यचिच्चमत्कारानुभूतिसञ्जातसहजानन्द-स्वभावसुखामृतरसास्वादरूपो भाव इत्यध्याहारः। ''जेण भावेण'' येन भावेन जीवपरिणामेन। किं भवति ''सडदि'' विशीर्यते पतति गलति विनश्यति। किं कर्तृ ? ''कम्मपुग्गलं'' कर्मारिविध्वंसकस्वकीयशुद्धात्मनो विलक्षणं कर्मपुद्गलद्रव्यं। कथंभूतं ? ''भुत्तरसं'' स्वोदयकालं प्राप्य सांसारिकसुखदुःखरूपेण भुक्तरसं दत्तफलं। केन कारणभूतेन गलति ? ''जहकालेण'' स्वकालपच्यमानाम्रफलवत्सविपाकनिर्जरापेक्षया, अभ्यन्तरे निजशुद्धात्म-संवित्तिपरिणामस्य बहिरंगसहकारिकारणभूतेन काललब्धिसंज्ञेन यथाकालेन, न केवलं यथाकालेन ''तवेण य'' अकालपच्यमानानामाम्रादिफलवदविपाकनिर्जरापेक्षया, अभ्यन्तरेण समस्तपरद्रव्येच्छानिरोधलक्षणेन बहिरंगेणान्तस्तत्त्वसंवित्तिसाधकसंभूतेनानशनादिद्वादशविधेन तपसा चेति। ''तस्सडणं'' कर्म्मणो गलनं यच्च सा द्रव्यनिर्जरा। ननु पूर्वं यदुक्तं ''सडदि''

---

'णिज्जरा'—ભાવનિર્જરા. તે કોણ? નિર્વિકાર પરમચૈતન્યરૂપ ચિત્ચમત્કારના અનુભવથી ઉત્પન્ન સહજાનંદ જેનો સ્વભાવ છે એવો સુખામૃતરસના આસ્વાદરૂપ ભાવ—તે ભાવનિર્જરા[1] છે. 'जेण भावेण'—જે ભાવથી–જીવના પરિણામથી. શું થાય છે? 'सडदि' જીર્ણ થાય છે–પડી જાય છે–ગળી જાય છે–નાશ પામે છે. કોણ (નાશ પામે છે)? 'कम्मपुग्गलं' કર્મરૂપી શત્રુઓનો નાશ કરનાર પોતાના શુદ્ધાત્માથી વિપરીત કર્મરૂપી પુદ્‌ગલદ્રવ્ય. કેવું થઈને? 'भुत्तरसं' પોતાના ઉદયનો કાળ પ્રાપ્ત થતાં જીવને સાંસારિક સુખ કે દુઃખરૂપે ફળ આપીને. ક્યા કારણે ગળે છે? 'जहकालेण' પોતાના સમયે પાકતી કેરીની જેમ સવિપાક નિર્જરાની અપેક્ષાએ અંતરંગમાં નિજ શુદ્ધાત્માના અનુભવરૂપ પરિણામના બહિરંગ સહકારી કારણભૂત કાળલબ્ધિરૂપ યથાકાળે (નિર્જરે છે). માત્ર યથાકાળે જ નથી નિર્જરતા, પરંતુ 'तवेण य' અકાળે પકવેલી કેરીઓની જેમ અવિપાક નિર્જરાની અપેક્ષાએ તપથી પણ નિર્જરે છે–કે જે તપ સમસ્ત પરદ્રવ્યોની ઇચ્છાના નિરોધરૂપ અભ્યંતર હોય છે અને અંતઃતત્ત્વના, સંવેદનના સાધનભૂત અનશન વગેરે બાર પ્રકારનું બહિરંગ હોય છે. 'तस्सडणं' કર્મનું જે ગળવું, તે દ્રવ્ય-નિર્જરા છે.

શંકા :—પહેલાં જે 'सडदि' કહ્યું હતું તેનાથી જ દ્રવ્ય-નિર્જરા આવી ગઈ, તો પછી

---

૧. ચોથા ગુણસ્થાનથી ભાવનિર્જરા શરૂ થાય છે, તેથી તે ગુણસ્થાનથી નિર્વિકાર ચૈતન્યરૂપ ચિત્ચમત્કારના અનુભવથી ઉત્પન્ન સહજાનંદમય સુખામૃત હોય છે, એમ સમજવું. શ્રી જયસેનાચાર્ય શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૩ ની ટીકામાં કહે છે કે 'તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે, ઉપાદેયપણે શ્રદ્ધે છે અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.' (જુઓ, ગુજરાતી પંચાસ્તિકાય પા.–૨૪૧.)

तेनैव द्रव्यनिर्जरा लब्धा, पुनरपि, ''सडणं'' किमर्थं भणितम् ? तत्रोत्तरम्—तेन सडदिशब्देन निर्मलात्मानुभूतिग्रहणभावनिर्जराभिधानपरिणामस्य सामर्थ्यमुक्तं, न च द्रव्यनिर्जरेति। ''इदि दुविहा'' इति द्रव्यभावरूपेण निर्जरा द्विविधा भवति।

अत्राह शिष्य :—सविपाकनिर्जरा नरकादिगतिष्वज्ञानिनामपि दृश्यते संज्ञानिनामेवेति नियमो नास्ति। तत्रोत्तरम्—अत्रैवमोक्षकारणं या संवरपूर्विका निर्जरा सैव ग्राह्या। या पुनरज्ञानिनां निर्जरा सा गजस्नानवन्निष्फला। यतः स्तोकं कर्म निर्जरयति बहुतरं बध्नाति, तेन कारणेन सा न ग्राह्या। या तु सरागसद्दृष्टीनां निर्जरा सा यद्यप्यशुभकर्मविनाशं करोति तथापि संसारस्थितिं स्तोकां कुरुते। तद्भवे तीर्थकरप्रकृत्यादिविशिष्टपुण्यबन्धकारणं भवति पारम्पर्येण मुक्तिकारणं चेति। वीतरागसद्दृष्टीनां पुनः पुण्यपापद्वयविनाशे तद्भवेऽपि मुक्तिकारणमिति। उक्तं च श्री कुन्दकुन्दाचार्यदेवैः ''जं अण्णाणी कम्मं खवेदि भवसदसहस्सकोडीहिं। तं णाणी तिहिंगुत्तो खवेदि उस्सासमेत्तेण।१।'' कश्चिदाह—

---

ફરીવાર 'सडणं' શબ્દ શા માટે કહ્યો? સમાધાન—પહેલાં જે 'सडदि' શબ્દ કહ્યો હતો તેના દ્વારા નિર્મળ આત્માના અનુભવનું ગ્રહણ કરનાર ભાવ–નિર્જરા નામના પરિણામના સામર્થ્યનું કથન કર્યું હતું, દ્રવ્ય–નિર્જરાનું નહિ. 'इदि दुविहा' એ રીતે દ્રવ્ય અને ભાવરૂપ નિર્જરા બે પ્રકારની છે.

અહીં, શિષ્ય પૂછે છે—સવિપાક નિર્જરા નરકાદિ ગતિઓમાં અજ્ઞાનીઓને પણ (થતી) જોવામાં આવે છે. તે સમ્યગ્જ્ઞાનીઓને જ હોય એવો નિયમ નથી. તેનો ઉત્તર—અહીં જે સંવર–પૂર્વકની મોક્ષના કારણરૂપ નિર્જરા છે, તે જ ગ્રહણ કરવી. જે અજ્ઞાનીઓની નિર્જરા છે તે તો ગજસ્નાનવત્ નિષ્ફળ છે, કારણ કે થોડાં કર્મ ખરે છે અને તે ઘણાં વધારે બાંધે છે, તે કારણે તે ગ્રહણ કરવા યોગ્ય નથી. સરાગ સમ્યગ્દષ્ટિઓની[1] જે નિર્જરા છે તે જો કે અશુભ કર્મોનો વિનાશ કરે છે, તોપણ સંસારની સ્થિતિ ઘટાડે છે, તે ભવમાં તીર્થંકર પ્રકૃતિ આદિ વિશિષ્ટ પ્રકારના પુણ્યબંધનું કારણ થાય છે અને પરંપરાએ મોક્ષનું કારણ થાય છે. વીતરાગ સમ્યગ્દષ્ટિઓને પુણ્ય અને પાપ બન્નેનો નાશ થતાં તે ભવમાં પણ મુક્તિનું કારણ થાય છે. શ્રીકુંદકુંદાચાર્યદેવે તે જ કહ્યું છે : ''અજ્ઞાની જે કર્મો લાખ કરોડ ભવોમાં ખપાવે છે તે કર્મો જ્ઞાની ત્રિગુપ્તિમાં ગુપ્ત થઈને ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે.''[1]

---

૧. શ્રી પ્રવચનસાર ગાથા ૨૩૮.

सद्‌दृष्टीनां वीतरागविशेषेणं किमर्थं, ''रागादयो हेयो, मदीया न भवन्ति'' इति भेदविज्ञाने जाते सति रागानुभवेऽपि ज्ञानमात्रेण मोक्षो भवतीति। तत्र परिहारः। अन्धकारे पुरुषद्वयम् एकः प्रदीपहस्तस्तिष्ठति, अन्यः पुनरेकः प्रदीपरहितस्तिष्ठति। स च कूपे पतनं सर्पादिकं वा न जानाति, तस्य विनाशे दोषो नास्ति। यस्तु प्रदीपहस्तस्तस्य कूपपतनादिविनाशे प्रदीपफलं नास्ति। यस्तु कूपपतनादिकं त्यजति तस्य प्रदीपफलमस्ति। तथा कोऽपि रागादयो हेया मदीया न भवन्तीति भेदविज्ञानं न जानाति स कर्मणा बध्यते तावत्, अन्यः कोऽपि रागादिभेदविज्ञाने जातेऽपि यावतांशेन रागादिकमनुभवति तावतांशेन सोऽपि बध्यत एव, तस्यापि रागादिभेदविज्ञानफलं नास्ति। यस्तु रागादिभेदविज्ञाने जाते सति रागादिकं त्यजति तस्य भेदविज्ञानफलमस्तीति ज्ञातव्यम्। तथा चोक्तं—'चक्खुस्स दंसणस्स य सारो सप्पादिदोसपरिहार। चक्खू होइ णिरत्थं दट्ठूण विले पडंतस्स'॥३६॥ एवं

---

કોઈ કહે છે કે, સમ્યગ્દષ્ટિઓને[1] 'વીતરાગ' વિશેષણનું શું પ્રયોજન છે? 'રાગાદિ હેય છે, એ ભાવ મારા નથી' એ પ્રમાણે ભેદવિજ્ઞાન થતાં, તેને રાગનો અનુભવ થવા છતાં પણ, જ્ઞાનમાત્રથી મોક્ષ થઈ જાય છે. (તો પછી 'વીતરાગ' વિશેષણનું શું પ્રયોજન છે?) સમાધાન :—અંધારામાં બે મનુષ્યો છે, એકના હાથમાં દીવો છે અને બીજો દીવા વિનાનો છે, તે (દીવા વિનાના) મનુષ્યને કૂવામાં પડવાનું કે સર્પાદિનું જ્ઞાન નથી, તેથી તેનો વિનાશ થાય તો તેમાં તેનો દોષ નથી. પરંતુ જેના હાથમાં દીવો છે તે કૂવામાં પડવા વગેરેથી વિનાશ પામે તો તેને દીવાનું ફળ ન મળ્યું. જે કૂવામાં પડવા વગેરેમાંથી બચે છે તેને દીવો રાખવાનું ફળ છે. તેવી રીતે કોઈ પણ જીવ 'રાગાદિ હેય છે, મારા ભાવ નથી' એ પ્રમાણે ભેદવિજ્ઞાન જાણતો નથી, ત્યાંસુધી તો તે કર્મથી બંધાય છે અને બીજો કોઈ જીવ રાગાદિથી ભેદવિજ્ઞાન થવા છતાં પણ જેટલા અંશે રાગાદિનો અનુભવ કરે છે તેટલા અંશે તે પણ બંધાય જ છે, તેને પણ રાગાદિના ભેદવિજ્ઞાનનું ફળ નથી. જે રાગાદિથી ભેદવિજ્ઞાન થતાં રાગાદિનો ત્યાગ કરે છે તેને ભેદવિજ્ઞાનનું ફળ છે, એમ જાણવું. તે જ કહ્યું છે—'ચક્ષુથી દેખવાનું ફળ સર્પાદિ દોષનો ત્યાગ કરવો તે છે; જોવા છતાં પણ સર્પના દરમાં પડનારને નેત્ર નિરર્થક છે.''[2]

---

૧. અહીં જે સરાગ સમ્યગ્દષ્ટિઓ કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટ્યું છે, પણ ચારિત્ર અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દષ્ટિઓ' કહ્યા છે. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચય સાધક (નિશ્ચયના સાધનભૂત)' કહેવામાં આવ્યું છે, એમ સમજવું. (જુઓ, શ્રી પંચાસ્તિકાય સંગ્રહ, પા. ૨૫૯ ફૂટનોટ.)

૨. શ્રી ભગવતી આરાધના ગાથા ૧૨.

निर्जराव्याख्याने सूत्रेणैकेन चतुर्थस्थलं गतम्।

अथ मोक्षतत्त्वमावेदयति :—

**सव्वस्स कम्मणो जो खयहेदू अप्पणो हु परिणामो।**
**णेयो स भावमुक्खो दव्वविमुक्खो य कम्मपुहभावो।।३७।।**

सर्वस्य कर्मणः यः क्षयहेतुः आत्मनः हि परिणामः।
ज्ञेयः सः भावमोक्षः द्रव्यविमोक्षः च कर्म्मपृथग्भावः।।३७।।

व्याख्या—यद्यपि सामान्येन निरवशेषनिराकृतकर्ममलकलंकस्याशरीरस्यात्मन आत्यन्तिकस्वाभाविकाचिन्त्याद्भुतानुपमसकलविमलकेवलज्ञानाद्यनन्तगुणास्पदमवस्थान्तरं मोक्षो भण्यते तथापि विशेषेण भावद्रव्यरूपेण द्विधा भवतीति वार्तिकम्। तद्यथा—''णेयो स भावमुक्खो'' णेयो ज्ञातव्यः स भावमोक्षः। स कः? ''अप्पणो हु परिणामो'' निश्चयरत्नत्रयात्मककारणसमयसाररूपो ''हु'' स्फुटमात्मनः परिणामः। कथंभूतः?

---

આ પ્રમાણે નિર્જરાતત્ત્વના વ્યાખ્યાનમાં એક સૂત્રથી ચોથું સ્થળ પૂરું થયું. ૩૬.

હવે, મોક્ષતત્ત્વનું કથન કરે છે :—

ગાથા ૩૭

ગાથાર્થ :—જે સર્વ કર્મોના નાશનું કારણ છે એવા આત્માના પરિણામ તેને ભાવમોક્ષ જાણવો; કર્મોનું આત્માથી સર્વથા પૃથક્ થવું તે દ્રવ્યમોક્ષ છે.

ટીકા :—જોકે સામાન્યપણે સંપૂર્ણ કર્મમળ-કલંકરહિત, શરીરરહિત આત્માનું આત્યંતિક, સ્વાભાવિક, અચિંત્ય, અદ્ભુત, અનુપમ, સંપૂર્ણ-નિર્મળ કેવળજ્ઞાનાદિ અનંત ગુણોનાં સ્થાનરૂપ જે અવસ્થાન્તર (—આવી જે વિશિષ્ટ અવસ્થા) તે જ મોક્ષ કહેવાય છે, તોપણ વિશેષપણે ભાવ અને દ્રવ્યના ભેદથી તે (મોક્ષ) બે પ્રકારનો છે—એમ વાર્તિક છે. તે આ રીતે છે—'णेयो स भावमुक्खो' તેને ભાવમોક્ષ જાણવો. તે કોણ? ''अप्पणो हु परिणामो'' નિશ્ચયરત્નત્રયાત્મક કારણ સમયસારરૂપ 'हु' પ્રગટ આત્માના પરિણામ. કેવા

---

સર્વ કર્મકા ક્ષયકર ભાવ, ચેતનકૈ હૈ મોક્ષસુભાવ;
કર્મ—જીવ ન્યારે જો હોય, દ્રવ્ય-વિમોક્ષ કહાવૈ સોય. ૩૭.

''सव्वस्स कम्मणो जो खयहेदू'' सर्वस्य द्रव्यभावरूपमोहनीयादिघातिचतुष्टयकर्मणो यः क्षयहेतुरिति। द्रव्यमोक्षं कथयति। ''दव्वविमुक्खो'' अयोगिचरमसमये द्रव्यविमोक्षो भवति। कोऽसौ? ''कम्मपुहभावो'' टङ्कोत्कीर्णशुद्धबुद्धैकस्वभावपरमात्मन आयुरादिशेषाघातिकर्मणामपि य आत्यन्तिकपृथग्भावो विश्लेषो विघटनमिति।

तस्य मुक्तात्मनः सुखं कथ्यते। ''आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधं विशालं वृद्धिह्रासव्यपेतं विषयविरहितं निःप्रतिद्वन्द्वभावम्। अन्यद्रव्यानपेक्षं निरुपममितं शाश्वतं सर्वकालमुत्कृष्टानंतसारं परमसुखमतस्तस्य सिद्धस्य जातं।१।'' कश्चिदाह—इन्द्रियसुखमेव सुखं, मुक्तात्मनामिन्द्रियशरीराभावे पूर्वोक्तमतीन्द्रियसुखं कथं घटत इति? तत्रोत्तरं दीयते—सांसारिकसुखं तावत् स्त्रीसेवनादिपञ्चेन्द्रियविषयप्रभवमेव, यत्पुनः पञ्चेन्द्रियविषयव्यापाररहितानां निर्व्याकुलचित्तानां पुरुषाणां सुखं तदतीन्द्रियसुखमत्रैव दृश्यते। पञ्चेन्द्रियमनोजनितविकल्पजालरहितानां निर्विकल्पसमाधिस्थानां परमयोगिनां रागादिरहितत्वेन

---

પરિણામ? ''सव्वस्स कम्मणो जो खयहेदू'' સર્વ દ્રવ્ય–ભાવરૂપ મોહનીય આદિ ચાર ઘાતીકર્મોના નાશનું જે કારણ છે તે.

દ્રવ્યમોક્ષનું કથન કરે છે : ''दव्वविमुक्खो'' અયોગી ગુણસ્થાનના છેલ્લા સમયે દ્રવ્યમોક્ષ થાય છે. તે (દ્રવ્યમોક્ષ) કેવો છે? ''कम्मपुहभावो'' ટંકોત્કીર્ણ શુદ્ધ–બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી, આયુષ્ય આદિ શેષ ચાર અઘાતીકર્મોનું પણ અત્યંતપણે પૃથક્ થવું–ભિન્ન થવું–છૂટી જવું, તે દ્રવ્યમોક્ષ છે.

તે મુક્તાત્માના સુખનું વર્ણન કરવામાં આવે છે—''આત્માના ઉપાદાનથી સિદ્ધ, સ્વયં અતિશયતાવાળું, બાધારહિત, વિશાળ, વૃદ્ધિ અને હ્રાસથી રહિત, વિષયોથી રહિત, પ્રતિપક્ષભાવ રહિત, અન્ય દ્રવ્યોની અપેક્ષા વિનાનું, નિરુપમ, અપાર, શાશ્વત, સર્વદા ઉત્કૃષ્ટ તથા અનંતસારભૂત પરમસુખ તે સિદ્ધોને હોય છે.''

શંકા :—ઇન્દ્રિયસુખ એ જ સુખ છે, સિદ્ધ જીવોને ઇન્દ્રિય અને શરીરનો અભાવ હોવાથી પૂર્વોક્ત અતીન્દ્રિય સુખ કેવી રીતે હોઈ શકે? તેનો ઉત્તર આપવામાં આવે છે :—સાંસારિક સુખ તો સ્ત્રી–સેવનાદિ પાંચ ઇન્દ્રિયના વિષયોથી જ ઉત્પન્ન થાય છે, પરંતુ પાંચ ઇન્દ્રિયના વિષયોના વ્યાપારરહિત, અવ્યાકુળ ચિત્તવાળા મનુષ્યોને જે સુખ છે તે અતીન્દ્રિય સુખ છે, તે અહીં પણ દેખવામાં આવે છે. પાંચ ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થતા વિકલ્પોની જાળરહિત, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત પરમ યોગીઓને રાગાદિનો અભાવ

**स्वसंवेद्यमात्मसुखं तद्विशेषेणातीन्द्रियम्। यच्च भावकर्मद्रव्यकर्मनोकर्मरहितानां सर्वप्रदेशाह्लादैक-पारमार्थिकपरमानन्दपरिणतानां मुक्तात्मनामतीन्द्रियसुखं तदत्यन्तविशेषेण ज्ञातव्यम्। अत्राह शिष्यः—संसारिणां निरन्तरं कर्मबन्धोस्ति, तथैवोदयोऽप्यस्ति, शुद्धात्मभावनाप्रस्तावो नास्ति, कथं मोक्षो भवतीति? तत्र प्रत्युत्तरं—यथा शत्रोः क्षीणावस्थां दृष्ट्वा कोऽपि धीमान् पर्यालोचयत्ययं मम हनने प्रस्तावस्ततः पौरुषं कृत्वा शत्रुं हन्ति। तथा कर्मणामप्येकरूपावस्था नास्ति, हीयमानस्थित्यनुभागत्वेन कृत्वा यदा लघुत्वं क्षीणत्वं भवति तदा धीमान् भव्य आगमभाषया 'खयउवसमिय विसोही देसण पाउग्ग करणलद्धी य। चत्तारि वि सामण्णा करणं पुण होइ सम्मत्ते।१।' इति गाथाकथितलब्धिपञ्चकसंज्ञेनाध्यात्मभाषया निजशुद्धात्माभिमुखपरिणामसंज्ञेन च निर्मलभावनाविशेषखड्गेन पौरुषं कृत्वा कर्मशत्रुं हन्तीति। यत्पुनरन्तः कोटाकोटीप्रमितकर्मस्थितिरूपेण तथैव लतादारुस्थानीयानुभागरूपेण च**

---

હોવાથી જે સ્વસંવેદ્ય આત્મસુખ છે તે વિશેષરૂપે અતીન્દ્રિય સુખ છે; અને જે ભાવકર્મ—દ્રવ્યકર્મ—નોકર્મ રહિત, આત્માના સર્વપ્રદેશે આહ્‌લાદરૂપ એવા એક પારમાર્થિક પરમાનંદપરિણત મુક્ત જીવોને જે અતીન્દ્રિય સુખ છે, તે અત્યંત વિશેષરૂપે અતીન્દ્રિય સુખ જાણવું.

અહીં, શિષ્ય કહે છે—સંસારી જીવોને નિરંતર કર્મોનો બંધ થાય છે તેવી જ રીતે કર્મોનો ઉદય પણ હોય છે, શુદ્ધાત્મભાવનાનો પ્રસંગ નથી; તો મોક્ષ કેવી રીતે થાય? તેનો ઉત્તર :—જેવી રીતે કોઈ બુદ્ધિમાન મનુષ્ય, શત્રુની નિર્બળ અવસ્થા જોઈને વિચાર કરે છે કે 'આ મારે મારવાનો પ્રસંગ છે,' પછી પુરુષાર્થ કરીને શત્રુને હણે છે, તેમ કર્મોની પણ એકરૂપ અવસ્થા રહેતી નથી, જ્યારે કર્મની સ્થિતિ અને અનુભાગ હીન થતાં તે લઘુ અને ક્ષીણ થાય છે, ત્યારે બુદ્ધિમાન ભવ્ય જીવ આગમભાષાથી[1] '**खयउवसमियविसोही देसण पाउग्ग करणलद्धी य। चत्तारि वि सामण्णा करणं पुण होदि सम्मत्ते।।** (અર્થ :—ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય અને કરણલબ્ધિ; એમાંથી ચાર તો સામાન્ય છે અને કરણલબ્ધિ સમ્યક્‌ત્વ થવાના સમયે થાય છે.)'—આ ગાથામાં કહેલી પાંચ લબ્ધિ નામક (નિર્મળભાવનાવિશેષરૂપ ખડ્‌ગથી) અને અધ્યાત્મભાષાથી નિજશુદ્ધાત્માભિમુખ પરિણામ નામક વિશેષ પ્રકારની નિર્મળભાવનારૂપ ખડ્‌ગથી પુરુષાર્થ કરીને કર્મશત્રુને હણે છે. અંતઃકોટાકોટીપ્રમાણ કર્મની સ્થિતિરૂપ તથા લતા અને કાષ્ઠસ્થાનીય અનુભાગરૂપ[1] કર્મનું

---

૧. શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૫૦. સમ્યગ્દર્શન સંબંધી આ શાસ્ત્રની ગાથા ૪૧ ની ફૂટનોટમાં કરણલબ્ધિની વિગત લખી છે તે વાંચવી.

**कर्मलघुत्वे जाते अपि सत्ययं जीव आगमभाषया अधःप्रवृत्तिकरणापूर्व-करणानिवृत्तिकरणसंज्ञामध्यात्मभाषया स्वशुद्धात्माभिमुखपरिणतिरूपां कर्महननबुद्धिं क्वापि काले न करिष्यतीति तदभव्यत्वगुणस्यैव लक्षणं ज्ञातव्यमिति। अन्यदपि दृष्टान्तनवकं मोक्षविषये ज्ञातव्यम्—''रयण दीव दिणयर दहिउ दुद्धउ घीव पहाणु। सुण्णुरुप्पफलिहउ अगणि, णव दिट्ठंता जाणि।१।' नन्वनादिकाले मोक्षं गच्छतां जीवानां जगच्छून्यं भविष्यतीति? तत्र परिहारः—यथा भाविकालसमयानां क्रमेण गच्छतां यद्यपि भाविकालसमयराशेः स्तोकत्वं भवति तथाप्यवसानं नास्ति। तथा मुक्तिं गच्छतां जीवानां यद्यपि जीवराशेः स्तोकत्वं भवति तथाप्यवसानं नास्ति। इति चेत्तर्हि पूर्वकाले बहवोऽपि जीवा मोक्षं गता इदानीं जगतः शून्यत्वं किं न दृश्यते? किञ्चाभव्यानामभव्यसमानभव्यानां च मोक्षो नास्ति कथं शून्यत्वं भविष्यतीति॥३७॥ एवं संक्षेपेण मोक्षतत्त्वव्याख्यानेनैकसूत्रेण पञ्चमं स्थलं गतम्।**

---

લઘુત્વ થવા છતાં પણ આ જીવ આગમભાષાથી અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામક અને અધ્યાત્મભાષાથી સ્વશુદ્ધાત્માભિમુખ પરિણતિરૂપ એવી કર્મહનનબુદ્ધિ કોઈ પણ કાળે નહિ કરે, તો તે અભવ્યત્વગુણનું લક્ષણ જાણવું.

બીજાં પણ નવ દ્રષ્ટાંતો મોક્ષના વિષયમાં જાણવાં. ''रयण दीव दिणयर दहिउ, दुद्धउ घीव पहाणु। सुण्णुरुप्पफलिहउ अगणि, णव दिट्ठंता जाणि[1]॥ (અર્થ :—રત્ન, દીપક, સૂર્ય, દૂધ, દહીં, ઘી, પત્થર, સોનું, ચાંદી, સ્ફટિકમણિ અને અગ્નિ—એ રીતે નવ દ્રષ્ટાંત જાણવાં.).''

**શંકા** :—અનાદિકાળથી જીવ મોક્ષ પામે છે, તેથી આ જગત કદીક ખાલી થઈ જશે? તેનું **સમાધાન** :—જેમ ભવિષ્યકાળના સમયો ક્રમે–ક્રમે પસાર થવાથી જોકે ભવિષ્યકાળની સમયરાશિમાં ઘટાડો થાય છે, તોપણ તેનો કદી અંત થતો નથી. તેમ જીવો મોક્ષે જતાં જોકે જીવોની રાશિમાં ઘટાડો થાય છે, તોપણ તેનો અંત થતો નથી. જો જીવ મોક્ષમાં જતાં સંસારમાં જીવની શૂન્યતા થતી હોય તો ભૂતકાળમાં ઘણા જીવો મોક્ષે ગયા છે, તોપણ અત્યારે જગતમાં જીવોની શૂન્યતા કેમ દેખાતી નથી? વળી અભવ્ય જીવો અને અભવ્ય સમાન ભવ્યજીવોનો મોક્ષ નથી, તો પછી જગતમાં જીવોની શૂન્યતા કેવી રીતે થાય? ૩૭.

આવી રીતે, સંક્ષેપમાં મોક્ષતત્ત્વના વ્યાખ્યાનરૂપ એક સૂત્રથી પાંચમું સ્થળ સમાપ્ત થયું.

---

૧. શ્રી યોગસાર ગાથા ૫૭

अतः ऊर्ध्वं षष्ठस्थले गाथापूर्वार्धेन पुण्यपापपदार्थद्वयस्वरूपमुत्तरार्धेन च पुण्यपापप्रकृतिसंख्यां कथयामीत्यभिप्रायं मनसि धृत्वा भगवान् सूत्रमिदम् प्रतिपादयति :—

**सुहअसुहभावजुत्ता पुण्णं पावं हवंति खलु जीवा।**
**सादं सुहाउ णामं गोदं पुण्णं पराणि पावं च।।३८।।**

शुभाशुभभावयुक्ताः पुण्यं पापं भवन्ति खलु जीवाः।
सातं शुभायुः नाम गोत्रं पुण्यं पराणि पापं च।।३८।।

व्याख्या—''पुण्णं पावं हवंति खलु जीवा'' चिदानन्दैकसहजशुद्धस्वभावत्वेन पुण्यपापबन्धमोक्षादिपर्यायरूपविकल्परहिता अपि सन्तानागतानादिकर्मबन्धपर्यायेण पुण्यं पापं च भवन्ति खलु स्फुटं जीवाः। कथंभूताः सन्तः ? ''सुहअसुहभावजुत्ता'' ''उद्वममिथ्यात्वविषं भावय दृष्टिं च कुरु परां भक्तिम्। भावनमस्कारतो ज्ञाने युक्तो भव सदापि।१।

---

હવે, આગળ છઠ્ઠા સ્થળમાં ''ગાથાના પૂર્વાર્ધથી પુણ્ય-પાપરૂપ બે પદાર્થોનું સ્વરૂપ અને ઉત્તરાર્ધથી પુણ્ય અને પાપ પ્રકૃતિઓની સંખ્યા હું કહું છું'' એવો અભિપ્રાય મનમાં રાખીને ભગવાન આ સૂત્રનું પ્રતિપાદન કરે છે.

ગાથા ૩૮

ગાથાર્થ :—શુભ અને અશુભ પરિણામોથી યુક્ત જીવો ખરેખર પુણ્ય–પાપરૂપ હોય છે; શાતાવેદનીય, શુભ આયુ, શુભ નામ તથા ઉચ્ચ ગોત્ર એ પુણ્યપ્રકૃતિ છે, બાકીની બધી પાપપ્રકૃતિઓ છે.

ટીકા :—''पुण्णं पावं हवंति खलु जीवा'' ચિદાનન્દ એક સહજ શુદ્ધસ્વભાવથી જીવો પુણ્ય, પાપ, બંધ, મોક્ષ આદિ પર્યાયરૂપ વિકલ્પોથી રહિત હોવા છતાં પણ પરંપરાથી ચાલ્યા આવતા અનાદિકર્મબંધરૂપ પર્યાયથી ખરેખર–સ્પષ્ટપણે પુણ્ય અને પાપરૂપ થાય છે. કેવા પ્રકારના થઈને? ''सुहअसुहभावजुत्ता'' उद्वममिथ्यात्वविषं भावय दृष्टिं च कुरु परां भक्तिम् भावनमस्कारतो ज्ञाने युक्तो भव सदापि।। पञ्च महाव्रतरक्षां

---

શુભ અર અશુભ ભાવજુત જીવ, ભાવ પુણ્ય અરુ પાપ સદીવ;
સાતા શુભ ગોત્તર અરુ નામ, આયુ પુણ્ય, પર પાપ નકામ. ૩૮.

**पञ्चमहाव्रतरक्षां कोपचतुष्कस्य निग्रहं परमम्। दुर्दान्तेन्द्रियविजयं तपःसिद्धिविधौ कुरूद्योगम्।२।'' इत्यार्याद्वयकथितलक्षणेन शुभोपयोगभावेन परिणामेन तद्विलक्षणेनाशुभोपयोगपरिणामेन च युक्ताः परिणताः। इदानीं पुण्यपापभेदान् कथयति ''सादं सुहाउ णामं गोदं पुण्णं'' सद्वेद्यशुभायुर्नामगोत्राणि पुण्यं भवति ''पराणि पावं च'' तस्मादपराणि कर्माणि पापं चेति। तद्यथा—सद्वेद्यमेकं, तिर्यग्मनुष्यदेवायुस्त्रयं, सुभगयशःकीर्त्तितीर्थकरत्वादिनामप्रकृतीनां सप्तत्रिंशत्, तथोच्चैर्गोत्रमिति समुदायेन द्विचत्वारिंशत्संख्याः पुण्यप्रकृतयो विज्ञेयाः। शेषा द्व्यशीतिपापमिति। तत्र 'दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसीसाधुसमाधिवैयावृत्त्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणिमार्गप्रभावनाप्रवचनवत्सलत्वमिति तीर्थकरत्वस्य' इत्युक्तलक्षणषोडशभावनोत्पन्नतीर्थकरनामकर्मैव विशिष्टं पुण्यम्।**

---

कोपचतुष्कस्य निग्रहं परमम्। दुर्दान्तेन्द्रियविजयं तपःसिद्धिविधौ कुरूद्योगम्॥१ (અર્થ :— મિથ્યાત્વરૂપી વિષનું વમન કરો, સમ્યગ્દર્શનની ભાવના કરો, ઉત્કૃષ્ટ ભક્તિ કરો અને ભાવનમસ્કારમાં તત્પર થઈને સદા જ્ઞાનમાં જોડાઓ. પાંચ મહાવ્રતોની રક્ષા કરો, ક્રોધાદિ ચાર કષાયોનો પૂર્ણ નિગ્રહ કરો, પ્રબળ ઇન્દ્રિયોનો વિજય કરો અને તપને સિદ્ધ કરવાની વિધિનો ઉદ્યમ કરો.) આ રીતે ઉપરની બે આર્યામાં કહેલા લક્ષણવાળા શુભોપયોગરૂપ પરિણામથી અને તેનાથી વિપરીત અશુભોપયોગરૂપ પરિણામથી યુક્ત—પરિણત જીવો પુણ્ય-પાપરૂપ થાય છે. હવે, પુણ્ય અને પાપના ભેદ કહે છે. ''सादं सुहाउ णामं गोदं पुण्णं'' શાતાવેદનીય, શુભ આયુ, શુભ નામ અને ઉચ્ચ ગોત્ર—એ કર્મ તો પુણ્યરૂપ છે. ''पराणि पावं च'' તેનાથી અન્ય કર્મો પાપ છે. તે આ પ્રમાણે—શાતાવેદનીય એક, તિર્યંચ, મનુષ્ય અને દેવ—એ ત્રણ આયુષ્ય, સુભગ, યશઃકીર્તિ, તીર્થંકરપણું વગેરે નામકર્મની સાડત્રીસ અને ઉચ્ચ ગોત્ર એક—એ રીતે કુલ બેંતાળીસ પુણ્યપ્રકૃતિઓ જાણવી, બાકીની બ્યાસી પાપપ્રકૃતિ છે. 'દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા, શીલ અને વ્રતોમાં અતિચારરહિત આચરણ, નિરંતર જ્ઞાનોપયોગ, સંવેગ, શક્તિ અનુસાર ત્યાગ, શક્તિ અનુસાર તપ, સાધુસમાધિ, વૈયાવૃત્ય કરવી, અર્હંતભક્તિ, આચાર્યભક્તિ, બહુશ્રુતભક્તિ, પ્રવચનભક્તિ, આવશ્યકોમાં હાનિ ન કરવી, માર્ગ-પ્રભાવના અને પ્રવચન-વાત્સલ્ય—એ તીર્થંકરપ્રકૃતિના બંધનાં કારણ છે.' એ ઉપરોક્ત લક્ષણવાળા સોળ ભાવનાઓથી ઉત્પન્ન તીર્થંકર નામકર્મ વિશિષ્ટ પુણ્ય

---

૧. અજ્ઞાત શાસ્ત્ર.

षोडशभावनासु मध्ये परमागमभाषया ''मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट्। अष्टौ शंकादयश्चेतिं द्दग्दोषाः पञ्चविंशतिः।१।'' इति श्लोककथितपञ्चविंशतिमलरहिता तथाध्यात्मभाषया निजशुद्धात्मोपादेयरुचिरूपा सम्यक्त्वभावनैव मुख्येति विज्ञेयम्। 'सम्यग्दृष्टेर्जीवस्य पुण्यपापद्वयमपि हेयम्,' कथं पुण्यं करोतीति? तत्र युक्तिमाह। यथा कोऽपि देशान्तरस्थमनोहरस्त्रीसमीपादागतपुरुषाणां तदर्थे दानसन्मानादिकं करोति तथा सम्यग्दृष्टिः अप्युपादेयरूपेण स्वशुद्धात्मानमेव भावयति चारित्रमोहोदयात्तत्रासमर्थः सन् निर्दोषपरमात्मस्वरूपाणामर्हत्सिद्धानां तदाराधकाचार्योपाध्यायसाधूनां च परमात्मपदप्राप्त्यर्थं विषयकषायवञ्चनार्थं च दानपूजादिना गुणस्तवनादिना वा परमभक्तिं करोति तेन भोगाकाङ्क्षादिनिदानरहितपरिणामेन कुटुम्बिनां (कृषकानां) पलालमिव अनीहितवृत्त्या विशिष्टपुण्यमास्रवति तेन च स्वर्गे देवेन्द्रलोकान्तिकादिविभूतिं प्राप्य विमानपरिवारादिसंपदं

---

છે. સોળ ભાવનાઓમાં પરમાગમની ભાષાથી ''मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट्। अष्टौ शंकादयश्चेति द्दग्दोषाः पञ्चविंशतिः॥ (અર્થ :—ત્રણ[1] મૂઢતા, આઠ મદ, છ અનાયતન અને આઠ શંકાદિ દોષ—એ પચીસ સમ્યગ્દર્શના દોષ છે.)'' એ શ્લોકમાં કહેલ પચીસ મળરહિત (સમ્યક્ત્વભાવના) અને અધ્યાત્મભાષાથી નિજ શુદ્ધાત્મા ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યક્ત્વની ભાવના જ મુખ્ય છે, એમ જાણવું.

શંકા :—સમ્યગ્દષ્ટિ જીવને તો પુણ્ય–પાપ બન્ને હેય છે, તો તે પુણ્ય કેમ કરે? ત્યાં યુક્તિ સહિત સમાધાન આપે છે—જેમ કોઈ મનુષ્ય બીજા દેશમાં રહેતી (પોતાની) મનોહર સ્ત્રીની પાસેથી આવેલ મનુષ્યોને તે અર્થે દાન આપે છે અને સન્માન વગેરે કરે છે, તેમ સમ્યગ્દષ્ટિ પણ ઉપાદેયરૂપે નિજ શુદ્ધાત્માની જ ભાવના કરે છે અને જ્યારે ચારિત્રમોહના ઉદયથી તેમાં (શુદ્ધાત્માની ભાવના કરવામાં) અસમર્થ હોય છે; ત્યારે નિર્દોષ પરમાત્મસ્વરૂપ અર્હંત અને સિદ્ધોની તથા તેમના આરાધક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની, પરમાત્મપદની પ્રાપ્તિ માટે અને વિષય–કષાયોથી બચવા માટે, દાન-પૂજા વગેરેથી અથવા ગુણોની સ્તુતિથી પરમભક્તિ કરે છે. તે ભોગાકાંક્ષાદિ નિદાનરહિત પરિણામથી તથા નિઃસ્પૃહવૃત્તિથી વિશિષ્ટ પુણ્યનો આસ્રવ થાય છે, જેમ ખેડૂતને ચોખાની ખેતી કરતાં ઘાસ, ફોતરાં વગેરે મળે જ છે તેમ. તે પુણ્યથી જીવ સ્વર્ગમાં દેવેન્દ્ર, લોકાન્તિકદેવ વગેરેની વિભૂતિ પામીને વિમાન, પરિવાર વગેરે સંપદાઓને જીર્ણ તૃણસમાન

---

૧. જ્ઞાનાર્ણવ પૃ. ૯૩

जीर्णतृणमिव गणयन् पञ्चमहाविदेहेषु गत्वा पश्यति। किं पश्यतीति चेत्—तदिदं समवसरणं, त एते वीतरागसर्वज्ञाः, त एते भेदाभेदरत्नत्रयाराधका गणधरदेवादयो ये पूर्वं श्रूयन्ते त इदानीं प्रत्यक्षेण दृष्टा इति मत्वा विशेषेण दृढधर्ममतिर्भूत्वा चतुर्थगुणस्थान-योग्यामात्मनो भावनामपरित्यजन् भोगानुभवेऽपि सति धर्मध्यानेन कालं नीत्वा स्वर्गादागत्य तीर्थकरादिपदे प्राप्तेऽपि पूर्वभवभावितविशिष्टभेदज्ञानवासनाबलेन मोहं न करोति ततो जिनदीक्षां गृहीत्वा पुण्यपापरहितनिजपरमात्मध्यानेन मोक्षं गच्छतीति। मिथ्यादृष्टिस्तु तीव्र-निदानबन्ध पुण्येन भोगं प्राप्य पश्चादर्द्धचक्रवर्त्तिरावणादिवन्नरकं गच्छतीति। एवमुक्तलक्षण-पुण्यपापपदार्थद्वयेन सह पूर्वोक्तानि सप्ततत्त्वान्येव नव पदार्था भवन्तीति ज्ञातव्यम्।

इति श्री नेमिचन्द्रसैद्धान्तिकदेवविरचिते द्रव्यसंग्रहग्रन्थे ''आसवबंधण'' इत्यादि एका सूत्रगाथा तदनन्तरं गाथादशकेन स्थलषट्कं चेति समुदायेनैकादशसूत्रैः सप्ततत्त्वनवपदार्थप्रतिपादकनामा द्वितीयोमहाधिकारः समाप्तः ।।२।।

---

ગણતો થકો પાંચ મહાવિદેહોમાં જઈને જુએ છે. શું જુએ છે? 'તે આ સમવસરણ છે, તે આ વીતરાગ સર્વજ્ઞ ભગવાન છે, તે આ ભેદાભેદ રત્નત્રયના આરાધક ગણધરદેવાદિ છે;' જે પહેલાં સાંભળ્યા હતા તેમને આજ પ્રત્યક્ષ જોયા'—એમ સમજીને ધર્મમાં બુદ્ધિ વિશેષ દૃઢ કરીને ચોથા ગુણસ્થાનને યોગ્ય આત્મભાવનાને ન છોડતાં, ભોગ ભોગવવા છતાં પણ ધર્મધ્યાનમાં કાળ નિર્ગમન કરીને સ્વર્ગમાંથી આવીને તીર્થંકરાદિ પદને પામે છે, તોપણ પૂર્વભવમાં ભાવેલી વિશિષ્ટ ભેદજ્ઞાનની વાસનાના બળથી મોહ કરતા નથી. પછી જિનદીક્ષા લઈને, પુણ્ય અને પાપથી રહિત નિજ પરમાત્માના ધ્યાન વડે મોક્ષે જાય છે. મિથ્યાદૃષ્ટિ તો તીવ્ર નિદાનબંધવાળાં પુણ્યથી ભોગ પ્રાપ્ત કરીને પછી અર્ધ ચક્રવર્તી રાવણ આદિની જેમ નરકે જાય છે.

આ પ્રમાણે ઉપરોક્ત લક્ષણવાળાં પુણ્ય-પાપરૂપ બે પદાર્થ સાથે પૂર્વોક્ત સાત તત્ત્વો જ નવ પદાર્થ છે, એમ જાણવું. ૩૮.

એ પ્રમાણે શ્રી નેમિચન્દ્ર સૈદ્ધાન્તિકદેવે રચેલ દ્રવ્યસંગ્રહ નામના ગ્રંથમાં ''आसवबंधण'' આદિ એક સૂત્ર ગાથા, ત્યારપછી દશ ગાથાઓ દ્વારા છ સ્થળ—એ રીતે કુલ અગિયાર સૂત્રો વડે સાત તત્ત્વ અને નવ પદાર્થોનું પ્રતિપાદન કરનાર બીજો મહાધિકાર સમાપ્ત થયો. ૨.

❁ ❁ ❁

—૩—

# મોક્ષમાર્ગ અધિકાર

अतः ऊर्ध्वं विंशतिगाथापर्यन्तं मोक्षमार्गं कथयति। तत्रादौ ''सम्मद्दंसण'' इत्याद्यष्टगाथाभिर्निश्चयमोक्षमार्गव्यवहारमोक्षमार्गप्रतिपादकमुख्यत्वेन प्रथमः अन्तराधिकारस्ततः परम् ''दुविहं पि मुक्खहेउं'' इति प्रभृतिद्वादशसूत्रैर्ध्यानध्यातृध्येयध्यानफलकथनमुख्यत्वेन द्वितीयोऽन्तराधिकारः। इति तृतीयाधिकारे समुदायेन पातनिका।

अथ प्रथमतः सूत्रपूर्वार्धेन व्यवहारमोक्षमार्गमुत्तरार्धेन च निश्चयमोक्षमार्गं निरूपयति :—

**सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे।**
**ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा॥३९॥**

---

અહીંથી આગળ, વીસ ગાથા સુધી મોક્ષમાર્ગનું કથન કરે છે. ત્યાં પ્રારંભમાં ''सम्मद्दंसण'' ઇત્યાદિ આઠ ગાથાઓ દ્વારા નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગના પ્રતિપાદનની મુખ્યતાથી પ્રથમ અંતરાધિકાર છે, ત્યારપછી ''दुविहं पि मुक्खहेउं'' વગેરે બાર સૂત્રો દ્વારા ધ્યાન, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનફળના કથનની મુખ્યતાથી દ્વિતીય અંતરાધિકાર છે. એ પ્રમાણે ત્રીજા અધિકારમાં સમૂહરૂપે ભૂમિકા છે.

હવે, પ્રથમ જ સૂત્રના પૂર્વાર્ધથી વ્યવહારમોક્ષમાર્ગ અને ઉત્તરાર્ધથી નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે :—

---

અબ સુનિ દર્શન જ્ઞાન સુસાર, ચારિત, શિવ-કારન વ્યવહાર;
નિશ્ચય એક આતમા જાનિ, તીનાંમયી મોક્ષમગ માનિ. ૩૯.

सम्यग्दर्शनं ज्ञानं चरणं मोक्षस्य कारणं जानीहि।
व्यवहारात् निश्चयतः तत्त्रिकमयः निजः आत्मा॥३९॥

व्याख्या—''सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे ववहारा'' सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं मोक्षस्य कारणं, हे शिष्य! जानीहि व्यवहारनयात्। ''णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा'' निश्चयतस्तत्त्रितयमयो निजात्मेति। तथाहि वीतरागसर्वज्ञप्रणीत-षड्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्वनवपदार्थसम्यक्श्रद्धानज्ञानव्रताद्यनुष्ठानविकल्परूपो व्यवहारमोक्ष-मार्गः। निजनिरञ्जनशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणैकाग्र्यपरिणतिरूपो निश्चयमोक्षमार्गः।

---

ગાથા ૩૯

ગાથાર્થ :—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને વ્યવહારનયથી મોક્ષનું કારણ જાણો. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય નિજ આત્માને નિશ્ચયથી મોક્ષનું કારણ જાણો.

ટીકા :—''सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे ववहारा''—હે શિષ્ય! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—એ ત્રણને વ્યવહારનયથી મોક્ષનું કારણ જાણો. ''णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा'' નિશ્ચયથી[1] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—એ ત્રણમય નિજાત્મા જ મોક્ષનું કારણ છે. તે સમજાવવામાં આવે છે :— વીતરાગસર્વજ્ઞપ્રણીત છ દ્રવ્ય, પંચાસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોનાં સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન અને વ્રતાદિ આચરણના વિકલ્પરૂપ[2] વ્યવહારમોક્ષમાર્ગ છે; નિજ નિરંજન શુદ્ધાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન–આચરણની એકાગ્રપરિણતિરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે.

---

૧. ''જૈનશાસ્ત્રોનું પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે. આ વીતરાગપણાને વ્યવહાર–નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહીં.'' [જુઓ, શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨ ટીકા પૃષ્ઠ ૨૫૪.] ''છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તેમજ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય–વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તેમજ દેશવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય–વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.'' [જુઓ, શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨, પૃષ્ઠ ૨૫૪ ફૂટનોટ. ૨]

૨. વિકલ્પ છે તે રાગ છે અને તેનો હર સમયે અંશે અભાવ થતો જાય છે અર્થાત્ કથંચિત્ ભિન્ન સાધ્ય–સાધન ભાવનો અભાવ થતો જાય છે, તેથી તેને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. [જુઓ, પંચાસ્તિકાય પૃષ્ઠ ૨૩૫–૨૩૬.]

अथवा स्वशुद्धात्मभावनासाधकबहिर्द्रव्याश्रितो व्यवहारमोक्षमार्गः। केवलस्वसंवित्तिसमुत्पन्न-रागादिविकल्पोपाधिरहितसुखानुभूतिरूपोनिश्चयमोक्षमार्गः। अथवा धातुपाषाणेऽग्निवत्साधको व्यवहारमोक्षमार्गः, सुवर्णस्थानीयनिर्विकारस्वोपलब्धिसाध्यरूपो निश्चयमोक्षमार्गः। एवं संक्षेपेण व्यवहारनिश्चयमोक्षमार्गलक्षणं ज्ञातव्यमिति॥३६॥

अथाभेदेन सम्यग्दर्शनज्ञानचारित्राणि स्वशुद्धात्मैव तेन कारणेन निश्चयेनात्मैव निश्चयमोक्षमार्ग इत्याख्याति। अथवा पूर्वोक्तमेव निश्चयमोक्षमार्गं प्रकारान्तरेण दृढयति :—

**रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियह्मि।**
**तह्मा तत्तियमइउ होदि हु मुक्खस्स कारणं आदा॥४०॥**

---

અથવા સ્વશુદ્ધાત્મભાવનાનો સાધક[1], બાહ્યપદાર્થાશ્રિત વ્યવહારમોક્ષમાર્ગ છે; માત્ર સ્વસંવેદનથી ઉત્પન્ન, રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત—એવા સુખની અનુભૂતિરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે. અથવા ધાતુપાષાણની બાબતમાં અગ્નિસમાન[2] સાધક તે વ્યવહારમોક્ષમાર્ગ છે અને સુવર્ણસમાન નિર્વિકાર નિજાત્માની ઉપલબ્ધિરૂપ સાધ્ય તે નિશ્ચયમોક્ષમાર્ગ છે. આ પ્રમાણે સંક્ષેપથી વ્યવહાર અને નિશ્ચય મોક્ષમાર્ગનું લક્ષણ જાણવું. ૩૯.

હવે, અભેદપણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે શુદ્ધાત્મા જ છે, તે કારણે નિશ્ચયથી આત્મા જ નિશ્ચયમોક્ષમાર્ગ છે, એમ કહે છે. અથવા પૂર્વોક્ત નિશ્ચયમોક્ષમાર્ગ બીજા પ્રકારે દૃઢ કરે છે :—

---

૧. જેમને તે અનુષ્ઠાન છે તેને માત્ર ઉપચારથી જ સ્વશુદ્ધાત્માની ભાવનાનો સાધક કહેવામાં આવ્યો છે, એમ સમજવું. (પંચાસ્તિકાય સંગ્રહ ગુજરાતી, પૃષ્ઠ ૨૫૯ ફૂટનોટ.)

૨. જુઓ, શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૦ ટીકા પા. ૨૩૫–૨૩૬ બન્ને આચાર્યોની ટીકા. અગ્નિ તો નિમિત્તમાત્ર છે તેમ વ્યવહાર નિમિત્તમાત્ર છે. આ ક્રિયાકાંડ પરિણતિ છે તે તો રાગ છે. ધર્મી જીવને તેનું માહાત્મ્ય કેમ હોઈ શકે? જુઓ, શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨ ટીકા પા. ૨૬૨.

દર્શન બોધ ચારિત્ર જુ તીન, આતમ–વિન પરમૈં ન પ્રવીન;
તાતૈં તીનાંમયી સુ આપ, કારન મોક્ષ કહ્યૌ વિન પાપ. ૪૦.

रत्नत्रयं न वर्त्तते आत्मानं मुक्त्वा अन्यद्रव्ये।
तस्मात् तत्त्रिकमयः भवति खलु मोक्षस्य कारणं आत्मा ।।४०।।

व्याख्या :—'रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियह्मि' रत्नत्रयं न वर्त्तते स्वकीयशुद्धात्मानं मुक्त्वा अन्याचेतने द्रव्ये। 'तह्मा तत्तियमइउ होदि हु मुक्खस्स कारणं आदा' तस्मात्तत्त्रितयमय आत्मैव निश्चयेन मोक्षस्य कारणं भवतीति जानीहि। अथ विस्तरः —रागादिविकल्पोपाधिरहितचिच्चमत्कारभावनोत्पन्नमधुररसास्वादसुखोऽहमिति निश्चयरुचिरूपं सम्यग्दर्शनं, तस्यैव सुखस्य समस्तविभावेभ्यः स्वसंवेदनज्ञानेन पृथक् परिच्छेदनं सम्यग्ज्ञानं, तथैव दृष्टश्रुतानुभूतभोगाकाङ्क्षाप्रभृतिसमस्तापध्यानरूपमनोरथजनितसंकल्पविकल्पजालत्यागेन तत्रैव सुखे रतस्य सन्तुष्टस्य तृप्तस्यैकाकारपरमसमरसीभावेन द्रवीभूतचित्तस्य पुनः पुनः स्थिरीकरणं सम्यक्चारित्रम्। इत्युक्तलक्षणं निश्चयरत्नत्रयं शुद्धात्मानं विहायान्यत्र

---

ગાથા ૪૦

ગાથાર્થ :—આત્મા સિવાય અન્ય દ્રવ્યમાં રત્નત્રય રહેતાં નથી, તે કારણે રત્નત્રયમયી આત્મા જ મોક્ષનું કારણ છે.

ટીકા :—''रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियह्मि'' નિજ શુદ્ધાત્માને છોડીને અન્ય અચેતન દ્રવ્યમાં રત્નત્રય વર્તતાં–રહેતાં નથી. ''तह्मा तत्तियमइउ होदि हु मुक्खस्स कारणं आदा''–તેથી તે રત્નત્રયમય આત્મા જ નિશ્ચયથી મોક્ષનું કારણ[1] થાય છે, એમ તું જાણ. હવે વિસ્તાર કરે છે—'રાગાદિ–વિકલ્પ–ઉપાધિરહિત, ચિત્ચમત્કારની ભાવનાથી ઉત્પન્ન મધુરરસના આસ્વાદરૂપ સુખ હું છું' એવી નિશ્ચય રુચિરૂપ સમ્યક્દર્શન છે. તે જ સુખને સમસ્ત વિભાવોથી સ્વસંવેદનજ્ઞાનવડે પૃથક્ જાણવું, તે સમ્યગ્જ્ઞાન છે. તેવી જ રીતે દૃષ્ટ–શ્રુત–અનુભૂત ભોગોની આકાંક્ષા વગેરે સમસ્ત ખોટા ધ્યાનરૂપ મનોરથથી ઉત્પન્ન સંકલ્પ–વિકલ્પની જાળના ત્યાગ વડે તે જ સુખમાં લીન–સંતુષ્ટ–તૃપ્ત અને એકાકાર પરમ-સમરસીભાવથી ભીંજાયેલા ચિત્તને ફરી ફરીને સ્થિર કરવું તે સમ્યક્ચારિત્ર છે. આ પ્રમાણે

---

૧. આ ગાથામાં સ્વાત્મતત્ત્વસ્વરૂપ નિજ શુદ્ધાત્માને જ–એટલે કે નિશ્ચય રત્નત્રયમય શુદ્ધાત્માને જ—મોક્ષનું કારણ કહ્યું છે. તેથી સિદ્ધ થયું કે વિકલ્પ–રાગ ખરેખર મોક્ષનું કારણ નથી, પર્યાયે પર્યાયે રાગનો અભાવ થતો જાય છે અને શુદ્ધિ વધતી જાય છે. એ રીતે સાતમા ગુણસ્થાનના સાતિશય વિભાગમાં નિર્વિકલ્પતા વધતાં ક્ષપકશ્રેણીમાં આઠમે, નવમે, દશમે ગુણસ્થાને ચડતાં દશમાને અંતે સંપૂર્ણ વીતરાગ થઈ, બારમે ગુણસ્થાને સંપૂર્ણ વીતરાગપણે રહી, તેના અંતે કેવળજ્ઞાનરૂપ ભાવમોક્ષ પ્રગટ કરે છે.

घटपटादिबहिर्द्रव्ये न वर्त्तते यतस्ततः कारणादभेदनयेनानेकद्रव्यात्मकैकपानकवत्तदेव सम्यग्दर्शनं, तदेव सम्यग्ज्ञानं, तदेव सम्यक्चारित्रं, तदेव स्वात्मतत्त्वमित्युक्तलक्षणं निजशुद्धात्मानमेव मुक्तिकारणं जानीहि ॥४०॥

एवं प्रथमस्थले सूत्रद्वयेन निश्चयव्यवहारमोक्षमार्गस्वरूपं संक्षेपेण व्याख्याय तदनन्तरं द्वितीयस्थले गाथाषट्कपर्यन्तं सम्यक्त्वादित्रयं क्रमेण विवृणोति। तत्रादौ सम्यक्त्वमाह :—

**जीवादीसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु।**
**दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जह्मि ॥४१॥**

जीवादिश्रद्धानं सम्यक्त्वं रूपं आत्मनः तत् तु।
दुरभिनिवेशविमुक्तं ज्ञानं सम्यक् खलु भवति सति यस्मिन् ॥४१॥

---

કહેલાં લક્ષણ નિશ્ચયરત્નત્રય [૧]શુદ્ધાત્માને છોડીને બીજે ઘટ–પટાદિ બહિર્દ્રવ્યોમાં રહેતાં નથી. તે કારણે અભેદનયથી અનેકદ્રવ્યમય એક પીણાંની જેમ તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સમ્યક્ચારિત્ર છે, તે જ સ્વાત્મતત્ત્વ છે. એ પ્રમાણે ઉક્ત લક્ષણવાળા નિજ શુદ્ધાત્માને જ મુક્તિનું કારણ તમે જાણો. ૪૦.

આ રીતે, પ્રથમ સ્થળમાં બે ગાથાઓ દ્વારા સંક્ષેપમાં નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કહીને, પછી બીજા સ્થળમાં છ ગાથા સુધી સમ્યક્ત્વ આદિ ત્રણનું ક્રમપૂર્વક વર્ણન કરે છે. તેમાં પ્રથમ જ સમ્યગ્દર્શનનું કથન કરે છે :—

ગાથા ૪૧

ગાથાર્થ :—જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે. તે સમ્યક્ત્વ આત્માનું સ્વરૂપ છે. આ સમ્યક્ત્વ થતાં દુરભિનિવેશરહિત સમ્યક્જ્ઞાન થાય છે.

---

૧. અહીં સુખની મુખ્યતાથી નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય ચારિત્રની વ્યાખ્યા છે. તેથી સિદ્ધ થાય છે કે—ચતુર્થ ગુણસ્થાને જે શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટે છે તેની સાથે જ ભૂમિકા પ્રમાણે શુદ્ધ આત્મિક સુખ પ્રગટે છે.

જીવાદિક તત્ત્વનિકી કરૈ, શ્રદ્ધા સો સમ્યક્ત્વ હૂઁ વરૈ;
યાહીતૈં સમ્યક્ હ્વૈ જ્ઞાન, દુર આશય-વિન આતમ માન. ૪૧.

**व्याख्या :—''जीवादीसद्दहणं सम्मत्तं'' वीतरागसर्वज्ञप्रणीतशुद्धजीवादितत्त्वविषये चलमलिनागाढरहितत्वेन श्रद्धानं रुचिर्निश्चय इदमेवेत्थमेवेति निश्चयबुद्धिः सम्यग्दर्शनम्। ''रूवमप्पणो तं तु'' तच्चाभेदनयेन रूपं स्वरूपं तु; पुनः कस्य? आत्मन आत्मपरिणाम इत्यर्थः। तस्य सामर्थ्यं माहात्म्यं दर्शयति। ''दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जह्मि'' यस्मिन् सम्यक्त्वे सति ज्ञानं सम्यग् भवति स्फुटं। कथम्भूतं सम्यग्भवति? ''दुरभिणिवेसविमुक्कं'' चलितप्रतिपत्तिगच्छत्तृणस्पर्शशुक्तिकाशकलरजतविज्ञानसदृशैः संशयविभ्रमविमोहैर्मुक्तं रहितमित्यर्थः।**

---

ટીકા :—''**जीवादीसद्दहणं सम्मत्तं**'' વીતરાગ–સર્વજ્ઞપ્રણીત શુદ્ધ જીવાદિ તત્ત્વોમાં ચળ, મળ, અગાઢ (દોષ) રહિત શ્રદ્ધા–રુચિ–નિશ્ચય અને 'આ જ છે, આવી રીતે જ છે,' એવી નિશ્ચયબુદ્ધિ તે સમ્યગ્દર્શન છે. ''**रूवमप्पणो तं तु**'' અને તે સમ્યગ્દર્શન અભેદનયથી સ્વરૂપ છે. કોનું સ્વરૂપ છે? આત્માનું; તે આત્માના પરિણામ[1] છે, એમ અર્થ છે.

તેનું (સમ્યગ્દર્શનનું) સામર્થ્ય અને માહાત્મ્ય દેખાડે છે; ''**दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जह्मि**'' જે સમ્યક્ત્વ થતાં જ્ઞાન પ્રગટપણે સમ્યક્ થઈ જાય છે. કેવું સમ્યક્ થાય છે? ''**दुरभिणिवेसविमुक्कं**'' ચલાયમાન સંશયજ્ઞાન (અર્થાત્ આમ હશે કે આમ એવા) સંશયથી, ગમન કરતાં તૃણસ્પર્શ થતાં 'શેનો સ્પર્શ થયો' તેના અનિશ્ચયરૂપ વિભ્રમથી અને 'છીપના ટુકડામાં, ચાંદીનું જ્ઞાન થાય' એવા વિમોહથી—એ ત્રણે દોષોથી રહિત સમ્યક્જ્ઞાન થઈ જાય છે.

---

૧. તે આત્માના પરિણામ હોવાથી શુદ્ધ પરિણામ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતે ''નિષ્ક્રિય ચિન્માત્રભાવને પામે છે.'' એમ શ્રી પ્રવચનસાર ગાથા ૮૦ પા-૧૩૮ માં કહ્યું છે તે જ નિર્વિકલ્પ દશા છે. શ્રી જયસેનાચાર્ય કહે છે કે ''આગમની ભાષાથી અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ નામના પરિણામવિશેષોના બળથી જે વિશેષભાવ દર્શનમોહનો અભાવ કરવાને સમર્થ છે, તેમાં પોતાના આત્માને જોડે છે. ત્યારપછી નિર્વિકલ્પ સ્વરૂપની પ્રાપ્તિ માટે—જેમ પર્યાયરૂપે મોતીના દાણા, ગુણરૂપે સફેદી આદિ અભેદનયથી એક હારરૂપ જ માલૂમ પડે છે તેમ—પૂર્વે કહેલાં દ્રવ્ય–ગુણ–પર્યાય અભેદનયથી આત્મા જ છે, એવી ભાવના કરતાં કરતાં દર્શનમોહનો અંધકાર નષ્ટ થઈ જાય છે.'' (શ્રી પ્રવચનસાર શ્રી જયસેનાચાર્ય ટીકા પા. ૧૩૮)

વળી, શ્રી પ્રવચનસાર ગાથા ૧૯૪ની ટીકામાં પણ નીચેના શબ્દોમાં તે જ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. (પા. ૩૫૮-૩૫૯)

ટીકા :—''યથોક્ત વિધિ વડે શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મતત્ત્વ હોય છે, તેથી અનંત શક્તિવાળા ચિન્માત્ર પરમઆત્માનું એકાગ્ર સંચેતન–ધ્યાન હોય છે અને તેથી

इतो विस्तार :—सम्यक्त्वे सति ज्ञानं सम्यग्भवतीति यदुक्तं तस्य विवरणं क्रियते। तथाहि—गौतमाग्निभूतिवायुभूतिनामानो विप्राः पञ्चपञ्चशतब्राह्मणोपाध्याया वेदचतुष्टयं, ज्योतिष्कव्याकरणादिषडङ्गानि, मनुस्मृत्याद्यष्टादशस्मृतिशास्त्राणि तथा भारताद्यष्टादशपुराणानि मीमांसान्यायविस्तर इत्यादिलौकिकसर्वशास्त्राणि यद्यपि जानन्ति तथापि तेषां हि ज्ञानं सम्यक्त्वं विना मिथ्याज्ञानमेव। यदा पुनः प्रसिद्धकथान्यायेन श्रीवीरवर्द्धमानस्वामितीर्थकर-परमदेवसमवसरणे मानस्तम्भावलोकनमात्रादेवागमभाषया दर्शनचारित्रमोहनीयोपशमक्षय-संज्ञेनाध्यात्मभाषया स्वशुद्धात्माभिमुखपरिणामसंज्ञेन च कालादिलब्धिविशेषेण मिथ्यात्वं विलयं गतं तदा तदेव मिथ्याज्ञानं सम्यग्ज्ञानं जातम्। ततश्च 'जयति भगवान्' इत्यादि नमस्कारं कृत्वा जिनदीक्षां गृहीत्वा कचलोचानन्तरमेव चतुर्ज्ञानसप्तर्द्धिसम्पन्नास्त्रयोऽपि गणधरदेवाः संजाताः गौतमस्वामी भव्योपकारार्थं द्वादशाङ्गश्रुतरचनां कृतवान्; पश्चान्निश्चयरत्नत्रय-

એનો વિસ્તાર—'સમ્યગ્દર્શન થતાં જ્ઞાન સમ્યક્ થાય છે' એમ જે કહ્યું તેનું વિવરણ કરવામાં આવે છે :—પાંચસો પાંચસો બ્રાહ્મણોને ભણાવનાર ગૌતમ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના બ્રાહ્મણો ચાર વેદ, જ્યોતિષ–વ્યાકરણ વગેરે છ અંગ, મનુસ્મૃતિ વગેરે અઢાર સ્મૃતિશાસ્ત્રો, મહાભારતાદિ અઢાર પુરાણો, મીમાંસા, ન્યાયવિસ્તાર વગેરે સમસ્ત લૌકિક શાસ્ત્રો જાણતા હતા, તોપણ તેમનું જ્ઞાન સમ્યક્ત્વ વિના મિથ્યાજ્ઞાન જ હતું. જ્યારે પ્રસિદ્ધ કથા પ્રમાણે શ્રી મહાવીર વર્દ્ધમાન તીર્થંકર પરમદેવના સમવસરણમાં માનસ્તંભને જોવા માત્રથી જ આગમભાષા–અપેક્ષાએ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયકર્મના ઉપશમ–ક્ષય નામક (કાલાદિલબ્ધિ વિશેષથી) અને અધ્યાત્મભાષાની અપેક્ષાએ નિજશુદ્ધાત્માભિમુખ પરિણામ નામક કાલાદિલબ્ધિ વિશેષથી મિથ્યાત્વ નાશ પામ્યું, ત્યારે તે જ મિથ્યાજ્ઞાન સમ્યગ્જ્ઞાન થયું. પછી 'ભગવાનનો વિજય હો' ઈત્યાદિ પ્રકારે નમસ્કાર કરીને જિનદીક્ષા લઈને કેશલોચ કરતાં જ ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય) અને સાત ઋદ્ધિસંપન્ન થઈને ત્રણેય ગણધરદેવ થઈ ગયા. ગૌતમસ્વામીએ ભવ્ય જીવોના ઉપકારને માટે બાર અંગરૂપ શ્રુતની રચના કરી. પછી તે ત્રણેય નિશ્ચયરત્નત્રયની[1]

સાકાર ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને–બન્નેને અવિશેષપણે એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી અનાદિ સંસારથી બંધાયેલી અતિદ્રઢ મોહગ્રંથિ (મોહની દુષ્ટ ગાંઠ) છૂટી જાય છે.

આથી એમ કહ્યું કે—મોહગ્રંથિભેદ (દર્શનમોહરૂપી ગાંઠનું ભેદાવું–તૂટવું) તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે."

૧. વ્યવહાર રત્નત્રયનો ક્રમે ક્રમે અભાવ થતાં અને શુદ્ધિ ક્રમે ક્રમે હરેક સમયે વૃદ્ધિંગત થતાં નિશ્ચયરત્નત્રયની પૂર્ણતા કરી મોક્ષ પામ્યા, એમ સમજવું.

भावनाबलेन त्रयोऽपि मोक्षं गताः। शेषाः पञ्चदशशतप्रमितब्राह्मणा जिनदीक्षां गृहीत्वा यथासम्भवं स्वर्गं मोक्षं च गताः। अभव्यसेनः पुनरेकादशाङ्गधारकोऽपि सम्यक्त्वं विना मिथ्याज्ञानी सञ्जात इति। एवं सम्यक्त्वमाहात्म्येन ज्ञानतपश्चरणव्रतोपशमध्यानादिकं मिथ्यारूपमपि सम्यग्भवति। तदभावे विषयुक्तदुग्धमिव सर्वं वृथेति ज्ञातव्यम्।

तच्च सम्यक्त्वं पञ्चविंशतिमलरहितं भवति तद्यथा—देवतामूढलोकमूढसमयमूढभेदेन मूढत्रयं भवति। तत्र क्षुधाद्यष्टादशदोषरहितमनन्तज्ञानाद्यनन्तगुणसहितं वीतरागसर्वज्ञदेवता-स्वरूपमजानन् ख्यातिपूजालाभरूपलावण्यसौभाग्यपुत्रकलत्रराज्यादिविभूतिनिमित्तं रागद्वेषो-पहतार्त्तरौद्रपरिणतक्षेत्रपालचण्डिकादिमिथ्यादेवानां यदाराधनं करोति जीवस्तद्देवतामूढत्वं भण्यते। न च ते देवाः किमपि फलं प्रयच्छन्ति। कथमिति चेत् ? रावणेन रामस्वामि-लक्ष्मीधरविनाशार्थं बहुरूपिणी विद्या साधिता, कौरवैस्तु पाण्डवनिर्मूलनार्थं कात्यायनी विद्या

---

ભાવનાના બળથી મોક્ષ પામ્યા. બાકીના પંદરસો બ્રાહ્મણો જિનદીક્ષા લઈને યથાસંભવ સ્વર્ગે કે મોક્ષે ગયા. પરંતુ અભવ્યસેન અગિયાર અંગનો પાઠી હોવા છતાં પણ સમ્યક્ત્વ વિના મિથ્યાજ્ઞાની રહ્યો. આ રીતે સમ્યક્ત્વના માહાત્મ્યથી જ્ઞાન, તપશ્ચરણ[1], વ્રત, ઉપશમ, ધ્યાન વગેરે મિથ્યારૂપ હોય તે પણ સમ્યક્ થઈ જાય છે. અને તેના (સમ્યક્ત્વના) વિના એ બધાં ઝેર સહિતના દૂધની જેમ વૃથા છે, એમ જાણવું.

અને તે સમ્યક્ત્વ પચીસ દોષરહિત હોય છે. તે આ પ્રમાણે—દેવમૂઢતા, લોકમૂઢતા અને સમયમૂઢતા—એ ત્રણ મૂઢતા છે.

ક્ષુધા આદિ અઢાર દોષરહિત, અનંતજ્ઞાનાદિ અનંતગુણસહિત વીતરાગસર્વજ્ઞદેવનું સ્વરૂપ નહિ જાણતો જે જીવ ખ્યાતિ, પૂજા, લાભ, રૂપ, લાવણ્ય, સૌભાગ્ય, પુત્ર, સ્ત્રી, રાજ્ય આદિ વૈભવને માટે, રાગ–દ્વેષથી હણાયેલા, આર્ત અને રૌદ્ર પરિણામોવાળા ક્ષેત્રપાળ, ચંડિકા આદિ મિથ્યાદેવોનું આરાધન કરે છે તેને દેવમૂઢતા કહે છે. તે દેવો કાંઈ પણ ફળ આપતા નથી.

પ્રશ્ન :—(ફળ નથી દેતા) તે કઈ રીતે? ઉત્તર—રાવણે રામચંદ્ર અને લક્ષ્મણનો વિનાશ કરવા માટે બહુરૂપિણી વિદ્યા સિદ્ધ કરી; કૌરવોએ પાંડવોનો નાશ કરવા માટે કાત્યાયની વિદ્યા સાધી; કંસે નારાયણનો (કૃષ્ણનો) વિનાશ કરવા માટે ઘણી વિદ્યાઓ સાધી; પરંતુ તે વિદ્યાઓ દ્વારા રામચંદ્ર, પાંડવો અને કૃષ્ણ નારાયણનું કાંઈ પણ અનિષ્ટ

---

૧. સમ્યક્ત્વ પામ્યા વિનાનું જ્ઞાન, તપશ્ચરણ, વ્રત, નિયમ, ધ્યાન વગેરે સર્વે મિથ્યા છે, એમ સમજવું. માટે સમ્યગ્દર્શન પ્રગટ કરવા પ્રથમ પ્રયત્ન–પુરુષાર્થ કરવો એવી ભગવાનની આજ્ઞા સમજવી.

साधिता, कंसेन च नारायणविनाशार्थं बह्वयोऽपि विद्याः समाराधितास्ताभिः कृतं न किमपि रामस्वामिपाण्डवनारायणानाम्। तैस्तु यद्यपि मिथ्यादेवता [१]नानुकूलितास्तथापि निर्मल-सम्यक्त्वोपार्जितेन पूर्वकृतपुण्येन सर्वं निर्विघ्नं जातमिति। अथ लोकमूढत्वं कथयति। गङ्गादिनदीतीर्थस्थानसमुद्रस्नानप्रातःस्नानजलप्रवेशमरणाग्निप्रवेशमरणगोग्रहणादिमरणभूम्यग्निवट-वृक्षपूजादीनि पुण्यकारणानि भवन्तीति यद्वदन्ति तल्लोकमूढत्वं विज्ञेयम्। अन्यदपि लौकिकपारमार्थिकहेयोपादेयस्वपरज्ञानरहितानामज्ञानिजनानां प्रवाहेन यद्धर्मानुष्ठानं तदपि लोकमूढत्वं विज्ञेयमिति। अथ समयमूढत्वमाह। अज्ञानिजनचित्तचमत्कारोत्पादकं ज्योतिष्कमन्त्र-वादादिकं दृष्ट्वा वीतरागसर्वज्ञप्रणीतसमयं विहाय कुदेवागमलिङ्गिनां भयाशास्नेहलोभैर्धर्मार्थं प्रणामविनयपूजापुरस्कारादिकरणं समयमूढत्वमिति। एवमुक्तलक्षणं मूढत्रयं सराग-सम्यग्दृष्ट्यवस्थायां परिहरणीयमिति। त्रिगुप्तावस्थालक्षणवीतरागसम्यक्त्वप्रस्तावे पुनर्निज-

---

થયું નહિ. તેમણે (રામ વગેરેએ) જોકે મિથ્યાદેવોની આરાધના ન કરી, તોપણ નિર્મળ સમ્યક્ત્વથી ઉપાર્જિત[૨] પૂર્વે કરેલાં પુણ્યથી તેમનાં સર્વ વિઘ્ન દૂર થયાં.

હવે, લોકમૂઢતાનું કથન કરે છે : ‘ગંગા આદિ નદીરૂપ તીર્થોમાં સ્નાન, સમુદ્રમાં સ્નાન, પ્રાતઃકાળમાં સ્નાન, જળમાં પ્રવેશ કરીને મરવું, અગ્નિમાં પ્રવેશ કરીને મરવું, ગાયનું પૂંછડું પકડીને મરવું, ભૂમિ–અગ્નિ–વડવૃક્ષની પૂજા કરવી—એ બધાં પુણ્યનાં કારણ છે’, એમ જે કહે છે તેને લોકમૂઢતા જાણવી. લૌકિક–પારમાર્થિક હેય–ઉપાદેય અને સ્વ–પરજ્ઞાનરહિત અજ્ઞાનીઓનું પ્રવાહથી (કુળ પરંપરાથી) ચાલ્યું આવતું બીજું પણ જે કાંઈ ધર્માચરણ છે તે પણ લોકમૂઢતા છે, એમ જાણવું.

હવે, સમયમૂઢતા કહે છે :—અજ્ઞાનીઓના મનમાં ચમત્કાર (આશ્ચર્ય) ઉત્પન્ન કરનાર જ્યોતિષ, મંત્રવાદ વગેરે દેખીને વીતરાગ–સર્વજ્ઞપ્રણીત ધર્મ છોડી દઈને ખોટા દેવ–શાસ્ત્ર અને વેશધારીઓને ભય, આશા, સ્નેહ અને લોભથી ધર્મને માટે પ્રણામ, વિનય, પૂજા, સત્કાર વગેરે કરવાં તે સમયમૂઢતા છે.

આ ઉક્ત લક્ષણવાળી ત્રણે મૂઢતા [૩]સરાગસમ્યગ્દષ્ટિની અવસ્થામાં ત્યાગવા યોગ્ય છે.

---

૧. ‘आराधना न कृता’ इति पाठान्तरं

૨. નિર્મળ સમ્યક્ત્વ સાથે રહેલા શુભરાગથી ઉપાર્જિત પુણ્ય—એમ અહીં સમજવું.

૩. સરાગસમ્યગ્દષ્ટિના અર્થ માટે જુઓ પા. ૧૭૩ ફૂટનોટ.

निरञ्जननिर्दोषपरमात्मैव देव इति निश्चयबुद्धिर्देवतामूढरहितत्वं विज्ञेयम्। तथैव च मिथ्यात्वरागादिमूढभावत्यागेन स्वशुद्धात्मन्येवावस्थानं लोकमूढरहितत्वं विज्ञेयम्। तथैव च समस्तशुभाशुभसंकल्पविकल्परूपपरभावत्यागेन निर्विकारतात्त्विकपरमानन्दैकलक्षणपरमसमरसीभावेन तस्मिन्नेव सम्यग्रूपेणायनं गमनं परिणमनं समयमूढरहितत्वं बोद्धव्यम्। इति मूढत्रयं व्याख्यातम्।

अथ मदाष्टस्वरूपं कथ्यते। विज्ञानैश्वर्यज्ञानतपःकुलबलजातिरूपसंज्ञं मदाष्टकं सरागसम्यग्दृष्टिभिस्त्याज्यमिति। वीतरागसम्यग्दृष्टीनां पुनर्मानकषायादुत्पन्नमदमात्सर्यादिसमस्तविकल्पजालपरिहारेण ममकाराहंकाररहिते स्वशुद्धात्मनि भावनैव मदाष्टकत्याग इति। ममकाराहङ्कारलक्षणं कथयति। कर्मजनितदेहपुत्रकलत्रादौ ममेदमिति ममकारस्तत्रैवाभेदेन

---

મન–વચન–કાયાની ગુપ્તિરૂપ અવસ્થા જેનું લક્ષણ છે એવા વીતરાગ [2]સમ્યક્ત્વના પ્રસંગે તો—‘પોતાના નિરંજન, નિર્દોષ પરમાત્મા જ દેવ છે’ એવી નિશ્ચયબુદ્ધિ જ દેવમૂઢતાથી રહિતપણું છે એમ જાણવું; તથા મિથ્યાત્વ–રાગાદિ મૂઢભાવોનો ત્યાગ કરીને જે પોતાના શુદ્ધ આત્મામાં જ સ્થિતિ છે તે લોકમૂઢતાથી રહિતપણું છે એમ જાણવું; તેવી જ રીતે સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પરૂપ પરભાવનો ત્યાગ કરીને, નિર્વિકાર તાત્ત્વિક પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા પરમ સમરસીભાવથી તેમાં જ (શુદ્ધાત્મામાં જ) સમ્યક્ પ્રકારે અયન–ગમન–પરિણમન છે તે સમયમૂઢતાથી રહિતપણું છે, એમ જાણવું. એ પ્રમાણે ત્રણ મૂઢતાનું વ્યાખ્યાન કર્યું.

હવે, આઠ મદોનું સ્વરૂપ કહે છે :—વિજ્ઞાન, ઐશ્વર્ય, જ્ઞાન, તપ, કુળ, બળ, જાતિ અને રૂપ—એ આઠે મદોનો ત્યાગ સરાગ સમ્યગ્દ્રષ્ટિઓએ કરવો જોઈએ. વીતરાગ સમ્યક્દ્રષ્ટિઓને તો માન–કષાયથી ઉત્પન્ન થતા મદ, માત્સર્ય (ઈર્ષ્યા) આદિ સમસ્ત વિકલ્પજાળના ત્યાગ વડે, મમકાર–અહંકાર રહિત નિજ શુદ્ધાત્મામાં ભાવના તે જ આઠ મદોનો ત્યાગ છે. મમકાર અને અહંકારનું લક્ષણ કહે છે :—કર્મજનિત દેહ, પુત્ર, સ્ત્રી

---

૨. જે જીવોને યથાર્થ સમ્યગ્દર્શન તો ચતુર્થ ગુણસ્થાને પ્રગટ્યું છે અને ચારિત્ર અપેક્ષાએ જેને વીતરાગતા પ્રગટી છે તેને વીતરાગ સમ્યક્ત્વી કહેવાય છે. બીજા સાચા સમ્યગ્દ્રષ્ટિને સાથે ચારિત્રદશામાં ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને જે રાગ રહ્યો છે, તેનું જ્ઞાન કરાવવા તેને સરાગ સમ્યગ્દ્રષ્ટિ કહે છે. છઠ્ઠા ગુણસ્થાનધારી મુનિને નિર્જરા અપેક્ષાએ વીતરાગસમ્યગ્દ્રષ્ટિ કહ્યા છે. (જુઓ, શ્રી સમયસાર, શ્રી જયસેનાચાર્ય ટીકા ગા. ૨૦૧–૨).......તથા આસ્રવ અપેક્ષાએ તેને જ સરાગસમ્યગ્દ્રષ્ટિ કહ્યા છે. માટે સર્વત્ર જે અપેક્ષાએ કથન કર્યું હોય તે અપેક્ષા યથાર્થપણે સમજવી. (જુઓ, શ્રી સમયસાર ગા. ૧૭૭–૧૭૮ ની શ્રી જયસેનાચાર્ય ટીકા.)

गौरस्थूलादिदेहोऽहं राजाहमित्यहङ्कारलक्षणमिति।

अथानायतनषट्कं कथयति। मिथ्यादेवो, मिथ्यादेवाराधका, मिथ्यातपो, मिथ्यातपस्वी, मिथ्यागमो, मिथ्यागमधराः पुरुषाश्चेत्युक्तलक्षणमनायतनषट्कं सरागसम्यग्दृष्टीनां त्याज्यं भवतीति। वीतरागसम्यग्दृष्टीनां पुनः समस्तदोषायतनभूतानां मिथ्यात्वविषयकषायरूपायतनानां परिहारेणकेवलज्ञानाद्यनन्तगुणायतनभूते स्वशुद्धात्मनि निवास एवानायतनसेवापरिहार इति। अनायतनशब्दस्यार्थः कथ्यते। सम्यक्त्वादिगुणानामायतनं गृहमावास आश्रय आधारकरणं निमित्तमायतनं भण्यते तद्विपक्षभूतमनायतनमिति।

अतः परं शंकाद्यष्टमलत्यागं कथयति। निःशंकाद्यष्टगुणप्रतिपालनमेव शङ्काद्यष्टमलत्यागो भण्यते। तद्यथा—रागादिदोषा अज्ञानं वाऽसत्यवचनकारणं तदुभयमपि वीतरागसर्वज्ञानां नास्ति, ततः कारणात्तत्प्रणीते हेयोपादेयतत्त्वे मोक्षे मोक्षमार्गे च भव्यैः शंका संशयः

---

આદિમાં 'આ મારું છે' એ પ્રકારની બુદ્ધિ તે મમકાર છે અને તેમાં જ અભેદપણે 'ગોરું, જાડું વગેરે શરીર તે હું છું, રાજા તે હું છું' એ અહંકારનું લક્ષણ છે.

હવે, છ અનાયતનોનું કથન કરે છે :—મિથ્યાદેવ, મિથ્યાદેવોના આરાધકો, મિથ્યાતપ, મિથ્યા તપસ્વી, મિથ્યા આગમ, મિથ્યાશાસ્ત્રના પંડિતો—એ ઉપરોક્ત લક્ષણવાળાં છ અનાયતનોનો ત્યાગ સરાગસમ્યગ્દષ્ટિઓએ કરવો જોઈએ. વીતરાગ સમ્યગ્દષ્ટિઓને તો સમસ્ત દોષોના સ્થાનભૂત મિથ્યાત્વ—વિષય—કષાયરૂપ આયતનોના ત્યાગથી કેવળજ્ઞાનાદિ અનંતગુણના સ્થાનભૂત સ્વશુદ્ધાત્મામાં નિવાસ કરવો તે જ અનાયતનોની સેવાનો ત્યાગ છે. અનાયતન શબ્દનો અર્થ કહેવામાં આવે છે. સમ્યક્ત્વાદિ ગુણોના આયતન—ઘર—આવાસ—આશ્રય—આધારના નિમિત્તને 'આયતન' કહે છે અને તેનાથી વિપરીત તે 'અનાયતન' છે.

હવે પછી, શંકા આદિ આઠ દોષોના ત્યાગનું કથન કરે છે—નિઃશંકતા આદિ આઠ ગુણોનું પાલન કરવું તે જ શંકાદિ આઠ દોષોનો ત્યાગ કહેવાય છે. તે આ રીતે છે—રાગાદિ દોષો અથવા અજ્ઞાન અસત્ય વચનનું કારણ છે અને એ બન્નેય (રાગાદિ અને અજ્ઞાન) વીતરાગ—સર્વજ્ઞદેવમાં નથી, તે કારણે તેમનાં કહેલાં હેય—ઉપાદેય તત્ત્વમાં, મોક્ષમાં અને મોક્ષમાર્ગમાં ભવ્યોએ શંકા—સંશય—સંદેહ કરવા યોગ્ય

**सन्देहो न कर्त्तव्य। तत्र शंकादिदोषपरिहारविषये पुनरञ्जनचौरकथा प्रसिद्धा। तत्रैव विभीषणकथा। तथाहि—सीताहरणप्रघट्टके रावणस्य रामलक्ष्मणाभ्यां सह संग्रामप्रस्तावे विभीषणेन विचारितं रामस्तावदष्टमबलदेवो लक्ष्मणश्चाष्टमो वासुदेवो रावणश्चाष्टमः प्रतिवासुदेव इति। तस्य च प्रतिवासुदेवस्य वासुदेवहस्तेन मरणमिति जैनागमे कथितमास्ते, तन्मिथ्या न भवतीति निःशंको भूत्वा, त्रैलोक्यकण्टकं रावणं स्वकीयज्येष्ठभ्रातरं त्यक्त्वा, त्रिंशदक्षौहिणीप्रमितचतुरंगबलेन सह स रामस्वामिपार्श्वे गत इति। तथैव देवकीवसुदेवद्वयं निःशङ्कं ज्ञातव्यम्। तथाहि—यदा देवकीबालकस्य मारणनिमित्तं कंसेन प्रार्थना कृता तदा ताभ्यां पर्यालोचितं मदीयः पुत्रो नवमो वासुदेवो भविष्यति तस्य हस्तेन जरासिन्धुनाम्नो नवमप्रतिवासुदेवस्य कंसस्यापि मरणं भविष्यतीति जैनागमे भणितं तिष्ठतीति,**

---

નથી. ત્યાં શંકા આદિ દોષના ત્યાગની બાબતમાં અંજનચોરની[૧] કથા પ્રસિદ્ધ છે. તે બાબતમાં જ વિભીષણની[૧] કથા પણ (પ્રસિદ્ધ) છે. તે આ રીતે—સીતાહરણ પ્રકરણમાં રાવણને રામ–લક્ષ્મણ સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે વિભીષણે વિચાર કર્યો કે રામ તો આઠમા બળદેવ છે અને લક્ષ્મણ આઠમા વાસુદેવ છે, તથા રાવણ આઠમા પ્રતિવાસુદેવ છે. તે પ્રતિવાસુદેવનું મરણ વાસુદેવના હાથે થાય છે, એમ જૈન આગમમાં કહ્યું છે, તે મિથ્યા થઈ શકતું નથી;—એમ નિઃશંક થઈને પોતાના મોટાભાઈ, ત્રણ લોકના કંટકરૂપ રાવણને છોડીને, (પોતાની) ત્રીસ અક્ષૌહિણી ચતુરંગ સેના સહિત તે રામચંદ્રની પાસે ચાલ્યો ગયો. તેવી જ રીતે દેવકી અને વસુદેવ—એ બન્નેને પણ નિઃશંક જાણવાં. તે આ પ્રમાણે—જ્યારે દેવકીના પુત્રને મારવાને માટે કંસે પ્રાર્થના કરી, ત્યારે તે બન્નેએ (દેવકી અને વસુદેવે) વિચાર્યું કે મારો પુત્ર નવમો વાસુદેવ થશે અને તેના હાથે જરાસિન્ધુ નામના નવમા પ્રતિવાસુદેવનું અને કંસનું પણ મરણ થશે, એમ જૈન આગમમાં કહ્યું છે તેમ જ અતિમુક્ત ભટ્ટારકે

---

૧. આ કથા સંબંધમાં મોક્ષમાર્ગપ્રકાશકમાં નીચે પ્રમાણે કહ્યું છે. પા. ૨૭૬. ''વળી પ્રથમાનુયોગમાં ઉપચારરૂપ કોઈ ધર્મઅંગ થતાં ત્યાં સંપૂર્ણ ધર્મ થયો કહીએ છીએ. જેમ જીવોને શંકા–કાંક્ષાદિ ન કરતાં તેને સમ્યક્ત્વ થયું કહીએ છીએ; પણ કોઈ કાર્યમાં શંકા–કાંક્ષાદિ ન કરવા માત્રથી સમ્યક્ત્વ તો ન થાય. સમ્યક્ત્વ તો તત્ત્વશ્રદ્ધા થતાં જ થાય છે; પરંતુ અહીં નિશ્ચયસમ્યક્ત્વનો તો વ્યવહારસમ્યક્ત્વમાં ઉપચાર કર્યો તથા વ્યવહારસમ્યક્ત્વના કોઈ અંગમાં સંપૂર્ણ વ્યવહારસમ્યક્ત્વનો ઉપચાર કર્યો; એ પ્રમાણે તેને ઉપચારથી સમ્યક્ત્વ થયું કહીએ છીએ.''

નોટ :—ઉપચારથી સમ્યગ્જ્ઞાન તથા ઉપચારથી સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ પણ ત્યાં કહ્યું છે, તે ત્યાંથી સમજી લેવું.

तथैवातिमुक्तभट्टारकैरपि कथितमिति निश्चित्य कंसाय स्वकीयं बालकं दत्तम्। तथा शेषभव्यैरपि जिनागमे शंका न कर्तव्येति। इदं व्यवहारेण निःशंकितत्वं व्याख्यानम्। निश्चयेन पुनस्तस्यैव व्यवहारनिःशंकागुणस्य सहकारित्वेनेहलोकपरलोकात्राणागुप्तिमरणव्याधि-वेदनाऽऽकस्मिक अभिधानभयसप्तकं मुक्त्वा घोरोपसर्गपरीषहप्रस्तावेऽपि शुद्धोपयोगलक्षण-निश्चयरत्नत्रयभावनैव निःशंकगुणो ज्ञातव्य इति।।१।।

अथ निष्कांक्षितागुणं कथयति। इहलोकपरलोकाशारूपभोगाकांक्षानिदानत्यागेन केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिरूपमोक्षार्थं दानपूजातपश्चरणाद्यनुष्ठानकरणं निष्कांक्षागुणो भण्यते। तथानन्तमतीकन्याकथा प्रसिद्धा। द्वितीया च सीतामहादेवीकथा। सा कथ्यते। सीता यदा लोकापवादपरिहारार्थं दिव्ये शुद्धा जाता तदा रामस्वामिना दत्तं पट्टमहादेवीविभूतिपदं त्यक्त्वा सकलभूषणानगारकेवलिपादमूले कृतान्तवक्रादिराजभिस्तथा बहुराज्ञीभिश्च सह जिनदीक्षां

---

પણ કહ્યું છે;—એમ નિશ્ચય કરીને કંસને પોતાનું બાળક આપ્યું. તે જ પ્રમાણે બીજા ભવ્ય જીવોએ પણ જિનાગમમાં શંકા ન કરવી.

આ વ્યવહારનયથી[1] નિઃશંકિત અંગનું વ્યાખ્યાન કર્યું. નિશ્ચયથી તો, તે જ વ્યવહાર–નિઃશંકિતગુણના સહકારીપણા વડે આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષાનો ભય, અગુપ્તિનો ભય, મરણનો ભય, વ્યાધિ–વેદનાનો ભય અને અકસ્માતનો ભય—એ સાત ભયો છોડીને ઘોર ઉપસર્ગ કે પરિષહ આવવા છતાં પણ શુદ્ધોપયોગરૂપ નિશ્ચયરત્નત્રયની ભાવના તે જ નિઃશંકિતગુણ જાણવો. ૧.

હવે, નિષ્કાંક્ષિતગુણનું કથન કરે છે :—આ લોક અને પરલોકની તૃષ્ણારૂપ ભોગાકાંક્ષાનિદાનના ત્યાગ વડે કેવળજ્ઞાનાદિ અનંત ગુણોની પ્રગટતારૂપ મોક્ષને માટે દાન, પૂજા, તપશ્ચરણ વગેરે આચરણ કરવાં તે નિઃકાંક્ષિતગુણ કહેવાય છે. આ ગુણમાં અનન્તમતી કન્યાની કથા[2] પ્રસિદ્ધ છે. બીજી સીતા મહાદેવીની[2] કથા છે. તે કહેવામાં આવે છે :—જ્યારે સીતા લોકોની નિંદા દૂર કરવા માટે અગ્નિકુંડમાં પ્રવેશીને શુદ્ધ (નિર્દોષ) થયાં ત્યારે રામચંદ્રે આપેલ પટ્ટ–મહારાણી–વિભૂતિપદ છોડીને, સકલભૂષણ નામના કેવળજ્ઞાની મુનિના પાદમૂલમાં, કૃતાન્તવક્ર વગેરે રાજાઓ અને ઘણી રાણીઓની સાથે

---

૧. જેને નિશ્ચયનિશંકિતગુણ પ્રગટે તેને આ ઉપચાર લાગુ પડે, એમ સમજવું.

૨. મોક્ષમાર્ગપ્રકાશક અ. ૮ પા. ૨૭૬ માં ઉપચારનું સ્વરૂપ બતાવ્યું છે, તે આ કથાઓને લાગુ પડે છે.

**गृहीत्वा शशिप्रभाधार्मिकासमुदायेन सह ग्रामपुरखेटकादिविहारेण भेदाभेदरत्नत्रयभावनया द्विषष्टिवर्षाणि जिनसमयप्रभावनां कृत्वा पश्चादवसाने त्रयस्त्रिंशद्दिवसपर्यन्तं निर्विकार-परमात्मभावनासहितं संन्यासं कृत्वाऽच्युताभिधानषोडशस्वर्गे प्रतीन्द्रतां याता। ततश्च निर्मलसम्यक्त्वफलं दृष्ट्वा धर्मानुरागेण नरके रावणलक्ष्मणयोः संबोधनं कृत्वेदानीं स्वर्गे तिष्ठति। अग्रे स्वर्गादागत्य सकलचक्रवर्ती भविष्यति। तौ च रावणलक्ष्मीधरौ तस्य पुत्रौ भविष्यतः। ततश्च तीर्थकरपादमूले पूर्वभवान्तरं दृष्ट्वा पुत्रद्वयेन सह परिवारेण च सह जिनदीक्षां गृहीत्वा भेदाभेदरत्नत्रयभावनया पञ्चानुत्तरविमाने त्रयोप्यहमिन्द्रा भविष्यन्ति। तस्मादागत्य रावणस्तीर्थकरो भविष्यति, सीता च गणधर इति, लक्ष्मीधरो धातकीखण्डद्वीपे तीर्थकरो भविष्यति। इति व्यवहारनिष्कांक्षितागुणो विज्ञातव्यः। निश्चयेन पुनस्तस्यैव व्यवहारनिष्कांक्षागुणस्य सहकारित्वेन दृष्टश्रुतानुभूतपञ्चेन्द्रियभोगत्यागेन निश्चयरत्नत्रय-भावनोत्पन्नपारमार्थिकस्वात्मोत्थसुखामृतरसे चित्तसन्तोषः स एव निष्कांक्षागुण इति॥२॥**

---

જિનદીક્ષા લઈને, શશિપ્રભા વગેરે આર્યિકાઓના સમૂહ સાથે, ગ્રામ, પુર, ખેટક આદિમાં વિહાર કરતાં થકાં, ભેદાભેદરત્નત્રયની ભાવનાથી બાસઠ વર્ષ સુધી જૈનમતની પ્રભાવના કરીને પછી અંત સમયે તેત્રીસ દિવસ સુધી નિર્વિકાર પરમાત્માની ભાવના સહિત સંન્યાસ કરીને (–સમાધિમરણ કરીને) અચ્યુત નામના સોળમા સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયાં; અને પછી નિર્મળ સમ્યક્ત્વનું ફળ દેખીને ધર્માનુરાગથી નરકમાં રાવણ અને લક્ષ્મણને સંબોધન કરીને અત્યારે સ્વર્ગમાં (રહ્યાં) છે. આગળ ઉપર સ્વર્ગમાંથી નીકળીને સીતાનો જીવ ચક્રવર્તી થશે; રાવણ અને લક્ષ્મણના જીવ તેના (સીતાના જીવના) પુત્રો થશે. પછી તીર્થંકરદેવના પાદમૂલમાં પોતાના પૂર્વભવ જોઈને, પરિવાર સહિત બન્ને પુત્રો તથા સીતાનો જીવ જિનદીક્ષા લઈને ભેદાભેદરત્નત્રયની ભાવનાથી પંચ અનુત્તર વિમાનમાં ત્રણે જણા અહમિન્દ્રો થશે. ત્યાંથી નીકળીને રાવણ તીર્થંકર થશે અને સીતા (તેમના) ગણધર થશે. લક્ષ્મણ ધાતકીખંડદ્વીપમાં તીર્થંકર થશે. આ પ્રમાણે વ્યવહાર નિષ્કાંક્ષિતગુણ જાણવો. નિશ્ચયથી તો, તે જ વ્યવહાર નિઃકાંક્ષિતગુણના સહકારીપણાથી[1], દૃષ્ટ, શ્રુત અને અનુભૂત પંચેન્દ્રિય–ભોગોનો ત્યાગ કરીને, નિશ્ચયરત્નત્રયની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક નિજાત્મજનિત સુખામૃતના રસમાં ચિત્તનો સંતોષ તે જ નિષ્કાંક્ષિતગુણ છે. ૨.

---

૧. સહકારીપણાથી = નિમિત્તપણાથી; નિમિત્ત ઉપાદાનમાં કાંઈ વિશિષ્ટતા લાવતું નથી, પણ તે જ પ્રકારના ઉચિત નિમિત્તની સન્નિધિ હોય છે. (જુઓ, શ્રી પ્રવચનસાર ગાથા ૯૫ ટીકા પા. ૧૭૨ આવૃત્તિ બીજી.)

**अथ निर्विचिकित्सागुणं कथयति। भेदाभेदरत्नत्रयाराधकभव्यजीवानां दुर्गन्धबीभत्सादिकं दृष्ट्वा धर्मबुद्ध्या कारुण्यभावेन वा यथायोग्यं विचिकित्सापरिहरणं द्रव्यनिर्विचिकित्सागुणो भण्यते। यत्पुनर्जैनसमये सर्वं समीचीनं परं किन्तु वस्त्राप्रावरणं जलस्नानादिकं च न कुर्वन्ति तदेव दूषणमित्यादिकुत्सितभावस्य विशिष्टविवेकबलेन परिहरणं सा भाव निर्विचिकित्सा भण्यते। अस्य व्यवहारनिर्विचिकित्सागुणस्य विषय उद्दायन-महाराजकथा रुक्मिणीमहादेवीकथा चागमप्रसिद्धा ज्ञातव्येति। निश्चयेन पुनस्तस्यैव व्यवहार-निर्विचिकित्सागुणस्य बलेन समस्तद्वेषादिविकल्परूपकल्लोलमालात्यागेन निर्मलात्मानुभूति-लक्षणे निजशुद्धात्मनि व्यवस्थानं निर्विचिकित्सागुण इति।।३।।**

**इतः परं अमूढदृष्टिगुणं कथयति। वीतरागसर्वज्ञप्रणीतागमार्थाद्वहिर्भूतैः कुदृष्टिभिर्यत् प्रणीतं धातुवादखन्यवादहरमेखलक्षुद्रविद्याव्यन्तरविकुर्वणादिकमज्ञानिजन-चिच्चमत्कारोत्पादकं दृष्ट्वा श्रुत्वा च योऽसौ मूढभावेन धर्मबुद्ध्या तत्र रुचिं भक्तिं न कुरुते स एव व्यवहारोऽमूढदृष्टिरुच्यते। तत्र चोत्तरमथुरायां उदुरुलिभट्टारकरेवतीश्राविकाचन्द्रप्रभनाम**

---

હવે નિર્વિચિકિત્સાગુણ કહે છે :—ભેદાભેદ રત્નત્રયના આરાધક ભવ્ય જીવોની દુર્ગંધ, ખરાબ આકૃતિ વગેરે દેખીને ધર્મબુદ્ધિથી અથવા કરુણાભાવથી યોગ્યતા પ્રમાણે ગ્લાનિ તજવી તેને દ્રવ્ય–નિર્વિચિકિત્સા ગુણ કહે છે. “જૈનમતમાં બધી બાબતો સારી છે પણ મુનિને વસ્ત્રરહિતપણું તથા તેઓ જળસ્નાનાદિ નથી કરતા તે જ દોષ છે”—એવો કુત્સિત ભાવ, વિશિષ્ટ વિવેકબળ વડે તજવો તે ભાવ–નિર્વિચિકિત્સા કહેવાય છે. આ વ્યવહાર–નિર્વિચિકિત્સાગુણના વિષયમાં ઉદ્દાયન મહારાજાની અને રુક્મિણી મહાદેવીની કથા આગમપ્રસિદ્ધ જાણવી. નિશ્ચયથી તો, તે જ વ્યવહાર–નિર્વિચિકિત્સા ગુણના બળથી[1] સમસ્ત દ્વેષાદિ વિકલ્પરૂપ તરંગોનો ત્યાગ કરીને નિર્મળ આત્માનુભૂતિ જેનું લક્ષણ છે, એવી નિજ શુદ્ધાત્મામાં સ્થિતિ તે જ નિર્વિચિકિત્સાગુણ છે. ૩.

હવે આગળ, અમૂઢદૃષ્ટિગુણનું કથન કરે છે :—વીતરાગ–સર્વજ્ઞપ્રણીત આગમના અર્થથી વિપરીત કુદૃષ્ટિઓએ રચેલાં જે રસાયણશાસ્ત્ર, ખનિજવિદ્યા, હરમેખલ, ક્ષુદ્રવિદ્યા, વ્યન્તર–વિકુર્વણ વગેરે અજ્ઞાનીઓના ચિત્તમાં વિસ્મય ઉત્પન્ન કરનાર શાસ્ત્રો જોઈને અને સાંભળીને જે કોઈ જીવ મૂઢતાથી તેમાં ધર્મબુદ્ધિ વડે રુચિ કે ભક્તિ કરતો નથી, તે જ વ્યવહાર–અમૂઢદૃષ્ટિ કહેવાય છે. તે વિષયમાં ઉત્તર મથુરામાં ઉદુરુલિ ભટ્ટારક, રેવતી

---

૧. વ્યવહાર બળ અર્થાત્ નિમિત્તકારણ.

**विद्याधरब्रह्मचारिसम्बन्धिनीकथा प्रसिद्धेति। निश्चयेन पुनस्तस्यैव व्यवहारामूढदृष्टिगुणस्य प्रसादेनान्तस्तत्तत्त्वबहिस्तत्त्वनिश्चये जाते सति समस्तमिथ्यात्वरागादिशुभाशुभसंकल्प-विकल्पेष्टात्मबुद्धिमुपादेयबुद्धिं हितबुद्धिं ममत्वभावं त्यक्त्वा त्रिगुप्तिरूपेण विशुद्धज्ञानदर्शन-स्वभावे निजात्मनि यन्निश्चलावस्थानं तदेवामूढदृष्टित्वमिति। संकल्पविकल्पलक्षणं कथ्यते। पुत्रकलत्रादौ बहिर्द्रव्ये ममेदमिति कल्पना संकल्पः, अभ्यन्तरे सुख्यहं दुःख्यहमिति हर्षविषादकारणं विकल्प इति। अथवा वस्तुवृत्त्या संकल्प इति कोऽर्थो विकल्प इति तस्यैव पर्यायः ।।४।।**

**अथोपगूहनगुणं कथयति। भेदाभेदरत्नत्रयभावनारूपो मोक्षमार्गः स्वभावेन शुद्ध एव तावत्, तत्राज्ञानिजननिमित्तेन तथैवाशक्तजननिमित्तेन च धर्मस्य पैशुन्यं दूषणमपवादो दुष्प्रभावना यदा भवति तदागमाविरोधेन यथाशक्त्यऽर्थेन धर्मोपदेशेन वा यद्धर्मार्थं दोषस्य झम्पनं निवारणं क्रियते तद्व्यवहारनयेनोपगूहनं भण्यते। तत्र मायाब्रह्मचारिणा**

---

શ્રાવિકા તથા ચન્દ્રપ્રભ નામના વિદ્યાધર બ્રહ્મચારીની કથાઓ પ્રસિદ્ધ છે. નિશ્ચયથી તો તે જ વ્યવહાર-અમૂઢદૃષ્ટિગુણના પ્રસાદથી[1] અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વનો નિશ્ચય થતાં સમસ્ત મિથ્યાત્વ-રાગાદિ શુભાશુભ સંકલ્પ-વિકલ્પોમાં ઇષ્ટબુદ્ધિ-આત્મબુદ્ધિ-ઉપાદેયબુદ્ધિ-હિતબુદ્ધિ-મમત્વભાવનો ત્યાગ કરીને ત્રિગુપ્તિરૂપે વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવી નિજાત્મામાં જે નિશ્ચળ સ્થિતિ કરવી, તે જ અમૂઢદૃષ્ટિપણું છે. સંકલ્પ અને વિકલ્પનું લક્ષણ કહે છે : પુત્ર, સ્ત્રી આદિ બાહ્યદ્રવ્યોમાં 'આ મારાં છે' એવી કલ્પના તે સંકલ્પ છે, અંતરંગમાં 'હું સુખી છું, હું દુઃખી છું' એમ હર્ષ-વિષાદ કરવો તે વિકલ્પ છે, અથવા વાસ્તવિકપણે સંકલ્પનો અર્થ શું? વિકલ્પ એ જ. (સંકલ્પ એ જ વિકલ્પ) તે તેની જ પર્યાય છે. (સંકલ્પ, વિકલ્પની જ પર્યાય છે). ૪.

હવે ઉપગૂહનગુણ કહે છે :—ભેદાભેદ[2] રત્નત્રયની ભાવનારૂપ મોક્ષમાર્ગ સ્વભાવથી શુદ્ધ જ છે. તેમાં અજ્ઞાની મનુષ્યોના નિમિત્તે તથા અશક્ત મનુષ્યોના નિમિત્તે ધર્મની નિન્દા-દોષ-અપવાદ કે અપ્રભાવના જ્યારે થાય છે, ત્યારે આગમના અવિરોધપણે શક્તિ અનુસાર ધનથી કે ધર્મોપદેશથી ધર્મને માટે જે દોષોને ઢાંકવામાં આવે છે અથવા દૂર કરવામાં આવે છે, તે વ્યવહારનયથી ઉપગૂહનગુણ કહેવાય છે. તે વિષયમાં માયાચારથી

---

૧. વ્યવહારના પ્રસાદથી અર્થાત્ જ્યારે પોતાની સન્મુખતારૂપ નિશ્ચય પ્રસાદ હોય, ત્યારે નિમિત્તને વ્યવહારનયે પ્રસાદ કહેવામાં આવે છે.

૨. ભેદ રત્નત્રય વ્યવહારનયે શુદ્ધ છે અને અભેદ રત્નત્રય નિશ્ચયનયે શુદ્ધ છે, બન્ને સાથે હોય છે.

**पार्श्वभट्टारकप्रतिमालग्नरत्नहरणे कृते सत्युपगूहनविषये जिनदत्तश्रेष्ठिकथा प्रसिद्धेति। अथवा रुद्रजनन्या जयेष्ठासंज्ञाया लोकापवादे जाते सति यद्दोषझम्पनं कृतं तत्र चेलिनीमहादेवीकथेति। तथैव निश्चयेन पुनस्तस्यैव व्यवहारोपगूहनगुणस्य सहकारित्वेन निजनिरञ्जननिर्दोषपरमात्मनः प्रच्छादका ये मिथ्यात्वरागादिदोषास्तेषां तस्मिन्नेव परमात्मनि सम्यग्श्रद्धानज्ञानानुष्ठानरूपं यद्ध्यानं तेन प्रच्छादनं विनाशनं गोपनं झम्पनं तदेवोपगूहनमिति।।५।।**

**अथ स्थितीकरणं कथयति। भेदाभेदरत्नत्रयधारकस्य चातुर्वर्णसङ्घस्य मध्ये यदा कोऽपि दर्शनचारित्रमोहोदयेन दर्शनं ज्ञानं चारित्रं वा परित्यक्तं वाञ्छति तदागमाविरोधेन यथाशक्त्या धर्मश्रवणेन वा अर्थेन वा सामर्थ्येन वा केनाप्युपायेन यद्धर्मे स्थिरत्वं क्रियते तद्व्यवहारेण स्थितीकरणमिति। तत्र च पुष्पडालतपोधनस्य स्थिरीकरणप्रस्तावे वारिषेणकुमारकथाऽऽगमप्रसिद्धेति। निश्चयेन पुनस्तेनैव व्यवहारेण स्थितीकरणगुणेन धर्मदृढत्वे जाते सति दर्शनचारित्रमोहोदयजनितसमस्तमिथ्यात्वरागादिविकल्पजालत्यागेन निजपरमात्म-**

---

બ્રહ્મચારીએ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમામાં જડિત રત્નની ચોરી કરી, ત્યારે જિનદત્ત શ્રેષ્ઠીએ જે ઉપગૂહન કર્યું તે કથા પ્રસિદ્ધ છે. અથવા રુદ્રની જ્યેષ્ઠા નામની માતાની લોકનિંદા થઈ, ત્યારે તેનો દોષ ઢાંકનાર ચેલિની મહારાણીની કથા પ્રસિદ્ધ છે. નિશ્ચયથી તો, તે જ વ્યવહાર ઉપગૂહનગુણના સહકારીપણાથી[1] નિજ નિરંજન નિર્દોષ પરમાત્માના આચ્છાદક મિથ્યાત્વરાગાદિ દોષોનું, તે જ પરમાત્માનાં સમ્યક્શ્રદ્ધાન—જ્ઞાન—આચરણરૂપ ધ્યાન વડે પ્રચ્છાદન—નાશ—ગોપન—ઢાંકણ કરવું, તે જ ઉપગૂહનગુણ છે. ૫.

હવે, સ્થિતિકરણગુણનું કથન કરે છે :—ભેદાભેદ[2] રત્નત્રયના ધારક (મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકારૂપ) ચાર પ્રકારના સંઘમાંથી કોઈ જ્યારે દર્શન અને ચારિત્રમોહના ઉદયથી દર્શન, જ્ઞાન કે ચારિત્રનો ત્યાગ કરવાની ઇચ્છા કરે ત્યારે આગમથી અવિરુદ્ધપણે શક્તિ પ્રમાણે ધર્મશ્રવણથી, ધનથી, સામર્થ્યથી અથવા કોઈ પણ ઉપાયથી તેને ધર્મમાં સ્થિર કરવામાં આવે છે તે વ્યવહારથી સ્થિતિકરણ છે. પુષ્પડાલ મુનિને ધર્મમાં સ્થિર કરવાના પ્રસંગમાં વારિષેણકુમારની કથા આગમપ્રસિદ્ધ છે. નિશ્ચયથી તો, તે જ વ્યવહાર— સ્થિતિકરણ[3] ગુણથી ધર્મમાં દૃઢતા થતાં દર્શન અને ચારિત્રમોહના ઉદયથી ઉત્પન્ન સમસ્ત

---

૧. સહકારી = નિમિત્ત.

૨. ભેદાભેદ રત્નત્રય એકીસાથે પાંચ તથા છ ગુણસ્થાને હોય છે, એમ અહીં બતાવ્યું છે.

૩. વ્યવહાર—સ્થિતિકરણ ગુણના નિમિત્તે.

स्वभावभावनोत्पन्नपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादेन तल्लयतन्मयपरमसमरसीभावेन चित्त-स्थितीकरणमेव स्थितीकरणमिति ।।६।।

अथ वात्सल्याभिधानं सप्तमाङ्गं प्रतिपादयति। बाह्याभ्यन्तररत्नत्रयाधारे चतुर्विधसंघे वत्से धेनुवत्पञ्चेन्द्रियविषयनिमित्तं पुत्रकलत्रसुवर्णादिस्नेहवद्वा यदकृत्रिमस्नेहकरणं तद् व्यवहारेण वात्सल्यं भण्यते। तत्र च हस्तिनागपुराधिपतिपद्मराजसंबन्धिना बलिनामदुष्टमन्त्रिणा निश्चयव्यवहाररत्नत्रयाराधकाकम्पनाचार्यप्रभृतिसप्तशतयतीनामुपसर्गे क्रियमाणे सति विष्णुकुमारनाम्ना निश्चयव्यवहारमोक्षमार्गाराधकपरमयतिना विकुर्वणर्द्धिप्रभावेण वामनरूपं कृत्वा बलिमन्त्रिपार्श्वे पादत्रयप्रमाणभूमिप्रार्थनं कृत्वा पश्चादेकः पादो मेरुमस्तके दत्तो द्वितीयो मानुषोत्तरपर्वते तृतीयपादस्यावकाशो नास्तीति वचनछलेन मुनिवात्सल्यनिमित्तं बलिमन्त्री बद्ध इत्येका तावदागमप्रसिद्धा कथा। द्वितीया च दशपुरनगराधिपतेर्वज्रकर्णनाम्नः उज्जयिनी-नगराधिपतिना सिंहोदरमहाराजेन जैनोऽयं, मम नमस्कारं न करोतीति मत्वा दशपुरनगरं

---

મિથ્યાત્વ–રાગાદિ વિકલ્પજાળનો ત્યાગ કરીને નિજ પરમાત્મસ્વભાવની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ જેનું એક લક્ષણ છે, એવા સુખામૃતના રસાસ્વાદ વડે પરમાત્મામાં તલ્લીન–તન્મય પરમ સમરસીભાવથી ચિત્તને સ્થિર કરવું, તે જ સ્થિતિકરણગુણ છે. ૬.

હવે, વાત્સલ્ય નામનું સાતમું અંગ કહે છે :—બાહ્ય અને અભ્યંતર રત્નત્રયના ધારક એવા ચતુર્વિધ સંઘ પ્રત્યે, ગાયને વાછરડા પ્રત્યે હોય છે તેમ અથવા પાંચ ઇન્દ્રિયના વિષયનાં નિમિત્તભૂત પુત્ર, સ્ત્રી, સુવર્ણાદિ પ્રત્યે સ્નેહ હોય છે તેમ, જે સ્વાભાવિક સ્નેહ હોવો તેને વ્યવહારથી વાત્સલ્ય ગુણ કહે છે. તે બાબતમાં હસ્તિનાગપુરના રાજા પદ્મરાજના બલિ નામના દુષ્ટ મંત્રીએ જ્યારે નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક શ્રી અકંપનાચાર્ય વગેરે સાતસો મુનિઓને ઉપસર્ગ કર્યો, ત્યારે નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગના આરાધક વિષ્ણુકુમાર નામના મુનિએ વિક્રિયાૠદ્ધિના પ્રભાવથી, વામનરૂપ ધારણ કરીને બલિ નામના મંત્રી પાસે ત્રણ ડગલાં જેટલી ભૂમિ માગીને, એક પગ મેરુપર્વતના શિખર ઉપર મૂક્યો, બીજો માનુષોત્તર પર્વત ઉપર મૂક્યો અને ત્રીજું ડગલું મૂકવાનું સ્થાન ખાલી નથી, એમ કહીને વચનના બહાને મુનિઓના વાત્સલ્ય નિમિત્તે બલિ નામના મંત્રીને બાંધ્યો—એવી એક આગમપ્રસિદ્ધ કથા છે. બીજી એક વાત્સલ્યની કથા, દશપુરનગરના વજ્રકર્ણ નામના રાજાની, રામાયણમાં પ્રસિદ્ધ છે; ઉજ્જયિનીના રાજા સિંહોદરે 'આ વજ્રકર્ણ જૈન છે અને મને નમસ્કાર કરતો નથી' એમ જાણીને દશરથપુરનગરને ઘેરો ઘાલીને ઘોર ઉપસર્ગ કર્યો. ત્યારે

परिवेष्ट्य घोरोपसर्गे क्रियमाणे भेदाभेदरत्नत्रयभावनाप्रियेण रामस्वामिना वज्रकर्णवात्सल्यनिमित्तं सिंहोदरो बद्ध इति रामायणमध्ये प्रसिद्धेयं वात्सल्यकथेति। निश्चयवात्सल्यं पुनस्तस्यैव व्यवहारवात्सल्यगुणस्य सहकारित्वेन धर्मे दृढत्वे जाते सति मिथ्यात्वरागादिसमस्तशुभाशुभबहिर्भावेषु प्रीतिं त्यक्त्वा रागादिविकल्पोपाधिरहितपरमस्वास्थ्यसंवित्तिसञ्जातसदानन्दैकलक्षणसुखामृतरसास्वादं प्रति प्रीतिकरणमेवेति सप्तमाङ्गं व्याख्यातम् ।।७।।

अथाष्टमाङ्गं नाम प्रभावनागुणं कथयति। श्रावकेन दानपूजादिना तपोधनेन च तपःश्रुतादिना जैनशासनप्रभावना कर्तव्येति व्यवहारेण प्रभावनागुणो ज्ञातव्यः। तत्र पुनरुत्तरमथुरायां जिनसमयभावनशीलाया उर्विल्लामहादेव्याः प्रभावननिमित्तमुपसर्गे जाते सति वज्रकुमारनाम्ना विद्याधरश्रमणेनाकाशे जैनरथभ्रमणेन प्रभावना कृतेत्येका आगमप्रसिद्धा कथा। द्वितीया तु जिनसमयप्रभावनाशीलवप्रामहादेवीनामस्वकीयजनन्या निमित्तं स्वस्य धर्मानुरागेण च हरिषेणनामदशमचक्रवर्तिना तद्भवमोक्षगामिना जिनसमयप्रभावनार्थमुत्तुङ्गतोरणजिनचैत्यालयमण्डितं सर्वभूमितलं कृतमिति रामायणे प्रसिद्धेयं कथा। निश्चयेन पुनस्तस्यैव व्यवहार-

---

ભેદાભેદરત્નત્રયની ભાવના જેમને પ્રિય હતી એવા રામચંદ્રે વજ્રકર્ણ પ્રત્યેના વાત્સલ્યના નિમિત્તે સિંહોદરને બાંધ્યો. (—આ વાત્સલ્યકથા રામાયણમાં પ્રસિદ્ધ છે.) નિશ્ચય વાત્સલ્ય તો, તે જ વ્યવહાર વાત્સલ્યગુણના સહકારીપણાથી ધર્મમાં દૃઢતા થતાં, મિથ્યાત્વ—રાગાદિ સમસ્ત શુભાશુભ બહિર્ભાવોમાં પ્રીતિ છોડીને રાગાદિ વિકલ્પોપાધિરહિત, પરમ સ્વાસ્થ્યના સંવેદનથી ઉત્પન્ન સદાનંદ (નિત્ય આનંદ) જેનું એક લક્ષણ છે એવા સુખામૃતના રસાસ્વાદમાં પ્રીતિ કરવી તે જ છે. એ પ્રમાણે સાતમા અંગનું વ્યાખ્યાન કર્યું. ૭.

હવે, પ્રભાવનાગુણ નામના આઠમા અંગનું કથન કરે છે :—શ્રાવકે દાન—પૂજા આદિ દ્વારા અને મુનિએ તપ—શ્રુત આદિથી જૈનશાસનની પ્રભાવના કરવી—એ વ્યવહારથી પ્રભાવનાગુણ જાણવો. તે વિષયમાં ઉત્તર મથુરામાં જિનસમયની પ્રભાવના કરવાના સ્વભાવવાળી ઉર્વિલ્લામહાદેવીને પ્રભાવના નિમિત્તે ઉપસર્ગ થતાં વજ્રકુમાર નામના વિદ્યાધર શ્રમણે આકાશમાં જૈનરથ ફેરવીને પ્રભાવના કરી હતી—એ એક આગમપ્રસિદ્ધ કથા છે. અને બીજી કથા આ છે :—તદ્ભવ મોક્ષગામી હરિષેણ નામના દશમા ચક્રવર્તીએ, જિનસમયની પ્રભાવનાશીલ પોતાની માતા વપ્રામહાદેવીના નિમિત્તે અને પોતાના ધર્માનુરાગથી, જૈનમતની પ્રભાવના માટે ઊંચાં તોરણવાળાં જિનમંદિરોથી સમસ્ત પૃથ્વીને વિભૂષિત કરી હતી. આ કથા રામાયણમાં પ્રસિદ્ધ છે. નિશ્ચયથી તો, તે જ વ્યવહાર

प्रभावनागुणस्य बलेन मिथ्यात्वविषयकषायप्रभृतिसमस्तविभावपरिणामरूपपरसमयानां प्रभावं हत्वा शुद्धोपयोगलक्षणस्वसंवेदनज्ञानेन विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मनः प्रकाशनमनुभवनमेव प्रभावनेति॥८॥

एवमुक्तप्रकारेण मूढत्रयमदाष्टकषडनायतनशङ्काद्यष्टमलरहितं शुद्धजीवादितत्त्वार्थश्रद्धानलक्षणं सरागसम्यक्त्वाभिधानं व्यवहारसम्यक्त्वं विज्ञेयम्। तथैव तेनैव व्यवहारसम्यक्त्वेन पारम्पर्येण साध्यं शुद्धोपयोगलक्षणनिश्चयरत्नत्रयभावनोत्पन्नपरमाह्लादैकरूपसुखामृतरसास्वादनमेवोपादेयमिन्द्रियसुखादिकं च हेयमिति रुचिरूपं वीतरागचारित्राविनाभूतं वीतरागसम्यक्त्वाभिधानं निश्चयसम्यक्त्वं च ज्ञातव्यमिति। अत्र व्यवहारसम्यक्त्वमध्ये निश्चयसम्यक्त्वं किमर्थं व्याख्यातमिति चेत्? व्यवहारसम्यक्त्वेन निश्चयसम्यक्त्वं साध्यत इति साध्यसाधकभावज्ञापनार्थमिति।

इदानीं येषां जीवानां सम्यग्दर्शनग्रहणात्पूर्वमायुर्बन्धो नास्ति तेषां व्रताभावेऽपि

---

પ્રભાવના ગુણના બળથી[1] મિથ્યાત્વ–વિષય–કષાયાદિ સમસ્ત વિભાવપરિણામરૂપ પરસમયોનો પ્રભાવ નષ્ટ કરીને શુદ્ધોપયોગલક્ષણ સ્વસંવેદનજ્ઞાન વડે વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજ શુદ્ધાત્માનું પ્રકાશન–અનુભવન કરવું, તે જ પ્રભાવના છે. ૮.

આ રીતે ઉક્ત પ્રકારે ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન અને શંકા આદિ આઠ દોષો વિનાનું શુદ્ધ જીવાદિતત્ત્વાર્થોનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવું સરાગસમ્યક્ત્વ નામનું વ્યવહાર[2]–સમ્યક્ત્વ જાણવું. તેવી જ રીતે તે જ વ્યવહાર–સમ્યક્ત્વથી પરંપરાએ સાધ્ય એવું, શુદ્ધોપયોગલક્ષણ નિશ્ચયરત્નત્રયની ભાવનાથી ઉત્પન્ન પરમાહ્‌લાદ જેનું એક રૂપ છે, એવા સુખામૃતરસનો આસ્વાદ જ ઉપાદેય છે અને ઇન્દ્રિયસુખાદિ હેય છે એવી રુચિરૂપ, વીતરાગચારિત્રનું અવિનાભાવી વીતરાગ–સમ્યક્ત્વ નામનું નિશ્ચય–સમ્યક્ત્વ જાણવું. પ્રશ્ન :—અહીં વ્યવહારસમ્યક્ત્વના કથનમાં નિશ્ચયસમ્યક્ત્વનું કથન કેમ કર્યું? ઉત્તર :— વ્યવહાર–સમ્યક્ત્વથી નિશ્ચયસમ્યક્ત્વની સિદ્ધિ થાય છે, એમ સાધ્ય–સાધકભાવ જણાવવાને માટે કથન કર્યું છે.

હવે, જે જીવોને સમ્યગ્દર્શનના ગ્રહણ થવા પહેલાં આયુષ્યનો બંધ થયો ન હોય તેમને

---

૧. બળથી = નિમિત્તથી.

૨. ભૂમિકા યોગ્ય વ્યવહાર અર્થાત્ શુભરાગ સાથેનું અનુપચરિત સાચું સમ્યગ્દર્શન.

**नरनारकादिकुत्सितस्थानेषु जन्म न भवतीति कथयति। ''सम्यग्दर्शनशुद्धानारकतिर्यङ्-नपुंसकस्त्रीत्वानि। दुष्कुलविकृताल्पायुर्दरिद्रतां च व्रजन्ति नाप्यव्रतिकाः।१।'' इतः परं मनुष्यगतिमुत्पन्नसम्यग्दृष्टेः प्रभावं कथयति। ''ओजस्तेजोविद्यावीर्ययशोवृद्धिविजय-विभवसनाथाः। महाकुला महार्था मानवतिलका भवन्ति दर्शनपूताः।१।'' अथ देवगतौ पुनः प्रकीर्णकदेववाहनदेवकिल्विषदेवनीचदेवत्रयं विहायान्येषु महर्द्धिकदेवेषूत्पद्यते सम्यग्दृष्टिः। इदानीं सम्यक्त्वग्रहणात्पूर्वं देवायुष्कं विहाय ये बद्धायुष्कास्तान् प्रति सम्यक्त्वमाहात्म्यं कथयति। ''हेट्ठिमछप्पुढवीणं जोइसवणभवणसव्वइत्थीणं। पुण्णिदरे ण हि सम्मो ण सासणो णारयापुण्णे।'' तमेवार्थं प्रकारान्तरेण कथयति। ''ज्योतिर्भावनभौमेषु षट्स्वधः श्वभ्रभूमिषु। तिर्यक्षु नृसुरस्त्रीषु सद्दृष्टिर्नैवं जायते''[१]।१। अथौपशमिकदेवकक्षायिकाभिधान-**

---

વ્રત ન હોય, તોપણ નિન્દ્ય નર–નારક આદિના સ્થાનમાં જન્મ થતો નથી, એમ કહે છે : ''सम्यग्दर्शनशुद्धा नारकतिर्यग्नपुंसकस्त्रीत्वानि। दुष्कुलविकृताल्पायुर्दरिद्रतां च व्रजन्ति नाप्यव्रतिकाः।।[२] (અર્થ :—જેમને સમ્યગ્દર્શન શુદ્ધ છે પણ અવ્રતી છે તેઓ પણ નરકગતિ, તિર્યંચગતિ, નપુંસકપણું, સ્ત્રીપણું, નીચકુળ, અંગહીન શરીર, અલ્પ આયુષ્ય અને દરિદ્રપણાને પામતા નથી.)'' હવે, આગળ મનુષ્યગતિમાં ઉત્પન્ન સમ્યગ્દષ્ટિ જીવોના પ્રભાવનું કથન કરે છે :— ''ओजस्तेजोविद्यावीर्ययशोवृद्धिविजयविभवसनाथाः। उत्तमकुला महार्था मानवतिलका भवन्ति दर्शनपूताः।। [અર્થ :—જે દર્શનથી પવિત્ર છે તે ઉત્સાહ, તેજ, વિદ્યા, વીર્ય, યશ, વૃદ્ધિ, વિજય અને વૈભવ સહિત, ઉત્તમ કુળવાળા, ખૂબ ધનવાન અને મનુષ્યોમાં શિરોમણિ થાય છે.][૩]'' વળી દેવગતિમાં પ્રકીર્ણક દેવ, વાહન દેવ, કિલ્વિષ દેવ અને ત્રણ હલકા દેવો (વ્યન્તર–ભવનવાસી–જ્યોતિષી) સિવાયના મહાઋદ્ધિધારક દેવોમાં સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થાય છે.

હવે, સમ્યક્ત્વના ગ્રહણ પહેલાં જેમણે દેવ–આયુષ્ય બાંધ્યું હોય તેમની બાબતમાં સમ્યક્ત્વનું માહાત્મ્ય કહે છે. ''हेट्ठिमछप्पुढवीणं जोइसवणभवणसव्वइत्थीणं। पुण्णिदरे ण हि सम्मो ण सासणो णारयापुण्णे।। [અર્થ :—નીચેના છ નરકોમાં, જ્યોતિષી, વ્યન્તર અને ભવનવાસી દેવોમાં, બધી સ્ત્રીઓમાં, લબ્ધ્યપર્યાપ્તકોમાં સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થતો નથી; તથા સાસાદન સમ્યગ્દષ્ટિ અપર્યાપ્ત નારકીપણે ઉપજતા નથી.]''[૪] તે જ અર્થ બીજા પ્રકારે કહે છે :— ''ज्योतिर्भावनाभौमेषु षट्स्वधः श्वभ्रूमिषु। तिर्यक्षु नृसुरस्त्रीषु सद्दृष्टिर्नैव जायते।। [અર્થ :—

---

१. निकायत्रितये पूर्वे श्वभ्रभूमिषु षट्स्वधः वनितासु समस्तासु सम्यग्दृष्टिर्न जायते।।२९८।।

૨. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર ગાથા ૩૫. ૩. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર ગાથા ૩૬.

૪. શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૨૮.

**सम्यक्त्वत्रयमध्ये कस्यां गतौ कस्य सम्यक्त्वस्य सम्भवोऽस्तीति कथयति— ''[१]सौधर्मादिष्वसंख्याब्दायुष्कतिर्यक्षु नृष्वपि। रत्नप्रभावनौ च स्यात्सम्यक्त्वत्रयमङ्गिनाम्।२।'' कर्मभूमिजपुरुषे च त्रयं सम्भवति बद्धायुष्के लब्धायुष्केऽपि। किन्त्वौपशमिकपर्याप्तावस्थायां महर्द्धिकदेवेष्वेव। ''[२]शेषेषु देवतिर्यक्षु षट्स्वधः श्वभ्रभूमिषु। द्वौ वेदकोपशमकौ स्यातां पर्याप्तदेहिनाम्।३।'' इति निश्चयव्यवहाररत्नत्रयात्मकमोक्षमार्गावयविनः प्रथमावयवभूतस्य सम्यक्त्वस्य व्याख्यानेन गाथा गता।।४१।।**

**अथ रत्नत्रयात्मकमोक्षमार्गद्वितीयावयवरूपस्य सम्यग्ज्ञानस्य स्वरूपं प्रतिपादयति—**

---

જ્યોતિષી, ભવનવાસી અને વ્યન્તરદેવોમાં, નીચેની છ નરકની પૃથ્વીઓમાં, તિર્યંચોમાં, મનુષ્ય સ્ત્રીઓમાં અને દેવાંગનાઓમાં સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થતા[૩] નથી.]''

ઔપશમિક, વેદક અને ક્ષાયિક નામના ત્રણ સમ્યક્ત્વોમાંથી કઈ ગતિમાં ક્યું સમ્યક્ત્વ સંભવે છે, તેનું કથન કરે છે :—''સૌધર્મ[૩] આદિ સ્વર્ગોમાં, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચોમાં, મનુષ્યોમાં અને રત્નપ્રભા પ્રથમ નરકમાં ત્રણે સમ્યક્ત્વ હોય છે. ૨.'' જેમણે આયુષ્ય બાંધ્યું હોય કે ન બાંધ્યું હોય તેવા કર્મભૂમિના મનુષ્યોમાં ત્રણે સમ્યક્ત્વ હોય છે, પરંતુ અપર્યાપ્ત અવસ્થામાં ઔપશમિક સમ્યક્ત્વ મહર્દ્ધિક દેવોમાં જ હોય છે. ''**शेषेषु देवतिर्यक्षु षट्स्वधः श्वभ्रभूमिषु। द्वौ वेदकोपशमकौ स्यातां पर्याप्तदेहिनाम्।** [અર્થ :—બાકીના દેવો અને તિર્યંચોમાં અને નીચેની છ નરક ભૂમિઓમાં પર્યાપ્ત જીવોને વેદક અને ઉપશમ એ બે જ સમ્યક્ત્વ હોય છે.]''

આ રીતે નિશ્ચય–વ્યવહાર[૪] રત્નત્રયાત્મક મોક્ષમાર્ગે જે અવયવી તેના પ્રથમ અવયવરૂપ સમ્યક્ત્વનું વ્યાખ્યાન કરનારી ગાથા પૂરી થઈ. ૪૧.

હવે, રત્નત્રયાત્મક મોક્ષમાર્ગના બીજા અવયવરૂપ સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ

---

१. नृभोगभूमितिर्यक्षु सौधर्मादिषु नाकिषु। आद्यायां श्वभ्रभूमौ च सम्यक्त्वत्रयमिष्यते।।३००।।

२. शेष त्रिदशतिर्यक्षु षट्स्वधः श्वभ्रभूमिषु। पर्याप्तेषु द्वयं ज्ञेयं क्षायिकेण विनांगिषु।।३०१।।

(अमितगति) पंचसंग्रह प्रथम परिच्छेद

૩. શ્રી સુભાષિત રત્નસંદોહ ગાથા ૮૨૯.

૪. નિશ્ચય–વ્યવહાર રત્નત્રય એક સાથે જ હોય છે. વ્યવહારનો હર સમય અંશે અભાવ થઈ નિશ્ચય–રત્નત્રય વૃદ્ધિંગત થાય છે.

संसयविमोहविब्भमविवज्जियं अप्पपरसरूवस्स।
गहणं सम्मण्णाणं सायारमणेयभेयं तु॥४२॥

संशयविमोहविभ्रमविवर्जित आत्मपरस्वरूपस्य।
ग्रहणं सम्यक् ज्ञानं साकारं अनेकभेदं च॥४२॥

व्याख्या :—''संसयविमोहविब्भमविवज्जियं'' ''संशयः'' शुद्धात्मतत्त्वादिप्रतिपादकमागमज्ञानं किं वीतरागसर्वज्ञप्रणीतं भविष्यति परसमयप्रणीतं वेति, संशयः। तत्र दृष्टान्तः—स्थाणुर्वा पुरुषो वेति। ''विमोहः' परस्परसापेक्षनयद्वयेन द्रव्यगुणपर्यायादिपरिज्ञानाभावो विमोहः। तत्र दृष्टान्तः—गच्छत्तृणस्पर्शवद्दिग्मोहवद्वा। ''विभ्रमः'' अनेकान्तात्मकवस्तुनो नित्यक्षणिकैकान्तादिरूपेण ग्रहणं विभ्रमः। तत्र दृष्टान्त :—शुक्तिकायां रजतविज्ञानवत्।

---

પ્રતિપાદન કરે છે :—

ગાથા ૪૨

ગાથાર્થ :—આત્મા અને પરપદાર્થોના સ્વરૂપને સંશય, વિમોહ અને વિભ્રમરહિત જાણવું તે સમ્યક્‌જ્ઞાન છે; તે સાકાર અને અનેક ભેદોવાળું છે.

ટીકા :—''संसयविमोहविब्भमविवज्जियं'' સંશય—શુદ્ધ આત્મતત્ત્વાદિનું પ્રતિપાદક શાસ્ત્રજ્ઞાન શું વીતરાગ સર્વજ્ઞે કહેલું તે સત્ય હશે કે અન્યમતીઓએ કહેલું સત્ય હશે, એ સંશય છે. તેનું દૃષ્ટાંત—ઝાડનું ઠૂંઠું છે કે માણસ છે? વિમોહ—પરસ્પર સાપેક્ષ[1] દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બન્ને નયો પ્રમાણે દ્રવ્ય—ગુણ—પર્યાયાદિના જ્ઞાનનો અભાવ તે વિમોહ છે. ત્યાં દૃષ્ટાંત—ગમન કરનાર પુરુષને પગમાં તૃણ આદિનો સ્પર્શ થતાં સ્પષ્ટ જ્ઞાન ન થાય કે શેનો સ્પર્શ થયો તે અથવા દિશા ભૂલાઈ જવી તે. વિભ્રમ—અનેકાન્તાત્મક વસ્તુને 'આ નિત્ય જ છે,' 'આ ક્ષણિક જ છે' એમ એકાન્તરૂપ જાણવું, તે વિભ્રમ છે. તેનું

---

૧. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એકબીજાની અપેક્ષા સહિત હોય છે, નિરપેક્ષ હોતા નથી. જેમકે, દ્રવ્યનું જ્ઞાન મુખ્ય હોય ત્યારે પર્યાયનું જ્ઞાન ગૌણ હોય છે, સર્વથા અભાવરૂપ હોતું નથી—પર્યાયનો સર્વથા અસ્વીકાર હોતો નથી.

સંસય વિમોહ વિભ્રમ દૂરિ, આપા પરકૂં ગહૈ જરૂરિ;
સો હૈ સમ્યક્‌જ્ઞાન, અનેક, ભેદ લીયેં સાકાર અટેક. ૪૨.

''विवज्जियं'' इत्युक्तलक्षणसंशयविमोहविभ्रमैर्वर्जितं, ''अप्पपरसरूवस्स गहणं'' सहजशुद्ध-केवलज्ञानदर्शनस्वभावस्वात्मरूपस्य ग्रहणं परिच्छेदनं परिच्छित्तिस्तथा परद्रव्यस्य च भावकर्म-द्रव्यकर्मनोकर्मरूपस्य जीवसम्बन्धिनस्तथैव पुद्गलादिपञ्चद्रव्यरूपस्य परकीयजीवरूपस्य च परिच्छेदनं यत्तत् ''सम्मण्णाणं'' सम्यग्ज्ञानं भवति। तच्च कथंभूतं? ''सायारं'' घटोऽयं पटोऽयमित्यादिग्रहणव्यापाररूपेण साकारं सविकल्पं व्यवसायात्मकं निश्चयात्मकमित्यर्थः। पुनश्च किं विशिष्टं? ''अणेयभेयं तु'' अनेकभेदं तु पुनरिति।

तस्य भेदाः कथ्यन्ते। मतिश्रुतावधिमनःपर्ययकेवलज्ञानभेदेन पञ्चधा। अथवा श्रुतज्ञानापेक्षया द्वादशाङ्गमङ्गबाह्यं चेति द्विभेदम्। द्वादशाङ्गानां नामानि कथ्यन्ते। आचारं, सूत्रकृतं, स्थानं, समवायनामधेयं, व्याख्याप्रज्ञप्तिः, ज्ञातृकथा, उपासकाध्ययनं, अन्तकृतदशं, अनुत्तरोपपादिकदशं, प्रश्नव्याकरणं, विपाकसूत्रं, दृष्टिवादश्चेति। दृष्टिवादस्य च परिकर्म-सूत्रप्रथमानुयोगपूर्वगतचूलिकाभेदेन पञ्चभेदाः कथ्यन्ते। तत्र चन्द्रसूर्यजम्बूद्वीपद्वीपसागर-व्याख्याप्रज्ञप्तिभेदेन परिकर्म पञ्चविधं भवति। सूत्रमेकभेदमेव। प्रथमानुयोगोऽप्येकभेदः।

---

દૃષ્ટાંત—છીપમાં ચાંદીનું જ્ઞાન. ''विवज्जियं'' આ પૂર્વોક્ત લક્ષણોવાળા સંશય, વિમોહ અને વિભ્રમથી રહિત, ''अप्पपरसरूवस्स गहणं'' સહજ શુદ્ધ કેવળજ્ઞાન–દર્શનસ્વભાવી નિજાત્મસ્વરૂપનું ગ્રહણ–પરિચ્છેદન–પરિચ્છિતિ અને પરદ્રવ્યનું સ્વરૂપ અર્થાત્ ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મનું સ્વરૂપ, પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યોનું સ્વરૂપ તથા અન્ય જીવનું સ્વરૂપ જાણવું તે ''सम्मण्णाणं'' સમ્યક્જ્ઞાન છે. તે કેવું છે? ''सायारं'' આ ઘટ છે, આ વસ્ત્ર છે ઇત્યાદિ જાણવાના વ્યાપારરૂપે સાકાર છે; સવિકલ્પ–વ્યવસાયાત્મક–નિશ્ચયાત્મક એવો ('સાકાર'નો) અર્થ છે. વળી કેવું છે? ''अणेयभेयं तु'' અનેક ભેદોવાળું છે.

સમ્યગ્જ્ઞાનના ભેદ કહેવામાં આવે છે :—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—એ ભેદોથી સમ્યગ્જ્ઞાન પાંચ પ્રકારનું છે અથવા શ્રુતજ્ઞાનની અપેક્ષાએ દ્વાદશાંગ અને અંગબાહ્ય—એ રીતે બે પ્રકારનું છે. બાર અંગનાં નામ કહેવામાં આવે છે :—આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગ, જ્ઞાતૃકથાંગ, ઉપાસકાધ્યયનાંગ, અંતકૃતદશાંગ, અનુત્તરોપપાદિકદશાંગ, પ્રશ્નવ્યાકરણાંગ, વિપાકસૂત્રાંગ અને દૃષ્ટિવાદ—એ બાર અંગોનાં નામ છે. દૃષ્ટિવાદ નામના બારમા અંગના પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગ, પૂર્વગત અને ચૂલિકા—એ પાંચ ભેદોનું કથન કરવામાં આવે છે :—તેમાં ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ—એ રીતે પરિકર્મ પાંચ પ્રકારે છે. સૂત્ર એક જ પ્રકારે છે. પ્રથમાનુયોગનો

पूर्वगतं पुनरुत्पादपूर्वं, अग्रायणीयं, वीर्यानुप्रवादं, अस्तिनास्तिप्रवादं, ज्ञानप्रवादं, सत्यप्रवादं, आत्मप्रवादं, कर्मप्रवादं, प्रत्याख्यानं, विद्यानुवादं, कल्याणनामधेयं, प्राणानुवादं, क्रियाविशालं, लोकसंज्ञं, पूर्वं चेति चतुर्दशभेदम्। जलगतस्थलगताकाशगतहरमेखलादिमायास्वरूप-शाकिन्यादिरूपपरावर्त्तनभेदेन चूलिका पञ्चविधा चेति संक्षेपेण द्वादशाङ्गव्याख्यानम्। अङ्गबाह्यं पुनः सामायिकं, चतुर्विंशतिस्तवं, वन्दना, प्रतिक्रमणं, वैनयिकं, कृतिकर्म, दशवैकालिकम्, उत्तराध्ययनं, कल्पव्यवहारः, कल्पाकल्पं, महाकल्पं, पुण्डरीकं, महापुण्डरीकं, अशीतिकं चेति चतुर्दशप्रकीर्णकसंज्ञं बोद्धव्यमिति।

अथवा वृषभादिचतुर्विंशतितीर्थङ्करभरतादिद्वादशचक्रवर्त्तिविजयादिनवबलदेव त्रिपृष्ठादि-नववासुदेवसुग्रीवादिनवप्रतिवासुदेवसम्बन्धित्रिषष्टिपुरुषपुराणभेदभिन्नः प्रथमानुयोगो भण्यते। उपासकाध्ययनादौ श्रावकधर्मम्, आचाराराधनादौ यतिधर्मं च यत्र मुख्यत्वेन कथयति स चरणानुयोगो भण्यते। त्रिलोकसारे जिनान्तरलोकविभागादिग्रन्थव्याख्यानं करणानुयोगो विज्ञेयः। प्राभृततत्त्वार्थसिद्धान्तादौ यत्र शुद्धाशुद्धजीवादिषड्द्रव्यादीनां मुख्यवृत्त्या व्याख्यानं

---

પણ એક ભેદ છે. પૂર્વગતના ચૌદ ભેદ છે :—ઉત્પાદપૂર્વ, અગ્રાયણીપૂર્વ, વીર્યાનુપ્રવાદપૂર્વ, અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ, જ્ઞાનપ્રવાદપૂર્વ, સત્યપ્રવાદપૂર્વ, આત્મપ્રવાદપૂર્વ, કર્મપ્રવાદપૂર્વ, પ્રત્યાખ્યાનપૂર્વ, વિદ્યાનુવાદપૂર્વ, કલ્યાણપૂર્વ, પ્રાણાનુવાદપૂર્વ, ક્રિયાવિશાલપૂર્વ અને લોકબિન્દુસારપૂર્વ. જળગત ચૂલિકા, સ્થળગત ચૂલિકા, આકાશગત ચૂલિકા, હરમેખલા આદિ માયાસ્વરૂપ ચૂલિકા અને શાકિની આદિ રૂપપરાવર્તન ચૂલિકા—એ રીતે ચૂલિકા પાંચ પ્રકારની છે. એ રીતે સંક્ષેપમાં બાર અંગનું વ્યાખ્યાન છે અને જે અંગબાહ્ય શ્રુતજ્ઞાન છે તે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વન્દના, પ્રતિક્રમણ, વૈનયિક, કૃતિકર્મ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, કલ્પવ્યવહાર, કલ્પાકલ્પ, મહાકલ્પ, પુંડરીક, મહાપુંડરીક અને અશીતિક—એ રીતે ચૌદ પ્રકારના પ્રકીર્ણકરૂપ જાણવું.

અથવા શ્રી ઋષભનાથ આદિ ચોવીસ તીર્થંકર, ભરતાદિ બાર ચક્રવર્તી, વિજય આદિ નવ બળદેવ, ત્રિપૃષ્ઠ આદિ નવ નારાયણ અને સુગ્રીવ આદિ નવ પ્રતિનારાયણ સંબંધી ત્રેસઠ શલાકા પુરુષોના પુરાણભેદે ભેદવાળો પ્રથમાનુયોગ કહેવાય છે. ઉપાસકાધ્યયનાદિમાં શ્રાવકધર્મનું અને આચાર આરાધના આદિમાં યતિધર્મનું જ્યાં મુખ્યપણે કથન કરવામાં આવે છે તે ચરણાનુયોગ કહેવાય છે. ત્રિલોકસારમાં તીર્થંકરોનો અંતરકાળ અને લોકવિભાગ આદિનું વ્યાખ્યાન છે—એવા ગ્રન્થ કરણાનુયોગના જાણવા. પ્રાભૃત અને તત્ત્વાર્થસિદ્ધાંતાદિમાં જ્યાં મુખ્યપણે શુદ્ધ—અશુદ્ધ જીવાદિ છ દ્રવ્ય વગેરેનું વ્યાખ્યાન કરવામાં

क्रियते स द्रव्यानुयोगो भण्यते। इत्युक्तलक्षणानुयोगचतुष्टयरूपेण चतुर्विधं श्रुतज्ञानं ज्ञातव्यम्। अनुयोगोऽधिकारः परिच्छेदः प्रकरणमित्याद्येकोऽर्थः। अथवा षड्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्व-नवपदार्थेषु (मध्ये) निश्चयनयेन स्वकीय शुद्धात्मद्रव्यं, स्वशुद्धजीवास्तिकायो निजशुद्धात्मतत्त्वं निजशुद्धात्मपदार्थ उपादेयः। शेषं च हेयमिति संक्षेपेण हेयोपादेय भेदेन द्विधा व्यवहारज्ञानमिति।

इदानीं तेनैव विकल्परूपव्यवहारज्ञानेन साध्यं निश्चयज्ञानं कथ्यते। तथाहि—रागात् परकलत्रादिवाञ्छारूपं, द्वेषात् परवधबन्धच्छेदादिवाञ्छारूपं, च मदीयापध्यानं कोऽपि न जानातीति मत्वा स्वशुद्धात्मभावनासमुत्पन्नसदानन्दैकलक्षणसुखामृतरसनिर्मलजलेन चित्तशुद्धि-मकुर्वाणः सन्नयं जीवो बहिरङ्गबकवेषेण यल्लोकरञ्जनां करोति तन्मायाशल्यं भण्यते। निजनिरञ्जननिर्दोषपरमात्मैवोपादेय इति रुचिरूपसम्यक्त्वाद्विलक्षणं मिथ्याशल्यं भण्यते। निर्विकारपरमचैतन्यभावनोत्पन्नपरमाह्लादैकरूपसुखामृतरसास्वादमलभमानोऽयं जीवो दृष्ट-

---

આવે છે, તે દ્રવ્યાનુયોગ કહેવાય છે. આ રીતે ઉક્ત લક્ષણવાળા ચાર અનુયોગરૂપે ચાર પ્રકારનું શ્રુતજ્ઞાન જાણવું. અનુયોગ, અધિકાર, પરિચ્છેદ અને પ્રકરણ વગેરેનો એક જ અર્થ છે. અથવા છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોમાં નિશ્ચયનયથી પોતાનું શુદ્ધાત્મદ્રવ્ય, સ્વશુદ્ધજીવાસ્તિકાય, નિજ શુદ્ધાત્મતત્ત્વ અને નિજ શુદ્ધાત્મપદાર્થ ઉપાદેય છે અને બાકીનું હેય છે—એમ સંક્ષેપમાં હેય–ઉપાદેયના ભેદથી વ્યવહારજ્ઞાન બે પ્રકારનું છે.

હવે, તે જ વિકલ્પરૂપ વ્યવહારજ્ઞાનથી સાધ્ય નિશ્ચયજ્ઞાનનું કથન કરે છે. તે આ પ્રમાણે—રાગથી પરસ્ત્રી આદિની વાંછારૂપ અને દ્વેષથી બીજાને હણવા, બાંધવા, છેદવા આદિની વાંછારૂપ મારું દુર્ધ્યાન છે, તેને કોઈ પણ જાણતું નથી એમ વિચારીને સ્વશુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન સદાનંદ (નિત્ય આનંદ) જેનું એક લક્ષણ છે, એવા સુખામૃતરસરૂપ નિર્મળ જળથી (પોતાના) ચિત્તની શુદ્ધિ ન કરતાં, આ જીવ બહારમાં બગલાના જેવો વેષ ધારણ કરીને લોકોનું રંજન કરે છે તે માયાશલ્ય કહેવાય છે. 'નિજ નિરંજન[1] નિર્દોષ પરમાત્મા જ ઉપાદેય છે' એવી રુચિરૂપ સમ્યક્ત્વથી વિલક્ષણ મિથ્યાશલ્ય કહેવાય છે. નિર્વિકાર પરમચૈતન્યની ભાવનાથી ઉત્પન્ન પરમાહ્લાદ જેનું એક રૂપ છે એવા

---

૧. સર્વ પ્રકારની શુદ્ધિ નિજ નિરંજન નિર્દોષ પરમાત્માના જ આશ્રયે થાય છે, અન્ય પ્રકારે નહિ—એવું જ્ઞાન કરાવવા તેને જ ઉપાદેય કહેવામાં આવે છે.

श्रुतानुभूतभोगेषु यन्नियतम् निरन्तरम् चित्तम् ददाति तन्निदानशल्यमभिधीयते। इत्युक्तलक्षणशल्यत्रयविभावपरिणामप्रभृतिसमस्तशुभाशुभसङ्कल्पविकल्परहितेन परमस्वास्थ्य-संवित्तिसमुत्पन्नतात्त्विकपरमानंदैकलक्षणसुखामृततृप्तेन स्वेनात्मना स्वस्य सम्यग्निर्विकल्परूपेण वेदनं परिज्ञानमनुभवनमिति निर्विकल्पस्वसंवेदनज्ञानमेव निश्चयज्ञानं भण्यते।

अत्राह शिष्यः। इत्युक्तप्रकारेण प्राभृतग्रन्थे यन्निर्विकल्पस्वसंवेदनज्ञानं भण्यते, तन्न घटते। कस्मादितिचेत् ? तदुच्यते—सत्तावलोकरूपं चक्षुरादिदर्शनं यथा जैनमते निर्विकल्पं कथ्यते, तथा बौद्धमते ज्ञानं निर्विकल्पकं भण्यते, परं किन्तु तन्निर्विकल्पमपि विकल्पजनकं भवति। जैनमते तु विकल्पस्योत्पादकं भवत्येव न, किन्तु स्वरूपेणैव सविकल्पमिति। तथैव स्वपरप्रकाशकं चेति। तत्र परिहारः। कथंचित् सविकल्पकं निर्विकल्पकं च। तथाहि—यथा विषयानन्दरूपं स्वसंवेदनं रागसंवित्तिविकल्परूपेण सविकल्पमपि शेषानीहितसूक्ष्मविकल्पानां सद्भावेऽपि सति तेषां मुख्यत्वं नास्ति तेन कारणेन निर्विकल्पमपि भण्यते। तथा स्वशुद्धात्मसंवित्तिरूपं वीतरागस्वसंवेदनज्ञानमपि स्वसंवित्त्याकारैकविकल्पेन सविकल्पमपि बहिर्विषयानीहितसूक्ष्मविकल्पानां सद्भावेऽपि सति तेषां मुख्यत्वं नास्ति तेन कारणेन

---

સુખામૃતરસનો સ્વાદ ન લેતાં આ જીવ જોયેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોમાં જે નિરંતર ચિત્તને રોકે છે, તેને નિદાનશલ્ય કહેવામાં આવે છે. ઉપરોક્ત લક્ષણવાળાં ત્રણ શલ્ય, વિભાવપરિણામ વગેરે સમસ્ત શુભાશુભ સંકલ્પ—વિકલ્પરહિત, પરમ સ્વાસ્થ્યના સંવેદનથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક પરમાનંદ જેનું એક લક્ષણ છે; એવા સુખામૃતથી તૃપ્ત પોતાના આત્મા વડે પોતાનું સમ્યક્ નિર્વિકલ્પપણે વેદન—પરિજ્ઞાન—અનુભવન એવું જે નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાન તે જ નિશ્ચયજ્ઞાન કહેવાય છે.

અહીં, શિષ્ય શંકા કરે છે :—ઉપરોક્ત પ્રકારે પ્રાભૃત ગ્રંથમાં જે નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવ્યું છે તે ઘટતું નથી. 'શા માટે ઘટતું નથી?' એમ કહેવામાં આવે તો કારણ કહેવામાં આવે છે :—જેમ જૈનમતમાં સત્તાવલોકનરૂપ ચક્ષુ આદિ દર્શન નિર્વિકલ્પ કહેવાય છે તેમ બૌદ્ધમતમાં જ્ઞાન નિર્વિકલ્પ કહેવાય છે. પરંતુ તે નિર્વિકલ્પ હોવા છતાં (ત્યાં) વિકલ્પને ઉત્પન્ન કરનાર કહેવાય છે. જૈનમતમાં તો જ્ઞાન વિકલ્પને ઉત્પન્ન કરનાર જ નથી, પણ સ્વરૂપથી જ સવિકલ્પ છે અને તેવી જ રીતે સ્વપરપ્રકાશક છે. શંકાનો પરિહાર :—જૈનસિદ્ધાંતમાં જ્ઞાનને કથંચિત્ સવિકલ્પ અને કથંચિત્ નિર્વિકલ્પ માનવામાં આવે છે. તે આ પ્રમાણે—જેમ કે વિષયાનંદરૂપ જે સંવેદન છે તે રાગ સંવેદનના વિકલ્પરૂપ

निर्विकल्पमपि भण्यते। यत एवेहापूर्वस्वसंवित्त्याकारान्तर्मुखप्रतिभासेऽपि बहिर्विषयानीहित-सूक्ष्माविकल्पा अपि सन्ति तत एव कारणात् स्वपरप्रकाशकं च सिद्धम्। इदं तु सविकल्पकनिर्विकल्पकस्य तथैव स्वपरप्रकाशकस्य ज्ञानस्य च व्याख्यानं यद्यागमाध्यात्मतर्क-शास्त्रानुसारेण विशेषेण व्याख्यायते तदा महान् विस्तारो भवति। च चाध्यात्मशास्त्रत्वान्न कृत इति।

एवं रत्नत्रयात्मकमोक्षमार्गावयविनो द्वितीयावयवभूतस्य ज्ञानस्य व्याख्यानेन गाथा गता॥४२॥

अथ निर्विकल्पसत्ताग्राहकं दर्शनं कथयति :—

**जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं।**
**अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णए समए॥४३॥**

---

હોવાથી સવિકલ્પ છે, તોપણ બાકીના અનિચ્છિત સૂક્ષ્મવિકલ્પોનો સદ્ભાવ હોવા છતાં તેમનું મુખ્યપણું નથી તે કારણે નિર્વિકલ્પ પણ કહેવાય છે; તેવી જ રીતે સ્વશુદ્ધાત્માના સંવેદનરૂપ વીતરાગસ્વસંવેદનજ્ઞાન પણ સ્વસંવેદનના એક આકારરૂપ વિકલ્પમય હોવાથી સવિકલ્પ છે, તોપણ બાહ્ય–વિષયોના અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પોનો સદ્ભાવ હોવા છતાં તેમનું મુખ્યપણું ન હોવાથી નિર્વિકલ્પ પણ કહેવાય છે. અહીં અપૂર્વ સ્વસંવેદનના આકારરૂપ અંતર્મુખ પ્રતિભાસ હોવા છતાં બાહ્ય વિષયોના અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પો પણ છે જ, તે જ કારણે જ્ઞાન સ્વપરપ્રકાશક પણ સિદ્ધ થાય[1] છે. જો આ સવિકલ્પ-નિર્વિકલ્પ અને સ્વપરપ્રકાશક જ્ઞાનનું વ્યાખ્યાન આગમ, અધ્યાત્મ અને તર્કશાસ્ત્રને અનુસરીને વિશેષરૂપે કરવામાં આવે તો ઘણો વિસ્તાર થઈ જાય. પણ (દ્રવ્યસંગ્રહ) અધ્યાત્મશાસ્ત્ર હોવાથી તે વિસ્તાર કર્યો નથી.

આ રીતે રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ જે અવયવી તેના બીજા અવયવરૂપ જ્ઞાનના વ્યાખ્યાન દ્વારા ગાથા સમાપ્ત થઈ. ૪૨.

હવે, વિકલ્પરહિત સત્તાનું ગ્રહણ કરનાર દર્શનનું કથન કરે છે :—

૧. શ્રી સમયસાર મોક્ષઅધિકાર ગાથા ૨૯૨ ની શ્રી જયસેનાચાર્ય કૃત ટીકા. પા. ૩૮૩–૩૮૪. (શ્રી રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા)

**દર્શન અવલોકન, સો જુદા, ગહૈ વસ્તુ સામાન્યહિ તદા;**
**વિન આકાર વિશેષનિ હીન, જિનમત ભાષૈ યોં પરવીન. ૪૩.**

यत् सामान्यं ग्रहणं भावानां नैव कृत्वा आकारम्।
अविशेषयित्वा अर्थान् दर्शनं इति भण्यते समये।।४३।।

व्याख्या—''जं सामण्णं गहणं भावाणं'' यत् सामान्येन सत्तावलोकनेन ग्रहणं परिच्छेदनं, केषां ? भावानां पदार्थानां; किं कृत्वा ? ''णेव कट्टुमायारं'' नैव कृत्वा, कं ? आकारं विकल्पं, तदपि किं कृत्वा ? ''अविसेसिदूण अट्ठे'' अविशेष्याविभेद्यार्थान्; केन रूपेण ? शुक्लोऽयं, कृष्णोऽयं, दीर्घोऽयं, ह्रस्वोऽयं, घटोऽयं, पटोऽयमित्यादि। ''दंसणमिदि भण्णए समए'' तत्सत्तावलोकं दर्शनमिति भण्यते समये परमागमे। नेदमेव तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यग्दर्शनं वक्तव्यम्। कस्मादितिचेत् ? तत्र श्रद्धानं विकल्परूपमिदं तु निर्विकल्पं यतः। अयमत्र भावः—यदा कोऽपि किमप्यवलोकयति पश्यति, तदा यावत् विकल्पं न करोति तावत् सत्तामात्रग्रहणं दर्शनं भण्यते, पश्चाच्छुक्लादिविकल्पे जाते ज्ञानमिति।।४३।।

---

ગાથા ૪૩

ગાથાર્થ :—પદાર્થોમાં વિશેષપણું કર્યા વિના (ભેદ પાડ્યા વિના), આકાર અર્થાત્ વિકલ્પ કર્યા વિના, પદાર્થોનું જે સામાન્યપણે (સત્તાવલોકનરૂપ) ગ્રહણ તેને પરમાગમમાં દર્શન કહેવામાં આવે છે.

વ્યાખ્યા :—''जं सामण्णं गहणं भावाणं'' જે સામાન્યપણે અર્થાત્ સત્તાવલોકનરૂપે ગ્રહણ કરવું—પરિચ્છેદન કરવું; કોનું ગ્રહણ કરવું? પદાર્થોનું—ભાવોનું ગ્રહણ કરવું; કેવી રીતે? ''णेव कट्टुमायारं'' ન કરીને; શું ન કરીને? આકાર અથવા વિકલ્પ; તે પણ શું કરીને? ''अविसेसिदूण अट्ठे'' પદાર્થોનો વિશેષ (ભેદ) ન કરીને; ક્યા રૂપે? આ સફેદ છે, આ કૃષ્ણ છે, આ દીર્ઘ છે, આ હ્રસ્વ છે, આ ઘટ છે, આ પટ છે ઇત્યાદિ રૂપે; ''दंसणमिदि भण्णए समए'' તે પરમાગમમાં સત્તાવલોકનરૂપ દર્શન કહેવાય છે. આ દર્શનને જ તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણવાળું સમ્યગ્દર્શન ન કહેવું. શા માટે ન કહેવું? કેમ કે તે શ્રદ્ધાન તો વિકલ્પરૂપ[1] છે અને આ દર્શન વિકલ્પરહિત છે. અહીં તાત્પર્ય આ છે : જ્યારે કોઈ પણ કંઈ પણ અવલોકે છે—જુએ છે, ત્યારે જ્યાં સુધી તે વિકલ્પ ન કરે ત્યાં સુધી સત્તામાત્રના ગ્રહણરૂપ દર્શન કહેવાય છે, પછી શુક્લ વગેરે વિકલ્પ[2] થતાં જ્ઞાન કહેવાય છે. ૪૩.

---

૧. તે શ્રદ્ધા તો વિકલ્પરૂપ છે=તે શ્રદ્ધા બધા પદાર્થોથી ભિન્ન નિજ શુદ્ધ પરમાત્મદ્રવ્યને વિષય બનાવે છે.

૨. અર્થોના આકારોનું અવભાસન તે વિકલ્પ.

अथ छद्मस्थानां ज्ञानं सत्तावलोकनदर्शनपूर्वकं भवति, मुक्तात्मनां युगपदिति प्रतिपादयति :—

**दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवउग्गा।**
**जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दो वि॥४४॥**

दर्शनपूर्व्वं ज्ञानं छद्मस्थानां न द्वौ उपयोगौ।
युगपत् यस्मात् केवलिनाथे युगपत् तु तौ द्वौ अपि॥४४॥

व्याख्या—''दंसणपुव्वं णाणं छदमत्थाणं'' सत्तावलोकनदर्शनपूर्वकं ज्ञानं भवति छद्मस्थानां संसारिणां। कस्मात् ? ''ण दोण्णि उवउग्गा जुगवं जह्मा'' ज्ञानदर्शनोपयोगद्वयं युगपन्न भवति यस्मात्। ''केवलिणाहे जुगवं तु ते दो वि'' केवलिनाथे तु युगपत्तौ ज्ञानदर्शनोपयोगौ द्वौ भवति इति।

अथ विस्तर :—चक्षुरादीन्द्रियाणां स्वकीयस्वकीयक्षयोपशमानुसारेण तद्योग्यदेश-

---

હવે છદ્મસ્થોને જ્ઞાન, સત્તાવલોકનરૂપ દર્શનપૂર્વક થાય છે અને મુક્ત જીવોને દર્શન અને જ્ઞાન એક સાથે જ થાય છે—એમ પ્રતિપાદન કરે છે :—

ગાથા ૪૪

ગાથાર્થ :—છદ્મસ્થ જીવોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે કેમ કે છદ્મસ્થોને જ્ઞાન અને દર્શન એ બન્ને ઉપયોગ એક સાથે હોતા નથી. કેવળી ભગવાનને જ્ઞાન અને દર્શન એ બન્નેય ઉપયોગ એક સાથે હોય છે.

ટીકા :—''दंसणपुव्वं णाणं छदमत्थाणं'' છદ્મસ્થ–સંસારી જીવોને સત્તાવલોકનરૂપ દર્શનપૂર્વક જ્ઞાન હોય છે. કેમ? ''ण दोण्णि उवउग्गा जुगवं जह्मा'' કારણ કે, છદ્મસ્થોને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ—એ બન્ને એક સાથે હોતા નથી. ''केवलिणाहे जुगवं तु ते दो वि'' કેવળીભગવાનને જ્ઞાન અને દર્શન ઉપયોગ બન્ને એક સાથે જ હોય છે.

તેનો વિસ્તાર :—ચક્ષુ આદિ ઇન્દ્રિયોના પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે પોતાને

---

છદમસ્થાકેં ક્રમતેં જાન, પહલેં દર્શન પીછેં જ્ઞાન,
દો ઉપયોગ ન એકેં કાલ, કેવલજ્ઞાની યુગપત ભાલ. ૪૪

स्थितरूपादिविषयाणां ग्रहणमेव सन्निपातः सम्बन्धः सन्निकर्षो भण्यते। न च नैयायिकमतवच्चक्षुरादीन्द्रियाणां रूपादिस्वकीयस्वकीयविषयपार्श्वे गमनं इति सन्निकर्षो वक्तव्यः। स एव सम्बन्धो लक्षणं यस्य तल्लक्षणं यन्निर्विकल्पं सत्तावलोकनदर्शनं तत्पूर्वं शुक्लमिदमित्याद्यवग्रहादिविकल्परूपमिन्द्रियानिन्द्रियजनितं मतिज्ञानं भवति। इत्युक्तलक्षण-मतिज्ञानपूर्वकं तु धूमादग्निविज्ञानवदर्थादर्थान्तरग्रहणरूपं लिङ्गजं, तथैव घटादिशब्दश्रवणरूपं शब्दजं चेति द्विविधं श्रुतज्ञानं भवति। अथावधिज्ञानं पुनरवधिदर्शनपूर्वकमिति। ईहामति-ज्ञानपूर्वकं तु मनःपर्ययज्ञानं भवति।

अत्र श्रुतज्ञानमनःपर्ययज्ञानजनकं यदवग्रहेहादिरूपं मतिज्ञानं भणितम्, तदपि दर्शन-पूर्वकत्वादुपचारेण दर्शनं भण्यते, यतस्तेन कारणेन श्रुतज्ञानमनःपर्ययज्ञानद्वयमपि दर्शनपूर्वकं ज्ञातव्यमिति। एवं छद्मस्थानां सावरणक्षायोपशमिकज्ञानसहितत्वात् दर्शनपूर्वकं ज्ञानं भवति। केवलिनां तु भगवतां निर्विकारस्वसंवेदनसमुत्पन्ननिरावरणक्षायिकज्ञानसहितत्वान्निर्मेघादित्ये युगपदातपप्रकाशवद्दर्शनं ज्ञानं च युगपदेवेति विज्ञेयम्। छद्मस्था इति कोऽर्थः ? छद्मशब्देन

---

યોગ્ય સ્થાનમાં સ્થિત રૂપાદિ વિષયોનું ગ્રહણ કરવું તે જ સન્નિપાત–સંબંધ અથવા સન્નિકર્ષ કહેવાય છે. પરંતુ નૈયાયિકમતની જેમ ચક્ષુ આદિ ઇન્દ્રિયોનું જે રૂપાદિ પોતપોતાના વિષયોની પાસે જવું તેને સન્નિકર્ષ ન કહેવો. આવો સંબંધ જેનું લક્ષણ છે એવા લક્ષણવાળું નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શન છે; તે દર્શનપૂર્વક ‘આ સફેદ છે’ ઇત્યાદિ અવગ્રહાદિ વિકલ્પરૂપ, ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થતું તે મતિજ્ઞાન છે. ઉક્ત લક્ષણવાળા મતિજ્ઞાનપૂર્વક, ધૂમાડાથી અગ્નિનું જ્ઞાન થાય છે તેમ, એક પદાર્થ ઉપરથી બીજા પદાર્થના ગ્રહણરૂપ ‘લિંગજ’ (ચિહ્નથી ઉત્પન્ન થતું) અને ઘટાદિ શબ્દોના શ્રવણરૂપ ‘શબ્દજ’ (શબ્દથી ઉત્પન્ન થતું)—એમ બે પ્રકારનું શ્રુતજ્ઞાન છે. અવધિજ્ઞાન, અવધિદર્શનપૂર્વક હોય છે. ઇહા (નામના) મતિજ્ઞાનપૂર્વક મનઃપર્યયજ્ઞાન હોય છે.

અહીં, શ્રુતજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનને ઉત્પન્ન કરનારું, અવગ્રહ–ઇહા આદિરૂપ જે મતિજ્ઞાન કહ્યું તે મતિજ્ઞાન પણ દર્શનપૂર્વક થતું હોવાથી ઉપચારથી દર્શન કહેવાય છે, તે કારણે શ્રુતજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન—એ બન્ને પણ દર્શનપૂર્વક જાણવાં. આ રીતે છદ્મસ્થોને આવરણવાળું ક્ષાયોપશમિક જ્ઞાન હોવાથી દર્શનપૂર્વકજ્ઞાન થાય છે. કેવળીભગવાનને નિર્વિકાર સ્વસંવેદનથી ઉત્પન્ન નિરાવરણ ક્ષાયિકજ્ઞાન હોવાથી, મેઘરહિત સૂર્યના યુગપદ્ આતપ અને પ્રકાશની જેમ, દર્શન અને જ્ઞાન (બન્ને) યુગપદ્ જ હોય છે, એમ જાણવું.

પ્રશ્ન :—છદ્મસ્થ શબ્દનો અર્થ શું છે? ઉત્તર :—‘છદ્મ’ શબ્દથી જ્ઞાનાવરણ અને

ज्ञानदर्शनावरणद्वयं भण्यते, तत्र तिष्ठन्तीति छद्मस्थाः। एवं तर्काभिप्रायेण सत्तावलोकनदर्शनं व्याख्यातम्।

अत ऊर्ध्वं सिद्धान्ताभिप्रायेण कथ्यते। तथाहि—उत्तरज्ञानोत्पत्तिनिमित्तं यत् प्रयत्नं तद्रूपं यत् स्वस्यात्मनः परिच्छेदनमवलोकनं तद्दर्शनं भण्यते। तदनन्तरं यद्बहिर्विषये विकल्परूपेण पदार्थग्रहणं तद्ज्ञानमिति वार्त्तिकम्। यथा कोऽपि पुरुषो घटविषयविकल्पं कुर्वन्नास्ते, पश्चात् परपरिज्ञानार्थं चित्ते जाते सति घटविकल्पाद्व्यावर्त्त्य यत् स्वरूपे प्रयत्नमवलोकनं परिच्छेदनं करोति तद्दर्शनमिति। तदनन्तरं पटोऽयमिति निश्चयं यद्बहिर्विषयरूपेण पदार्थग्रहणविकल्पं करोति तद् ज्ञानं भण्यते।

अत्राह शिष्य :—यद्यात्मग्राहकं दर्शनं, परग्राहकं ज्ञानं भण्यते, तर्हि यथा नैयायिकमते ज्ञानमात्मानं न जानाति; तथा जैनमतेऽपि ज्ञानमात्मानं न जानातीति दूषणं प्राप्नोति। अत्र परिहारः। नैयायिकमते ज्ञानं पृथग्दर्शनं पृथगिति गुणद्वयं नास्ति; तेन कारणेन तेषामात्मपरिज्ञानाभावदूषणं प्राप्नोति। जैनमते पुनर्ज्ञानगुणेन परद्रव्यं जानाति दर्शनगुणेनात्मानं

---

દર્શનાવરણ—એ બે કહેવામાં આવે છે; તે છદ્મમાં જે રહે છે તે છદ્મસ્થ છે. આ પ્રમાણે તર્કના અભિપ્રાયથી સત્તાવલોકનરૂપ દર્શનનું વ્યાખ્યાન કર્યું.

હવે, આગળ સિદ્ધાંતના અભિપ્રાયથી કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :— આગળના જ્ઞાનની ઉત્પત્તિ માટે જે પ્રયત્ન, તે–રૂપ જે પોતાના આત્માનું પરિચ્છેદન–અવલોકન તે દર્શન કહેવાય છે. ત્યારપછી બાહ્ય વિષયમાં વિકલ્પરૂપે જે પદાર્થનું ગ્રહણ તે જ્ઞાન છે; એ વાર્તિક છે. જેમ કોઈ મનુષ્ય પહેલાં ઘટ સંબંધી વિકલ્પ કરે છે; પછી પટનું જ્ઞાન કરવાનું મન થતાં તે ઘટના વિકલ્પથી ખસીને જે સ્વરૂપમાં પ્રયત્ન—અવલોકન—પરિચ્છેદન કરે છે, તે દર્શન છે. ત્યારપછી 'આ પટ છે' એવો નિશ્ચય અથવા બાહ્ય વિષયરૂપે પદાર્થના ગ્રહણરૂપ જે વિકલ્પ કરે છે, તે જ્ઞાન કહેવાય છે.

અહીં, શિષ્ય પૂછે છે :—જો આત્મગ્રાહક (પોતાનું ગ્રહણ કરનારું) તે દર્શન અને પરગ્રાહક (પરને જાણે) તે જ્ઞાન કહેવાય તો જેમ નૈયાયિકમતમાં જ્ઞાન આત્માને જાણતું નથી, તેમ જૈનમતમાં પણ જ્ઞાન આત્માને જાણતું નથી એવું દૂષણ આવે છે. તેનું સમાધાન :—નૈયાયિક મતમાં જ્ઞાન જુદું અને દર્શન જુદું એમ બે ગુણ નથી. તે કારણે તેમને (નૈયાયિકોને) આત્માના જ્ઞાનના અભાવરૂપ દોષ આવે છે. પરંતુ જૈનમતમાં તો (આત્મા) જ્ઞાનગુણથી પરદ્રવ્યને જાણે છે અને દર્શનગુણથી આત્માને જાણે છે—એ પ્રમાણે આત્માના

च जानातीत्यात्मपरिज्ञानाभावदूषणं न प्राप्नोति। कस्मादिति चेत् ? यथैकोऽप्यग्निर्दहतीति दाहकः पचतीति पाचकः, विषयभेदेन द्विधा भिद्यते। तथैवाभेदनयेनैकमपि चैतन्यं भेदनयविवक्षायां यदात्मग्राहकत्वेन प्रवृत्तं तदा तस्य दर्शनमिति संज्ञा, पश्चात् यच्च परद्रव्यग्राहकत्वेन प्रवृत्तं तस्य ज्ञानसंज्ञेति विषयभेदेन द्विधा भिद्यते। किं च, यदि सामान्यग्राहकं दर्शनं विशेषग्राहकं ज्ञानं भण्यते, तदा ज्ञानस्य प्रमाणत्वं न प्राप्नोति। कस्मादिति चेत् ? वस्तुग्राहकं प्रमाणं; वस्तु च सामान्यविशेषात्मकं; ज्ञानेन पुनर्वस्त्वेकदेशो विशेष एव गृहीतो; न च वस्तु। सिद्धान्तेन पुनर्निश्चयेन गुणगुणिनोरभिन्नत्वात् संशयविमोहविभ्रमरहितवस्तुज्ञानस्वरूपात्मैव प्रमाणम्। स च प्रदीपवत् स्वपरगतं सामान्यं विशेषं च जानाति। तेन कारणेनाभेदेन तस्यैव प्रमाणत्वमिति।

अथ मतं—यदि दर्शनं बहिर्विषये न प्रवर्त्तते तदान्धवत् सर्वजनानामन्धत्वं प्राप्नोतीति ? नैवं वक्तव्यम्। बहिर्विषये दर्शनाभावेऽपि ज्ञानेन विशेषेण सर्वं परिच्छिनत्तीति। अयं तु विशेषः—दर्शनेनात्मनि गृहीते सत्यात्माविनाभूतं ज्ञानमपि गृहीतं भवति; ज्ञाने च

---

જ્ઞાનના અભાવરૂપ દોષ આવતો નથી. એ દોષ કેમ નથી આવતો? જેમ એક જ અગ્નિ બાળે છે માટે તે દાહક છે અને પકાવે છે માટે તે પાચક છે; વિષયના ભેદથી અગ્નિ (દાહક અને પાચક) એમ બે પ્રકારના ભેદરૂપ થાય છે; તેવી જ રીતે અભેદનયથી ચૈતન્ય એક જ હોવા છતાં ભેદનયની વિવક્ષામાં જ્યારે આત્માનું ગ્રહણ કરવા પ્રવૃત્ત થાય છે, ત્યારે તેને 'દર્શન' એવું નામ મળે છે અને પછી જ્યારે પરપદાર્થનું ગ્રહણ કરવાને પ્રવૃત્ત થાય છે, ત્યારે તેને 'જ્ઞાન' સંજ્ઞા મળે છે—એ રીતે વિષયના ભેદથી ચૈતન્યના બે ભેદ થાય છે. વિશેષ એ છે કે જો દર્શનને સામાન્યનું ગ્રાહક અને જ્ઞાનને વિશેષનું ગ્રાહક કહેવામાં આવે તો જ્ઞાનને પ્રમાણપણું પ્રાપ્ત થતું નથી. પ્રશ્ન :—કઈ રીતે? ઉત્તર :— વસ્તુને ગ્રહણ કરે તે પ્રમાણ છે. વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે. જ્ઞાને વસ્તુના એકદેશનું– વિશેષનું જ ગ્રહણ કર્યું, વસ્તુનું ગ્રહણ ન કર્યું. સિદ્ધાંતથી તો નિશ્ચયનયની અપેક્ષાએ ગુણ અને ગુણી અભિન્ન છે તેથી સંશય, વિમોહ અને વિભ્રમ વિના વસ્તુનું જે જ્ઞાન તે જ્ઞાનસ્વરૂપ આત્મા જ પ્રમાણ છે; તે દીપકની જેમ સ્વ અને પરના સામાન્ય અને વિશેષને જાણે છે તે કારણે અભેદપણે તેને જ (તે આત્માને જ) પ્રમાણપણું છે.

શંકા :—જો દર્શન બાહ્યવિષયનું ગ્રહણ ન કરે તો આંધળાની જેમ બધા મનુષ્યોને અંધપણાનો પ્રસંગ આવે. ઉત્તર :—એમ ન કહેવું જોઈએ, કારણ કે બાહ્ય વિષયમાં દર્શનનો અભાવ હોવા છતાં (અર્થાત્ તેમાં દર્શન નહિ પ્રવર્તતું હોવા છતાં) આત્મા જ્ઞાન

**गृहीते सति ज्ञानविषयभूतं बहिर्वस्त्वपि गृहीतं भवति इति। अथोक्तं भवता यद्यात्मग्राहकं दर्शनं भण्यते, तर्हि ''जं सामण्णं गहणं भावाणं तद्दर्शनम्'' इति गाथार्थः कथं घटते? तत्रोत्तरं—सामान्यग्रहणमात्मग्रहणं तद्दर्शनम्। कस्मादिति चेत्? आत्मा वस्तुपरिच्छित्तिं कुर्वन्निदं जानामीदं न जानामीति विशेषपक्षपातं न करोति; किन्तु सामान्येन वस्तु परिच्छिनत्ति तेन कारणेन सामान्यशब्देनात्मा भण्यत इति गाथार्थः।**

**किं बहुना, यदि कोऽपि तर्कार्थं सिद्धान्तार्थं च ज्ञात्वैकान्तदुराग्रहत्यागेन नयविभागेन मध्यस्थवृत्त्या व्याख्यानं करोति, तदा द्वयमपि घटत इति। कथमिति चेत्? तर्के मुख्यवृत्त्या परसमयव्याख्यानं, तत्र यदा कोऽपि परसमयी पृच्छति—जैनागमे दर्शनं ज्ञानं चेति गुणद्वयं जीवस्य कथ्यते, तत्कथं घटत इति? तदा तेषामात्मग्राहकं दर्शनमिति कथिते सति ते न जानन्ति। पश्चादाचार्यैस्तेषां प्रतीत्यर्थं स्थूलव्याख्यानेन बहिर्विषये यत् सामान्यपरिच्छेदनं तस्य**

---

વડે વિશેષરૂપ બધા પદાર્થોને જાણે છે. વળી આ વિશેષ છે :—જ્યારે દર્શન વડે આત્માનું ગ્રહણ થાય છે ત્યારે આત્માની સાથે અવિનાભૂત જ્ઞાનનું પણ (દર્શન દ્વારા) ગ્રહણ થઈ જાય છે, અને જ્ઞાનનું ગ્રહણ થતાં જ્ઞાનના વિષયભૂત બાહ્ય વસ્તુનું પણ ગ્રહણ થઈ જાય છે.

પ્રશ્ન :—જે આત્માને ગ્રહણ કરે છે તેને આપ જો દર્શન કહો છો, તો 'જે પદાર્થોનું સામાન્ય ગ્રહણ તે દર્શન છે,' એ ગાથાનો અર્થ આપના કથનથી કેવી રીતે ઘટી શકે?

ઉત્તર :—'સામાન્ય–ગ્રહણ' એટલે 'આત્માનું ગ્રહણ'; તે દર્શન છે.

પ્રશ્ન :—'સામાન્ય'નો અર્થ 'આત્મા' કેવી રીતે છે?

ઉત્તર :—આત્મા વસ્તુનું જ્ઞાન કરતાં, 'હું આને જાણું', 'આને ન જાણું' એવો વિશેષ–પક્ષપાત કરતો નથી, પરંતુ સામાન્યરૂપે વસ્તુને જાણે છે, તે કારણે 'સામાન્ય' શબ્દ વડે 'આત્મા' કહેવામાં આવે છે. એ પ્રમાણે ગાથાનો અર્થ છે. ઘણું કહેવાથી શું? જો કોઈ પણ તર્ક અને સિદ્ધાંતનો અર્થ જાણીને, એકાન્ત દુરાગ્રહનો ત્યાગ કરીને, નયવિભાગ વડે મધ્યસ્થ વૃત્તિ રાખીને વ્યાખ્યાન કરે છે તો બન્નેય અર્થ (તર્કનો અને સિદ્ધાંતનો) સિદ્ધ થાય છે. કેવી રીતે સિદ્ધ થાય છે? તર્કમાં મુખ્યતાથી અન્યમતનું વ્યાખ્યાન છે; ત્યાં જ્યારે કોઈ અન્યમતી પૂછે કે, જૈનસિદ્ધાંતમાં જીવનાં દર્શન અને જ્ઞાન એ બે ગુણ કહ્યા છે તે કેવી રીતે ઘટી શકે છે? ત્યારે તેને કહેવામાં આવે કે 'જે આત્માને ગ્રહણ કરે છે તે દર્શન છે' તો તેઓ સમજી શકતા નથી, એટલે આચાર્યોએ તેમને પ્રતીતિ કરાવવા માટે સ્થૂળ

**सत्तावलोकनदर्शनसंज्ञा स्थापिता, यच्च शुक्लमिदमित्यादिविशेषपरिच्छेदनं तस्य ज्ञानसंज्ञा स्थापितेति दोषो नास्ति। सिद्धान्ते पुनः स्वसमयव्याख्यानं मुख्यवृत्त्या। तत्र सूक्ष्मव्याख्याने क्रियमाणे सत्याचार्यैरात्मग्राहकं दर्शनं व्याख्यातमित्यत्रापि दोषो नास्ति।**

**अत्राह शिष्यः—सत्तावलोकनदर्शनस्य ज्ञानेन सह भेदो ज्ञातस्तावदिदानीं यत्तत्त्वार्थश्रद्धानरूपं सम्यग्दर्शनं वस्तुविचाररूपं सम्यग्ज्ञानं तयोर्विशेषो न ज्ञायते। कस्मादिति चेत् ? सम्यग्दर्शने पदार्थनिश्चयोऽस्ति, तथैव सम्यग्ज्ञाने च, को विशेष इति? अत्र परिहारः—अर्थग्रहणपरिच्छित्तिरूपः क्षयोपशमविशेषो ज्ञानं भण्यते, तत्रैव भेदनयेन वीतरागसर्वज्ञप्रणीतशुद्धात्मादितत्त्वेष्विदमेवेत्थमेवेति निश्चयसम्यक्त्वमिति। अविकल्परूपेणा-भेदनयेन पुनर्यदेव सम्यग्ज्ञानं तदेव सम्यक्त्वमिति। कस्मादिति चेत् ? अतत्त्वे तत्त्वबुद्धिरदेवे देवबुद्धिरधर्मे धर्मबुद्धिरित्यादिविपरीताभिनिवेशरहितस्य ज्ञानस्यैव सम्यग्विशेषणवाच्यो-ऽवस्थाविशेषः सम्यक्त्वं भण्यते यतः कारणात्।**

---

વ્યાખ્યાનથી બાહ્ય વિષયમાં જે સામાન્યનું ગ્રહણ છે તેનું નામ સત્તાવલોકનરૂપ દર્શન સ્થાપિત કર્યું. અને જે 'આ સફેદ છે' ઇત્યાદિ વિશેષ પરિચ્છેદન થયું તેને જ્ઞાન સંજ્ઞા આપી. એ રીતે દોષ નથી. સિદ્ધાંતમાં મુખ્યપણે સ્વસમયનું વ્યાખ્યાન હોય છે; ત્યાં સૂક્ષ્મ વ્યાખ્યાન કરતાં આચાર્યોએ 'જે આત્માને ગ્રહણ કરે છે તે દર્શન છે' એમ વ્યાખ્યાન કર્યું. એ પ્રમાણે એમાં પણ દોષ નથી.

અહીં, શિષ્ય શંકા કરે છે :—સત્તાવલોકનરૂપ દર્શનનો જ્ઞાનની સાથે ભેદ જાણવો પણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન અને વસ્તુવિચારરૂપ સમ્યગ્જ્ઞાન—એ બે વચ્ચે ભેદ જણાતો નથી. જો કહો કે 'કેમ નથી જણાતો?' તો કહીએ છીએ કે સમ્યગ્દર્શનમાં પદાર્થનો નિશ્ચય છે, તેવી જ રીતે સમ્યગ્જ્ઞાનમાં પણ છે; તો તેમનામાં શો તફાવત છે? સમાધાન :—પદાર્થના ગ્રહણમાં જાણવારૂપ ક્ષયોપશમિક–વિશેષ 'જ્ઞાન' કહેવાય છે અને તે જ્ઞાનમાં જ ભેદનયથી, વીતરાગ સર્વજ્ઞે કહેલા શુદ્ધાત્મા આદિ તત્ત્વોમાં 'આ જ છે, આમ જ છે' એવો નિશ્ચય તે સમ્યક્ત્વ છે. નિર્વિકલ્પ અભેદનયથી તો જે સમ્યગ્જ્ઞાન છે તે જ સમ્યગ્દર્શન છે.

શંકા :—એમ કઈ રીતે? ઉત્તર :—'અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ, અદેવમાં દેવબુદ્ધિ, અધર્મમાં ધર્મબુદ્ધિ' ઇત્યાદિ વિપરીત અભિનિવેશરહિત જ્ઞાનની જ 'સમ્યક્' વિશેષણથી કહેવામાં આવતી અવસ્થાવિશેષને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. શંકા :—જો

यदि भेदो नास्ति तर्हि कथमावरणद्वयमिति चेत् ? तत्रोत्तरम्—येन कर्मणार्थपरिच्छित्तिरूपः क्षयोपशमः प्रच्छाद्यते तस्य ज्ञानावरणसंज्ञा, तस्यैव क्षयोपशमविशेषस्य यत् कर्म पूर्वोक्तलक्षणं विपरीताभिनिवेशमुत्पादयति तस्य मिथ्यात्वसंज्ञेति भेदनयेनावरणभेदः। निश्चयनयेन पुनरभेदविवक्षायां कर्मत्वं प्रत्यावरणद्वयमप्येकमेव विज्ञातव्यम्। एवं दर्शनपूर्वकं ज्ञानं भवतीति व्याख्यानरूपेण गाथा गता।।४४।।

अथ सम्यग्दर्शनज्ञानपूर्वकं रत्नत्रयात्मकमोक्षमार्गतृतीयावयवभूतं स्वशुद्धात्मानुभूतिरूपशुद्धोपयोगलक्षणवीतरागचारित्रस्य पारम्पर्येण साधकं सरागचारित्रं प्रतिपादयतिः—

**असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं।**
**वदसमिदिगुत्तिरूवं ववहारणयादु जिणभणियम् ।।४५।।**

---

(સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં) ભેદ નથી તો તે બન્ને ગુણોના ઘાતક જ્ઞાનાવરણ અને મિથ્યાત્વ–બે કર્મ કેમ કહ્યાં છે? સમાધાન :—જે કર્મથી પદાર્થને જાણવારૂપ ક્ષયોપશમ ઢંકાઈ જાય છે, તેનું નામ 'જ્ઞાનાવરણ' છે અને તે ક્ષયોપશમવિશેષને વિષે જે કર્મ પૂર્વોક્ત લક્ષણવાળા વિપરીત અભિનિવેશને ઉત્પન્ન કરે છે, તેનું નામ 'મિથ્યાત્વ' છે. એ રીતે ભેદનયથી આવરણમાં ભેદ છે. નિશ્ચયનયથી તો અભેદવિવક્ષામાં કર્મપણાની અપેક્ષાએ તે બે આવરણને પણ એક જ જાણવું જોઈએ.

સહજ ચિદાનંદ.

આ રીતે દર્શનપૂર્વક જ્ઞાન થાય છે, એમ કથન કરનારી ગાથા પૂરી થઈ. ૪૪.

હવે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક રત્નત્રયાત્મક મોક્ષમાર્ગના ત્રીજા અવયવરૂપ અને સ્વશુદ્ધાત્માના અનુભવરૂપ શુદ્ધોપયોગરૂપ લક્ષણવાળા વીતરાગચારિત્રના પરંપરાથી[1] સાધક એવા સરાગચારિત્રનું પ્રતિપાદન કરે છે :—

૧. સરાગચારિત્રમાં રહેલા રાગનો ક્રમેક્રમે અભાવ થતાં વીતરાગચારિત્ર પ્રગટે છે, તેથી સરાગચારિત્રને પરંપરાથી વીતરાગચારિત્રનો સાધક વ્યવહારનયે કહેવાય છે. નિશ્ચયનયે સાધક વીતરાગચારિત્ર પહેલાં જે શુદ્ધિ હતી તે છે. જુઓ આ શાસ્ત્ર ગાથા ૧૩ની ટીકા છેલ્લો ભાગ. શ્રી નિયમસાર ગાથા ૬૦ નીચેની ફૂટનોટ ૩ પા. ૧૧૭ તથા શ્રી પંચાસ્તિકાય ગા. ૧૫૯ની ફૂટનોટ નં. ૧ તથા ૪ પા. ૨૩૩–૨૩૪. તથા ગાથા ૧૬૨ ફૂટનોટ પા. ૨૩૮–૨૩૯. ગાથા ૧૭૦ ફૂટનોટ પા. ૨૫૦. ગાથા ૧૭૨ ફૂટનોટ ૩ પા. ૨૫૪.

શુભકૂં ગહૈ અશુભતૈં દૂરિ, ચારિત સો વ્યવહારે પૂરિ,
વ્રત અરુ સમિતિ ગુપ્તિ જામાહિ, મુનિ ધારૈ અતિ યતન કરાહિ. ૪૫.

अशुभात् विनिवृत्तिः शुभे प्रवृत्तिः च जानीहि चारित्रम्।
व्रतसमितिगुप्तिरूपं व्यवहारनयात् तु जिनभणितम्॥४५॥

व्याख्या—अस्यैव सरागचारित्रस्यैकदेशावयवभूतं देशचारित्रं तावत्कथ्यते। तद्यथा—मिथ्यात्वादिसप्तप्रकृत्युपशमक्षयोपशमक्षये सति, अध्यात्मभाषया निजशुद्धात्माभिमुखपरिणामे वा सति शुद्धात्मभावनोत्पन्ननिर्विकारवास्तवसुखामृतमुपादेयं कृत्वा संसारशरीरभोगेषु योऽसौ हेयबुद्धिः सम्यग्दर्शनशुद्धः स चतुर्थगुणस्थानवर्ती व्रतरहितो दार्शनिको भण्यते। यश्चाप्रत्याख्यानावरणसंज्ञद्वितीयकषायक्षयोपशमे जाते सति पृथिव्यादिपञ्चस्थावरवधे प्रवृत्तोऽपि यथाशक्त्या त्रसवधे निवृत्तः स पञ्चमगुणस्थानवर्ती श्रावको भण्यते।

तस्यैकादशभेदाः कथ्यन्ते। तथाहि—सम्यक्त्वपूर्वकत्वेन मद्यमांसमधुत्यागोदुम्बर-पञ्चकपरिहाररूपाष्टमूलगुणसहितः सन् संग्रामादिप्रवृत्तोऽपि पापर्द्ध्यादिभिर्निष्प्रयोजन-जीवघातादौ निवृत्तः प्रथमो दार्शनिकश्रावको भण्यते। स एव सर्वथा त्रसवधे निवृत्तः सन्

---

### ગાથા ૪૫

ગાથાર્થ :—અશુભકાર્યની નિવૃત્તિ અને શુભકાર્યમાં પ્રવૃત્તિ—તેને (વ્યવહાર) ચારિત્ર જાણો. વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ એવું તે (ચારિત્ર) વ્યવહારનયથી જિનેંદ્રદેવે કહ્યું છે.

ટીકા :—આ જ સરાગચારિત્રના એકદેશ અવયવરૂપ દેશચારિત્રનું પ્રથમ કથન કરે છે. તે આ પ્રમાણે છે—મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થતાં અથવા અધ્યાત્મભાષાએ કહીએ તો નિજશુદ્ધાત્માભિમુખ પરિણામ થતાં શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન, નિર્વિકાર, વાસ્તવિક સુખામૃતને ઉપાદેય કરીને, સંસાર—શરીર અને ભોગોમાં જે હેયબુદ્ધિવાળો, સમ્યગ્દર્શનથી શુદ્ધ છે, તે ચતુર્થ ગુણસ્થાનવાળો, વ્રતરહિત દાર્શનિક કહેવાય છે. જે અપ્રત્યાખ્યાનાવરણ નામના બીજા કષાયનો ક્ષયોપશમ થતાં પૃથ્વી આદિ (—પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ) પાંચ સ્થાવરોના વધમાં પ્રવૃત્ત હોવા છતાં પણ યથાશક્તિ ત્રસના વધથી નિવૃત્ત હોય છે, તે પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક કહેવાય છે.

તે શ્રાવકના અગિયાર ભેદ કહેવામાં આવે છે :—સમ્યગ્દર્શનપૂર્વક, મદ્ય, માંસ, મધ અને પાંચ ઉદુમ્બર ફળોના ત્યાગરૂપ આઠ મૂલગુણોનું પાલન કરતો જે જીવ, યુદ્ધાદિમાં પ્રવૃત્ત થવા છતાં પણ પાપની વૃદ્ધિ કરનાર શિકાર આદિ સમાન પ્રયોજન વિનાના જીવઘાતથી નિવૃત્ત થયેલ છે, તે પ્રથમ દાર્શનિક શ્રાવક કહેવાય છે. તે જ દાર્શનિક શ્રાવક જ્યારે ત્રસ જીવોની હિંસાથી સર્વથા નિવૃત્ત થઈને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર

पञ्चाणुव्रतत्रयगुणव्रतशिक्षाव्रतचतुष्टयसहितो द्वितीयव्रतिकसंज्ञो भवति। स एव त्रिकाल-सामायिके प्रवृत्तः तृतीयः, प्रोषधोपवासे प्रवृत्तश्चतुर्थः, सचित्तपरिहारेण पञ्चमः, दिवा ब्रह्मचर्येण षष्ठः, सर्वथा ब्रह्मचर्येण सप्तमः, आरम्भादिसमस्तव्यापारनिवृत्तोऽष्टमः, वस्त्रप्रावरणं विहायान्यसर्वपरिग्रहनिवृत्तोनवमः, गृहव्यापारादिसर्वसावद्यानुमतनिवृत्तो दशमः, उद्दिष्टाहार-निवृत्त एकादशम इति। एतेष्वेकादशश्रावकेषु मध्ये प्रथमषट्कं तारतम्येन जघन्यम्, ततश्च त्रयं मध्यमम्, ततो द्वयमुत्तममिति संक्षेपेण दार्शनिकश्रावकाद्येकादशभेदाः ज्ञातव्याः।

अथैकदेशचारित्रव्याख्यानानन्तरं सकलचारित्रमुपदिशति। ''असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं'' अशुभान्निवृत्तिः शुभे प्रवृत्तिश्चापि जानीहि चारित्रम्। तच्च कथम्भूतं? ''वदसमिदिगुत्तिरूवं ववहारणयादु जिणभणियं'' व्रतसमितिगुप्तिरूपं व्यवहारनयाज्जिनैरुक्तमिति। तथाहि प्रत्याख्यानावरणसंज्ञतृतीयकषायक्षयोपशमे सति

---

શિક્ષાવ્રત સહિત થાય છે, ત્યારે 'વ્રતી' નામનો બીજો શ્રાવક થાય છે. તે જ જ્યારે ત્રણેકાળે સામાયિક કરે છે ત્યારે ત્રીજી પ્રતિમાધારી, પ્રૌષધ–ઉપવાસ કરે છે ત્યારે ચોથી પ્રતિમાધારી, સચિત્તના ત્યાગથી પાંચમી પ્રતિમાધારી, દિવસે બ્રહ્મચર્ય પાલન કરવાથી છઠ્ઠી પ્રતિમાધારી, સર્વથા બ્રહ્મચર્ય પાલન કરવાથી સાતમી પ્રતિમાધારી, આરંભ વગેરે સંપૂર્ણ વ્યાપારના ત્યાગથી આઠમી પ્રતિમાધારી, પહેરવા–ઓઢવાનાં વસ્ત્રો સિવાય અન્ય સર્વ પરિગ્રહોના ત્યાગથી નવમી પ્રતિમાધારી, ઘર–વ્યાપાર આદિ સંબંધી સમસ્ત પાપમય કાર્યોમાં સંમતિ (સલાહ) આપવાનો ત્યાગ કરવાથી દશમી પ્રતિમાધારી અને ઉદ્દિષ્ટ આહારના ત્યાગથી અગિયારમી પ્રતિમાનો ધારક શ્રાવક થાય છે. આ અગિયાર પ્રકારના શ્રાવકોમાં પહેલી છ પ્રતિમાવાળા તારતમ્યપણે જઘન્ય શ્રાવક છે, પછીની ત્રણ પ્રતિમાવાળા મધ્યમ શ્રાવક અને છેલ્લી બે પ્રતિમાવાળા ઉત્તમ શ્રાવકો ગણાય છે—એ પ્રમાણે સંક્ષેપમાં દેશચારિત્રના[1] દાર્શનિક શ્રાવક વગેરે અગિયાર ભેદ જાણવાં.

હવે, એકદેશ ચારિત્રના વ્યાખ્યાન પછી સકળ ચારિત્રનો ઉપદેશ કરે છે— ''असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं'' હે શિષ્ય! અશુભ કાર્યોથી નિવૃત્તિ અને શુભ કાર્યોમાં પ્રવૃત્તિને તું ચારિત્ર જાણ. તે કેવું છે? ''वदसमिदिगुत्तिरूवं ववहारणयादु जिणभणियं'' વ્રત, સમિતિ અને ગુપ્તિરૂપ છે અને વ્યવહારનયથી શ્રી જિનેંદ્ર ભગવંતોએ કહેલું છે. તે આ પ્રમાણે છે—પ્રત્યાખ્યાનાવરણ[2] નામના ત્રીજા કષાયનો ક્ષયોપશમ થતાં,

---

૧. દેશચારિત્ર પાંચમે ગુણસ્થાને અંતરંગમાં મિથ્યાત્વના તથા પ્રથમના બે કષાયના અભાવરૂપ હોય છે.

૨. છઠ્ઠે ગુણસ્થાને અંતરંગમાં મિથ્યાત્વનો ત્યાગ તથા પ્રથમના ત્રણ કષાયનો અભાવ હોય છે.

‘‘विसयकसाओगाढो दुस्सुदिदुच्चित्तदुट्ठगोट्ठिजुदो। उग्गो उम्मग्गपरो उवओगो जस्स सो असुहो॥१॥’’ इति गाथाकथितलक्षणादशुभोपयोगान्निवृत्तिस्तद्विलक्षणे शुभोपयोगे प्रवृत्तिश्च हे शिष्य! चारित्रं जानीहि। तच्चाचाराराधनादिचरणशास्त्रोक्तप्रकारेण पञ्चमहाव्रतपञ्च-समितित्रिगुप्तिरूपमप्यपहृतसंयमाख्यं शुभोपयोगलक्षणं सरागचारित्राभिधानं भवति। तत्र योऽसौ बहिर्विषये पञ्चेन्द्रियविषयादिपरित्यागः स उपचरितासद्भूतव्यवहारेण यश्चाभ्यन्तरे रागादिपरिहारः स पुनरशुद्धनिश्चयेनेति नयविभागो ज्ञातव्यः। एवं निश्चयचारित्रसाधकं व्यवहारचारित्रं व्याख्यातमिति॥४५॥

अथ तेनैव व्यवहारचारित्रेण साध्यं निश्चयचारित्रं निरूपयति :—

**बहिरब्भंतरकिरियारोहो भवकारणप्पणासट्ठं।**
**णाणिस्स जं जिणुत्तं तं परमं सम्मचारित्तं॥४६॥**

---

‘‘विषयकषाओगाढो दुस्सुदिदुच्चित्त दुट्ठगोट्ठिजुदो। उग्गो उम्मग्गपरो उवओगो जस्स सो असुहो॥’’ [અર્થ :—જેનો ઉપયોગ વિષય–કષાયોમાં મગ્ન છે, દુઃશ્રુતિ (વિકથા), દુષ્ટ ચિત્ત અને દુષ્ટ ગોષ્ઠી (ખરાબ સોબત) સહિત છે, જે ઉગ્ર છે અને ઉન્માર્ગમાં તત્પર છે, તેને તે અશુભ ઉપયોગ[૧] છે.]’’—આ ગાથામાં કહેલ લક્ષણોવાળા અશુભોપયોગથી નિવૃત્તિ અને તેનાથી વિપરીત શુભોપયોગમાં પ્રવૃત્તિ, તેને હે શિષ્ય! તું ચારિત્ર જાણ. આચાર–આરાધના આદિ ચરણાનુયોગનાં શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે તે ચારિત્ર પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ છે, તોપણ અપહૃતસંયમ નામનું શુભોપયોગલક્ષણવાળું સરાગચારિત્ર છે. ત્યાં, જે બાહ્યમાં પાંચ ઇન્દ્રિયોના વિષય આદિનો ત્યાગ છે, તે ઉપચરિત–અસદ્ભૂતવ્યવહાર-નયથી ચારિત્ર છે અને અંતરંગમાં જે રાગાદિનો ત્યાગ છે, તે અશુદ્ધ નિશ્ચયનયથી ચારિત્ર છે;—એ રીતે નયવિભાગ જાણવો. એ પ્રમાણે નિશ્ચયચારિત્રના સાધક વ્યવહારચારિત્રનું વ્યાખ્યાન કર્યું. ૪૫.

હવે, તે જ વ્યવહારચારિત્રથી સાધ્ય[૨] નિશ્ચયચારિત્રનું નિરૂપણ કરે છે :—

---

૧. શ્રી પ્રવચનસાર ગા. ૧૫૮.

૨. આનું સ્પષ્ટીકરણ ગા. ૪૫ની ફૂટનોટમાં આવી ગયું છે.

બાહ્યાભ્યંતર કિરિયા રોકિ, આતમ શુદ્ધ ગહૈ અવલોકિ,
આસ્રવ બંધ અભાવ નિમિત્ત, જ્ઞાની ધહૈં પરમ ચારિત્ત. ૪૬.

बहिरभ्यन्तरक्रियारोधः भवकारणप्रणाशार्थम् ।
ज्ञानिनः यत् जिनोक्तम् तत् परमं सम्यक्चारित्रम् ।।४६।।

व्याख्या—''तं'' तत् ''परमं'' परमोपेक्षालक्षणं निर्विकारस्वसंवित्त्यात्मकशुद्धोपयोगाविनाभूतं परमं ''सम्मचारित्तं'' सम्यक्चारित्रं ज्ञातव्यम् । तत्किं—''बहिरब्भंतरकिरियारोहो'' निष्क्रियनित्यनिरञ्जनविशुद्धज्ञानदर्शनस्वभावस्य निजात्मनः प्रतिपक्षभूतस्य बहिर्विषये शुभाशुभवचनकायव्यापाररूपस्य तथैवाभ्यन्तरे शुभाशुभमनोविकल्परूपस्य च क्रियाव्यापारस्य योऽसौ निरोधस्त्यागः, स च किमर्थं ? ''भवकारणप्पणासट्ठं'' पञ्चप्रकारभवातीतनिर्दोषपरमात्मनो विलक्षणस्य भवस्य—संसारस्य व्यापारकारणभूतो योऽसौ शुभाशुभकर्मास्रवस्तस्य प्रणाशार्थं विनाशार्थमिति। इत्युभयक्रियानिरोधलक्षणचारित्रं कस्य भवति ? ''णाणिस्स'' निश्चयरत्नत्रयात्मकाभेदज्ञानिनः। पुनरपि किं विशिष्टं ? ''जं जिणुत्तं'' यज्जिनेन वीतरागसर्वज्ञेनोक्तमिति। एवं वीतरागसम्यक्त्वज्ञानाविनाभूतं निश्चयरत्नत्रयात्मक-निश्चयमोक्षमार्गः तृतीयावयवरूपं वीतरागचारित्रं व्याख्यातम् ।।४६।।

---

ગાથા ૪૬

ગાથાર્થ :—સંસારનાં કારણોનો નાશ કરવા માટે જ્ઞાનીને જે બાહ્ય અને અંતરંગ ક્રિયાઓનો નિરોધ છે; શ્રી જિનેંદ્રે કહેલું તે પરમ સમ્યક્ ચારિત્ર છે.

ટીકા :—''तं'' તે ''परमं'' પરમ–ઉપેક્ષાલક્ષણવાળું, નિર્વિકાર સ્વસંવેદનરૂપ શુદ્ધોપયોગનું અવિનાભૂત, પરમ ''सम्मचारित्तं'' સમ્યક્ચારિત્ર જાણવું. તે શું? ''बहिरब्भंतरकिरियारोहो'' નિષ્ક્રિય, નિત્ય નિરંજન, વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજાત્માથી પ્રતિપક્ષભૂત ક્રિયાવ્યાપારનો—કે જે (ક્રિયાવ્યાપાર) બાહ્યમાં વચન અને કાયાના શુભાશુભ વ્યાપારરૂપ છે અને અંતરંગમાં મનના શુભાશુભ વિકલ્પરૂપ છે તેનો—નિરોધ અર્થાત્ ત્યાગ. (તે પણ સમ્યક્ચારિત્ર છે.) તે નિરોધ શા માટે છે? ''भवकारणप्पणासट्ठं'' પાંચ પ્રકારના સંસારથી રહિત, નિર્દોષ પરમાત્માથી વિલક્ષણ જે સંસાર તે સંસારના વ્યાપારના કારણભૂત જે શુભાશુભ કર્મ–આસ્રવ તેના વિનાશ માટે છે. આવું બાહ્ય અને અંતરંગ ક્રિયાઓના નિરોધરૂપ ચારિત્ર કોને કહે છે? ''णाणिस्स'' નિશ્ચયરત્નત્રયસ્વરૂપ અભેદજ્ઞાનીને આવું ચારિત્ર હોય છે. વળી તે ચારિત્ર કેવું છે? ''जं जिणुत्तं'' તે ચારિત્ર જિનેન્દ્રદેવ, વીતરાગ સર્વજ્ઞ દ્વારા કહેવાયેલું છે. આ રીતે વીતરાગ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના અવિનાભૂત તથા નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચયમોક્ષમાર્ગના ત્રીજા અવયવરૂપ વીતરાગચારિત્રનું વ્યાખ્યાન કર્યું. ૪૬.

इति द्वितीयस्थले गाथाष्टकं गतम्।

एवं मोक्षमार्गप्रतिपादकतृतीयाधिकारमध्ये निश्चयव्यवहारमोक्षमार्गसंक्षेपकथनेन सूत्रद्वयम्, तदनन्तरं तस्यैव मोक्षमार्गस्यावयवभूतानां सम्यग्दर्शनज्ञानचारित्राणां विशेष-विवरणरूपेण सूत्रषट्कं चेति स्थलद्वयसमुदायेनाष्टगाथाभिः प्रथमोऽन्तराधिकारः समाप्तः।

अतः परं ध्यानध्यातृध्येयध्यानफलकथनमुख्यत्वेन प्रथमस्थले गाथात्रयं, ततः परं पञ्चपरमेष्ठिव्याख्यानरूपेण द्वितीयस्थले गाथापञ्चकं, ततश्च तस्यैव ध्यानस्योपसंहार-रूपविशेषव्याख्यानेन तृतीयस्थले सूत्रचतुष्टयमिति स्थलत्रयसमुदायेन द्वादशसूत्रेषु द्वितीयान्तराधिकारे समुदायपातनिका।

तथाहि—निश्चयव्यवहारमोक्षमार्गसाधकध्यानाभ्यासं कुरुत यूयमित्युपदिशति :—

**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**
**तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह।।४७।।**

---

એ પ્રમાણે બીજા સ્થળમાં આઠ ગાથાઓ પૂરી થઈ.

એ પ્રમાણે મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનાર ત્રીજા અધિકારમાં નિશ્ચય–વ્યવહારરૂપ મોક્ષમાર્ગના સંક્ષેપકથનથી બે ગાથા, ત્યારપછી તે જ મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના વિશેષ વ્યાખ્યાનરૂપે છ ગાથા—એમ બે સ્થળોના સમુદાયરૂપ આઠ ગાથાઓ દ્વારા પ્રથમ અંતરાધિકાર સમાપ્ત થયો.

હવે, આગળ ધ્યાન, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનફળના (ધ્યાનના ફળના) કથનની મુખ્યતાથી પ્રથમ સ્થળમાં ત્રણ ગાથા, ત્યારપછી પંચ પરમેષ્ઠિના વ્યાખ્યાનરૂપે બીજા સ્થળમાં પાંચ ગાથા અને ત્યારપછી તે જ ધ્યાનના ઉપસંહારરૂપ વિશેષ વ્યાખ્યાન દ્વારા ત્રીજા સ્થળમાં ચાર ગાથાઓ છે; એ રીતે ત્રણે સ્થળોના સમુદાય વડે બાર ગાથાઓ સંબંધી બીજા અંતરાધિકારની સમુદાયરૂપ ભૂમિકા છે.

હવે, નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગનું જે ધ્યાન તેનો અભ્યાસ કરો, એમ ઉપદેશ આપે છે :—

---

ઈમ દો વિધિ ચારિત મુનિરાજ, ધ્યાન–યોગ પાવૈ સુ સમાજ;
જાતૈં યત્ન ધારિ યહ ધરો, નિયમ રૂપ ભાષૈ મુનિવરો. ૪૭

द्विविधं अपि मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यत् मुनिः नियमात्।
तस्मात् प्रयत्नचित्ताः यूयं ध्यानं समभ्यसत॥४७॥

व्याख्या—''दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'' द्विविधमपि मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यस्मात् मुनिर्नियमात्। तद्यथा—निश्चयरत्नत्रयात्मकं निश्चयमोक्षहेतुं निश्चयमोक्षमार्गं तथैव व्यवहाररत्नत्रयात्मकं व्यवहारमोक्षहेतुं व्यवहारमोक्षमार्गं च यं साध्यसाधकभावेन कथितवान् पूर्वं, तद् द्विविधमपि निर्विकारस्वसंवित्त्यात्मकपरमध्यानेन मुनिः प्राप्नोति यस्मात्कारणात् ''तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह'' तस्मात् प्रयत्नचित्ताः सन्तो हे भव्या यूयं ध्यानं सम्यगभ्यसत। तथाहि—तस्मात्कारणात् दृष्टश्रुतानुभूतनानामनोरथरूपसमस्तशुभाशुभरागादिविकल्पजालं त्यक्त्वा, परमस्वास्थ्यसमुत्पन्नसहजानन्दैकलक्षणसुखामृतरसास्वादानुभवे स्थित्वा च ध्यानाभ्यासं कुरुत यूयमिति॥४७॥

---

ગાથા ૪૭

ગાથાર્થ :—ધ્યાન કરવાથી મુનિ નિયમથી નિશ્ચય અને વ્યવહારરૂપ મોક્ષમાર્ગ પામે છે. તેથી તમે ચિત્તને એકાગ્ર કરીને ધ્યાનનો સારી રીતે અભ્યાસ કરો.

ટીકા :—''दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'' કારણ કે, મુનિ નિયમથી ધ્યાન દ્વારા બન્ને પ્રકારના મોક્ષનાં કારણોને પ્રાપ્ત કરે છે. વિશેષ :— કારણ કે, નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચય–મોક્ષહેતુ અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહારરત્નત્રયાત્મક વ્યવહાર–મોક્ષહેતુ અર્થાત્ વ્યવહાર મોક્ષમાર્ગ જેમનું [1]સાધ્ય–સાધક ભાવરૂપે પહેલાં કથન કર્યું છે, તે બન્ને પ્રકારના મોક્ષમાર્ગોને નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમધ્યાન વડે મુનિ પ્રાપ્ત કરે છે ''तह्मा पयत्तचित्ता जूयं झाणं समब्भसह'' તે કારણે એકાગ્રચિત્ત થઈને હે ભવ્યજનો! તમે ધ્યાનનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરો. વિસ્તારથી કહીએ તો–તે કારણે દેખેલા, સાંભળેલા અને પૂર્વે અનુભવેલા અનેક મનોરથરૂપ સમસ્ત શુભાશુભ રાગાદિ વિકલ્પજાળનો ત્યાગ કરીને, પરમ સ્વાસ્થ્યથી ઉત્પન્ન સહજાનંદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતના રસાસ્વાદના અનુભવમાં સ્થિર થઈને, તમે ધ્યાનનો અભ્યાસ કરો. ૪૭.

---

૧. સાથે બંને રહે છે તેથી સહચારી, સહકારી, નિમિત્ત, સાધન કહેવામાં આવે છે, પણ તે નિશ્ચય સાધન નથી. તે તો શુભાશુભબંધનું કારણ છે, પરિહરવા યોગ્ય છે, માહાત્મ્યથી વારવા યોગ્ય છે. શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૬ થી ૧૭૨.

अथ ध्यातृ–पुरुषलक्षणं कथयति :—

**मा मुज्झह मा रज्जह मा दूसह इट्ठणिट्ठअट्ठेसु।**
**थिरमिच्छहि जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए।।४८।।**

मा मुह्यत मा रज्यत मा द्विष्यत इष्टानिष्टार्थेषु।
स्थिरं इच्छत यदि चित्तं विचित्रध्यानप्रसिद्ध्यै।।४८।।

व्याख्या—''मा मुज्झह मा रज्जह मा दूसह'' समस्तमोहरागद्वेषजनितविकल्पजाल-रहितनिजपरमात्मतत्त्वभावनासमुत्पन्नपरमानंदैकलक्षणसुखामृतरसात्सकाशादुद्गता संजाता तत्रैव परमात्मसुखास्वादे लीना तन्मया या तु परमकला परमसंवित्तिस्तत्र स्थित्वा हे भव्या मोहरागद्वेषान्मा कुरुत। केषु विषयेषु? ''इट्ठणिट्ठअट्ठेसु'' स्रग्वनिताचन्दनताम्बूलादय इष्टेन्द्रियार्थाः, अहिविषकण्टक शत्रुव्याधिप्रभृतयः पुनरनिष्टेन्द्रियार्थास्तेषु। यदि किम्? ''थिरमिच्छहि जइ चित्तं'' तत्रैव परमात्मानुभवे स्थिरं निश्चलं चित्तं यदीच्छत यूयं।

---

હવે, ધ્યાતા–પુરુષનું (ધ્યાન કરનાર પુરુષનું) લક્ષણ કહે છે :—

ગાથા ૪૮

ગાથાર્થ :—જો તમે વિચિત્ર (અનેક પ્રકારના) અથવા વિચિત્ત (વિકલ્પજાળ રહિત) ધ્યાનની સિદ્ધિ માટે ચિત્તને સ્થિર કરવા ઇચ્છતા હો, તો ઇષ્ટ અને અનિષ્ટ ઇન્દ્રિય–વિષયોમાં મોહ, રાગ અને દ્વેષ ન કરો.

ટીકા :—''मा मुज्झह मा रज्जह मा दूसह'' સમસ્ત મોહ–રાગ–દ્વેષજનિત વિકલ્પજાળથી રહિત નિજ પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ જેનું એક લક્ષણ છે, એવા સુખામૃતના રસથી ઉત્પન્ન થયેલ અને તે જ પરમાત્મસુખના આસ્વાદમાં લીન–તન્મયરૂપ જે પરમકળા અર્થાત્ પરમ સંવિત્તિ, તેમાં સ્થિર થઈને હે ભવ્ય જીવો! મોહ, રાગ અને દ્વેષ ન કરો. ક્યા વિષયોમાં? ''इट्ठणिट्ठअट्ठेसु'' માળા, સ્ત્રી, ચન્દન, તાંબૂલ આદિ ઇષ્ટ ઇન્દ્રિયવિષયોમાં અને સાપ, વિષ, કંટક, શત્રુ, રોગ વગેરે અનિષ્ટ ઇન્દ્રિયવિષયોમાં. શું ઇચ્છતા હો તો રાગ–દ્વેષ ન કરવા? ''थिरमिच्छहि जइ चित्तं'' જો તે જ પરમાત્માના

---

ઇષ્ટ–અનિષ્ટ વસ્તુકૂં દેખિ, રાગ–દ્વેષ અરુ મોહ ન પેખિ;
જો ચિત્તકૂં થિર કરના હોય, ઐસૈં કિયે ધ્યાન સિધિ હોય. ૪૮.

किमर्थम् ? ''विचित्तझाणप्पसिद्धीए' विचित्रं नानाप्रकारं यद्ध्यानं तत्प्रसिद्ध्यै निमित्तं। अथवा विगतं चित्तं चित्तोद्भवशुभाशुभविकल्पजालं यत्र तद्विचित्तं ध्यानम् तदर्थमिति।

इदानीं तस्यैव ध्यानस्य तावदागमभाषया विचित्रभेदाः कथ्यन्ते। तथाहि—इष्टवियोगानिष्टसंयोगव्याधिप्रतीकारभोगनिदानेषु वाञ्छारूपं चतुर्विधमार्त्तध्यानम्। तच्च तारतम्येन मिथ्यादृष्ट्यादिषट्गुणस्थानवर्तिजीवसम्भवम्। यद्यपि मिथ्यादृष्टीनां तिर्यग्गतिकारणं भवति तथापि बद्धायुष्कं विहाय सम्यग्दृष्टीनां न भवति। कस्मादिति चेत् ? स्वशुद्धात्मैवोपादेय इति विशिष्टभावनाबलेन तत्कारणभूतसंक्लेशाभावादिति।

अथ रौद्रध्यानं कथ्यते—हिंसानन्दमृषानन्दस्तेयानन्दविषयसंरक्षणानन्दप्रभवं रौद्रं चतुविधम्। तारतम्येन मिथ्यादृष्ट्यादिपञ्चमगुणस्थानवर्त्तिजीवसम्भवम्। तच्च मिथ्यादृष्टीनां नरकगतिकारणमपि बद्धायुष्कं विहाय सम्यग्दृष्टीनां तत्कारणं न भवति। तदपि कस्मादिति

---

અનુભવમાં તમે સ્થિર–નિશ્ચલ ચિત્ત ઇચ્છતા હો તો. શા માટે સ્થિર ચિત્ત ઇચ્છતા હો? ''विचित्त झाणप्पसिद्धीए'' 'વિચિત્ત' અર્થાત્ અનેક પ્રકારના ધ્યાનની પ્રસિદ્ધિને માટે; અથવા જે ધ્યાનમાંથી, ચિત્ત વિગત (–નષ્ટ) થયું હોય અર્થાત્ ચિત્તમાં ઉત્પન્ન થતી શુભાશુભ વિકલ્પજાળ નષ્ટ થઈ હોય, તે 'વિચિત્ત' ધ્યાન છે, એવા 'વિચિત્ત ધ્યાન'ની સિદ્ધિને માટે.

હવે, પ્રથમ જ આગમભાષાએ તે જ ધ્યાનના અનેક પ્રકારના ભેદોનું કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે છે—ઇષ્ટ-વિયોગ, અનિષ્ટ-સંયોગ અને રોગ—એ ત્રણેને દૂર કરવામાં અને ભોગનાં કારણોમાં વાંછારૂપ—એમ ચાર પ્રકારનું આર્ત્તધ્યાન છે. તે આર્ત્તધ્યાન તારતમ્યતાથી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી માંડીને છઠ્ઠા ગુણસ્થાન સુધીના જીવોને સંભવે છે. તે આર્ત્તધ્યાન જોકે મિથ્યાદૃષ્ટિ જીવોને તિર્યંચગતિના બંધનું કારણ થાય છે, તોપણ જે જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાં તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય, તે સિવાયના અન્ય સમ્યગ્દૃષ્ટિને તે આર્ત્તધ્યાન તિર્યંચગતિનું કારણ થતું નથી. પ્રશ્ન :—કેમ કારણ થતું નથી? ઉત્તર :—'સ્વ શુદ્ધાત્મા જ ઉપાદેય છે' એવી વિશિષ્ટ ભાવનાના બળથી તિર્યંચ ગતિના કારણભૂત સંક્લેશ ભાવનો તેમને અભાવ છે, તેથી.

હવે, રૌદ્રધ્યાનનું કથન કરે છે : હિંસામાં આનંદ, જૂઠું બોલવામાં આનંદ, ચોરીમાં આનંદ અને વિષયોનું સંરક્ષણ કરવામાં આનંદથી ઉત્પન્ન થતું ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે. તે રૌદ્રધ્યાન તારતમ્યતાથી મિથ્યાદૃષ્ટિથી માંડીને પાંચમા ગુણસ્થાન સુધીના જીવોને સંભવે છે. તે રૌદ્રધ્યાન મિથ્યાદૃષ્ટિ જીવોને નરકગતિનું કારણ છે, તોપણ જે જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પહેલાં નરકનું આયુષ્ય બાંધ્યું હોય તે સિવાયના અન્ય સમ્યગ્દૃષ્ટિઓને તે નરકગતિનું

चेत् ? निजशुद्धात्मतत्त्वमेवोपादेयमिति विशिष्टभेदज्ञानबलेन तत्कारणभूततीव्रसंक्लेशाभावादिति।

अतः परम् आर्त्तरौद्रपरित्यागलक्षणमाज्ञापायविपाकसंस्थानविचयसंज्ञचतुर्भेदभिन्नं, तारतम्यवृद्धिक्रमेणासंयतसम्यग्दृष्टि देशविरतप्रमत्तसंयताप्रमत्ताभिधान चतुर्गुणस्थानवर्त्तिजीवसम्भवं, मुख्यवृत्त्या पुण्यबन्धकारणमपि परम्परया मुक्तिकारणं चेति धर्मध्यानं कथ्यते। तथाहि—स्वयं मन्दबुद्धित्वेऽपि विशिष्टोपाध्यायाभावे अपि शुद्धजीवादिपदार्थानां सूक्ष्मत्वेऽपि सति ''सूक्ष्मं जिनोदितं वाक्यं हेतुभिर्यन्न हन्यते। आज्ञासिद्धं तु तद्ग्राह्यं नान्यथावादिनो जिनाः ।।१।।'' इति श्लोककथितक्रमेण पदार्थनिश्चयकरणमाज्ञाविचयध्यानं भण्यते। तथैव भेदाभेदरत्नत्रयभावनाबलेनास्माकं परेषां वा कदा कर्मणामपायो विनाशो भविष्यतीति चिन्तनमपायविचयं ज्ञातव्यम्। शुद्धनिश्चयेन शुभाशुभकर्मविपाकरहितोऽप्ययं जीवः

---

કારણ થતું નથી. પ્રશ્ન :—કેમ કારણ થતું નથી? ઉત્તર :—'નિજ શુદ્ધાત્મતત્ત્વ જ ઉપાદેય છે' એવા વિશિષ્ટ ભેદજ્ઞાનના બળથી નરકગતિના કારણભૂત તીવ્ર સંક્લેશભાવનો તેમને અભાવ છે, તેથી.

હવે, આગળ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિત્યાગરૂપ આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય નામના ચાર ભેદવાળું, તારતમ્યવૃદ્ધિક્રમે અસંયત સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરત, પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત—એ ચાર ગુણસ્થાનવાળા જીવોને સંભવતું, મુખ્યપણે પુણ્યબંધનું કારણ હોવા છતાં પણ પરંપરાએ મોક્ષના કારણભૂત એવું ધર્મધ્યાન હવે કહેવાય છે. તે આ પ્રમાણે :—પોતે મંદબુદ્ધિ હોય અને વિશિષ્ટ જ્ઞાની ગુરુની પ્રાપ્તિ ન હોય ત્યારે શુદ્ધ જીવાદિ પદાર્થો સૂક્ષ્મ હોવાથી, ''सूक्ष्मं जिनोदितं वाक्यं हेतुभिर्यन्न हन्यते। आज्ञासिद्धं तु तद्ग्राह्यं नान्यथावादिनो जिनाः ।।'' [અર્થ :—શ્રી જિનેન્દ્રનું કહેલું જે સૂક્ષ્મ તત્ત્વ છે તે હેતુઓથી ખંડિત થતું નથી, માટે જે સૂક્ષ્મ તત્ત્વ છે તેને જિનેન્દ્રદેવની આજ્ઞા પ્રમાણે ગ્રહણ કરવું જોઈએ, કેમ કે શ્રી જિનેન્દ્રદેવ અન્યથાવાદી હોતા[૧] નથી.]—એ શ્લોકમાં કહ્યા પ્રમાણે પદાર્થનો નિશ્ચય કરવો તે 'આજ્ઞાવિચય' નામનું પ્રથમ ધર્મધ્યાન કહેવાય છે. તેવી જ રીતે ભેદાભેદ રત્નત્રયની ભાવનાના બળથી અમારા અથવા અન્ય જીવોનાં કર્મોનો નાશ ક્યારે થશે, એ પ્રકારનું ચિંતન તેને 'અપાયવિચય' નામનું બીજું ધર્મધ્યાન જાણવું. શુદ્ધ નિશ્ચયનયથી આ જીવ શુભાશુભ કર્મોના ઉદયથી રહિત છે, છતાં

---

૧. શ્રી આલાપ પદ્ધતિ ૫.

पश्चादनादिकर्मबन्धवशेन पापस्योदयेन नारकादिदुःखविपाकफलमनुभवति, पुण्योदयेन देवादिसुखविपाकमनुभवतीति विचारणं विपाकविचयं विज्ञेयम्। पूर्वोक्तलोकानुप्रेक्षाचिन्तनं संस्थानविचयम्। इति चतुर्विधं धर्मध्यानं भवति।

अथ पृथक्त्ववितर्कवीचारं एकत्ववितर्कावीचारं सूक्ष्मक्रियाप्रतिपातिसंज्ञं व्युपरतक्रियानिवृत्तिसंज्ञं चेति भेदेन चतुर्विधं शुक्लध्यानं कथयति। तद्यथा—पृथक्त्व-वितर्कविचारं तावत्कथ्यते। द्रव्यगुणपर्यायाणां भिन्नत्वं पृथक्त्वं भण्यते, स्वशुद्धात्मानुभूतिलक्षणं भावश्रुतं तद्वाचकमन्तर्जल्पवचनं वा वितर्को भण्यते, अनीहितवृत्त्यार्थान्तरपरिणमनम् वचनाद्वचनान्तरपरिणमनम् मनोवचनकाययोगेषु योगाद्योगान्तरपरिणमनं वीचारो भण्यते। अयमत्रार्थः—यद्यपि ध्याता पुरुषः स्वशुद्धात्मसंवेदनं विहाय बहिश्चिन्तां न करोति तथापि यावतांशेन स्वरूपे स्थिरत्वं नास्ति तावतांशेनानीहितवृत्त्या विकल्पाः स्फुरन्ति, तेन कारणेन पृथक्त्ववितर्कवीचारं ध्यानं भण्यते। तच्चोपशमश्रेणिविवक्षायामपूर्वोपशमकानिवृत्त्युपशम-वसूक्ष्मसाम्परायोपशमकोपशान्तकषायपर्यन्तगुणस्थानचतुष्टये भवति। क्षपकश्रेण्यां पुनरपूर्व-

---

પણ અનાદિ કર્મબંધના વશે પાપના ઉદયથી નારક આદિનાં દુઃખરૂપ ફળનો અનુભવ કરે છે અને પુણ્યના ઉદયથી દેવાદિનાં સુખરૂપ ફળને ભોગવે છે, એવી વિચારણાને ‘વિપાકવિચય’ નામનું ત્રીજું ધર્મધ્યાન જાણવું. પહેલાં કહેલી લોક–અનુપ્રેક્ષાના ચિંતનને ‘સંસ્થાનવિચય’ નામનું ચોથું ધર્મધ્યાન કહે છે.

હવે, પૃથકત્વવિતર્કવિચાર, એકત્વવિતર્કઅવિચાર, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ અને વ્યુપરતક્રિયાનિવૃત્તિ નામના ચાર પ્રકારના શુક્લધ્યાનનું કથન કરે છે. તે આ પ્રમાણે— પ્રથમ પૃથક્ત્વવિતર્કવિચાર નામના શુક્લધ્યાનનું કથન કરે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભિન્નપણાને ‘પૃથક્ત્વ’ કહે છે. સ્વ શુદ્ધાત્માની અનુભૂતિ જેનું લક્ષણ છે તેવા ભાવશ્રુતને અને તેના (સ્વશુદ્ધાત્માના) વાચક અંતર્જલ્પરૂપ વચનને ‘વિતર્ક’ કહે છે. ઈચ્છા વિના એક અર્થથી બીજા અર્થમાં, એક વચનથી બીજા વચનમાં, મન–વચન–કાય એ ત્રણ યોગોમાંથી કોઈ એક યોગમાંથી બીજા યોગમાં જે પરિણમન (પલટવું તે) થાય છે તેને ‘વિચાર’ કહે છે. એનો અર્થ આ પ્રમાણે છે—જોકે ધ્યાન કરનાર પુરુષ નિજ શુદ્ધાત્માનું સંવેદન છોડીને બાહ્ય પદાર્થોનું ચિંતન કરતો નથી, તોપણ જેટલા અંશે તેને સ્વરૂપમાં સ્થિરતા નથી તેટલા અંશે ઈચ્છા વિના વિકલ્પો ઉત્પન્ન થાય છે તે કારણે આ ધ્યાનને ‘પૃથકત્વવિતર્કવિચાર’ કહેવાય છે. આ પ્રથમ શુકલધ્યાન ઉપશમ શ્રેણીની વિવક્ષામાં અપૂર્વકરણ–ઉપશમક, અનિવૃત્તિકરણ–ઉપશમક, સૂક્ષ્મસાંપરાય–ઉપશમક અને ઉપશાન્તકષાય—એ ચાર

**करणक्षपकानिवृत्तिकरणक्षपकसूक्ष्मसाम्परायक्षपकाभिधानगुणस्थानत्रये चेति प्रथमं शुक्लध्यानं व्याख्यातम् ।**

**निजशुद्धात्मद्रव्ये वा निर्विकारात्मसुखसंवित्तिपर्याये वा निरुपाधिस्वसंवेदनगुणे वा यत्रैकस्मिन् प्रवृत्तं तत्रैव वितर्कसंज्ञेन स्वसंवित्तिलक्षणभावश्रुतबलेन स्थिरीभूयावीचारं गुणद्रव्यपर्यायपरावर्त्तनं न करोति यत्तदेकत्ववितर्कावीचारसंज्ञं क्षीणकषायगुणस्थानसम्भवं द्वितीयं शुक्लध्यानं भण्यते। तेनैव केवलज्ञानोत्पत्तिः इति। अथ सूक्ष्मकायक्रियाव्यापाररूपं च तदप्रतिपाति च सूक्ष्मक्रियाप्रतिपातिसंज्ञं तृतीयं शुक्लध्यानम् । तच्चोपचारेण सयोगिकेवलिजिने भवतीति। विशेषेणोपरता निवृत्ता क्रिया यत्र तद् व्युपरतक्रियं च तदनिवृत्ति चानिवर्तकं च तद्व्युपरतक्रियानिवृत्तिसंज्ञं चतुर्थं शुक्लध्यानं। तच्चोपचारेणायोगिकेवलिजिने भवतीति। इति संक्षेपेणागमभाषया विचित्रध्यानं व्याख्यातम् ।**

---

ગુણસ્થાનોમાં હોય છે, અને ક્ષપકશ્રેણીની વિવક્ષામાં અપૂર્વકરણ—ક્ષપક, અનિવૃત્તિકરણ—ક્ષપક અને સૂક્ષ્મસાંપરાય—ક્ષપક—એ ત્રણ ગુણસ્થાનોમાં હોય છે. એ રીતે પ્રથમ શુક્લધ્યાનનું વ્યાખ્યાન થયું.

નિજ શુદ્ધાત્મદ્રવ્યમાં અથવા વિકાર રહિત આત્મસુખના અનુભવરૂપ પર્યાયમાં અથવા ઉપાધિરહિત સ્વસંવેદન ગુણમાં—આ ત્રણેમાંથી જે એકમાં (દ્રવ્ય, ગુણ કે પર્યાયમાં) પ્રવૃત્ત હોય તેમાં જ વિતર્ક નામના સ્વસંવેદન લક્ષણવાળા ભાવશ્રુતના બળથી સ્થિર થઈને અવિચારરૂપ હોય છે એટલે દ્રવ્ય, ગુણ કે પર્યાયમાં પરાવર્તન કરતું નથી; તે ‘‘એકત્વવિતર્કઅવિચાર’’ નામનું ક્ષીણકષાય નામના ગુણસ્થાનમાં હોતું બીજું શુક્લધ્યાન કહેવાય છે. આ બીજા શુક્લધ્યાનથી જ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

હવે, સૂક્ષ્મકાયની ક્રિયાના વ્યાપારરૂપ અને અપ્રતિપાતિ (ન પડે તેવું) એવું ‘‘સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ’’ નામનું ત્રીજું શુક્લધ્યાન છે. તે ઉપચારથી ‘સયોગિકેવળી જિન’ ગુણસ્થાનમાં હોય છે.

વિશેષપણે ઉપરત અર્થાત્ નિવૃત્ત થઈ છે ક્રિયા જેમાંથી તે ‘વ્યુપરતક્રિય’ છે. વ્યુપરતક્રિય હોય, (સર્વ ક્રિયાની નિવૃત્તિ થઈ હોય) અને અનિવૃત્તિ હોય અર્થાત્ મુક્તિ ન થઈ હોય, તે ‘‘વ્યુપરતક્રિયાનિવૃત્તિ’’ નામનું ચોથું શુક્લધ્યાન છે. તે ઉપચારથી ‘અયોગિકેવળી જિન’ ગુણસ્થાનમાં હોય છે. એ રીતે સંક્ષેપમાં આગમભાષાએ જુદા જુદા પ્રકારનાં ધ્યાનોનું વ્યાખ્યાન કર્યું.

अध्यात्मभाषया पुनः सहजशुद्धपरमचैतन्यशालिनि निर्भरानन्दमालिनि भगवति निजात्मन्युपादेयबुद्धिं कृत्वा पश्चादनन्तज्ञानोऽहमनन्तसुखोऽहमित्यादिभावनारूपमभ्यन्तर-धर्मध्यानमुच्यते। पञ्चपरमेष्ठिभक्त्यादितदनुकूलशुभानुष्ठानं पुनर्बहिरङ्गधर्मध्यानं भवति। तथैव स्वशुद्धात्मनि निर्विकल्पसमाधिलक्षणं शुल्कध्यानम् इति। अथवा ''पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम्। रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम्।१।'' इति श्लोक-कथितक्रमेण विचित्रध्यानं ज्ञातव्यमिति।

अथ ध्यानप्रतिबन्धकानां मोहरागद्वेषाणां स्वरूपं कथ्यते। शुद्धात्मादितत्त्वेषु विपरीताभिनिवेशजनको मोहो दर्शनमोहो मिथ्यात्वमिति यावत्। निर्विकारस्वसंवित्ति-लक्षणवीतरागचारित्रप्रच्छादकचारित्रमोहो रागद्वेषौ भण्येते। चारित्रमोहो शब्देन रागद्वेषौ कथं भण्येते? इति चेत्—कषायमध्ये क्रोधमानद्वयं द्वेषाङ्गम्, मायालोभद्वयं च रागाङ्गम्, नोकषायमध्ये तु स्त्रीपुंनपुंसकवेदत्रयं हास्यरतिद्वयं च रागाङ्गम्, अरतिशोकद्वयं भयजुगुप्साद्वयं

---

અધ્યાત્મભાષાએ સહજ–શુદ્ધ–પરમ–ચૈતન્યશાળી, પરિપૂર્ણ આનંદના ધારક ભગવાન નિજાત્મામાં ઉપાદેયબુદ્ધિ કરીને, પછી 'હું અનંત જ્ઞાનમય છું, હું અનંત સુખરૂપ છું,' ઈત્યાદિ ભાવનારૂપ અંતરંગ ધર્મધ્યાન કહેવાય છે. પંચ પરમેષ્ઠિઓની ભક્તિ આદિ તેને અનુકૂળ (–અંતરંગ ધર્મધ્યાનને વ્યવહારથી અનુકૂળ) શુભ અનુષ્ઠાન તે બહિરંગ ધર્મધ્યાન છે. તેવી જ રીતે નિજ શુદ્ધાત્મામાં વિકલ્પ રહિત સમાધિરૂપ શુક્લધ્યાન છે. અથવા ''पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम्। रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम्॥'' [અર્થ :—મંત્રવાક્યોમાં સ્થિત 'પદસ્થધ્યાન' છે, નિજ આત્માનું ચિંતન તે 'પિંડસ્થ' ધ્યાન છે; સર્વ ચિદ્રૂપનું ચિંતન તે 'રૂપસ્થ ધ્યાન' છે અને નિરંજનનું ધ્યાન 'રૂપાતીત [1]ધ્યાન' છે.] એ શ્લોકમાં કહ્યા પ્રમાણે જુદા જુદા પ્રકારનું ધ્યાન જાણવું.

હવે, ધ્યાનના પ્રતિબંધક મોહ, રાગ અને દ્વેષનું સ્વરૂપ કહે છે. શુદ્ધાત્મા આદિ તત્ત્વોમાં વિપરીત અભિપ્રાય ઉત્પન્ન કરનાર તે મોહ, દર્શનમોહ અથવા મિથ્યાત્વ છે. નિર્વિકાર સ્વસંવેદન જેનું લક્ષણ છે એવા વીતરાગ ચારિત્રને ઢાંકનાર ચારિત્રમોહ તે રાગ–દ્વેષ કહેવાય છે. પ્રશ્ન :—ચારિત્રમોહ શબ્દથી રાગ–દ્વેષ કેવી રીતે કહેવાય છે? ઉત્તર :—કષાયોમાં ક્રોધ–માન એ બે દ્વેષના અંશ છે અને માયા–લોભ એ બે રાગના અંશ છે. નોકષાયોમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ—ત્રણ વેદ તથા હાસ્ય અને રતિ—

૧. શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૧ ની ટીકામાં આધારરૂપ લીધેલ છે.

**च द्वेषाङ्गमिति ज्ञातव्यम्। अत्राह शिष्य :—रागद्वेषादयः किं कर्मजनिताः किं जीवजनिता इति? तत्रोत्तरम्—स्त्रीपुरुषसंयोगोत्पन्नपुत्र इव सुधाहरिद्रासंयोगोत्पन्नवर्णविशेष इवोभयसंयोगजनिता इति। पश्चान्नयविवक्षावशेन विवक्षितैकदेशशुद्धनिश्चयेन कर्मजनिता भण्यन्ते। तथैवाशुद्धनिश्चयेन जीवजनिता इति। स चाशुद्धनिश्चयः शुद्धनिश्चयापेक्षया व्यवहार एव। अथ मतम्—साक्षाच्छुद्धनिश्चयनयेन कस्येति पृच्छामो वयम्। तत्रोत्तरम्—साक्षाच्छुद्धनिश्चयेन स्त्रीपुरुषसंयोगरहितपुत्रस्यैव, सुधाहरिद्रासंयोगरहितरङ्गविशेषस्यैव तेषामुत्पत्तिरेव नास्ति कथमुत्तरं प्रयच्छाम इति। एवं ध्यातृव्याख्यानमुख्यत्वेन तद्व्याजेन विचित्रध्यानकथनेन च सूत्रं गतम्।।४८।।**

**अतः ऊर्ध्वं पदस्थं ध्यानं मन्त्रवाक्यस्थं यदुक्तं तस्य विवरणं कथयति :—**

---

એ બે (—એ પાંચ નોકષાય) રાગના અંશ છે. અરતિ અને શોક—એ બે તથા ભય અને જુગુપ્સા—એ બે (—એ ચાર નોકષાયો) દ્વેષના અંશ છે, એમ જાણવું.

અહીં, શિષ્ય પૂછે છે :—રાગ, દ્વેષ આદિ કર્મજનિત છે કે જીવજનિત છે? તેનો ઉત્તર :—સ્ત્રી અને પુરુષ એ બન્નેના સંયોગથી ઉત્પન્ન થતા પુત્રની જેમ, ચૂનો અને હળદરના મિશ્રણથી ઉત્પન્ન થતા વર્ણવિશેષની જેમ, રાગ-દ્વેષ આદિ જીવ અને કર્મ એ બન્નેના [૧]સંયોગજનિત છે. નયની વિવક્ષા પ્રમાણે, વિવક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી રાગ-દ્વેષ કર્મજનિત કહેવાય છે અને અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત કહેવાય છે. આ અશુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર જ છે. પ્રશ્ન :—સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયનયથી આ રાગ-દ્વેષ કોના છે એમ અમે પૂછીએ છીએ, ઉત્તર :—સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયથી, સ્ત્રી અને પુરુષના સંયોગરહિત પુત્રની જેમ, ચૂના અને હળદરના સંયોગ રહિત રંગ વિશેષની જેમ, તેમની (રાગ-દ્વેષાદિની) ઉત્પત્તિ જ નથી; તો કઈ રીતે ઉત્તર આપીએ?

એ રીતે ધ્યાતાના વ્યાખ્યાનની મુખ્યતાથી, તેના આશ્રયે, વિચિત્ર ધ્યાનના કથન દ્વારા આ ગાથા પૂરી થઈ. ૪૮.

હવે, આગળ 'મંત્રવાક્યમાં સ્થિત પદસ્થ' ધ્યાન જે કહ્યું હતું, તેનું વિવરણ કરે છે :—

---

૧. બે દ્રવ્યો ભેગાં મળીને કાંઈ કાર્ય કદી કરી શકે નહિ,—પણ જીવના ક્ષણિક અશુદ્ધ ઉપાદાને પરનિમિત્ત એવાં કર્મનો આશ્રય લીધો છે તેથી તે પરાશ્રિત ભાવ છે, એમ અહીં બતાવ્યું છે. તેનો આશય પરાશ્રિતભાવ છોડી આત્માશ્રિતભાવ પ્રગટ કરાવવાનો છે.

**पणतीससोलछप्पणचउदुगमेगं च जवह ज्झाएह।**
**परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण।।४६।।**

**पञ्चत्रिंशत् षोडश षट् पञ्च चत्वारि द्विकं एकं च जपत ध्यायत।**
**परमेष्ठिवाचकानां अन्यत् च गुरूपदेशेन।।४६।।**

**व्याख्या**—''पणतीस'' णमो अरिहंताणं, णमो सिद्धाणं, णमो आइरियाणं, णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं' एतानि पञ्चत्रिंशदक्षराणि सर्वपदानि भण्यन्ते। ''सोल'' 'अरिहंत–सिद्ध–आइरिय–उवज्झाय–साहू' एतानि षोडशाक्षराणि नामपदानि भण्यन्ते। ''छ'' 'अरिहन्तसिद्ध' एतानि षडक्षराणि अर्हत्सिद्धयोर्नामपदे द्वे भण्येते। ''पण'' 'अ सि आ उ सा' एतानि पञ्चाक्षराणि आदिपदानि भण्यन्ते। ''चउ'' 'अरिहंत' इदमक्षरचतुष्टयमर्हतो नामपदम्। ''दुगं'' 'सिद्ध' इत्यक्षरद्वयं सिद्धस्य नामपदम्। ''एगं च'' 'अ' इत्येकाक्षरमर्हत आदिपदम्। अथवा 'ओं' एकाक्षरं पञ्चपरमेष्ठिनामादिपदम्।

---

ગાથા ૪૯

ગાથાર્થ :—પંચ પરમેષ્ઠીના વાચક પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરરૂપ મંત્રપદોનો જાપ કરો, ધ્યાન કરો; તે સિવાય અન્યનાં પણ, ગુરુના ઉપદેશ પ્રમાણે જાપ અને ધ્યાન કરો.

ટીકા :—''पणतीस'' 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં, ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં' આ પાંત્રીસ અક્ષરો 'સર્વપદ' કહેવાય છે. ''सोल'' 'અરિહંત–સિદ્ધ–આઇરિય–ઉવજ્ઝાય–સાહૂ' આ સોળ અક્ષરો 'નામપદ' કહેવાય છે. ''छ'' 'અરિહંત–સિદ્ધ' આ છ અક્ષરો અરિહંત–સિદ્ધ એ બે પરમેષ્ઠીઓનાં 'નામપદ' કહેવાય છે. ''पण'' 'અ, સિ, આ, ઉ, સા' આ પાંચ અક્ષરો પંચ પરમેષ્ઠીનાં 'આદિપદ' કહેવાય છે. ''चउ'' 'અરિહંત' આ ચાર અક્ષર અરિહંત પરમેષ્ઠીનું 'નામપદ' છે. ''दुगं'' 'સિદ્ધ' એ બે અક્ષર સિદ્ધ પરમેષ્ઠીનું 'નામપદ' છે. ''एगं च'' 'अ' આ એક અક્ષર અરિહંત પરમેષ્ઠીનું 'આદિપદ' છે, અથવા 'ओं' એ એક અક્ષર પાંચે પરમેષ્ઠીઓનું 'આદિપદ છે.

---

પરમેષ્ઠી-વાચક પૈંતીસ, વર્ણ સોલ છહ પણ ચતુ ઈશ;
દોય એક પુનિ ધ્યાવો જપો, ઔર બતાયે ગુરુકે લપો. ૪૯.

**तत्कथमिति चेत् ? ''अरिहंता असरीरा आइरिया तह उवज्झाया। मुणिणो पढमक्खरणिप्पण्णो ओंकारो पंच परमेट्ठि।१।'' इति गाथाकथितप्रथमाक्षराणां 'समानः सवर्णे दीर्घो भवति' 'परश्च लोपम्' 'उवर्णे ओ' इति स्वरसन्धिविधानेन 'ओं' शब्दो निष्पद्यते। कस्मादिति ? 'जवह ज्झाएह' एतेषां पदानां सर्वमंत्रवादपदेषु मध्ये सारभूतानां इहलोकपरलोकेष्टफलप्रदानामर्थं ज्ञात्वा पश्चादनन्तज्ञानादिगुणस्मरणरूपेण वचनोच्चारणेन च जापं कुरुत। तथैव शुभोपयोगरूपत्रिगुप्तावस्थायां मौनेन ध्यायत। पुनरपि कथम्भूतानां ? 'परमेट्ठिवाचयाणं' 'अरिहंत' इति पदवाचकमनन्तज्ञानादिगुणयुक्तोऽर्हद्वाच्योऽभिधेय इत्यादिरूपेण पञ्चपरमेष्ठिवाचकानां। 'अण्णं च गुरूवएसेण' अन्यदपि द्वादशसहस्रप्रमित-पञ्चनमस्कारग्रन्थकथितक्रमेण लघुसिद्धचक्रं, बृहत्सिद्धचक्रमित्यादिदेवार्चनविधानं भेदाभेद-**

પ્રશ્ન :—'ઓં' એ પાંચે પરમેષ્ઠીઓનું આદિપદ કેવી રીતે છે?

ઉત્તર :—''**अरिहंता असरीरा आइरिया तह उवज्झाया। मुणिणो पढमक्खरणिप्पण्णो ओंकारो पंच परमेट्ठी।।** [અર્થ :—અરિહંતનો પ્રથમ અક્ષર 'અ', અશરીર (સિદ્ધ)નો પ્રથમ અક્ષર 'અ', આચાર્યનો પ્રથમ અક્ષર 'આ', ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર 'ઉ', મુનિનો પ્રથમ અક્ષર 'મ્'—એ રીતે પાંચે પરમેષ્ઠીઓના પ્રથમ અક્ષરોથી બનેલો 'ઓંકાર' છે, તે જ પંચ પરમેષ્ઠીઓનાં નામનું આદિપદ છે.]''—આ ગાથામાં કહેલા જે પ્રથમ અક્ષર છે, તેમાં પહેલા '**समानः सवर्णे दीर्घो भवति**' એ સૂત્રથી 'અ, અ, આ,' મેળવીને દીર્ઘ 'આ' બનાવીને '**परश्च लोपम्**' એ સૂત્રથી પછીના 'આ' નો લોપ કરીને, અ અ આ એ ત્રણેનો 'આ' સિદ્ધ કર્યો. પછી '**उवर्णे ओ**' એ સૂત્રથી આ + ઉ ના સ્થાનમાં 'ઓ' બનાવ્યો, એવી રીતે સ્વરસંધિ કરવાથી 'ઓમ્' એ શબ્દ નિષ્પન્ન થયો. ''**जवह ज्झाएह**'' મંત્રશાસ્ત્રના સર્વપદોમાં સારભૂત, આ લોક અને પરલોકમાં ઈષ્ટ ફળ આપનાર આ પદોનો અર્થ જાણીને પછી અનંતજ્ઞાનાદિ ગુણોના સ્મરણરૂપે અને વચનના ઉચ્ચારણરૂપે જાપ કરો, તેમજ [1]શુભોપયોગરૂપ ત્રિગુપ્ત અવસ્થામાં મૌનપૂર્વક ધ્યાન કરો. વળી તે પદો કેવાં છે? ''**परमेट्ठिवाचयाणं**'' 'અરિહંત' પદ વાચક છે અને અનંતજ્ઞાનાદિ ગુણોથી યુક્ત શ્રીઅરિહંત એ પદનું વાચ્ય અર્થાત્ અભિધેય (–કહેવા યોગ્ય) છે. ઈત્યાદિ પ્રકારે પંચ પરમેષ્ઠીના વાચક છે. ''**अण्णं च गुरुवएसेण**'' પૂર્વોક્ત પદો સિવાય બીજાનું પણ બાર હજાર શ્લોકપ્રમાણ પંચનમસ્કારમાહાત્મ્ય નામના ગ્રંથમાં કહ્યા પ્રમાણે લઘુ સિદ્ધચક્ર, બૃહત્

૧. આ શુભોપયોગીરૂપ ભાવો હેયબુદ્ધિએ સમ્યગ્દ્રષ્ટિ જીવોને ૪-૫-૬ ગુણસ્થાને આવ્યા વિના રહે નહિ, અજ્ઞાની તેને ઉપાદેય માને છે.

रत्नत्रयाराधकगुरुप्रसादेन ज्ञात्वा ध्यातव्यम्। इति पदस्थध्यानस्वरूपं व्याख्यातम्॥४६॥

एवमनेन प्रकारेण ''गुप्तेन्द्रियमना ध्याता ध्येयं वस्तु यथास्थितम्। एकाग्रचिन्तनं ध्यानं फलं संवरनिर्जरौ॥१॥'' इति श्लोककथितलक्षणानां ध्यातृध्येयध्यानफलानां संक्षेपव्याख्यानरूपेण गाथात्रयेण द्वितीयान्तराधिकारे प्रथमं स्थलं गतम्।

अतः परं रागादिविकल्पोपाधिरहितनिजपरमात्मपदार्थभावनोत्पन्नसदानन्दैकलक्षणसुखामृतरसास्वादतृप्तिरूपस्य निश्चयध्यानस्य परम्परया कारणभूतम् यच्छुभोपयोगलक्षणं व्यवहारध्यानं तद्ध्येयभूतानां पंचपरमेष्ठिनां मध्ये तावदर्हत्‌स्वरूपं कथयामीत्येका पातनिका। द्वितीया तु पूर्वसूत्रोदितसर्वपदनामपदादिपदानां वाचकभूतानां वाच्या ये पञ्चपरमेष्ठिनस्तद्व्याख्याने क्रियमाणे प्रथमतस्तावज्जिनस्वरूपं निरूपयामि। अथवा तृतीया

---

સિદ્ધચક્ર ઈત્યાદિ દેવપૂજનના વિધાનનું—[1]ભેદાભેદ રત્નત્રયના આરાધક ગુરુના પ્રસાદથી જાણીને, ધ્યાન કરવું. એ પ્રમાણે પદસ્થ ધ્યાનનું સ્વરૂપ કહ્યું. ૪૯.

એ પ્રમાણે ''गुप्तेन्द्रियमना ध्याता ध्येयं वस्तु यथास्थितम्। एकाग्रचिन्तनं ध्यानं फलं संवरनिर्जरौ॥ [અર્થ :—ઈન્દ્રિય અને મનને રોકનાર ધ્યાતા છે, યથાસ્થિત પદાર્થ ધ્યેય છે, એકાગ્રચિન્તન ધ્યાન છે, સંવર[2] અને નિર્જરા—એ ધ્યાનનું ફળ છે.]''[3]—આ શ્લોકમાં કહેલ લક્ષણવાળાં ધ્યાતા, ધ્યેય, ધ્યાન અને ફળનું સંક્ષેપમાં વ્યાખ્યાન કરીને ત્રણ ગાથા દ્વારા બીજા અંતરાધિકારમાં પ્રથમ સ્થળ સમાપ્ત થયું.

હવે આગળ, રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિથી રહિત નિજ પરમાત્મપદાર્થની ભાવનાથી ઉત્પન્ન સદાનંદ (નિત્યઆનંદ) જેનું એક લક્ષણ છે, એવા સુખામૃતના રસાસ્વાદથી તૃપ્તિરૂપ નિશ્ચયધ્યાનનું પરંપરાએ કારણભૂત જે શુભોપયોગ લક્ષણવાળું વ્યવહારધ્યાન છે, તેના ધ્યેયભૂત પંચ પરમેષ્ઠીઓમાંથી પ્રથમ અરિહંત પરમેષ્ઠીનું સ્વરૂપ હું કહું છું—એ એક પાતનિકા છે. પહેલાંની ગાથામાં કહેલ સર્વપદ–નામપદ–આદિપદરૂપ વાચકોના વાચ્ય જે પંચ પરમેષ્ઠી છે તેમનું વ્યાખ્યાન કરતાં પ્રથમ જ હું શ્રી જિનેન્દ્રનું સ્વરૂપ નિરૂપણ કરું છું—એ બીજી પાતનિકા છે; અથવા પદસ્થ, પિંડસ્થ અને રૂપસ્થ—એ ત્રણ ધ્યાનના ધ્યેયભૂત શ્રીઅરિહંત–સર્વજ્ઞનું સ્વરૂપ હું દર્શાવું છું—એ ત્રીજી પાતનિકા છે. આ ત્રણ

---

૧. ભેદાભેદ રત્નત્રય એકીસાથે મુનિઓને યથાખ્યાતચારિત્ર થયા પહેલાં હોય છે અને તે એકી સાથે પ્રથમ ધ્યાનમાં પ્રગટે છે. જુઓ આ શાસ્ત્રની ગાથા–૪૭.

૨. ભૂમિકા પ્રમાણમાં શુદ્ધિને અનુસાર સંવર–નિર્જરા થાય છે. ૩. શ્રી તત્ત્વાનુશાસન ગાથા–૩૮.

पातनिका पदस्थपिण्डस्थरूपस्थध्यानत्रयस्य ध्येयभूतमर्हत्सर्वज्ञस्वरूपं दर्शयामीति पातनिकात्रयं मनसि धृत्वा भगवान् सूत्रमिदं प्रतिपादयति :—

**णट्ठचदुघाइकम्मो दंसणसुहणाणवीरियमईओ।**
**सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो॥५०॥**

**नष्टचतुर्घातिकर्म्मा दर्शनसुखज्ञानवीर्यमयः।**
**शुभदेहस्थः आत्मा शुद्धः अर्हन् विचिन्तनीयः॥५०॥**

**व्याख्या**—''णट्ठचदुघाइकम्मो'' निश्चयरत्नत्रयात्मकशुद्धोपयोगध्यानेन पूर्वं घातिकर्म-मुख्यभूतमोहनीयस्य विनाशनात्तदनन्तरं ज्ञानदर्शनावरणान्तरायसंज्ञयुगपद्घातित्रयविनाशकत्वाच्च प्रणष्टचतुर्घातिकर्मा। ''दंसणसुहणाणवीरियमईओ'' तेनैव घातिकर्माभावेन लब्धानन्त-चतुष्टयत्वात् सहजशुद्धाविनश्वरदर्शनज्ञानसुखवीर्यमयः। ''सुहदेहत्थो'' निश्चयेनाशरीरोऽपि

---

પાતનિકાઓને મનમાં ધારણ કરીને શ્રીનેમિચન્દ્ર આચાર્યદેવ આ (હવેની) ગાથાનું પ્રતિપાદન કરે છે :—

ગાથા ૫૦

ગાથાર્થ :—ચાર ઘાતીકર્મો જેણે નષ્ટ કર્યાં છે, જે (અનંત) દર્શન–સુખ–જ્ઞાન–વીર્યમય છે, જે ઉત્તમ દેહમાં બિરાજમાન છે અને જે શુદ્ધ (અઢાર દોષ રહિત) છે—એવો આત્મા અર્હંત છે, તેનું ધ્યાન કરવા યોગ્ય છે.

ટીકા :—''णट्ठचदुघाइकम्मो'' નિશ્ચયરત્નત્રયાત્મક, શુદ્ધોપયોગી ધ્યાન વડે પહેલાં ઘાતીકર્મોમાં મુખ્ય એવા મોહનીયનો નાશ કરીને અને પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય—એ ત્રણે ઘાતીકર્મોનો એક સાથે નાશ કરીને જે ચાર ઘાતીકર્મોના નષ્ટ કરનાર થયા છે. ''दंसणसुहणाणवीरियमईओ'' તે ઘાતીકર્મોના નાશથી અનંત ચતુષ્ટય (અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય) ને પ્રાપ્ત કરેલ હોવાથી સહજ શુદ્ધ, અવિનાશી દર્શન–જ્ઞાન–સુખ અને વીર્યમય છે. ''सुहदेहत्थो'' નિશ્ચયથી શરીર રહિત છે, તોપણ વ્યવહારનયથી સાત

---

ચ્યારિ ઘાતિયા કર્મ નશાય, દર્શન જ્ઞાન સુખ વીરજિ પાય;
પરમ-દેહમેં તિષ્ઠૈ સંત, સો આતમ ચિતવો અરહંત. ૫૦.

व्यवहारेण सप्तधातुरहितदिवाकरसहस्रभासुरपरमौदारिकशरीरत्वात् शुभदेहस्थः। ''सुद्धो'' 'क्षुधा तृषा भयं द्वेषो रागो मोहश्च चिन्तनम्। जरा रुजा च मृत्युश्च खेदः स्वेदो मदोऽरतिः॥१॥ विस्मयो जननं निद्रा विषादोऽष्टादश स्मृताः। एतैर्दोषैर्विनिर्मुक्तः सो अयमाप्तो निरञ्जनः॥२॥'' इति श्लोकद्वयकथिताष्टादशदोषरहितत्वात् शुद्धः। ''अप्पा'' एवं गुणविशिष्ट आत्मा। ''अरिहो'' अरिशब्दवाच्यमोहनीयस्य, रजःशब्दवाच्यज्ञानदर्शनावरण-द्वयस्य, रहस्यशब्दवाच्यान्तरायस्य च हननाद्विनाशात् सकाशात् इन्द्रादिविनिर्मितां गर्भावतरणजन्माभिषेकनिःक्रमणकेवलज्ञानोत्पत्तिनिर्वाणाभिधानपञ्चमहाकल्याणरूपां पूजामर्हति योग्यो भवति तेन कारणेन अर्हन् भण्यते। ''विचिन्तिज्ञो'' इत्युक्तविशेषणै-र्विशिष्टमाप्तागमप्रभृतिग्रन्थकथितवीतरागसर्वज्ञाद्यष्टोत्तरसहस्रनामानमर्हंतं जिनभट्टारकं पदस्थ-पिंडस्थरूपस्थध्याने स्थित्वा विशेषेण चिन्तयत ध्यायत हे भव्या यूयमिति।

अत्रावसारे भट्टचार्वाकमतं गृहीत्वा शिष्यः पूर्वपक्षं करोति। नास्ति सर्वज्ञोऽनुपलब्धेः।

---

ધાતુઓથી રહિત, હજારો સૂર્ય સમાન દેદીપ્યમાન એવા પરમ ઔદારિક શરીરવાળા હોવાથી શુભદેહમાં બિરાજમાન છે. ''सुद्धो''—''क्षुधा तृषा भयं द्वेषो रागो मोहश्च चिन्तनम्। जरा रुजा च मृत्युश्च खेदः स्वेदो मदोऽरतिः॥ विस्मयो जननं निद्रा विषादोऽष्टादश स्मृताः। एतैर्दोषैर्विनिर्मुक्तः सोऽयमाप्तो निरञ्जनः॥'' [અર્થ :—ક્ષુધા, તૃષા, ભય, દ્વેષ, રાગ, મોહ, ચિંતા, વૃદ્ધાવસ્થા, રોગ, મૃત્યુ, ખેદ, સ્વેદ (પરસેવો), મદ, અરતિ, વિસ્મય, જન્મ, નિદ્રા અને વિષાદ—એ અઢાર દોષ રહિત નિરંજન પરમાત્મા તે આપ્ત[1] છે.]—આ બે શ્લોકમાં કહેલ અઢાર દોષોથી રહિત હોવાને કારણે 'શુદ્ધ' છે. ''अप्पा'' આવા વિશિષ્ટ ગુણોવાળો આત્મા છે. ''अरिहो''–'અરિ' શબ્દથી વાચ્ય મોહનીય કર્મનો, 'रज' શબ્દથી વાચ્ય જ્ઞાનાવરણ અને દર્શનાવરણ—એ બે કર્મોનો અને 'रहस्य' શબ્દથી વાચ્ય અન્તરાયકર્મનો—એમ ચારે કર્મોનો નાશ કરવાને લીધે ઇન્દ્ર આદિ દ્વારા રચેલ ગર્ભાવતાર, જન્માભિષેક, તપ, કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને નિર્વાણ નામના પાંચ મહા કલ્યાણકરૂપ પૂજાને યોગ્ય છે તે કારણે 'અર્હન્' કહેવાય છે. 'विचिन्तिज्ञो' હે ભવ્યો! તમે ઉપરોક્ત વિશેષણોથી વિશિષ્ટ, આપ્તકથિત આગમ આદિ ગ્રન્થોમાં કહેલ વીતરાગ, સર્વજ્ઞ આદિ એક હજાર આઠ નામવાળા અર્હંત્ જિનભટ્ટારકનું પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ ધ્યાનમાં સ્થિત થઈને, વિશેષપણે ચિંતવન કરો, ધ્યાન કરો!

અહીં, ભટ્ટ અને ચાર્વાક મતનો આશ્રય લઈને શિષ્ય પૂર્વપક્ષ કરે છે કે—

---

૧. શ્રી આપ્તસ્વરૂપ ગાથા ૧૫–૧૬.

**खरविषाणवत् ? तत्र प्रत्युत्तरम्—किमत्र देशेऽत्र काले अनुपलब्धिः, सर्वदेशे काले वा। यदत्र देशेऽत्र काले नास्ति तदा सम्मत एव। अथ सर्वदेशकाले नास्तीति भण्यते तज्जगत्त्रयं कालत्रयं सर्वज्ञरहितं कथं ज्ञातं भवता। ज्ञातं चेत्तर्हि भवानेव सर्वज्ञः। अथ न ज्ञातं तर्हि निषेधः कथं क्रियते ? तत्र दृष्टान्त :—यथा कोऽपि निषेधको घटस्याधारभूतं घटरहितं भूतलं चक्षुषा दृष्ट्वा पश्चाद्वदत्यत्र भूतले घटो नास्तीति युक्तम्; यस्तु चक्षुः रहितस्तस्य पुनरिदं वचनमयुक्तम्। [१]तथैव यस्तु जगत्त्रयं कालत्रयं सर्वज्ञरहितं जानाति तस्य जगत्त्रये कालत्रयेऽपि सर्वज्ञो नास्तीति वक्तुं युक्तं भवति, यस्तु जगत्त्रयं कालत्रयं [२]जानाति स सर्वज्ञनिषेधं कथमपि न करोति। कस्मादिति चेत् ? [३]जगत्त्रयकालत्रयपरिज्ञानेन स्वयमेव सर्वज्ञत्वादिति।**

---

'સર્વજ્ઞ નથી, કેમ કે તેની અનુપલબ્ધિ (અપ્રાપ્તિ) છે (અર્થાત્ જાણવામાં આવતા નથી), ગધેડાનાં શિંગડાંની માફક.' તેનો પ્રત્યુત્તર :—સર્વજ્ઞની પ્રાપ્તિ શું આ દેશ અને આ કાળમાં નથી કે સર્વદેશ અને સર્વકાળમાં નથી? જો આ દેશ અને આ કાળમાં નથી, એમ કહો તો અમે પણ તે માનીએ જ છીએ. જો તમે એમ કહો કે 'સર્વદેશ અને સર્વકાળમાં સર્વજ્ઞની પ્રાપ્તિ નથી' તો ત્રણ લોક અને ત્રણ કાળ સર્વજ્ઞ વિનાના તમે કેવી રીતે જાણ્યા? જો તમે કહો કે અમે જાણ્યા છે તો તમે જ સર્વજ્ઞ થયા. અને જો તમે જાણ્યા ન હોય તો પછી નિષેધ કેવી રીતે કરો છો? ત્યાં દૃષ્ટાંત છે :— જેમ કોઈ નિષેધ કરનાર મનુષ્ય, ઘટના આધારભૂત પૃથ્વીને આંખોથી ઘટરહિત જોઈને પછી કહે કે આ પૃથ્વી ઉપર ઘટ નથી તો તેનું કહેવું બરાબર છે; પણ જેને આંખ નથી તેનું એમ કહેવું અયોગ્ય જ છે; તેવી જ રીતે જે ત્રણ લોક અને ત્રણ કાળને સર્વજ્ઞ રહિત જાણે છે તેનું એમ કહેવું કે 'ત્રણ લોક અને ત્રણ કાળમાં સર્વજ્ઞ નથી' તે યોગ્ય છે. પણ જે ત્રણ લોક અને ત્રણ કાળને જાણે છે તે સર્વજ્ઞનો નિષેધ કોઈ પણ રીતે કરતો નથી. કેમ નથી કરતો? ત્રણ લોક અને ત્રણ કાળને જાણવાથી તે પોતે સર્વજ્ઞ થયો, તેથી તે સર્વજ્ઞનો નિષેધ કરતો નથી.

---

१. तथा योसौ जगत्त्रय कालत्रय सर्वज्ञरहितं प्रत्यक्षेण जानाति स एव सर्वज्ञनिषेधे समर्थो, न चान्योन्ध इव, यस्तु जगत्त्रयं कालत्रयं जानाति स सर्वज्ञनिषेधं कथमपि न करोति। कस्मात् ? जगत्त्रयकालत्रयविषयपरिज्ञान सहितत्वेन स्वमेव सर्वज्ञत्वादिति। (पंचास्तिकाय तात्पर्यवृत्तिः गा० २९)

२. 'न जानाति' इति पाठान्तरं।

३. 'किं भवतामनुपलब्धेः जगत्त्रय' इति पाठान्तरं।

अथोक्तमनुपलब्धेरिति हेतुवचनं तदप्ययुक्तम्। कस्मादिति चेत्—किं भवतामनुपलब्धिः, किं जगत्त्रयकालत्रयवर्त्तिपुरुषाणां वा? यदि भवतामनुपलब्धिस्तावता सर्वज्ञाभावो न सिध्यति, भवद्भिरनुपलभ्यमानानां परकीयचित्तवृत्तिपरमाण्वादिसूक्ष्म-पदार्थानामिव। अथवा जगत्त्रयकालत्रयवर्त्तिपुरुषाणामनुपलब्धिस्तत्कथं ज्ञातं भवद्भिः। ज्ञातं चेत्तर्हि भवन्त एव सर्वज्ञा इति पूर्वमेव भणितं तिष्ठति। इत्यादिहेतुदूषणं ज्ञातव्यम्। यथोक्तं खरविषाणवदिति दृष्टान्तवचनम् तदप्यनुचितम्। खरे विषाणं नास्ति गवादौ तिष्ठतीत्यत्यन्ताभावो नास्ति यथा तथा सर्वज्ञस्यापि नियतदेशकालादिष्वभावेऽपि सर्वथा नास्तित्वं न भवति इति दृष्टान्तदूषणं गतम्।

अथ मतं—सर्वज्ञविषये बाधकप्रमाणं निराकृतं भवद्भिस्तर्हि सर्वज्ञसद्भावसाधकं प्रमाणं किम्? इति पृष्टे प्रत्युत्तरमाह—कश्चित् पुरुषो धर्मो, सर्वज्ञो भवतीति साध्यते धर्मः, एवं धर्मिधर्मसमुदायेन पक्षवचनम्। कस्मादिति चेत्, पूर्वोक्तप्रकारेण बाधकप्रमाणाभावादिति

---

સર્વજ્ઞના નિષેધમાં 'સર્વજ્ઞની અનુપલબ્ધિ' એવું જે હેતુવાક્ય છે તે પણ યોગ્ય નથી. કેમ યોગ્ય નથી? શું આપને સર્વજ્ઞની અનુપલબ્ધિ (અપ્રાપ્તિ) છે કે ત્રણ લોક અને ત્રણ કાળના પુરુષોને અનુપલબ્ધિ છે? જો આપને જ સર્વજ્ઞની અનુપલબ્ધિ હોય તો એટલાથી જ સર્વજ્ઞનો અભાવ સિદ્ધ થતો નથી, કેમકે જેમ પરના મનના વિચાર તથા પરમાણુ આદિ સૂક્ષ્મ પદાર્થોની આપને અનુપલબ્ધિ છે, તોપણ તેમનો અભાવ સિદ્ધ થતો નથી. અથવા જો ત્રણ લોક અને ત્રણ કાળના પુરુષોને સર્વજ્ઞની અનુપલબ્ધિ છે, તો આપે તે કેવી રીતે જાણ્યું? જો તમે કહો કે 'અમે તે જાણ્યું છે' તો આપ જ સર્વજ્ઞ થયા—એમ પહેલાં કહેવાઈ ગયું છે. એ પ્રમાણે હેતુમાં દૂષણ છે—એમ જાણવું.

સર્વજ્ઞના અભાવની સિદ્ધિમાં જે 'ગધેડાનાં શિંગડાં'—નું દૃષ્ટાંત આપ્યું હતું તે પણ બરાબર નથી. ગધેડાને શિંગડાં નથી પણ ગાય વગેરેને શિંગડાં છે, શિંગડાંનો અત્યંત અભાવ નથી તેમ સર્વજ્ઞનો અમુક દેશ અને કાળમાં અભાવ હોવા છતાં પણ સર્વથા અભાવ નથી. એ રીતે દૃષ્ટાંતમાં દોષ કહ્યો. પ્રશ્ન :—આપે સર્વજ્ઞની બાબતમાં બાધક પ્રમાણનું તો ખંડન કર્યું, પરંતુ સર્વજ્ઞના સદ્‌ભાવને સિદ્ધ કરનાર પ્રમાણ કયું છે?

ઉત્તર :—'કોઈ પુરુષ સર્વજ્ઞ છે' એ વાક્યમાં 'પુરુષ' ધર્મી છે અને 'સર્વજ્ઞ છે' તે સાધ્ય (—જેની સિદ્ધિ કરવાની છે એવો) ધર્મ છે. એ રીતે 'કોઈ પુરુષ સર્વજ્ઞ છે' એ વાક્ય ધર્મી અને ધર્મના સમુદાયરૂપે પક્ષવચન છે. 'શા કારણથી? (અર્થાત્ કોઈ પુરુષ

हेतुवचनम्। किंवत्, स्वयमनुभूयमानसुखदुःखादिवदिति दृष्टान्तवचनम्। एवं सर्वज्ञसद्भावे पक्षहेतुदृष्टान्तरूपेण त्र्यङ्गमनुमानं विज्ञेयम्। अथवा द्वितीयमनुमानं कथ्यते—रामरावणादयः कालान्तरिता, मेर्वादयो देशान्तरिता भूतादयो भवान्तरिताः परचेतोवृत्तयः परमाण्वादयश्चसूक्ष्मपदार्था धर्मिणः कस्यापि पुरुषविशेषस्य प्रत्यक्षा भवन्तीति साध्यो धर्म इति धर्मिधर्मसमुदायेन पक्षवचनम्। कस्मादिति चेत्, अनुमानविषयत्वादिति हेतुवचनम्। किंवत्, यद्यदनुमानविषयं तत्तत्कस्यापि प्रत्यक्षं भवति, यथाग्न्यादि, इत्यन्वयदृष्टान्तवचनं। अनुमानेन विषयाश्चेति, इत्युपनयवचनम्। तस्मात् कस्यापि प्रत्यक्षा भवन्तीति निगमनवचनं। इदानीं व्यतिरेकदृष्टान्तः कथ्यते—यन्न कस्यापि प्रत्यक्षं तदनुमानविषयमपि न भवति, यथा खपुष्पादि, इति व्यतिरेकदृष्टान्तवचनम्। अनुमानविषयाश्चेति पुनरप्युपनयवचनम्। तस्मात् प्रत्यक्षा भवन्तीति पुनरपि निगमनवचनमिति। किन्त्वनुमानविषयत्वादित्ययं हेतुः, सर्वज्ञस्वरूपे साध्ये सर्वप्रकारेण सम्भवति यतस्ततः कारणात्स्वरूपासिद्धभावासिद्धविशेषणादसिद्धो[१] न भवति। तथैव सर्वज्ञस्वरूपं स्वपक्षं विहाय सर्वज्ञाऽभावं विपक्षं न साधयति तेन कारणेन विरुद्धो न

---

સર્વજ્ઞ હોવામાં હેતુ શો છે?)' એમ પૂછવામાં આવે તો, 'પૂર્વોક્ત પ્રકારે બાધક પ્રમાણનો અભાવ હોવાથી';—એ હેતુવચન છે. શાની માફક? 'પોતાના અનુભવમાં આવતાં સુખ અને દુઃખ આદિની માફક';—એ દૃષ્ટાંત વચન છે. આ પ્રમાણે સર્વજ્ઞના સદ્ભાવમાં પક્ષ, હેતુ અને દૃષ્ટાંતરૂપે ત્રણ અંગોવાળું અનુમાન જાણવું.

અથવા સર્વજ્ઞના સદ્ભાવનું સાધક બીજું અનુમાન કહે છે :—'રામ, રાવણ વગેરે કાળથી અંતરિત (આચ્છાદિત) પદાર્થો, મેરુ વગેરે ક્ષેત્રથી અંતરિત પદાર્થો, ભૂત વગેરે ભવથી અંતરિત પદાર્થો તથા બીજાઓનાં ચિત્તના વિકલ્પો અને પરમાણુ આદિ સૂક્ષ્મ પદાર્થો કોઈ પણ પુરુષવિશેષને દેખવામાં આવે છે.' એ ધર્મી અને ધર્મના સમુદાયરૂપે પક્ષવચન છે. તેમાં 'રામ, રાવણ વગેરે કાળથી અંતરિત પદાર્થો, મેરુ વગેરે ક્ષેત્રથી અંતરિત પદાર્થો, ભૂત વગેરે ભવથી અંતરિત પદાર્થો તથા બીજાઓનાં ચિત્તના વિકલ્પો અને પરમાણુ આદિ પદાર્થો' ધર્મી છે અને 'કોઈ પણ પુરુષવિશેષને દેખવામાં આવે છે' તે સાધ્ય ધર્મ છે. 'અંતરિત ને સૂક્ષ્મ પદાર્થો કોઈને પ્રત્યક્ષ કેમ છે?' એમ પૂછવામાં આવે તો, 'અનુમાનનો વિષય હોવાથી';—એ હેતુવચન છે. કોની જેમ? 'જે જે અનુમાનનો વિષય હોય છે તે તે કોઈને પ્રત્યક્ષ હોય છે, જેમ કે અગ્નિ આદિ;'—એ અન્વય–દૃષ્ટાન્તનું વચન છે. 'અન્તરિત અને સૂક્ષ્મ પદાર્થો અનુમાનના વિષય છે' એ ઉપનયનું વચન છે. તેથી 'અંતરિત

---

१. 'विशेषणाद्यसिद्धो' इति पाठान्तरं

भवति। तथैव च यथा सर्वज्ञसद्भावे स्वपक्षे वर्तते तथा सर्वज्ञाभावेऽपि विपक्षेऽपि न वर्तते तेन कारणेनाऽनैकान्तिको न भवति। अनैकान्तिकः कोऽर्थो? व्यभिचारिति। तथैव प्रत्यक्षादिप्रमाणबाधितो न भवति, तथैव च प्रतिवादिनां प्रत्यसिद्धं सर्वज्ञसद्भावं साधयति, तेन कारणेनाकिंचित्करोऽपि न भवति। एवमसिद्धविरुद्धानैकान्तिकाकिञ्चित्करहेतु-दोषरहितत्वात्सर्वज्ञसद्भावं साधयत्येव। इत्युक्तप्रकारेण सर्वज्ञसद्भावे पक्षहेतुदृष्टान्तोपनय-निगमनरूपेण पञ्चाङ्गमनुमानम् ज्ञातव्यमिति।

किं च यथा लोचनहीनपुरुषस्यादर्शे विद्यमानेऽपि प्रतिबिम्बानां परिज्ञानं न भवति, तथा लोचनस्थानीयसर्वज्ञतागुणरहितपुरुषस्यादर्शस्थानीयवेदशास्त्रे कथितानां प्रतिबिम्बस्थानीय-

---

ને સૂક્ષ્મ પદાર્થો કોઈને પ્રત્યક્ષ હોય છે’ એ નિગમન–વચન છે. હવે વ્યતિરેકનું દૃષ્ટાંત કહે છે : ‘જે કોઈને પણ પ્રત્યક્ષ હોતું નથી તે અનુમાનનો વિષય પણ હોતું નથી, જેમ કે ‘આકાશનાં પુષ્પ આદિ’;—એ વ્યતિરેકદૃષ્ટાંતનું વચન છે. ‘અંતરિત ને સૂક્ષ્મ પદાર્થો અનુમાનના વિષય છે’ એ ફરીને ઉપનયનું વચન છે. તેથી ‘અંતરિત ને સૂક્ષ્મ પદાર્થો કોઈને પ્રત્યક્ષ છે,’ એ ફરીને નિગમન–વચન છે.

‘અંતરિત અને સૂક્ષ્મ પદાર્થો કોઈને પ્રત્યક્ષ છે, અનુમાનના વિષય હોવાથી’—અહીં ‘અનુમાનના વિષય હોવાથી’ એ હેતુ છે. સર્વજ્ઞરૂપ સાધ્યમાં આ હેતુ બધી રીતે સંભવે છે; તે કારણે આ હેતુ ‘સ્વરૂપથી અસિદ્ધ’ કે ‘ભાવથી અસિદ્ધ’—એવા વિશેષણ વડે અસિદ્ધ નથી. તથા ઉક્ત હેતુ, સર્વજ્ઞરૂપ પોતાનો પક્ષ છોડીને સર્વજ્ઞના અભાવરૂપ વિપક્ષને સિદ્ધ કરતો નથી, તે કારણે વિરુદ્ધ પણ નથી. વળી તે (હેતુ) જેમ સર્વજ્ઞના સદ્ભાવરૂપ સ્વપક્ષમાં વર્તે છે તેમ સર્વજ્ઞના અભાવરૂપ વિપક્ષમાં પણ વર્તતો નથી, એ કારણે ઉક્ત હેતુ અનૈકાન્તિક પણ નથી. અનૈકાન્તિકનો શો અર્થ છે? વ્યભિચારી, એવો અર્થ છે. વળી ઉક્ત હેતુ પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બાધિત પણ નથી. વળી તે હેતુ (સર્વજ્ઞને ન માનનાર) પ્રતિવાદીઓને અસિદ્ધ એવો સર્વજ્ઞનો સદ્ભાવ સિદ્ધ કરે છે, તે કારણે અકિંચિત્કર પણ નથી. આ રીતે ‘અનુમાનનો વિષય હોવાથી’—એ હેતુ અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાન્તિક (બાધિત) અને અકિંચિત્કરરૂપ જે હેતુના દોષો તેમનાથી રહિત છે, તેથી તે સર્વજ્ઞના સદ્ભાવને સિદ્ધ કરે જ છે. ઉપરોક્ત પ્રકારે સર્વજ્ઞના સદ્ભાવમાં પક્ષ, હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમનરૂપ પાંચ અંગવાળું અનુમાન જાણવું.

વિશેષ—જેમ નેત્ર વિનાના પુરુષને દર્પણ વિદ્યમાન હોય, તોપણ પ્રતિબિંબોનું પરિજ્ઞાન થતું નથી, તેમ નેત્રસ્થાનીય (નેત્ર સમાન) સર્વજ્ઞતારૂપ ગુણથી રહિત પુરુષને

**परमाण्वाद्यनन्तसूक्ष्मपदार्थानां क्वापिकाले परिज्ञानं न भवति। तथा चोक्तं ''यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम्। लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति॥१॥'' इति संक्षेपेण सर्वज्ञसिद्धिरत्र बोद्धव्या। एवं पदस्थपिण्डस्थरूपस्थध्याने ध्येयभूतस्य सकलात्मनो जिनभट्टारकस्य व्याख्यानरूपेण गाथा गता॥५०॥**

**अथ सिद्धसदृशनिजपरमात्मतत्त्वपरमसमरसीभावलक्षणस्य रूपातीतनिश्चयध्यानस्य पारम्पर्येण कारणभूतं मुक्तिगतसिद्धभक्तिरूपं ''णमो सिद्धाणं'' इति पदोच्चारणलक्षणं यत्पदस्थं ध्यानं तस्य ध्येयभूतं सिद्धपरमेष्ठीस्वरूपं कथयति :—**

**णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा।**
**पुरिसायारो अप्पा सिद्धो झाएह लोयसिहरत्थो॥५१॥**

---

દર્પણસ્થાનીય વેદશાસ્ત્રોમાં કહેલા પ્રતિબિંબ–સ્થાનીય પરમાણુ આદિ અનંત સૂક્ષ્મ પદાર્થોનું કોઈ પણ કાળે પરિજ્ઞાન થતું નથી. એ રીતે કહ્યું પણ છે કે—'જે પુરુષને સ્વયં બુદ્ધિ નથી, તેને શાસ્ત્ર શું (ઉપકાર[1]) કરી શકે? કેમ કે નેત્રરહિત પુરુષને દર્પણ શું ઉપકાર[2] કરે?

એ રીતે અહીં, સંક્ષેપમાં સર્વજ્ઞની સિદ્ધિ જાણવી.

આ પ્રમાણે પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ—એ ધ્યાનોના ધ્યેયભૂત સકલ પરમાત્મા શ્રીજિન–ભટ્ટારકના વ્યાખ્યાનથી આ ગાથા સમાપ્ત થઈ. ૫૦.

હવે, સિદ્ધ સમાન નિજ પરમાત્મતત્ત્વમાં પરમ સમરસીભાવ જેનું લક્ષણ છે એવા રૂપાતીત નામના નિશ્ચયધ્યાનનું પરંપરાએ કારણભૂત એવું, મુક્તિપ્રાપ્ત એવા સિદ્ધપરમેષ્ઠીની ભક્તિરૂપ, 'ણમો સિદ્ધાણં' એ પદના ઉચ્ચારણરૂપ લક્ષણવાળું જે પદસ્થ ધ્યાન, તેના ધ્યેયભૂત સિદ્ધપરમેષ્ઠીનું સ્વરૂપ કહે છે :—

---

૧. અહીં નિમિત્ત અકિંચિત્કર છે, એમ સિદ્ધ કર્યું છે.

૨. શ્રી હિતોપદેશ પૃષ્ઠ ૧૦૫.

આઠ કરમ અર દેહ નશાય, લોકાલોક દેખિ જો જ્ઞાય;
પુરુષાકાર આત્મા સિદ્ધ, ધ્યાવો લોક–શિખર–સ્થિત ઈદ્ધ. ૫૧.

नष्टाष्टकर्म्मदेहः लोकालोकस्य ज्ञायकः द्रष्टा।
पुरुषाकारः आत्मा सिद्धः ध्यायेत लोकशिखरस्थः।।५१।।

व्याख्या—''णट्ठट्ठकम्मदेहो'' शुभाशुभमनोवचनकायक्रियारूपस्य द्वैतशब्दाभिधेयकर्मकाण्डस्य निर्मूलनसमर्थेन स्वशुद्धात्मतत्त्वभावनोत्पन्नरागादिविकल्पोपाधिरहितपरमाह्लादैकलक्षणसुन्दरमनोहरानन्दस्यंदिनिःक्रियाद्वैतशब्दवाच्येन परमज्ञानकाण्डेन विनाशितज्ञानावरणाद्यष्टकर्मौदारिकादिपञ्चदेहत्वात् नष्टाष्टकर्मदेहः। ''लोयालोयस्य जाणओ दट्ठा'' पूर्वोक्तज्ञानकाण्डभावनाफलभूतेन सकलविमलकेवलज्ञानदर्शनद्वयेन लोकालोकगतत्रिकालवर्त्तिसमस्तवस्तुसम्बन्धिविशेषसामान्यस्वभावानामेकसमयज्ञायकदर्शकत्वात् लोकालोकस्य ज्ञाता द्रष्टा भवति। ''पुरिसायारो'' निश्चयनयेनातीन्द्रियामूर्त्तपरमचिदुच्छलननिर्भरशुद्धस्वभावेन निराकारोऽपि व्यवहारेण भूतपूर्वनयेन किञ्चिदूनचरमशरीराकारेण गतसिक्थमूषागर्भाकार-

---

## ગાથા ૫૧

ગાથાર્થ :—જેણે આઠ કર્મનો અને દેહનો નાશ કર્યો છે, જે લોકાલોકને જાણનાર અને દેખનાર છે અને જે પુરુષાકાર છે,—એવો આત્મા સિદ્ધ છે; લોકના શિખર ઉપર બિરાજમાન છે તે સિદ્ધપરમેષ્ઠીનું તમે ધ્યાન કરો.

ટીકા :—'णट्ठट्ठकम्मदेहो' શુભાશુભ મન, વચન અને કાયાની ક્રિયારૂપ એવો જે 'દ્વૈત' શબ્દના અભિધેયરૂપ કર્મકાંડ તેનો નાશ કરવામાં સમર્થ એવા પરમ જ્ઞાનકાંડ વડે—કે જે જ્ઞાનકાંડમાંથી, નિજ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન, રાગાદિ વિકલ્પોપાધિરહિત પરમ આહ્લાદ જેનું એકમાત્ર લક્ષણ છે એવો સુન્દર, મનોહર આનંદ ઝરે છે, જે નિષ્ક્રિય છે અને જે અદ્વૈત શબ્દથી વાચ્ય છે તેના વડે—જ્ઞાનાવરણાદિ આઠ કર્મો અને ઔદારિક આદિ પાંચ શરીરોનો નાશ કર્યો હોવાથી જે 'નષ્ટ–અષ્ટ–કર્મ–દેહ' છે અર્થાત્ 'જેણે આઠ કર્મો અને દેહ નષ્ટ કર્યા છે એવો' છે; 'लोयालोयस्स जाणओ दट्ठा' જે પૂર્વોક્ત જ્ઞાનકાંડની ભાવનાના ફળરૂપ સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શન—એ બન્ને વડે લોકાલોકના ત્રણ કાળના સમસ્ત પદાર્થોના વિશેષ અને સામાન્ય ભાવોને એક જ સમયમાં જાણવા અને દેખવાને લીધે લોકાલોકના જ્ઞાતા અને દ્રષ્ટા છે; ''पुरिसायारो'' જે નિશ્ચયનયથી અતીન્દ્રિય, અમૂર્ત, પરમ ચૈતન્યથી ભરેલા શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ નિરાકાર છે, તોપણ વ્યવહારથી ભૂતપૂર્વનયની અપેક્ષાએ અંતિમ શરીરથી કંઈક ઓછા આકારવાળો હોવાને લીધે, મીણ વિનાના તેનાં બીબાં વચ્ચેના પૂતળાની જેમ અથવા છાયાના પ્રતિબિંબની જેમ, પુરુષાકાર

वच्छायाप्रतिमावद्वा पुरुषाकारः। ''अप्पा'' इत्युक्तलक्षण आत्मा। किं भण्यते? ''सिद्धो'' अञ्जनसिद्धपादुकासिद्धगुटिकासिद्धखड्गसिद्धमायासिद्धादिलौकिकसिद्धविलक्षणः केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिलक्षणः सिद्धो भण्यते। ''झाएह लोयसिहरत्थो'' तमित्थंभूतं सिद्धपरमेष्ठिनं लोकशिखरस्थं दृष्टश्रुतानुभूतपञ्चेन्द्रियभोगप्रभृतिसमस्तमनोरथरूपनानाविकल्पजालत्यागेन त्रिगुप्तिलक्षणरूपातीतध्याने स्थित्वा ध्यायत हे भव्या यूयम् इति। एवं निष्कलसिद्धपरमेष्ठिव्याख्यानेन गाथा गता॥५१॥

अथ निरुपाधिशुद्धात्मभावनानुभूत्यविनाभूतनिश्चयपञ्चाचारलक्षणस्य निश्चयध्यानस्य परम्परया कारणभूतं निश्चयव्यवहारपञ्चाचारपरिणताचार्यभक्तिरूपं ''णमो आइरियाणं'' इति पदोच्चारणलक्षणं यत्पदस्थध्यानं तस्य ध्येयभूतमाचार्यपरमेष्ठिनं कथयति :—

**दंसणणाणपहाणे वीरियचारित्तवरतवायारे।**
**अप्पं परं च जुंजइ सो आइरिओ मुणी झेओ॥५२॥**

---

છે; ''अप्पा'' એવા લક્ષણવાળો આત્મા; તે કેવો કહેવાય છે? 'सिद्धो' અંજનસિદ્ધ, પાદુકાસિદ્ધ, ગુટિકાસિદ્ધ, ખડ્ગસિદ્ધ અને માયાસિદ્ધ આદિ લૌકિકસિદ્ધોથી વિલક્ષણ, કેવળજ્ઞાનાદિ અનંતગુણોની પ્રગટતા જેનું લક્ષણ છે, એવો સિદ્ધ કહેવાય છે. ''झाएह लोयसिहरत्थो'' હે ભવ્યો! તમે જોયેલા, સાંભળેલા અને અનુભવેલા પંચેન્દ્રિયભોગાદિના સમસ્ત મનોરથરૂપ અનેક વિકલ્પસમૂહના ત્યાગ વડે, મન-વચન-કાયાની ગુપ્તિ જેનું લક્ષણ છે એવા રૂપાતીત ધ્યાનમાં સ્થિર થઈને, લોકના શિખર ઉપર બિરાજમાન, પૂર્વોક્ત લક્ષણવાળા સિદ્ધ પરમેષ્ઠીનું ધ્યાન કરો.

આ રીતે, અશરીરી સિદ્ધપરમેષ્ઠીના વ્યાખ્યાનરૂપ આ ગાથા પૂરી થઈ. ૫૧.

હવે, ઉપાધિરહિત શુદ્ધાત્મભાવનાની અનુભૂતિના અવિનાભૂત નિશ્ચયપંચાચારલક્ષણ નિશ્ચયધ્યાનનું પરંપરાએ[૧] કારણભૂત એવું, નિશ્ચય અને વ્યવહાર એ બન્ને પ્રકારના પંચાચારોમાં પરિણત આચાર્ય પરમેષ્ઠીની ભક્તિરૂપ અને ''ણમો આઈરિયાણં'' એ પદના

---

૧. છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ ત્રણ કષાયના અભાવરૂપ છે તે નિશ્ચય પંચાચાર અને તેની સાથે તે જ કાળે વ્યવહાર પંચાચાર હોય છે તે (વ્યવહાર પંચાચાર) નો અભાવ (વ્યય) થતાં સાતમે ગુણસ્થાને નિશ્ચય પંચાચારરૂપ નિશ્ચયધ્યાન પ્રગટે છે, એમ અહીં સમજાવ્યું છે.

**દર્શન જ્ઞાન સમગ્ર ઉદાર, ચારિત તપ વીરજ આચાર;**
**આપ આચરૈ પર અચરાય, ઐસૈં આચારિજ મુનિ ધ્યાય. ૫૨.**

दर्शनज्ञानप्रधाने वीर्यचारित्रवरतपआचारे।
आत्मानं परं च युनक्ति सः आचार्यः मुनिः ध्येयः॥५२॥

व्याख्या—''दंसणणाणपहाणे वीरियचारित्तवरतवायारे'' सम्यग्दर्शनज्ञानप्रधाने वीर्यचारित्रवरतपश्चरणाचारेऽधिकरणभूते ''अप्पं परं च जुंजइ'' आत्मानं परं शिष्यजनं च योऽसौ योजयति सम्बन्धं करोति ''सो आइरिओ मुणी झेओ' स उक्तलक्षण आचार्यो मुनिस्तपोधनो ध्येयो भवति। तथाहि—भूतार्थनयविषयभूतः शुद्धसमयसारशब्दवाच्यो भावकर्मद्रव्यकर्मनोकर्मादिसमस्तपरद्रव्येभ्यो भिन्नः परमचैतन्यविलासलक्षणः स्वशुद्धात्मैवोपादेय इति रुचिरूपं सम्यग्दर्शनं, तत्राचरणं परिणमनं निश्चयदर्शनाचारः।१। तस्यैव शुद्धात्मनो निरुपाधिस्वसंवेदनलक्षणभेदज्ञानेन मिथ्यात्वरागादिपरभावेभ्यः पृथक्परिच्छेदनं सम्यग्ज्ञानं, तत्राचरणं परिणमनं निश्चयज्ञानाचारः।२। तत्रैव रागादिविकल्पोपाधिरहितस्वाभाविक-

---

ઉચ્ચારણરૂપ જે પદસ્થ ધ્યાન, તેના ધ્યેયભૂત આચાર્ય પરમેષ્ઠીનું કથન કરે છે :—

ગાથા ૫૨

ગાથાર્થ :—દર્શનાચાર, જ્ઞાનાચારની મુખ્યતા સહિત વીર્યાચાર, ચારિત્રાચાર અને તપાચાર—એ પાંચ આચારોમાં જે પોતાને તથા પરને જોડે છે તે આચાર્ય મુનિ ધ્યાન કરવા યોગ્ય છે.

સહજ ચિદાનંદ

ટીકા :—''दंसणणाणपहाणे वीरियचारित्तवरतवायारे' સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રધાનતા સહિત વીર્યાચાર, ચારિત્રાચાર અને તપાચારમાં ''अप्पं परं च जुंजइ' પોતાને અને પરને અર્થાત્ શિષ્યોને જે જોડે છે ''सो आइरियो मुणी झेओ'' તે પૂર્વોક્ત લક્ષણવાળા આચાર્ય, મુનિ, તપોધન ધ્યાન કરવા યોગ્ય છે.

વિશેષ :—ભૂતાર્થનયના વિષયભૂત, શુદ્ધ સમયસાર શબ્દથી વાચ્ય, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ આદિ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન, પરમચૈતન્યવિલાસલક્ષણ, સ્વ–શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિ તે સમ્યગ્દર્શન છે; તેમાં જે આચરણ–પરિણમન તે નિશ્ચયદર્શનાચાર છે. તે જ શુદ્ધાત્માને ઉપાધિરહિત, સ્વસંવેદનલક્ષણ ભેદજ્ઞાનથી મિથ્યાત્વરાગાદિ પરભાવોથી ભિન્ન જાણવો તે સમ્યગ્જ્ઞાન છે; તે સમ્યગ્જ્ઞાનમાં આચરણ–પરિણમન તે નિશ્ચયજ્ઞાનાચાર છે. તે જ શુદ્ધ આત્મામાં રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિથી રહિત સ્વાભાવિક સુખાસ્વાદથી નિશ્ચલચિત્ત થવું તે વીતરાગચારિત્ર છે; તેમાં જે આચરણ અર્થાત્

सुखास्वादेन निश्चलचित्तं वीतरागचारित्रं, तत्राचरणं परिणमनं निश्चयचारित्राचारः।३। समस्तपरद्रव्येच्छानिरोधेन तथैवानशनादिद्वादशतपश्चरणबहिरङ्गसहकारिकारणेन च स्वस्वरूपे प्रतपनं विजयनं निश्चयतपश्चरणं, तत्राचरणं परिणमनं निश्चयतपश्चरणाचारः।४। तस्यैव निश्चयचतुर्विधाचारस्य रक्षणार्थं स्वशक्त्यनवगूहनं निश्चयवीर्याचारः।५। इत्युक्तलक्षण-निश्चयपञ्चाचारे तथैव ''छत्तीसगुणसमग्गे'' पंचविहाचारकरणसन्दरिसे। सिस्साणुग्गहकुसले धम्मायरिए सदा वंदे।१।'' इति गाथाकथितक्रमेणाचाराराधानादिचरणशास्त्रविस्तीर्णबहिरङ्ग-सहकारिकारणभूते व्यवहारपञ्चाचारे च स्वं परं च योजयत्यनुष्ठानेन सम्बन्धं करोति स आचार्यो भवति। स च पदस्थध्याने ध्यातव्यः। इत्याचार्यपरमेष्ठिव्याख्यानेन सूत्रं गतम्।।५२।।

अथ स्वशुद्धात्मनि शोभनमध्यायोऽभ्यासो निश्चयस्वाध्यायस्तल्लक्षणनिश्चयध्यानस्य पारम्पर्येण कारणभूतं भेदाभेदरत्नत्रयादितत्त्वोपदेशकं परमोपाध्यायभक्तिरूपं ''णमो

---

પરિણમન તે નિશ્ચય–ચારિત્રાચાર છે. સમસ્ત પરદ્રવ્યોની ઇચ્છા રોકવાથી તથા અનશન આદિ બાર તપરૂપ બહિરંગ સહકારી[1] કારણોથી નિજ સ્વરૂપમાં પ્રતપન–વિજયન તે નિશ્ચયતપશ્ચરણ છે; તેમાં જે આચરણ–પરિણમન તે નિશ્ચય–તપશ્ચરણાચાર છે. આ ચાર પ્રકારના નિશ્ચય–આચારની રક્ષા માટે પોતાની શક્તિ ન છુપાવવી તે નિશ્ચય–વીર્યાચાર છે. આ ઉક્ત લક્ષણોવાળા નિશ્ચય–પંચાચારમાં અને એવી જ રીતે ''छत्तीसगुणसमग्गे पंचविहाचारकरणसन्दरिसे। सिस्साणुग्गहकुसले धम्मायरिए सदा वंदे।। [અર્થ :—છત્રીસ ગુણોથી[2] સહિત, પાંચ પ્રકારના આચાર પાળવાનો ઉપદેશ દેનાર, શિષ્યો ઉપર અનુગ્રહ કરવામાં કુશળ જે ધર્માચાર્ય છે તેમને હું સદા વંદન કરું છું.]''—આ ગાથામાં કહ્યા પ્રમાણે આચાર, આરાધના આદિ ચરણાનુયોગનાં શાસ્ત્રોમાં વિસ્તારથી કહેલ બહિરંગ સહકારી કારણરૂપ પાંચ પ્રકારના વ્યવહાર-આચારમાં જે પોતાને અને પરને જોડે છે તે આચાર્ય કહેવાય છે. તે આચાર્ય પરમેષ્ઠી પદસ્થ ધ્યાનમાં ધ્યાન કરવા યોગ્ય છે. એ રીતે આચાર્ય પરમેષ્ઠીના વ્યાખ્યાનથી ગાથા પૂરી થઈ. ૫૨.

હવે, સ્વશુદ્ધાત્મામાં જે ઉત્તમ અધ્યાય–અભ્યાસ તે નિશ્ચયસ્વાધ્યાય છે. તે નિશ્ચયસ્વાધ્યાય જેનું લક્ષણ છે એવા નિશ્ચયધ્યાનના પરંપરાથી કારણભૂત એવું, ભેદાભેદ

---

૧. નિમિત્તકારણોથી, નિમિત્તકારણો તે ઉપચારરૂપ છે અને ઉપાદાનકારણ તે યથાર્થ કારણ છે, એમ સમજવું.

૨. શ્રી ભાવસંગ્રહ ગાથા ૩૭૭.

उवज्झायाणं' इति पदोच्चारणलक्षणं यत् पदस्थध्यानं, तस्य ध्येयभूतमुपाध्यायमुनीश्वरं कथयति—

**जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवदेसणे णिरदो।**
**सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स॥५३॥**

यः रत्नत्रययुक्तः नित्यं धर्मोपदेशने निरतः।
सः उपाध्यायः आत्मा यतिवरवृषभः नमः तस्मै॥५३॥

व्याख्या—''जो रयणत्तयजुत्तो'' योऽसौ बाह्याभ्यन्तररत्नत्रयानुष्ठानेन युक्तः परिणतः। ''णिच्चं धम्मोवदेसणे णिरदो'' षट्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्वनवपदार्थेषु मध्ये स्वशुद्धात्मद्रव्यं स्वशुद्धजीवास्तिकायं स्वशुद्धात्मतत्त्वं स्वशुद्धात्मपदार्थमेवोपादेयं शेषं च हेयं, तथैवोत्तमक्षमादिधर्मं च नित्यमुपदिशति योऽसौ स नित्यं धर्मोपदेशने निरतो भण्यते। ''सो उवज्झाओ अप्पा'' स चेत्थंभूत आत्मा उपाध्याय इति। पुनरपि किं विशिष्टः?

---

રત્નત્રયાદિ તત્ત્વોના ઉપદેશક પરમ ઉપાધ્યાયની ભક્તિરૂપ અને 'ણમો ઉવજ્ઝાયાણં' એ પદના ઉચ્ચારણરૂપ જે પદસ્થ ધ્યાન, તેના ધ્યેયભૂત ઉપાધ્યાય પરમેષ્ઠીનું સ્વરૂપ કહે છે :—

ગાથા ૫૩

ગાથાર્થ :—જે રત્નત્રયસહિત, નિરંતર ધર્મનો ઉપદેશ આપવામાં તત્પર છે, તે આત્મા ઉપાધ્યાય છે, મુનિવરોમાં પ્રધાન છે; તેમને નમસ્કાર હો.

ટીકા :—''जो रयणत्तयजुत्तो'' જે બાહ્ય અને આભ્યંતર રત્નત્રયના આચરણ સહિત છે; ''णिच्चं धम्मोवदेसणेणिरदो'' છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોમાં નિજ શુદ્ધાત્મદ્રવ્ય, નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધાત્મતત્ત્વ અને નિજ શુદ્ધાત્મપદાર્થ જ ઉપાદેય છે અને અન્ય સર્વ હેય છે, એવો તથા ઉત્તમ ક્ષમા આદિ દશ ધર્મોનો જે નિરંતર ઉપદેશ આપે છે તે નિત્ય ધર્મોપદેશ આપવામાં તત્પર કહેવાય છે; ''सो उवज्झाओ अप्पा''

---

રત્નત્રય જો ધારૈ સાર, સદા ધર્મ-ઉપદેશ કરાર;
યતિવરમૈં પરધાન મુનીશ, ઉપાધ્યાયકૂં નાવૌ શીશ. ૫૩.

''जदिवरवसहो'' पञ्चेन्द्रियविषयजयेन निजशुद्धात्मनि यत्नपराणां यतिवराणां मध्ये वृषभः प्रधानो यतिवरवृषभः। 'णमो तस्य'' तस्मै द्रव्यभावरूपो नमो नमस्कारोऽस्तु। इत्युपाध्याय-परमेष्ठिव्याख्यानरूपेण गाथा गता॥५३॥

अथ निश्चयरत्नत्रयात्मकनिश्चयध्यानस्य परम्परया कारणभूतं बाह्याभ्यन्तर-मोक्षमार्गसाधकं परमसाधुभक्तिरूपं ''णमो लोए सव्वसाहूणं'' इति पदोच्चारणजपध्यानलक्षणं यत् पदस्थध्यानं तस्य ध्येयभूतं साधुपरमेष्ठिस्वरूपं कथयति—

**दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं।**
**साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स॥५४॥**

दर्शनज्ञानसमग्रं मार्गं मोक्षस्य यः हि चारित्रम्।
साधयति नित्यशुद्धं साधुः सः मुनिः नमः तस्मै॥५४॥

---

આવો તે આત્મા ઉપાધ્યાય છે. વળી તે કેવા છે? ''जदिवरवसहो' પાંચે ઇન્દ્રિયોના વિષયોને જીતવાથી નિજ—શુદ્ધ—આત્મામાં પ્રયત્ન કરવામાં તત્પર એવા મુનીશ્વરોમાં વૃષભ અર્થાત્ પ્રધાન હોવાથી યતિવરવૃષભ છે. ''णमो तस्स'' તે ઉપાધ્યાય પરમેષ્ઠીને દ્રવ્ય અને ભાવરૂપ નમસ્કાર હો.

એ રીતે, ઉપાધ્યાય પરમેષ્ઠીના વ્યાખ્યાનરૂપ ગાથા પૂર્ણ થઈ. ૫૩.

હવે, નિશ્ચય—રત્નત્રયાત્મક નિશ્ચય—ધ્યાનનું પરંપરાએ કારણભૂત એવું, બાહ્ય—અભ્યંતર મોક્ષમાર્ગના સાધક પરમસાધુની ભક્તિરૂપ અને 'ણમો લોએ સવ્વસાહૂણં' એ પદના ઉચ્ચારણ, જપન તથા ધ્યાનરૂપ જે પદસ્થ ધ્યાન, તેના ધ્યેયભૂત એવા સાધુ પરમેષ્ઠીનું સ્વરૂપ કહે છે :—

ગાથા ૫૪

ગાથાર્થ :—દર્શન અને જ્ઞાનથી પૂર્ણ, મોક્ષમાર્ગસ્વરૂપ, સદા શુદ્ધ એવા ચારિત્રને જે સાધે છે, તે મુનિ—'સાધુ પરમેષ્ઠી' છે, તેમને મારા નમસ્કાર હો.

---

જો સાધૈ શિવ-મારગ સદા, દર્શન—જ્ઞાન—ચરનસંપદા;
શુદ્ધ સાધુ મુનિ સો જગ દિપૈ, તાસ ધ્યાનતૈં પાપ ન લિપૈ. ૫૪.

व्याख्या—''साहू स मुणी'' स मुनिः साधुर्भवति। यः किं करोति? ''जो हु साधयदि'' यः कर्त्ता हु स्फुटं साधयति। किं? ''चारित्तं'' चारित्रं। कथंभूतं? ''दंसणणाणसमग्गं'' वीतरागसम्यग्दर्शनज्ञानाभ्यां समग्रम् परिपूर्णम्। पुनरपि कथम्भूतं? ''मग्गं मोक्खस्स'' मार्गभूतं; कस्य? मोक्षस्य। पुनश्च किम् रूपं? ''णिच्चसुद्धं'' नित्यं सर्वकालं शुद्धं रागादिरहितम्। ''णमो तस्स'' एवं गुणविशिष्टो यस्तस्मै साधवे नमो नमस्कारोस्त्विति। तथाहि—''उद्योतनमुद्योगो निर्वहणं साधनं च निस्तरणम्। दृगवगमचरणतपसामाख्याताराधना सद्भिः।१।'' इत्यार्याकथितबहिरङ्गचतुर्विधाराधनाबलेन, तथैव ''समत्तं सण्णाणं सच्चारित्तं हि सत्तवो चेव। चउरो चिट्ठहि आदे तह्मा आदा हु मे सरणं।१।'' इति गाथाकथिताभ्यन्तरनिश्चयचतुर्विधाराधनाबलेन च बाह्याभ्यन्तरमोक्षमार्ग-द्वितीयनामाभिधेयेन कृत्वा यः कर्त्ता वीतरागचारित्राविनाभूतं स्वशुद्धात्मानं साधयति भावयति

---

ટીકા :—''साहू स मुणी'' તે મુનિ-સાધુ છે; જે શું કરે છે? ''जो हु साधयदि'' જે પ્રગટરૂપે સાધે છે; શું સાધે છે? ''दंसणणाणसमग्गं'' વીતરાગ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી પરિપૂર્ણ ચારિત્રને સાધે છે; વળી તે ચારિત્ર કેવું છે? ''मग्गं मोक्खस्स'' જે ચારિત્ર માર્ગરૂપ છે; કોના માર્ગરૂપ છે? મોક્ષના માર્ગરૂપ છે; વળી તે ચારિત્ર કેવું છે? ''णिच्चसुद्धं'' નિત્ય સર્વકાળે શુદ્ધ અર્થાત્ રાગાદિ રહિત છે. ''णमो तस्स'' આવા ગુણવાળા જે છે તે સાધુપરમેષ્ઠીને નમસ્કાર હો. વિશેષ :—''उद्योतनमुद्योगो निर्वहणं साधनं च निस्तरणम्। दृगवगमचरणतपसामाख्याताराधना सद्भिः॥[1] [અર્થ :—દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું ઉદ્યોતન, ઉદ્યોગ, નિર્વહણ, સાધન અને નિસ્તરણ જે છે તેને સત્પુરુષોએ આરાધના કહી છે]''—આ આર્યા છંદમાં કહેલ [2]બહિરંગ ચતુર્વિધ (દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ) આરાધનાના [3]બળથી તેમજ ''समत्तं सण्णाणं सच्चारित्तं हि सत्तवो चेव। चउरो चिट्ठहि आदे तह्मा आदा हु मे सरणं॥ [અર્થ :—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ—એ ચારે આત્મામાં નિવાસ કરે છે તે કારણે આત્મા જ મને શરણભૂત છે.]''—એ ગાથામાં કહેલ અભ્યંતર એવી નિશ્ચય ચતુર્વિધ આરાધનાના બળથી—બાહ્ય-અભ્યંતર મોક્ષમાર્ગ જેનું (જે બાહ્ય-અભ્યંતર આરાધનાનું) બીજું નામ છે તેના વડે—જે વીતરાગચારિત્રના

---

૧. શ્રી ભગવતી આરાધના ગાથા-૨ છાયા.

૨. બહિરંગ = બહારની.

૩. સ્વાત્માને આશ્રયે નિશ્ચયબળ પ્રગટે ત્યારે ઉચિત વ્યવહાર હતો, એમ બતાવવા વ્યવહાર આરાધનાનું બળ કહેવામાં આવે છે.

**स साधुर्भवति। तस्यैव सहजशुद्धसदानन्दैकानुभूतिलक्षणो भावनमस्कारस्तथा ''णमो लोए सव्वसाहूणं'' द्रव्यनमस्कारश्च भवत्विति॥५४॥**

**एवमुक्तप्रकारेण गाथापञ्चकेन मध्यमप्रतिपत्त्या पञ्चपरमेष्ठिस्वरूपं ज्ञातव्यम्। अथवा निश्चयेन ''अरुहा सिद्धाइरिया उवज्झाया साहु पंचपरमेट्ठी। ते वि हु चिट्ठदि आदे तह्मा आदा हु मे सरणं।१।'' इति गाथाकथितक्रमेण संक्षेपेण, तथैव विस्तरेण पञ्च-परमेष्ठिकथितग्रन्थक्रमेण, अतिविस्तारेण तु सिद्धचक्रादिदेवार्चनाविधिरूपमन्त्रवादसम्बन्धि-पञ्चनमस्कारग्रन्थे चेति। एवं गाथापञ्चकेन द्वितीयस्थलं गतम्।**

**अथ तदेव ध्यानं विकल्पितनिश्चयेनाविकल्पितनिश्चयेन प्रकारान्तरेणोपसंहाररूपेण पुनरप्याह। तत्र प्रथमपादे ध्येयलक्षणं, द्वितीयपादे ध्यातृलक्षणं, तृतीयपादे ध्यानलक्षणं, चतुर्थपादे नयविभागं कथयामीत्यभिप्रायं मनसि धृत्वा भगवान् सूत्रमिदं प्रतिपादयति :—**

---

અવિનાભૂત નિજ શુદ્ધાત્માને સાધે છે અર્થાત્ ભાવે છે તે સાધુ પરમેષ્ઠી છે. તેમને જ માત્ર સહજશુદ્ધ સદાનંદ (નિત્ય આનંદ) ની અનુભૂતિ જેનું લક્ષણ છે એવો ભાવનમસ્કાર અને 'ણમો લોએ સવ્વસાહૂણં' એવો દ્રવ્યનમસ્કાર હો. ૫૪.

આમ, ઉપરોક્ત પ્રકારે પાંચ ગાથાઓ દ્વારા મધ્યમ પ્રતિપાદનથી પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવું. ''अरुहा सिद्धाइरिया उवज्झाया साहु पंचपरमेट्ठी। ते वि हु चिट्ठहि आदे तह्मा आदा हु मे सरणं॥ [અર્થ :—અથવા નિશ્ચયથી જે અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—એ પાંચ પરમેષ્ઠી છે તે પણ આત્મામાં સ્થિત છે; તે કારણે આત્મા જ મને શરણ છે.]''[1]—આ ગાથામાં કહ્યા પ્રમાણે સંક્ષેપમાં પંચપરમેષ્ઠીનું સ્વરૂપ જાણવું અને વિસ્તારથી, પંચપરમેષ્ઠીના સ્વરૂપનું કથન કરનાર ગ્રન્થોમાંથી જાણવું. સિદ્ધચક્ર આદિ દેવોની પૂજનવિધિરૂપ મંત્રવાદ સંબંધી 'પંચનમસ્કાર માહાત્મ્ય' નામના ગ્રંથમાંથી તેમનું સ્વરૂપ અતિ વિસ્તારથી જાણવું.

એ પ્રમાણે, પાંચ ગાથાઓ દ્વારા બીજું સ્થળ સમાપ્ત થયું.

હવે, તે જ ધ્યાનનું, વિકલ્પિત નિશ્ચયથી અને અવિકલ્પિત નિશ્ચયથી પ્રકારાન્તરે ઉપસંહારરૂપે કથન કરે છે. 'તેમાં ગાથાના પ્રથમ પાદમાં ધ્યેયનું લક્ષણ, બીજા પાદમાં ધ્યાતાનું લક્ષણ, ત્રીજા પાદમાં ધ્યાનનું લક્ષણ અને ચોથા પાદમાં નયોનો વિભાગ હું કહીશ' એવો અભિપ્રાય મનમાં રાખીને શ્રીનેમિચંદ્ર આચાર્યદેવ આ સૂત્રનું પ્રતિપાદન કરે છે :—

---

૧. શ્રી કુન્દકુન્દાચાર્યકૃત દ્વાદશાનુપ્રેક્ષા ગાથા—૧૨

**जं किंचिवि चिंतिंतो णिरीहवित्ती हवे जदा साहू।**
**लद्धूण य एयत्तं तदाहु तं तस्स णिच्छयं ज्झाणं।।५५।।**

यत् किंचित् अपि चिन्तयन् निरीहवृत्तिः भवति यदा साधुः।
लब्ध्वा च एकत्वं तदा आहुः तत् तस्य निश्चयं ध्यानम्।।५५।।

व्याख्या—''तदा'' तस्मिन् काले। ''आहु'' आहुर्ब्रुवन्ति। ''तं तस्स णिच्छयं ज्झाणं'' तत्तस्य निश्चयध्यानमिति। यदा किम्? ''णिरीहवित्ती हवे जदा साहू'' निरीहवृत्तिनिस्पृहवृत्तिर्यदा साधुर्भवति। किं कुर्वन्? ''जं किंचिवि चिंतंतो'' यत् किमपि ध्येयं वस्तुरूपेण विचिन्तयन्निति। किं कृत्वा पूर्वं? ''लद्धूण य एयत्तं'' तस्मिन् ध्येये लब्ध्वा। किं? एकत्वं एकाग्रचिन्तानिरोधनमिति। अथ विस्तर :—यत् किञ्चिद् ध्येयमित्यनेन किमुक्तं भवति? प्राथमिकापेक्षया सविकल्पावस्थायां विषयकषायवञ्चनार्थं चित्तस्थिरीकरणार्थं पञ्चपरमेष्ठ्यादिपरद्रव्यमपि ध्येयं भवति। पश्चादभ्यासवशेन स्थिरीभूते चित्ते सति

---

ગાથા ૫૫

ગાથાર્થ :—ધ્યેયમાં એકત્વ પ્રાપ્ત કરીને કોઈ પણ પદાર્થનું ધ્યાન કરતાં સાધુ જ્યારે નિસ્પૃહ વૃત્તિવાળા હોય છે, ત્યારે તેમનું તે ધ્યાન નિશ્ચયધ્યાન કહેવાય છે.

ટીકા :—''तदा'' તે કાળે, ''आहु'' કહે છે, ''तं तस्स णिच्छयं ज्झाणं'' તેને તેનું નિશ્ચયધ્યાન (કહે છે). ક્યારે? ''णिरीहवित्ती हवे जदा साहू'' જ્યારે સાધુ નિસ્પૃહ વૃત્તિવાળા હોય છે. શું કરતા થકા? ''जं किंचिवि चिंतंतो'' જે કોઈ પણ ધ્યેયનું વસ્તુરૂપે વિશેષ ચિંતવન કરતા થકા. પહેલાં શુ કરીને? ''लद्धूण य पयत्तं'' તે ધ્યેયમાં પ્રાપ્ત કરીને. શું પ્રાપ્ત કરીને? એકત્વને અર્થાત્ એકાગ્ર–ચિંતા–નિરોધને પ્રાપ્ત કરીને. વિસ્તાર કથન :—'જે કોઈ પણ ધ્યેય (અર્થાત્ કોઈ પણ ધ્યાન કરવા યોગ્ય પદાર્થ)' કહેલ છે, તેનો શો અર્થ છે? પ્રાથમિક (પુરુષ)ની અપેક્ષાએ સવિકલ્પ અવસ્થામાં વિષય અને કષાયો દૂર કરવા માટે અને ચિત્તને સ્થિર કરવા માટે પંચપરમેષ્ઠી વગેરે પરદ્રવ્ય પણ ધ્યેય હોય છે; પછી જ્યારે અભ્યાસના

---

યક્તિશ્ચિત્ ચિતવન જામાહિ, ઈચ્છા-રહિત હોય જવ તાહિ;
એક ચિત્ત હ્વૈ મુનિ એકલો, નિશ્ચય ધ્યાન કહે જિન ભલો. ૫૫.

शुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मस्वरूपमेव ध्येयमित्युक्तं भवति। निस्पृहवचनेन पुनर्मिथ्यात्वं वेदत्रयं हास्यादिषट्कक्रोधादिचतुष्टयरूपचतुर्दशाऽभ्यन्तरपरिग्रहेण तथैव क्षेत्रवास्तुहिरण्यसुवर्ण-धनधान्यदासीकुप्यभाण्डाऽभिधानदशविधबहिरङ्गपरिग्रहेण च रहितं ध्यातृस्वरूपमुक्तं भवति। एकाग्रचिन्तानिरोधेन च [1]पूर्वोक्तविविधध्येयवस्तुनि स्थिरत्वं निश्चलत्वं ध्यानलक्षणं भणितमिति। निश्चयशब्देन तु प्राथमिकापेक्षया व्यवहाररत्नत्रयानुकूलनिश्चयो ग्राह्यः, निष्पन्नयोगपुरुषापेक्षया तु शुद्धोपयोगलक्षणविवक्षितैकदेशशुद्धनिश्चयो ग्राह्यः। विशेषनिश्चयः पुनरग्रे वक्ष्यमाणस्तिष्ठतीति सूत्रार्थः ॥५५॥

अथ शुभाशुभमनोवचनकायनिरोधे कृते सत्यात्मनि स्थिरो भवति तदेव परमध्यानमित्युपदिशति :—

**मा चिट्ठह मा जंपह मा चिन्तह किंवि जेण होइ थिरो।**
**अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे ज्झाणं ॥५६॥**

---

વશે ચિત્ત સ્થિર થઈ જાય છે ત્યારે શુદ્ધ–બુદ્ધ–એકસ્વભાવી નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ જ ધ્યેય હોય છે. વળી, 'નિસ્પૃહ' શબ્દથી, મિથ્યાત્વ, ત્રણ વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા (એ છ) અને ક્રોધ, માન, માયા, લોભ (એ ચાર)—એ ચૌદ અભ્યંતર પરિગ્રહથી રહિત અને ક્ષેત્ર, વાસ્તુ, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય અને ભાંડ—એ દશ બહિરંગ પરિગ્રહોથી રહિત એવું ધ્યાતાનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. 'એકાગ્રચિંતાનિરોધ' પદથી, પૂર્વોક્ત જુદાજુદા પ્રકારના ધ્યેયભૂત (ધ્યાન કરવા યોગ્ય) પદાર્થોમાં સ્થિરતાને–નિશ્ચલતાને ધ્યાનનું લક્ષણ કહ્યું છે. 'નિશ્ચય' શબ્દથી, પ્રાથમિક (પુરુષ)ની અપેક્ષાએ વ્યવહાર–રત્નત્રયને અનુકૂળ એવો નિશ્ચય સમજવો અને જેને યોગ નિષ્પન્ન થયો છે, એવા પુરુષની અપેક્ષાએ શુદ્ધોપયોગરૂપ વિવક્ષિત–એકદેશ–શુદ્ધનિશ્ચય સમજવો. વિશેષ નિશ્ચયનું કથન આગળ કરવાનું છે.

આ પ્રમાણે સૂત્રાર્થ છે. ૫૫.

હવે, શુભાશુભ મન–વચન–કાયાનો નિરોધ કરતાં આત્મામાં સ્થિર થાય છે તે જ પરમધ્યાન છે, એમ ઉપદેશે છે :—

---

१. 'पूर्वोक्तद्विविधं' पाठान्तरम्।

મન-વચ-કાય-ચેસટા તજો, જિમ થિર ચિત્ત હોય નિજ ભજો;
આપા માહિ આપ રત સોય, પરમધ્યાન ઈમ કરતૈં હોય. ૫૬.

मा चेष्टत मा जल्पत मा चिन्तयत किम् अपि येन भवति स्थिरः।
आत्मा आत्मनि रतः इदं एव परं ध्यानं भवति॥५६॥

व्याख्या—''मा चिट्ठह मा जंपह मा चिंतह किंवि'' नित्यनिरञ्जननिष्क्रियनिजशुद्धात्मानुभूतिप्रतिबन्धकं शुभाशुभचेष्टारूपं कायव्यापारं, तथैव शुभाशुभान्तर्बहिर्जल्परूपं वचनव्यापारं, तथैव शुभाशुभविकल्पजालरूपं चित्तव्यापारं च किमपि मा कुरुत हे विवेकीजनाः! ''जेण होइ थिरो'' येन योगत्रयनिरोधेन स्थिरो भवति। स कः? ''अप्पा'' आत्मा। कथम्भूतः स्थिरो भवति? ''अप्पम्मि रओ'' सहजशुद्धज्ञानदर्शनस्वभावपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकपरमसमाधिसमुद्भूतसर्वप्रदेशाह्लादजनकसुखास्वादपरिणतिसहिते निजात्मनि रतः परिणतस्तल्लीयमानस्तच्चित्तस्तन्मयो भवति। ''इणमेव परं हवे ज्झाणं'' इदमेवात्मसुखस्वरूपे तन्मयत्वं निश्चयेन परमुत्कृष्टं ध्यानं भवति।

तस्मिन् ध्याने स्थितानां यद्वीतरागपरमानन्दसुखं प्रतिभाति, तदेव

---

ગાથા ૫૬

ગાથાર્થ :—(હે ભવ્યો!) કાંઈ પણ ચેષ્ટા ન કરો, કાંઈ પણ ન બોલો, કાંઈ પણ ચિંતવન ન કરો, જેથી આત્મા નિજાત્મામાં તલ્લીનપણે સ્થિર થઈ જાય. આ જ (આત્મામાં લીનતા જ) પરમ ધ્યાન છે.

ટીકા :—''मा चिट्ठइ मा जंपह मा चिंतह किंवि'' હે વિવેકી પુરુષો! નિત્ય નિરંજન અને નિષ્ક્રિય એવા નિજ શુદ્ધાત્માની અનુભૂતિને રોકનાર શુભાશુભ ચેષ્ટારૂપ કાયવ્યાપાર, શુભાશુભ અંતર્બહિર્જલ્પરૂપ વચન-વ્યાપાર અને શુભાશુભ વિકલ્પજાળરૂપ ચિત્ત-વ્યાપાર જરા પણ ન કરો; ''जेण होइ थिरो'' જેથી અર્થાત્ ત્રણે યોગના નિરોધથી સ્થિર થાય છે. કોણ? ''अप्पा'' આત્મા. કેવો સ્થિર થાય છે? ''अपम्मि रओ'' સહજશુદ્ધ-જ્ઞાનદર્શનસ્વભાવી પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રયાત્મક પરમસમાધિથી ઉત્પન્ન, સર્વ પ્રદેશોમાં આનંદ ઉત્પન્ન કરનાર સુખના આસ્વાદરૂપ પરિણતિસહિત નિજાત્મામાં રત-પરિણત-તલ્લીન-તચ્ચિત્ત-તન્મય થાય છે. ''इणमेव परं हवे ज्झाणं'' આ જે આત્માના સુખસ્વરૂપમાં તન્મયપણું તે જ નિશ્ચયથી પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ ધ્યાન છે.

તે પરમધ્યાનમાં સ્થિત જીવોને જે વીતરાગ પરમાનંદરૂપ સુખનો પ્રતિભાસ થાય

**निश्चयमोक्षमार्गस्वरूपम्। तच्च पर्यायनामान्तरेण किं किं भण्यते तदभिधीयते। तदेव शुद्धात्मस्वरूपं, तदेव परमात्मस्वरूपं, तदेवैकदेशव्यक्तिरूपविवक्षितैकदेशशुद्धनिश्चयनयेन स्वशुद्धात्मसम्वित्तिसमुत्पन्नसुखामृतजलसरोवरे रागादिमलरहितत्वेन परमहंसस्वरूपम्। इदमेकदेशव्यक्तिरूपं शुद्धनयव्याख्यानमत्र परमात्मध्यानभावनानाममालायां यथासम्भवं सर्वत्र योजनीयमिति।**

**तदेव परब्रह्मस्वरूपं, तदेव परमविष्णुस्वरूपं, तदेव परमशिवस्वरूपं, तदेव परमबुद्धस्वरूपं, तदेव परमजिनस्वरूपं, तदेव परमस्वात्मोपलब्धिलक्षणं सिद्धस्वरूपं, तदेव निरञ्जनस्वरूपं, तदेव निर्मलस्वरूपं, तदेव स्वसम्वेदनज्ञानम्, तदेव परमतत्त्वज्ञानं, तदेव शुद्धात्मदर्शनं, तदेव परमावस्थास्वरूपम्, तदेव परमात्मनः दर्शनं, तदेव परमात्मज्ञानं, तदेव परमावस्थारूप–परमात्मस्पर्शनं, तदेव ध्येयभूतशुद्धपारिणामिकभावरूपं, तदेव ध्यानभावनास्वरूपं, तदेव शुद्धचारित्रं, तदेव परमपवित्रं, तदेवान्तस्तत्त्वं, तदेव परमतत्त्वं, तदेव शुद्धात्मद्रव्यं, तदेव परमज्योतिः, सैव शुद्धात्मानुभूतिः, सैवात्मप्रतीतिः, सैवात्मसंवित्तिः, सैव स्वरूपोपलब्धिः,**

---

છે તે જ નિશ્ચયમોક્ષમાર્ગસ્વરૂપ છે. તે બીજા ક્યા ક્યા પર્યાયવાચી નામોથી ઓળખાય છે તે કહેવામાં આવે છે : તે જ શુદ્ધાત્મસ્વરૂપ છે, તે જ પરમાત્મસ્વરૂપ છે, તે જ એકદેશ–પ્રગટતારૂપ વિવક્ષિત–એકદેશ–શુદ્ધનિશ્ચયનયથી સ્વશુદ્ધાત્માના સંવેદનથી ઉત્પન્ન સુખામૃતરૂપી જળના સરોવરમાં રાગાદિમળ રહિત હોવાને કારણે પરમહંસસ્વરૂપ છે. આ એકદેશ વ્યક્તિરૂપ શુદ્ધનયના વ્યાખ્યાનને પરમાત્મધ્યાન–ભાવનાની નામમાળામાં યથાસંભવ સર્વત્ર યોજવું.

તે જ પરબ્રહ્મસ્વરૂપ છે, તે જ પરમ વિષ્ણુસ્વરૂપ છે, તે જ પરમ શિવસ્વરૂપ છે, તે જ પરમ બુદ્ધસ્વરૂપ છે, તે જ પરમ જિનસ્વરૂપ છે, તે જ પરમ સ્વાત્મોપલબ્ધિલક્ષણ સિદ્ધસ્વરૂપ છે, તે જ નિરંજનસ્વરૂપ છે, તે જ નિર્મળસ્વરૂપ છે, તે જ સ્વસંવેદનજ્ઞાન છે, તે જ પરમ તત્ત્વજ્ઞાન છે, તે જ શુદ્ધાત્મદર્શન છે, તે જ પરમાવસ્થાસ્વરૂપ છે, તે જ પરમાત્માનું દર્શન છે, તે જ પરમાત્માનું જ્ઞાન છે, તે જ પરમાવસ્થારૂપ પરમાત્માનું સ્પર્શન છે, તે જ ધ્યેયભૂત–શુદ્ધપારિણામિકભાવરૂપ છે, તે જ ધ્યાનભાવનાસ્વરૂપ છે, તે જ શુદ્ધચારિત્ર છે, તે જ પરમપવિત્ર છે, તે જ અંતઃતત્ત્વ છે, તે જ પરમતત્ત્વ છે, તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે, તે જ પરમજ્યોતિ છે, તે જ શુદ્ધ આત્માની અનુભૂતિ છે, તે જ આત્માની પ્રતીતિ છે, તે જ આત્માની સંવિત્તિ છે, તે જ સ્વરૂપની ઉપલબ્ધિ છે, તે જ

**स एव नित्योपलब्धिः, स एव परमसमाधिः, स एव परमानन्दः, स एव नित्यानन्दः, स एव सहजानन्दः, स एव सदानन्दः, स एव शुद्धात्मपदार्थाध्ययनरूपः, स एव परमस्वाध्यायः, स एव निश्चयमोक्षोपायः, स एव चैकाग्रचिन्तानिरोधः, स एव परमबोधः, स एव शुद्धोपयोगः, स एव परमयोगः, स एव भूतार्थः, स एव परमार्थः, स एव निश्चयपञ्चाचारः, स एव समयसारः, स एवाध्यात्मसारः, तदेव समतादिनिश्चयषडावश्यकस्वरूपं, तदेवाभेदरत्नत्रयस्वरूपंः, तदेव वीतरागसामायिकं, तदेव परमशरणोत्तममङ्गलं, तदेव केवलज्ञानोत्पत्तिकारणं तदेव सकलकर्मक्षयकारणं, सैव निश्चयचतुर्विधाराधना, सैव परमात्मभावना, सैव शुद्धात्मभावनोत्पन्नसुखानुभूतिरूपपरमकला, सैव दिव्यकला, तदेव परमाद्वैतं, तदेव परमामृतपरमधर्मध्यानं, तदेव शुक्लध्यानं, तदेव रागादिविकल्पशून्यध्यानं, तदेव निष्कलध्यानं, तदेव परमस्वास्थ्यं, तदेव परमवीतरागत्वं, तदेव परमसाम्यं, तदेव परमैकत्वं, तदेव परमभेदज्ञानं, स एव परमसमरसीभावः इत्यादि समस्तरागादिविकल्पोपाधिरहितपरमाह्लादैकसुखलक्षणध्यानरूपस्य निश्चयमोक्षमार्गस्य वाचकान्यन्यान्यपि पर्यायनामानि विज्ञेयानि भवन्ति परमात्मतत्त्वविद्भिरिति॥५६॥**

---

નિત્યપદાર્થની પ્રાપ્તિ છે, તે જ પરમસમાધિ છે, તે જ પરમાનંદ છે, તે જ નિત્યાનંદ છે, તે જ સહજાનંદ છે, તે જ સદાનંદ છે, તે જ શુદ્ધાત્મપદાર્થના અધ્યયનરૂપ છે, તે જ પરમસ્વાધ્યાય છે, તે જ નિશ્ચયમોક્ષનો ઉપાય છે, તે જ એકાગ્રચિંતાનિરોધ છે, તે જ પરમબોધ છે, તે જ શુદ્ધોપયોગ છે, તે જ પરમયોગ છે, તે જ ભૂતાર્થ છે, તે જ પરમાર્થ છે, તે જ નિશ્ચય પંચાચાર છે, તે જ સમયસાર છે, તે જ અધ્યાત્મસાર છે, તે જ સમતા આદિ નિશ્ચય–ષડ્‌–આવશ્યકસ્વરૂપ છે, તે જ અભેદરત્નત્રયસ્વરૂપ છે, તે જ વીતરાગ સામાયિક છે, તે જ પરમ શરણ–ઉત્તમ–મંગળ છે, તે જ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે, તે જ સમસ્ત કર્મોના ક્ષયનું કારણ છે, તે જ નિશ્ચય–ચતુર્વિધ-આરાધના છે, તે જ પરમાત્માની ભાવના છે, તે જ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સુખની અનુભૂતિ પરમકળા છે, તે જ દિવ્યકળા છે, તે જ પરમ અદ્વૈત છે, તે જ પરમઅમૃતરૂપ પરમ-ધર્મધ્યાન છે, તે જ શુક્લધ્યાન છે, તે જ રાગાદિવિકલ્પરહિત ધ્યાન છે, તે જ નિષ્કલ ધ્યાન છે, તે જ પરમ સ્વાસ્થ્ય છે, તે જ પરમ વીતરાગપણું છે, તે જ પરમ સામ્ય છે, તે જ પરમ એકત્વ છે, તે જ પરમ ભેદજ્ઞાન છે, તે જ પરમ સમરસીભાવ છે;–ઈત્યાદિ, સમસ્ત રાગાદિ વિકલ્પ–ઉપાધિથી રહિત પરમ-આહ્‌લાદરૂપ એક સુખ જેનું લક્ષણ છે એવા ધ્યાનરૂપ નિશ્ચય–મોક્ષમાર્ગના વાચક અન્ય પણ પર્યાયવાચી નામો પરમાત્મતત્ત્વના જ્ઞાનીઓ દ્વારા જાણવા યોગ્ય છે. ૫૬.

अतः परं यद्यपि पूर्वं बहुधा भणितं ध्यातृपुरुषलक्षणं ध्यानसामग्री च तथापि चूलिकोपसंहाररूपेण पुनरप्याख्याति :—

**तवसुदवदवं चेदा ज्झाणरहधुरंधरो हवे जम्हा।**
**तम्हा तत्तियणिरदा तल्लद्धीए सदा होह॥५७॥**

तपःश्रुतव्रतवान् चेता ध्यानरथधुरन्धरः भवति यस्मात्।
तस्मात् तत्त्रिकनिरताः तल्लब्ध्यै सदा भवत॥५७॥

व्याख्या—''तवसुदवदवं चेदा ज्झाणरहधुरन्धरो हवे जम्हा'' तपश्रुतव्रतवानात्मा चेतयिता ध्यानरथस्य धुरन्धरो समर्थो भवति, ''जम्हा'' यस्मात् ''तम्हा तत्तियणिरदा तल्लद्धीए सदा होह'' तस्मात् कारणात् तपश्रुतव्रतानां सम्बन्धेन यत् त्रितयं तत् त्रितये रताः सर्वकाले भवत हे भव्याः। किमर्थं? तस्य ध्यानस्य लब्धिस्तल्लब्धिस्तदर्थमिति। तथाहि—अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशभेदेन बाह्यं

---

હવે આગળ, જોકે પહેલાં ધ્યાતા પુરુષનાં લક્ષણ અને ધ્યાનની સામગ્રીનું અનેક પ્રકારે વર્ણન કર્યું છે, તોપણ ચૂલિકા તથા ઉપસંહારરૂપે ફરીથી પણ કથન કરે છે :—

ગાથા ૫૭

ગાથાર્થ :—કારણ કે તપ, શ્રુત અને વ્રતનો ધારક આત્મા ધ્યાનરૂપી રથની ધુરા ધારણ કરનાર થાય છે, તે કારણે હે ભવ્ય પુરુષો! તમે તે ધ્યાનની પ્રાપ્તિ માટે નિરંતર તપ, શ્રુત અને વ્રતમાં તત્પર થાઓ.

ટીકા :—''तवसुदवदवं चेदा ज्झाणरहधुरंधरो हवे जम्हा'' કારણ કે તપ, શ્રુત અને વ્રતધારી આત્મા ધ્યાનરૂપી રથની ધુરા ધારણ કરવાને સમર્થ થાય છે, ''तम्हा तत्तियणिरदा तल्लद्धीए सदा होह' તે કારણે હે ભવ્યો! તપ, શ્રુત અને વ્રત—એ ત્રણમાં સદા લીન થાઓ. શા માટે? તે ધ્યાનની પ્રાપ્તિ માટે. વિશેષ વર્ણન :—અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશ—એ છ પ્રકારનાં

---

તપ ધારૈ અર આગમ પઢૈ, વ્રત પાલૈ આતમ ઈમ બઢૈ;
ધ્યાન-ધુરંધર હ્વૈ સિધિ કરે, તીનૂં ધરિ શિવ-રમણી વરૈ. ૫૭.

षड्विधं, तथैव प्रायश्चित्तविनयवैय्यावृत्यस्वाध्यायव्युत्सर्गध्यानभेदेनाऽभ्यन्तरमपि षड्विधं चेति द्वादशविधं तपः। तेनैव साध्यं शुद्धात्मस्वरूपे प्रतपनं विजयनं निश्चयतपश्च। तथैवाचाराराधनादिद्रव्यश्रुतं, तदाधारेणोत्पन्नं निर्विकारस्वसंवेदनज्ञानरूपं भावश्रुतं च। तथैव च हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहाणां द्रव्यभावरूपाणां परिहरणं व्रतपञ्चकं चेति। एवमुक्तलक्षणतपःश्रुतव्रतसहितो ध्याता पुरुषो भवति। इयमेव ध्यानसामग्री चेति। तथाचोक्तम्––''वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रन्थ्यं ★समचित्तता। परीषहजयश्चेति पञ्चैते ध्यानहेतवः।१।''

भगवन्! ध्यानं तावन्मोक्षमार्गभूतम्। मोक्षार्थिना पुरुषेण पुण्यबन्धकारणत्वाद्व्रतानि त्याज्यानि भवन्ति, भवद्भिः पुनर्ध्यानसामग्रीकारणानि तपःश्रुतव्रतानि व्याख्यातानि, तत् कथं घटत इति? तत्रोत्तरं दीयते––व्रतान्येव केवलानि त्याज्यान्येव न, किन्तु पापबन्धकारणानि हिंसादिविकल्परूपाणि, यान्यव्रतानि तान्यपि त्याज्यानि। तथाचोक्तम्

---

બાહ્યતપ અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન––એ છ પ્રકારનાં અંતરંગ તપ––એમ બન્ને મળીને બાર પ્રકારનાં તપ છે. તે જ તપથી [1]સાધ્ય શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રતપન અર્થાત્ વિજય કરવારૂપ નિશ્ચયતપ છે. તેવી જ રીતે આચાર–આરાધના આદિ દ્રવ્યશ્રુત અને તેના આધારે ઉત્પન્ન નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનરૂપ ભાવશ્રુત છે. તથા હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહનો દ્રવ્ય અને ભાવરૂપે ત્યાગ કરવો તે પાંચ વ્રત છે. એવી રીતે પૂર્વોક્ત લક્ષણવાળા તપ, શ્રુત અને વ્રત સહિત પુરુષ ધ્યાતા થાય છે. તે જ (તપ, શ્રુત અને વ્રત જ) ધ્યાનની સામગ્રી છે. કહ્યું પણ છે કે ''वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रन्थ्यं समचित्तता। परीषहजयश्चेति पञ्चैते ध्यानहेतवः।। [અર્થ :––વૈરાગ્ય, તત્ત્વોનું જ્ઞાન, પરિગ્રહોનો ત્યાગ, સામ્યભાવ અને પરિષહોનું જીતવું;––એ પાંચ ધ્યાનનાં કારણ છે.]''[2]

શંકા :––ભગવાન્! ધ્યાન તો મોક્ષના માર્ગરૂપ છે. મોક્ષાર્થી પુરુષે પુણ્યબંધનાં કારણ હોવાથી વ્રતો ત્યાગવા યોગ્ય છે. પરંતુ આપે તો તપ, શ્રુત અને વ્રતોને ધ્યાનની સામગ્રી કહી છે; તે કેવી રીતે ઘટે છે? તેનો ઉત્તર :––કેવળ વ્રતો જ ત્યાગવા યોગ્ય નથી, પરંતુ પાપબંધના કારણ હિંસા આદિ અવ્રતો પણ ત્યાગવા યોગ્ય છે. એવી રીતે

---

★ 'वशचित्तता' इत्यपि पाठः।

૧. પ્રથમ મુનિને છટ્ઠે ગુણસ્થાને શુદ્ધતા સહિત આવા વિકલ્પો હોય છે. તે વિકલ્પોનો અભાવ થતાં શુદ્ધાત્મતત્ત્વમાં પ્રતપન થાય છે તે કારણે વ્યવહારનયે તેનાથી સાધ્ય કહેવાય. નિશ્ચયનયે શુદ્ધિ વધતાં વધતાં નિશ્ચયતપ થાય છે. ૨. શ્રી પરમાત્મપ્રકાશ અ. ૨ ગા.–૧૯૨.

पूज्यपादस्वामिभिः—''अपुण्यमव्रतैः पुण्यं व्रतैमोक्षस्तयोर्व्ययः। अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ॥१॥ किंत्वव्रतानि पूर्वं परित्यज्य ततश्च व्रतेषु तन्निष्ठो भूत्वा निर्विकल्पसमाधिरूपं परमात्मपदं प्राप्य पश्चादेकदेशव्रतान्यपि त्यजति। तदप्युक्तम् तैरेव—''अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः। त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ॥१॥''

अयं तु विशेषः—व्यवहाररूपाणि यानि प्रसिद्धान्येकदेशव्रतानि तानि त्यक्तानि। यानि पुनः सर्वशुभाशुभनिवृत्तिरूपाणि निश्चयव्रतानि तानि त्रिगुप्तिलक्षणस्वशुद्धात्म-सम्वित्तिरूपनिर्विकल्पध्याने स्वीकृतान्येव, न च त्यक्तानि। प्रसिद्धमहाव्रतानि कथमेकदेश-रूपाणि जातानि? इति चेत्तदुच्यते—जीवघातनिवृत्तौ सत्यामपि जीवरक्षणे प्रवृत्तिरस्ति। तथैवासत्यवचनपरिहारेऽपि सत्यवचनप्रवृत्तिरस्ति। तथैव चादत्तादानपरिहारेऽपि दत्तादाने प्रवृत्तिरस्तीत्याद्येकदेशप्रवृत्त्यपेक्षया देशव्रतानि तेषामेकदेशव्रतानां त्रिगुप्तिलक्षणनिर्विकल्प-

---

પૂજ્યપાદ સ્વામીએ કહ્યું છે કે :—''अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः। अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत्॥ [અર્થ :—અવ્રતોથી પાપનો બંધ અને વ્રતોથી પુણ્યનો બંધ થાય છે, તે બન્નેનો નાશ તે મોક્ષ છે; તેથી મોક્ષાર્થી પુરુષે અવ્રતોની જેમ વ્રતોનો પણ ત્યાગ કરવો.]'' પરંતુ અવ્રતોનો પહેલાં ત્યાગ કરીને પછી વ્રતોમાં સ્થિર થઈને નિર્વિકલ્પ સમાધિરૂપ પરમાત્મપદ પામીને પછી એકદેશ વ્રતોનો પણ ત્યાગ કરે છે. તે પણ શ્રીપૂજ્યપાદ સ્વામીએ જ કહ્યું છે : ''अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः। त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः॥ [અર્થ :—મોક્ષાર્થી પુરુષ અવ્રતોને છોડીને વ્રતોમાં સ્થિર થઈને પરમાત્મપદ પ્રાપ્ત કરે અને પરમાત્મપદ પામીને તે વ્રતોનો પણ ત્યાગ કરે.]'' પરંતુ આ વિશેષ છે :—વ્યવહારરૂપ જે પ્રસિદ્ધ એકદેશ વ્રતો છે તેમનો ત્યાગ કર્યો છે, પણ જે સર્વ શુભાશુભની નિવૃત્તિરૂપ નિશ્ચય વ્રતો છે તેમને ત્રિગુપ્તિલક્ષણ સ્વશુદ્ધાત્મસંવેદનરૂપ નિર્વિકલ્પ ધ્યાનમાં સ્વીકાર્યાં છે, તેમનો ત્યાગ કર્યો નથી.

પ્રશ્ન :—પ્રસિદ્ધ (અહિંસાદિ) મહાવ્રતો એકદેશરૂપ કેવી રીતે થયાં?

ઉત્તર :—અહિંસા મહાવ્રતમાં જોકે જીવોના ઘાતની નિવૃત્તિ છે, તોપણ જીવોની રક્ષા કરવામાં પ્રવૃત્તિ છે. તેવી જ રીતે સત્ય મહાવ્રતમાં અસત્ય વચનોનો જોકે ત્યાગ છે, તોપણ સત્ય વચનમાં પ્રવૃત્તિ છે. અચૌર્ય મહાવ્રતમાં જોકે દીધા વિના કોઈ પણ વસ્તુ લેવાનો ત્યાગ છે પણ આપવામાં આવેલ વસ્તુ લેવામાં પ્રવૃત્તિ છે. એ પ્રમાણે એકદેશ પ્રવૃત્તિની અપેક્ષાએ એ પાંચે મહાવ્રત દેશવ્રત છે. તે એકદેશ વ્રતોનો ત્રિગુપ્તિલક્ષણ નિર્વિકલ્પ સમાધિના કાળે 'ત્યાગ' છે, પણ સમસ્ત શુભાશુભની

**समाधिकाले त्यागः, न च समस्तशुभाशुभनिवृत्तिलक्षणस्य निश्चयव्रतस्येति। त्यागः कोऽर्थः ? यथैव हिंसादिरूपाव्रतेषु निवृत्तिस्तथैकदेशव्रतेष्वपि। कस्मादिति चेत् ? त्रिगुप्तावस्थायां प्रवृत्तिनिवृत्तिरूपविकल्पस्य स्वयमेवावकाशो नास्ति। अथवा वस्तुतस्तदेव निश्चयव्रतम्। कस्मात्—सर्वनिवृत्तित्वादिति। योऽपि घटिकाद्वयेन मोक्षं गतो भरतश्चक्री सोऽपि जिनदीक्षां गृहीत्वा विषयकषायनिवृत्तिरूपं क्षणमात्रं व्रतपरिणामं कृत्वा पश्चाच्छुद्धोपयोगत्वरूपरत्नत्रयात्मके निश्चयव्रताभिधाने वीतरागसामायिकसंज्ञे निर्विकल्पसमाधौ स्थित्वा केवलज्ञानं लब्धवानिति। परं किन्तु तस्य स्तोककालत्वाल्लोका व्रतपरिणामं न जानन्तीति। तदेव भरतस्य दीक्षाविधानं कथ्यते। हे भगवन् ! जिनदीक्षादानानन्तरं भरतचक्रिणः कियति काले केवलज्ञानं जातमिति श्रीवीरबर्द्धमानस्वामितीर्थकरपरमदेवसमवसरणमध्ये श्रेणिकमहाराजेन पृष्टे सति गौतमस्वामी आह—'पञ्चमुष्टिभिरुत्पाट्य त्रोट्यन् बन्धस्थितीन् कचान्। लोचानंतरमेवापद्राजन् श्रेणिक केवलम्।१।'**

---

નિવૃત્તિરૂપ નિશ્ચયવ્રતનો નહિ. 'ત્યાગ' નો શો[1] અર્થ છે? જેવી રીતે હિંસા આદિરૂપ પાંચ અવ્રતોની નિવૃત્તિ છે તેવી જ રીતે એકદેશ વ્રતોની પણ નિવૃત્તિ છે. શા માટે? ત્રિગુપ્ત અવસ્થામાં પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ વિકલ્પનો સ્વયમેવ અવકાશ નથી. અથવા વાસ્તવિક રીતે તે જ નિશ્ચયવ્રત છે. શા માટે? કારણ કે તેમાં પૂર્ણ નિવૃત્તિ છે. દીક્ષા પછી બે ઘડીમાં જ ભરત ચક્રવર્તીએ જે મોક્ષ પ્રાપ્ત કર્યો તેમણે પણ જિનદીક્ષા લઈને વિષય–કષાયની નિવૃત્તિરૂપ વ્રતના પરિણામ ક્ષણમાત્ર (થોડો વખત) કરીને પછી શુદ્ધોપયોગરૂપ રત્નત્રયમય નિશ્ચયવ્રત નામક વીતરાગ સામાયિક નામના નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિર થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ તેમને વ્રતના પરિણામ થોડો સમય રહ્યા હોવાથી લોકો તેમના વ્રતના પરિણામને જાણતા નથી. તે જ ભરત ચક્રવર્તીના દીક્ષા-વિધાનનું કથન કરવામાં આવે છે કે—શ્રીવર્દ્ધમાન તીર્થંકર પરમદેવના સમવસરણમાં શ્રેણિક મહારાજે પ્રશ્ન કર્યો કે, 'હે ભગવાન્! ભરત ચક્રવર્તીને જિનદીક્ષા લીધા પછી કેટલા સમયમાં કેવળજ્ઞાન થયું?' શ્રીગૌતમસ્વામીએ ઉત્તર આપ્યો—''**पंचमुष्टिभिरुत्पाट्य त्रोट्यन् बन्धस्थितीन् कचान्। लोचान्तरमेवापद्राजन् श्रेणिक केवलम्॥** [અર્થ :—હે શ્રેણિક! પંચ મુષ્ટિથી કેશલોચ કરીને, કર્મબંધની સ્થિતિ તોડતાં, કેશલોચની પછી તરત જ ભરત ચક્રવર્તીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.]''

---

૧. એકલા અશુભભાવનો ત્યાગ તેને કેટલાક ત્યાગ માને છે તે માન્યતાનો નિષેધ કરી અશુભ અને શુભ ભાવો–બન્નેનો ત્યાગ; તેને અહીં ત્યાગ કહ્યો છે.

अत्राह शिष्यः। अद्य काले ध्यानं नास्ति। कस्मादिति चेत्—उत्तमसंहननाभावद्दशचतुर्दशपूर्वगतश्रुतज्ञानाभावाच्च। अत्र परिहारः—शुक्लध्यानं नास्ति धर्मध्यानमस्तीति। तथाचोक्तं मोक्षप्राभृते श्रीकुन्दकुन्दाचार्यदेवैः 'भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ णाणिस्स। तं अप्पसहावठिए ण हु मण्णइ सो दु अण्णाणी।१। अज्जवि तिरयणसुद्धा अप्पा ज्झाऊण लहइ इंदत्तं। लोयंतियदेवत्तं तत्थ चुदा णिव्वुदिं जंति।२।' तथैव तत्त्वानुशासनग्रन्थे चोक्तं ''अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः। धर्मध्यानं पुनः प्राहुः श्रेणीभ्यां प्राग्विवर्त्तिनाम्।१।'' यथोक्तमुत्तमसंहननाभावात्तदुत्सर्गवचनम्। अपवादव्याख्यानेन, पुनरुपशमक्षपकश्रेण्योः शुक्लध्यानं भवति, तच्चोत्तमसंहननेनैव, अपूर्वगुणस्थानादधस्तनेषु गुणस्थानेषु धर्मध्यानं, तच्चादिमत्रिकोत्तमसंहननाभावेऽप्यन्तिमत्रिकसंहननेनापि भवति। तदप्युक्तं तत्रैव तत्त्वानुशासने ''यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः। श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तन्नाधस्तान्निषेधकम्।१।''

---

અહીં, શિષ્ય કહે છે :—આ પંચમકાળમાં ધ્યાન નથી, કેમકે આ કાળમાં ઉત્તમ સંહનનનો અભાવ છે અને દશ તેમ જ ચૌદપૂર્વનું શ્રુતજ્ઞાન પણ નથી.

સમાધાન :—આ કાળમાં શુક્લધ્યાન નથી, પરંતુ ધર્મધ્યાન છે. શ્રીકુન્દકુન્દાચાર્યદેવે મોક્ષપ્રાભૃતમાં (ગાથા ૭૬–૭૭ માં) કહ્યું છે કે, ''ભરતક્ષેત્રમાં દુઃષમ નામના પંચમકાળમાં જ્ઞાની જીવને ધર્મધ્યાન હોય છે; તે ધર્મધ્યાન આત્મસ્વભાવમાં સ્થિત થનારને હોય છે; જે આમ નથી માનતો તે અજ્ઞાની છે. અત્યારે પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ત્રણ રત્નથી શુદ્ધ જીવ આત્માનું ધ્યાન કરીને ઈન્દ્રપદ અથવા લૌકાંતિક દેવપદ પ્રાપ્ત કરે છે અને ત્યાંથી ચ્યવીને (મનુષ્ય થઈને) મોક્ષને પામે છે.''

તે જ પ્રમાણે તત્ત્વાનુશાસન નામના ગ્રન્થમાં (ગાથા ૮૩ માં) કહ્યું છે કે ''આ સમયે (પંચમકાળમાં) જિનેન્દ્રદેવ શુક્લધ્યાનનો નિષેધ કરે છે, પણ શ્રેણી–આરોહણ પહેલાં થતા ધર્મધ્યાનનું અસ્તિત્વ બતાવ્યું છે.'' તથા જે એમ કહ્યું છે કે, 'ઉત્તમ સંહનનનો અભાવ હોવાથી ધ્યાન થતું નથી' તે ઉત્સર્ગવચન છે. અપવાદરૂપ વ્યાખ્યાનથી તો, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાં શુક્લધ્યાન થાય છે અને તે ઉત્તમ સંહનનથી જ થાય છે, પરંતુ અપૂર્વકરણ (૮મા) ગુણસ્થાનથી નીચેનાં ગુણસ્થાનોમાં એ ધર્મધ્યાન થાય છે, તે પહેલાં ત્રણ ઉત્તમ સંહનનોનો અભાવ હોય, તોપણ અંતિમ ત્રણ સંહનનોમાં પણ થાય છે. આ પણ તે જ તત્ત્વાનુશાસન ગ્રન્થમાં (ગાથા ૮૪ માં) કહ્યું છે—''વજ્રકાયવાળાને ધ્યાન થાય છે એવું આગમનું વચન ઉપશમ અને ક્ષપકશ્રેણીના ધ્યાનની અપેક્ષાએ કહ્યું છે. એ વચન નીચેનાં

यथोक्तं दशचतुर्दशपूर्वगतश्रुतज्ञानेन ध्यानं भवति तदप्युत्सर्गवचनम्। अपवादव्याख्यानेन पुनः पञ्चसमितित्रिगुप्तिप्रतिपादकसारभूतश्रुतेनापि ध्यानं भवति केवलज्ञानञ्च। यद्येवमपवादव्याख्यानं नास्ति तर्हि ''तुसमासं घोसन्तो सिवभूदी केवली जादो'' इत्यादिगन्धर्वाराधनादिभणितं व्याख्यानम् कथम् घटते? अथ मतम्—पञ्चसमिति-त्रिगुप्तिप्रतिपादकं द्रव्यश्रुतमिति जानाति। इदं भावश्रुतं पुनः सर्वमस्ति। नैवं वक्तव्यम्। यदि पञ्चसमितित्रिगुप्तिप्रतिपादकं द्रव्यश्रुतं जानाति तर्हि ''मा रूसह मा तूसह'' इत्येकं पदं किं न जानाति। तत एव ज्ञायतेऽष्टप्रवचनमातृप्रमाणमेव भावश्रुतं, द्रव्यश्रुतं पुनः किमपि नास्ति। इदन्तु व्याख्यानमस्माभिर्न कल्पितमेव। तच्चारित्रसारादिग्रन्थेष्वपि भणितमास्ते। तथाहि—अन्तर्मुहूर्तादूर्ध्वं ये केवलज्ञानमुत्पादयन्ति ते क्षीणकषायगुणस्थानवर्त्तिनो निर्ग्रंथसंज्ञा ऋषयो भण्यन्ते। तेषां चोत्कर्षेण चतुर्दशपूर्वादिश्रुतं भवति, जघन्येन पुनः पञ्चसमिति-त्रिगुप्तिमात्रमेवेति।

---

ગુણસ્થાનોમાં ધર્મધ્યાનનું નિષેધક નથી. ૧.''

જે એમ કહ્યું છે કે, 'દશ તથા ચૌદ પૂર્વના શ્રુતજ્ઞાનથી ધ્યાન થાય છે' તે પણ ઉત્સર્ગવચન છે. અપવાદ–વ્યાખ્યાનથી તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પ્રતિપાદક સારભૂત શ્રુતજ્ઞાનથી પણ ધ્યાન થાય છે અને કેવળજ્ઞાન પણ થાય છે. જો એવું અપવાદવ્યાખ્યાન ન હોય તો ''તુષ–માષનું ઉચ્ચારણ કરતાં શ્રીશિવભૂતિ મુનિ કેવળજ્ઞાની થઈ ગયા'' ઈત્યાદિ ગન્ધર્વારાધનાદિ ગ્રન્થોમાં કહેલું કથન કેવી રીતે ઘટે? શંકા :—શ્રીશિવભૂતિ મુનિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું પ્રતિપાદન કરનાર દ્રવ્યશ્રુત જાણતા હતા અને ભાવશ્રુત તેમને પૂર્ણપણે હતું? ઉત્તર :—એમ ન કહેવું જોઈએ; કેમ કે જો તેઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પ્રતિપાદક દ્રવ્યશ્રુતને જાણતા હોત તો 'ન દ્વેષ કર, ન રાગ કર,' એ એક પદ કેમ ન જાણે? માટે જ જણાય છે કે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચનમાતાપ્રમાણ જ ભાવશ્રુત તેમને હતું અને દ્રવ્યશ્રુત કાંઈ પણ નહોતું. આ વ્યાખ્યાન અમે કલ્પિત નથી કહ્યું; તે ચારિત્રસાર આદિ શાસ્ત્રોમાં પણ કહેવાયેલું છે. તે આ પ્રમાણે :—અંતર્મુહૂર્તમાં જેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓ ક્ષીણકષાય ગુણસ્થાનમાં રહેનાર 'નિર્ગ્રંથ' નામના ઋષિ કહેવાય છે. તેમને ઉત્કૃષ્ટપણે ચૌદ પૂર્વ શ્રુતજ્ઞાન હોય છે અને જઘન્યપણે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેટલું જ શ્રુતજ્ઞાન હોય છે.

अथ मतं—मोक्षार्थं ध्यानं क्रियते न चाद्य काले मोक्षोऽस्ति; ध्यानेन किं प्रयोजनम् ? नैवं, अद्य कालेऽपि परम्परया मोक्षोऽस्ति। कथमिति चेत् ? स्वशुद्धात्मभावनाबलेन संसारस्थितिं स्तोकां कृत्वा देवलोकं गच्छति, तस्मादागत्य मनुष्यभवे रत्नत्रयभावनां लब्ध्वा शीघ्रं मोक्षं गच्छतीति। येऽपि भरतसगररामपाण्डवादयो मोक्षं गतास्तेपि पूर्वभवे भेदाभेदरत्नत्रयभावनया संसारस्थितिं स्तोकां कृत्वा पञ्चान्मोक्षं गताः। तद्भवे सर्वेषां मोक्षो भवतीति नियमो नास्ति। एवमुक्तप्रकारेण अल्पश्रुतेनापि ध्यानं भवतीति ज्ञात्वा किं कर्तव्यम्—''वधबन्धच्छेदादेर्द्वेषाद्रागाच्च परकलत्रादेः। आध्यानमपध्यानं शासति जिनशासने विशदाः।१। संकल्पकल्पतरुसंश्रयणात्त्वदीयं चेतो निमज्जति मनोरथसागरेऽस्मिन्। तत्रार्थतः तव चकास्ति न किंचनापि पक्षेऽपरं भवति कल्मषसंश्रयस्य।२। दौर्विध्यदग्धमनसोऽन्तरुपात्तमुक्तेश्चित्तं यथोल्लसति ते स्फुरितोत्तरङ्गम्। धाम्नि स्फुरेद्यदि तथा परमात्मसंज्ञे

શંકા :—મોક્ષને માટે ધ્યાન કરવામાં આવે છે અને આ કાળે મોક્ષ તો નથી; તો ધ્યાન કરવાનું શું પ્રયોજન છે? ઉત્તર :—એમ નથી, કેમ કે આ કાળે પણ પરંપરાએ મોક્ષ છે. પ્રશ્ન :—પરંપરાએ મોક્ષ કેવી રીતે છે? ઉત્તર :—ધ્યાન કરનાર સ્વશુદ્ધાત્માની ભાવનાના બળથી સંસારની સ્થિતિ અલ્પ કરીને સ્વર્ગમાં જાય છે, ત્યાંથી આવીને મનુષ્યભવમાં રત્નત્રયની ભાવના પ્રાપ્ત કરીને શીઘ્ર મોક્ષ જાય છે. જે ભરત, સગર, રામચંદ્રજી, પાંડવો વગેરે મોક્ષે ગયા છે તેઓ પણ પૂર્વભવમાં ભેદાભેદ–રત્નત્રયની ભાવનાથી સંસારની સ્થિતિ ઘટાડીને પછી મોક્ષે ગયા છે. તે જ ભવે બધાને મોક્ષ થાય છે, એવો નિયમ નથી.

ઉપરોક્ત કથન પ્રમાણે અલ્પ શ્રુતજ્ઞાનથી પણ ધ્યાન થાય છે એ જાણીને શું કરવું? [દુર્ધ્યાન છોડીને ધ્યાન કરવું, એમ સમજાવવામાં આવે છે.] ''દ્વેષથી[1] કોઈને મારવા, બાંધવા કે અંગ કાપવાનું અને રાગથી પરસ્ત્રી આદિનું જે ચિંતવન છે તેને નિર્મળબુદ્ધિના ધારક આચાર્યો જિનમતમાં અપધ્યાન કહે છે.૧. [2]હે જીવ, સંકલ્પરૂપી કલ્પવૃક્ષનો આશ્રય કરવાથી તારું ચિત્ત આ મનોરથરૂપી સાગરમાં ડૂબી જાય છે; તે વિકલ્પોમાં વાસ્તવિક રીતે તારું કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી, ઊલટું કલુષતાનો આશ્રય કરનારાઓનું અકલ્યાણ થાય છે. ૨. જેવી[3] રીતે દુર્ભાગ્યથી દુઃખી મનવાળા તારા અંતરમાં ભોગ ભોગવવાની ઈચ્છાથી વ્યર્થ તરંગો ઊઠ્યા કરે છે તેવી રીતે જો તે મન પરમાત્મરૂપ સ્થાનમાં સ્ફુરાયમાન

૧. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર ગા. ૭૮ ૨. શ્રી યશસ્તિલક ચમ્પૂ અ. ૨ ગા. ૧૩૨

૩. શ્રી યશસ્તિલક ચમ્પૂ અ. ૨ ગા. ૧૩૪

कौतस्कुती तव भवेद्विफला प्रसूतिः ।३। कंखिद कलुसिदभूतो कामभोगेहिं मुच्छिदो जीवो। ण य भुंजंतो भोगे बंधदि भावेण कम्माणि।४।'' इत्याद्यपध्यानंत्यक्त्वा—''ममत्तिं परिवज्ञामि णिम्ममत्तिमुवट्ठिदो। आलंवणं च मे आदा अवसेसाइं वोसरे।१। आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य। आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।३। एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो। सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।३।'' इत्यादिसारपदानि गृहीत्वा च ध्यानं कर्त्तव्यमिति।

अथ मोक्षविषये पुनरपि नयविचारः कथ्यते। तथा हि—मोक्षस्तावत् बंधपूर्वकः। तथाचोक्तं—''मुक्तश्चेत् प्राक्भवेद्बन्धो नो बन्धो मोचनं कथम्। अबन्धे मोचनं नैव मुञ्चेरर्थो निरर्थकः।१।'' बंधश्च शुद्धनिश्चयनयेन नास्ति, तथा बंधपूर्वको मोक्षोऽपि। यदि पुनः शुद्धनिश्चयेन बंधो भवति तदा सर्वदैव बंध एव, मोक्षो नास्ति। किंच—यथा

---

થાય તો તારો જન્મ કેવી રીતે નિષ્ફળ થાય? ૩. આકાંક્ષાથી[૧] કલુષિત થયેલો અને કામ–ભોગોમાં મૂર્ચ્છિત એવો આ જીવ ભોગ ન ભોગવવા છતાં પણ ભાવથી કર્મો બાંધે છે. ૪.—ઇત્યાદિરૂપ (ઉક્ત ગાથાઓમાં કહેલા) દુર્ધ્યાનને છોડીને (આમ કરવું–) [૨]નિર્મમત્વમાં સ્થિર થઈને, અન્ય પદાર્થોમાં મમત્વબુદ્ધિનો હું ત્યાગ કરું છું; મને આત્માનું જ અવલંબન છે, અન્ય સર્વનો હું ત્યાગ કરું છું. ૧. મારો[૩] આત્મા જ દર્શન છે, આત્મા જ જ્ઞાન છે, આત્મા જ ચારિત્ર છે, આત્મા જ પ્રત્યાખ્યાન છે, આત્મા જ સંવર છે અને આત્મા જ યોગ છે. ૨. જ્ઞાનદર્શનલક્ષણવાળો[૪] એક મારો આત્મા જ શાશ્વત છે અને અન્ય સર્વ સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે. ૩.–ઇત્યાદિ સારભૂત પદોનું ગ્રહણ કરીને ધ્યાન કરવું.

હવે, મોક્ષના વિષયમાં ફરીથી નય–વિચાર કહેવામાં આવે છે :—પ્રથમ તો મોક્ષ બંધપૂર્વક છે. તે જ કહ્યું છે—''[૫]જો જીવ મુક્ત છે તો પહેલાં એ જીવને બંધ અવશ્ય હોવો જોઈએ. કેમ કે જો બંધ ન હોય તો મોક્ષ કેવી રીતે હોઈ શકે? અબંધની (બંધાયેલો ન હોય તેની) મુક્તિ થતી નથી તો મુઞ્ચ્ ધાતુનો પ્રયોગ જ નકામો છે.' શુદ્ધ નિશ્ચયનયથી બંધ નથી તથા બંધપૂર્વક મોક્ષ પણ નથી. જો શુદ્ધ નિશ્ચયનયથી બંધ હોય તો સદાય બંધ

---

૧. શ્રી મૂળાચાર અ. ૨ ગા. ૮૧. ૨. શ્રી નિયમસાર ગાથા ૯૯.

૩. શ્રી નિયમસાર ગાથા ૧૦૦. ૪. શ્રી નિયમસાર ગાથા ૧૦૨.

૫. શ્રી પરમાત્મ પ્રકાશ અ. ૧ ગાથા ૫૯ ટીકા.

श्रृङ्खलाबद्धपुरुषस्य बंधच्छेदकारणभूतभावमोक्षस्थानीयं बंधच्छेदकारणभूतं पौरुषं पुरुषस्वरूपं न भवति, तथैव श्रृङ्खलापुरुषयोर्यद्द्रव्यमोक्षस्थानीयं पृथक्करणं तदपि पुरुषस्वरूपं न भवति। किंतु ताभ्यां भिन्नं यद्दृष्टं हस्तपादादिरूपं तदेव पुरुषस्वरूपम्। तथैव शुद्धोपयोगलक्षणं भावमोक्षस्वरूपं शुद्धनिश्चयेन जीवस्वरूपं न भवति, तथैव तेन साध्यं यज्जीवकर्मप्रदेशोः पृथक्करणं द्रव्यमोक्षरूपं तदपि जीवस्वभावो न भवति; किंतु ताभ्यां भिन्नं यदनन्तज्ञानादिगुणस्वभावं फलभूतं तदेव शुद्धजीवस्वरूपमिति। अयमत्रार्थ :—यथा विवक्षितैकदेशशुद्धनिश्चयेन पूर्वं मोक्षमार्गो व्याख्यातस्तथा पर्यायमोक्षरूपो मोक्षोऽपि, न च शुद्धनिश्चयनयेनेति। यस्तु शुद्धद्रव्यशक्तिरूपः शुद्धपारिणामिकपरमभावलक्षणपरमनिश्चयमोक्षः, स च पूर्वमेव जीवे तिष्ठतीदानीं भविष्यतीत्येवं न। स एव रागादिविकल्परहिते मोक्षकारणभूते ध्यानभावनापर्याये ध्येयो भवति, न च ध्यानभावनापर्यायरूपः। यदि पुनरेकान्तेन द्रव्यार्थिकनयेनापि स एव मोक्षकारणभूतो ध्यानभावना पर्यायो भण्यते तर्हि

---

જ રહે, મોક્ષ થાય જ નહિ. વિશેષ :—જેવી રીતે સાંકળથી બંધાયેલા પુરુષને, બંધનાશના કારણભૂત ભાવમોક્ષસ્થાનીય (બંધને છેદવાના કારણભૂત જે ભાવમોક્ષ તેના સમાન) સાંકળના બંધનને છેદવાના કારણભૂત જે ઉદ્યમ તે પુરુષનું સ્વરૂપ નથી, તેમ જ દ્રવ્યમોક્ષસ્થાનીય જે સાંકળ અને પુરુષનું પૃથક્કરણ (જુદા પડવું) તે પણ પુરુષનું સ્વરૂપ નથી, પરંતુ તે બન્નેથી (ઉદ્યમથી તેમ જ સાંકળથી પુરુષના પૃથક્કરણથી) જુદું જે હસ્ત–પાદાદિરૂપ જોવામાં આવે છે તે જ પુરુષનું સ્વરૂપ છે. તેવી જ રીતે શુદ્ધોપયોગ–લક્ષણવાળું ભાવમોક્ષનું સ્વરૂપ તે શુદ્ધનિશ્ચયથી જીવનું સ્વરૂપ નથી, તેમજ તેનાથી સાધ્ય જીવ અને કર્મના પ્રદેશોના પૃથક્કરણરૂપ (જુદા પડવારૂપ) દ્રવ્યમોક્ષ તે પણ જીવનો સ્વભાવ નથી, પરંતુ તે બન્નેથી (ભાવમોક્ષથી તેમજ દ્રવ્યમોક્ષથી) ભિન્ન જે અનંત જ્ઞાનાદિ ગુણરૂપ સ્વભાવવાળું છે, ફળભૂત છે, તે જ શુદ્ધ જીવનું સ્વરૂપ છે. અહીં તાત્પર્ય એ છે કે, જેમ વિવક્ષિત–એકદેશ–શુદ્ધનિશ્ચયનયથી પૂર્વે મોક્ષમાર્ગનું વ્યાખ્યાન છે તેમ પર્યાય–મોક્ષરૂપ જે મોક્ષ છે તે પણ એકદેશ–શુદ્ધ–નિશ્ચયનયથી છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનયથી નથી. જે શુદ્ધ દ્રવ્યશક્તિરૂપ શુદ્ધ પારિણામિક–પરમભાવ લક્ષણવાળો પરમનિશ્ચયમોક્ષ છે તે તો જીવમાં પહેલેથી જ વિદ્યમાન છે, તે (પરમનિશ્ચયમોક્ષ) જીવમાં હવે થશે એમ નથી. તે જ પરમ નિશ્ચયમોક્ષ રાગાદિ વિકલ્પ રહિત, મોક્ષના કારણભૂત, ધ્યાનભાવના–પર્યાયમાં ધ્યેય થાય છે, પરંતુ તે નિશ્ચયમોક્ષ ધ્યાનભાવના પર્યાયરૂપ નથી. જો એકાંતે દ્રવ્યાર્થિકનયથી પણ તેને જ (પરમ નિશ્ચય–મોક્ષને જ મોક્ષના કારણભૂત ધ્યાનભાવનાપર્યાય કહેવામાં આવે તો દ્રવ્ય

**द्रव्यपर्यायरूपधर्मद्वयाधारभूतस्य जीवधर्मिणो मोक्षपर्याये जाते सति यथा ध्यानभावनापर्यायरूपेण विनाशो भवति, तथा ध्येयभूतस्य जीवस्य शुद्धपारिणामिकभावलक्षणद्रव्यरूपेणापि विनाशः प्राप्नोति, न च द्रव्यरूपेण विनाशोऽस्ति। ततः स्थितं शुद्धपारिणामिकमेव बन्धमोक्षौ न भवत इति।**

**अथात्मशब्दार्थः कथ्यते। ''अत'' धातुः सातत्यगमनेऽर्थे वर्तते। गमनशब्देनात्र ज्ञानं भण्यते, ''सर्वे गत्यर्था ज्ञानार्था'' इति वचनात्। तेन कारणेन यथासंभवं ज्ञानसुखादिगुणेषु आसमन्तात् अतति वर्तते यः स आत्मा भण्यते। अथवा शुभाशुभमनोवचनकाय-व्यापारैर्यथासम्भवं तीव्रमन्दादिरूपेण आसमन्तादतति वर्तते यः स आत्मा। अथवा उत्पादव्ययध्रौव्यैरासमन्तादतति वर्तते यः स आत्मा।**

**किञ्च—यथैकोऽपि चन्द्रमा नानाजलघटेषु दृश्यते तथैकोऽपि जीवो नानाशरीरेषु तिष्ठतीति वदन्ति तत्तु न घटते। कस्मादिति चेत्—चन्द्रकिरणोपाधिवशेन घटस्थजलपुद्गला एव नानाचन्द्राकारेण परिणता, न चैकश्चन्द्रः। तत्र दृष्टान्तमाह—यथा देवदत्तमुखोपाधिवशेन**

---

અને પર્યાયરૂપ બે ધર્મોના આધારભૂત જીવ–ધર્મીને મોક્ષની પર્યાય પ્રગટ થતાં જેમ ધ્યાનભાવનાપર્યાયરૂપે વિનાશ થાય છે, તેમ ધ્યેયભૂત જીવનો શુદ્ધપારિણમિકભાવલક્ષણ-વાળા દ્રવ્યરૂપે પણ વિનાશ થશે. પરંતુ દ્રવ્યરૂપે તો જીવનો વિનાશ નથી. તેથી સિદ્ધ થયું કે 'શુદ્ધ પારિણામિકભાવથી (જીવને) બંધ અને મોક્ષ નથી.'

હવે, 'આત્મા' શબ્દનો અર્થ કહે છે : ''अत्'' ધાતુનો અર્થ ''સતત ગમન'' છે. ''ગમન'' શબ્દનો અહીં ''જ્ઞાન'' અર્થ થાય છે, કારણ કે ''બધા ગતિરૂપ અર્થવાળા ધાતુઓ જ્ઞાનરૂપ અર્થવાળા હોય છે' એવું વચન છે. તે કારણે, યથાસંભવ જ્ઞાન–સુખાદિ ગુણોમાં ''आ'' અર્થાત્ સર્વપ્રકારે ''अतति'' અર્થાત્ વર્તે તે આત્મા છે અથવા શુભ–અશુભ મન -વચન-કાયાની ક્રિયા દ્વારા યથાસંભવ તીવ્ર–મંદાદિરૂપે જે ''आ'' અર્થાત્ પૂર્ણરૂપે ''अतति'' વર્તે તે આત્મા છે. અથવા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે ધર્મોદ્વારા જે ''आ'' અર્થાત્ પૂર્ણરૂપે ''अतति'' અર્થાત્ વર્તે તે આત્મા છે.

જેમ એક જ ચંદ્રમા અનેક જળભરેલા ઘડાઓમાં દેખાય છે તેમ એક જ જીવ અનેક શરીરોમાં રહે છે, એમ કેટલાક કહે છે પણ તે ઘટતું નથી. કેમ ઘટતું નથી? ચંદ્રનાં કિરણરૂપ ઉપાધિના વશે ઘડામાંના જળનાં પુદ્ગલો જ અનેક ચંદ્રના આકારરૂપે પરિણમ્યાં છે, એક ચંદ્રમા અનેકરૂપે પરિણમ્યો નથી. તે બાબતમાં દૃષ્ટાંત કહે છે—જેમ દેવદત્તના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



नानादर्पणस्थपुद्‌गला एव नानामुखाकारेण परिणता, न चैकं देवदत्तमुखं नानारूपेण परिणतम्। परिणमतीति चेत्—तर्हि दर्पणस्थप्रतिबिम्बं चैतन्यं प्राप्नोतीति, न च तथा। किन्तु यद्येक एव जीवो भवति, तदैकजीवस्य सुखदुःखजीवितमरणादिके प्राप्ते तस्मिन्नेव क्षणे सर्वेषां जीवितमरणादिकं प्राप्नोति, न च तथा दृश्यते। अथवा ये वदन्ति यथैकोपि समुद्रः क्वापि क्षारजलः क्वापि मिष्टजलस्तथैकोऽपि जीवः सर्वदेहेषु तिष्ठतीति। तदपि न घटते। कथमिति चेत्—जलराश्यपेक्षया तत्रैकत्वं, न च जलपुद्‌गलापेक्षया तत्रैकत्वम्। यदि जलपुद्‌गलापेक्षया भवत्येकत्वं तर्हि स्तोकजले गृहीते शेषजलं सहैव किन्नायाति। ततः स्थितं षोडशवर्णिकासुवर्णराशिवदनन्तज्ञानादिलक्षणं प्रत्येकं जीवराशिं प्रति, न चैकजीवापेक्षयैति।

अध्यात्मशब्दस्यार्थः कथ्यते। मिथ्यात्वरागादिसमस्तविकल्पजालरूपपरिहारेण स्वशुद्धात्मन्यधि यदनुष्ठानं तदध्यात्ममिति। एवं ध्यानसामग्रीव्याख्यानोपसंहाररूपेण गाथा गता॥५७॥

---

મુખરૂપ ઉપાધિના વશે અનેક દર્પણોનાં પુદ્‌ગલો જ અનેક મુખના આકારરૂપે પરિણમ્યાં છે, એક દેવદત્તનું મુખ અનેકરૂપે પરિણમ્યું નથી. જો દેવદત્તનું મુખ જ અનેક મુખરૂપે પરિણમતું હોય તો તો દર્પણમાં રહેલ દેવદત્તના મુખનાં પ્રતિબિંબ પણ ચેતન બની જાય; પણ એમ તો બનતું નથી. વળી, જો એક જ જીવ હોય તો એક જીવને સુખ-દુઃખ, જીવન -મરણ આદિ પ્રાપ્ત થતાં તે જ ક્ષણે બધા જીવોને જીવન-મરણ આદિ પ્રાપ્ત થવાં જોઈએ; પણ તેમ દેખાતું નથી. અથવા જે એમ કહે છે કે, 'એક જ સમુદ્ર છે તે ક્યાંક ખારા પાણીવાળો છે અને ક્યાંક મીઠા પાણીવાળો છે. તેમ એક જ જીવ બધાં શરીરોમાં વિદ્યમાન છે.' તેમનું એ કહેવું પણ ઘટતું નથી. કેમ નથી ઘટતું? સમુદ્રમાં જળરાશિની અપેક્ષાએ એકતા છે, જળના કણોની અપેક્ષાએ એકતા નથી. જો જળકણોની અપેક્ષાએ એકતા હોય તો સમુદ્રમાંથી થોડું જળ ગ્રહણ કરતાં બાકીનું બધું જળ તેની સાથે જ કેમ નથી આવતું? તે કારણે એ સિદ્ધ થયું કે, સોળવલા સોનાના રાશિની જેમ અનંત જ્ઞાનાદિ લક્ષણની અપેક્ષાએ જીવરાશિમાં એકતા છે પણ એક જીવની અપેક્ષાએ (સમસ્ત જીવરાશિમાં એક જ જીવ હોવાની અપેક્ષાએ) જીવરાશિમાં એકતા નથી.

હવે, 'અધ્યાત્મ' શબ્દનો અર્થ કહેવામાં આવે છે : મિથ્યાત્વ, રાગ આદિ સમસ્ત વિકલ્પજાળના ત્યાગથી સ્વશુદ્ધાત્મામાં જે અનુષ્ઠાન તેને 'અધ્યાત્મ' કહે છે.

એવી રીતે, ધ્યાનની સામગ્રીના વ્યાખ્યાનના ઉપસંહારરૂપે આ ગાથા પૂરી થઈ. ૫૭.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

अथौद्धत्यपरिहारं कथयति :—

**दव्वसंगहमिणं मुणिणाहा दोससंचयचुदा सुदपुण्णा।**
**सोधयंतु तणुसुत्तधरेण णेमिचन्दमुणिणा भणियं जं॥५८॥**

द्रव्यसंग्रहं इमं मुनिनाथाः दोषसंचयच्युताः श्रुतपूर्णाः।
शोधयन्तु तनुश्रुतधरेण नेमिचन्द्रमुनिना भणितं यत्॥५८॥

व्याख्या—''सोधयंतु'' शुद्धं कुर्वन्तु। के कर्तारः? ''मुणिणाहा'' मुनिनाथा मुनिप्रधानाः। किं विशिष्टाः? ''दोससंचयचुदा'' निर्दोषपरमात्मनो विलक्षणा ये रागादिदोषास्तथैव च निर्दोषपरमात्मादितत्त्वपरिज्ञानविषये संशयविमोहविभ्रमास्तैश्च्युता रहिता दोषसंचयच्युताः। पुनरपि कथम्भूताः? ''सुदपुण्णा'' वर्तमानपरमागमाभिधानद्रव्यश्रुतेन तथैव तदाधारोत्पन्ननिर्विकारस्वसम्वेदनज्ञानरूपभावश्रुतेन च पूर्णाः समग्राः श्रुतपूर्णाः। कं शोधयन्तु? ''दव्वसंगहमिणं'' शुद्धबुद्धैकस्वभावपरमात्मादिद्रव्याणां संग्रहो द्रव्यसंग्रहस्तं

---

હવે, ગ્રન્થકાર પોતાના અભિમાનના પરિહારનું કથન કરે છે :—

ગાથા ૫૮

ગાથાર્થ :—અલ્પશ્રુતના ધારક નેમિચન્દ્ર મુનિએ જે આ દ્રવ્યસંગ્રહ રચ્યું છે તેનું દોષોથી રહિત અને શ્રુતજ્ઞાનથી પૂર્ણ એવા આચાર્યો શોધન કરો.

ટીકા :—''सोधयंतु'' શુદ્ધ કરો. કોણ શુદ્ધ કરો? ''मुणिणाहा'' મુનિનાથ, મુનિઓમાં પ્રધાન, કેવા મુનિનાથો? ''दोससंचयचुदा'' નિર્દોષ પરમાત્માથી વિલક્ષણ જે રાગાદિ દોષો અને નિર્દોષ પરમાત્માદિ તત્ત્વોને જાણવામાં જે સંશય–વિમોહ–વિભ્રમરૂપ દોષો–તેનાથી રહિત હોવાથી જેઓ 'દોષસંચયચ્યુત' છે. વળી કેવા મુનિનાથો? ''सुदपुण्णा'' વર્તમાન પરમાગમ નામક દ્રવ્યશ્રુતથી અને તે પરમાગમના આધારે ઉત્પન્ન નિર્વિકાર–સ્વસંવેદનજ્ઞાનરૂપ ભાવશ્રુતથી પરિપૂર્ણ હોવાથી શ્રુતપૂર્ણ છે. (તેઓ) કોને શુદ્ધ કરો? ''दव्वसंगहमिणं'' શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ પરમાત્મા આદિ દ્રવ્યોનો સંગ્રહ તે દ્રવ્યસંગ્રહ, એવા

---

નેમિચંદ્ર મુનિ તનુ શ્રુત લિયો, ગ્રંથ દ્રવ્યસંગ્રહ મૈં કિયો;
જે મહાન્ મુનિ બહુ-શ્રુત-ધાર, દોષ-રહિત તે સોધહુ તાર. ૫૮.

द्रव्यसंग्रहाभिधानम् ग्रन्थमिमं प्रत्यक्षीभूतम्। किं विशिष्टं? ''भणियं जं'' भणितः प्रतिपादितो यौ ग्रन्थः। केन कर्तृभूतेन? ''णेमिचन्दमुणिणा'' श्री नेमिचन्द्रमुनिना श्री नेमिचन्द्रसिद्धान्तिदेवाभिधानेन मुनिना सम्यग्दर्शनादिनिश्चयव्यवहाररूपपञ्चाचारोपेताचार्येण। कथम्भूतेन? ''तणुसुत्तधरेण' तनुश्रुतधरेण तनुश्रुतं स्तोकं श्रुतं तद्धरतीति तनुश्रुतधरस्तेन। इति क्रियाकारकसम्बन्धः। एवं ध्यानोपसंहारगाथात्रयेण, औद्धत्यपरिहारार्थं प्राकृतवृत्तेन च द्वितीयान्तराधिकारे तृतीयं स्थलं गतम्॥५८॥ इत्यन्तराधिकारद्वयेन विंशतिगाथाभिर्मोक्षमार्गप्रतिपादकनामा तृतीयोऽधिकारः समाप्तः।

अत्र ग्रन्थे 'विवक्षितस्य सन्धिर्भवति' इति वचनात्पदानां सन्धिनियमो नास्ति। वाक्यानि च स्तोकस्तोकानि कृतानि सुखबोधनार्थम्। तथैव लिङ्गवचनक्रियाकारकसम्बन्धसमासविशेषणवाक्यसमाप्त्यादिदूषणं तथा च शुद्धात्मादिप्रतिपादनविषये विस्मृतिदूषणं च

---

'દ્રવ્યસંગ્રહ' નામના આ—પ્રત્યક્ષ ગ્રન્થને. કેવા દ્રવ્યસંગ્રહ ગ્રન્થને? ''भणियं जं'' જે ગ્રન્થનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેને. કોણે પ્રતિપાદન કર્યું છે? ''णेमिचन्दमुणिणा'' સમ્યગ્દર્શન આદિ નિશ્ચય-વ્યવહારરૂપ[1] પંચાચાર સહિત આચાર્ય શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ નામના મુનિએ.

કેવા નેમિચંદ્ર મુનિએ? ''तणुसुत्तधरेण'' અલ્પશ્રુતધારીએ. જે અલ્પશ્રુતને ધારણ કરે તે અલ્પશ્રુતધારી છે. (તેમણે આ ગ્રંથનું પ્રતિપાદન કર્યું છે.) એ પ્રમાણે ક્રિયા અને કારકોનો સંબંધ છે.

એ રીતે ધ્યાનના ઉપસંહારરૂપ ત્રણ ગાથાઓ વડે અને ઉદ્ધતપણાના ત્યાગને માટે એક પ્રાકૃત છંદથી બીજા અન્તરાધિકારમાં ત્રીજું સ્થળ સમાપ્ત થયું. ૫૮.

એવી રીતે બે અંતરાધિકારો દ્વારા વીસ ગાથાઓથી મોક્ષમાર્ગનો પ્રતિપાદક ત્રીજો અધિકાર સમાપ્ત થયો.

આ ગ્રંથમાં 'વિવક્ષિત વિષયની સંધિ થાય છે' એ વચન પ્રમાણે પદોની સંધિનો નિયમ નથી. (ક્યાંક સંધિ કરવામાં આવી છે, ક્યાંક નહિ.) સરળતાથી બોધ થાય માટે વાક્યો નાનાં નાનાં બનાવવામાં આવ્યાં છે. લિંગ, વચન, ક્રિયાકારકસંબંધ, સમાસ, વિશેષણ અને વાક્યસમાપ્તિ આદિ દોષ અને શુદ્ધાત્મા આદિ તત્ત્વોના કથનમાં વિસ્મરણનો દોષ

---

૧. નિશ્ચય-વ્યવહાર પંચાચાર એક સાથે ભાવલિંગી મુનિઓને જ હોય છે, એમ અહીં સ્પષ્ટ કર્યું છે.

विद्वद्भिर्न ग्राह्यमिति।

एवं पूर्वोक्तप्रकारेण ''जीवमजीवं दव्वं'' इत्यादिसप्तविंशतिगाथाभिः षट्द्रव्यपञ्चास्तिकायप्रतिपादकनामा प्रथमोधिकारः। तदनन्तरं ''आसव बन्धण'' इत्येकादशगाथाभिः सप्ततत्त्वनवपदार्थप्रतिपादकनामा द्वितीयोऽधिकारः। ततः परं ''सम्मद्दंसण'' इत्यादिविंशतिगाथाभिर्मोक्षमार्गप्रतिपादकनामा तृतीयोऽधिकारः॥

इत्यधिकारत्रयेनाष्टाधिकपञ्चाशत्सूत्रैः श्रीनेमिचन्द्रसिद्धान्तिदेवैर्विरचितस्य द्रव्यसंग्रहाभिधानग्रन्थस्य सम्बन्धिनी श्रीब्रह्मदेवकृतवृत्तिः समाप्ता।

---

વિદ્વાનોએ ગ્રહણ ન કરવો.

આમ પૂર્વોક્ત પ્રકારે ''जीवमजीवं दव्वं'' ઇત્યાદિ સત્તાવીસ ગાથાઓ વડે ષટ્દ્રવ્ય–પંચાસ્તિકાયપ્રતિપાદક નામનો પ્રથમ અધિકાર છે. ત્યારપછી ''आसवबन्धण' ઇત્યાદિ અગિયાર ગાથાઓ વડે સાતતત્ત્વ–નવપદાર્થપ્રતિપાદક નામનો બીજો અધિકાર છે. ત્યારપછી ''सम्मद्दंसण'' ઇત્યાદિ વીસ ગાથાઓ વડે મોક્ષમાર્ગ–પ્રતિપાદક નામનો ત્રીજો અધિકાર છે.

એ પ્રમાણે શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ વિરચિત ત્રણ અધિકારની અઠાવન ગાથાઓ યુક્ત દ્રવ્યસંગ્રહ નામના ગ્રંથની શ્રી બ્રહ્મદેવકૃત સંસ્કૃત ટીકાનો બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ (વઢવાણ નિવાસી) કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.



# લઘુદ્રવ્યસંગ્રહ

छद्दव्वं पंच अत्थी सत्त वि तच्चाणि णव पयत्था य।
भंगुप्पाय–धुवत्ता णिद्दिट्ठा जेण सो जिणो जयउ।।१।।

અર્થ :—જેમણે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થ અને ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યનો નિર્દેશ કર્યો છે તે શ્રી જિનેન્દ્રદેવ જયવંત રહો. ૧.

जीवो पुग्गल धम्माऽधम्मागासो तहेव कालो य।
दव्वाणि कालरहिया पदेश बाहुल्लदो अत्थिकाया य।।२।।

અર્થ :—જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ (એ છ) દ્રવ્યો છે; કાળ સિવાયનાં બાકીનાં પાંચ દ્રવ્યો, બહુપ્રદેશી હોવાને કારણે અસ્તિકાય છે. ૨.

जीवाजीवासवबंध संवरो णिज्जरा तहा मोक्खो।
तच्चाणि सत्त एदे सपुण्ण–पावा पयत्था य।।३।।

અર્થ :—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો છે; એ સાત તત્ત્વ પુણ્ય અને પાપ સહિત નવ પદાર્થ છે. ૩.

जीवो होइ अमुत्तो सदेहमित्तो सचेयणा कत्ता।
भोत्ता सो पुण दुविहो सिद्धो संसारिओ णाणा।।४।।

અર્થ :—જીવ (દ્રવ્ય) અમૂર્તિક, સ્વદેહ–પ્રમાણ, સચેતન, કર્તા અને ભોક્તા છે. તે જીવ બે પ્રકારના છે, સિદ્ધ અને સંસારી; સંસારી જીવ અનેક પ્રકારના છે. ૪.

अरसमरूवमगंधं अव्वत्तं चेयणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिदिट्ठ–संट्ठाणं।।५।।

અર્થ :—જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, અવ્યક્ત, શબ્દરહિત, લિંગ દ્વારા ન ગ્રહી શકાય તેવો, જેનું સંસ્થાન નિર્દિષ્ટ નથી એવો અને ચેતના ગુણવાળો જાણવો. ૫.

वण्ण–रस गंध–फासा विज्जंते जस्स जिणवरुद्दिट्ठा।
मुत्तो पुग्गलकाओ पुढवी पहुदी हु सो सोढा॥६॥

અર્થ :—જેને વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ વિદ્યમાન છે તે મૂર્તિક પુદ્ગલકાય પૃથ્વી વગેરે છ પ્રકારની શ્રી જિનેંદ્રદેવે કહી છે. ૬.

पुढवी जलं च छाया चउरिंदियविसय कम्म परमाणू।
छव्विहभेयं भणियं पुग्गलदव्वं जिणिंदेहिं॥७॥

અર્થ :—પૃથ્વી, જળ, છાયા, (નેત્રેન્દ્રિય સિવાયની) ચાર ઇન્દ્રિયોના વિષયો, કર્મવર્ગણા અને પરમાણુ; શ્રી જિનેંદ્રદેવે પુદ્ગલ દ્રવ્યને (ઉપરોક્ત) છ પ્રકારનું કહ્યું છે. ૭.

गईपरिणयाण धम्मो पुग्गलजीवाण गमण–सहयारी।
तोयं जह मच्छाणं अच्छंता णेव सो णेई॥८॥

અર્થ :—ગતિરૂપે પરિણમેલા પુદ્ગલ અને જીવોને ગમનમાં સહકારી ધર્મદ્રવ્ય છે, જેમ માછલીને (ગમન કરવામાં) જળ સહકારી છે. ગમન ન કરનાર (પુદ્ગલ અને જીવો) ને તે (–ધર્મદ્રવ્ય) ગતિ કરાવતું નથી. ૮.

ठाणजुयाण अधम्मो पुग्गलजीवाण ठाण–सहयारी।
छाया जह पहियाणं गच्छांता णेव सो धरई॥९॥

અર્થ :—સ્થિત થતા પુદ્ગલ અને જીવોને સ્થિર થવામાં સહકારી અધર્મદ્રવ્ય છે; જેમ છાંયો મુસાફરોને સ્થિર થવામાં સહકારી છે. ગમન કરતા જીવ અને પુદ્ગલોને તે (અધર્મ દ્રવ્ય) સ્થિર કરાવતું નથી. ૯.

अवगासदाणजोग्गं जीवादीणं वियाण आयासं।
जेण्हं लोगागासं अल्लोगागासमिदि दुविहं॥१०॥

અર્થ :—જે જીવ આદિ દ્રવ્યોને અવકાશ દેવાને યોગ્ય છે તેને (શ્રી જિનેંદ્રદેવે કહેલ) આકાશ દ્રવ્ય જાણો. જેના લોકાકાશ અને અલોકાકાશ એવા બે પ્રકાર છે. ૧૦.

द्रव्यपरियट्टजादो जो सो कालो हवेइ ववहारो।
लोगागासपएसो एक्केक्काणु य परमट्ठो॥११॥

અર્થ :—જે દ્રવ્યોના પરિવર્તનથી ઉત્પન્ન થાય છે તે વ્યવહારકાળ છે; લોકાકાશમાં દરેક પ્રદેશ ઉપર એકેક કાલાણુ સ્થિત છે, તે પરમાર્થ (નિશ્ચય) કાળ છે. ૧૧.

**लोयायासपदेसे एक्केक्के जि ट्ठिया हु एक्केक्का।**
**रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि॥१२॥**

અર્થ :—જે લોકાકાશના એકેક પ્રદેશ ઉપર રત્નોની રાશિ જેમ એકેક (કાલાણુ) સ્થિત છે, તે કાલાણુ અસંખ્યાત દ્રવ્ય છે. ૧૨.

**संखातीदा जीवे धम्माऽधम्मे अणंत आयासे।**
**संखादासंखादा मुत्ति पदेसाउ संति णो काले॥१३॥**

અર્થ :—એક જીવદ્રવ્યમાં, ધર્મદ્રવ્યમાં અને અધર્મદ્રવ્યમાં અસંખ્યાત પ્રદેશો છે, આકાશ દ્રવ્યમાં અનંત પ્રદેશ છે, પુદ્ગલમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો છે; કાળમાં પ્રદેશો નથી. (કાળાણુ એકપ્રદેશી છે, તેમાં શક્તિ અથવા વ્યક્તિની અપેક્ષાએ બહુપ્રદેશીપણું નથી.) ૧૩.

**जावदियं आयासं अविभागीपुग्गलाणुवट्टद्धं।**
**तं खु पदेसं जाणे सव्वाणुट्ठाणदाणरिहं॥१४॥**

અર્થ :—અવિભાગી પુદ્ગલ અણુ વડે જેટલું આકાશ રોકાય તેને પ્રદેશ જાણો. તે પ્રદેશ બધા (પુદ્ગલ) પરમાણુઓને સ્થાન દેવામાં સમર્થ છે. ૧૪.

**जीवो णाणी पुग्गल–धम्माऽधम्मायासा तहेव कालो य।**
**अज्जीवा जिणभणिओ ण हु मण्णइ जो हु सो मिच्छो॥१५॥**

અર્થ :—જીવ જ્ઞાની છે, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ અજીવ છે, એમ શ્રી જિનેંદ્રદેવે કહ્યું છે, જે આમ નથી માનતો તે મિથ્યાદૃષ્ટિ છે. ૧૫.

**मिच्छत्तं हिंसाई कसाय-जोगा य आसवो बंधो।**
**सकसाई जं जीवो परिगिण्हइ पोग्गलं विविहं॥१६॥**

અર્થ :—મિથ્યાત્વ, હિંસા આદિ (અવ્રત), કષાય અને યોગોથી આસ્રવ થાય છે; કષાય સહિત જીવ જે વિવિધ પ્રકારનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે તે બંધ છે. ૧૬.

मिच्छत्ताईचाओ संवर जिण भणइ णिज्जरादेसे।
कम्माण खओ सो पुण अहिलसिओ अणहिलसिओ य॥१७॥

અર્થ :—શ્રી જિનેંદ્રદેવે મિથ્યાત્વ આદિના ત્યાગને સંવર કહેલ છે, કર્મોનો એકદેશ ક્ષય તે નિર્જરા છે અને તે (નિર્જરા) અભિલાષા સહિત અને અભિલાષા રહિત (–સકામ, અકામ) એમ બે પ્રકારની છે. ૧૭.

कम्म बंधण–बद्धस्य सब्भूदस्संतरप्पणो।
सव्वकम्म–विणिम्मुक्को मोक्खो होइ जिणेडिदो॥१८॥

અર્થ :—કર્મોના બંધનથી બદ્ધ સદ્‌ભૂત (પ્રશસ્ત) અંતરાત્માને જે સર્વકર્મોથી (પૂર્ણપણે) મુક્ત થવું તે મોક્ષ છે—એમ શ્રી જિનેંદ્રદેવે વર્ણન કર્યું છે. ૧૮.

सादाऽऽउ–णामगोदाणं पयडीओ सुहा हवे।
पुण्ण तित्थयरादी अण्णं पावं तु आगमे॥१९॥

અર્થ :—શાતાવેદનીય, શુભ આયુષ્ય, શુભ નામ અને શુભ ગોત્ર તેમ જ તીર્થંકર આદિ પ્રકૃતિઓ તે પુણ્ય-પ્રકૃતિઓ છે; બાકીની બીજી પાપ-પ્રકૃતિઓ છે, એમ પરમાગમમાં કહ્યું છે. ૧૯.

णासइ णर-पज्जाओ उप्पज्जइ देवपज्जओ तत्थ।
जीवो स एव सव्वस्सभंगुप्पाया धुवा एवं॥२०॥

અર્થ :—મનુષ્ય પર્યાય નાશ પામે છે, દેવ પર્યાય ઉત્પન્ન થાય છે અને જીવ તેનો તે જ રહે છે; એવી રીતે સર્વ દ્રવ્યોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે. ૨૦.

उप्पादप्पद्धंसा वत्थूणं होंति पज्जय-णाएण (णयण)।
दव्वट्ठिएण णिच्चा बोधव्वा सव्वजिणवुत्ता॥२१॥

અર્થ :—વસ્તુમાં ઉત્પાદ અને વ્યય પર્યાયનયથી થાય છે, દ્રવ્યદૃષ્ટિથી વસ્તુ નિત્ય છે એમ જાણવું; શ્રી સર્વજ્ઞ જિનેન્દ્રદેવે આમ કહ્યું છે. ૨૧.

एवं अहिगयसुत्तो सट्ठाणजुदो मणो णिरुंभिता।
छंडउ रायं रोसं जइ इच्छइ कम्मणो णास (णासं)॥२२॥

અર્થ :—જો કર્મોનો નાશ કરવા ઈચ્છતા હો તો તે પ્રમાણે સૂત્રના જ્ઞાતા થઈને, પોતાનામાં સ્થિત રહીને અને મનને રોકીને રાગ અને દ્વેષને છોડો. ૨૨.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**विसएसु पवट्टंतं चित्तं धारेत्तु अप्पणो अप्पा।**
**झायइ अप्पाणेणं जो सो पावेइ खलु सेयं।।२३।।**

અર્થ :—જે આત્મા, વિષયોમાં પ્રવર્તતા મનને રોકીને, પોતાના આત્માનું આત્મા વડે ધ્યાન કરે છે, તે ખરેખર સુખ પામે છે. ૨૩.

**सम्मं जीवादीया णच्चा सम्मं सुकित्तिदा जेहिं।**
**मोहगयकेसरीणं णमो णमो ठाण साहूणं।।२४।।**

અર્થ :—જીવાદિને સમ્યક્ પ્રકારે જાણીને, જેમણે તે જીવાદિનું યથાર્થ વર્ણન કર્યું છે, જે મોહરૂપી ગજને માટે કેસરી સિંહ સમાન છે તે સાધુઓને અમારા નમસ્કાર હો, નમસ્કાર હો ! ૨૪.

**सोमच्छलेण रइया पयत्त्थ—लक्खणकराउ गाहाओ।**
**भव्वुवयारणिमित्तं गणिणा सिरिणेमिचंदेण।।२५।।**

અર્થ :—શ્રી સોમશ્રેષ્ઠીના નિમિત્તે, ભવ્ય જીવોના ઉપકારને માટે, શ્રી નેમિચન્દ્ર આચાર્યદેવે પદાર્થોનાં લક્ષણ બતાવનારી ગાથાઓ રચી છે. ૨૫.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# अकारादिक्रमेण बृहद्द्रव्यसंग्रहस्य गाथासूची


| गाथा-आदिपद | गा. सं. | पृ. सं. |
|---|---|---|
| अज्जीवो पुण णेओ | १५ | ५६ |
| अट्ठ चदुणाम दंसण | ६ | २० |
| अणुगुरुदेहपमाणो | १० | २८ |
| अवगासदाणजोग्गं | १९ | ६४ |
| असुहादो विणीवितृती | ४५ | २१४ |
| आसवदि जेग कम्मं | २६ | ८१ |
| आसवबंधणसंवर | २७ | ८३ |
| उवोगो दुवियप्पो | ४ | १४ |
| एयपदेसो वि अणू | ३६ | १६७ |
| एवं छब्भेयमिदं | २३ | ७६ |
| गईपरिणयाण धम्मो | १७ | ६२ |
| चेदणपरिणामो जो | ३४ | १०७ |
| जह कालेण तवेण य | ३६ | १६७ |
| जावदियं आयासं | २७ | ८३ |
| जीवमजीवं दव्वं | १ | ४ |
| जीवादीसहद्दहणं | ४१ | १८३ |
| जीवो उवओगमओ | २ | ८ |
| जो रयणत्तयजुत्तो | ५३ | २४२ |
| जं किंचिवि चिंततो | ५५ | २४६ |
| जं समामण्णं गहणं | ४३ | २०६ |
| ठाणजुदाण अधम्मो | १८ | ६३ |
| णट्टचदुघाइकम्मो | ५० | २३१ |
| णट्टट्ठकम्मदेहो | ५१ | २३७ |
| णाणावरणादीणं | ३१ | १०१ |
| णाणं अट्ठावयप्प | ५ | १६ |
| णिक्काम्मा अट्ठगुणा | १४ | ४७ |
| तवसुदवदवं चेदा | ५७ | २५५ |
| तिक्काले चदुपाणा | ३ | ११ |
| दव्वपरिवट्टरूवो | २१ | ६७ |
| दव्वसंगहमिणं मुणिणाहा | ५८ | २६२ |
| दुविहं पि मोक्खहेउं | ४७ | २१९ |
| दंसणणाणपहाणे | ५२ | २३९ |
| दंसणणाणसमग्गं | ५४ | २४३ |
| दंसणपव्वं णाणं | ४४ | २०८ |
| धम्माधम्मा कालो | २० | ६६ |
| पणतीससोलछप्पण | ४९ | २२८ |
| पयडिट्ठिदिअणुभाग | ३३ | १०३ |
| पुग्गलकम्मादीणं | ८ | २४ |
| पुढविजलतेयवाउ | ११ | ३३ |
| बज्झदि कम्मं जेण दु | ३२ | १०२ |
| बहिरब्भंतरकिरिया | ४६ | २१७ |
| मग्गणगुणठाणेहि य | १३ | ३७ |
| मा चिट्ठह मा जंपह | ५६ | २४७ |
| मा मुज्झह मा रज्जह | ४८ | २२१ |
| मिच्छत्ताविरदिपमाद | ३० | ९८ |
| रयणत्तमं ण वट्टइ | ४० | १८१ |
| लोयायासपदेसे | २२ | ७१ |
| वण्ण रस पंच गंधा | ७ | २२ |
| वदसमिदीगुत्तीओ | ३५ | ११२ |
| ववहारा सुहदुक्खं | ९ | २६ |
| सद्दो बंधो सुहमो | १६ | ५८ |
| समणा अमणा णेया | १२ | ३४ |
| सव्वस्स कम्मणो जो | ३७ | १७१ |
| सुहअसुहभावजुत्ता | ३८ | १७५ |
| संति जदो तेणेदे | २४ | ७६ |
| सम्मदंसणणाणं | ३९ | १७९ |
| संसयविमोहविब्भम | ४२ | २०१ |
| होति असंखा जीवे | २५ | ७९ |

# संस्कृतटीकायामुक्तानां पद्यादीनां वर्णानुक्रमसूची


| पृष्ठ | उक्त पद्य | अन्य ग्रन्थ |
|---|---|---|
| १३७ | अच्छि णिमीलमेत्तं | त्रि.सा. २०७ |
| २६२ | अज्जवितिरयण | मो. प. ७७ |
| १२४ | अत्थि अणंता जीवा | ष. ख. १/२७१<br>ष. ख. ४-४७७<br>गो. जी. १९<br>मूला. १२-१६२ |
| २६२ | अत्रेदानी निषेधन्ति | त.अ. ८३ |
| २५९ | अपुण्यमव्रतैः पुण्यं | समा. ८३ |
| २५९ | अव्रतानि परित्यज्य | समा. ८४ |
| २३४ | अरिहंता असरीरा | भा. षं. ६र७टी. |
| २५१ | अरूहासिद्धा इरया | भा. अ. १२<br>मो. पा. १०४ |
| १६४ | अशुभपरिणाम बहुलता | |
| १७० | असिदिसदं किरियाणं | गो. क. ८७६ |
| १२८ | आत्मा नदी संयमलोय | हि. उ. पृ. १२८ |
| १७५ | आत्मोपदान सिद्धं | सि. भ. ७ |
| २६५ | आदा खु मज्झ | भा. पा. ५८<br>नि. सा. १००<br>स. सा. १५ क्षेपक |
| ३७ | आहार सरीरिंदिय | गो. जी. ११८<br>ष. ख. २/४१७ |
| १६० | इगत्तीस सत्त चत्तारि | ष. ख. ७/१३१<br>ति. प. ८/१५९ |
| १६४ | इत्यादि दुर्लभरूपां | प. प्र. ९ टी. |
| ३७ | इंदियकाया ऊणिय | गो. जी. १३१ |
| १५५-५६ | दुरवीदो रिक्खा | त्रि. सा. ४०४ |
| २५० | उद्योतनमुद्योगो | भ. आ. २ छाया |
| १७९ | उद्गम मिथ्यात्वविषं | |
| ३९ | उवसंत खीणमोहो | गो. जी. १० |
| ८६ | गवणिगोद सरीरे | ष. ख. १/२७०,३०४<br>ष. ख. ४/४७८<br>गो. जी. १६५<br>मूला. १२/१६३ |
| २६५ | एगो मे सस्दो | भा. पा. ५९<br>नि. सा. १०२<br>मूला. २/४८<br>ष. ख. ६/९<br>ष. ख. ६/९८ |
| १०२ | एयंतबुद्ध दरसी | गो. जी. १६ |
| ८६ | ओगाढगाढ णिचिदो | पंचा. १६४ |
| ७२-२०४ | ओजस्तो विद्या | र. श्रा. ३६ |
| २६४ | कंखिद कलुसिद मूला. | २/८१ |
| ७७ | किं पल्लविण्ण | बा. अ. ९० |
| १७७ | खयउवसमियविसोही | गो. जी. ६५०<br>ष. ख. ६-१३९, २०५<br>ल. सा. ३<br>भ. आ. २०७६ |
| ४४ | गइ इंदियेसु काये | गो. जी. २ |
| २३६ | गुप्तेन्द्रियमनाध्याता | त. अ. ३८ |
| १७४ | चक्खुस्सदंसणस्स | भ. आ. १२ |
| २४७ | छत्तीसगुण समग्गे | भा. सं. ३७७ |
| १२८ | जन्मना जायते शूद्र | १३८ |
| १५१ | जं अण्णाणी कम्मं | प्र. सा. २२८ |
| १७३ | | ष. ख. १३/२८१<br>भ. अ. ११० |
| १२८ | जीवो बह्मा जीवह्मि | भ. आ. ८७७ |
| १७० | जोगा पयडिपदेसा | गो. क. २५७ |
| २०४ | ज्योतिर्भावन भौमेषु | सु. र. ८२९<br>*पं. सं. १/२९८ |
| १५३ | णउदुत्तरससत्तयसा | त्रि. सा. ३३२ |
| ९६ | ण वि उप्पज्जई | प. प्र. १/६८ |
| १६५ | णिच्चदरधाउसत्त य | गो. जी. ८९ |
| १३६ | णिरयादो णिस्सपिदो | त्रि. सा. २०३ |
| ६२ | तते वीणादिकं | पंचा. ता. ७६ टी. |
| १६८ | तीसं वासो जम्मे | गो. जी. ४७२ |

| पृष्ठ | उक्त पद्य | अन्य ग्रन्थ |
|---|---|---|
| ४१ | दंसण वय सामाइय | ष. ख. १/१७३ |
| | | ष.ख. ९/२०९,गो. जी. ४७६ |
| ३७ | दस सण्णीणं पाणा | गो. जी. १३२ |
| | | ष. ख. ४१८ |
| ८७ | दुण्णि य एयं एयं | वसु. २/२४ |
| २६४ | दौर्विध्यदग्झमनसो | य. चं. २/१३४ |
| १६६ | धन्या ये प्रतिबुद्धा धर्मे | |
| १३१ | धम्मे य धम्म फलह्मि | |
| ६ | नास्तिकत्व परिहार | पंचा. ता. १ टी |
| १७९ | पञ्चमुष्टिभिरुत्पाट्य | |
| १०६ | पडपडिहारसिमज्जा | गो. क. २१ |
| १०४ | पण णव दु अट्ठवीसा | सि. भ. ८ |
| २३२ | पदस्थं मंत्र वाक्यस्थं | प. प्र. १ टी |
| | | ष. प्रा. पृ. २३६ |
| ८७ | परिणामि जीवमुत्तं | वसु. २३ |
| | | मूला. ७/४४ |
| १४९ | पव्वस्स हु परिमाणं | ष. ख. १३/३०० |
| | | जं. प. १३/१२ |
| २४ | बंधं पडि एयत्तं | स. सि. २/७टी |
| २६१ | भरहे दुस्समकाले | मो. पा. ७७ |
| ५ | भवणालय चालीसा | आ. सा. १ टी |
| ७ | मङ्गलणिमित हेउं | ष. ख. १/७ |
| | | पंचा. ता. १ टी |
| | | ति. प. १/७ |
| २६४ | ममत्तिं परिवज्जामि | भा. पा. ५७ |
| | | नि. सा. ९९ |
| | | मूला. २/४५ |
| ३९ | मिच्छोसासण मिस्सो | गो. जी. ९ |
| २६५ | मुक्तश्चेत् प्राक् भवेद् | प. प्र. ५९ टी. |
| १८० | मूढत्रयं मदाश्चाष्टौ | य. च. पृ. ३२४ |
| | | ज्ञान. पृ. ९३ |
| | | ष. प्रा. पृ. ३२ |
| | | प. पृ. प्र. १४३ |

| पृष्ठ | उक्त पद्य | अन्य ग्रन्थ |
|---|---|---|
| ३१ | मूलसरीरमछंडिय | गो. जी. ६६७ |
| २६२ | यत्पुनर्वज्रकायस्य | त. अ. ८४ |
| २४३ | यस्यनास्ति स्वयंप्रज्ञा | हि. उ. पृ. १०५ |
| | | *मूला. १०/४२ |
| १७७ | रयणदीवदिणयर | यो. स. ५७ |
| १३ | वच्छरक्ख भव | पंचा. ता. २७ टी. |
| २६४ | वधबन्धच्छेदादेः | र. श्रा. ७८ |
| १०२ | विकहा तहा कसाया | ष. ख. १/१७८ |
| | | गो. जी. ३४ |
| २३८ | विस्मयो जननं निद्रा | आ.स्व. १६.१७ |
| | | पु. उ. ५,६,य.च.पृ. १३४ |
| २३२ | विसयकसा ओगाढो | प्र. सा. १५८ |
| ३०-३१ | वेयण कषाय वेउब्बिया | गो. जी. ६६६ |
| | | ष. ख. ४-२९ |
| २५८ | वैराग्यं तत्त्वविज्ञानं | प. प्र. २/१९२ टी |
| ५५ | शिवं परमकल्याणं | प. प्र. १/२० टी |
| | | आ. स्व. २४ |
| २०५ | शेषेषु देवतिर्यक्षु | पं. सं. १/३०१ |
| ६ | श्रेयो मार्गस्य संसिद्धि | आ. परि. २ |
| १२२ | सवको सहग्गम | मूला. १२/१४२ |
| १२६ | संग्गं तवेण सव्वो | मो. पा. २३ |
| १६२ | सण्णाओ य तिलेस्सा | पंचा. १४० |
| १५५ | सदभिस भरणी अद्दा | त्रि. सा. ३९० |
| २६४ | संकल्प कल्पतरु | य. च. २/१३२ |
| २५० | समत्तं सण्णाणं | वा. अ. १३ |
| ५० | सम्मत्तणाण दंसण | भा. सं. ६४वसु. ५३७ |
| १७६ | सग्दर्शनशुद्धा | र. श्रा. ३५ |
| ६५ | सिद्धोऽहं सुद्धोहं | त. सा. २८ |
| २२९ | सूक्ष्मं जिनोदितं वाक्यं | आ. प. ५ |
| १११ | सोलस पण वीस | गो. क. ९४ |
| २०४ | सौधर्मादिष्वसंख्या | पं. सं. १-३०० |
| २०४ | हेठिठमछप्पुढवीणं | गो. जी. १२७ |
| २३८ | क्षुधातृषाभयं | आ. स्व. १५, पु. उ. ४ |

❈ इन पद्योंका रूपान्तर होने पर भी भावार्थ वही है।